ॐ अर्हम् नमः

# ઉચ્ચ પ્રકાશના પંથે

ચિરન્તનાચાર્ય વિરચિત

# પંચસૂત્ર

મૂલ તથા યાકિની મહત્તરાસૂનુ આચાર્યવર્ય

**શ્રી હરિભદ્રસૂરીશ્વરજી કૃત-વૃત્તિનુ વિવેચન**

—: વિવેચન કર્તા :—

સિદ્ધાન્ત મહોદધિ સ્વ૦ આચાર્યદેવ શ્રી વિજયપ્રેમસૂરીશ્વરજી
મહારાજના શિષ્યરત્ન પ્રભાવક પ્રવચનકાર

પંન્યાસશ્રી ભાનુવિજયજી મહારાજ

— પ્રકાશક —

દિવ્ય દર્શન કાર્યાલય

કાળુશીની પોળ,... ........ .... અમદાવાદ-૧

પ્રકાશક:-

દિવ્યદર્શન કાર્યાલય
કાળુશીની પોળ, કાળુપુર,
અમદાવાદ-૧.

× × ×

કિંમત-રૂપિયા ચાર
Rs 6-00

પ્રાપ્તિસ્થાન :-

૧ ચતુર્દાસ ચીમનલાલ
કાળુશીની પોળ, કાળુપુર,
અમદાવાદ.

૨ જેઠાલાલ ચુનીલાલ ઘીવાલા
૩૫૫, કાલબાદેવી-મુંબઈ-૨.

૩ દિવ્ય દર્શન શાસ્ત્ર સંગ્રહ
C/o ૫ કુબાઈ જ્ઞાનમંદિર-
એડાવાલીવાસ,
શિવગંજ (રાજસ્થાન)

સહાયક:-

રૂ. ૨૦૦) શ્રી આણસુર તપગચ્છ
સંઘ જ્ઞાનખાતું
સાણંદ.

× ×

પ્રથમ આવૃત્તિ વિ. સં. ૨૦૦૮
નકલ ૨૦૦૦

દ્વિતીય આવૃત્તિ વિ. સં. ૨૦૨૨
નકલ ૧૧૦૦

તૃતીય આવૃત્તિ વિ. સં. ૨૦૨૭
નકલ ૨૨૦૦

—×—

મુદ્રક :-

પેજ ૧ થી ૩૦૪ યુનિવર્સલ પ્રિન્ટિંગ પ્રેસ
પેજ ૩૦૫ થી ૫૨૦ શક્તિ પ્રિન્ટરી

# પ્રકાશકીય

વિ સ ૨૦૦૬ના મુંબઈ લાલબાગ ચાતુર્માસ અવસરે મુનિશ્રી ભાનુવિજયજી ( હાલ પૂ પંન્યાસશ્રી )મહારાજે સાધુ તથા શ્રાવકોને આપેલ શ્રી **પંચસૂત્ર**ની વાચનાના પ્રસગને પામી શ્રુતશ્રમણોપાસક શ્રી બચુભાઇ ચીમનલાલ ઝવેરીએ કરી લીધેલ નોંધના હિસાબે પચસૂત્રના આ વિવેચન ગ્રંથનુ નિર્માણ થયુ પ્રથમ આવૃત્તિ વિ સ. ૨૦૦૮માં શ્રી દાનસૂરીશ્વરજી જૈન ગ્રથમાળા સુરત, અને દ્વિતીય આવૃત્તિ વિ સ ૨૦૨૨મા શ્રી વર્ધમાન જૈન તત્ત્વ પ્રચારક વિદ્યાલય શિવગજ તરફથી બહાર પડેલ હવે તૃતીય આવૃત્તિ પ્રકાશિત કરતા અમને આનદ થાય છે

વર્તમાનકાલીન ભયકર ચિંતાઓ અને સકલિષ્ટ કર્મબધની ધીખતી અગ્નિને ઠારવા સાથે અનેક પ્રકારના દુઃખો ગુલામી અને અવનતિથી છૂટી મહાસુખ, સ્વતંત્રતા અને ઉન્નતિ પામવા જરૂરી તદ્દન સરળ સાધનાથી માડી ઉત્કૃષ્ટ સાધના દર્શાવનાર આ પુસ્તક કેવુ વિશ્વરત્ન છે, એ ગ્રથના સહૃદય અભ્યાસથી સમજાશે નવનવા આધ્યાત્મિક વિકાસ અને આતર સુખશાતિના અર્થીએ ગ્રથના પદેપદનુ પુન પુન. પરિશીલન કરવું જરૂરી છે

કેટલાક વર્ષો પહેલા પ્રો૦ ઉપાધ્યેયે પચસૂત્ર પર કરેલ અગ્રેજી ટિપ્પણ અને અનુવાદમા શ્રી ટીકાકાર મહર્ષિને કેવો અન્યાય કર્યો છે, અને પોતે કેટલી બધી ભૂલો કરી છે, તેના ઉપર આ સાથેના ગ્રથપરિચયમા સારો પ્રકાશ પાડ્યો છે

આવા ઉત્તમ સાહિત્યના પ્રકાશનમા નિમિત્તભૂત થનાર **પૂ. પંન્યાસજી ભાનુવિજયજી મહારાજનો** તેમજ સહાયભૂત થનાર **પૂ. મુનિરાજ શ્રી પદ્મસેનવિજયજી મહારાજનો** અને ગ્રન્થપ્રકાશનમા આર્થિક ટેકો આપનારનો આભાર માનીએ છીએ

માગશર વદ ૩, ૨૦૨૭<br>કાળુશીની પોળ,<br>**અમદાવાદ-૧.**

લિ<br>**શાહ ચતુરદાસ ચીમનલાલ**<br>તત્રી, દિવ્યદર્શન સાહિત્ય સમિતિ.

## આ ગ્રન્થની બીજી આવૃત્તિમાંથી

તીર્થોદ્ધારક પ્રભાવક સ્વ. પૂ આચાર્યદેવ શ્રીમદ્ વિજયનીતિ-
સૂરીશ્વરજી મ. ના પ્રશિષ્યરત્ન ત્યાગી તપસ્વી પૂ. પંન્યાસજી
**મહારાજ શ્રી મંગળવિજયજી ગણિવર્યનું**

# પંચસૂત્ર સંબંધી વક્તવ્ય

શ્રી વીતરાગ સર્વજ્ઞ જિનેશ્વર પ્રભુના શાસનમા પ્રવેશ કરવા આ પચસૂત્રનો પ્રકાશ મુમુક્ષુ માટે અતિ જરૂરનો છે જે સાચું શાશ્વતસુખ મોક્ષમાં છે, એની પાયાથી ટોચ સુધીની માર્ગસાધના એ જ આ પંચસૂત્રનો પરમાર્થ છે જે મોહનો ક્ષય કરીને જ મોક્ષની પ્રાપ્તિ થાય છે, તે મોહનો ક્ષય કરવાનો સહજ સરલ માર્ગ અતિનિપુણભાવે આ ગ્રન્થમા ભરપૂર વિશદતાથી વર્ણવ્યો છે જીવોની તથાભવ્યના ભિન્નભિન્ન હોય છે એટલે તુચ્છ બુદ્ધિવાલાને સુખની ઇચ્છાએ અર્થ-કામ-પુરુ-ષાર્થમા લગની તીવ્ર હોય છે. આશ્ચર્ય છે કે તે સુખ કિંપાકફળ જેવુ દુઃખદાયી, પરાધીન, નિરાધાર છતાં એ જીવોને ઇષ્ટ હોય છે! ત્યારે ઉત્તમ મુમુક્ષુ આત્માને સાચુ અને શાશ્વતુ સહજ સુખ વહાલું હોવાથી ધર્મ અને મોક્ષ-પુરુષાર્થમા એ લાગેલા હોય છે. ચારે પુરુષાર્થમા પ્રધાન ધર્મપુરુષાર્થ છે, કેમકે એ સર્વને સિદ્ધ કરનાર છે. તો જ્યારે અર્થ, કામ અને મોક્ષ ધર્મપુરુષાર્થથી જ મળ્યા છે અને મળશે, તો પછી દરેકે ધર્મ પુરુષાર્થ સાધવો જ હિતાવહ છે. શુદ્ધ ધર્મ માટે શ્રી

સર્વજ્ઞનાં શાસ્ત્રોની પૂરેપૂરી જરૂર છે એમા મધ્યસ્થ અને બુદ્ધિકુશળ મુમુક્ષુ માટે સર્વજ્ઞ-વચનાનુસારી આ પચસૂત્ર મહાશાસ્ત્ર કે જે મદ-શક્તિવાળા દુષ્ષમકાળના જીવોને ટૂકમાં સર્વજ્ઞકથિત ધમનો સાર જાણવા એક રત્નખાણ સમુ છે, તેની અતિનિપુણ સૂત્રરચના તો ભૂખ્યાને ઘેબર જેવી સ્વાદદૃષ્ટિ છે પ્રામાણિક શાસ્ત્રોમાં આ પચસૂત્ર પ્રધાનપદે રહી માનવભવમાં મોક્ષ પ્રાપ્ત કરાવી આપનાર સાધનાનુ બોલતું શાસ્ત્ર વર્તે છે

અનાદિ ભવસમુદ્રમા અજ્ઞાનદશાવશ દુ ખના જ ઉપાયો યોજ્યા! દુ.ખમય દશા ભોગવી! દુ:ખની પરપરા જ વહી ચાલી! અવ્યવહાર-નિગોદમા એવો અનતાનત કાળ નારકીથી અનતગુણાં દુ:ખમય જન્મ-મરણાદિ અનુભવતાં, પછી ત્યાથી છૂટીને વ્યવહાર નિગોદ આદિમાં એ જ મહા મોહના ઉદયને લઈને અનંત પુદ્ગલપરાવર્ત વિતાવ્યા! જેમા કૃષ્ણપક્ષીય અમાસ જેરા મનુષ્યભવ પણ પામ્યા અને હારી ગયા હવે આજે જો સર્વજ્ઞ-શાસનની પ્રાપ્તિ થઈ છે તો એથી આસન્નભવી બનીને પચસૂત્રના મહા પ્રકાશથી પશુ જીવનને પાર કરી આ ઉત્તમભવને અજવાળીને પરમેશ્વરના શાસન-રાજવાડામા પ્રથમસૂત્રે બતાવેલ માર્ગનુ આરાધન કરીએ, તો પાપનો ક્ષય કરી સહજાનદી ગુણોના બીજનુ ભાજન બનાય ત્યા સમ્યગ્દર્શનના શુક્લપક્ષીય પૂનમ-ચાદની જેવા પ્રકાશમા પુણ્યાનુબધી પુણ્યોદય વધારતા જવાય, અને મોહનો ક્ષય થતાં અતે મોક્ષનો પૂર્ણિમા-ચદ્ર પ્રકાશી ઊઠે એ સામર્થ્ય આ સૂત્રમા છે

સંસારી જીવોમા મોટો ભાગ બાળ-અજ્ઞાન હોય છે પરતુ જે મધ્યમ કોટિના મધ્યસ્થ સત્યગવેષક જીવો છે, તેમાંય અતિ અલ્પ-સખ્યાક જીવો ગભીર સ્યાદ્વાદસમુદ્રમા ઊતરે છે એમને પ્રારભે ભલે નાની પણ શુક્લપક્ષીય બીજચદ્રરેખાનો પ્રકાશઉદય થતા એ આ પચ-સૂત્રના સહારે પૂનમપ્રકાશરૂપે ઝગહળી બાહ્યાત્મામાંથી ઠેઠ પરમાત્મ-દશાએ પહોચાડે છે

મૂળ **પંચસૂત્ર** રાજાની જેમ પંડિતોને આનંદ સાથે રક્ષણ આપે છે આ શ્રી હરિભદ્રસૂરિ જેવા મહાપ્રાજ્ઞે એ 'વૃત્તિ'રચનાથી વ્યક્ત કર્યું એના પરની વિવેચના **'ઉચ્ચપ્રકાશના પંથે'** મધ્યમ કોટિના જીવોને મંત્રની જેમ સમાધિ-હેતુ બને છે, અને એમાનાં બાળ-ભોગ્ય દૃષ્ટાંતો અજ્ઞાનને પણ જ્ઞાની બનાવે એવા સૌભાગ્યવતી સ્ત્રીની શિખામણ જેવા છે

દ્રવ્યાનુયોગ, ચરણકરણાનુયોગ, વગેરે અનુયોગમાં સમર્થ આચાર્યોએ અનેક શાસ્ત્રો રચ્યા; તેમાં જેમ 'તત્ત્વાર્થાધિગમ' મહાશાસ્ત્ર અતિગભીરરૂપે પ્રખ્યાત છે, એમ આ 'પંચસૂત્ર' પણ તેની તુલના કરે એવુ છે, એ વસ્તુ સમર્થ આચાર્ય શ્રી હરિભદ્રસૂરિજીની વૃત્તિ કહે છે. **'प्रवचनसार एष सज्ज्ञानक्रिया-योगात्'** અર્થાત્ સમગ્ર આર્હત શાસ્ત્રોનો સાર આ પંચસૂત્ર છે, કેમકે એમા સમ્યગ્ જ્ઞાનક્રિયાનો ખજાનો સંક્ષેપમાં ભર્યો છે 'ગીતા' જેવા શાસ્ત્ર ગભીર છતા ગીતાનો એ ઉપદેશ શા માટે યોજાયો અને એનુ પરિણામ શુ આવ્યુ એ જોતાં વિષયાસક્તિ અને કષાયની વૃદ્ધિ થવાનું દેખાય છે, કે જે સંસારવર્ધક છે, ત્યારે આ 'પંચસૂત્ર'માં કેવળ પાપક્ષય અને અસંક્લિષ્ટ અને ગુણાધાયક પુણ્યવૃદ્ધિ દ્વારા મોક્ષ પમાડવાનો જ હેતુ છે, અજ્ઞાન-અવિરતિનો નાશ કરી ભવ-રોગ મટાડવાની રાસાયણિક ચિકિત્સા છે આ સૂત્રમા હેતુ-હેતુમદ્ભાવ અવ્યાબાધ વહે જાય છે પૂર્વ પૂર્વના સૂત્રવચનોનો ભાવ આત્મસાત્ બનતાં એ જીવનનો સુધારો કરતો કરતો ઉત્તરોત્તર સૂત્રપંક્તિઓના વિષયને અવકાશ આપતો જાય છે એમ આ સૂત્ર ક્રમબદ્ધ વ્યવસ્થિત જીવનશુદ્ધિ-આત્મશુદ્ધિને સાકાર કર્યે જાય છે એના પાલનમા સાધક જો જરાક પણ ભૂલ કરે તો રોગમા મિથ્યાભાવે સેવાયેલ કુપથ્યની જેમ અનર્થકારી બને છે એ સમજવા આ સૂત્ર સુંદર સાધન છે

માટે, ઉત્તમ આત્માએ આ પંચસૂત્ર કંઠસ્થ કરવા લાયક છે, વારંવાર સ્વાધ્યાય કરવા યોગ્ય છે દુષ્કાળમા દ્વાદશાંગીનો મોટો ભાગ વિચ્છેદ પામ્યે થકે અવશિષ્ટ આગમ-શાસ્ત્રો પણ પરમ આલંબન છે.

એમા આ સૂત્રની આરાધના પણ સમ્યગ્ મોક્ષસાધકરૂપે પરમ આધાર છે તત્ત્વાર્થ–ભાષ્યમા, '**एकमपि तु जिनवचनाद् यस्मान्निर्वाहकं पदं भवति**' એક પણ જિનવચનસાગરનુ વચન આરાધ્યે મોક્ષગામી બનાવે છે, એ માષતુષમુનિ, ચિલાતીપુત્ર જેવા આરાધકોમાં દેખાય છે ત્યારે ૧૪ પૂર્વી જેવા પણ જો પ્રમાદભાવે વિરાધક થયા, તો નીચગતિમાં રીબાવાનુ ભુવનભાનુકેવળી ચરિત્રમા જોવા મળે છે માટે સુજ્ઞ આત્માઓ વિરાધના ટાળી સમ્યક્ શ્રદ્ધાપૂર્વક આ સૂત્ર અને સૂત્રોક્ત માર્ગની આરાધના અવશ્ય કરીને મોક્ષસાધક થાઓ, જેથી જીવન ધન્ય કૃતાર્થ બને, એવી મારી મ ગળકામના છે.

---

## પંચસૂત્રનો સક્ષિપ્ત પરિચય

સૂત્રના પાચે ય નામો યથાર્થ ભાવભર્યા છે અનાદિ મહામિથ્યાત્વપાપનો પ્રતિઘાત–સ પૂર્ણઘાત કરી, મુનિધર્મ સાધવા યોગ્ય ભાવશ્રાવક બની સાધુધર્મની તૈયારી કરીને વિધિપૂર્વક શાસનપ્રભાવના સાથે ચારિત્ર અ ગીકાર કરે છે, ને ગુરુના શરણે જ્ઞાન મેળવી સમ્યક્ ચારિત્ર આરાધી કેવળજ્ઞાની થઈ દુ.ખમય કર્મવિટંબણાને સ પૂર્ણ પાર કરી જવા દ્વારા અન ત સુખમય સિદ્ધ દશા ભોગવે છે એ પાચ સૂત્રોના સ ક્ષિપ્ત ભાવોના કેટલાક મુદ્દા જાણવાથી આ સૂત્રની આરાધના માટે આત્મા ઉત્સાહિત અને સમર્થ બનશે એટલે એ જાણવા જરૂરી હોઈ અહી આલેખાય છે

❁ (૧) **પ્રથમસૂત્રમાં 'પાપપ્રતિઘાત–ગુણબીજાધાન'** માટે જીવને મુમુક્ષુ બનાવવા વીતરાગ સર્વજ્ઞ જિનેશ્વર ભગવ ત આદિની ઓળખાણ કરાવી સાચી દેવગુરૂધર્મ–શુદ્ધિ કરી દેખાડી છે અસર્વજ્ઞના શાસનમા પણ સરાગી–સગ્રન્થ દેવ–ગુરુને પ્રાણસમ વહાલા તો કરે છે, પરતુ એ સ સારહેતુ હોઈ મિથ્યારૂપે છે તેથી આ સૂત્ર પ્રથમ તો મોક્ષદાતા પરમેશ્વરની સાચી પિછાણ બતાવે છે, અને અરિહંતાદિ ચાર શરણોથી સનાથ જીવન કરી, અનાદિપાપોનાં પ્રતિક્રમણ–નિંદા-

ગર્હાથી પાપક્ષય કરવા દ્વારા આનંદકારી સુકૃતાસેવનમાં જોડે છે આ એવી અત્યુત્તમ પ્રક્રિયા છે કે જેથી ઘોર પાપી આત્મા પણ આની આરાધના દ્વારા ટૂંકા કાળમાં અનંત જન્મ-મરણાદિ સર્વ દુઃખોને પાર કરી સહજાનંદી બનવા ભાગ્યશાળી બને છે વીંછીનું ઝેર મંત્ર ડંખમાં લાવી ઉચ્છેદીને સુખ-શાન્તિ કરે તેમ આ સૂત્રના આરાધના જીવને અનાદિ આધિ-વ્યાધિ-ઉપાધિનું ઝેર ઉતારી સમાધિમાં મજીઠરંગી કરે છે એવા પુણિયો શ્રાવક, સંપ્રતિ રાજા, વગેરે અનંત પુણ્યવંત આત્માઓ આ દુષમ કાળમાં પણ દેખાયા છે અને દેખાયા કરશે આ સૂત્ર ઉપસંહારમાં એવી લેશ્યા પેદા કરે છે કે જીવો સુખી અને સુખી થાઓ

**(૨) બીજા સૂત્રમાં સાધુધર્મની પરિભાવના** છે તથાભવ્યત્વઆદિના યોગે ઉત્તમ કુળાદિ ધર્મસામગ્રી મળતાં ધર્મનો અચિંત્ય પ્રભાવ માની શ્રદ્ધાવાળો દેશવિરતિ જે ચારિત્રસાધક ભાવનાથી ભાવિત બનતો જાય એ ભાવનાભર્યું સૂત્ર છે એથી સુદૃષ્ટિ સાથે દયા-સત્ય-નીતિ-સદાચાર-સંતોષાદિ અનેક ગુણોથી સ્વભાવની સુંદરતા થાય છે, અને તે ઉપરની સાધનાઓથી અલંકૃત બનતાં, પછી એ સુસંસ્કારિતા ભવાંતરમાં ઉદય આવતા પરોપકારી જીવન સાથે મોક્ષસાધક બનાવે છે જયાં પૂર્વે દુર્ભાગી નિર્નામિકા જેવા આત્મા પછી સૌભાગી શ્રેયાંસકુમાર બને છે, એવા આત્મિક ગુણો વધારવાનું મૂળ જિનાજ્ઞાને જાણી ચોળમજીઠ રંગે સાધુધર્મનું બહુમાન કરે છે, અને મોહનું ઝેર ઉતારી કર્મ-કષાયની વ્યાધિના ઔષધરૂપે દેવગુરુની આજ્ઞાને આરાધીને દુઃખમય ભવો અટકાવી સ્વર્ગાદિ-સુખોને યોગ્ય બનતો મોક્ષ-પ્રવાસી આત્મા કલ્પવૃક્ષ જેવો પ્રભાવવંતો બને છે અધર્મી મિત્રોથી અલગ થઈ ધર્મ-મિત્રોનો દાસ બને છે, અને બહુમાન સાથે અંધને લાકડીએ દોરનારના કે ગરીબને ધનાઢયના શરણરૂપે ગ્રહી અનેકગુણોના પોષક સાચા સાધર્મિકબંધુ તરીકે વાસ્તવ સુખનું સાધન સમજી આજ્ઞાવશ આરાધક થાય છે એમ અનર્થદંડથી તદ્દન અલગ થઈ, પ્રાણાંતે પણ પરપીડા ત્યજી દીનતાદિ દોષો દૂર કરીને મન-વચન-કાયાને પાવન કરતો ચાલે છે,

અને ધન–કુટુંબાદિ સંસારસાધનોને પણ પુણ્યનિદાન કરે છે મમતાને ભવનું બંધન માની સમભાવ સાધીને તરણતારણભાવે ધર્મભાવના કરે છે આવા ગંભીર મુમુક્ષુભાવોમા રમતો વિરાધનાથી ભય રાખી મનુષ્યભવની સફલતા સાધુધર્મમાં સમજે છે તેમાં 'જિનેશ્વરપ્રભુના પ્રભાવે મારૂં કલ્યાણ હો' એવી ભાવનામાં મોહનુ મૂળ ઉખેડવા ગુરુનું શરણ લે છે અને ગુરુને જ મોક્ષસાધનાનો પરમ આધાર માની સંસાર વિરક્ત એવો એ નિર્મમભાવે રહી પરને સંતાપ્યા વિના અને શુભ–લેશ્યાયુક્ત રહી સર્વવિરતિ–જીવનની તક શોધે છે

**(૩) ત્રીજા સૂત્ર 'પ્રવ્રજ્યા ગ્રહણવિધિ'માં :**–મુખ્યપણે તો સાધુધર્મના ચોળમજીઠ રંગે પૂર્વોક્ત પરિભાવનાથી એવુ જીવન જીવ્યો હોય છે કે પોતાની તૈયારી સાથે માતાપિતાદિ પણ ચારિત્રાર્થે તૈયાર થઈ જાય છે કદાચ તેમ ન બન્યુ તો ભવરાગ-ભવબંધનનુ ઓસડ ચારિત્રવિધિથી ગ્રહણ કરવા ઉપાય યોજે છે પૂજ્યોને–પરિવારને સંતાપ ન થાય, તથા શાસનપ્રભાવના અને કલ્યાણનિધાન બને, તેમજ જીવન ઉભય લોક–સફળ થાય, એ માટે પોતાના કુટુંબ આગળ દીક્ષાની સમજુતી કરે છે એમાં ભયંકર ભવભ્રમણનુ ભાન કરાવી ચારિત્રધર્મથી જ કલ્યાણ સમજાવી ઋષભદેવ પ્રભુના પરિવાર તથા જંબૂકુમારના પરિવારની જેમ સ્વ પરિવારને સાથે દીક્ષા લેવા સમજાવે છે ભવસમુદ્રના તોફાનથી પાર ઊતરી મોક્ષના અક્ષય સુખના સ્થાને પહોચવા તત્ત્વનો પરમાર્થ સમજાવી પ્રાર્થના કરે છે વળી એથી જો કુટુંબીઓ ન જ સમજે, તો જાતે સ્વપ્ન જેવા સંસારસુખના મોહ અને ભવ–બંધનના હેતુથી બચવા સ્વાત્મરક્ષાર્થે એમની અનુમતિ મેળવે એમા સ્વયં નિરાશંસભાવે વીતરાગમાર્ગ સાધવાનુ લક્ષ રાખી એમની આજીવિકા આદિ સમ્યગ્ ઉપાય સાધે, ને દયાળુભાવને ધર્મનો આધાર માની એમને સંતોષ પમાડી રજા મેળવે પરંતુ એવા પરમાર્થ ઉપાય સાધવા છતાં ય જો એમની સંમતિ ન જ મળે, તો હૃદયથી માયારહિત સરળ રહી, બહારથી એવા કોઈક દુઃસ્વપ્નથી પોતાને મોટી આફત આવવાનુ

દેખાડી પોતાની મુઝવણ બતાવવાની માયા કરીને પણ એમની રજા મેળવવાનું કરે એમા ય સફળતા ન મળે તો જંગલમા મરતાને જીવાડવા ઔષધ લેવા જવારૂપે કુશળતાથી ગુપ્તપણે નીકળી જઈ દીક્ષા સાધે એમા ભવતારક ભાવ ભૂલે નહિ તત્ત્વસમજુ પુરુષો પરમાર્થકાર્યમાં ધીર–વીર–ગંભીર બની સર્વદૃષ્ટિએ સર્વનુ શ્રેય ઇચ્છતા અહી પોતાના માટે ચારિત્ર–આજીવિકાના અર્થે અને કુટુંબ માટે સમ્યગ્દર્શનાદિ ઓસડ લાવવા અર્થે ભાવદયાળુ બન્યો રહી એમને છોડીને ચારિત્ર લેવા જાય છે ત્યાં ચારિત્રની સમ્યગ્ આરાધના કરાવે એવા સુગુરુનો યોગ સાધે, અને વીતરાગપ્રભુની શ્રદ્ધા બહુમાન સાથે પૂજાભક્તિ કરવાપૂર્વક, મુનિઓનો માન સાથે સત્કાર કરી, યથાશક્તિ ગરીબ–અનાથાદિને સંતોષી, વૈભવ પ્રમાણે સમયાનુસાર શાસનપ્રભાવના કરી, સારા મુહૂર્તે ચારિત્ર સ્વીકાર કરે, લૌકિક માર્ગમાંથી નીકળી લોકોત્તર ધર્મમાં પ્રવેશે, સંસારવાસનાથી મુક્ત થઈ સહજાનંદી મુમુક્ષુ બને

❀ **(૪) ચોથાસૂત્ર–'પ્રવ્રજ્યા–પરિપાલન'માં,**–વિધિની મુખ્યતા રાખી સુવિધિભાવથી સાધુક્રિયા સાધે, સમજે કે ઉપાયથી જ ઉપેય સિદ્ધ થાય માટી કે સોનુ, શત્રુ કે મિત્ર, વગેરે રાગદ્વેષના સાધનોમા સમભાવ રાખે એકાંત આગ્રહથી મુક્ત થઈ, પ્રશમભાવમા રહી, ગુરુકુળવાસ સેવીને સમ્યગ્જ્ઞાન મેળવે ગુરુ–વિનય-બહુમાન ભરપૂર સાચવી ગુણરાગી થઈને જીવનનો એક આધાર માને મોક્ષ માટે ચારિત્રની આરાધના પ્રધાન માની વિરાધના- ઉન્માદ આદિ ઘોર પાપોથી બચે લોકસંક્લેશ આદિ પાપોથી દુર્લભબોધિ વગેરે મહા અનર્થ દેખે સિંહની જેમ ચારિત્ર લીધા પછી સિંહની જેમ પાળવાનો ઉદ્યમ રાખે ચારિત્રનું રક્ષણ માતાની જેમ ૫ સમિતિ ૩ ગુપ્તિએ આઠ પ્રવચનમાતાથી જ સમજી એમાં પૂરો સાવધાન રહે મોહના અંધારામા જ્ઞાનદીવાનો પ્રકાશ અને દરિયાના તોફાનમા ચારિત્રબેટનું શરણ તાત્ત્વિક ભાવે સાધે, રોગની ભયંકર વેદનામા વૈદ્યનાં ઔષધથી રોગ–મુક્તિની જેમ ગુરુદત્ત ચારિત્રના ઔષધનુ સેવન કરતા, સાથે ગુરુનો ઉપકાર બહુ માને, તપ–સંયમના કષ્ટને

ચિકિત્સા પ્રયોગવત્ સમજી દુઃખમાં મહાસુખ માને ગુરુબહુમાન ઉવેખ-વામા વિરાધકભાવ સમજી એમાં બીજી સાધના કુલ્ટાના ઉપવાસ જેવી નિંદાપાત્ર અને અનર્થકારી સમજે માટે ગુરુયોગ ઉત્તમ રીતે સાધી એના દ્વારા પરમગુરુ પરમાત્માના સયોગ સાધવા સમર્થ બને એમ ભાવ-સાધુપણાની આરાધના કરી કેવળજ્ઞાનાદિ સર્વલબ્ધિઓ સિદ્ધ કરી સસારથી મુક્ત થઈ સર્વ દુઃખના અત કરે આત્મા પરમાત્મદશામાં આવે અને મોક્ષના અવ્યાબાધ અનત આનદમા શાશ્વત સ્થિરતા કરે

❁ **(૫) પાંચમા સૂત્ર 'પ્રવ્રજ્યા-ફળ'માં** ફળ—મોક્ષના અનુભવ સસારી જીવને અગમ્ય હોવા છતા કઈક પરિચય કરાવવા કહે છે કે,—સપૂર્ણ સિદ્ધ બનેલ પરમાત્મા પરમબ્રહ્મ મગળનુ ઘર છે, અનત ગુણોએ ભરપૂર અનત જ્ઞાન—દર્શનમા ઝીલે છે, અવ્યાબાધ સહજાનદી શુદ્ધ અરૂપી ભાવને પામેલા એ સર્વજ્ઞો અસાયોગિક અવસ્થાને પ્રાપ્ત છે. વાદળ રહિત તદ્દન સ્વચ્છ પૂર્ણિમાના ચદ્રની શીતલ ચાદનીની જેમ પુદ્ગલાદિના સયોગથી સર્વથી શૂન્ય એમની સ્વરૂપ—રમણતાની સ્વચ્છ જ્યોતિ ઝળહળે છે સસારના સાંયોગિક સુખના ભૂખ્યો વિષયવિયોગમાં અનત દુખ ભોગવે છે, અને જીવન—શક્તિના નાશ કરી પડતી દશામાં મોહ—અજ્ઞાનના ઉદયવશ ગાઢ ભાવે દુખોના પાત્રને સુખ માની એમા સદા આસક્ત રહે છે, અને એના ફળમા નીચ ગતિના પલ્લે પડી અનત દુઃખમા પરાધીનભાવે રીબાય છે, વૈરીના વિશ્વાસે એમ અફળને ફળરૂપ માને છે ત્યારે તત્ત્વવેત્તા અનુભવથી દર્શન-જ્ઞાન-ચારિત્રમા નિરુપાધિ એકાત સુખમા મગ્ન રહે છે સિદ્ધસુખને કેવળજ્ઞાનીઓ પ્રત્યક્ષ જુએ છે ત્યારે અસર્વજ્ઞ તત્ત્વજ્ઞાનીઓ શાસ્ત્રશ્રદ્ધા અને અનુભવથી એને જાણે છે એનો સ્વાદ અગમ્ય છે એ સમજાવવા દૃષ્ટાત આ, કે યૌવનવયમા આવેલ સ્ત્રીને અનુભવાતા પતિના સયોગનુ સુખ એ જ જાણે, પણ બાલ-કુમારિકા ન સમજે ભયકર રોગીને નીરોગીના ભોજનાસ્વાદ ન સમજાય એમ છદ્મસ્થને સિદ્ધનુ અનત અસાયોગિક સુખ ન સમજાય જિનવચન બ્રહ્મસુખને સ્વસવેદ્ય કહે છે સર્વ શત્રુના ક્ષયમાં, સર્વરોગના અભાવમાં

સર્વ ઋદ્ધિની પ્રાપ્તિમા, અને સર્વ મનોરથ સિદ્ધ થવામા જેવુ સુખ; તેથી અનંતગણુ સુખ સર્વ ભાવશત્રુરાગાદિક્ષય સર્વ કર્મનાશ અને સર્વજ્ઞાનાદિ સહજ ગુણની સિદ્ધિમાં અનુભવાય ત્યા હવે ઇચ્છામાત્રનો અત આવી ગયો હોઈ કોઈ દુઃખનો સ્પર્શ સરખો નથી આવુ તાત્વિક ભાવનુ લોકોત્તર અતિ સુખ આશા પાર કરી ગયેલ સર્વજ્ઞને જ સમજાય એ સુખ વ્યક્તિગત નવું પ્રગટી શાશ્વતકાળ રહેનારું છે; પરંતુ સર્વ સિદ્ધોની અપેક્ષાએ ગગાપ્રવાહની જેમ એ અનાદિ અનંત છે મિથ્યા-દર્શનેવાળા મોક્ષ પામેલાને પણ પાછા અવતારી પરમેશ્વર માને છે પરતુ તે વાઝણીના પુત્ર જેવુ અસત્ છે

અનેક હેતુ–દષ્ટાતથી ભરેલ આ પચસૂત્ર સર્વ શાસ્ત્રોમાં સર્વોપરિ છે એ અનાદિ અજ્ઞાનીઓને પણ આવા વિકટ સમયમા પણ સુલભ બોધિ કરવા અર્થે આ સૂત્ર આગમોનું દોહન કરી અતિનિપુણ ભાવે રચેલ છે તે ભવભીરુ આસન્નસિદ્ધિક એવા ઉત્તમ પાત્રને જ દેવાય એવી અતે ભલામણ કરે છે રોગીને ભારે ભોજન અને કાચા ઘડામાં પાણીના દષ્ટાતે અપાત્રને ન દેવામાં એની દયાળુતા દેખાડી છે. સાચી દયા તે જ કે જે સામાને વધુ અનર્થ ન કરે અપાત્રને આવુ શાસ્ત્ર જાણવા પર એના ગભીર ભાવો પ્રત્યે હાંસી અવગણનાદિ થાય એ એને મહા અનર્થ સર્જે છે પરમ ગભીર તત્વભર્યા શાસ્ત્રની શ્રદ્ધા પાત્ર ઉત્તમ જીવને જ થાય માટે આનુ આરાધકભાવે મનન કરી જીવન પાવન કરવા ત્રણ લોકના નાથ તીર્થંકરભગવતોના બહુમાનમા સિદ્ધ સાધક બનો એ જ ભાવદયા સફળ છે

હવે અહીં કિંચિત્ ગુણાનુવાદ કરીએ

## ગ્રંથપ્રકાશનમાં ઉપકાર કરનારાઓને ધન્યવાદ :–

આ પંચસૂત્ર ઉપર પૂર્વે અનેક વિદ્વાનોએ ગુર્જર અનુવાદ કરેલ છે. પરતુ તેનું વિશદ વિવેચન તો

તલસ્પર્શી ગંભીર ભાવોભરી પૂજ્યપાદ શ્રી હરિભદ્ર-સૂરીશ્વરજીની સંક્ષિપ્ત સંસ્કૃત વૃત્તિને સ્પષ્ટ કરવામાં કુશળ સહજસિદ્ધ લેખક પંન્યાસ ભાનુવિજયજી ગણિવરે 'ઉચ્ચ પ્રકાશના પંથે' નામના વિવેચનથી કર્યું છે. તે જોતાં મને નિર્ણય થયો કે વર્તમાન જડવાદના અનાર્ય સંસ્કારી જમાનામાં મુગ્ધ થયેલ ભવી આત્માને શ્રી જિનેશ્વર ભગવંતના અમૃત-વચનોનો આસ્વાદ સચોટ રીતે પમાડનારૂં આ કલ્યાણહેતુ લખાણ છે, અને મે તેથી ઘણા આત્માઓને મનનપૂર્વક વાંચવાને પ્રેરણા કરેલ. પરંતુ થોડા જ વખતમાં આ ગ્રન્થ અલભ્ય થયો, અને જિજ્ઞાસુઓને આની જરૂર પડી; તેથી આ ગ્રન્થની બીજી આવૃત્તિ માટે પંન્યાસજીને મારી પ્રેરણા થઈ. જો કે તેમને અનેક સાહિત્ય-સર્જન, વ્યાખ્યાન, મુનિસમૂહ-સંભાળ વગેરેને લીધે સમય-સંકોચ હતો, છતાં જીવોની ભાવદયા જાણી એમણે આ વિવેચન-ગ્રન્થમાં બાળજીવોને ઉપકારક સંવેગ-વૈરાગભર્યાં દૃષ્ટાન્તો દાખલ કરવા સાથે પૂર્વ આવૃત્તિના ભાવોને વિશેષ સ્પષ્ટ સુગમ કરનાર સુધારાવધારા કરી આપવા સંમત થયા, ને લખાણ તૈયાર થવા સાથે મુદ્રણનું કાર્ય શરૂ થયું. એ ઘણા આનંદની વાત છે કે આ ગ્રંથ વાચક-વર્ગને અમૃતના આસ્વાદ સાથે મુમુક્ષુ બનાવે એવો છે એમાં શાસનદેવોને સહાયક થવા અભ્યર્થના છે.

વી સ ૨૪૯૨ શ્રા વદ ૮

# દ્વિતીય આવૃત્તિ પ્રસંગે વિવેચનકારે આલેખેલ

# ગ્રન્થ—પરિચય

પરમ પુણ્યનિધિ શ્રી વીતરાગ સર્વજ્ઞ પરમાત્માએ વહાવેલી નિર્મળ ભારતી ભાગીરથીના અખડ સ્રોતથી આર્યદેશ આજે પણ ગૌરવવંતો છે અતરની તૃષ્ણાના તાપને, વિષયાસક્તિ–જવરના દાહને, અને કર્મ–લેપના મળને મિટાવી, ભવભ્રમણના થાક ઉતારી, મોક્ષપર્યંતના અનત ગુણોના પાકને આત્મક્ષેત્રે પકવનારી એ ભાગીરથીથી હારીને જાણે લૌકિક ભાગીરથી સમુદ્રમાં આપઘાત અર્થે ન પડતી હોય !

આ વીતરાગની વાણીને ચિરસ્થાયી રૂપમા ગુથી લેનાર અનેકાનેક જૈનશાસ્ત્રરત્નો છે શ્રી **પંચસૂત્ર** એ પૈકીનું એક ભવ્ય શાસ્ત્ર છે કર્મને પલ્લે પડેલા ભવ્ય જીવો સસાર અટવીમા રઝળતા રઝળતા મહા મુશીબતે માનવ જીવનમા આવ્યા પછી, એ જીવો કર્મનો સર્વનાશ નીપજાવી, માનવતા અને દિવ્યતાને ય વટાવી પરમાત્મતામા મ્હાલતા કેવી રીતે બને, એ માટેની ક્રમિક સાધનાનુ વર્ણન પચસૂત્રમાં કરવામા આવ્યું છે અહિ સૂત્ર એટલે એકેક પ્રકરણ, એકેક અધિકાર, એ ગભીર અને વિશાલ અર્થનું સક્ષેપમા સૂચન કરે છે એ માટે સૂત્ર કહેવાય છે

આ શાસ્ત્રના રચયિતાનુ નામ તથા ઇતિહાસ મળ્યા નથી પરતુ શાસ્ત્રની ભાષા આગમસૂત્ર જેવી ગદ્ય પ્રૌઢ અને ભાવવાહી હોઈને એ કોઈ બહુ પ્રાચીન અને પૂર્વનુ જ્ઞાન ધરાવતા મહર્ષિની કૃતિ હોય એમ સંભવે છે એ શાસ્ત્ર મૌલિક વાતો કહેતુ હોઈ શ્રી તત્ત્વાર્થ મહાશાસ્ત્રની પૂર્વે એ રચાયુ હોય એ બનવા જોગ છે અલાબુનુ દૃષ્ટાંત વગેરે એમાથી તત્ત્વાર્થકારે લીધા સભવે છે

શ્રી પંચસૂત્ર ઉપર ટૂંકું વિવેચન લખનાર મહર્ષિને કોણ નથી ઓળખતું ? ચિતોડના રાણાના સમર્થ વિદ્વાન પુરોહિત બ્રાહ્મણપણામાંથી જૈન સાધુદીક્ષા પામી, જૈનશાસનના મહાપ્રભાવક જૈનાચાર્યપદે પહોંચી જનાર, ૧૪૪૪ અજોડ શાસ્ત્રોના પ્રણેતા, ભગવંત શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજ આ પંચસૂત્ર ઉપર વિવેચન લખે, એ ગ્રંથની મહાન ઉપયોગિતા અને ગંભીરતા સૂચવે છે આ વિવેચનના આધારે જ ગુજરાતી ભાષામાં અહીં વિવેચન કરવામાં આવ્યું છે

ગ્રંથનું નામ ટીકાકારના અનુસારે પંચસૂત્રક, અને ઉપા૦ શ્રી યશોવિજયજી મહારાજની ધર્મપરીક્ષાના હિસાબે પંચસૂત્રી એવું નામ મળે છે, છતાં ચાલુ વ્યવહારે પંચસૂત્ર એવું નામ રાખ્યું છે

આ પંચસૂત્રમાં વિવિધ અર્થિઓને ગ્રાહ્ય મહાન નિધાન પડેલા છે આમાં નિર્મલ શ્રદ્ધાબલ અને ઉચ્ચ આધ્યાત્મિક તત્ત્વચિંતન કેળવવાની પ્રેરણા અને પ્રકારો છે, મોહ અજ્ઞાનના અંધત્વ મિટાવવા દિવ્ય અંજન છે, દુર્ધ્યાન અને ચિંતાની દાહક જ્વાળાઓ શમાવનાર શીતલ શુભ ધ્યાનના સિંચન છે માનસિક ઉદ્વેગ અને વિહ્વલતાની નાગચૂડમાંથી છોડાવનાર મંત્રો છે દીનતા ક્ષુદ્રતાદિ દૂષણો કે દિલના દર્દો દૂર કરવાના સચોટ ઔષધો છે, ઉચ્ચ યશસ્વી જીવન જીવવાની ચાવીઓ છે. આપત્તિમાં આશ્વાસન સાથે સાત્ત્વિક સહિષ્ણુતા કેળવવાના બોધપાઠ છે ટૂંકમાં પંચસૂત્ર એટલે મહાગુલામી અને મહાત્રાસના મેરુ નીચે અંતરાત્મામાં દબાઈ રહેલ ભવ્ય સમૃદ્ધિ-વૈભવને પૂર્ણ પ્રકાશિત કરવાનું અમોઘ માર્ગદર્શન એ દ્વારા સૂત્રકારે આપણા પર અનંત ઉપકાર કર્યો છે. સમ્યગ્દર્શન-જ્ઞાન ચારિત્રના ખપીને, ત્યાગ તપ અને વિરાગ-વિરતિના અર્થિને, ઉચ્ચ ભાવના-ધ્યાન અને આત્મરમણતાના અભિલાષીને આ શાસ્ત્ર વિના ચાલી શકે એમ નથી તેથી આ ગ્રંથના પદે પદનું વારંવાર અધ્યયન, મનન, નિદિધ્યાસન કરવું જોઈએ

અહિં નીચે મૂળ ગ્રંથની અતિ ટૂંકી રૂપરેખા દોરી છે પરંતુ

ગ્રંથનુ મહત્ત્વ તો વિવેચનમા ખૂબ ઊંડા વિચારો પૂર્વક યોજેલા સ્પષ્ટીકરણોને પુનઃપુનઃ મથવાથી સમજાશે.

**ગ્રન્થવસ્તુ**–પંચસૂત્રના ૫ પ્રકરણોમા [૧]પાપપ્રતિઘાત પૂર્વક ગુણબીજાધાન, [૨]સાધુધર્મ–પરિભાવના, [૩]પ્રવ્રજ્યા–ગ્રહણ વિધિ, [૪]પ્રવ્રજ્યા પાલન અને [૫]પ્રવ્રજ્યાફળ મોક્ષ એ મુખ્ય વિષય છે

---

## પંચસૂત્ર અને વિવેચનનો ટૂંક સાર

વિવેચન–ગ્રંથના પ્રારંભે આત્માની વિકૃત અંધકારમય દશાના કારણ તરીકે 'અહં–મમ'ના સાચા સ્થાનનું વિસ્મરણ બતાવી 'ઉચ્ચ પ્રકાશના પથે' નામની સાર્થકતા બતાવી, 'પાપ પ્રતિઘાત–ગુણબીજાધાન,' 'સાધુધર્મની પરિભાવના' વગેરે પાંચ સૂત્રનામોનો પરિચય આપ્યો. પછી પંચસૂત્ર 'સત્' યાને સત્ય ને સુંદર કેવી રીતે તે દર્શાવતાં કૃપણ અને ઋષભદેવના દૃષ્ટાંતથી જિનવચનની અનન્ય વિશિષ્ટતા બતાવી, એમાં પ્રભુનો ૯૮ પુત્રોને ઉપદેશ કહ્યો પછી પાંચ સૂત્રોના ક્રમનુ પ્રયોજન, સૂત્રનામનો ભાવાર્થ, દ્વાદશાંગીસાર જ્ઞાન–ક્રિયા, ને નિર્બીજ–સબીજ ક્રિયા, (પૃ ૨૨)નું સ્વરૂપ કહ્યું

આ પછી તો ટૂંકમા પતિત–ઉત્થિત અવસ્થા બહુ સ્પષ્ટ કરી તેમાં પંચસૂત્રનો માર્ગ ભવાભિનંદીને ન જચવાનુ કહી એના ક્ષુદ્રતાદિ ૮ દુર્ગુણો કથાઓ સાથે વિસ્તારથી વિચાર્યા (પૃ ૨૫) ૧ પર્વત-નારદની કથા સાથે આમા ક્ષુદ્રની વિચારણા, ૨ લોભરતિની ભયાનકતા–કપિલ કેવળી–મમ્મણ શેઠ–નાળિયેરીજીવના દૃષ્ટાંત (પૃ ૩૨), ભવવ્યાધિનું કુપથ્ય લાભલોભ, ૩. દીનતા શું શું કરાવે, (પૃ ૩૯), કંડરીક–પુંડરીક, ૪ માત્સર્યની દુર્દશા સિંહગુફાવાસી મુનિ (પૃ ૪૫); ૫ ભયની અવદશા, તિજોરીમા શેઠ, ૬ શઠતા પર ચક્રકાન્તના નોકરની કથા, ૭ અજ્ઞતા–મૂઢતા કેવી? (પૃ ૫૬) મૂઢ પંડિત, ૮ નિષ્ફળારંભનું રહસ્ય, ભવાભિ૦મા દોષસહજતા વગેરે કહ્યું (પૃ ૬૪થી) અવ્યવહાર વ્યવહારરાશિ–

કૃષ્ણપક્ષ–ચરમાવર્ત–ભવ્યત્વનો પાસપોર્ટ, સહજમળહ્રાસ, યોગની પહેલી ૪ દૃષ્ટિ, ૫ યોગબીજ, યથાપ્રવૃત્તકરણ, ગ્રંથિભેદ, અંગારમર્દક-કથા (પૃ ૭૦), ધર્મસાધનાનો દુર્લભ પુરુષાર્થકાળ, સમ્યગ્દર્શન, સાનુબંધ ક્ષયોપશમ, એના ઉપાય, નંદમણિયાર (પૃ ૭૪), અને આરાધક ભાવનુ શ્રેષ્ઠ કર્તવ્ય બતાવી ભૂમિકા પૂર્ણ કરી

---

## સૂત્ર-૧ 'પાપપ્રતિઘાત-ગુણબીજાધાન'

આમાં (પૃ ૭૭) મંગળ–નમસ્કારમાં અરિહંતના ૪ વિશેષણોની સાર્થકતા, ૪ અતિશય, અને એમા 'વીતરાગ'–વિશેષણના પ્રસંગમા દ્વેષ કરતાં રાગ કેમ પ્રબળ, એના પર ૩૫ હેતુઓ, (પૃ ૮૧) તથા એ બે કરતા ય મોહ કેમ વધુ ખતરનાક એના કારણો, પૃ ૮૭) અને પ્રશસ્ત–અપ્રશસ્ત રાગ–દ્વેષનુ સ્વરૂપ બતાવ્યુ સુરેન્દ્રપૂજાનુ રહસ્ય (પૃ ૯૧), સર્વજ્ઞ કેમ ? અરિહંત શુ શું પ્રકાશે ? જિનવચનના શ્રવણ કેવા થાય ? માનવકાળનુ મૂલ્યાંકન, ઇત્યાદિ બતાવ્યુ

પછી (પૃ ૯૮) વિષયપ્રારંભ કરતા કહ્યુ,–જીવ–સંસાર–કર્મસંયોગ અનાદિ, દુઃખરૂપ–દુઃખફલક–દુઃખાનુબંધી સંસારનો ઉચ્છેદક શુદ્ધધર્મ, એના પ્રાપક પાપકર્મનાશ તથાભવ્યત્વાદિભવ્ય, એનાં વિપાકસાધન, ૧ ચતુઃશરણ–સ્વીકાર ૨, દુષ્કૃતગર્હા અને ૩ સુકૃતાનુમોદન વિવેચનમા, સદ્આત્મસિદ્ધિ, સંસાર અનાદિ, કાર્યકારણના નિયમથી અનાદિ દુઃખરૂપ, વિષયખણજ–જન્મ–જરાદિરૂપ હોવાથી, દુઃખફલક, અવશ્યવેદ્ય કર્માર્જનથી, દુઃખાનુબંધી કર્મબીજોથી ભવોચ્છેદક ઉપાય ઔચિત્ય–સાતત્ય–સત્કાર–વિધિથી સાધ્ય (પૃ ૧૦૨), તથાભવ્યત્વ શુ ? ત્રણ ઉપાય કેમ સાધન ? વગેરે બતાવ્યુ

'શરણ સ્વીકાર તે તે વિશેષણોની શ્રદ્ધાથી સાચો' બતાવી સુલસાનો શરણસ્વીકાર, એની ચાવી, (૧) અરિહંતના વિશેષણો (પૃ ૧૧૬) –પરમ ત્રિલોકનાથ, અનુપમ પુણ્યસમૂહ, આદિ, શ્રીપાળને શરણ,

(૨) સિદ્ધના વિશેષણ (પૃ ૧૨૧), જરા-મરણમુક્ત, અઈમુત્તા, .. નિરુપમસુખ, કરકંડુ, શ્રેષ્ઠ તત્ત્વ, (૩) સાધુનાં વિશેષણો (પૃ ૧૨૫) પ્રશાંત ગંભીરાશય, સુદત્તમુનિ, સાવદ્યવિરત, મંત્રીની હવેલી,...પરોપકારરક્ત કેશી-પ્રદેશી, પદ્મઉપમા, ભાવવિશોધન, (૪) ધર્મનાં વિશેષણ (પૃ ૧૩૨) ત્રિલોકપૂજિત, મોહાંધકારનાશક, રાગદ્વેષ-વિષમંત્ર, ૩ કર્તવ્ય, સકલકલ્યાણહેતુ, કુમારપાળને એ યોગમાયાદર્શન . આદિ બતાવ્યું

**દુષ્કૃતગર્હામાં** (પૃ ૧૩૭) અનેકવિધ દુષ્કૃત્ય તથા એનાં સેવન-પ્રકારો કહી દૃઢપ્રહારીને 'તુ મરે તો ય તારા પાપ ક્યાં મરે ?'-મુનિનો ઉપદેશ, 'મિચ્છામિદુક્કડ'ના અક્ષરાર્થમા આત્મવિકાસકર સુંદર ૫ ગર્ભિતભાવ,- [૧]દોષતિરસ્કાર-[૨]સ્વાત્મદુગંછા-[૩]મૃદુતા-[૪] નમ્રતા-[૫]બીજ-ભૂત-કુવૃત્તિનાશ વર્ણવી, ગર્હા, અકરણનિયમ, દેવગુરુની શિક્ષા-સંયોગ-બહુમાનની પ્રાર્થના, પ્રાર્થનાનુ મહત્ત્વ, ચિતારાની પુત્રી તથા સેવા-આજ્ઞા-સ્વીકાર-પાલનની પ્રાર્થના કહી

**સુકૃતાસેવનમાં**,- અરિહંતના સુકૃતો, (પૃ ૧૫૩) અનુમોદનનો પરમાર્થ, સિદ્ધનુ અનુમોદનીય, આચાર્ય-ઉપાધ્યાય-મુનિઓનાં સુકૃત. મોહનો અધિકાર ઊઠી ગયા બાદ અધ્યાત્મયોગ શ્રાવકના મોક્ષમાર્ગ-યોગો, ઇતરના માર્ગસાધન યોગો, આ સુકૃતો અનુમોદવાનુ કહે છે (પૃ ૧૫૭), આ અનુમોદના યથાર્થ થઈ આચરણમા પરિણમે માટે ઉન્નતિકારક અંગો વિધિપાલન શુદ્ધભાવ-સત્ક્રિયા-નિર્દોષપાલનમા જરૂરી જિનાજ્ઞાપેક્ષા-નિર્મળહૃદય પ્રબળ પુરુષાર્થ-સત્ત્વ વર્ણવ્યાં અનુમોદનનાં મૂળમાં પ્રાર્થના -સવિષયા શી રીતે, અરિહંતાદિ પર વિશિષ્ટ સદ્ભાવ, જિનનો ધ્રુવતારાની જેમ આલંબન-ઉપકાર ને અચિંત્ય શક્તિ, પ્રાર્થકનો મૂઢતાનો ઇકરાર (પૃ ૧૬૪), આ સૂત્રપઠનાદિનુ ફળ અશુભાનુબંધહ્રાસ, કટકબદ્ધ વિષનુ દૃષ્ટાંત, શુભાનુબંધઅર્જન નિયાણાનુ લક્ષણ (પૃ ૧૭૧) બ્રહ્મદત્ત-અગ્નિશર્માના દૃષ્ટાંતથી વર્ણવી પાપપ્રતિઘાત-ગુણબીજાધાનને વર્ણવતુ ૧લું સૂત્ર પૂર્ણ કર્યું ત્યા અંતે નમસ્કાર્યને નમી સર્વે સુખી થવાની મૈત્રી ભાવના કરી

## સૂત્ર–૨ 'સાધુધર્મની પરિભાવના'

(પૃ ૧૭૩) આમાં સાધુધર્મની પરિભાવના અર્થાત્ ભૂમિકારૂપ આત્મપરિણતિ ઘડવા–વિકસાવવા માટે અહિંસાદિના અણુવ્રતોના સ્વીકાર તથા પાલન માટે ચિતવન,

● (૧) અહિંસાદિ ધર્મગુણોનુ [1]**સ્વરૂપ અને** [2]**સહજસૌંદર્ય** હરિબળ–હેલાશેઠ–સુદર્શન–વકચૂળ આદિના દૃષ્ટાંતથી બતાવી, ગુણોની [3]**પરલોકાનુગામિતા** ને રાજા ગુણસેન, [4]**પરોપકારકારિતા** ને કુમારપાળ, અકબર, નીલુ–ધનંજય ચંડપ્રદ્યોત–પુત્રવધુ, [5]**પરમાર્થકારિતા** ને મેઘરથ, શ્રીકાન્ત ચોર, રાજુશેઠ, મણિકાન્ત દૃષ્ટાંતો વર્ણવ્યાં, પછી ● પૃ ૧૮૧ (૨) **ધર્મગુણોની** [1]**દુષ્કરતા** અને વંકચૂળ તથા [2]ભંગમાં દારુણતા–મહામોહજનકતા–દુર્લભતા ને કંડરીક વિવેચ્યા ● પૃ ૧૮૪ (૩) **અહિંસાદિ અણુવ્રતો** સહિત ૧૨ વ્રતનો સ્વીકાર કહી,

પૃ ૧૮૭ (૪) એનુ પાલન અને એ માટે તારક **જિનવચનનું સદા ગ્રહણ,** ભાવન તથા પારતંત્ર્ય બતાવ્યું. ભાવનમાં આશ્રવથી બચી સંવરનાં લક્ષ માટે ૩ દૃષ્ટાંત કહ્યાં પછી પૃ ૧૯૧ (૫) **જિનાજ્ઞા** એ મોહવિષનિવારક **પરમમંત્ર** છે, સર્વજ્ઞ જ દૃષ્ટા છે, વળી એ દ્વેષઠારક જળ હોવામા હરિભદ્રનુ દૃષ્ટાંત, એ ચિકિત્સાશાસ્ત્ર હોવામાં ઇંદ્રનાગ, સયતી, તથા એ કલ્પવૃક્ષ હોવાનું બતાવ્યુ, (પૃ ૧૯૪) વ્રત ઉપરાંત આજ્ઞાગ્રહણાદિ કેમ? એનું રહસ્ય, ૧૦૦ મણ સાકરનું સત્ત્વ લાખો મણ રેતીથી મિશ્રિતની જેમ અનંત સુખ કર્મરજથી મિશ્રિત હોવુ એને જીવની ઉધાઈ વર્ણવી

● (૬) **અકલ્યાણમિત્રનો ત્યાગ** કરવાનુ કહેતાં (પૃ, ૧૯૭) નદમણિયાર, મરીચિ અને કપિલ, કયવન્નો, જંબૂના કાકા જિનદાસનાં દૃષ્ટાંત કહી, માનવભવે જ ગુણ–મૂલ્યાકન દુર્ગુણ–અરુચિ સુલભ વર્ણવી, ● (૭) **લોકવિરુદ્ધ ત્યાગ** ફરમાવતા (પૃ. ૨૦૨) લોકસંકલેશત્યાગની સુંદર ભાવના બતાવી સંસારવનનો અધાપો, ને લોકવિરુદ્ધ–સેવનની ભયંકરતા દર્શાવી ● (૮) **કલ્યાણમિત્રનો સંપર્ક** (પૃ. ૨૧૦) જરૂરી

કહ્યો. મદનરેખાની કલ્યાણમિત્રતા કહી, જેમ અંધ-રોગી-નિર્ધન-ભયભીત ક્રમશઃ દોરનાર-વૈદ-શ્રીમંત-રક્ષકને સેવે, એમ કલ્યાણમિત્રને સેવવાનું વિસ્તારથી સ્પષ્ટ કર્યું. એમાં (પૃ ૨૧૪) ગોવિંદવિપ્રપત્ની ને પતિ આદિ, સુધર્મા ને જંબૂ, આચાર્ય ને ગુણસેન તથા જિનદાસ ને કંબલશંબલ બળદના દૃષ્ટાંત કહ્યાં સુખમા મહાબળ ને વિષયાંધમંત્રીઓ સામે કલ્યાણમિત્ર સુબુદ્ધિ, ને દુઃખમાં નાગકેતુને પૂર્વભવે શ્રાવકમિત્રે ઊંચે ચડાવ્યા, એ વર્ણવી કલ્યાણમિત્રના [1]આદર-[2]આજ્ઞાકાંક્ષિતા ને [3]સ્વીકાર કહી [4]આજ્ઞાવિરાધનાત્યાગ ને [5]આજ્ઞાપાલન જરૂરી કહ્યાં

(૮) **ધર્મગુણયોગ્ય આચાર ક્રિયા** (પૃ ૨૧૯) બતાવતાં વૈદ્યવાનરનું દૃષ્ટાંત કહ્યું **ત્રિવિધ અશુદ્ધ વ્યાપારોનો ત્યાગ** કહેતાં વિસ્તારથી (i) માનસિક અશુદ્ધિઓ દા ત મહારંભ-લોક-નિન્દ્ય-ક્લેશ-ખુનસ-પરપીડાદિનુ ચિંતન, દીનતા, અતિહર્ષ વજ્રબાહુના દૃષ્ટાંતથી, અભિનિવેશ વગેરે ત્યજવા કહ્યું એમ જિનાગમોક્તમાં સત્ચિંતન કરે; [2]ખોટા અભખરા ને અનર્થદંડના વિચારો નહિ, [3]દાનાદિસુકૃતો પાછળ મન બગાડે નહિ, [4]મૈત્રી આદિનુ ચિંતન, ૧૨ ભાવના સચ્ચરિત્રોનું સ્મરણ પાપભય વગેરે રાખે, એ કહ્યુ (ii) વાચિક અશુદ્ધિઓ (પૃ ૨૨૭) દા ત [1]અસત્યભાષણમા દોષો; નણંદ ને બે ભોજાઈ, [2]ઉત્સૂત્રભાષણમા ભવો સુધી જૈનધર્મથી દેશનિકાલ, [3]કર્કશવચન, [4]ચાડીચુગલી, [5]અસંબદ્ધપ્રલાપ વગેરે ત્યજવાનું કહી, હિત-મિતભાષા, માનવજીભને સરસ્વતી માતા તરીકે પિતા પરમેશ્વરનો જ યોગ વ્યાજબી, માતાપુત્રને કાંડાછેદ-શૂળી વગેરે વર્ણવ્યુ (iii) કાયિક અશુદ્ધિઓ (પૃ ૨૩૨) દા ત હિંસા-ચોરી-પરસ્ત્રીદર્શન-અનર્થદંડનો ત્યાગ સ્પષ્ટ કરતાં માકણમાર-કોન્ટ્રાક્ટર-રૂપસેન-લક્ષ્મણમારકદેવના દૃષ્ટાંત કહ્યા, ૪ પ્રકારે અનર્થદંડ વિવેચ્યા, જીવરક્ષાદિ સુકૃત ગણાવ્યા

(૧૦) **લાભોચિત દાન-ભોગ પરિવાર** (પૃ ૨૩૫) સ્પષ્ટતાથી સમજાવ્યા (૧૧) **પરિવારનો અસંતાપક વર્ણવી, મમત્વત્યાગ** પર લલિતાંગ-સ્વયંપ્રભા, યશોધરમાતા-પુત્ર ને મરુદેવવાના દૃષ્ટાંત બતાવ્યા,

મમતા એ કેમ સમાનતાની શત્રુ એ વિસ્તારી આર્દ્રકુમારને વર્ણવ્યા.

(૧૨) **સ્વાત્મનિરીક્ષણ** (પૃ ૨૪૪) વારંવાર કેમ કરવુ એ કહી અંગર્ષિનુ દૃષ્ટાંત અને સારભૂત મૂડીનુ ચિંતન કહ્યું, ધનધાન્યાદિ બહિરાભિપરૂપ વર્ણવ્યાં (૧૩) **વ્યવહાર-શુદ્ધિએ ભાવમંગળની** સિદ્ધિ, અર્જુનમાળી-સુદર્શનનુ દૃષ્ટાંત કહ્યું

(૧૪) **ધર્મજાગરિકા** (પૃ ૨૫૨) વિસ્તારથી વર્ણવતાં, કાળ પર ચિંતનમાં માનવકાળની ઓળખમા આવર્ત ઘટાડવા અન્યત્ર અલભ્યની સાધનાનો કાળ, હેય-ઉપાદેયવિવેકનો કાળ, જિનાદિ-પરાક્રમ-ચિંતન, શાસન-તત્ત્વ-આરાધના પર મનને વાસના-મોહ-કુવૃત્તિનાશનો કાળ, ૧૦ સંજ્ઞાનાશનો કાળ, સંયમ-સમાધિ-વિરાગ-ઉપશમ-ગુપ્તિનો કાળ, રસ-ઋદ્ધિ-શાતાત્યાગ કાળ, કષાય-સંજ્ઞા-દુર્ધ્યાન-વિકથાની ચોકડીઓના અંતનો કાળ, સર્વવિરતિકાળ વગેરે બતાવ્યા (૧૫) **વિષયાસારતા-મૃત્યુ પરંપરા પર ચિંતન** (પૃ ૨૬૩) બતાવતા નેમ-રાજુલ, ધનાજીનો ટોણો, દૃષ્ટાંતમા કહ્યા મૃત્યુની ભયજનકતા-સર્વાભાવકારિતા-અણધાર્યું આગમન અનિવાર્યતા, અને પરપગ બતાવતાં જનક-મંત્રીનુ દૃષ્ટાંત કહ્યું (૧૬) **ધર્મઔષધ પર ચિંતન** (પૃ ૨૬૮) બતાવતા બાળધર્મનૃપતું દૃષ્ટાંત કહ્યુ (૧૭) **ધર્મ અને તેના પ્રકાશક**-પાલક-પ્રરૂપક-પ્રવર્તકને નમસ્કાર કર્યો

(૧૮) **ધર્મપ્રણિધાનમાં** (પૃ ૨૭૧) સાધુધર્મની તીવ્ર આશંસા, કરવાનુ કહી નિર્મમ અ-પરસંતાપક, ને ભાવશુદ્ધિનો વર્ધક બનવાનું કહી બીજુ સૂત્ર પૂર્ણ કર્યુ

## સૂત્ર-૩. પ્રવ્રજ્યા ગ્રહણવિધિ

(પૃ ૨૭૫) આમા હવે પરિભાવના કરી તૈયાર થયેલો કેવી વિધિ કરી પ્રવ્રજ્યાગ્રહણ કરે તે બતાવે છે. (૧) **પરપીડા કર્યા વિના સ્વીકારનો પ્રયત્ન** કરે એમા ઈષ્ટહર્ષ-અનિષ્ટોદ્વેગ-કષાયવશતા સામે એનુ મહાસત્ત્વ, તત્ત્વાનુસારિતા અને સમ્યક્ત્વ-વ્રતાદિથી ભર્યુંભર્યું જીવન જોઈ માતા

પિતા સહેજે પ્રતિબુદ્ધ બન્યા હોય; નહિંતર ❀(૨) **માતાપિતાને આમ પ્રતિબોધ,**–(પૃ ૨૭૮) "સમુદાયસુકૃતથી ભાવી અવિયોગ, અંગારમર્દકાચાર્ય ને ૫૦૦ શિષ્ય, ❀(૩) **વૃક્ષે પંખીમેળા** જેવો યોગ : મનુષ્યાયુ સમુદ્રપતિત રત્નવત્, ❀(૪)**માનવજીવન સમુદ્રે જહાજ** (પૃ. ૨૮૧) શુદ્ધધર્મે નિયોજ્ય, છિદ્રપૂરક સંવર, જ્ઞાનસુકાની–તપપવન, અન્યભવો કેવા ? ❀(૫) **ક્ષણ દુર્લભ : સિદ્ધિ કેવી ?** ત્યાં કેવું સુખ ? હનુમાનજી, ❀(૬) **સંસાર કેવો ?** ચંચળ, વિહ્વળતાભર્યો, દુખાન્ત, હતું–નહતું કરનાર," વગેરે સમજાવી ❀(૭) **અનુગ્રહ–યાચના** કરી એમને તથા અન્યોને પ્રતિબોધે (પૃ. ૨૯૧)

❀(૮) માબાપ પ્રતિબોધ ન પામે તો એમની યથાશક્તિ **નિર્વાહચિંતા** કરી અનુજ્ઞા મેળવે (પૃ. ૨૯૩) અહીં પ્રસંગવશ 'શું માબાપ ધર્માદાનું ખાય,' 'ધન દેવામાં પાપ નહિ ?' એ પ્રશ્ન પર સેવા–કૃતજ્ઞતા–કરુણા બતાવી, કૃષ્ણ–ઢંઢેરો કહ્યો ❀(૯) અનુજ્ઞા ન મળ્યે નિર્માય રહી સ્વપ્નકથનાદિ **માયાપ્રયોગ** કરી અનુજ્ઞા મેળવે. પરિણામદૃષ્ટિએ આ અસત્ય નહિ એમેય ન માનતાં અસ્થાનગ્લાનના ઔષધાર્થ ત્યાગની જેમ માબાપને છોડી જઈ ચારિત્ર લે ❀(૧૦) **આ દૃષ્ટાંતનું સ્પષ્ટીકરણ ને પ્રસ્તુતમાં એની ઘટના** (પૃ. ૨૯૯) કરતાં સંસારવનમાં કર્મરોગ, જીવન કાળસહ, સમ્યક્ત્વાદિધર્મ–ઔષધ વિના અનેક મરણ, ઔષધ સંપાદનાર્થે ચારિત્રગમન વગેરે વર્ણવ્યું; ને સૂત્રકારે એ પણ કહ્યું કે માતાપિતાનો આ ત્યાગ એ અત્યાગ છે, ઉલ્ટું અત્યાગ યાને વળગીને બેસી રહે એ ત્યાગ છે આના પર, 'દીક્ષા જેવી પવિત્ર વસ્તુમાં તરછોડવું શોભે ?' એનો સચોટ ખુલાસો કર્યો મરુદેવા–હેમચંદ્રસૂરિ–વ્રજસ્વામીનાં દૃષ્ટાંત કહ્યાં ❀(૧૧) દુષ્પ્રતિકાર્ય માતાપિતાને ધર્મૌષધ–સંપાદન વીર પ્રભુના દૃષ્ટાંતથી વર્ણવ્યું (પૃ ૩૦૮)

❀(૧૨) **દીક્ષાસ્વીકારની ક્રિયાના અંગો** (પૃ ૩૧૦)માં ¹સુગુરુશરણ–²વીતરાગપૂજા–³મુનિભક્તિ–⁴કૃપણાદિદાન–⁵મુંડનાદિ આવશ્યક-

કરણ-[6]સત્ નિમિત્તશુકન-[7]વાસક્ષેપવાસિતતા-[8]મહાપ્રમોદશુદ્ધિ કરતો પ્રવ્રજ્યા સ્વીકારે એમ કહ્યું ગુરુની આવશ્યકતાના ૪ હેતુ, દેવ-ગુરુની પૂજાભક્તિ તથા દીનની કરુણાના હેતુ ને મુંડનાદિ દરેકના કારણ બતાવ્યાં ૮માંમા સિંહવત્ ગ્રહણ સિંહવત્ પાલનને કારણ કહ્યું પછી પ્રવ્રજ્યાનો મર્મ કહ્યો અને °(૧૩) **જિનાજ્ઞા** અવિરાધ્ય બતાવી ૩જુ સૂત્ર પૂર્ણ કર્યું

## સૂત્ર-૪-'પ્રવ્રજ્યા-પરિપાલન'

(પૃ ૩૧૭) °(૧) **વિધિફળ સત્ક્રિયા ભાવશુદ્ધિ-સત્ત્વ-અભ્રાન્તિ : ઈષ્ટસિદ્ધિ** બતાવતા નિર્દોષ ચારિત્રક્રિયાની પ્રેરણા, યોગા-વચક ક્રિયા-વચક, ભાવશુદ્ધિના બાધક તત્ત્વ, ચિત્તમાલિન્યના પ્રકાર, મહાસત્ત્વના અભાવે અનિષ્ટો ને શુદ્ધિ-સત્ત્વના ઉપાયો કહ્યા પછી (પૃ ૩૨૨) અ-વિપર્યાસ અભ્રાન્તતા ટાળવાના ઉપાયો કહી ભ્રાન્તિનાં રૂપકો વિસ્તારથી વિચાર્યા ગૌતમબુદ્ધ-અરણિક-આર્દ્રકુમાર-મેઘકુમારના દૃષ્ટાંત દીધાં (પૃ ૩૨૯થી) ભ્રાન્તિમા ઉપાયપ્રવૃત્તિ નહિ, ઉપાયાભાસ ફળજનક નહિ, પ્રાથમિક દશામા અવિધિયુક્ત શિક્ષાગ્રહણાદિ એ વ્યવહારથી ઉપાય, નિશ્ચયથી નહિ, વીતરાગતાનો નિશ્ચયથી ઉપાય **અસંગાનુષ્ઠાન;** પ્રીતિભક્તિ વચનાનુષ્ઠાન વ્યવહારનયથી જરૂરી, નિશ્ચયની સૂક્ષ્મ દૃષ્ટિ, અવિધિક્રિયાનુ મહત્ત્વ અને સાવધાની, અંતિમને જ કારણ માનતાં મહત્ત્વના ૩ પ્રશ્ન-સમાધાનમા વ્યવહારની ઉપયોગિતા, કાર્ય ન સાધે છતા કારણ, અને ફળજનક શુદ્ધિ પણ ઉપાયથી સાધ્ય, એ વર્ણવી ભવદેવના દૃષ્ટાંતે ઉપાયથી સિદ્ધિ કહી

°(૨) **સમભવ-ગ્રહત્યાગ-શિક્ષાગ્રહણ** (પૃ ૩૩૫) 'બતાવતાં ગુણ કે દોષમાં અનેક કક્ષાઓ;' આદર્શ-ઉદ્દેશ ઊંચો તો જ પ્રબળ વીર્યોલ્લાસ; 'સમભાવ અર્થે વિચારણા, સોનુ પૂર્વે શુ ? વજ્રસ્વામી ને રુક્મિણી, તથા ખંધકમુનિના દૃષ્ટાંત વગેરે કહ્યુ '**નિઅત્તગ્ગહદુક્ખ**'મા આગ્રહ-અગ્રહ -ગ્રહના ત્યાગ વિસ્તારથી વિચારતાં [1]કદાગ્રહથી પુણ્યોદય પોષાય,

સત્તત્ત્વ–સન્માર્ગ નહિ; જડસગવડ કરતાં ક્રિયા કિંમતી; સગવડમાલ પુણ્યનાણાં પ્રમાણે, કર્મગુલામને આગ્રહ–અભિમાન શા? કષાયોના આગ્રહમાં તણાય કે આગ્રહબુદ્ધિ, મિથ્યા કલ્પનાનો આગ્રહ ખોટોઃ જમાલિ, [૨]આગ્રહ–અવિવેકથી (પૃ ૨૪૦) દ્વિવિધ દુઃખ ચક્રરાજર્ષિ, ઉત્તરાધ્યયન–પાઠી મુનિ. [૩]ગ્રહ–પરિગ્રહ–પૂર્વગ્રહ–વ્યુદ્ગ્રહથી આવેઅયે દુઃખ, રત્નાકરસૂરિ; પૂર્વબદ્ધગ્રહ આર્યરક્ષિતસૂરિપિતા, વ્યુદ્ગ્રહ, સિદ્ધર્ષિદૃષ્ટાંત કહી પ્રશમસુખયુક્ત બનવા કહ્યું, જેમાં નમિરાજર્ષિ લીધા

[૪](૩) ગચ્છવાસ–ગુરુપ્રતિબદ્ધતા–વિનય–સદ્ભૂતદર્શનમાં (પૃ ૩૪૫) ગચ્છવાસના લાભ, તે વિના ૮ નુકસાનો; આષાઢાભૂતિ, ગુરુપ્રતિબદ્ધના લક્ષણ. ગુરુવિમુખને ૭ નુકસાન, ગુરુવિનયમાં ગૌતમસ્વામી, અવિનયના ૪ નુકશાન; ભૂતાર્થદર્શીમાં ભૂતાર્થ=( i ) 'ગુરુકુળવાસ જ તત્ત્વ,' ( ii ) તત્ત્વ–સત્ય–સત્–અકાલ્પનિક અતુચ્છ વાતવસ્તુ પર જ મુનિદૃષ્ટિ: અતત્ત્વભૂત મિથ્યાદર્શનમાન્યતાઓ–આહારવિષયાદિ જડ–વિજ્ઞાન સ્વાર્થસાધના–પાપસ્થાનકો–ઔદયિકયશ વગેરેને અવગણી તત્ત્વભૂત આત્મશુદ્ધિ–જ્ઞાનાદિપર્યાયવૃદ્ધિ–શુભધ્યાનસ્થૈર્ય–તપોવૃદ્ધિનુ જ લક્ષ, અતત્ત્વના અનર્થ વૈશ્રવણ–વાલી–અગ્નિદીપતાપસોની તત્ત્વદૃષ્ટિ વિચારી પછી કહ્યું [૫](૪) શુશ્રૂષાદિ–તત્ત્વઆગ્રહ–મંત્રવત્ સૂત્રાધ્યયનાદિમાં (પૃ ૩૫૭) બુદ્ધિના ૮ ગુણના ભાવ, તત્ત્વાભિનિવેશની જરૂરિઆત; એ વિના ૫ અનર્થ આનંદાદિ શ્રાવક. સુવ્રતમુનિ આદિને મંત્રવત્ સૂત્રાધ્યયન ... ... કર્યું તે ( i ) બહુલક્ષ બની (કેમકે જ્ઞાન તો પ્રવર્તક ઉપયોગી, નહિતર ૫ નુકશાન, ૫ પ્રકારનાં લક્ષ્ય;) અને (ii) ... ... [૬](૫) સમ્યગ્ નિયોગમાં (પૃ ૩૫૮) શિક્ષિત સૂત્રાર્થની ... પ્રાપ્તિ, સદ્યોગ, અધિકાર,ને વિનિયોગને સ્પષ્ટ કર્યા.

[૭](૬) અનાશાતના–આરાધનાયુક્તને માર્ગદેશનામાં (પૃ ૩૬૦) ... વિનાનો એ અનારાધક, એ ફળનો અનધિકારી, ... –બહુકર્મી એમ ત્રિવિધ; માર્ગદેશનાથી ક્રમશઃ ... ... આરાધક, ત્યારે માર્ગગામીને એ ત્રાસ નહિ, પણ

નિશ્ચિત આરાધનાપ્રારંભ, ભલે તીવ્ર શ્રદ્ધાવીર્યોપયોગાભાવે વિરાધના હોય, પણ જેમ કાંટાળા પણ સન્માર્ગગામીને ઇષ્ટ સ્થાન સન્મુખ જ પ્રયાણ છે વિરાધક માર્ગાનુસારી ૩ કક્ષાના, ક્રમશઃ એમને માર્ગદેશનાથી માર્ગનો અનાગ્રહ–પક્ષપાતયુક્તસ્વીકાર–અમલ થશે, વગેરે વર્ણવ્યુ

ⓒ(૭) **'સાપાય–નિરપાય સાધક : બાળરક્ષક પ્રવચનમાતા'માં** (પૃ ૩૬૬) સબીજ માર્ગગામીને મોક્ષપ્રયાણ અખંડ, નિરુપક્રમકર્મી–સોપક્રમકર્મી માર્ગગામી,, ૮ પ્રવચન–માતા, ૫ સમિતિ ૩ ગુપ્તિનુ સ્વરૂપ, અને [1]મુનિને દેવપરીક્ષા, [2]રુક્મિબોધક મુનિ, [3]ઢઢણ, [4]વલ્કલચીરી, [5]ધર્મરુચિ, [6]કુમારપાળ, [7]મેતારજ, [8]ગજસુકુમાલનાં દૃષ્ટાંત, છદ્મસ્થ–કેવળીના બાળ–પુખ્ત ચારિત્ર વગેરે વર્ણવ્યુ

ⓒ(૮) **આશ્વાસ–પ્રકાશ દ્વીપ–દીપમાં** (પૃ ૩૭૩) ચારિત્ર દ્વીપ અને જ્ઞાન દીવો, ઉદાયનરાજા, સિદ્ધસેન, દ્વીપ તરતા–ડૂબતા, દીપ સ્થિર-અસ્થિર, ક્ષાયોપશમિક એ અસ્થિર, ક્ષાયિક એ સ્થિર, દ્વીપ ને ચારિત્ર-દ્વીપ શુ કરે? ભવસાગરમાં ઊંચેનીચે થવાનુ, ઝવેરાત ખેરવિખેર, રાગ-દ્વેષ મગર, અમૃતાહાર–નાશ, દીપ ને જ્ઞાનદીપનો પ્રભાવ, ક્ષાયિકમાં જવા નવ્ય જીવનના ૯ ઉપાય,–[1]હેયત્યાગ–ઉપાદેયાદર સ્વભાવગત કરવા, [2]દોષઘૃણ, [3]અહિંસાદિની ભાવનાઓ, [4]સાધનામા બાહ્ય સામગ્રીને બદલે અંતરમાંથી પ્રેરણા, [5]બાધક સામે દૃઢતા, [6]પૂર્વપુરુષનાં પરાક્રમોનુ સ્મરણ, [7]ઉત્કૃષ્ટ આદર્શ–પ્રાપ્તિનુ લક્ષ, [8]વૈરાગ્યમૂલ્યાંકન–દૃઢતા, [9]વિરાગ-ઉપશમના મનોરથ, વગેરે વર્ણવ્યુ

ⓒ(૯) **અસંભ્રમ–અનુત્સુકતા-અસંસક્તારાધનામાં** (પૃ ૩૮૬) 'અસભ્રાન્ત–અનુત્સુક=[1]ફળભ્રાન્તિ–ઉત્સુકતા રહિત, (ધનકુટુંબાદિથી) [2]નિવૃત્તિમા ભ્રમરહિત, અને સત્પ્રવૃત્તિમાં અધીરાઈ વિનાનો, [3]અંતર્મુખ પ્રવૃત્તિમાં અભ્રાન્ત–વિશ્વસ્તદિલ, ને આહાર–વસતિ–પાત્રાદિમાં અનુત્સુક, અસંસક્ત=અસપત્ન (અન્યયોગથી અબાધ્ય) આરાધના; અન્યયોગથી સંસક્ત–મિશ્રિતમા ખેદાદિ ૮ દોષ, વગેરે કહ્યું ⓒ(૧૦) **ઉત્તરોત્તર યોગ-**

**સિદ્ધિ વિશોધનમાં** (પૃ ૩૮૯) સાધના આત્મ-વિકાસ વૃદ્ધિકર સાધે; વિષયકષાયવશતા ઘટતી આવે, ભાવશુદ્ધિમાં વૃદ્ધિ, સંયમ-તપચિકિત્સામાં અપીડિત, પ્રશમસુખ, પરીસહાદિમા અવ્યથા વર્ણવી ^(૧૧) **શરીરરોગ-ચિકિત્સાનું દૃષ્ટાંત** (પૃ ૩૯૩) વૈદ્યવચનથી દર્દજ્ઞાન, દર્દઘૃણા, ઔષધ-પ્રયોગ, સ્વેચ્છાચારનિરોધ, નિસ્સાર પથ્ય, આરોગ્યદર્શને ભાવવૃદ્ધિ, નસવેધક્ષાર-પ્રયોગે અવ્યાકુળ, શુભલેશ્ય, વૈદ્ય-બહુમાની; એમ ^(૧૧-અ) **કર્મરોગ-ચિકિત્સામાં** (પૃ ૩૯૬) સુગુરુ-વચનથી જન્માદિપીડાનુ જ્ઞાન ને ઘૃણા, ચારિત્રક્રિયા, પ્રમાદનિરોધ, અસાર શુદ્ધ આહાર, ઈષ્ટવિયોગાદિ-રૂપ વેદનાહ્રાસ-ચારિત્રારોગ્ય દર્શને શુભભાવવૃદ્ધિ, તન્મમત્વથી પરિસહા-દિમાં તત્ત્વસંવેદન શુભાશય-વિકાસ, ધર્મોપયોગથી પ્રશાત તેજોલેશ્યામાં પ્રગતિ વર્ણવી આમાં કરોળિયાનુ જાળુ, ૪ ગતિનાં દુઃખ, કર્મરોગનાશક આશ્રવ-સંવરાદિની મોટી યાદી, કર્મરોગ કાઢનારી ઊંચી હોસ્પિટલ સંયમજીવન, વગેરે બતાવી તૃષાતુર બાળમુનિનું દૃષ્ટાંત કહ્યુ

^(૧૨) **'ગુરુબહુમાનથી જ પરમગુરુસંયોગ. અબહુમાનથી સંસાર'માં** (પૃ ૪૦૪)-ગુરુની અસંગ નિઃસ્વાર્થ અને નિર્મોહ ભક્તિ, 'ગુરુને માને તે જ મને માને છે' એવી જિનાજ્ઞા, અબહુમાનવાળુ ચારિત્ર કુલટાના ઉપવાસ જેવુ, વિષાન્નવત્ સંસારવર્ધક ગુરુબહુમાન કલ્યાણધામ, (પૃ. ૪૦૮) વધતુ ગુરુમમત્વ દીર્ઘજીવી, પરમગુરુ-જિનસંયોગકારી, શુભોદયરૂપ ભવચિકિત્સક, શાલિભદ્રને પૂર્વભવનુ ગુરુમમત્વ ફળ્યુ, એની સર્વસુન્દરતા, પ્રશમનાં ૩ કારણ,-ગુણાનુકૂળ આત્મ-પરિણામ, પ્રગટ ગુણમાં વિશિષ્ટ ભાવોલ્લાસ, શાસ્ત્રબોધે વિવેકપ્રજ્ઞા; દા ત તીર્થદર્શન-ગુરુશ્રવણે આ ત્રણ; માષતુષ મુનિ, ૧૨ માસમા ક્રમશ· તેજોલેશ્યાવૃદ્ધિ, તે વ્યંતરલેશ્યાથી માંડી અનુત્તરદેવલેશ્યાને લંઘે, અનાદિ કૃષ્ણ મટી શુક્લ બનવાના ૫ ઉપાય,- (પૃ ૪૧૪) [૧]અહિંસાદિવ્રત અખંડ, [૨]અમાત્સર્ય [૩]કૃતજ્ઞતા, [૪]શાસ્ત્રાદિ સત્પ્રવૃત્તિ, [૫]હિતાનુબન્ધી પ્રયત્ન; હિતાનુબન્ધના ૫ માર્ગ,- [૧]નિરાશંસ-[૨]નિરતિચારપાલન-[૩]વૈરાગ્ય-[૪]મૈત્રીઆદિ-[૫]જિનવચન પુરસ્કરણ, વગેરે દર્શાવ્યું

☞(૧૩) **'લોકસંજ્ઞાત્યાગ-પ્રતિશ્રોતગમન'માં** (પૃ ૪૧૬) કર્માનુબંધવિચ્છેદ, શુક્લવિરોધી ગુણોથી કૃષ્ણદશા, ભવાભિનંદીની ક્રિયા પર પ્રીતિ ત્યજી લોકહેરી-વિજય તથા પ્રતિશ્રોતગમન યાને ઈન્દ્રિય-મનને અનુકૂળ ભૌતિક ઉન્નતિ ને ૧૮ પાપસ્થાનક ન સેવવામાં હોંશ-હોશિયારી-ઉદ્યમ, ને લૌકિકભિન્ન લોકોત્તર યોગરક્તતાથી યોગીપણુ કહ્યુ. ☞(૧૪) **'ચારિત્રફળ : ચરમભવસંધાન'માં** (પૃ ૪૧૯) મોક્ષગમનભવનું સંધાન કરી આપે તેવા અસંક્લિષ્ટ ભોગપુણ્ય; ભોગક્રિયાનું સાચું સ્વરૂપ સ્વાત્મસંક્લેશ-પરપરિતાપરાહિત્ય, ધર્મફળ 'ભોગ' એ સાધ્ય નહિ પણ અનિવાર્ય છે,...વગેરે વર્ણવ્યું

☞(૧૫) **'સમ્યગ્જ્ઞાન-ક્રિયા : પ્રવર્તક ભાવ'માં** (પૃ ૪૨૨) એનું સ્વરૂપ, વિશુદ્ધભાવથી શુભાનુબંધ, એ માટે અનુચિતત્યાગ; જ્ઞાનદશાની ભૂમિકા કડક, એનો પ્રવર્તક છે ભાવ; વસ્તુસમજની પરિણતિ એ પાંડિત્ય, સાધનાના સમ્યગ્ ઉપાય, અશુભોદય છતાં વિઘ્ન કેમ નહિ? ☞(૧૬) **'સત્ક્રિયાનું ફળ અને વિશેષતાઓ'માં** (પૃ ૪૨૭) પ્રગતિનાં રૂપક,-[1]સુશોભનયોગ, [2]નિષ્કલંકસાધના; અને [3]કુક્રિયા-સદોષસુક્રિયા-મલિનઆશય, એ ત્રણથી મોક્ષ અસાધ્ય, [4]ઉત્તરોત્તર શુભ યોગધારા અખંડ, [5]પરાર્થ-સાધના પરાર્થ-સત્યાર્થ ? કે સત્ત્વાર્થ ? અન્યમાં બીજબીજાદિ સ્થાપન; પરાર્થ સાનુબંધ બે રીતે (પૃ ૪૩૨) પરાર્થ સાધકની વિશેષતાઓ, -[1]કર્તૃવીર્યાદિ, [2]અમોઘશુભપ્રવૃત્તિ, [3]સમંત-ભદ્રતા, [4]સત્પ્રણિધાનાદિજનન, [5]મોહતિમિર-રાગરોગ-દ્વેષાનલવારણ, [6]સંવેગસાધકતા ☞(૧૭ **'વધતો સંવેગ · ચરમભવ'માં** 'વધતો' કેવી રીતે ? સિદ્ધ-બુદ્ધ-મુક્ત- પરિનિર્વૃત બે રીતે, . વગેરે વર્ણવ્યુ

## સૂત્ર-૫. 'પ્રવ્રજ્યાફળસૂત્ર'

(પૃ ૪-૯) ☞'**મોક્ષસ્વરૂપ'માં,** પરમાત્મભાવ પામેલાની વિશેષતાઓ, વિશ્વદર્શન એ ક્રિયા નહિ, સંસારની ૯ દુર્દશા. ☞(૨) **'અસાંયોગિક સ્થિતિનું મહત્ત્વ અને રહસ્ય'માં** (પૃ.૪૪૩) સંયોગ

સુખમા ટેવાયેલો કેમ એ ન સમજે? 'સિદ્ધને આકાશસંયોગ કેમ નહિ? એક સત્ એ અન્યસત્ કે અસત્ ન થાય, સાપેક્ષદશામાં નિરાત નહિ, સિદ્ધસુખ અનુપમ, ❁(૩) **'સિદ્ધસુખનું દૃષ્ટાંત-વિભાષા-અચિંત્યતા'**-(પૃ ૪૫૦) ❁(૪) **'ભાવશત્રુ-ભાવરોગ-પરમઅર્થ અને અનિચ્છા'માં** અનંતસુખ કેમ? કર્મરોગ, અનિચ્છાની ઈચ્છા કેમ મહત્ત્વની? ❁(૫) **તથાભવ્યત્વ વિચિત્ર શાથી?** (પૃ ૪૫૬), ❁(૬) **'અનેકાંતવાદથી જ તત્ત્વવ્યવસ્થા'** (પૃ ૪૫૭), એકાન્તવાદ મિથ્યાવાદ, 'ભવ્ય-કોણ?' મોક્ષ કે જીવ? ❁(૭) **અબદ્ધને મુક્તિ નહિ'માં** (પૃ ૪૬૦) સાંખ્યમત 'અનાદિ અબદ્ધ જીવ મુક્ત થાય'નુ ખંડન, અરૂપી જીવને બંધ કેમ? જાતને મલિન જ કરવાની મૂર્ખતાનો ધંધો, અનાદિ બંધપ્રવાહ ❁(૮) **અનાદિ કર્મસંયોગનો નાશ ક્યાંથી પામે?** (પૃ ૪૬૪) સુવર્ણ માટીનું દૃષ્ટાંત'

'દિદૃક્ષા યાને પ્રકૃતિદર્શનની ઈચ્છા પછી બંધપ્રવાહ ચાલુ'ની ને 'અબદ્ધ અને બદ્ધમુક્તમાં ભેદને લીધે ફરી બંધ નહિ'ની સાંખ્યમાન્યતાનું ખંડન (પૃ ૪૬૫), સર્વથા અજ્ઞાતની દિદૃક્ષા નહિ, 'અહેતુક દિદૃક્ષા શાશ્વત'ની આપત્તિ, દિદૃક્ષા ભવ્યત્વ તુલ્ય નથી ❁(૯) **બંધ-મોક્ષ એ પરિણામવિશેષ છે.** (પૃ ૪૭૧), પર્યાયનયથી વિચારણા, બૌદ્ધમત 'અત્યંત ક્ષણોચ્છેદ મોક્ષ'નું ખંડન, 'સત્ જો અસત્ થાય, તો અસત્ ઉત્પન્ન થાય'ની આપત્તિ (પૃ ૪૭૪), નિરાધારતા-અનન્વયની આપત્તિ (પૃ ૪૭૭), નિયોગ અપ્રામાણિક

❁(૧૦) **સિદ્ધનું સુખ, સ્થાન, ગતિ** - મોક્ષ અંગે દાર્શનિક સાંખ્ય-વેદાન્તી બૌદ્ધ-પાશ્ચાત્ય-અવતારવાદીની માન્યતાઓની સમીક્ષા (પૃ ૪૮૨) સિદ્ધોનું સુખ અવિનશ્વર, સ્થાન સિદ્ધશિલા, ત્યાં ગમન સહજ પુનર્પતન નહિ ❁(૧૧) ભવ્યોનો કદી ઉચ્છેદ નહિ (પૃ ૪૮૬) એમાં દલીલ અને શાસ્ત્રપ્રમાણ ભવ્ય જાતિભવ્ય-અભવ્ય (પૃ ૪૮૯) ❁(૧૨) વ્યવહાર એ તત્ત્વનું અંગ (પૃ ૪૯૨), એનાં ૩ કારણ, દાખલા ❁(૧૩) જિનાજ્ઞા સમંતભદ્રા (પૃ ૪૯૭), ત્રિપરીક્ષાશુદ્ધ-માર્ગાભિમુખ-માર્ગપતિત

–પરિણતિજ્ઞાન (પૃ ૫૦૦), આજ્ઞાપ્રિયતા–ઔચિત્ય, સવેગ ૬(૧૪) અપાત્રને જિનાજ્ઞા ન દેવામા કરુણા (પૃ ૫૦૩),–તારક જિનાજ્ઞા અયોગ્યને કેમ વધુ નુકશાનકારક ?–આજ્ઞાનુ પરિણમન–અતિમ નમસ્કાર અને અભિલાષા —આ રીતે આ ગ્રંથવિવેચનનો ટૂક ખ્યાલ અપાયો.

કહેતા ખેદ થાય છે, કે આવા ચમત્કારી અને કલ્પનાતીત વિદ્વત્તાથી સપન્ન મહર્ષિને વિવેચનમા કલ્પિત ભૂલ બતાવવાનું, તથા વધુ ઠીક અર્થ બતાવવા એમના કેટલાક અર્થને અઠીક ઠરાવવાનુ અને પોતાના અનુવાદ પ્રયાસમા ઢગલાબધ ક્ષતિઓ કરવાનુ એક આધુનિક પ્રોફેસર ઉપાધ્યેએ (રાજારામ કોલેજ, કોલ્હાપુર) સાહસ કર્યું છે પ્રસંગવશાત્ એમના અગ્રેજી ટિપ્પણ–અનુવાદને જોતા આ એમનો ગભીર અન્યાય ખ્યાલમાં આવ્યો છે તેથી એના પર અહી ટૂકી સમીક્ષા કરવામા આવે છે

(૧) અરુહ શબ્દ એ જેમ સસ્કૃત ‘અર્હ’ શબ્દનુ તદ્ભવ રૂપ છે તેમ **સં૦** અરુહ શબ્દનુ તત્સમરૂપ છે ટીકાકારે શ્રી અરિહત પ્રભુની એક વધુ વિશેષતા શિષ્યને બતાવવા માટે આ ‘તત્સમ’ શબ્દ લીધો છે અહીં પ્રોફેસર ‘તદ્ભવ’નો આગ્રહ રાખી, તત્સમને ભૂલ કહેવાનુ અજ્ઞાન સાહસ કરી, ઉલટું પોતાની જ તત્સમની અજ્ઞાનતા સૂચવે છે

(૨) ‘તસ્સ પુણ વિવાગ સાહણાણિ’ અહી ‘વિવાગ’ શબ્દની રૂએ ‘તસ્સ’ શબ્દનો ટીકાએ કરેલ અર્થ અયોગ્ય માની ‘પાપકર્મની’ એ અર્થ કરવા જતા પ્રો૦એ ભૂલી ગયા કે જૈનદર્શનમા ભવપરિણતિનો પરિપાક કાળનો પરિપાક, ભવ્યત્વનો પરિપાક વગેરે ઉલ્લેખો ખૂબ આવે છે, અને વિપાક એ પરિપાક છે ભવ્યત્વ એ મોક્ષબીજ હોવાથી એનો વિપાક થવો આવશ્યક છે તેથી તસ્સનો અર્થ ‘ભવ્યત્વનો’ એવો થાય છે બીજુ, પાપકર્મનો વિપાક તો પાપકર્મના સ્થિતિકાળ પાકવા ઉપર નિર્ભર છે વળી, પાપકર્મ અનેક છે તેથી તે લેવા હોત તો ‘તસ્સ’ એવુ એકવચન રૂપ નહિ મુકત પ્રો૦ પોતે જ પહેલાં ‘પાવકમ્મ વિગમાઓ’ ને અર્થ કરતાં પાપકર્મો એવુ બહુવચનરૂપ લીધું છે તો પછી

તેના સર્વનામ તરીકે '**तस्स**' એવું એકવચન રૂપ કેમ લેવાય ?'

(૩) જૈન ધર્મમાં અતિપ્રસિદ્ધ '**मिच्छामि दुक्कडं**'નો અર્થ '**मिथ्या मे दुष्कृतम्**'–મારૂં દુષ્કૃત્ય મિથ્યા થાઓ' એવો આવે છે, તે ઉચિત છે કેમકે એથી 'દુષ્કૃત્ય પર મારો કોઈ પણ રુચિભાવ ન રહો એ દુષ્ટભાવને હુ દુગછું છુ, એને વોસિરાવું છું,' એ સૂચવવુ છે આ માટે જે આવશ્યકતાઓ છે, તેનુ નિર્યુક્તિકાર પ્રત્યેક અક્ષર લઈ પ્રતિ–પાદન કરે છે, કે '**मि**' મૃદુતા માટે છે, '**च्छा**' છાદન માટે છે,... વગેરે પ્રો૦ આ તાત્ત્વિક ગભીર ભાવો ઉવેખી, ઉપલકથી '**मा इच्छामि दुक्कडं**' લેવા ગયા છે, જેને જૈન પ્રણાલિકાનો પણ ટેકો નથી વળી એનો અર્થ તો માત્ર એટલો જ થાય કે 'હુ વર્તમાનમા દુષ્કૃત્ય ઇચ્છતો નથી,' નહિ કે 'મારૂ પૂર્વનુ દુષ્કૃત્ય પશ્ચાત્તાપ–પ્રાયશ્ચિતથી મિથ્યા થાઓ' વળી 'ઇચ્છામિ સુક્કડ' ની સામે એને મૂકતા, એ ભૂલી ગયા કે સુકૃત તો નવા ઇચ્છવાના છે, તેથી એની હરોળમાં 'દુષ્કૃત નવા નથી ઇચ્છતો' એવો અર્થ થાત, પણ તેથી ભૂતકાળના દુષ્કૃત્યોનુ શું ? અહીં તો અતીતના અનુબધ તોડવાના છે

(૪) યુનિવર્સિટિને માન્ય પ્રોફેસર પ્રાકૃત **अणुसट्ठि** શબ્દને સ૦ **अनुशास्ति** અને **अनुशिष्टि** વચ્ચેના ગોટાળાનુ પરિણામ કહેતા એ સમજવુ ચૂક્યા કે **अनुशिष्टि**નુ પ્રાકૃત રુપ તો **अणुसिट्ठि** થાય

(૫) '**कडगवद्धे व्व विसे**'નો નવો અર્થ લગાવતા પ્રો૦ એ સમજવુ ભૂલ્યા કે પાપના અનુબધ દુશ્મન જેવા નહિ પણ ઝેર જેવા છે કેમકે દુશ્મનને **कटकवद्धे** કહેવા કરતા **रज्जुवद्धे** કે એવુ કાઈક કહેત **अप्पफले** ન કહેતાં, **अप्पलाभे** કહેત. ફલનો અર્થ તો બીજા દર્શનમતે પણ કાર્ય, પરિણામ એવો થાય, પણ લાભ નહિ બીજુ, દુશ્મન જેવા અશુભના અનુબધને બીજે ક્યાંય લઈ જવાનુ નથી કે જેથી '**सुसापनेज्ज**' કહેવાની જરૂર રહે ખરી રીતે **अप+नी**નો અર્થ દૂર કરવુ એવો થાય, જે ઝેરને બરાબર લાગુ થાય. તેમજ, **अपुनर्भाव** એ પણ ઝેરને જ સંગત થાય, કેમકે મંત્રાદિથી ઝેર ઉતારી નાખ્યા પછી ફરી

એ ઝેરરૂપ થતું નથી. 'શત્રુને બેડીથી બાંધી, પછી એ ફરી શત્રુરૂપ થતો નથી,' એવું શત્રુ તો એકલા આ સાક્ષર પ્રોફેસર કહી શકે! બાકી ઝેરમાં તેવુ કહી શકાય

(૬) સૂત્ર બીજાના ટીપ્પણમાં,—ટીકાકારે લીધેલા **स्थूल**ને બદલે **स्थूर** શબ્દને પ્રોફેસરે 'તદ્દન જુદા અર્થવાળો છે,' એમ અદ્ધર આક્ષેપ કર્યો. વસ્તુતઃ એ બીજેય આવે છે વળી, ર'લ'નુ ઐક્ય પણ ગણાય છે

(૭) 'તિગિચ્છા સત્થ નો નવો અર્થ ચિકિત્સાશસ્ત્ર એટલે વાઢકાપનુ' શસ્ત્ર કરી વિદ્વત્તાનુ પ્રદર્શન કરવામાં પ્રો એટલું જોવુ ચૂકયા કે આ વિશેષણ આજ્ઞાનુ છે આજ્ઞા એટલે જિનઆગમ. એને શસ્ત્ર નહિ, પણ શાસ્ત્ર કહેવું ઉચિત છે, જેમા કર્મવ્યાધિની ચિકિત્સા ઉપદેશી છે

(૮) **अनुकम्पापर**ની આગળ '**सन्**' ઉમેરવાનુ સૂચવતાં પ્રો એ ન સમજ્યા કે લોકવિરુદ્ધને જે તજે છે તે વર્તમાનમાં અનુકંપાવાળો બનીને નહિ, કિંતુ અહિંસાદિ વ્રતો લીધા હોઈને અનુકંપાવાળો પૂર્વેથી જ બની ચૂકયો છે તેથી' '**सन्**' તો વર્તમાનકાળ સૂચવે છે, તો પછી જો વર્તમાનમા અનુકંપાવાળો બનતો હોય તો વ્રત લીધેલા ભૂતકાળમા અનુકંપા કયા રહી? માટે પ્રો. નો **सन्**નો અધ્યાહાર ખોટો છે

(૯) '**नानिबद्ध**'માં **ना** અને **निबद्ध**' એમ પદચ્છેદ સમજી પ્રો ભૂલ કાઢતા પહેલા સમજવુ ઘટે કે આ સમર્થ શાસ્ત્રપિતા તો સંધિ કરીને લખે છે, તેથી **न+अनिबद्धं=नानिबद्धं** એવો જ ભાવ છે નહિતર નિષેધ માટે કોઈ સ્થાને '**ना**' પદ ન લખનાર ગ્રંથકાર અહિ કેમ લખે?

(૧૦) સૂત્ર ત્રીજાના ટિપ્પણમાં—'**उवहिजुत्ते**'માં 'ઉપધિ' એટલે કે માયા લેવી છે, ત્યા 'ઉપાધિ' એટલે કે સાંસારિક આસક્તિ એવો પ્રો નો નવો અર્થ યોગ્ય નથી કેમકે એમ કોઈ મુમુક્ષુ સાંસારિક આસક્તિવાળો બને, તેથી કાંઈ મોહાંધ માબાપ રજા આપે, એ ન બને એ તો નિમિત્તજ્યોતિષ કથન વગેરે કાંઈ ઊભુ કરે, અને તેથી પેલા રજા આપે તો આપે, એવો સંભવ છે વળી અહિં **उवाहि** શબ્દ પણ નથી, કિંતુ **उवहि** શબ્દ છે

(૧૧) '**नगच इत्थ नाय**''માં 'નાય'નો અર્થ ન્યાય એવો ખોટો અર્થ પ્રો કર્યો છે કેમકે 'અજાગલસ્તનન્યાય,' અર્ધજરતીયન્યાય' વગેરે પ્રસિદ્ધ ન્યાયોમાં 'ભગવાન ઈહિ' એવો ન્યાય નથી આવતો તેથી 'નાય'નો અર્થ જ્ઞાત=દૃષ્ટાંત એ જ બરાબર છે. એવો અર્થ લઈને તો આખુ જ્ઞાતાધ્યયન છે, 'નાયજ્ઝયણ' છે તે 'દૃષ્ટાંતોનાં અધ્યયન' અર્થમાં છે, પણ નહિ કે 'ન્યાયોનુ અધ્યયન' એ અર્થમા

(૧૨) '**कालसहाणि**'મા પ્રો કાલનો અર્થ મૃત્યુ લે છે તે ખોટો છે કેમકે અહી એ સૂચવવુ છે કે 'માતાપિતા હજી કાળને સહે એવા છે અર્થાત્ જીવે એવા છે, એવુ વ્યવહારથી લાગે છે તે દરમિયાન જો ઔષધ લાવીને આપુ, તો એ બચી જવા સભવ છે.' હવે 'મૃત્યુ સહિત છે,' એવો અર્થ કરવાથી તો ઊલટુ એમ થાય, કે દવા લાવુ તોય મરી જવાના છે, માટે એમને છોડીને ઔષધ લેવા જવામાય શી વિશેષતા રહી ? ઔષધ લેવા જાય પણ એ હજી કાળ કાઢે તેમ ન હોય તો શું કામનુ ? તેથી 'કાલસહાણિ' કહ્યુ ઔષધ લાવી બચાવવાની ધગશવાળાને એ વિચારવાનુ ક્યાથી હોય કે માબાપ અંતે તો મરવાના છે ? બીજુ 'સહ'નો અર્થ 'સહિત' કર્યો તેય ખોટો એ અર્થ માટે તો **सहकालाणि** એવુ પદ રાખ્યુ હોત, નહિ કે **कालसहाणि** નિશાળનો સસ્કૃતનો વિદ્યાર્થી પણ આટલું તો જાણતો હોય છે, ત્યારે ક્લાસીકલ લિટરેચરના આ વિદ્વાને કેમ વિચાર ન કર્યો ? ઉપરાંત એમણે '**ववहारओ**' પદ પણ ઊધુ લગાડી એમ અર્થ કર્યો કે 'મરણ તો વ્યવહારથી છે, પણ નિશ્ચયથી નહિ' એનો સાચો ભાવ એ છે કે વ્યવહારથી (સ્થિતિ જોતાં લાગે છે કે) એ કાલસહ છે, અર્થાત્ કેટલોક કાળ કાઢે તેમ લાગે છે. કેમકે ટીકામા લખ્યુ છે કે '**तथाजीवनसंभवात्–निश्चयतस्तु न।**' વ્યવહારથી જીવવુ સંભવે છે, પણ નિશ્ચયથી ન કહી શકાય કે એટલુ આયુષ્ય છે જ કાલપદને આયુષ્યકાળને બદલે મરણ એવો ઊંધો અર્થ પ્રો. લીધો, તેથી પછી કેટલાય બીજા ખોટા અર્થની કલ્પનામા ઊતરવું પડ્યુ ! અહિં 'તથાજીવનસભવાત્'નો અર્થ 'મરણ સભવે છે. પણ

નિશ્ચયથી મરણ નથી સંભવતુ, એવો અર્થ તો પ્રો૦ કરી શકે! ન્યાય-વાર્તિકમાં 'વિચારાસહત્વ' શબ્દ આવે છે આયુર્વેદ શાસ્ત્રમા વનસ્પતિ માટે 'કાલસહ' 'અકાલસહ' કહે છે-

(૧૩) શુક્લપાક્ષિકની વિચારણામા ચન્દ્રકલાની કલ્પના પણ અસ્થાને છે કેમકે શુક્લપાક્ષિકમા શુક્લપક્ષ એટલે શુક્લમત અર્થાત્ ક્રિયાવાદ (અસ્તિત્વવાદ) લેવાનો છે. એટલે કે આત્મા-કર્મ-મોક્ષ વગેરેના અસ્તિત્વને યથાસ્થિત માને તે ક્રિયાવાદી, શુક્લપાક્ષિક ગણાય અને એ ન માને તે નાસ્તિત્વવાદી, વૈનયિકવાદી વગેરે અક્રિયાવાદી, તે કૃષ્ણપાક્ષિક ગણાય આ જૈન આગમોની માન્યતા છે (જુઓ શ્રી યશો વિ. કૃત ધર્મપરીક્ષા) આમા ક્રમસર તેજ વધવા ઘટવા રૂપ ચન્દ્રના શુક્લપક્ષ કૃષ્ણપક્ષ જેવી કલ્પના સગત નથી નહિતર કૃષ્ણ૦સદા વધારે મ્લાન થતો જાય!

(૧૪) 'વિભાપા'મા પ્રો૦નુ નવુ અવતરણ 'દ્વિભાપા'એ અસગત છે 'द्वार'નો ભલે પ્રાકૃતમા 'वार' આદેશ થાય, પણ 'द्वि'નો તો 'दु'જ આદેશ થાય છે જેમ કે 'द्विविध'નુ દુવિહ થાય, પણ વિવિહં નહિ દ્વિગુણનું 'વિગુણ' નહિ પણ 'દુગુણ' થાય. દ્વીપનું 'વીવ' નહિ, પણ 'દીવ' થાય છે તેમ અહિ પણ द्विभाषा લેવુ હોત તો દુભાપા કહેત, નહિ કે વિભાસા વિભાસાનો અર્થ તો વિભાપા જ થાય

(૧૫) 'સુપ્પઉત્તાવસ્સય'ના અર્થમા પ્રો સામાયિકાદિ છ આવશ્યક લે છે, તે ખોટું છે કેમકે સામાયિકાદિનો સારો અભ્યાસ તો પ્રવ્રજ્યા લીધા પછી કરશે, અહિ તો આવશ્યક તરીકે લોકોત્તર પ્રવ્રજ્યા-ધર્મ સ્વીકારવા માટે સારી રીતે યોજેલ સાધુવેષનુ ધારણ વગેરે જે અવશ્ય કર્તવ્યો, તે લેવાના છે બીજુ એ, કે એ માટે તો 'સુઅબ્ભત્થ' જેવુ કાઈક કહેત અહિ 'સુપઉત્ત' કહ્યુ છે, તે પ્રો કેમ ભૂલે છે?

(૧૬) સૂત્ર ચોથામાં 'ઉપાય એ ઉપેય (કાર્ય)નો સાધક જ હોય છે, નહિતર અતિપ્રસગ આવે' એની સમજુતીના ટીપ્પણમાં જે If Anything else can fruitully function for them...વગેરે લખ્યુ', એટલે કે, આ ઉપાયને બદલે બીજા કોઈથી કાર્ય નીપજે, તો આવા કાર્યકારણભાવનો નિયમ ભાગે' વગેરે લખ્યુ', તે સૂત્રકારના આશય સાથે તદ્દન અસંગત છે ગ્રંથકારને 'બીજાથી જો કાર્ય સીઝે,' એવુ નથી કહેવુ', પણ એમ કહેવુ છે કે 'આ ઉપાયથી પણ કાર્ય ન સીઝવા છતા જો એ કારણ તરીકે ગણાય, તો પછી જે ત્રાહિત બીજાઓથી પ્રસ્તુત કાર્ય નથી સીઝતા, એ પણ પ્રસ્તુત પ્રત્યે કારણ તરીકે ગણાવાનો પ્રસગ કેમ ન ઊભો થાય? આનુ નામ અતિપ્રસંગ' આના બદલે પ્રો 'જેને ઉપાય તરીકે ન કહી શકાય એ પણ જો કાર્ય સાધે, તો ગમે તે અન્ય પણ કેમ કાર્ય ન સાધે? અતિપ્રસગ છે' એવુ અસગત જે કહે છે, તે 'અપ્રસગ-અતિપ્રસગ (અવ્યાપ્તિ-અતિવ્યાપ્તિ)નુ' અજ્ઞાન સૂચવે છે એથી જ લાગે છે કે ટીકાની વ્યવહાર-વિચ્છેદ અને નિશ્ચયમત વગેરે કેટલીક તાત્ત્વિક વાતો ન સમજવાથી એમણે ઠીક જ ચર્ચી નથી

(૧૭) 'નિઅત્તગ્ગહદુક્ખે'માં પ્રો વધારે ઠીક અર્થ તરીકે 'ગૃહદુઃખથી એટલે સસાર-દુઃખથી નિવૃત્ત' એવો કરવા જતા એ ભૂલ્યા કે પ્રાકૃતમા ગૃહનુ 'ગેહ કે ગિહ' થાય અહિં તો 'ગ્ગહ' શબ્દ છે તેમા જે 'ગ્ગ' સયુક્ત છે, તે સયુક્ત અક્ષર 'ગ્ર'ને સૂચવે છે તેથી ટીકાકાર મહર્ષિએ કરેલું નિવૃત્તાગ્રહ-દુઃખ ( निवृत्त+आग्रहदुःख, निवृत्त+अग्रहदुःख ) એવુ જ અવતરણ સાચુ છે

(૧૮) 'આયત' શબ્દ 'મોક્ષ' અર્થમા ચાલુ સાહિત્યમા નથી વાપરેલો, એમ કહી પ્રો શુ કહેવા માગે છે? જૈનસૂત્રોમાં 'આયત' શબ્દ 'મોક્ષ' અર્થમા સારી રીતે વપરાયેલો છે, ને તે વ્યુત્પત્તિસિદ્ધ છે

(૧૯) 'અનિયોગ'નો અર્થ 'દુરુપયોગ' કર્યો તે યોગ્ય નથી હજી દુર્નિયોગનો એ અર્થ થાત અહિ તો અનધિકાર અર્થ યોગ્ય છે

(૨૦) 'અત્થહેઉ'મા તો પ્રો૦ ખૂબ જ ચૂકયા કેમકે ખરી રીતે આ વિરાધના- અનારાધનાનું પ્રકરણ એ સમજી શકયા નથી. આ પ્રકરણની સમજ રહસ્ય સાથે આ વિવેચન-ગ્રંથમા વિસ્તારથી આપવામા આવી છે એ પરથી સમજાશે કે સૂત્રકાર બે વિભાગ કરે છે, એક માર્ગોલ્લંઘી અને બીજો માર્ગગામી એમા માર્ગગામીને પણ સ્ખલના (વિરાધના) ન જ સંભવે એમ નહિ, સભવે ખરી કેમકે એ છદ્મસ્થ છે પણ એની સ્ખલના અનર્થહેતુ નહિ પણ 'અર્થહેતુ' ઇષ્ટનો હેતુ હોય છે; કેમકે એણે માર્ગ તરફ ચોક્કસ પ્રયાણ આરંભ્યુ છે હવે અહિ પ્રો૦ 'અર્થ-હેતુ'મા અર્થનો અર્થ 'શબ્દની સમજ' એવો કરે છે, એ કેટલુ બધુ બેહુદુ છે! કેમકે માર્ગોલ્લંઘીને પણ એવો સૂત્રાર્થ એ પ્રયોજન તરીકે તો હોય છે વળી પ્રો૦ મૂળ સૂત્રમાનુ 'ન એસા મગ્ગગામિણો વિરાહણા અણત્થમુહા' એ અંશને ઉપરના ફકરામા લીધો અને પછી જુદા ફકરામા 'અત્થહેઉ' લીધુ, એ કેવુ અજ્ઞાનતાભર્યું ? વસ્તુત: કહેવુ તો એ છે કે માર્ગગામીની વિરાધના તો (ઉન્માર્ગી જેવી) અનર્થમુખી નથી બનતી પણ અર્થ (ઇષ્ટ મોક્ષ)નો હેતુ બને છે. પ્રો૦ ને આ નહિ સમજવાનુ કારણ એ છે કે અહિ '**मग्गगामिणो एसा विराहणा**' ઉદ્દેશ્ય છે અને '**न अणत्थमुहा**' એ એક વિધેય પદ છે, તથા '**अत्थहेउ**' એ બીજુ વિધેય પદ છે એ ઉદ્દેશ્ય-વિધેય સમજાયા નથી. તેથી ટિપ્પણમા '**एसा विराधना**'માથી '**अविराधना**' એવું ખોટુ નિષેધ પદ પણ ખેંચે છે

(૨૧) વળી 'મગ્ગદેસણાએ અણભિનિવેસો'ને પણ પ્રો૦ ખોટુ લગાવે છે અનભિનિવેશનો પ્રો૦ સમજે છે તે 'સંસાર પ્રત્યે અનાસક્તિ' એવો અર્થ નથી, પરંતુ 'ઉપદેશેલા માર્ગ પ્રત્યે અનાગ્રહ' એવો અર્થ થાય છે આ ન સમજવાથી અહિ વાકય તોડી, પ્રતિપત્તિ અને ક્રિયારંભને જુદા પાડી ત્યા પણ અસંગત અર્થ કર્યો પ્રો૦ એ ખ્યાલ ભૂલી ગયા કે પૂર્વે માર્ગદર્શક સૂત્ર સાંભળી જેમ ઉન્માર્ગીને તે પ્રત્યે થતા **દુઃખ, અવજ્ઞા અને અસ્વીકાર** કહ્યા છે, તેમ અહિયા અપાય (ક્લિષ્ટ કર્મ)વાળા માર્ગગામીને **અનાગ્રહ, સ્વીકાર કે ક્રિયાપ્રારંભ** કહેવા છે ત્યારે

અપાયરહિત માર્ગગામીને તો સૂત્રે કહ્યા મુજબનું પૂર્ણ **વર્તન** હોય—એમ કહેવું છે. આ ત્રણ વિભાગના અજ્ઞાનને લીધે અપાયનો અર્થ નિશ્ચય લેવાની પણ ભૂલ પ્રો૦ કર્યા વિના રહ્યા નથી. જેથી તો બીજા અને ત્રીજા વિભાગમાં તદ્દન અસંગતિ થાય ટૂંકમા આ પ્રકરણને પણ પ્રો૦ સમજી શક્યા નથી છતાં પૂર્ણ સમજેલા ટીકાકાર મહર્ષિ કરતાં વધુ વિદ્વત્તા દેખાડવાનો હાસ્યાસ્પદ પ્રયાસ કર્યો છે.

(૨૨) પરિજ્ઞાનો અર્થ ફક્ત 'જાણ માટે સિદ્ધાંતનુ જ્ઞાન' એવો પ્રો૦ કર્યો તે ખોટો છે કેમકે એવું ભાન તો અભવ્યને પણ હોય છે, પરંતુ તેને જ્ઞપરિજ્ઞા નથી માની જ્ઞપરિજ્ઞા એટલે સિદ્ધાંતનું શ્રદ્ધાયુક્ત જ્ઞાન એટલે કે પાલનના ધ્યેય માટેનું જ્ઞાન તે સમ્યગ્દષ્ટિ જીવોને જ હોય છે પરિજ્ઞાનો આ અર્થ શ્રી આચારાંગ વગેરે સૂત્રો અને એની વૃત્તિઓમા સ્પષ્ટ છે

(૨૩) અસ્થિર-સ્થિર બે જાતના દ્વીપ-દીપના પ્રસંગમાં ટીકામાં **उभयत्राद्यो नाक्षेपेणेष्टसिद्धये सप्रत्ययापायत्वात्** જે લખ્યું તેનો અર્થ સ્પષ્ટ છે કે 'દ્વીપ-દીપ બનેમા જે પહેલો અસ્થિર પ્રકાર તે અક્ષેપેણ અર્થાત્ વિલંબ વિના (તરત જ) ઈષ્ટ મોક્ષની સિદ્ધિ માટે નથી બનતો, કેમકે વિનાશી છે' અહિં પ્રો૦ 'ઉભયત્રાદ્યોઽનાક્ષેપેણ' એમ વચમા અવગ્રહ કલ્પીને 'અનાક્ષેપેણ' પદ લગાવી અર્થની વિમાસણમા અને ભ્રમમા પડ્યા !

(૨૪) '**पवन्ने-प्रपन्न**' પદમા, 'પદ' ધાતુ ગતિ અર્થમાં હોવાથી અને **गत्यर्थाऽकर्मकपिबभुजेः** હૈ વ્યા. સૂત્રના અનુસારે **क्त** પ્રત્યય કર્તામા આવવાથી, કર્તરિભૂતકૃદંત છે પણ પ્રો૦ આના અજ્ઞાનથી કર્મણિ ભૂતકૃદંત સમજી પ્રપન્નનું પ્રપન્નવાન કરવા શીખવે છે!!

(૨૫) '**तत्तत्तखण्डणेण**' મા પ્રો૦ તત્-તત્વને સ્થાને તત્પત્વની ભલામણ કરવા જતા ભૂલ્યા, અને વિરુદ્ધ હેતુ ઊભો કર્યો કેમકે આ પદ તો પૂર્વે બતાવેલ બીજી અપૂર્ણ ક્રિયાઓની અસંપૂર્ણતામા હેતુદર્શક છે. જ્યારે તત્પત્વનુ ખંડન એ તો ઉલ્ટું અસંપૂર્ણતાને વિરુદ્ધ પડે ત્યારે

ટીકાકારે લખ્યા મુજબ ‘ તત્–તત્ત્વનુ એટલે કે ભોગક્રિયાના શુદ્ધ આનન્દદાયી સ્વરૂપનુ જે સ ક્લેશાદિજન્ય ખ ડન,’ એ ક્રિયાની અસ પૂર્ણતામાં હેતુ બની શકે આ ન સમજવાથી પ્રોફેસરે મૂળ ગ્ર થમાં પણ હેતુદર્શક આ પદને પૂર્વથી છુટુ પાડી નવા ફકરામા મૂકવાની ભૂલ કરી ! તેમજ પૂર્વોક્ત અસ પૂર્ણતાના હેતુને ય તદ્દન વીસરી જવાની ભૂલ કરી !

(૨૬) “ સાખ્યદર્શનના પ્રકૃતિ–પુરુષ મતનો જૈનદર્શનના કર્મ–આત્મા મત સાથે નિકટ મેળ છે, ” એવું લખનાર પ્રો૦ એ ભૂલે છે કે બે વચ્ચે મહાન અ તર છે સાખ્યો પુરુષને કુટસ્થનિત્ય, અબદ્ધ, અમુક્ત, અજ્ઞાન, અસુખી માને છે જૈનો આત્માને પરિણામી, બદ્ધમુક્ત, અન તજ્ઞાની, અનંત સુખી માને છે. સાખ્યો પ્રકૃતિને જગતનુ ઉપાદાન કહે છે ‘ પ્રકૃતિનો પરિણામ એ જ પ ચભૂત, અને ઇન્દ્રિયો વગેરે જગત,’ એમ એ કહે છે ત્યારે જૈનો જગતની વિવિધ રચનાઓમા કર્મને માત્ર નિમિત્ત કારણ માને છે, બાકી જગતનુ કલેવર તો જુદા જુદા દ્રવ્યોનુ બનેલું કહે છે સાખ્યો જડ પ્રકૃતિના પરિણામમાં જ્ઞાન, ઇચ્છા, વગેરે ધર્મો માને છે ત્યારે જૈનો જડ કર્મના આવા ધર્મો નથી માનતા, સાંખ્યો સદા શુદ્ધ મુક્ત પુરુષનેય મોક્ષ પુરુષાર્થ જરૂરી માને છે જૈનો બદ્ધ આત્માને જ એ જરૂરી, મુક્તને નહિ એમ કહે છે કેવા મહાન તફાવત !

(૨૭) દિદૃક્ષાના પ્રસ ગના સૂત્રોને પ્રો૦ ગૂઢ અને ગુ ચવણભર્યા માની એને સ્પષ્ટ ન સમજી શકે, એ તો ઠીક, પણ ટીકાકાર મહર્ષિનેય પોતાની સમજણ માટે સહાય ન કરી શકવાનુ, અર્થાત્ ન સમજી શકવાનું કહે, એ અજ્ઞાન બચ્ચુ બાપને અજ્ઞાન કહે, એના જેવુ છે. ટીકાકારે કેવી સરસ સ્પષ્ટતા કરી છે, એ આગળ વિવેચન–ગ્ર થના પૃષ્ઠમા જુઓ

(૨૮) ‘ **न तदुच्छेदेऽनुत्पाद :**’ નો અર્થ સ્પષ્ટ છે સ સાર સત્ છે એનો સર્વથા ઉચ્છેદ જો થઈ શકે, તો તદ્દન અસત્ સ સારની ઉત્પત્તિ ય ન થઈ શકે એવુ નહિ, અર્થાત્ થઈ શકે. જો સત્નો સર્વથા વિનાશ

થઈ શકે, તો અસતની ઉત્પત્તિ ય કેમ ન થાય? આ અર્થ પ્રો૦ ન સમજી શક્યા, તેથી એમણે 'न तदुच्छेदेन उत्पादः' એમ ખોટો પદચ્છેદ કર્યો અને 'સંસારના વિનાશથી મોક્ષ ઉત્પન્ન નહિ થઈ શકે' એવો અર્થ કર્યો એ પ્રો૦ નો કેટલો કરુણ અબોધ!

(૨૯) "હુ 'न अनादिमान् सत्र . इति चेत्' એમ લગાડવા ધારૂ છુ" એવુ કહેતા પ્રો૦ની ખ્યાલ બહાર એ લાગે છે, કે ઠેઠ 'न सत्रासांतो [illegible]'થી માંડીને પ્રશ્નોત્તરો જ શરૂ થાય છે. જુઓ આ વિવેચન ગ્રંથ. ત્યાં માત્ર અહી જ 'इति चेत्' શુ કામનું?

(૩૦) પ્રો૦ 'નિરાધારોઽન્વય' કૃતો નિયોગેન ઇત્યાદિ ખાસ સ્પષ્ટ કરવા યોગ્ય સ્થળો ન સમજી શકવાથી ચર્ચવુ છોડી દે છે, એ એમને માટે શોભાભર્યું બન્યુ છે એવુ જો સર્વત્ર કર્યુ હોત તો વધુ શોભાભર્યું થાત

(૩૧) 'समयाःअत्र ज्ञातम्' અહી ભવ્યોની અનંત સંખ્યા સમજાવવા ત્રણે કાળના આઠમે અનંતે રહેલા સમયો (અવિભાજ્ય સૂક્ષ્મકાળ)ને દૃષ્ટાત તરીકે લીધા છે પ્રો૦ આ જિનાગમ—પ્રસિદ્ધ વાત પણ ન સમજ્યા. તેથી ટીકા કરતા સારો અર્થ બતાવવા 'સમયાત્' પદ કલ્પી, 'નાશ્રયથી' એવો અર્થ કરવા ગયા પણ તેથી તે ज्ञातम् એટલે દૃષ્ટાત તે કયું, એ કહેવુ રહી ગયું. એ ન સમજ્યા જ્ઞાતમ્ એટલે જાણેલુ છે એ અર્થ પણ સંગત નથી કેમકે સમયાતની પૂર્વે 'इति' પદ નથી

(૩૨) અભવ્ય કરતાં મોક્ષે કદી ન જવાવાળા ભવ્યમા શો તફાવત? એના સમાધાન માટે પ્રથમા ગાઠાળુ કાષ્ઠ અને પડી રહેલું શુદ્ધ યોગ્ય કાષ્ઠ એને દૃષ્ટાત તરીકે લીધા છે પણ પ્રો૦ એ ન સમજવાથી સમાધાન તરીકે ત્યા લખે છે કે ઘણા યોગ્ય કાષ્ઠ પ્રતિમા બન્યા વિનાના રહે છે!

(૩૩) અંતે જિનાજ્ઞા કોને આપવી એના પ્રસંગના પ્રો૦ જે કહે છે કે અયોગ્યને દીક્ષા ન આપવામા એનુ હિત છે તે કથન તદ્દન અધુરૂ છે કેમકે અહિં તો દીક્ષા જ નહિ પરંતુ કોઈ પણ જિનાજ્ઞા અયોગ્યને ન આપવાનુ ફરમાન છે

(૩૪) બીજી સંખ્યાબંધ ભૂલો આ પ્રો પોતાના અગ્રેજી ભાષાન્તરમા કરે છે તેનો સહજ નમુનો જુઓ :—

(ક) સૂત્ર પહેલામા જ ચાર તાત્ત્વિક ભૂલો છેઃ–'**अणाइकम्मसंजोग**' મા અનાદિ એવો સંયોગ લેવાનો છે, ત્યારે પ્રો૦ અનાદિ કર્મ કહે છે તે ખોટુ છે જૈનમતે કોઇ કર્મ અનાદિના છે જ નહિ. પણ આત્મામા કર્મનો સંબંધ એટલે કર્મવાળાપણુ અનાદિનુ છે

(ખ) '**दुक्खानुबंधी**'નો અર્થ દુ.ખ તરફ દોરે છે' લખ્યો એ ખોટો છે, કેમકે એ અર્થ તો બીજા **दुःखफल**મા આવી જાય છે તેથી ત્રીજી વાત કઈ ! સાચો અર્થ 'દુખની પરંપરા (Series) ચલાવે છે' એવો છે કેમકે 'અનુબંધ બંધની પછી બંધ.' સંસાર એકવાર દુ.ખોત્પાદક પછી પણ દુઃખોત્પાદક છે

(ગ) '**तस्स विवागसाहणाणि**'મા વિપાક તથાભવ્યત્વાદિનો કહ્યો છે, પણ પ્રો૦ 'પાપકર્મોનો' વિપાક લે છે, તે ખોટુ છે કેમકે પાપકર્મ એની સ્થિતિ પૂર્ણ થતા સ્વત. પાકે છે વળી અહિં બતાવેલ ચતુઃશરણગમનાદિ સાધનો એને પકવી શકે નહિ તથા **तस्स** એ એ વ મા છે

(ઘ) '**संकिलेस**' એટલે સંક્લેશ એ જિનાગમ-પ્રસિદ્ધ શબ્દ છે, એનો અર્થ કષાયની તીવ્રતા થાય છે પ્રો૦ તેનો દુખ એવો અર્થ કરે છે, તે ખોટો છે કેમકે માત્ર દુખમા જ નહિ, સુખમા ય ઘણીવાર જે ગુસ્સો, અભિમાન, માયા, તૃષ્ણા વગેરેની તીવ્રતા સંભવે છે, તે પણ સંક્લેશ છે

(ઙ) બીજા ફકરામા '**अनुत्तरपुण्यसंभार**'થી અનુત્તર એટલે સર્વશ્રેષ્ઠ એવો, પુણ્ય સંભાર એટલે પુણ્યનો પ્રાગ્ભાર, જે તીર્થંકર નામકર્માદિ, તે લેવાનુ છે તે શ્રી અરિહંત પ્રભુની જ ખાસ વિશેષતા છે તે ન સમજી પ્રો૦ સામાન્યથી સર્વશ્રેષ્ઠ પુણ્યોના સમૂહ લે છે વળી આમા પુણ્યનો અર્થ ગુણ કર્યો તે પણ ખોટો છે

(ચ) ત્રીજા ફકરામા કેવળજ્ઞાનનો અર્થ 'સર્વવિષયનુ જ્ઞાન અનંત જ્ઞાન' એવો થાય છે એની જગ્યાએ પ્રો૦ 'ખામી વિનાનુ જ્ઞાન' એવો

અર્થ લખે છે, તે અર્થ સમજ વિનાનો છે

(૭) બીજું કૃતકૃત્યમા કૃત્યનો અર્થ પ્રો૦ ફરજો કરે છે, પણ તે ખોટું છે. કેમકે ફરજો પુરી કરેલી હોય છતા પોતાની અપૂર્ણ સ્થિતિને પૂર્ણ કરવાનુ કામ જયાં સુધી ઊભું રહે છે, ત્યાં સુધી મોક્ષ નથી. માટે કૃત્યનો અર્થ દરેક કાર્ય એવો લેવાનો છે કૃતકૃત્ય એટલે હવે જેને કાઈ જ કરવાનું રહેતુ નથી તે

(૮) ચોથા ફકરામા સાધુને પરોપકાર-નિરત કહ્યા એનો અર્થ પ્રો બીજાને મદદ કરનારા એવું કહે છે, તેને બદલે શ્રેષ્ઠ ઉપકાર કરનારા (Benevolent) કહેવા જોઈએ સાધુઓ ગૃહસ્થને તો મદદ કરનાર નહિ, પણ ઉપકાર કરનારા કહેવાય છે

---

આ તો સામાન્ય ભૂલોનુ દિગ્દર્શન છે, પણ પ્રો૦ના આ ભાષાંતરમા આગળ ઉપર તો ઘણી અસહ્ય અનેક ગભીર ભૂલો છે, જેને અહી સમાર્જવાનો અવકાશ નથી પણ તે ભૂલો આ વિવેચન-ગ્રથ પરથી સમજી શકાશે વિદ્વત્ શરણ્ય શ્રી હરિભદ્રસૂરીશ્વરજી મહારાજના લેખમાં ભૂલો કાઢવા જતા, કે એમના કરતાં સારો અર્થ બતાવવા જતાં પ્રોફેસરે પોતે કરેલી સખ્યાબધ ભૂલોનુ અને ભાષાતરમા કરેલ અનેકાનેક તાત્ત્વિક ખામીઓનુ મુખ્ય કારણ તો એમને ગુરુગમનો અભાવ લાગે છે આ પચસૂત્રકમા બતાવેલ અવશ્ય કર્તવ્ય ગુરુની નિશ્રા વિના કેવળ ભાષાજ્ઞાનથી કે ઈધર-ઉધરના પાના-પ્રસ્તાવનાઓ ઉથલાવી જવાથી ગભીર જિનાગમોના સાચા અર્થ સમજાઈ જાય; એ માનવુ મિથ્યા છે, અયુક્ત છે. ગીતાર્થ ગુરુઓના માર્ગદર્શન વિના વાચા કે કલમ ઉપાડવાનું પરિણામ કેટલુ કટુ આવે છે, તે ઉપર બતાવ્યુ છે જે કોલેજના વિદ્યાર્થીઓ વાસ્તવ વિદ્વાન સાધુઓના સંસર્ગમાં નથી આવતા, તે આવા પ્રોફેસરોના લેખથી કેવી વિદ્યા પામે એ પણ સમજાય એવુ છે એવી વિદ્યા પર બી એ, એમ-એ; પી એચ ડી ના વૈભવી બિરુદો આપતાં પહેલા અને એવા પુસ્તકોને પાઠય પુસ્તકો બનાવવા પૂર્વે યુનિવર્સિટિએ

પૂરતી તપાસ કરવી ઘટે કોલેજીયનોએ પણ આ ઉપરથી સદ્‌વિદ્યા માટે ખૂબ સાવધ રહેવુ ઘટે

પ્રાંતે, મોક્ષના આદર્શવાલા આર્યમાત્રને સ્વાધ્યાય માટે, તથા–ભવ્યત્વના પરિપાક માટે આ શ્રી પંચસૂત્રશાસ્ત્ર અતિ આવશ્યક છે, આનો રોજ સ્વાધ્યાય કરવો જોઈએ જેથી સાચો મોક્ષાધિકાર પ્રાપ્ત થાય આના નિરુપણો ઘણા મૌલિક અને વ્યાપક છે જેમ દ્રવ્યાનુયોગમાં **તત્વાર્થાધિગમ,** તેમ ચરણકરણાનુયોગમા આગમો પછી **પંચસૂત્ર** મૂલ આધારસ્થંભ તરીકે લાગે છે. પંચસૂત્રનો આધાર આગમો છે વિધિ–વાદનો આ સંક્ષિપ્તસંગ્રહ ગ્રન્થ નિદિધ્યાસન માટે પણ પરમ ઉપકારક છે આનો વિવેચન ગ્રન્થ પણ ઘણા પદાર્થોને અલ્પ શબ્દમા સંગ્રહે છે તેથી ખૂબ સ્થિરતાપૂર્વક પ્રત્યેક શબ્દ, પ્રત્યેક વાક્ય અને પ્રત્યેક પ્રકરણ પુનઃ પુનઃ મનનીય છે

છાપેલો ગ્રંથ જોતા પ્રેસદોષો થઈ ગયા દેખાય છે તેમાના મુખ્યનું શુદ્ધિપત્રક મૂકયુ છે, તે પરથી શોધી પછી ગ્રંથ વાચવા ભલામણ છે

| | |
|---|---|
| મુક્તિદ્વાર,<br>દશા પોરવાડ સોસાયટી<br>**અમદાવાદ.**<br>આસો સુદ ૩ | લી કૃપાક્ષીરોદધિ ગુરુદેવ<br>**સિદ્ધાંતમહોદધિ પૂ. આચાર્યદેવેશ**<br>**વિજયપ્રેમસૂરીશ્વરજીનો વિનેયાણુ**<br>**ભાનુવિજય** |

વિ સં ૨૦૨૨

**સમાપ્ત**

# 'ઉચ્ચ પ્રકાશના પંથે'-વિષયાનુક્રમ


| વિષય | પાનું |
|---|---|
| આત્મવિકૃતિ-અંધકાર-પ્રકાશ | ૧ |
| પાંચ સૂત્રની ઓળખ | ૪ |
| સત્-સત્ય-સુંદર: શ્રીકૃષ્ણ-ભગવાન શ્રી આદિનાથ | ૭ |
| સૂત્રક્રમ સહેતુક: બીજાધાન | ૧૧ |
| પરિભાવના-જીવને સહજ શું? | ૧૬ |
| પ્રવચનસાર શું? જ્ઞાન-ક્રિયા | ૨૦ |
| નિર્બીજ-સબીજક્રિયા | ૨૨ |

'ભવાભિનંદીના ૮ દુર્ગુણ

| વિષય | પાનું |
|---|---|
| ૭ક્ષુદ્રતા-પર્વત-નારદ | ૨૫ |
| ૭લોભરતિ-મમ્મણ બાલચંદ | ૩૨ |
| ૭દીનતા-કંડરીક | ૩૯ |
| ૭માત્સર્ય-સિંહગુફાવાસી | ૪૪ |
| ૭ભય-તિજોરીમાં શેઠ મર્યા | ૪૭ |
| ૭શઠતા-ચંડકાતનો નોકર | ૫૨ |
| અજ્ઞતા-મૂઢ પંડિત | ૫૬ |
| નિષ્ફળારંભસંગતતા | ૬૦ |
| અવ્યવહારરાશિ-વ્યવહારરાશિ-કૃષ્ણપક્ષ-ચરમાવર્ત-ભવ્યત્વ પાસપોર્ટ | ૬૪ |
| સહજમલહ્રાસલક્ષણ-૪ યોગદષ્ટિ | ૬૭ |
| યથાપ્રવૃત્તકરણ-ગ્રંથિભેદ ૫ યોગબીજ | ૬૯ |
| ૭અંગારમર્દક-ધર્મમાં મલિનાશય | ૭૦ |
| સમ્યક્ત્વ-આરાધકભાવ | ૭૧ |
| સાનુબંધ ક્ષયોપશમ-ઉપાય | ૭૨ |
| ૭નંદમણિયાર-પ્રિયમિત્રચક્રી | ૭૪ |

સૂત્ર—૧

| વિષય | પાનું |
|---|---|
| વીતરાગનમન-ભાવમહત્ત્વ | ૭૭ |
| ૪ વિશેષણોની સાર્થકતા | ૭૯ |
| રાગ એ દ્વેષથી પ્રબળ ૩૫ હેતુએ | ૮૧ |
| મોહની વિશેષ ભયાનકતા | ૮૭ |
| અરિહંત શું શું પ્રકાશે? | ૯૩ |
| સર્વજ્ઞવચન શ્રવણની રીત | ૯૪ |
| અનાદિ જીવ-ભવ-કર્મસંયોગ | ૯૮ |
| સંસારનું સ્વરૂપ દુઃખરૂપ | ૧૦૦ |
| ઉપાસનાના અંગો:ઔચિત્ય-સાતત્ય-વિધિસત્કાર | ૧૦૩ |
| તથાભવ્યત્વ-વિપાક-સાધન | ૧૦૭ |
| ૭૪ **શરણ સ્વીકાર**-સુલસા | ૧૧૦ |
| અરિહંત પરમત્રિલોક-નાથ આદિ | ૧૧૭ |
| સિદ્ધ પ્રહીનજરામરણઆદિ | ૧૨૧ |
| સાધુ પ્રશાંત ગંભીરાશય આદિ | ૧ |

| વિષય | પાનું |
|---|---|
| ઉકેશી ગણધર-પ્રદેશી | ૧૨૯ |
| ધર્મ સુરાસુરમનુજ-પૂજિત આદિ | ૧૩૨ |
| ધર્મ સકલ કલ્યાણ હેતુ | |
| ઉકુમારપાળ-દેવબોધિ-હેમચંદ્રસૂરિ | ૧૩૫ |
| ઉદુષ્કૃતગર્હા-દૃઢપ્રહારી | ૧૩૮ |
| 'દૃઢપ્રહારી! જીવનમોત થાય, પાપમાત કર્યા'' | ૧૪૦ |
| 'મિચ્છામિ દુક્કડં'મા ૫ વિકાસમાર્ગ- | |
| ઉઅઈમુત્તામુનિ | ૧૪૩ |
| હિતશિક્ષાદિનું પ્રણિધાન | ૧૪૭ |
| ઉપ્રાર્થનાબળ-ચિતારાની પુત્રી | ૧૪૯ |
| **સુકૃત આસેવન-** | |
| અર્હદાદિના સુકૃતો | ૧૫૩ |
| ઉન્નતિના ૫ સાધના-અંગો | ૧૫૯ |
| ઉ પ્રાર્થના-પારસ : નાગકેતુ | ૧૬૨ |
| ભગવત્પ્રાર્થના | ૧૬૪ |
| પ્રથમ સૂત્રપાઠનું ફળ | ૧૬૭ |
| ઉસદ્આશંસા નિયાણું નથી- ત્રિપૃષ્ઠ બ્રહ્મદત્ત | ૧૭૧ |
| **સૂત્ર-૨ સાધુધર્મની પરિભાવના** | |
| (૧) ધર્મગુણોની સહજ સુંદરતાદિ | ૧૭૩ |
| ઉહરિબળ-હેલાશેઠ સુદર્શન | ૧૭૫ |
| ધર્મની અનુગામિતા-પરોપકારિતા | ૧૭૬ |
| ઉકુમારપાળ-અકબર નીલુ-ધનંજય | ૧૭૭ |
| ઉપરમાર્થકારિતા-રાજુશેઠ વિજય-મણિકાંત | ૧૭૯ |
| (૨) ધર્મગુણોની દુષ્કરતાદિ-વંકચૂળ | ૧૮૧ |
| (૩) વિધિ-ભાવસહિત સ્વીકાર | ૧૮૫ |
| (૪) વ્રતપાલન-આગમ-ગ્રહણાદિ | ૧૮૭ |
| આગમથી ભાવિત એટલે | ૧૮૯ |
| (૫) જિનાજ્ઞા મંત્ર-જળ-શાસ્ત્ર | ૧૯૦ |
| ઉહરિભદ્રકોપ મંત્રિનાગ તાપસ-સંયતિ | ૧૯૨ |
| વ્રત ઉપરાંત શાસ્ત્રશ્રવણ કેમ? | ૧૯૪ |
| જીવની ઉંધાઈ | ૧૯૬ |
| (૬) અકલ્યાણમિત્ર-ત્યાગ | ૧૯૭ |
| ઉનંદમણિયાર-મરીચિ-કયવન્નો-જિનદાસ | ૧૯૯ |
| (૭) લોકવિરુદ્ધ-ત્યાગ | ૨૦૨ |
| ઉઘડામાં પાંચશેરી સરકાવી | ૨૦૫ |
| લોકસંક્લેશ ટાળવા | ૨૦૭ |
| (૮) કલ્યાણમિત્ર-યોગ મદનરેખા | ૨૧૦ |
| સેવન, અંધ આદિ ૪ દૃષ્ટાંતે | ૨૧૩ |
| ઉગોવિંદપત્ની-ગુણસેન-કંબલ શંબલ-મહાબળ નાગકેતુ | ૨૧૪ |

| વિષય | પાનું |
|---|---|
| (૮) ધર્મગુણ–યોગ્ય આચાર · વૈદ્ય | ૨૧૯ |
| (૯) અશુદ્ધવ્યાપાર–ત્યાગ | ૨૨૧ |
| માનસિક અશુદ્ધિઓ– વજબાહુ | ૨૨૨ |
| વાચિક અશુદ્ધિ–ત્રણ દ માતાપુત્ર | ૨૨૭ |
| કાયિક અશુદ્ધિઓ– કોન્ટ્રાક્ટર | ૨૩૨ |
| (૧૦) લાભોચિત દાનભોગાદિ | ૨૩૫ |
| (૧૧) પરિવારને અસંતાપ | ૨૩૮ |
| મમત્વ–બંધહેતુ લલિતાંગદેવ-સુરેન્દ્રદત્ત–આર્દ્રકુમાર | ૨૪૦ |
| (૧૨) આત્મનિરીક્ષણ– દ્વિવિધમૂઢી–અંગર્ષિ | ૨૪૪ |
| ધન આદિ બડિશામિષ | ૨૪૭ |
| (૧૩) ભાવમંગળ સિદ્ધ આચાર | ૨૪૯ |
| (૧૪) ધર્મજાગરિકા | ૨૫૨ |
| આ કેવો કેવો કાળ? | ૨૫૩ |
| (૧૫) વિષયો ને મૃત્યુ પર ચિંતન | ૨૬૩ |
| જનકરાજા વિદેહી | ૨૬૭ |
| (૧૬) ધર્મ–ઔષધ પર ચિંતન | ૨૬૮ |
| (૧૭) ધર્મ–તત્પ્રકાશકાદિને નમન | ૨૭૦ |
| (૧૮) ધર્મપ્રણિધાનાદિ | ૨૭૧ |

| વિષય | પાનું |
|---|---|
| **સૂત્ર–૩ પ્રવ્રજ્યાગ્રહણવિધિ** | |
| (૧) પરપીડા વિના પ્રયત્ન | ૨૭૫ |
| (૨–૬) માતાપિતાને પ્રતિબોધ ૭ રત્ન સુકૃતથી સફળ–સમુદાયકૃત કર્મ–૫ ખીમેજો–સમુદ્રરત્ન–ધર્મ જહાજ–દુર્ગતિભવો કેવા? ક્ષણ–દુર્લભ–સિદ્ધિ કેવી? સંસાર કેવો? | ૨૭૬ |
| (૭) અનુગ્રહયાચના-ઉચિતકરણ | ૨૯૧ |
| (૮) અપ્રતિબોધે નિર્વાહ–ચિંતા | ૨૯૨ |
| (૯) અનુજ્ઞા ન મળ્યે માયા | ૨૯૬ |
| (૧૦) 'અસ્થાન ગ્લાન ઔષધાર્થે ત્યાગ–' દૃષ્ટાંત | ૨૯૯ |
| (૧૧) એમ માબાપને ત્યજીને દીક્ષા | ૩૦૧ |
| ત્યાગ એ અત્યાગ કેમ? | ૩૦૪ |
| મરુદેવા–હેમચંદ્ર-વજ્રસ્વામી | ૩૦૭ |
| (૧૨) દુષ્પ્રતિકાર્ય માતાપિતા | ૩૦૮ |
| (૧૩) દીક્ષા ગ્રહણના અંગો | ૩૧૦ |
| ગુરુની આવશ્યકતાના ૮ હેતુ | ૩૧૨ |
| પ્રવ્રજ્યા એટલે | ૩૧૪ |
| (૧૪) જિનાજ્ઞા અવિરાધ્ય | ૩૧૫ |
| **સૂત્ર–૪ પ્રવ્રજ્યાપરિપાલન** | |
| (૧) વિધિફળ સત્ક્રિયા આદિ | ૩૧૭ |
| યોગાવંચક–ક્રિયાવંચક | ૩૧૮ |

| વિષય | પાનું |
|---|---|
| ભાવવિશુદ્ધિના બાધક | ૩૨૦ |
| ચિત્તમાલિન્યના પ્રકાર | ૩૨૧ |
| મહાસત્ત્વ–અભ્રાન્તતા | ૩૨૧ |
| વિપર્યાસના અનેક પ્રકાર | ૩૨૩ |
| *મેઘકુમાર | ૩૨૬ |
| નિશ્ચય–વ્યવહારથી ગુણમાં દોષમાં ફલભેદ | ૩૩૦ |
| (૨) સમભાવ–ગ્રહત્યાગ શિક્ષાગ્રહણ | ૩૩૫ |
| *વજ્રસ્વામી–ખંધકમુનિ | ૩૩૬ |
| અગ્રહ–આગ્રહ–ગ્રહત્યાગ | ૩૩૭ |
| *જમાલિ–યવરાજર્ષિ–ઉત્તરાધ્યયનમુનિ | ૩૪૦ |
| ૩ ગ્રહ–પરિગ્રહ–પૂર્વગ્રહ–વ્યુદ્ગ્રહ | ૩૪૨ |
| પ્રશમસુખ | ૩૪૩ |
| (૩) ગચ્છવાસ–ગુરુપ્રતિબદ્ધ | ૩૪૫ |
| ભૂતાર્થદર્શી–તત્ત્વ–અતત્ત્વ | ૩૪૯ |
| *વૈશ્રવણ–વાલી | ૩૫૧ |
| (૪) શુશ્રૂષાદિ–તત્ત્વાગ્રહ–મંત્રવત્ અધ્યયન | ૩૫૨ |
| બુદ્ધિના ૮ ગુણ | ૩૫૩ |
| તત્ત્વાભિનિવેશ જરૂરી | ૩૫૪ |
| સૂત્રાધ્યયન–બદ્ધલક્ષ્ય | ૩૫૬ |
| (૫) સમ્યગ્ નિયોગ | ૩૫૮ |
| (૬) અનારાધનાયુક્ત–આરાધનાયુક્તને માર્ગદેશના | ૩૬૦ |
| વિરાધના છતાં દેશનાની સારી અસર | ૩૬૪ |
| (૭) સાપાય–નિરપાય સાધક | ૩૬૬ |
| બાળચારિત્ર-પ્રવચનમાતા | ૩૬૮ |
| સમિતિગુપ્તિના દૃષ્ટાંત :– *દેડકી રક્ષક મુનિ ઢઢણ–વલ્કલચીરી-ધર્મરુચિ-કુમાર મેતારજ–ગજસુકુમાળ | ૩૬૯ |
| (૮) આશ્વાસદીપ–પ્રકાશદીપ | ૩૭૩ |
| ચારિત્રદીપ–જ્ઞાનદીપ શું કરે ? | ૩૭૬ |
| (૯) નવ્યજીવનના ૯ ઉપાય | ૩૮૦ |
| ક્ષાયિકમાં જવા શું કરે ? | ૩૮૪ |
| (૧૦) અસંભ્રમ–અનુત્સુક ક રીતે | ૩૮૬ |
| અસંસક્ત અસપત્ન આરાધના | ૩૮૭ |
| (૧૧) ઉત્તરોત્તર યોગસિદ્ધિ વિશોધન | ૩૮૯ |
| (૧૨) શરીરરોગ ચિકિત્સા–દૃષ્ટાંત | ૩૯૩ |
| (૧૨અ) કર્મરોગ–ચિકિત્સા ચારિત્રારોગ્ય વૃદ્ધિ | ૩૯૬ |
| *તૃષાપરિસહી બાળમુનિ | ૪૦૨ |
| (૧૩) ગુરુબહુમાનથી પરમ-ગુરુ–સંયોગ | ૪૦૪ |
| અસંગભક્તિ | ૪૦૬ |
| અબહુમાનીક્રિયા કુલટા–ઉપવાસ | „ |
| ગુરુબહુમાન ૪ કલ્યાણધામ | ૪૦૮ |
| (૧૪) પ્રજ્ઞા–ભાવ–પરિણામ | ૪૧૦ |

| વિષય | પાનું |
|---|---|
| ચારિત્રીની ૧૨ માસમા વધતી તેજોલેશ્યા | ૪૧૨ |
| અનાદિકૃષ્ણ મટી શુક્લ થવા | ૪૧૬ |
| (૧૫) લોકસંજ્ઞા ત્યાગ–પ્રતિસ્રોતગમન | ૪૧૬ |
| (૧૬) ચારિત્રફળ ચરમભવ–સંધાન | ૪૧૯ |
| (૧૭) સમ્યગ્જ્ઞાન–ક્રિયા પ્રવર્તક ભાવ | ૪૨૨ |
| સત્સાધનામા વિઘ્નાભાવ કેમ ? | ૪૨૫ |
| (૧૮) સત્ક્રિયાનુ ફળ | ૪૨૭ |
| દ્વિવિધ પરાર્થ | ૪૨૯ |
| પરાર્થસાધકની વિશેષતાઓ | ૪૩૨ |
| સમંતભદ્ર–પ્રણિધાનાદિ હેતુ | ૪૩૩ |
| (૧૯) વધતો સંવેગ–ચરમભવ | ૪૩૫ |
| **સૂત્ર–૫ પ્રવ્રજ્યા ફળ** | |
| (૧) મોક્ષસ્વરૂપ | ૪૩૯ |
| મોક્ષે પહોંચતા જ્ઞાને સક્રિય કેમ નહિ ? | ૪૪૦ |
| સંસારની ૯ વિટંબણા | ૪૪૧ |
| (૨) અસાંયોગિક સ્થિતિનું મહત્ત્વ–રહસ્ય | ૪૪૩ |
| આકાશ–સિદ્ધનો સંયોગ નહિ | ૪૪૬ |
| (૩) સિદ્ધસુખનુ દૃષ્ટાન્ત | ૪૫૦ |
| (૪) ભાવશત્રુ આદિ | ૪૫૨ |
| સિદ્ધસુખ અનંત શાથી ? કર્મરોગ | ,, |
| અનિચ્છાની ઇચ્છાનું મહત્ત્વ | ૪૫૩ |
| ભાવશત્રુક્ષય આદિથી જ શ્રેષ્ઠ સુખ | ૪૫૪ |
| (૫) તથાભવ્યત્વ વિચિત્ર કેમ ? | ૪૫૬ |
| (૬) અનેકાન્તવાદથી જ તત્ત્વવ્યવસ્થા | ૪૫૮ |
| (૭) અબદ્ધની મુક્તિ નહિ | ૪૬૦ |
| અરૂપીને બંધ કેમ ? | ૪૬૧ |
| અનાદિ બંધ–પ્રવાહ | ૪૬૨ |
| (૮) અનાદિ કર્મયોગ નાશ્ય કેમ ? | ૪૬૪ |
| ‘દિદૃક્ષા’નો બૌદ્ધમત અસત્ | ૪૬૫ |
| (૯) બંધ–મોક્ષ એ પરિણામ વિશેષ | ૪૭૧ |
| બૌદ્ધને નિરાધારતા–અનન્વયાપત્તિ | ૪૭૭ |
| નિયોગથી સ્વભાવ | ૪૭૮ |
| મોક્ષ અંગે દાર્શનિકમતો | ૪૮૨ |
| (૧૦) સિદ્ધોનુ સુખ-સ્થાન-ગતિ | ૪૮૪ |
| (૧૧) ભવ્યોનો કદી ઉચ્છેદ નહિ | ૪૮૭ |
| ભવ્ય–જાતિભવ્ય–અભવ્ય | ૪૮૯ |
| (૧૨) વ્યવહાર એ તત્ત્વાંગ | ૪૯૨ |
| (૧૩) જિનાજ્ઞા સમંતભદ્ર | ૪૯૭ |
| અપુનર્બંધક, માર્ગાભિમુખ, માર્ગપતિત | ૪૯૯ |
| પરિણતિજ્ઞાન | ૫૦૦ |
| આજ્ઞાપ્રિયતા-ઔચિત્ય સંવેગ | ૫૦૧ |
| (૧૪) જિનાજ્ઞા અપાત્રને ન દેવામા કરુણા | ૫૦૩ |
| **પંચસૂત્ર મૂળ** | ૫૦૭ |

# શુદ્ધિપત્રક

| પૃષ્ઠ | પેરા-પંક્તિ | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૧૮ | ૩-૨ | વરાગ્ય | વૈરાગ્ય |
| ૩૨ | ૧-૧ | બ | બીજો |
| | ૧-૭ | મહત્ત્વ | મહત્ત્વા |
| ૨૨ | ૨-૯ | ગ્રવેયક | ગ્રૈવેયક |
| ૪૩ | ૩-૭ | ખુ | ખુદ્દુ |
| ૪૪ | ૧-૧૩ | બાહ્દ ભવાન્તરમા | બાહ્દ ભવાન્તરમા |
| ૫૫ | ૨-૩ | પેભાએ | પેલાએ |
| ૫૬ | ૧-૧૨ | કૂપપમા | કૂપસમા |
| ૫૭ | ૩-૧૦ | ખડધુ થોડી | અડધુ મોટી |
| ૬૫ | ૧-૯ | ૦ગણા | ૦ગુણા |
| ૬૯ | ૨ ૪ | વગેરે | વગેરે દ્વારા ચિત્તસ્થિરતા એ |
| | ૩-૧ | ૦ચિતન | ૦ ચિતન પૂજનાદિ |
| ૭૨ | ૩-૪ | હયે | હૈયે |
| ૮૬ | ૩-૬ | 'દ્વિ' | 'દ્વિપ્' |
| ૯૫ | ૨-૬ | જનોક્ત | જિનોક્ત |
| ૯૭ | ૨-૧ | ત્રલોકચ | ત્રૈલોકચ |
| ૧૦૯ | ૨-૮ | જાઈએ | જોઈએ |
| ૧૧૭ | ૧-૬ | શરણે | શરણ |
| ૧૧૯ | ૧-૮ | આકર્પવા | આકર્પાવા |
| ૧૨૩ અને ૩ / ૧૪૦ | ૧-૧ | ચતન્ય | ચૈતન્ય |
| ૧૨૮ | ૧-૧૮ | વીર્યોત્સાહના | વીર્યોત્સાહ, એના |
| ૧૩૦ | ૩-૫ | પકી | પૈકી |
| ૧૩૨ | ૧-૨ | कव्ला | कल्ला |
| ૧૩૮ | ૧-૧ | सुहमं | सुहुम |
| ૧૪૪ | ૬-૯ | થઈ શકે | શકે |
| ૧૪૫ | ૩-૬ | દૂષ્કૃત્ય | દુષ્કૃત્ય |
| ૧૪૭ | ૧-૧ | ऐस्मा | एसा |
| ૧૪૮ | ૧-૨ | मुकख | मुक्ख |
| | ૨-૩ | મન | મને |
| ૧૫૦ | ૪-૧ | પુત્રીનુ | પુત્રીનુ |
| ૧૫૨ | ૧-૭ | ૦સુ દરીને | ૦સુ દરીનો |
| ૧૭૨ | ૧-૧ | त्त यास्त | त्तं यारित्त |
| ૧૭૬ | ૧-૧ | પરિક્ષા | પરીક્ષા |
| | ૧-૧૧ | પરિમાણથી | પરિગ્રહ-પરિમાણથી |
| ૧૭૯ | ૩-૧૩ | વેષે | વેશે |

| પૃષ્ઠ | પેરા-પંક્તિ | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૧૮૨ | ૩-૧૫/૧૬ | ઉઠ્ય. | .ઉઠ્યો |
| | | આવ્ય . | આવ્યો |
| ૧૮૪ | ૧-૧૮ | સુવભતા | સુલભતા |
| ૧૮૪ | ૩-૧ | सत्तीप | सत्तोप |
| | ૨ | विहमण | विरमण |
| | ૩ | थुलत्तअदना | थूलग-अदत्ता |
| | | मेहुत्त | मेहुण |
| ૧૮૫ | ૨-૧ | સ્યૂલ | સ્થૂલ |
| | ૨-૯ | કરવાની | કરવાનો |
| | ૧૦ | દાનન, | દાન ન |
| | ૧૩ | રરિણુમ | પરિમાણુ |
| | | પરિમાણુ | ,, |
| | ૧૫ | ભોગપ૦ | ભોગોપ૦ |
| ૧૮૬ | ૧-૧૦ | ઋપક | ક્ષપક |
| ૧૮૭ | ૧-૧ | ભાન | ભાવન |
| ૧૯૦ | ૨-૧ | जलस्स | जलणस्स |
| ૧૯૨ | ૩-૭ | મરી | મટી |
| ૧૯૩ | ૧-૯ | પિડયાને | પિડ યાને |
| | ૧-૫ | पिडिओ | पिंडिओ |
| ૧૯૮ | અંતે ૨ | . મિગ્ર | . મિત્ર |
| ૨૦૦ | ૨-૧૧ | દોષેથી | દોષોથી |
| ૨૦૧ | ૨-૮ | દોષો । | દોષોમા |
| ૨૦૪ | ૨-૧૨ | અનાદાર | અનાદર |
| ૨૦૬ | ૫-૧ | ०रोडवीप | ०राडवीप |

| પૃષ્ઠ | પેરા-પંક્તિ | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૨૦૭ | ૨-૪ | બોધિ જે | બોધિને |
| ૨૧૦ | ૩-૯ | ફ્રોટશે લે | ફ્રોટશે. ભલે |
| ૨૨૦ | ૧-૭ | ગગન | રંગ |
| | ૨-૧ | જ્ઞાનચા૦ | જ્ઞાનાચા૦ |
| | ૨-૨ | આવે | દષ્ટાન્ત આવે |
| ૨૨૪ | અંતે | અનષ્ટમાં | અનિષ્ટમાં |
| ૨૨૬ | ૧-૨૩ | અભાવને | અભાવે |
| ૨૨૭ | ૧-૩ | ૦ચગ્નિ | ૦ચરિત્રનુ ચિંતન |
| | ૨-૧૩ | આભ | આળ |
| ૨૩૦ | ૧-૮ | ચાડ | ચાડી |
| ૨૩૩ | ૩-૯ | ઠરે, ન | ઠરે, ને |
| ૨૫૫ | ૧-૪ | ગર્ગ | ગર્વ |
| ૨૬૦ | ૩-૪ | આગલી પ્રતિ | આગળ વળી |
| ૨૬૨ | ૨-૨૦ | એ પગ્રિ૦ | અપરિગ્ર૦ |
| ૨૭૧ | ૫-૮ | ૦લઘુ છે | લઘુ છુ |
| ૨૭૨ | ૧-૩ | નિમિત્તિ. થયાનુ | નિમિત્ત .થવાનુ |
| ૨૮૦ | ૨-૨ | સમુદ્ર | સમુદ |
| ૨૮૭ | ૨-૧૩ | આશાતિ | અશાતિ |
| ૨૯૩ | ૩-૧ | कम्प० | कम्मप० |
| ૨૯૩ | ૪-૨ | संपाजडिज्जा | संपाडिज्जा |

| પૃષ્ઠ | પેરા-પંક્તિ | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૨૯૮ | ૧-૧ | પણ | પણ માસ્તર |
| ૨૯૯ | ૩-૨ | तणपडि० | तप्पडि० |
| | ૩ | घ.ओ.. वि अ | घाओ...चिअ |
| | ૫ | सठचिअ | संठविअ |
| ૩૦૪ | ૨-૫ | पदाण | पहाण |
| ૩૦૭ | ૧-૬ | ની દેશના સાભળી | ના દર્શને ભાવનામા ચડી |
| ૩૧૦ | ૧=૬ | એટણે | એટલે |
| ૩૨૩ | ૨-૨ | અતીર્ઇન્દ્રિ૦ | અતીન્દ્રિ૦ |
| | ૧૩ | તો એનો | તે એનો |
| ૩૨૭ | ૨-૯ | કાયમ | કાયર |
| ૩૨૮ | ૨-૨ | तरन्न | तस्स |
| ૩૩૫ | ૫-૧૨ | દોપમા કે. | દોપમા |
| | | કાષ્ટા.. | કાષ્ઠા |
| ૩૪૩ | ૧-૧ | પિતમુનિ | પિતામુનિ |
| | ૧-૩ | ચર્ચામા | ચર્યામા |
| ૩૪૫ | ૬-૪ | ગરછમા | ગચ્છમા |
| ૩૫૦ | ૩-૭ | અવસ્વ | આત્વ |
| ૩૫૨ | ૨-૧ | ભૂતાર્ય | ભૂતાર્થ |
| ૩૫૩ | ૩-૪ | ऊहोडणेहोड | ऊहोऽपोहोऽ |
| ૩૫૮ | ૩-૨ | सासण | सासणं |
| ૩૬૩ | ૨-૧ | मग्गमिणो | मग्गागामिणो |

| પૃષ્ઠ | પેરા પંક્તિ | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૩૬૬ | ૩-૧,૨ | माग. भाइ | मग्ग...माइ |
| ૩૬૮ | ૨-૫ | બરા | બરાબર |
| | ૩-૪ | ગોપન-- | ગોપન સતમાં સ્થાપન, અસત્થી |
| ૩૬૯ | ૧-૭ | એપણાના ૧૬ | એપણાના ૧૦ |
| ૩૭૧ | ૨-૬ | સમર્ય | સમર્થ |
| ૩૭૨ | ૧-૯ | કેળવી | કેવળિ- |
| | ૧૦ | આ ભાવ-)) | આ ભાવ- |
| ૩૮૦ | ૪-૧૧ | શાસ્ત્રાવચન | શાસ્ત્રવચન |
| | ૧૫ | કહેશ, | કહેશે' |
| | ૬-૧ | નિષિદ્ધનો | નિષિદ્ધનો |
| ૩૮૨ | ૩-૨ | કર્યા | કર્યા કરે |
| ૩૮૪ | ૨-૪ | સામગ્રીથી | સામગ્રીને |
| ૩૮૫ | ૧-૧૩ | સોનેરી | સોનેરી અવસર |
| | ૨-૭ | યોગો | યોગો અને |
| ૩૮૮ | ૧-૩ | કિન્તુ | કિન્તુ અન્ય |
| ૩૯૩ | ૨-૭ | वडढ्ढ | वड्ढइ |
| ૩૯૪ | ૧-૭ | દેવપૂજાદિ | વૈદ્યપૂજાદિ |
| ૩૯૬ | ૩-૫ | वलभ | वल्लभ |
| | | विसेपओ | विसेसओ |

| પૃષ્ઠ | પેરા-પંક્તિ | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૩૯૮ | ૧-૭ | પોષ | પોષવા |
| | ૯,૧૨ | જાળ | જાળું |
| | ૧૩ | કરે | કર્યે |
| ૪૦૨ | ૨-૬ | આ પણી | આ પાણી |
| ૪૦૪ | ૩-૬ | कलo (२) | फलo (२) |
| | ૫-૧ | तज्जणु | तयणु |
| ૪૦૮ | ૨-૧ | બહુલાન | બહુમાન |
| | ૩ | પ્રાતબધ | પ્રતિબંધ |
| | ૬ | ગુરુ-એ- | ગુરુ- |
| ૪૦૯ | ૨-૧૧ | •બહુમાનને | ૦બહુમાને |
| | ૫-૩ | હો, ..છી | કહો,...પછી |
| | ૪ | એઅર્હદ્ | એ અર્હદ્ |
| ૪૧૦ | ૩-૦ | પ્રજ્ઞા-ભાવ (૧૪) | પ્રજ્ઞા ભાવ |
| ૪૧૧ | ૨-૫ | સાદી | સાથે |
| ૪૧૨ | ૧-૧૧ | ભાવ- | -ભાવ- |
| | ૨-૧૦ | સાધર્મ | સૌધર્મ |
| ૪૧૫ | ૨-૧૪ | માટે ભાવી હિત-પરપરાના | બીજરૂપ છે, હિતાનુબધના કારણ છે માટે |
| ૪૧૬ | ૪-૮ | કર્મ વિપાકને | કર્મ-વિપાકને |
| ૪૧૭ | ૨-૧૧ | હોશિયારી, | હોશિયારી- |
| ૪૧૯ | ૨-૮ | ० भावमा | ० भावओ |
| ૪૨૦ | ૨-૨ | અભય | અભવ |
| ૪૨૨ | ૨-૧,૪ | विघ्न...निष्का० | विग्घो...निप्का० |
| ૪૨૮ | ૧૩ | મણી ..રહીત | મણિ. . રહિત |
| ૪૩૦ | ૩-૪ | ભવદુઃખ- | ભાવદુઃખ- |
| | ૭ | બાકી છે, | છે બાકી |
| ૪૩૧ | ૩-૪ | સમ્યયકત્વ | સમ્યક્ત્વ |
| ૪૩૪ | ૧-૪ | પ્રતિબદ્ધ | પ્રતિબુદ્ધ |
| | | મન | શમન અને |
| ૪૩૫ | ૩-૦ | (૧૭) | (૧૯) |
| ,, | ૫-૩ | परपत्थ | परत्थ |
| ૪૪૧ | ૧-૧૭ | અદલે | બદલે કર્મપીડિત |
| ૪૪૩ | ૪-૨ | अ फल | अफलं |
| ૪૪૬ | ૨-૨ | ओचि तमे अ | अचिंत मेअ |
| | ૩ | म्मिण्ण | म्भिण्ण |
| | ૩-૩ | નયી | નથી |
| ૪૪૮ | ૨-૨ | યાગ | યોગ |
| ૪૪૯ | ૪-૪ | આમ | આમાં |
| ૪૫૪ | ૧-૧૫ | નિષ્કામની | નિષ્કામતાની |
| ૪૫૫ | ૧-૧૪ | વેષધારીને | વેશ ધરીને |
| ૪૬૩ | ૪-૨ | કર્મબધ | કર્મબંધવસ્તુ |
| ૪૬૪ | ૧-૭ | પૂર્વ | પૂર્વની |
| ,, | ૩-૫ | णमेय | णमेत्र |
| ૪૬૫ | ૧-૮ | છે | છે તેવ |

| પૃષ્ઠ | પેરા-પંક્તિ | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ,, | ૫ | -દર્શને | -દર્શને દિદક્ષા |
| ૪૬૭ | ૩-૧ | ત્યારે | જ્યારે |
| ૪૬૯ | ૩-૩ | યોગ | યોગન |
| ૪૭૦ | ૩ ૭,૧૨ | છે...કાળના | જ છે... કાળથી |
| ૪૭૧ | ૪-૩ | **भवाभवो** | **भवाभावो** |
| ૪૭૨ | ૧-૪ | પરિવર્તન | અવસ્થા પરિવર્તન |
| ૪૭૩ | ૧-૧૮ | અલગ જીવ૦ | જીવ૦ અલગ |
| ૪૭૬ | ૪-૧ | **डन्नय** | **डन्नन्नय** |
| ,, | ૫-૧ | ચરમત્રુણ | ચરમક્ષણ |
| ૪૭૮ | ૧-૧૬ | એ લા | એકલા |
| ૪૮૧ | ૧-૧૦ | ૦ યુકન | ૦ યુક્ત |
| ૪૮૨ | ૪-૭ | ૦ વ્યાપી | ૦ વ્યાપી સિદ્ધથાય |
| ૪૯૬ | અ તે | નિશ્ચયના | નિશ્ચયની |
| ૪૯૭ | , | ૦ चेष्टोक्ति... | ૦ ૦चेष्टोक्ति . |
| ૪૯૮ | ૨-૧ | પાળી | પામી |
| ૪૯૮ | અ તે | આદિ અપુનર્બંધકાદિમાં | "આદિ" |
| ૫૦૦ | ૧ ૫ | હ્રદયયા | હ્રદયમા |

| પૃષ્ઠ | પેરા-પંક્તિ | અશુદ્ધ | શુદ્ધ |
|---|---|---|---|
| ૫૦૧ | ૪-૯ | અંતું | અનતું |
| ૫૦૩ | ૧-૧ | **तष्परिण्णा** | **तप्परिण्णा** |
| ૫૦૭ | ૨-૨ | દુક્ખરૂ વે | દુક્ખરૂવે |
|  | ૩-૧ | દુકૂકડ | દુક્કડ |
| ૫૧૦ | ૭-૧ | ૦માલાએજ્જા | ૦માલોએજ્જા |
| ૫૧૧ | ૭-૨ | નિમ્મસે | નિમ્મમે |
| ૫૧૩ | ૧-૧ | કહિચિ | કહિ ચિ |
| ૫૧૪ | ૫-૨ | તદુવગરણં | તદુપગરણં |
| ૫૧૪ | ૧ | જજામાણે | જજમાણે |
|  | ૩-૧ | ૦ પકિખએ | ૦ પક્ખિએ |
|  | ૭ | સઠવિઅ(૨) | સ ઠવિઅ(૨) |
|  | ૪-૧ | અચ્ચતિઅ | અચ્ચતિઅં |
|  | ૨ | વઝ | વ ઝ |
| ૫૧૭ | ૪-૩ | ૦ વિડિએ | ૦ વડિએ |
|  | ૫ ૪ | અ ઈણે | અપઈણે |
|  |  | અ સંકિ૦ | અસંકિ૦ |
| ૫૧૮ | ૪-૨ | **૦ संढाणा** | **૦ संठाणा** |
|  | ૫-૩ | **मोहाजो** | **मोहाओ** |
| ૫૨૦ | ૮ | **डन्नय०** | **डन्नन्नय०** |
|  | ૧૫ | **जोगया** | **जोग्गया** |
|  | ૧૬ | **ग्गदानिरु** | **गादारूनि** |
|  | ૨૧ | **तयणुमाह०** | **तयणुग्गाह०** |

# ઉચ્ચ પ્રકાશના પંથે

યાને

# શ્રી પંચસૂત્ર–વિવેચન

**આત્માની વિકૃત દશા :**

આત્મા અનાદિ અનંતકાળથી આ વિરાટ વિશ્વમાં અવિરતપણે પરિભ્રમણ કરી રહ્યો છે. આ પરિભ્રમણ પણ કેવું દુઃખદ ! એનું પોતાનું વિશુદ્ધ અનંત જ્ઞાન–વીર્ય–સુખાદિમય સહજ સ્વરૂપ દબાઈ જઈ વિકૃત બનેલા એને અજ્ઞાન–દુર્બળ–દુઃખિત વિટંબણામય ચોરાશી લાખ યોનિઓમાં પુનરપિ જનનં પુનરપિ મરણં કરવા સ્વરૂપ ! કે જેમાં રોગ–શોક–દારિદ્રય, ઈષ્ટવિયોગ–અનિષ્ટસંયોગ, માન–અપમાન–તિરસ્કાર, ભય ચિંતા–સંતાપ આદિ પીડાઓનો પાર નથી !

**'અહં–મમ'ના સાચાં સ્થાન ભુલ્યો :—**

આત્માની આ વિકૃતિ અને પરિભ્રમણ શા કારણે ? કર્મના જબરદસ્ત બંધનોની જકડામણના કારણે. કર્મ બંધાવામાં કારણભૂત પોતાની અજ્ઞાન તિમિરમય વિપર્યાસ દશા છે, અવળી મતિ છે. આત્મા પોતે 'અહ' 'મમ'નાં સાચા સ્થાનને ભૂલ્યો છે. આત્માને બદલે માટીની કાયાને

'અહં'–'હું' માની બેઠો છે! જ્ઞાનાદિ આત્મસંપત્તિને બદલે કાયાનાં સુખ–સગવડ અને તત્સંબંધી જડ–ચેતનને 'મમ'–'મારા' કલ્પી બેઠો છે! આ 'અહં' 'મમ'ના અયોગ્ય સ્થાનને લીધે જ જડ પ્રત્યે અનાસક્ત રહેવાને બદલે આસક્તિભર્યો રહ્યો છે. પછી જડની આસક્તિમાં જડહિત સાધવા અર્થે જડની ધોધમાર પ્રવૃત્તિ અવિરતપણે કર્યે જાય એમાં શી નવાઈ? આશ્ચર્ય તો એ છે કે એથી કપરાં દુસ્સહ દુઃખદ ફળોમાં અનંતાનંત કાળથી વિડંબાવાં છતાં એ અંધકાર–ચેષ્ટાથી હજી થાક્યો નથી! અરે! તત્ત્વાંધકારને લીધે હજી એમાં કશું અજુગતું એને લાગતું નથી! પછી એ અહં–મમનાં સ્થાપન શાનો રદ કરે? વિટંબણામય કર્મબંધનોથી શે મૂકાય?

## તત્ત્વોનો અંધકાર :–

આહાહા! કેવી દુઃખદ દુર્દશા! અનંત પ્રકાશ અને અનંત સામર્થ્યનો ધણી આત્મા નિજની અનંત શુદ્ધ સમૃદ્ધિ પુનર્હસ્તગત થવાની આડે ઉભેલા અસત્ 'અહં–મમ' યાને અજ્ઞાન અને મોહ જેવા કારમા શત્રુને જ અંધકારવશ જ્યાં કલ્યાણમિત્ર માની છોડવા તૈયાર ન હોય, ઉલ્ટું જન્મોજન્મ એને જ આદરવાનું અને તેથી એના ફળસ્વરૂપે ઊંડા અંધકારમય પ્રદેશમાં વિહરવાનું ચાલુ રાખે, ત્યાં ઉચ્ચ પ્રકાશમય અનંતાનંત સ્વરૂપને ક્યાંથી પામે? અનાદિથી ચાલી રહેલી અવળી ચાલે ચાલવાનું સર્વથા બંધ કરાય તો જ અનંત સુખના ધામભૂત આત્માની મુક્તિનું પરમપદ પ્રાપ્ય છે. તો જ અનાદિથી ઘોર તિમિરાચ્છાદિત જન્મમરણની ગુફા પાર કરીને

ઉચ્ચ પ્રકાશના અજર અમર અખૂટ આનંદમય સ્વસ્થાને શાશ્વત સ્થિતિ કરી શકાય એમ છે. માર્ગ અંધકારનો લેવો અને અનવધિ (અમર્યાદિત) સતત નિર્ભેળ સુખની આશા રાખવી એ હળાહળ ઝેર ખાઈ જીવવાની આશા રાખવા જેવું છે. અનાદિના વિષમ વિષમય મોહ–અજ્ઞાનના રાહે ચાલવામાં દુઃખ, દુર્દશા, પરાધીનતા અને વિટંબનાભર્યા સંસારમાં દીર્ઘ ભ્રમણ સિવાય બીજું કાંઈ જોવા ન મળે. એવી આત્માની વિકૃત અવસ્થાનો અંત તો જ આવે કે આત્મા ઉચ્ચપ્રકાશના પંથે વળી જાય.

**ગ્રંથનું નામ 'ઉચ્ચ પ્રકાશના પંથે' શાથી ?:–**

ઉચ્ચ પ્રકાશનો પંથ મહાજ્ઞાની ચિરંતન આચાર્ય મહારાજે શ્રી પંચસૂત્ર નામના આ શાસ્ત્રમાં અદ્‌ભુત કોટિનો બતાવ્યો છે. એના અનુસારે જે પોતાના જીવનને ઘડે છે, જીવન એના આદેશોના માર્ગે જીવે છે, તે ઉચ્ચ પ્રકાશના પંથે ચાલી રહ્યો છે એમ કહી શકાય. એટલા માટે આ ભાવાર્થ–ગ્રંથનું નામ '**ઉચ્ચ પ્રકાશના પંથે**' રાખવામાં આવ્યુ છે. પંચસૂત્રના પદપદના અર્થનું શ્રવણ ચિંતન અને આત્મપરિણમન કરતાં કરતાં એવું આતર સંવેદન થાય છે કે જાણે લોકોત્તર રાજમાર્ગે આત્મા કૂચ કરી રહ્યો હોય. '**પંચસૂત્ર**' અજ્ઞાનના પંથેથી પાછા વાળીને પ્રકાશના પંથે વિચરવાનું સચોટ દિગ્દર્શન કરાવી આંતરચક્ષુ ખોલવા પ્રોત્સાહન આપે છે.

એટલે પ્રસ્તુત ગ્રંથનું અધ્યયન કે સ્વાધ્યાય કરતાં કરતાં આત્મામાં નવનવી સંવેગ વૈરાગ્યની પરિણતિ, આંતરદષ્ટિનો

વિકાસ અને કર્તવ્ય-અમલનો વીર્યોલ્લાસ અધિકાધિક જાગતો જાય છે ને ? એ ખાસ તપાસવું ઘટે.

આ પંચસૂત્રની ભાષા આગમ જેવી અતિમધુર, પ્રૌઢ અને ભાવવાહી હોઈ એની રચના કોઈ પ્રાચીન પૂર્વધર મહર્ષિએ કરી હોય એમ સમજાય છે, એમાં રહેલા વિશિષ્ટ કોટિના ભાવો જોઈને ૧૪૪૪ ગ્રંથના પ્રણેતા મહાન શાસ્ત્રકાર આચાર્યવર્ય શ્રી હરિભદ્રસૂરીશ્વરજી માહરાજે આ ગ્રંથ ઉપર શબ્દસંક્ષિપ્ત અને અર્થગંભીર વ્યાખ્યા લખેલી છે. એમના પણ વચનો સૂત્રવચન જેવા હોઈને એનાં ય રહસ્યો ગંભીરપણે ઉકેલવા રહે છે. પ્રસ્તુત વિવેચનનો પ્રયત્ન એ માર્ગે એક અલ્પ પ્રયાસ છે.

### 'પંચસૂત્ર' શું ?: પાંચ સૂત્રનો વિષય :-

આ શાસ્ત્રનું નામ શ્રી પંચસૂત્ર એટલા માટે છે કે આમાં મુખ્ય પાંચ અધિકારને લગતા પાંચ સૂત્રનો સમૂહ છે. અધિકારનાં નામ આ પ્રમાણે છે—

(૧) પાપ-પ્રતિઘાત અને ગુણબીજાધાન
(૨) સાધુધર્મ-પરિભાવના
(૩) પ્રવ્રજ્યા-ગ્રહણ-વિધિ
(૪) પ્રવ્રજ્યા-પરિપાલન
(૫) પ્રવ્રજ્યા-ફળ.

### (૧) પાપ-પ્રતિઘાત અને ગુણબીજ-આધાન:-

પાંચમા સૂત્રમા પ્રવ્રજ્યા એટલે કે દીક્ષાના ફળ તરીકે અનંત અવ્યાબાધ સુખાદિમય આત્માની સિદ્ધ અવસ્થા,

મુક્તદશા વર્ણવી છે. ત્યાં મોક્ષદશા પ્રગટ કરવામાં સર્વપ્રથમ કારણ તરીકે પહેલા સૂત્રમાં **પાપ–પ્રતિઘાત** અને **ગુણ-બીજાધાન** કરવાની પ્રક્રિયા બતાવી છે. અહીં **પાપ-પ્રતિઘાતમાં** 'પાપ' એટલે અશુભ અનુબંધનો આશ્રવ=આગમન, અથવા અશુભ અનુબંધવાળા કર્મોનો આશ્રવ. અનુબંધ એટલે તેવા તેવા પાપની પરંપરા ચલાવે તેવી બીજ–શક્તિ. એવી અશુભ પરંપરા ચાલે એવાં કર્મનું આત્મામાં આગમન એ પાપ કહેવાય, તેનો પ્રતિઘાત એટલે વિચ્છેદ. એ એવો કે જેથી એ અનુબંધ નષ્ટ થયેથી એ પાપનો આત્મા પરથી અધિકાર જ ઊઠી જાય અર્થાત્ એ પાપોમાં આવતા તીવ્ર મિથ્યાત્વ, ભવરુચિ, અસદ્ અભિનિવેશ, કષાયાવેશ, વગેરે પાપો તરફ આત્મા પ્રેરાય જ નહિ, અને તેથી આત્મા પર ગુણબીજનો અધિકાર સ્થાપિત થાય,

**'ગુણબીજ'** એટલે ગુણોનું બીજ. 'ગુણો' એટલે ભાવથી પ્રાણાતિપાત—વિરમણ (હિંસાત્યાગ) વગેરે; કે જે શ્રાવકપણાના અંશે અને સાધુપણાના સંપૂર્ણતઃ ગુણ છે એનું 'બીજ' એટલે એવા મુલાયમ વિપાકવાળા કર્મનું 'આધાન'=સ્થાપન, કે જેથી તીવ્ર રાગ–દ્વેષ–આવેશના સંક્લેશ અટકી જઈને ગુણની પરંપરા ચાલે. આનું નામ ગુણબીજાધાન. તેનો પરમ આધાર ભૂત પહેલા સૂત્રમાં બતાવેલ ચતુઃશરણ–સ્વીકાર વગેરે ઉપાયો છે. એ એવા સચોટ છે કે એનાથી આ પાપ–પ્રતિઘાત અને ગુણબીજ–સ્થાપન થવા દ્વારા પછીના સૂત્રોના વિવિધ પદાર્થ આત્મામાં ઊભા થવાની ભૂમિકા સર્જાય છે.

**(૨) સાધુધર્મની પરિભાવના** :–સાધુ–ધર્મ એટલે

પંચમહાવ્રત અને ક્ષયોપશમરૂપ ક્ષમાદિ ૧૦ પ્રકારનો ચારિત્ર-ધર્મ,–એની પરિભાવના એટલે એની પૂર્વભૂમિકા તૈયાર કરવા માટે કરાતો એનો તીવ્ર ઝંખનાભર્યો અણુવ્રતો વગેરેનો અભ્યાસ. જૈન શાસ્ત્રોમાં ભાવના શબ્દનો અર્થ (૧) ચિંતવન, ઝંખના, અને (૨) અભ્યાસ, યાને વારંવારનો પ્રયત્ન થાય છે. તેથી અહીં પરિભાવના એ ચિંતવન કે ઝંખના શુષ્ક નહિ કિન્તુ દિલને ભાવિત કરે એવી ચોક્કસ પ્રયત્નવાળી અને આત્માના ચારિત્રના વીર્યોલ્લાસને જાગ્રત્ કરવા તરફ પ્રેરે એવી લેવાની છે. એ માટે બીજા સૂત્રમાં શ્રાવકના પાંચ અણુવ્રત ઉપરાંત બીજી અનેકાનેક અદ્ભુત અને અતિ આવશ્યક સાધનાઓ બતાવી છે.

(૩) **પ્રવ્રજ્યા–ગ્રહણ–વિધિ** :– એટલે કે મુમુક્ષુએ દીક્ષા યાને સંસારત્યાગ કઈ રીતે કરવો તેનું વિધાન. આ સૂત્રમાં પણ ગંભીર સુંદર પ્રક્રિયા બતાવવામાં આવી છે.

(૪) **પ્રવ્રજ્યા–પરિપાલન** :– આમાં સાધુ–ધર્મના ચારિત્રગુણથી આત્મા અધિકાધિક ભાવિત ને વાસિત યાવત્ એ ચંદનમાં સુગંધની જેમ આત્મામાં એકગુણ એકરસ કેમ બને એ માટેના ચોક્કસ પ્રકારના અત્યંત આવશ્યક ઉપાયોનું વર્ણન છે, કે જે ઉપાયો સાથે ચારિત્રધર્મની ચર્યાનું પાલન કરવાનું છે.

(૫) **પ્રવ્રજ્યા–ફળ** તરીકે ચારિત્ર પરાકાષ્ઠાએ પહોંચીને સર્વકર્મના ક્ષય પૂર્વક ઊભું થતું મોક્ષફળ ગ્રાહ્ય છે. આ સૂત્રમાં મોક્ષ અંગેનું અદ્ભુત પ્રતિપાદન કરેલું છે.

## ટીકાકારનો મંગળ શ્લોક : નમસ્કાર:-

શ્રી પંચસૂત્ર ઉપર વ્યાખ્યાકાર વ્યાખ્યા કરતાં મંગળમાં આ શ્લોક લખે છે કે—

प्रणम्य परमात्मानं महावीरं जिनोत्तमम् ।
सत् पञ्चसूत्रक–व्याख्या समासेन विधीयते ॥

અર્થાત્ જિનેશ્વર ભગવાન પરમાત્મા શ્રી મહાવીરદેવને નમસ્કાર કરીને સત્ એવા પંચસૂત્રની વ્યાખ્યા સંક્ષેપથી કરવામાં આવે છે. પરમાત્માને નમસ્કાર રૂપી મંગળ એ ઈષ્ટ શુભકાર્યની આડે ઊભેલા વિઘ્નોનો યાને અંતરાય કર્મનો નાશ કરે છે, માટે શુભ કાર્યના પ્રારંભે તે જરૂરી છે. ભગવદ્–નમસ્કાર સુવર્ણસિદ્ધિ કે અન્ય મહામંત્રો કરતા પણ મહા કિંમતી છે. માટે તો કહે છે કે ને કે

इक्को वि नमुक्कारो. तारेइ नरं व नारिं वा ।

મહાવીર પ્રભુને કરેલો એક પણ નમસ્કાર પુરુષને યા સ્ત્રીને ભવપાર કરી દે છે. નમસ્કારનું આટલું ઉત્કૃષ્ટ કોટિનું અચિંત્ય સામર્થ્ય જોઈ કોણ સુજ્ઞ એમાં પ્રમાદ કરે ? અલબત, એ નમસ્કારનું મૂલ્ય, નમસ્કાર સર્વજ્ઞ ભગવાનની આજ્ઞા–સ્વીકારરૂપ બની જવાથી, ઘણું વધી જાય છે. જિનની આજ્ઞાનો સ્વીકાર યાને આત્મસાત્–કરણ જેટલું ઊંચું, તેટલું ફળ ઊંચું. આમ જો નમસ્કારથી મોક્ષ સુધીનું ફળ મળે છે, તો બીજી સદ્ગતિ અને અચિન્ત્ય સિદ્ધિઓ પ્રાપ્ત થાય તેમજ ભયંકર આપત્તિઓ ટળે એમાં નવાઈ શી ?

**વચન સત્–સત્ય=સુંદર :–** પંચસૂત્રક એટલે પાંચ સૂત્રોનું બનેલું 'પંચસૂત્ર' નામનું શાસ્ત્ર. અહીં 'સત્

પંચસૂત્રક' કહીને આ શાસ્ત્રને 'સત્' એવું વિશેષણ લગાવ્યું. શાસ્ત્ર સત્ એટલે સત્ય અને સુંદર. એ શાસ્ત્ર સત્ય એટલા માટે છે કે એની બતાવેલી પ્રક્રિયા જો બરાબર રીતે આરાધવામાં આવે તો તે નિશ્ચિતપણે નિર્વિવાદ તદુક્ત અનંત સુખમય મોક્ષને પમાડે છે. વળી શાસ્ત્ર સુંદર એટલા માટે કે એ મોક્ષ માટેની જે પ્રક્રિયા બતાવે છે તે મનોરમ છે, સુશકય છે, અને સ્વહિત-સાધક સાથે પરહિત-સાધક છે. પરને લેશ માત્ર પણ પીડાકારક નથી. સ્વાત્માનું અહિત હોય કે બીજાને પીડાકારક હોય તે તો અસુંદર પ્રક્રિયા ગણાય. પંચસૂત્રે બતાવેલી મોક્ષ-પ્રક્રિયા એવી નથી. વિચારક પુરુષો આવી સત્ય અને સુંદર હિત-સાધના જ પસંદ કરે છે, અને તેનો આદર કરે છે.

**સર્વજ્ઞ-અસર્વજ્ઞ-વચનના બે દાખલા :—**

એમ તો ઘણા ય મોક્ષની વાત તો કરે છે. પરંતુ તે નથી તો હોતી સર્વથા સત્ય, કે નથી એની સાધનાપ્રક્રિયા એકાંત સુંદર. અહીં સર્વજ્ઞવચન અને ઈતર વચનના બે દાખલા લઈએ.

**શ્રીકૃષ્ણ-વચન :-**

મોક્ષ અને તેના ઉપાયની વાત કરનાર ઈતર શાસ્ત્રમાં એવું સાંભળવા મળે છે કે અર્જુન કૌટુમ્બિક ઝઘડાને લીધે લડવા તૈયાર થયો; છતાં યુદ્ધ-ભૂમિ-પર 'જુગારમાં ગુમાવેલું' રાજ્ય પાછું લેવા જતાં, યુદ્ધ કરીને કુટુમ્બિઓ, વિદ્યાગુરુ તથા અન્ય ગુણિયલ પુરુષોનો સંહાર કરવો પડે છે; તો એ યુદ્ધ કરવા કરતાં ભીખ

ભાગવી સારી,' એવી ભાવના કરી! પછી વિજયથી લભ્ય રાજ્ય-સંપત્તિ પર એમ વિરક્ત થઈને શસ્ત્રો હેઠાં મૂકી દીધા! હવે તેને શ્રીકૃષ્ણ તરફથી લડાઈ માટે એમ ઉત્તેજિત કરવામાં આવે છે કે "આ વિરાગ નથી પણ તારી કાયરતા છે! આત્મા અજર અમર છે, 'એને હું મારૂં છું' એવો ભ્રમ યાને અભિમાન તું શા માટે રાખે છે? ..." ઇત્યાદિ. તેથી એ ઉત્તેજિત થઈ ભયંકર લડાઈ લડે છે. આર્યો વચ્ચે ખૂનખાર જંગ જામે છે. તેમાં કેઈ મહાન પુરુષનો નાશ, ભયંકર દ્વેષ, અને દુર્ધ્યાન તથા વિષયતૃષ્ણાનાં પોષણ વિગેરે પરિણામ નીપજે છે! શું આવા વચનો સત્ય અને સુંદર? પાયામાં માંડણી અને અન્તિમ પરિણામ જ આ પ્રકારનું હોય એવાં વચનોને સત્ય અને સુંદર શી રીતે કહી શકાય? એને મોક્ષશાસ્ત્ર કેમ કહી શકાય? કષાયથી ભૂલા પડેલા જીવોને તથા સંયોગવશ એવાઓનો પક્ષ કરનાર સજ્જનોને મારી નાખવામાં મૈત્રી અને કરુણાભાવ ક્યાં રહ્યો? તો તે વિનાની મોક્ષ-સાધનાની પ્રક્રિયા સત્ય યાને યથાર્થ કેમ ગણાય? અને એ વીતરાગતા તથા મોક્ષને કેવી રીતે નિપજાવી શકે?

**શ્રી ઋષભદેવ-વચન :-**

ત્યારે પંચસૂત્રમાં દર્શાવેલ પ્રયોગ-વિધિનાં ચમત્કાર જોઈએ. ભગવાન ઋષભદેવના અઠ્ઠાણુ પુત્રો, જેમને ભગવાને પોતાની સંસારી અવસ્થામાં અલગ અલગ રાજ્ય આપેલ હતા, તેમના પર મોટાભાઈ ભરતે, ચક્રવર્તીપણું સંપૂર્ણ કરવા માટે પોતાની આજ્ઞામાં આવી જવા, નહિતર લડાઈ

માટે તૈયાર થવા આદેશ કર્યો. અઠ્ઠાણુ ગુસ્સે થઈ ગયા અને લડી લેવાનું ધારીને પ્રભુ પાસે ભરતની અન્યાયી માગણી પર ફરિયાદ કરવા અને પોતાને ન્યાયી પક્ષવાળા તરીકે લેખાવવા ગયા. તે વખતે આ વીતરાગ સર્વજ્ઞ જગતદયાળુ પરમાત્માએ એમને કેવો અદ્‌ભુત બોધ આપ્યો! એ કહે–

"મહાનુભાવ! તમે ભૂલા ક્યાં પડ્યા? ભરતને દુશ્મન સમજો છો? દુશ્મન તો તમારા અંતરમાં બેઠેલ વિષય–તૃષ્ણા અને અભિમાન આદિ કષાયો છે. વિરાટ પૃથ્વી પર એક નાનકડા જમીનના ટૂકડાની રાજ્ય–સંપત્તિ પર તમને રાગ અને 'અમે એના વ્યાજબી હકદાર' એવું મમત્વ અભિમાન જો ન હોત, તો ભરતને દુશ્મન શું કામ દેખત? ભરત એ ઝુંટવીને તમારો પરલોક બગાડે જ એવો નિયમ નથી. જ્યારે આ તૃષ્ણા અહંત્વ આદિ આંતર શત્રુઓ તો પરલોક નિશ્ચિત બગાડે છે માટે હે નરવીરો! બહારના કહેવાતા દુશ્મન જોવા કરતાં અંદરના ભયંકર દુશ્મન જુઓ. કષાયોથી આપણો આત્મા અનંત કાળથી સળગી રહ્યો છે. એવા કષાયોની ભયંકર આગ બુઝવો. રાજ્ય–લક્ષ્મી અને માન–પાનના પલ્લે પડી અનંતા આત્મધનને કાં ગુમાવો? આ મહા મૂલ્યવાન અને અતિ દુર્લભ માનવભવ વિષય–ઘેલછામાં તથા કષાયના આવેશમાં બરબાદ કરી નાખી, જાતને અને બીજાને અનંત ભવસાગરમાં ડૂબાડવા માટે નથી, પરંતુ આતર શત્રુઓ અને જુના કર્મના બંધન તોડીને અનાદિ અનંત કાળથી ચાલી આવેલી ભવપરંપરાનો કાયમી અંત લાવવા માટે છે! અનંત

જ્ઞાન-સુખાદિમય શાશ્વત મુક્તિનાં નિજનાં સામ્રાજ્ય લેવા માટે છે....” ઈત્યાદિ.

આ સમજુતીનું સુખદ પરિણામ એ આવ્યુ કે જ્યારે પૂર્વોક્ત પ્રસંગમાં પહેલાં જાતે વિરક્ત બનેલા એ પાછળના ઉપદેશથી કષાય અને ભયંકર હિંસામગ્ન બન્યા ને ખૂનખાર લડાઈની લોહીની નદીઓ વહી! ત્યારે અહીં જાતે કષાયથી ધમધમતા આવેલા, પણ હવે ઉપદેશથી શાંત અને વિરક્ત બની સંસારત્યાગી સંયમી સાધુ બન્યા! વળી એ સાંભળીને ભરત દોડતો આવ્યો, અને પશ્ચાત્તાપ કરતો ક્ષમા માગે છે, ને રાજ્ય સ્વતંત્રપણે સુખે ભોગવવા વિનંતિ કરે છે! પરંતુ આ તો સાચું સમજીને ખરા ત્યાગી બનેલા છે; તેમને સંસાર સાથે શી નિસ્બત? એ તો પોતાના ત્યાગ-માર્ગમાં જ દૃઢ રહી આગળ વધતાં વધતાં ઠેઠ કેવળજ્ઞાન સુધી પહોંચી જાય છે! પત્યું. લોહીનું એક ટીપું પણ રેડાયુ નહિ! દુશ્મનાવટ વરાળની જેમ ઊડી ગઈ! મૈત્રી અને અને કરુણાના પૂર વહ્યા! જેમા આગળ જઇ અંતે ભરત પણ કેવળજ્ઞાની બન્યા! સર્વજ્ઞવચનથી આવું સુખદ પરિણામ નીપજ્યુ! એ સર્વજ્ઞ શ્રી તીર્થંકર ભગવાનનો મોક્ષપ્રક્રિયાનો ઉપદેશ આ ‘પંચસૂત્ર’ -શાસ્ત્રમાં સંગૃહીત કરાયેલો છે; માટે એ સત્ય અને સુંદર છે.

**પાંચ સૂત્રનો ક્રમ સહેતુક :-** હવે પ્રશ્ન છે કે પાંચ સૂત્રનો ઉપન્યાસ આમ કેમ? ઉપન્યાસ એટલે સમીપ ન્યાસ, અર્થાત્ અમુક ક્રમવાળી રચનાની રજુઆત. તો અહીં સૂત્રોનો આ ક્રમ કેમ મૂક્યો? ઉત્તર એ છે કે આ પાંચ સૂત્રોમાં

કહેલા પદાર્થ વસ્તુગત્યા એવી જ રીતે એટલે કે એ જ ક્રમથી પ્રગટ થાય છે. તે આ રીતે કે પાપનો પ્રતિઘાત કર્યા વિના ગુણબીજાધાન થતું નથી, અને....ગુણબીજાધાન થયા વિના વસ્તુતઃ ધર્મગુણ ઉપરના શ્રદ્ધાપરિણામનો અંકુરો ફુટતો નથી; અને તે ન થાય તો સાધુધર્મની પરિભાવના અશક્ય છે. ત્યારે સાધુધર્મની પરિભાવના ન કરેલાને દીક્ષા લેવાની વિધિ આદરવાનો હક નથી. આમ દીક્ષા ન લીધી, તો તેના પાલનનો પ્રયત્ન ક્યાં રહ્યો? દીક્ષાનું પાલન ન કરે તેને દીક્ષાનું ફળ મોક્ષ ક્યાંથી મળે? મળે જ નહિ.

આ ક્રમ જાળવવાને બદલે જો કોઈ માણસ પાછલા સૂત્રની વસ્તુ દા. ત. સાધુ–ધર્મની પરિભાવના અગર પ્રવ્રજ્યા વગેરે પહેલી જ ઉપાડે અને પૂર્વનાં પગથિયાં ન રચે, તો એ યથેચ્છ તફડંચી કહેવાય. એમાં કાંઈ વાસ્તવિક ગુણ નહિ, આત્માની ઉત્ક્રાંતિ નહિ. તેથી મોક્ષ સિદ્ધ ન થાય. માટે અહીં કહ્યું કે પાંચસૂત્રના ક્રમે જ વસ્તુ પ્રાપ્ત થાય.

આવો પાપપ્રતિઘાત કરીને ધર્મગુણનાં બીજનું આધાન કરવાનું છે. અહીં ગુણ તરીકે પ્રાણાતિપાતવિરતિ આદિ છે. અર્થાત્ જીવહિંસા, અસત્ય વગેરે દોષ–દુષ્કૃત્યો ઉપર સહજ અરુચિ, અપક્ષપાત, દ્વેષ, વગેરે થઇને હવે એનો પ્રતિજ્ઞાબદ્ધ ત્યાગ થાય તે ગુણ. એમાં પણ સ્વર્ગીય સુખ વગેરેની આશંસાથી જ આ હિંસાદિત્યાગ આદરાય, એની કશી કિંમત નહિ. એ કાંઈ ગુણરૂપ નથી. એમાં તો ભૌતિક સુખ–સિદ્ધિ-

ઓની જ અંધ તૃષ્ણા મુખ્ય રહે છે. એના બદલે, 'એ હિંસાદિ દુષ્કૃત્યો ભવવર્ધક છે, મોક્ષને અટકાવનાર છે, આત્માની એક અધમ નિંદ્ય દશા છે,' એમ સમજી એનો ત્યાગ થાય, ગુણની જ શુદ્ધ ચાહના સેવે, એ અહિંસાદિ ગુણોનો આદર થાય, ત્યારે ધર્મગુણ પ્રગટ્યો કહેવાય.

બીજા સૂત્રમાં એ હિંસાત્યાગાદિ ગુણોના સ્વીકારની વાત છે. એના બીજનું આધાન વાવેતર કરવાનો ઉપાય અહીં પહેલા સૂત્રમાં બતાવવામાં આવ્યો છે.

### —: બીજાધાન એટલે શું :—

કોઈપણ ધર્મ કે ગુણ એનું બીજ સ્થપાયા પછી ક્રમશઃ એ બીજમાંથી અંકુર, નાળ, પત્ર વગેરે ઉત્પન્ન થઈને એના ફળરૂપે તે તે ધર્મ કે ગુણ પ્રાપ્ત થાય છે. શ્રી લલિત વિસ્તરામાં આનું વર્ણન કરતાં કહ્યું છે કે ધર્મગુણની પ્રશંસા એ એનું બીજ છે. અર્થાત્ તે તે ધર્મ–ગુણ કોઈનામાં જોઈને યા ઉપદેશમાં સાંભળીને મનમાં એનું આકર્ષણ ઊભું થાય, અને ઉદ્ગાર સરી પડે કે 'અહો! કેવો સરસ ધર્મ–ગુણ! કેવા સરસ હિંસા–ત્યાગ, અહિંસા, સત્ય! ....' વગેરે. એ ધર્મગુણની પ્રશંસા થઈ કહેવાય. આગળ પર ધર્મગુણરૂપી ફળ પ્રાપ્ત થવામાં આ બીજ છે. પછી એના પર એ ધર્મ–ગુણની ચિંતા અર્થાત્ અભિલાષા, ઝંખના થાય કે 'મને આ ક્યારે મળે? મળે તો કેવું સરસ!' એવી ધર્મગુણની હાર્દિક અભિલાષા એ અંકુર તરીકે છે. પછી એ કેમ પ્રાપ્ત થાય, એ માટેનું

શાસ્ત્ર-શ્રવણ કરાય, એની પ્રાપ્તિ માટે ઉપાયો યોજાય, ઈત્યાદિ કરતાં કરતાં જીવનમાં એ ધર્મગુણનો સ્વીકાર યાને ધર્મગુણ પ્રાપ્ત થાય, એ બીજનું ફળ આવ્યું કહેવાય.

આ ગુણબીજ ખરેખર પાપપ્રતિઘાત કર્યા પછી જ પ્રાપ્ત થાય છે. એમાં જેવી રીતે પાપપ્રતિઘાતમાં અશુભ અનુબંધના આશ્રવ અટકાવવામાં આવે છે, તેવી રીતે શુભ અનુબંધવાળા કર્મ ઊભા થાય છે. આમ તો પ્રતિસમય કર્મોનો બંધ ચાલુ જ છે. પરંતુ તીવ્ર મિથ્યાત્વ કષાયાવેશ વગેરે શાંત પડી ગયા હોવાથી એના સ્થાને ચિત્તમાં શુભ ભાવ પ્રગટ થાય છે; અને એથી શુભ અનુબંધ એટલે કે શુભ કર્મની પરંપરા ચાલે એવી સ્થિતિ ઊભી થાય છે. એને પુણ્યાનુબંધી કર્મ કહી શકાય. એના વિપાક વખતે આત્મામાં એવા તીવ્ર મિથ્યાત્વ, કષાયાવેશ વગેરે નહિ હોવાથી ધર્મ-ગુણની રુચિ ઊભી થાય છે.

સારાંશઃ– ગુણબીજાધાન કરવાની લાલસા હોય તો એ પ્રાણાતિપાત-વિરમણ આદિ ગુણોનું પહેલાં તો આકર્ષણ એવું ઊભું કરવું જોઈએ કે જીવનમાં ધર્મગુણ એજ ઉપાદેય લાગે, એજ કર્તવ્ય અને હિતરૂપ લાગે, એજ પ્રાપ્ત કરવા યોગ્ય લાગે, અને હિંસા અસત્ય વગેરે અકર્તવ્ય સમજાય. એમાંથી ધર્મગુણની એ શ્રદ્ધા ઊભી થાય છે કે એ ધર્મ-ગુણોની પ્રાપ્તિથી જ જીવન ધન્ય લાગે, એ ધર્મગુણો જ સારભૂત લાગે. આ શ્રદ્ધારૂપ બીજ એ સમ્યક્ત્વ છે. એમાં મોક્ષની રુચિ છે, તત્ત્વનો આગ્રહ છે, પરિણતિજ્ઞાન છે. આ

બધું ક્યારે આવે? પાપનો પ્રતિઘાત થયા પછી જ. ભવરુચિનું પાપ જાય તો જ મોક્ષરુચિ વગેરે પ્રગટે. અતત્ત્વ-મિથ્યાત્વની રુચિનું પાપ જાય, તો જ તત્ત્વની રુચિ જાગે. સંસારરસિકતાનું પાપ જાય, તો જ મોક્ષ-રસિકતા આવે. વિષય-પ્રતિભાસ જ્ઞાન અર્થાત્ વિષયોને સુખભર્યા અને ઇન્દ્રિયોને સુખસાધન તરીકે દેખવું, એ પ્રતિભાસ જ્ઞાન જાય, તોજ તત્ત્વ-પરિણુતિનો ગુણ આવે. પરિણુતિ એટલે વિષયો એના સાચા સ્વરૂપે ઓળખાય, હળાહળ વિષસમા સમજાય, ભવવૃદ્ધિ કરનારા તરીકે હૃદયમાં અંકિત થાય. એવું જ હિંસા અસત્યાદિ પાપો માટે લાગે. આ થવાથી મિથ્યાત્વ-પાપનો પ્રતિઘાત થઈને સમ્યગ્દર્શનરૂપી ગુણબીજની પ્રાપ્તિ થાય.

આ સૂત્રોનો પદાર્થ ઉપરથી સમજવો સહેલો છે, પરંતુ ગંભીર છે. અર્થાત્ હૃદયમાં એની સ્પર્શના કરવાનું કાર્ય ઊંડો વિચાર માગે છે.

પાપ-પ્રતિઘાતથી અશુભાનુબંધનો આશ્રવ અટકી જવાથી તથા ગુણબીજાધાન દ્વારા શુભાનુબંધનો આશ્રવ ઊભો થવાથી હવે હૃદયમાં હિંસાદિ દુષ્કૃત્યોના ભાવ જાગવાની પાપસામગ્રી અટકી જઈને ગુણના ભાવ જાગવાની સામગ્રી ઊભી થાય છે. એવી શુભ વૃત્તિ-પ્રવૃત્તિને અનુકૂળ સામગ્રી બાહ્યથી માનવ-દેહ, આર્યક્ષેત્ર, પાંચ ઇન્દ્રિય તથા સ્વસ્થ મન, આરોગ્ય, અરિહંત દેવાધિદેવ, નિર્ગ્રંથ ગુરુ, સર્વજ્ઞ વચન ઇત્યાદિ, તથા અભ્યંતરથી શુભભાવ સમ્યગ્ વીર્યોલ્લાસ વગેરે ઊભા

થાય છે. ઠેઠ મોક્ષ પામવા સુધી આવી સામગ્રી મળ્યા કરવાની. અશુભ અનુબંધના પ્રતિઘાત અને શુભાનુબંધના આધાનથી આ બની આવે છે. એ પુણ્યાનુબંધી પુણ્યનો પ્રભાવ છે. એમાં મુખ્ય તો વિશુદ્ધ અધ્યવસાય યાને હૃદયનો વિશુદ્ધભાવ કે જેમાં મોક્ષ ને ધર્મગુણની તીવ્ર તમન્ના વગેરે છે એ ગુણબીજ છે.

જ્યારે ગુણબીજાધાનથી હિંસા–વિરમણ આદિ ગુણો તરફ રુચિ સાથે આકર્ષણ ઊભું થયું એટલે આ ગુણો સ્થૂલથી સ્વીકારવા માટે પ્રયત્ન થાય છે. 'સ્થૂલથી' એટલે ગૃહસ્થ ઘરવાસમાં રહેતાં પાળી શકે તેવા મોટા મોટા રૂપમાં હિંસા–વિરમણ, અસત્ય–વિરમણ, વગેરે. એમાં દા. ત. ૧. 'નિરપરાધી હાલતા ચાલતા જીવને જાણી જોઈને હું મારીશ નહિ' ૨. 'કન્યા, ઢોર, ભૂમિ વગેરે અંગે જૂઠું બોલીશ નહિ....' ૫. પરિગ્રહ અમુક પ્રમાણથી વધુ રાખીશ નહિ....' વગેરે. એને અણુવ્રત કહે છે. સંસારત્યાગી સાધુને મહાવ્રત હોય છે કે જેમાં પૃથ્વીકાય, અપ્કાય, વગેરે નાના જીવોની પણ હિંસા વર્જ્ય છે, એમ સૂક્ષ્મ પણ અસત્યનું ભાષણ નહિ,.. રાતી પાઈનોય પરિગ્રહ નહિ, ઈત્યાદિ. એ સ્થિતિનું દિલ ઊભું કરવા માટે અહીં અણુવ્રતો, અને એનાં પોષક બાબતોનો આદર, તથા બાધક બાબતોનો ત્યાગ, આ બધાનો અભ્યાસ કરવાનો હોય છે. આ અભ્યાસ મહાવ્રત અને ક્ષમાદિ દશ પ્રકારના સાધુધર્મે પહોંચવા માટે છે.... તેથી એને સાધુધર્મની ભાવનાવાળો અભ્યાસ યાને પરિભાવના કહે છે.

**'પરિભાવના'** એટલે ભાવના, ઝંખના, તત્પરતા સાથે ચોક્કસ રૂપના વ્રત–આચારાદિના પાલનનો વારંવાર અભ્યાસ. સાધુધર્મ યાને સર્વવિરતિમય ક્ષમાદિ દશ પ્રકારનો ચારિત્રધર્મ બહુ ઊંચો ધર્મ છે. સર્વ બાહ્ય માયા અને અભ્યંતર મમતાદિ છોડીને એ કરવાનો છે, અને તે પણ મન-વચન-કાયા અને ઇન્દ્રિયોની સર્વ અશુભ પ્રવૃત્તિઓ છોડીને મહાવ્રતો અને એની તકેદારીઓના અણીશુદ્ધ પાલન સાથે કરવાનો છે. એ માટે આત્મામાં તેવો વીર્યોલ્લાસ જગાડવા માટે પહેલાં અણુવ્રતોનો શુદ્ધ અભ્યાસ કરવો જોઈએ. તે પણ એ અહિંસા–સત્ય વગેરેની સહજ સુંદરતા વગેરે હૃદયમા અંકિત કરી દઈ તથા એ અકલ્યાણ મિત્રોનો સર્વથા ત્યાગ કરીને કલ્યાણમિત્રોનો ખાસ સંસર્ગ રાખી, ધર્મ–જાગરિકા આદિ સાથે કરવાનો છે. સાધુધર્મ આત્મામાં ઉતારવા માટે આત્માને બહુ યોગ્ય બનાવવો જોઈએ.

**જીવન સ્વભાવમાં શું લાગે છે ?** :–પરિસ્થિતિ એ છે કે આત્માએ અનંતાનંતકાળ એનાથી અવળી ચર્યા ખૂબ રસપૂર્વક આદરી છે, તેથી સાધુધર્મનો સ્વપ્ને પણ ખ્યાલ આવ્યો નથી. સાધુધર્મની કોઈ વાત કરે તો 'એજ ખરેખર આત્માનો સ્વભાવ છે' એવું કયાં ભાસે છે ? સાધુધર્મમાં મુખ્ય તપ અને સંયમ આવે છે, શ્રાવક–ધર્મમા દાન અને શીલ આવે છે હવે જીવને પૂછીએ કે તારો સ્વભાવ તપનો કે ખાવાનો ? પૈસા દેવાનો કે લેવાનો ? દિલમાં સંયમની વૃત્તિ જાગે કે વિષય–કષાયની ? સંયમી એટલે તો ગમે તેવા રળિયામણા વિષયો આંખ સામે આવે પણ મનને વિષયમાં ન ભળવા દે. આવો સ્વભાવ હજી સ્વપ્ને પણ નથી અનુભવ્યો. જાણે જીવના–સ્વભાવમાં

વિષયરસની ઓતપ્રોતતા થઈ ગઈ છે! આહાર સ્હેજે યાદ આવે છે, તપ નહિ! પરિગ્રહમાં સ્હેજે આબાદી ભાસે, નિષ્પરિગ્રહતામાં નહિ! ઇંદ્રિયોના વિષયોનો ભોગવટો નિર્ભય લાગે, ત્યાગ નહિ! જીવને અતૃષ્ણા સાથે નહિ પણ તૃષ્ણા અને તાલાવેલી સાથે એકરૂપતા જાણે સ્વભાવમાં કાં ન હોય? સાધુધર્મમાં આવા ઉલટા ભાસ ન નભે. એવા ઉલટા ભાસ ટાળવા આત્મામાં કેઈ પ્રકારની યોગ્ય તૈયારી કરવી જ પડે. તે કર્યા વિના સાધુધર્મની સ્પર્શના ન થાય પ્રતિપક્ષી જે ચીજો આત્મામાં પેસી ગઈ છે તે કાયમ ન રહેવી જોઈએ.

**ચર્યા ફરવવી જોઈએ :–**

આત્મસ્વભાવથી વિરુદ્ધ ચર્યા અનંતકાળ આદરી છે, એ સહજ જેવી બની આત્મામાં પેસી ગઈ છે, તેને ઓછી કરવી જોઈએ. ઓછી નહિ કરાય તો જીવન હાલબેહાલ થશે. તેને ઓછી કરી ઉચ્ચ સંયમ અને તપોમય જીવન માટે ભૂમિકા તયાર કરવાની. એ કેમ બને? તોજ, કે જો જડને ભૂલાય અને ચેતનને જ યાદ રખાય. અર્થ–કામ વિસરાય અને ધર્મ–મોક્ષ જ સ્મરાય, વિષય–કષાયનું નામ મુકાય અને ત્યાગ–વૈરાગ્ય અને ક્ષમાદિમય જીવન બનાવાય. પણ અફસોસ! કે જે ચીજો ભૂલવાની છે તેનું વારંવાર સ્મરણ સ્હેજે થઈ જાય છે, અને જે યાદ કરવાનું તે યાદ આવતું નથી! અને કદાચિત્ યાદ આવ્યું હોય તો ભૂલતા વાર નથી લગતી!

**રત્નચિંતામણિ જેવા માનવભવમાં યાદ કરવા લાયક શું?** અહિંસા, સંયમ અને તપ; ત્યાગ, વરાગ્ય અને ઉપશમ; પરિણતિ, વિરતિ અને અપ્રમાદ; દર્શન જ્ઞાન અને

ચારિત્ર. વગર ખ્યાલે પણ સ્હેજે સ્હેજે યાદ આવે, આજ મગજમાં રમ્યા કરે, ભૂલ્યું ભૂલાય નહિ, એ સ્થિતિ ઊભી કરવી જોઈએ. એ માટે ભૂમિકારૂપે છેવટે આંશિક તપ, આંશિક સંયમ આંશિક અહિંસા, એમ એ અંશે પણ સ્વભાવમાં આવી જવા જોઈએ. એ પોતાની ચીજ લાગે અને તેના પ્રતિપક્ષી હિંસાદિ પાપસ્થાનકો, આહારાદિ સંજ્ઞાઓ, સંસારના કંચન કુટુંબ વગેરે હૃદયથી પારકા લાગે, વેઠરૂપ લાગે, નુકસાનકારી ભાસે. સ્વભાવમાં પેસી ગયેલી અનાદિની અવળી ચર્યા સહજ ભાવે ઊછળી શકે નહિ તેવું થવું જોઈએ. ઊઠે તો બળાત્કારે ઊઠતી હોય એવી સ્થિતિ કરવી જાઈએ. સંયમ લીધો હશે ત્યાં ભૂખ બી લાગશે. પણ હવે મનમાં આહાર અને રસનાની સંજ્ઞા એટલી ઉત્કટ નહિ ઊઠે તપ અને સંયમ મનને ધ્યાન તરફ લઈ જશે, આહાર સંજ્ઞા તરફ નહિ ઘસડતા સ્વરૂપ–રમણતા તરફ ઘસડશે.

**સાધુધર્મની પરિભાવના ન થાય ત્યાં સુધી** સાધુધર્મ લેવો કારગત ન થાય. તેથી સાધુધર્મ લેતાં પહેલાં લેવાની જે પ્રાથમિક વિધિ, તેના અધિકારની તજવીજ થવી જોઈએ. વિધિપૂર્વક સાધુધર્મ લીધો નહિ હોય તો સાધુધર્મ પાળવા માટે શું પ્રયત્ન કરશે ? જેને સાધુધર્મ લેવાનો છે તેના પોતાના આગળ પાછળના નિકટના સંબંધીજનો સહેજે સહેજે એની સાથે બૂઝી જાય. ન બૂઝે તો ઉપાયોથી પ્રતિબોધે તેમેય ન બૂઝે તો યથાશક્તિ એમની આજીવિકાની ચિંતા કરી રજા માગે. રજા ન મળે તો અટવી ગ્લાન–ઔષધ ન્યાયે ઘરનો ત્યાગ કરે. આ વિધિ પછી પાલન માટે પ્રયાસ થવો ઘટે. આત્મા અને પર્યાયની કોરી વાત કર્યે કાર્ય નહિ સરે, પણ તે પ્રમાણે પ્રવૃત્તિ જોઈએ. સાધુપણાનો સોલરાઈટ (એકાન્ત હક) ફક્ત

મનુષ્યને છે. અસંખ્ય તિર્યંચો સમકિતિ અને વ્રતધારી દેશવિરતિ અત્યારે મોજુદ છે, પણ સર્વવિરતિ નથી. નરકમાં સમકિતી અને દેવભવમાં પણ સમકિતી છે, પણ વિરતિધર નથી. મનુષ્યભવમાં જ સાધુપણું-સર્વવિરતિ સ્વીકારી શકાય છે; તો તે લીધા અને પાળ્યા વિના મિથ્યા-સપાપ પ્રવૃત્તિ કેમ અટકે? ને સંસ્કારો કેમ ઘસાય? સાધુધર્મની પાલના સિવાય અંતિમ ફળ મોક્ષની પ્રાપ્તિ શી રીતે થશે? પહેલા સાધુધર્મનું પાલન અને પછી પાલનનું ફળ મોક્ષ. ક્રમ આજ પ્રમાણે છે. આ ક્રમે જ આ પદાર્થ આત્મામા પ્રગટ થાય છે.

**દ્વાદશાંગી પ્રવચનનો આ સાર છે.** દ્વાદશાંગીમાં અગણિત પદાર્થો કહ્યા છે. શ્રુતનો એ મહાસાગર છે ને એ બધાનો સાર આ પંચસૂત્રમાં છે. જેણે પંચસૂત્ર ભણીને આત્મામાં પરિણમાવ્યું તેણે દ્વાદશાંગીનું નવનીત પરિણમાવ્યું. કેમકે દ્વાદશાગી ભણીને આત્મામાં જે ઉતારવાનું છે તે પંચસૂત્રમાંથી સારભૂત તત્ત્વરૂપે મળે છે. આખી દ્વાદશાગી જુઓ, બે વાત નજરે તરે છે, એક જ્ઞાન અને બીજી ક્રિયા. કોઈ પણ વાત જુઓ, કાં જ્ઞાનની હશે અથવા ક્રિયાની હશે, તે પરસ્પરના સહકારવાળી, અર્થાત્ જ્ઞાન સહિત ક્રિયાની અગર ક્રિયા સહિત જ્ઞાનની. એકલા જ્ઞાનની અથવા એકલી ક્રિયાની વાત નથી. જ્ઞાન વિના ક્રિયા આંધળી છે, ક્રિયા વિનાનું જ્ઞાન લૂલું પાંગળું છે.

**જ્ઞાન અને ક્રિયા બંને જોઈએ :-**

દ્વાદશાંગીના પહેલાં અંગ આચારાંગમાં મુખ્યપણે આચારની-ક્રિયાની વાત છે, પણ ષડ્જીવનિકાય અને એના ઘાતક શસ્ત્રના જ્ઞાન સાથે. બારમા અંગ દૃષ્ટિવાદમાં દ્રવ્યાનુયોગ

છે. એ જ્ઞાન શુદ્ધ ક્રિયાની સાથે આત્મસ્વરૂપની નજીક લઈ જાય છે. ષડ્દ્રવ્યની વિચારણા યાને જ્ઞાન જડની વાસના ભૂલાવે, અને સાધુપણાના આચારનું પાલન શુદ્ધ ચેતનાનો પક્ષ મજબૂત કરે છે સમ્યક્ ક્રિયા આત્માની પ્રવૃત્તિના ચકડોળને મિથ્યા ઘુમરડી લેતું અટકાવી સમ્યગ્ દિશાએ સવળું ફેરવે છે, આ જીવના અનાદિના 'લાવ લાવ'ના સંસ્કારને અટકાવી સઘળા સંસ્કાર 'લે લે'ના ઊભા કરે છે; 'આવ, આવ'ની વાત મુકાવી 'જા, જા'ની વાત કરાવે છે. ભેળું કરવાના સંસ્કાર જતા કરાવી, છોડવાના સંસ્કાર સિંચે છે. આ બધું સમ્યક્ ક્રિયા કરી શકે ક્રિયા અને જ્ઞાનની વાત જ દ્વાદશાંગીમાં, અહીં પણ તેજ વાત, તેથી દ્વાદશાંગીનો આ સાર. એકલા જ્ઞાનવાળાને તો વાત કાંઈ અને ક્રિયા કાંઈ. તે ચાલે નહિ, શોભે નહિ, સફળ થાય નહિ જ્ઞાનની વાત સાથે તેની અનુકૂળ ક્રિયા જોઈએ જ્ઞાન સાથે સમ્યક્ ક્રિયાના ખૂબ જોરથી જ્યારે કુસંસ્કાર નષ્ટ થઈ જાય, મોહ સદંતર નાબૂદ થઈ જાય, ત્યારે અનંત જ્ઞાન પ્રગટ થાય. પછી શૈલેશી ક્રિયાદ્વારા મોક્ષ થાય, એટલે આત્માનું શુદ્ધ જ્ઞાનસુખાદિ સ્વરૂપ પૂર્ણપણે પ્રગટ થયુ, હવે ક્રિયાની જરૂર નહિ.

**પાપ પ્રતિઘાત-ગુણબીજ વિના બધું એળે :-**

પહેલાં પાપનો પ્રતિઘાત કર્યા વિના ધર્મગુણ બીજનું આરોપણ થતું નથી એ બંને વિનાનો બધો પ્રયાસ અફળ જશે, અને સંસારની રખડપટ્ટી ચાલુ રહેશે. પરિમિત સંસારને બદલે અપરિમિત સંસાર રહેશે. અનાદિ એવા આ સંસારમાં પાપનો નાશ કર્યા વિના અને ધર્મગુણબીજનું આરોપણ કર્યા વિના જ અનેકવાર આ જીવે કડક સાધુપણું પાળ્યુ; પણ પરિણામે

મુક્તિ જે થવી જોઇએ, તે થઈ નથી એ જોઈ શકીએ છીએ. શાથી એમ બન્યુ ? ક્રમ વિના વાસ્તવિક પદાર્થની પ્રાપ્તિ થતી નથી. ક્રમિક પ્રયાસ વિના સાધુધર્મ ગમે તે રીતે લીધો હોય તો તે ગુણ-કારક નથી થતો; કેમકે એ ચારિત્ર ગુણરૂપ નથી પણ ગુણાભાસ છે.

**નિર્બીજ ક્રિયા :–**

ચારિત્રનું નજીકનું ફળ શું ? મુખ્ય ફળ આત્માની શુદ્ધિ, અને ગૌણ ફળ સુદેવપણુ, સુમનુષ્યપણું, પુણ્યાનુબંધી પુણ્યાઈ-વાળું ઊંચ ગોત્રીય દેવત્વ–મનુષ્યત્વ. આ ન લાવે એ ચારિત્રક્રિયા ગુણાભાસ છે. નિર્બીજ ક્રિયા છે. બીજ આ, પાપપ્રતિઘાતપૂર્વક ગુણબીજ, પૂર્વ કહ્યું તે, અશુભાનુબંધ તોડી શુભાનુબંધ ઊભા કરાય તે. શાસ્ત્રમાં લખ્યુ છે દેવપણું અનંતવાર મળ્યું, પણ એ પુણ્યાનુબંધી નથી બન્યુ. દેવપણુ ચારિત્રના ગુણ વિના અજ્ઞાન કષ્ટથી પણ મળે. ગમે તે રીતે ચારિત્ર લે, અને અનંતીવાર નવમા ગ્રવેયક સ્વર્ગ સુધી ઉત્પન્ન થાય. એ ગ્રૈવેયક દ્રવ્યચારિત્ર વિના તો ન જ મળે. સાધુક્રિયા વિના ગ્રૈવેયકમાં ન જવાય. જીવે અનંતીવાર ઊંચી સાધુક્રિયા પાળી, પણ પછીય સંસાર–ભ્રમણ રહ્યું, મુક્તિ ન મળી. એ બતાવે છે કે વિધિપૂર્વક, ક્રમ–પૂર્વક સાધુક્રિયા લીધી નહિ. પાપપ્રતિઘાત જ ન કર્યો, ચારિત્ર-ક્રિયાની તફડંચી કરી. આત્સામા કાંઈ મહત્ત્વનો પલટો કરવો જોઈએ, એ વાત જ ન જાણી. સહન કરેલું કષ્ટ એળે ગયુ. દેવલોક મળ્યો તેથી તો આત્માનો અનાદિ જડાનંદનો સ્વભાવ ગાઢ બન્યો, પણ તેમાં ઉલટ પરિવર્તન ન થયુ. સાધુ બન્યો, કષ્ટ સહ્યું, છતાં સ્થિતિ કંગાળ ! કેમકે સર્વવિરતિ લીધી ખરી, મહાવ્રતની પ્રતિજ્ઞાઓ કરી ખરી, પણ જીવ ખાવાપીવામાં

સુખશીલતામાં, માનપાનમાં, કષાયોમાં, મસ્તાન બન્યો! સંજ્ઞાઓ એણે જીતી નહિ, પણ સંજ્ઞાઓથી એ જીતાયો!

**મોક્ષ-સાધનામાં બીજ સમ્યક્ત્વ: સબીજ ક્રિયાથી જ મોક્ષ :-**

દા.ત., પ્રોફેસરે વિદ્યાર્થીને ૨૫ વર્ષ ભણાવ્યો. મહાન ગ્રંથોનું દોહન આપીઆપી વિદ્યાર્થીને ભણાવ્યો. પણ છવ્વીસમા વર્ષે પરીક્ષા લીધી ત્યારે સામાન્ય ગણિતના હિસાબમાં ચૂકચો એ કેવું કરૂણ અંજામ! તેવીજ રીતે સાધુધર્મ લીધો પણ તેના ફળમાં સંસાર મળે એ કરુણ અંજામ થયો. હિંસાની ઘેલછા, અસંયમની અહર્નિશ કુટેવ, ખાવાપીવાની લાલસા, વિષયોની લંપટતા, કષાય અને પ્રમાદની પરવશતા,-એ આત્માને દયાર્દ્ર કોટિમાં મૂકે છે. સાધુક્રિયા કરી પણ ફળ ન મળે તો સમજવું કે વિધિ અને ક્રમમાં ખામી છે. ક્રમથી વિધિપૂર્વકના માર્ગ તરફ માત્ર સમ્યક્ દૃષ્ટિ પણ થાય, તો પણ તેની ભવસ્થિતિ અર્ધપુદ્ગલ પરાવર્તની અંદર જ. તે વિના ભાવિમાં પારવિનાનો સંસાર છે! માટે સમ્યક્ત્વ વિનાની કોઈપણ કરણી અથવા સમ્યક્ત્વ વિનાનું ચારિત્ર આગામી સંસાર-સ્થિતિકાળની કોઈ ગેરેન્ટી (પ્રમાણપત્ર) નથી આપતું. કેમકે એ ક્રિયા નિર્બીજ છે, વંધ્યા છે. બી નહિ હોય તો ફળ થવાની આશા જ નથી. દરેક ક્રિયા અને ચારિત્રમાં બીજ માટે તત્ત્વશ્રદ્ધા અને મોક્ષરુચિ હોવી જ જોઇએ. બીજવિનાની ક્રિયા નિર્બીજ ગણાય, સબીજ ક્રિયાથી જ ફળની પ્રાપ્તિ થાય. સબીજ ક્રિયા આવ્યા પછી દીર્ઘ સંસાર ન હોય. આત્માના પ્રદેશે પ્રદેશે (અણુએ અણુએ) તત્ત્વની શ્રદ્ધા અને મોક્ષરુચિ હોય તો કોઈપણ ક્રિયા તેને સંસારમાં

રખડાવનારી ન થાય. એટલા માટે આ શાસ્ત્રના પદાર્થો પરમાર્થથી એજ ક્રમે આવિર્ભૂત [પ્રગટ] થાય છે, એમ કહ્યું.

**ભવાભિનંદી અયોગ્ય :-**

अयं चातिगम्भीरो न भवाभिनन्दिभिः क्षौद्राद्युपघातात्प्रतिपत्तुमपि शक्यते ।

આ પંચસૂત્રમાં કહેલા ભાવ અતિગૂઢ અને ગંભીર છે; માટે જ પહેલાં પાપનો સંપૂર્ણ સમૂળગો નાશ કરી ધર્મગુણ-બીજનું આધાન કરવાનું કહે છે. ભવાભિનંદી (સંસાર-રસિયો) જીવ પોતાની ક્ષુદ્રતા, લોભરતિ વગેરે દૂષણને લીધે આ પવિત્ર પદાર્થો મેળવવા માટે યત્ન નથી કરતો. અરે ! આ પદાર્થોને સમજવા પણ શક્તિમાન નથી, અને પદાર્થને સમજવાની દરકાર સરખીય એને નથી. એની કિંમત જ ન હોય પછી એની ગરજ કે દરકાર શેની જાગે ? એટલે ગુણબીજ જ નથી તો ફળ ક્યાં ? બીજ વિનાની ગમે તેટલી કષ્ટમય ક્રિયા પણ કરવામાં આવે તેથી ફળ ન જ બેસે. એ તો ભવાભિનંદીપણાના પાયા પર ઊભેલા અને એને પોષનારા ક્ષુદ્રતા આદિ આઠ દુર્ગુણોથી આત્માનો જે પ્રાથમિક શુદ્ધ ભાવ હણાઈ ગયો છે, તેને તે દુર્ગુણો ટાળી શુદ્ધ કરવામાં આવે, અને શ્રદ્ધાપૂર્વક શ્રાવકના અણુવ્રત, ગુણવ્રત, અને શિક્ષાવ્રત સ્વીકારી એનો ખૂબ ખૂબ અભ્યાસ થાય, સાથે જરૂરી બીજા ગુણો અને સાવધાનીઓમાં સતત પ્રયત્ન રહે, ત્યારે સાધુધર્મને યોગ્ય તથા ઉત્સુકતાવાળું મન ઊભું થાય છે. આ બધો અભ્યાસ અને પ્રયત્ન એ પરિભાવના છે

---

# ભવાભિનંદીના ૮ દુર્ગુણ

અહીં ભવાભિનંદીના આઠ દુર્ગુણો સમજી લેવાની જરૂર છે. જેથી જીવનમાંથી હંમેશ માટે એને દૂર કરી દેવાય, અને સાચીજ ધર્મક્રિયાને ધર્મઆચારને અવકાશ મળી શકે. આઠ દુર્ગુણો આ પ્રમાણે છે—

क्षुद्रो लाभरतिर्दीनो मत्सरी भयवान् शठ ।
अज्ञो भवाभिनंदी स्याद् निष्फलारंभसंगतः ॥

(૧) ક્ષુદ્રતા, (૨) લાભરતિ, (૩) દીનતા (૪) માત્સર્ય, (૫) ભય, (૬) શઠતા, (૭) અજ્ઞતા, અને (૮) નિષ્ફલારંભ પ્રયત્ન. આનો ટૂંકો વિચાર આ મુજબ છે—

(૧) **ક્ષુદ્રતાઃ**—હૃદય ક્ષુદ્ર એટલે તુચ્છ, છીછરૂં, ઉત્તાન, ઉછાછળું, હલકટ, વગેરે હોય. એમાં વસ્તુને ઊંડાણથી જોવાની વાત નહીં. માત્ર પોતાનો અધમ સ્વાર્થ જ પ્રિય હોવાથી એ સ્વાર્થ સિદ્ધ કરવાની તાલાવેલીમા કોઈ પણ વસ્તુ કે પ્રસંગને દીર્ઘદૃષ્ટિથી કે નિપુણદૃષ્ટિથી જોવાની વાત જ ન હોય. આ સ્થિતિમાં તાત્ત્વિક શ્રદ્ધા આવે જ ક્યાંથી? તત્ત્વ ગળે ઊતરે નહિ, સમજાય નહિ, તો પછી ટકવાની વાત શી? તત્ત્વોની વાતો ગળે ઊતરે અને ટકે તો જ સતત વિચાર તાત્ત્વિક કોટિના રહી શકે. એ માટે તુચ્છ સ્વાર્થની અંધતા ટાળી વસ્તુ કે પ્રસંગને સાચા રૂપમાં જોઈ તપાસવી, અને એ માટે સૂક્ષ્મ બુદ્ધિથી વિચાર કરવો એમ કરવાથી અનુચિત વર્તન, દુષ્કૃત્ય કે દિલના દુષ્ટ ભાવથી બચી જવાય, આના માટે 'ધર્મરત્ન પ્રકરણ' ગ્રંથમાનો પ્રસંગ જોવા જેવો છે.

**પર્વત નારદનું દૃષ્ટાંતઃ—**

શ્રોત્રીમતી નામની એક નગરીમાં એક પાપભીરૂ ક્ષીરકદંબ નામે બ્રાહ્મણ રહેતો. એ વેદશાસ્ત્રનો જાણકાર હોઈ એની પાસે એનો પુત્ર પર્વત, બહારથી આવેલ નારદ, અને રાજપુત્ર-વસુ શાસ્ત્રાભ્યાસ કરતા હતા. ત્યાં એકવાર આવેલા મહાજ્ઞાની બે મુનિઓમાં એક મુનિ ધીરેથી બીજા મુનિને કહે છે કે આ ત્રણમાંથી બે અધોગામી અને એક ઊર્ધ્વગામી છે. ઉપાધ્યાય એ સાંભળી ગયો. મનને થયું કે વીતરાગના માર્ગને અનુસરનારા આ મહાભાગ અસત્ય બોલે નહિ. ત્યારે એમાં રાજપુત્ર પ્રાયઃ અધોગામી સંભવે છે. બાકી બેમાં કોણ એક અધોગામી, એ તપાસવું જોઈએ. કેમકે અધોગામી હોય તે કંઈ પાપ કર્મો કરે. એવાના ગુરુ બનવામાં મોટો દોષ છે. કહ્યું છે:--

'भर्त्तु भार्याकृतं पापं शिष्यपापं गुरोर्भवेत् ।
राज्ञि राष्ट्रकृतं पापं, राजपापं पुरोहिते ॥

અર્થાત્ 'પતિના માથે પત્નીના, ગુરુના માથે શિષ્યના રાજાના માથે પ્રજાના, અને પુરોહિતના માથે રાજાના દુષ્કૃત–પાપોનો ભાર ચઢે છે.' એમ વિચારી પરીક્ષા માટે અંધારી રાતે લાખના રસનો ભરેલો ૧–૧ કૂકડો નારદ અને પર્વતને આપી કહ્યું કે મેં આને મંત્રથી મૂર્ચ્છિત કરેલો છે તમે એને 'જ્યાં કોઈ ન દેખે ત્યા મારીને લાવો.'

**નારદ** ગુરુનું વચન અલંઘનીય છે એમ માનતો તે લઈને ઉપડ્યો. જંગલમાં જુએ છે તો તારામંડળ જોતું લાગે છે. યક્ષમંદિરમાં યક્ષ જોતો લાગ્યો. શૂન્ય ઘરમાં પણ લાગ્યું કે 'અહીં હું પોતે તો જોઉં જ છું. કદાચ આખ મીંચી દઉં તોય

પાંચ લોકપાલ. અને દિવ્યજ્ઞાનીઓ આ જુએ જ છે. માટે ગુરુના વચનનો ભાવ એ છે કે આને વગર માર્યે લઈ આવવો.' એમ કરી પાછો લાવી ગુરુને સોંપી દીધો, અને ખુલાસો કર્યો.

**પર્વત** તો ક્ષુદ્રમતિવશ જંગલમાં કોઇ માણસ ન દેખે ત્યાં મારીને લાવ્યો.

ગુરુએ નારદને આવકાર્યો, અને પર્વતને ઠપકાર્યો કે 'ત્યાં તું, લોકપાલ, દેવતાઓ, વગેરે તો દેખતા જ હતા, તો કેમ મારી લાવ્યો ?' હવે ઉપાધ્યાયને મનમાં મુંઝવણ થઈ કે 'અરે ! આવા નરકગામી શિષ્યને પકવી હું પાપથી કેવી રીતે છૂટીશ ?' સવારે ઉદ્યાનમાં મુનિ પાસે જઇ પૂછે છે,

'ભગવંત ! કુટુંબનો માણસ દુષ્કૃતમાં પ્રવર્તે તો માલિક અધર્મ વડે બંધાય કે નહિ ?'

સાધુ કહે છે 'સળગતો ઘાસનો પૂળો હાથમાં લેનારો દાઝે કે નહિ ? બસ, એમ ઘરમાલિક પણ બંધાય.'

બ્રાહ્મણ પૂછે છે 'તો પછી એ પાપથી મૂકાય કેવી રીતે ?'

સાધુ કહે, 'જેમ બળતો પૂળો મૂકી દે અને પછી ન દાઝે એની જેમ.'

એ સાંભળીને ક્ષીરકદંબે મુનિ પાસે ચારિત્ર લીધું, અને સદ્ગતિનો ભાગી થયો પાછળથી પર્વતે છાત્રોને 'અજૈર્યષ્ટવ્ય' એવા વેદવાકયનો 'બકરાથી યજ્ઞ કરવો' એવો અર્થ બતાવતા ત્યાં આવેલ નારદે સાભળ્યું ને કહ્યું કે 'ગુરુજીએ તો અજ એટલે બકરો નહિ પણ ન ઊગે એવું જુનું ધાન્ય ડાંગર વગેરે કહ્યું

છે.' પરંતુ ક્ષુદ્રતાવશ પર્વતે એ કબુલ્યું નહિ, તેમ ખાનગીમાં એની માતાના કહેવા છતાંય ન માન્યું, અને એ અર્થમાં વસુરાજાની સાક્ષી લેવાનું નક્કી કર્યું. માતાએ પણ પુત્રમોહવશ વસુને ખાનગીમાં પહેલેથી પર્વતનો પક્ષ કરવા ભોળવ્યો. વસુએ જૂઠી સાક્ષી આપતાં ભવનદેવતાએ એને તરત નીચે પટક્યો, એ મરીને નરકમાં ગયો ! પર્વતનો લોકમાં ફિટકાર થવાથી ત્યાંથી ભાગ્યો, અને બહાર ઘોર હિંસાનો માર્ગ પ્રવર્તાવી અંતે અધોગતિમાં પટકાયો !

**ક્ષુદ્રના વિચારઃ–**

એક ક્ષુદ્રતા કેવું તત્ત્વ ભૂલાવે છે ! સત્યને ઓલંઘાવે છે. અને ભયંકર હિંસાદિમાં રક્ત બનાવે છે ! ત્યાં પછી મોક્ષની દૃષ્ટિ જ ક્યાંથી જાગે ? માત્ર ભવનો જ આનંદ હોય છે. માટે આ ક્ષુદ્રતા ટાળી ઉદાર દિલે વિચારવું જોઇએ કે, 'ક્ષુદ્રતાથી તો અનંતા ભવો ભમ્યો ! હવે મોક્ષ ક્યારે નિકટ કરીશું ?' કર્મને શરમ નથી. કર્મ તો ક્ષુદ્ર દિલના અતિ દારુણ પરિણામ દેખાડે છે. માટે ક્ષુદ્રતાવશ ભવવર્ધક વિષયભોગ અને સ્વાર્થના તુચ્છ બહુમાન ન કરાય.' જો માનપાનાદિ તુચ્છ સ્વાર્થ તથા ધનમાલ આદિ તુચ્છ વસ્તુના લોભ બહુ સતાવે છે, એની ન્યૂનતામાં બહુ બળાપો થાય છે, તો એ તુચ્છના બહુમાનથી હૃદય ક્ષુદ્ર જ રહ્યા કરશે ! દા. ત. ઊંઘ બહુ વહાલી કરી, ત્યાં અડધી રાતે કોઈએ બારણું ઠોકી બૂમ મારી, તો જાગી જતાં ક્ષુદ્ર મનને થશે કે ' આ કોણ હરામી આવ્યો ? ' પછી ભલે કદાચ પેલાને અંદર લેતાં, એ કોઈ સારી વાત કરવા ઉપર, દિલ લલચાઇ જશે ! ખરી રીતે ક્ષુદ્રતાને બદલે ઉદાર મન

રાખી એજ વિચારાય કે 'કોણુ ભાગ્યશાળી કયા સંકટને લીધે અત્યારે આવ્યો હશે ?' તેથી દિલ દયા–સહાનુભૂતિભર્યું રહે, અને આત્મા ઉદયના માર્ગે પ્રયાણ કરતો રહે. માત્ર મનનો ઝોક ફેરવવાનો છે.

**ક્ષુદ્રના તુચ્છ વસ્તુના બહુમાન :–**

ક્ષુદ્રતા કેવળ સાંસારિક સ્વાર્થના પાયા પર ફાલીફૂલી રહે છે. તુચ્છ ભોગના બહુમાનથી ક્ષુદ્રતા સતત જેવી બની જાય છે તેથી તુચ્છ વસ્તુનો ભારે લોભ, એની ન્યૂનતામાં ભારે બળાપો, એ મળવા પર તુચ્છ હરખનો પાર નહિ, દિવસનો મોટો ભાગ એની વાતો, એના વિચારો, અને એવી હલકી પ્રવૃત્તિઓ, આ બધું સહજ બને છે. આમા પછી ઊંચી વિચારસરણી, માનસિક ઊંચા ધોરણ, ઉદાર વૃત્તિઓ, ઉદાર વ્યવહાર એ બધું ક્યાંથી આવી શકે ? 'મારે હજી મુક્તિનું કેટલું અંતર ? હું ભવવૃદ્ધિ કરી રહ્યો છું કે ભવસંકોચ ?' એનો સ્વપ્ને વિચાર આવતો નથી. ક્ષુદ્રતા ટળી મન વિશાળ બને, ઉદાર બને, તો તુચ્છલોભ, તુચ્છભોગ, તુચ્છમાન, તુચ્છ-વિષયો વગેરેને મહત્વ જ ન અપાય. બનવા જોગ છે કે એનો ત્યાગ ન કરી શકતો હોય પરંતુ ત્યારે દિલ એમાં ઓતપ્રોત પણ ન થાય. ઉલ્ટું એવી ક્ષુદ્ર–તુચ્છની રમત વેઠરૂપ લાગે, ગ્લાની કરાવે, એના એવા આધળિયા નહિ કે જેથી જીવો પ્રત્યે દયા ગુમાવે, સહાનુભૂતિ ભૂલે, પરોપકાર વીસરે. એ બધું તો ક્ષુદ્રતાના ખેલ છે. ક્ષુદ્ર નિષ્ઠુર બને છે, નિર્દય થાય છે. બીજાની ભૂલ, અગર પોતાને થતું લેશ પણ નુકશાન સાંખી શકતો નથી. એને વિચાર નથી કે,

**ઉદારની વિચારણા :-**

'સામો જીવ પણ મારી માફક એક સંસારી જીવ છે, કર્મથી કચરાયેલો છે. એની તો બિચારાની દયા જ ખાવી રહી, એના પર ગુસ્સો શો કરવો ? ગુસ્સો થાય તો આખા જગતને પીડનારી એ કર્મસત્તા અને મોહના અંધાપા પર થાઓ. બાકી એ જીવને તો સદ્બુદ્ધિ મળો. એ બિચારો ભૂલ, કષાય અને દુષ્કૃત્યથી બચો; બિચારો દુર્ગતિના દુઃખમા ન ફસાઓ. એનું ભલું થાઓ' આવી કરુણા-મૈત્રીભાવ રાખવો જોઈએ. નિર્દયતા અને દ્વેષ રાખવાથી ધર્મની સગાઈ નહિ થાય.' જ્યાં આ વિચાર જ નહિ ત્યાં એ ક્ષુદ્રતાવશ ધર્મ આવે જ ક્યાંથી ? વ તવાતમાં 'હું' પદ આવે,-' હું જ કાક છું. બીજા કુછ નહિ'-એવો ગર્વ રહે. યેનકેન પ્રકારે મને મનગમતું મળવું જોઈએ. હું સારો લાગું..' એવી તુચ્છતામાં બડાઈ હાકવી, જુઠાં બોલવા, નિંદા કરવી, વગેરે દુર્ગુણો ઘર જ ઘાલી બેઠા હોય. એમ તુચ્છ સ્વાર્થમા બીજાનું વટાઈ જાય એની ચિંતા નહિ. ધન આદિના લોભે બીજાને કચરવામાં સંકોચ નહિ ! માયા-પોલિસી હૃદયમાં રમતી, અને વર્તનમા વણાયેલી ! આત્મહિતકર દાન-શીલ-તપ વગેરેની સાધના કડવી લાગે. આ બધા ક્ષુદ્રતાનાં પરિણામો છે વળી જરૂર પડચે પોતાને દાનની ટીપમાં લખાવવું પડશે એ ભયથી 'આ ટીપ ને આ કામની જરૂર જ શી છે ?' એમ કરીને આખું જ ઉડાવવાની વાત ! તેમાં બીજાઓના દાન પણ ઊડી જાય એટલી હદની ચેષ્ટા ક્ષુદ્ર હૃદયમાંથી ઊઠે છે. દિલ જો ક્ષુદ્ર ન હોય, ઉદાર હોય, તો તો આત્મહિતકારી અને જગતહિતકારી દાનાદિધર્મ પ્રત્યે ચાહના

ઊભી થાય. એના વિના જીવન અસાર કૂચા લાગે. હૃદયમાં ધર્મની ભાવના એવી ઊછળ્યા કરે કે ધર્મના બાધક પ્રલોભનો તુચ્છ ગણે. ભય રહે કે આ દુન્યવી પ્રલોભનોથી રખે ધર્મ-ભાવના તૂટે !

**ધર્મભાવના શું શીખવે છે ? :–**

ધર્મ–ભાવના તો શીખવે છે કે 'નાશવંત અને આત્મ-હિતઘાતક જડ પદાર્થની બહુ કિંમત શી આંકવી ? રસદાર ભોજન કે હીરામાણેક આદિ તો જીવને પાગલ બનાવી નચાવનારા છે, દુર્ગતિના કૂવામાં ઉતારનારા છે એના શા અભરખા રાખવા ? દિલની અભિલાષા તો એક માત્ર અનાસંગ પદની રખાય, પણ પુદ્ગલના સંગની નહિ. હીરામાણેક, મેવા–મિઠાઈ, બંગલા–વાહન વગેરે બધું તો એકેન્દ્રિય જીવોનાં કલેવર છે. એવા તુચ્છ કલેવર માટે ક્ષુદ્ર શું બનવું ? એની ઉજાણી શી માનવી ? મડદા પર ઉજાણી ગીધડા કરે,'–ક્ષુદ્રતાને લીધે આવા વિચારનું સ્વપ્નું પણ નથી આવતું તત્ત્વની મશ્કરી કરવાનું સુઝે છે ! નિર્બુદ્ધિ પોતાની જાતને મહાબુદ્ધિમાન માની મહાજ્ઞાનીઓને સમજણ વિનાના માને છે અગર થોડું શાસ્ત્રજ્ઞાન પણ હોય તો ય ક્ષુદ્રતાવશ પોતાને પ્રાજ્ઞતાનો ભ્રમ અને અભિમાન ભારે ! ટૂંકમાં કહીએ તો આ ખતરનાક ક્ષુદ્ર-વૃત્તિના પાયા પર અનેકાનેક દોષ દુર્ગુણો અને દુષ્કૃત્યો એટલા રસપૂર્વક સેવાય છે કે ત્યાં ગુણબીજ લાવે એવા વિષયવિરાગ, કષાય-અરુચિ, ક્ષમાદિગુણોની પ્રશંસા, ભવનો ભય, મોક્ષની રુચિ વગેરેના ફાંફા હોય છે. માટે દિલ ઉદાર, ઉમદા, વિશાળ જરૂરી.

**ભવાભિનંદીનો ૭ મો દુર્ગુણ લોભરતિ : (લાભરતિ) :–** જીવનમાંથી સદંતર લોભ જવો ઘણો મુશ્કેલ, બહુ ઊંચી કક્ષાની વાત ! પરંતુ ભવાભિનંદી જીવને લોભની ભારે ગૃદ્ધિ હોય છે, પક્ષપાત હોય છે. એ તો સિક્કો મારે છે કે 'લોભ તો રાખવો જ જોઈએ. આપણે તો સાધુ થોડા જ છીએ ? સંસારી છીએ. લોભ ન હોય, ધંધો ન કરીએ, પછી સંસાર કેમ ચાલે ? એવું જીવન તો મુફલિસ ગણાય ! માણસને મહત્વકાંક્ષા તો હોવી જ જોઈએ ' આમ લોભ નીડરપણે સેવ્યે જાય, એ માત્ર લોભ નહિ, કિન્તુ લોભ-રતિ છે. એથી એ અલ્પ લોભી અને અલ્પ ધન ધાન્ય આદિમાં સંતોષી જીવને તો મૂઢ, અજ્ઞાન, એદી રાંકડા સમજે છે. ત્યાગની વાત આવે ત્યારે કહેશે કે 'બહુ ઝીણું શાસ્ત્ર ! ચોથા આરાની વાત ! આજના કાળે તો વળી લોભ ને લાભ વિના ચાલે ? ' એવી લાભરતિવશ ધનમાલ, માનસન્માન, સેવાપકવાન્ન, વગેરેનો લાભ થવા પર એટલો બધો એમાં આસક્ત બને છે, એને એવું સર્વસ્વ માને છે, પ્રાણથી અધિક સમજે છે, કે રાતદિવસ એની જ ચિંતા, એના જ વિચાર, અને એની જ ગડમથલ કર્યા કરે છે. ત્યાં પછી એ ક્ષણિક, ચંચળ અને મર્યા પછી જીવની સાથે નહિ જ જનારી વસ્તુના લાભ કડવા માનવાની વાત ક્યાં ?

**કપિલ કેવળી :–**

પૌદ્ગલિક લોભ, એની પછી થતો લાભ, એના પર વધતો લોભ અને વધુ મેળવવાની દોડધામ, વળી પૂર્વની પુણ્યાઇ–વશ થતો લાભ, એમ લોભ–લાભની પરંપરા ચાલે છે. એ વિષચક્ર છે. કપિલ બ્રાહ્મણને રાજા બે માસા સોનું ભેટ આપશે એ આશા

હતી. પણ જ્યારે રાજા કહે છે 'માગ શું જોઈએ છે?' ત્યારે કપિલને એટલો લાભ નક્કી થઈ જવા પર વધુ લોભ જાગ્યો કે 'રાજા મારી ઇચ્છા મુજબ માગવા કહે છે તો પછી ચાર માસા માગું' પણ પાછું મનમાં થયું કે 'એટલું તો રાજા આપશે પણ એટલેથી શું ?' એમ લાભ ઉપર લોભ વધ્યો. વળી પાછો રાજાએ આપવાનો આંકડો માંડચો નથી એટલે અધિકાધિક લાભ કલ્પી એના પર '૮–૧૫–૨૫....માગું' એમ લોભ વધતાં ઠેઠ ક્રોડના આંકડે કામ પહોંચ્યુ ! ત્યાં પોતે હવે ચોંકી ઊઠે છે, કે 'અરે! આ શું? આમ તો લોભનો થોભ નહિ 'इच्छा हु आगाससमा अणंता !' અહો ! આ મૂઢ જીવની કેવી અનંતાનંત કાળથી ગોઝારી લોભની લત કે હજી આવા ઊચ્ચ માનવભવે પણ છૂટતી નથી ! એ આવા બુદ્ધિ–સમજ–વિવેકના ભવે નહિ છૂટે તો ક્યાં છૂટશે? લાભ તો અનંતીવાર અનુપમ અનુપમ થઇ ગયા, છતાં લોભ શમ્યો નથી એ હકીકત છે. લાભથી લોભ ન શમે; એ તો તદ્દન નિઃસ્પૃહતાથી જ શમે. માટે મારે હવે લોભ કરાવનારા ઘરવાસ માત્રથી સર્યું" એમ કરી કપિલ મુનિ બન્યા. છ માસમા આંતરિક સૂક્ષ્માતિસૂક્ષ્મ પણ લોભના કુરચા ઉડાવી કેવળજ્ઞાની બન્યા !

પરંતુ ભવાભિનંદી જીવ લાભ–લોભના વિષચક્રમાં ફસેલો એ બન્નેને અતિ જરૂરી લેખે છે. કદાચ ભગવાનની ભક્તિ કરે, ગુરુનો ઉપદેશ સાંભળે, આંખમાં આંસુ ય લાવે, ગળગળાપણું દેખાડે, છતાં અંતરમાં લોભ–લાભની ગાંઠ સજ્જડ રાખે છે. ધર્મ–સાધનાને પૌદ્ગલિક લાભ–લોભના ઢાંચામાં ઢાળે છે! એનો

એને એટલો બધો પક્ષપાત રહે છે કે ત્યાં સર્વથા ધન અને ઇન્દ્રિય-વિષયોના ત્યાગની વાત મગજમાં બેસતી જ નથી ! એને સમજાતું જ નથી કે

'**લોભ સર્વ પાપનું મૂળ છે** ! સર્વ ગુણોનો નાશક છે ! જીવને આ સંસારમાં અપાર પીડા પમાડનાર છે ! અનંતા-કાળથી કર્મના ચીંથરેહાલ ગુલામ તરીકે ભટકાવનાર છે ! જીવને નિજના મુક્તિના અનંત આનંદથી તો દૂર શું, પરંતુ અહિં પણ તૃપ્તિ અને અપરિગ્રહ તથા સર્વત્યાગના અપૂર્વ સુખથી દૂર ને દૂર રાખનારો છે. આવી સમજના અભાવે માત્ર જડ જગતની જ એક રટના અને આનંદ હોય છે એને જ ઉપાદેય માની એ લોભ ન કરનારને ગમાર લેખે છે. તો પરિણામ કેવું ? સુભૂમ ચક્રવર્તી રાજ્ય-લોભની ગૃદ્ધિમાં, ચક્રી બ્રહ્મદત્ત અને ત્રિપૃષ્ઠ વાસુદેવ ઇન્દ્રિયવિષયના લોભ-લાભની આસક્તિમાં, મમ્મણશેઠ ધનના લોભની રતિમાં ...વગેરે કેઈ પામરો મરી મરી સાતમી નરકમાં પટકાઈ ગયા ! મમ્મણનો પ્રસંગ બતાવે છે કે વાતમા કંઈ માલ નહિ અને લાભ-લોભની ચીકણી રતિ હૃદયમાં કેવીક જામી પડી ! ને કેવી રીતે એ ફાલીફૂલી સાતમી નરકમાં એને ઉતારનારી બની ! ટૂંકો પ્રસંગ આ પ્રમાણે છે—

**મમ્મણનું દૃષ્ટાંત :-**

મમ્મણ શેઠ પૂર્વ જન્મમાં એક વણિક હતો. એકવાર ઘરે સાધુ આવ્યા. ઘરમાં બીજું કાઈ દેખ્યું નહિ, પણ કોઈને ત્યાંથી આવેલો સિંહ-કેસરિયો લાડુ જોયો, તે સાધુને વહોરાવી ખૂબ ખુશીખુશી થઈ ગયો. સાધુના ગયા બાદ પણ માને છે કે 'ધન્ય દિવસ કે મુનિને સુંદર દાન દેવાનો લાભ મળ્યો !'

એટલામાં પાડોશી આવી પૂછે છે કે 'કેમ ? પેલો લાડુ ખાધો કે ? આ કહે 'અરે ? એનો તો સુંદર લાભ મળ્યો ! ' પેલો કહે 'અરે, શું મારા ભાઈ! લાભ તો ઘણા ય લેવાય. આ તો એક ચીજ હતી. લાવો જો એ શેમાં મૂક્યો'તો ?' મમ્મણે ભાજન આપ્યુ. એમાંથી કણિયા ચોટેલા જોઈ મમ્મણને કહે, 'ચાખો આ.' મમ્મણ ચાખીને ચકિત થઈ ગયો 'વાહ, આ તો કોઈ અવ્વલ ચીજ છે! અરે હું ભૂલ્યો. રહો હમણાં જ જઈ લાડવો પાછો લઈ આવું; ગયો. ગામ બહાર નીકળતા મહારાજને બૂમ મારી 'મહારાજ ઊભા રહેજો,' મહારાજ કહે 'ભાઈ ખપ નથી.' આ કહે 'અરે પણ મારે ખપ છે.' મહારાજ સમજ્યા કંઈક બાધા–નિયમ લેવો હશે, તે ઊભા રહ્યા. મમ્મણ કહે 'બાપજી જરાક ભાઈસાબ! માફ કરજો તમે ઘેર આવ્યા તે સારું કર્યું. ફરી પણ પધારજો, જોગ હશે તો હું બીજા બહુ લાડવા વહોરાવીશ. પણ હમણાં તો ભાઇસાબ, મને પેલો મારો લાડવો આપો.' સાધુ કહે 'ઓ ભલા માણસ! દાન કર્યા પછી પાછું મંગાય?' 'મહારાજ! એ હું સમજું છું, ન મંગાય. પણ જરાક મને એની તૃષ્ણા જાગી છે તો દ્યો ભાઈસાબ મારો લાડવો.' સાધુ સમજાવે છે 'અરે મહાનુભાવ! એ તો હવે ચારિત્રનો માલ થઈ ગયો, તે સાધુને દેવાય, ગૃહસ્થને નહિ.' 'એ બાપજી ગમે તે હોય, પણ મને એનો મોહ લાગી ગયો છે એટલે તમારે પગે પડું, દ્યો મને તમે મારો લાડવો.' 'ભલાભાઈ! આ તો અમે ગુરુજીની ચિઠ્ઠીના ચાકર, તે ભિક્ષા લઈ જઈએ. બાકી આ માલ તો ગુરુજીનો છે એટલે અમારે તો ગુરુજીનેજ આપવાનું.' મમ્મણ કહે કે

'ભાઈસાબ ! હું ગુરુજી પાસે ક્યાં આવું ? મેં તો તમને આપેલો છે. માટે મહેરબાની કરીને દઈ દ્યો મારો લાડવો.' મમ્મણને લાડવાનો એવો તો લોભ લાગ્યો છે કે સાધુએ એ લોભના ભયંકર પરિણામ અને દાનના અઢળક લાભ સમજાવ્યા છતા ન માન્યું ત્યારે સાધુ નીચે બેસી એને વાતમાં રાખી કપડાંની અંદર હાથ ઘાલી લાડવો નીચે ધૂળ–ભેગો ચોળી નાખ્યો, ઊભા થઈ કહે છે કે 'હવે તમે જાઓ દીધેલા દાનની બહુ અનુમોદના કરજો. પુણ્યલાભ ઘણો વધી જશે' પેલો કહે 'ના મહારાજ ! મને લાડવો દ્યો' 'તો જુઓ, આ ધૂળમાં ભળેલો છે, તમે જાણો.' મમ્મણ લોભની ગૃદ્ધિમાં શોક કરતો કરતો પાછો ગયો; દાનથી જબરદસ્ત પુણ્ય ઊભું કરેલું, તેમાંથી ઘણું બાળી નાખ્યું. વધારામાં બાકીના પુણ્યામૃતમાં મોહના ઝેરી કણિયારૂપી પાપાનુબંધ નાખ્યો પરિણામે બીજા ભવમાં મમ્મણ શેઠ થયો. રત્ને જડેલા સોનાના બળદિયા જેટલું અઢળક ધન મેળવવા છતા પેલા પાપાનુબંધથી અત્યંત મમતા રહી ! એને ધન ભેગું કરતા માલ મફત કે સસ્તો યા વધુ ન મળવા વગેરેનો ભારે શોક થતો, મેળવવાની લોભરતિ રહેતી, અને માત્ર તેલને ચોળા ખાવાની ભારે કૃપણતા રહી. ઇત્યાદિ તામસ ભાવથી મરીને સાતમી નરકે ગયો.

એવા અનંતા પામરો મરીને સાતમી નરકે ગયા. દાટેલા નિધાન ત્યાંને ત્યાં પડી રહ્યા, અને લોભ–લાભરતિવશ જીવોને અનેક ભવોમાં ભ્રમણ, કપામણ, છૂંદામણ યાવત્ એકેન્દ્રિયકાયમાં અસંખ્ય કે અનંતકાળની કેદ મળી.

**સમરાદિત્ય ત્રીજાભવના અધિકારમાં** અવાંતર કથામાં બાલચંદ્ર પોતાનો ભાઈ ગુણચંદ્ર ભાગ ન લઈ જાય અને સાત લાખ સોનૈયા પોતાને પચે, એ માટે ભાઇને મારી પર્વતના ભાગમાં દાટેલ એ ધન પર ચોકી કરતો હતો. પણ મહાકાય સાપથી મર્યો ! કેટલાય ભવો બાદ ગુણચંદ્ર ત્યાં બાજુના નગરમાં વણિક્પુત્ર થઈ તે પર્વત પર પધારેલા તીર્થંકર ભગવાનને વંદન કરવા ગયેલ. ત્યાં પ્રભુને પૂછે છે, 'ભગવંત ! આ શું આશ્ચર્ય કે પર્વત પર ઊગેલ એક નારિયેળીના વૃક્ષનું મૂળ નીચે ઠેઠ તળેટીએ હતું ? શું ત્યાં નિધાન છે ? અને તે કોણે દાટયું ?' ભગવાન કહે છે, 'હા, ત્યા નિધાન છે અને તે, તેં તથા નારિયેળીના જીવે પૂર્વના એક ભવમાં બે ભાઈ બનીને પર્વતના નીચેના ભાગમાં દાટેલ, પણ ભાઇએ તને ધનલોભથી માર્યો. પછીથી વચલા એક ભવમાં એણે જાતિસ્મરણથી ધન જાણી ત્યાથી ઉઠાવી તળેટીએ દાટયું. આમ લાભરતિવશ જીવ એકેન્દ્રિયપણામાં ગયો. હવે એનો શે ઉદ્ધાર ? ભવાભિનંદિતા એટલે કે સંસારનો રસ આવા લોભ-લાભરતિ આદિ દુર્ગુણો પર પોષાય છે.

**ભવવ્યાધિનું કુપથ્ય લાભ-લોભ-રતિ સામે વિચારણા :-**

અતિ લોભ ને લાભરતિ તો દીર્ઘ ભવવ્યાધિને લાવનાર ભયંકર કુપથ્ય છે. જડ પદાર્થના લાભમા લોભનો વિજય થાય છે. એવા લાભ-લોભના સત્કાર ન હોય, એમાં ખૂમારી ન શોભે. વિચારવું જોઈએ કે 'અહો મારા જીવનું કેવું અજ્ઞાન ! કે પરાધીન લાભ પર શાબાશી ? આત્માને કાળો મેશ કરનાર લોભમાં ઉજમાળતા ? લાભ તો પૂર્વના પુણ્યની અનુકૂળતા હોય તો

વગર ધારણાએ, અને નહિ જેવી મહેનતે, અઢળક થઈ જાય છે. અનુકૂળતા ન હોય તો ગમે તેટલી ઝંખના, દોડધામ અને હોશિયારી છતાં ખુશામત કરીને પણ લાભ નથી થતો. કદાચ પાપોદયે લેવાના દેવા ય થાય છે. આવા કર્મને આધીન પરના લાભની પૂંઠે શું પડવું? આત્મામાં પાપનો ગંજ ખડકે એવા તુચ્છ માન–માલનો લોભ શો કરવો? લોભ તો સુકૃતો, સદાચારો અને સદ્‌ગુણોનો જ કરાય, જેથી સુસંસ્કારો વધે. સત્તા–સંપત્તિ –સન્માન–વિષયસુખોના લાભથી તો જુનાજુના અને ભવવર્ધક જાલિમ કુસંસ્કારો દૃઢ થાય છે! જેને ભૂંસવાની તક પછીના ભવોમાં ક્યાં મળવાની? એ તો એને નિર્મૂળ કરવાની અનુપમ તક આ માનવભવમાં છે. તેને કેમ ગુમાવી દેવાય?' આ વિચાર નથી. ઇચ્છાઓના ધાડેધાડા હૃદયમાં ઘુસે છે. ચિંતાનો હુતાશન સળગે છે; કારમા પાપ કરવામાં આંચકો નથી આવતો, ભાઈ ભાઈના કે પિતાપુત્ર જેવાના પવિત્ર સંબંધો ગંદા બનાવાય છે; મહાન ઝઘડા ખડા થાય છે. હિંસા જૂઠ, અનીતિ, ગુસ્સો, પ્રપંચ વગેરે અનેક દુર્ગુણો આત્મામા જીવંત થાય છે! આવા અનેક અનર્થોને લાવનાર લોભમાં ખુમારી અને મગ્નતા કરવી એ કેટલી બેવકુફી છે! આવી જંજાળમાં જીવન પાણીના રેલાની જેમ ચાલ્યું એકાએક પૂર્ણ થઈ જાય છે ત્યારે એ એ લોભ અને લાભ ભવાંતરે જીવને ક્યાંય શરણ કે બચાવ નથી આપવાના એ નિશ્ચિત છે. માટે વિચારીએ કે–' જીવ! લોભ લાભથી જરા પાછો વળ. એ થઈ જાય ત્યાં એની કવિતા ન ગા એને કર્તવ્ય ન માન. સમજ કે એ આત્મગુણના ચોર છે, ત્યાજ્ય છે. એને સેવવામાં પુરુષાર્થિપણું નહિ પણ કાયરતા

છે. દુન્યવી મહત્વાકાંક્ષા પર કર્તવ્યનો, ગુણનો, હોશિયારીનો, કે નિષ્પાપતાનો સિક્કો મારવો એ ભવાભિનંદીનું બીજું લક્ષણ.

**ત્રીજો દુર્ગુણ દીનતા** એ, કે વાતવાતમાં ઓછું આવે, બધું સુદર અને સર્વાંગ સંપૂર્ણ જોઈએ, જરાએ ઓછું ન ચાલે, સારૂં મળ્યું તો પણ ટેવ રોદણાં રોવાની ! હંમેશનો અસંતોષ ! ગમેતેટલું મળે, ગમેતેટલું સચવાય, તો પણ ઓછું પડે. કાંઈ નથી મળ્યું એમ લાગ્યા કરે ! એમ તો જગતની કઈ વાતમાં ખામી અને અધુરાશ નથી રહેવાની ? કોઈનીય બધી ખામી કદીય નથી ટળી. ત્યાં ખોટી ઝંખના શી કરવી ? પરંતુ ભવાભિનંદીને મળેલાના સંતોષને બદલે ન મળ્યાનો ખટકો થાય છે, મળેલામાં સત્તર ખામીઓ દેખે, શોક કરે અને ઝુરે છે ! ખામી ટાળવા અને મનમાન્યું મેળવવા અધમ ગુલામીઓ અને ચાપલુસી કરે છે ! સદાનો માગણિયો તે કૂતરાની જેમ દીન બની ચાટુ કરીને માગ–માગ કરવામાં એને શરમ નહિ ! પોતાના ઉત્તમ કુળ, ધર્મ, ગુરુ આદિનું કાંઈજ ભાન નહિ. જાત ભૂલે, કુળ ભૂલે, સ્વમાન ચૂકે, પાપમાં ડૂબે ને પાશવી સંજ્ઞામા પરવશ બને છે

સંસાર પોતે સર્વાંગે દુઃખમય છે, સર્વાંગે સુખમય નથી. સર્વાંગે સુખ તો પોતાના આત્માના શુદ્ધ સ્વરૂપમાં છે, અને આછું સુખ એવા આત્મસ્વરૂપની રમણતામા છે. તે સિવાય તો જડ પદાર્થોના સંયોગોમાં સુખાભાસ છે, સુખના પડછાયા છે; તે પણ મહાદુ:ખની ફોજ લાવનારા ! ત્યાં સુખની આશા શી ? જો આશા ખોટી છે, તો ઇષ્ટ જડ–સંયોગ ઓછો ય મેળવ્યા પછી

મનને ઓછું શું લગાડવું ? સંસાર સર્વ અંગે તો નહિ પણ એક અંગે ય સંપૂર્ણ દેનાર નથી, છતાં સંસાર–રસિકનો સ્વભાવ જ દીનતા કરવાનો ! વારેવારે મનને ઓછું જ આવ્યા કરે ! સંસારનો રસ જીવને મૂઢ બનાવે છે. એ પુદ્ગલનું ય સ્વરૂપ સમજતો નથી, તેમજ આત્માનું ય સ્વરૂપ સમજતો નથી ! એ આત્માનું અવિનાશી, અપરાધીન, એકાત સુખસ્વરૂપ સમજતો નથી. એ આત્માનું અવિનાશી, અપરાધીન, એકાંત સુખસ્વરૂપ જડ પુદ્ગલના સ્વરૂપમાં શોધે છે એને ભાન નથી કે 'પુદ્ગલ તો નાશવંત છે, પરાધીન છે, અને પુદ્ગલના આશીને એ દુઃખ દેવાના સ્વભાવવાળા છે, ત્યાં તે સુખ જડે ? અમૃતની શોધ સર્પના મુખમાં કરાય ? સાચા સુખી થવું હોય તો સંસારનો વિશ્વાસી ન બન. સંસાર એટલે જ ઓછપ ! ત્યાં પૂર્ણતા ન હોય; તેથી થોડામાં તૃપ્તિ કર. ' મારે શી ખામી છે ? ' એમ મન રાખી જરાય દીન ન બન, થોડું મળ્યું ઝાઝું માન, તો જ હજુ કાંઈ સુખની આશા રહે, આ તો જ બને કે જો જીવ અર્થ-કામને સર્વસ્વ ન માને, ને ઇન્દ્રિયોના વિષયોમાં લુબ્ધ ન બને. નહિતર એકાદવાર મહાસંયમ પણ પાળ્યુ હોય છતાં જો વિષય-ગૃદ્ધિ જાગી, તો પછી જીવ એવો દીન અને કંગાળ બને છે કે પૂર્વકમાઈ જાણે બધી ધૂલ !

**કંડરીકની દીનતા :–**

બહુ ઊંચે ચઢેલાને પણ જો દીનતા આવી જાય તો કેવો પટકે છે એ પુંડરીક–કંડરીકની કથામાં જોવા મળે છે. પુંડરીક રાજા છે, નાનો ભાઈ કંડરીક યુવરાજ છે. એકદા નગરમાં મહામુનિ પધાર્યા. એમની દેશના સાંભળી બંને વૈરાગ્યવાસિત બન્યા.

પુંડરીક કંડરીકને કહે છે 'ભાઈ! તું આ રાજ્ય સંભાળ, હું ચારિત્ર લઈશ.' કંડરીક કહે 'મોટા ભાઈ! ચારિત્ર તો મારે જ લેવું છે. તમે તો રાજ્ય સંભાળતા પણ વૈરાગ્ય ટકાવી શકશો, અને પછી ય ચારિત્ર લઈ શકશો, ત્યારે હું તો જો રાજ્યમાં પડયો તો પછી વૈરાગ્યને મહા જોખમ. પછી કાંઈ આ જિંદગીમાં ચારિત્રનો પુરુષાર્થ થાય નહિ. માટે મને તો હમણાં જ લેવા દો.'

પુંડરીકને લાગ્યું કે એ ઠીક કહે છે, તેથી રજા આપી. કંડરીકે સિંહના જેવા પરાક્રમથી ચારિત્ર લીધું અને એ રીતે પાળવા માંડયું. એક હજાર વર્ષ સુંદર તપસ્યાઓ પણ કરી!

હવે દૈવયોગે કંડરીકમુનિ માંદા પડયા! ગુરુ સાથે કુદરતી એ પુંડરીકના નગરમાં આવ્યા છે ગુરુને રાજા વિનંતિ કરે છે કે 'ભાઇની ચિકિત્સા અહીં જ કરાવો અને જે કાંઈ અનુપાનાદિ જોઈએ તેનો લાભ મને આપો. મારે રસોડું મોટું છે, એટલે બધું નિર્દોષ મળશે' ગુરુએ સ્વીકાર્યું કંડરીકમુનિ ઔષધ પ્રયોગથી સાજા તો થઈ ગયા, પણ દરદની દીનતા પર હવે રાજવી માલમશાલાનો ચટકો લાગવાથી વધુ દીન બન્યા! તે હવે વિહાર માટે તૈયાર નથી થતા. ગુરુએ સમજાવ્યા છતા ખાવાની દાઢમા એવા નિઃસત્ત્વ રાકડા મનવાળા થઈ ગયા કે ગુરુ પરિવાર સાથે વિહાર કરી જવા છતાં પોતે ત્યાં જ રહ્યા!

રાજા પુંડરીકે જોયુ, મામલો બગડયો છે, તેથી કંડરીક પાસે આવી મધુર શબ્દોમાં કહે છે, 'મહારાજ! આપે તો કામ સાધ્યુ, અને અમે કીચડમાં પડયા છીએ. છતાં અમને

વૈયાવચ્ચનો સુંદર લાભ આપ્યો, એ અહોભાગ્ય અમારા! ફરીથી પણ પાછા ગુરુ મહારાજને લઇને પધારજો, લાભ આપજો!'

વિહાર અને સાધુતાની સામાન્ય ગોચરીના કાયર અને દીન-હીન બનેલા કંડરીકમુનિને જવાની ઇચ્છા નહોતી, પણ હવે મોટાભાઈ રાજા ગર્ભિત સૂચન કરે છે કે 'સિધાવો અહીંથી,' એટલે શરમના માર્યા ત્યાંથી વિહાર તો કરવો પડ્યો; પરંતુ મન મીઠા સ્નિગ્ધ રસનું લાલચુ અને તેથી દીન કંગાલ બનેલું, તે થોડા વખતમાં એકલા પાછા આવ્યા નગરના ઉદ્યાને! માળીના ખબર આપવાથી રાજા ગભરાઇને ઝટપટ આવ્યો. દેદાર જોતાં સમજી ગયો 'છતાં સ્થિરીકરણ ઉપબૃંહણાપૂર્વક કરવું'—એવા શાણપણથી મુનિને ત્રણ પ્રદક્ષિણા દઈ વંદના કરી કહે છે 'ભાગ્યવંતા છો, દીર્ઘકાળના સંયમી! બ્રહ્મચારી! મહાતપસ્વી! કેવા પરાક્રમી કે રાજશાહી વિષયોના બંધન ફગાવી દઈ મોહના ફુરચા ઉડાવી રહ્યા છો! હવે ગુરુમહારાજ પાસે જ જશો ને?' કંડરીક મુનિ બોલતા નથી.

રાજાએ જોયું કે તલમાં તેલ નથી; તેથી પૂછે છે 'શું ગલીચ ભોગ જોઈએ છે?' કંડરીક નિર્લજ્જ અને દીન થઈ આખ માથું નમાવી હા સૂચવે છે. એજ વખતે પુંડરીક રાજા એને પોતાનો વેશ આપી એનો વેશ પોતે લઈ ભાવથી સાધુ બની ગુરુને ભેગા થવા ચાલી જાય છે. બે ઉપવાસ બાદ ત્રીજે દિવસે ગુરુને ભેટી ચારિત્રક્રિયા કરીને શુષ્ક–શીત–અંતપ્રાંત આહારથી પારણું કરે છે. એ ન પચવાથી એ જ રાતે પીડા ઊભી થવા છતાં ઊંચા ઊછળતા ભાવોલ્લાસમાં કાળ કરી અનુત્તર વિમાને જન્મે છે! કંડરીક દીન રાંકડાની જેમ ખાનપાન પર

તૂટી પડે છે, રાતના અજીર્ણથી મરતાં ભયંકર રૌદ્રધ્યાનને લીધે સાતમી નરકમાં ઉત્પન્ન થાય છે! દીનતાએ કેટલું મોટું અંતર પાડ્યું? પેલા ૧૪મા રાજલોકના છેડે, આ ૭મી પાતાલે!

અહીં જોવાનું એ છે કે દીનતાથી માણસનું સત્ત્વ નષ્ટ થઈ જતાં હાથમાં આવેલ પણ ધર્મ જતો રહે છે. પછી તૃપ્તિ-ધરપત ધરવાનું ક્યાં? અર્થ–કામની સતેજ અભિલાષા 'થોડામાં ઘણું લાગે'–એવી તૃપ્તિ નથી આવવા દેતી. મૂઢ જીવ અર્થકામને સર્વસ્વ માને છે. એમાં પછી મન સદાનું દીન–દુખિયારું રાખ્યા કરે છે. એને ખબર નથી કે 'અર્થની પાછળ દોડધામ એટલે તો આપણા માથાના પાછળ રહેલા પડછાયાને પકડવાનો નિષ્ફળ પ્રયત્ન! જેમ જેમ પાછળ ભાગીએ તેમ તેમ એ આઘો ભાગે. એને બદલે જો આગળ દોડાય, તો પડછાયો પૂંઠે લાગશે. તેમ અર્થથી પણ મોઢું ફેરવવાની જરૂર છે. મોઢું ફેરવાશે તો અર્થ પછવાડે દોડશે.

તીર્થંકર ભગવંતે અર્થ–કામથી મોઢું ફેરવ્યું, તો ચાલતી વખતે પગ તળે સુવર્ણના સુંદર મુલાયમ કમળ હાજર થયા! પણ આપણે તો અર્થને માથા પર ચઢાવીને નાચવું છે! આત્માના ચૈતન્યને પુદ્ગલની જડ વાસનાઓની નીચે કચડાઈ જવા દેવું છે. ભાન નથી કે આ રત્નચિંતામણિ જેવો માનવભવ તો જડવાસનાઓને કચડી ચૈતન્યને ખૂબ ખૂબ વિકસાવવા માટે છે. અર્થ કામની બહુ કિંમત કરવાથી ચૈતન્ય બુઠું બનતું જાય છે. અર્થ તો નામથી અર્થ છે પણ પરિણામે ભયંકર અનર્થ નીપજાવે છે. અર્થની તૃષ્ણાભરી વિચારણા જ ખરાબ, તેમા ગમે તેટલું મળે તો ય ઓછું પડે. વાતવાતમા ઘમંડ, ઈર્ષ્યા, શોક,

અરતિથી ક્ષણેક્ષણે મનને કાળું કરવાનું.! જરા ગયું તો 'કેમ ગયુ' થાય. કેવી મૂર્ખતા! જેનો સ્વભાવ જવાનો જ છે તેને મારૂં કરી બેસવું છે! અને જે પ્રાપ્ત કરીએ તો પછી એ જાય જ નહિ એવા આત્માના ઉત્તમ ગુણોને પ્રગટ કરવાથી દૂર રહેવું છે! ક્ષુદ્રતા જીવને વિવેક-શૂન્ય રાખે છે. લોભરતિ અને લાભરતિ આત્માને કંગાળ અને પામર બનાવી દે છે—દીનતા નિત્ય દુઃખી રાખે છે. એ ટાળવા શ્રી વીતરાગ પ્રભુ પાસે ત્રણ પ્રાર્થના,- ૧–આ જીવન દુઃખક્ષય સાથે કર્મક્ષય, ગમેતેવી વિકટ પરિસ્થિતિમાં પણ માનસિક દુઃખનો ક્ષય, અર્થાત્ મનને ઓછું ન લાગે, મન, મસ્ત રહે, તૃપ્ત રહે, એની સાથે નિર્જરા યાને ૧૨ પ્રકારે તપની આરાધના. ૨. અંત સમયે સમાધિ, અને ૩. ભવાંતરે બોધિલાભ. પહેલું આખી જીંદગી દરમ્યાન, બીજું મરણ સમયે, ને ત્રીજું મરણ બાદ. ભવાન્તરમાં ત્રણેથી પાપ ટળે, આત્મા ઉજ્જવલ બને ટૂંકમાં, અહીં સુખશાંતિ જોઈતી હોય, પરલોકમાં સુખ ઊભું રાખવું હોય, અને પરિણામે શાશ્વત સુખ પ્રગટ કરવું હોય તો દીનતા છોડવી જોઈએ.

**ચોથો દુર્ગુણ માત્સર્ય** એટલે ઇર્ષ્યા, દ્વેષ, ખાર, વેરઝેર, મોઢું કટાણું થાય, અસહિષ્ણુતા, તિરસ્કાર, બીજાનું સારૂં ન જોઈ શકે. (સૌથી ઉચ્ચ કક્ષા વીતરાગની, તેની નીચે અપ્રમત્ત સરાગ સંયમી, તેની નીચે ક્રમસર પ્રમત્ત, સર્વવિરતિધર દેશવિરતિધર, સમ્યક્ત્વી અને મોક્ષરુચિવાળા મિથ્યાત્વી, ત્યાં સુધીની જીવની દશા ગુણની છે. તેની નીચે ભવાભિનંદીની સ્થિતિ એ ગુણ વિનાની દોષભરી દશા છે.) આ છેલ્લા પાટલાની સ્થિતિ મજબુત રાખનાર ઇર્ષ્યા છે, માત્સર્ય છે. એ કોઈનું

પણ સારું જોઈ ન શકે. તેને જોઈને બળાપો કરે, ખાર આવે હલકો પાડે, તેની સીધી સારી વાત પણ તોડી પાડે, 'મને લાખ મળ્યા પણ એને સવાલાખ કેમ ? કાં મારા વધે, કાં એના જાય !' આવી અધમ વૃત્તિ કરાવે, ત્યાં આનંદ માનવાનું ખમીર જ ક્યાથી હોય ? પોતાનાથી વધારે ધનિક, વધારે આબરૂવાળો, અધિક જ્ઞાની, અધિક તપસ્વી ઇત્યાદિ અધિકને જોઈને અંદર બળે, અસહિષ્ણુ બની વિકલ્પો ઘડે, સામાને ફજેત કરે. 'હું ઊંચો, બીજા નીચા' આ અપલક્ષણ કષાયને તેજ રાખે; વિષયરુચિ દૃઢ કરે, પાછા એને ઉપાદેય માને. આ ઈર્ષ્યા ભવવિરાગ અને સમ્યક્ત્વને કોરે રાખે છે, તત્ત્વ સાંભળવા–સમજવા ને સ્પર્શવા નથી દેતી.

ઇર્ષ્યાવશ માણસ એટલો બધો સત્ત્વહીન બની જાય છે કે આમ બીજી રીતે બીજા પરાક્રમ પણ કર્યા હોય, છતાં ઈર્ષ્યા–વશ અવસરે ઉપકારી પૂજ્યને પણ અવગણે છે !

**સિંહગુફાવાસી મુનિ** શ્રી આર્યસંભૂતિવિજય જેવા શ્રુત કેવળી આચાર્ય ભગવાનની આજ્ઞા લઇને સિંહની ગુફા આગળ ઉપવાસ અને ધ્યાનમા ચોમાસું પસાર કરી આવેલા. 'ગુફામાંથી ભૂખ્યો સિંહ બહાર નીકળે તો એ ચીભડાની જેમ બટક બટક બચકા ભરીને મને ખાઇ જશે,' એવો ભય શું ન લાગે ? પરંતુ આ પરાક્રમી મુનિ લેશ પણ ગભરાયા વિના ત્યાં મહિનાઓ સુધી ધ્યાન–સાધનામાં રહ્યા. ચોમાસું ઊઠ્યે પાછા આવતાં ગુરુએ એમને 'દુષ્કરકારક' તરીકે ધન્યવાદ આપ્યો. પણ ત્યાં સ્થૂલ–ભદ્રજી કોશાવેશ્યાને ત્યાં ચોમાસું કરીને આવેલા, એમને 'દુષ્કર–દુષ્કરકારક' તરીકે આવકાર્યા ! સિંહના રોજના ભયંકર ભયને

જીતી આવેલા મુનિ અહીં ઇર્ષ્યાને જીતી ન શક્યા. એમને લાગ્યું કે 'વેશ્યાને ત્યાં ચોમાસું કરવામાં દુષ્કર–દુષ્કર' કારકતા શી? બીજે ચોમાસે ગુરુની ના છતાં ઉપકોશાને ત્યાં ચોમાસું કરવા ઉપડ્યા! ત્યાં એ કાળની રાજામહારાજાઓમાં પ્રસિદ્ધ સૌંદર્યવાળી વેશ્યાને વગર શણગારે પણ જોતાં મુનિ ઢીલાઢચ! એમના પર કામવાસના ચઢી બેઠી! વેશ્યા આગળ ભોગની પ્રાર્થના કરે છે. વેશ્યા કોશાની બેન છે, એટલે સમજી ગઈ કે 'આમ તો સ્થૂલભદ્રજીનો ઇર્ષ્યાથી આ ચાળો કરવા આવ્યા હશે, પણ આમના શા ગજા? હવે એ કેવળ શિખામણથી માર્ગે નહિ આવે. એમને તો જરા ચમત્કાર દેખાડવો જોઈએ.' એમ વિચારી કહે છે કે 'મહારાજ! અમે તો વેશ્યા, નાણાં વિના અમારો માલ ન મળે.' પેલા દીન બની કહે છે, 'પણ હું પૈસા ક્યાંથી લાવું?' વેશ્યા કહે 'જાઓ, નેપાળ દેશના રાજા નવા સંતને રત્નકાંબલ ભેટ આપે છે તે લઇ આવો.' મુનિ ઉપડ્યા નેપાળ! લઇને પાછા વળતાં જંગલમાં ચોરો લૂંટવા આવ્યા. એમને દીનતાથી પગે પડી પોતાની સ્થિતિ દયામણી ભાષામાં કહી, દયા માગે છે. ઈર્ષ્યાએ ક્યાં પહોંચાડ્યા? ક્ષુદ્ર યાચના, વિષય–લોભરતિ, દીનતા ઈત્યાદિ કોટે વળગ્યા. ચોરોએ દયાથી છોડ્યા. રત્નકાંબલ લાવીને વેશ્યાને દેતાં કહે છે ' લે હવે તો નાણું પહોંચ્યું ને?' વેશ્યાએ સવા લાખ રૂપિયાની કાંબલ લઇ સીધી ખાળમાં જ નાખી? મુનિ ગભરાઇ જઇ કહે છે, અરે! અરે! આ તું શું કરે? કેટલી ત્રાસ મુશ્કેલીથી આ હું લાવ્યો છું! તે તને ખબર છે?' બસ, લાગ જોઇ વેશ્યા આંખ ચડાવી કહે છે, 'અરે ત્યારે તમને ભાન છે કે ગુરુએ આખા જગતની

સંપત્તિ કરતાં કેટલી બધી ઊંચી કિંમતના દર્શન-જ્ઞાન-ચારિત્ર રત્ન તમને આપ્યા ? અને તમેય કેટલાય જન્મોના ત્રાસ પછી અહીં એ પામી શક્યા ? હવે એને આ મારા મળમૂત્રાદિ ભરેલી દેહ ખાળમાં નાખતા શરમ નથી આવતી ?....' મુનિ તરત બોધ પામી એનો ઉપકાર માનીને ગુરુ પાસે જઈ ક્ષમા માગે છે.

થોડી પણ ઈર્ષ્યાવશ પીઠ અને મહાપીઠ જેવા અનુત્તર સ્વર્ગગામી મહામુનિઓને પછી બ્રાહ્મી સુંદરી તરીકે સ્ત્રીપણે અવતરવું પડ્યું ! માટે ઈર્ષ્યા ભૂંડી; તે ભવસ્થિતિ પકવનાર એક મહાન આવશ્યક સાધન પરસુકૃતાનુમોદન-ગુણાનુરાગ એનો નાશ કરે છે; મોટી વિદ્વત્તાને પણ અવસરે આવરી દે છે અસદ્ આવેશ -અભિનિવેશમાં ફસાવી જીવને એટલો બધો એ નીચે પટકે છે કે પછી જીવ કોઈને માનવા તૈયાર નહિ, શાસ્ત્રની પણ કંઈ અસર લે નહિ. એ ભવાભિનંદિતાને સારી રીતે પુષ્ટ રાખે છે.

**પાંચમો દુર્ગુણ ભય**:-દીનતામાં પોતાને ન મળ્યાનું દુઃખ છે; મત્સરમાં બીજાને મળ્યાનું દુઃખ છે, ને ભયમાં પોતાને મળેલું ખોવાય તો ? એ ચિંતાનું દુઃખ છે, ત્રણેય દુઃખ ભૂંડા. એમા ભય વિલક્ષણ ! દુર્ધ્યાનનું પ્રબળ કારણ ભય ભયથી ભવ નીપજે, ભયથી ભવ વધે. ‘હાય, હાય, ચાલ્યું જશે ? નાશ પામશે ? દુઃખી થઈશ તો ?’-એ જ હાયવોય, વિષયકષાયની ઉપર અત્યંત અનહદ આસક્તિ, જરાપણ ઊણપ ન આવે, આપત્તિ ન આવે તેવી સતત ઈચ્છા ! કેમ જાણે, ‘ સર્વ સંપત્તિનો ઇજારદાર પોતે ! લેશ પણ આપત્તિને યોગ્ય નહિ ! ’ કર્મના સંજોગો વિચિત્ર છે. વારંવાર ભય રાખવા છતાં ક્યારે કર્મ ઠગી જાય, કષ્ટ ઊભા કરે, સુખ નષ્ટ કરે, તેનો નિયમ નહિ. તો પછી ભય

રાખવાથી શું વળ્યું ? જવાનું તો જાય છે જ. પણ વધારે ભય કરી કરીને મમતા વધારી ચિંતામાં બળ્યાં, આત્મચિંતા કરી નહિ, પરમાર્થ સૂઝ્યો નહિ, પોતાની માલિકીના માનસને જડ પદાર્થોનું ગુલામ બનાવ્યું, અને પોતે એ બંનેના ગુલામ બન્યાં !

ભયભીતને તો ખાય તો પણ ભય; ખરચ્યે ભય; ખુટી જવાનો ભય; લુંટાઈ જવાનો ભય, કોઈ માગી જશે તો ? એ ભય, સરકાર કાયદા કરશે તો ? એ ભય, માન જવાનો ભય, સત્તા જવાનો ભય, નહિ સચવાય, પોતાના તાબામાં નહિ રહે, કહ્યું નહિ માને, તેનો ભય ! કેવા ભયના ઘા ? ભયની ઘોર પરંપરા ! ભય અજંપો ચંચળતા કરાવે, સ્થિરતા ન રહેવા દે. ભયમા ને ભયમાં સુખે ખાય નહિ, ખાવા દે નહિ, પરમાર્થ જાતે કરે નહિ, બીજાને કરવા દે નહિ; સુખે નિદ્રા નહિ, સદ્બુદ્ધિ નહિ, ગુણની ને ધર્મની કદર નહિ. ભય તામસ ભાવમાં રસાડે, ધર્મગુરુઓથી ડરાવે, ઉપદેશ–શ્રવણથી આઘો રાખે, અમૂલ્ય ધર્મ–સાધનાથી વંચિત રાખે, કેમ ? એક ભય ! 'ગુરુ પાસે જાઉં ને દાનનું કહે તો ? તપનું કહે તો ? માટે જવું જ નહિ,'

સજ્જનતાના સંગથી દૂર રાખનાર ભયભીત કલ્પના છે. એ જીવનને હાથે કરી અકારૂં બનાવે. પોતાના હાથે પોતાના ઉજ્જવલ જીવનને એ મલિન કરે, ડરપોક બને, અસત્ય કલ્પનાઓ કરે, પશુથી કરાતી સંજ્ઞામાં જ જીવન પુરૂં ! કેમકે એને તો સંસાર એજ કર્તવ્ય. સંસાર જોઈએ એને ભય વિના કેમ ચાલે ? જ્યાં તૃષ્ણા છે, ત્યાં ભય છે, તૃષ્ણાથી ભય વધે છે; સંસાર વધે છે. ઘેરથી બહાર નીકળી તીજોરી બંધ કરી કે

નહિ તેની યાદ નથી રહી. સાંજ સુધી ઘેર પાછા જવાય તેમ નથી, બસ આખા દિવસની આધિ, આખો દિવસ ભય, નજર સામે એક જ લક્ષ્ય, ક્યારે સાંજ પડે ને ઘેર જઉં ને તપાસું કે બધું બરાબર છે કે નહિ! વાત વાતે ભય. ભયનું કારણ ન હોય છતાં પણ ભય લાગે કે 'હાય, હાય! બધું જતું રહેશે તો?' ભયને લીધે કેઇક અસત્યોની, પ્રપંચોની, હિંસાની, કષાયોની યોજનાઓ મનમાં ઘડે. જરૂર પડ્યે એ આચરવા ય ન પડે, છતા ભય એ પાપોને વિચારમાં લાવ્યા વિના ન રહે. એ વિચારમા રૌદ્ર ધ્યાન પણ સંભવે. એમા આયુષ્ય બંધાય તો મરીને જાય નરકે! ત્યાંથી દુર્ગતિમાં ભટકે! કેમકે પાપના અનુબંધ લઈને અહીંથી ગયો છે. ભયવાળાને અસમાધિનો પાર નહિ. સાચવવાની તાલાવેલી ખૂબ; 'રાતના સૂતી વખતે દરવાજા તો બંધ કરવો નથી રહ્યો ને? બધું બરાબર પેક કર્યું છે ને?' રાતના જરાપણ અવાજ થતાં એમ થશે કે 'એ ચોરનો અવાજ તો નથી? કોઇએ તિજોરી ખોલી?' જ્યાં આસક્તિ વધારે, ત્યાં ભયનો પાર નહિ. ભયમાં ધર્મક્રિયા ચૂકાય તો પરવા નથી. પરમાત્માની પૂજા ભક્તિ સેવા નથી થતી ત્યાં ભય દેખાતો નથી માટે તેનો ભય નથી. 'સાધના અટકી તો કંઈ વાંધો નહિ; કાલે કરશું. શું ઉતાવળ છે? વખત ક્યા વહી ગયો છે?' ધર્મ આખો ખોવાય તો ભય નહિ! 'સંસારની સામગ્રીમા ટાંચ ન પડવી જોઈએ' આ લત! ભવાભિનંદીને સમાધિનો સ્વાદ નથી, સમાધિનું ભાન પણ નથી. સમાધિની કિંમત નથી; એટલે દુન્યવી ભયોમાં સમાધિ ગુમાવી રહ્યો છે! અસમાધિનો એને ભય કે

દુઃખ નથી. ભવાભિનંદીને ભય ઘણા, આત્માને ક્લેશ ચોવીસે કલાક.

**તિજોરીમાં શેઠ:-**

એક શેઠની પાસે પૈસા બહુ હતા પણ બિચારાને એવો ભય રહ્યા કરે કે રખેને આ છોકરા જાણે કે આપણી પાસે પૈસા બહુ છે તો ખર્ચ કરવા લાગે; ને એમ તિજોરી ખાલી થઈ જાય. માટે કોઇને ખબર પડવા ન દેતા એ બારણું બંધ કરી ઓરડાની અંદર તિજોરી ખોલીને રૂપિયાની થેલીઓ બહાર કાઢી ગણતા. પછી ખૂબ ધન નજર સામે જોઈ ખુશ થાય કે 'અહો! કેટલું બધું ધન છે!' પાછો રાતદિવસ ભય રહ્યા કરે ને રાતમાંય ઊઠીને આજુબાજુ જોઈ આવે કે કોઈ અહીં આવતું તો નથી ને? જરાક ખડખડાટ થાય કે ઝબકીને જાગે! પહેલી તપાસ કરે કે 'કેડે ચાવી છે ને? તિજોરીનું બારણું બરાબર બંધ છે ને?' કેવી ભય સંજ્ઞા કે એને ભગવાનનું નામ પણ ન સાંભરે, તો સુકૃત કરવાની તો વાતેય ક્યાં? ભયની વૃત્તિને લીધે ધર્મની લેશ્યા ઊઠવા જ ન પામે. કદી મુનિ પાસે જાય નહિ,- 'રખે પૈસા ખર્ચાવે કે બાધા દે તો?' એવો ભય.

એકવાર રૂપિયા ગણવા બેઠેલા, એટલામાં બહારનો કાંઈક અવાજ સાભળ્યો. બારણા સામે જુએ છે તો સાંકળ દેવી જ ભૂલી ગયેલા! એ જોઈ વિચારે છે કે 'વળી સાંકળ દેવા જાઉં એનો અવાજ બહારનાને સંભળાવાથી વહેમ પડે તો? અથવા તે એટલામાં અંદર આવી જાય તો?' તેથી ઝટપટ નાણાકોથળી તીજોરીમાં નાખી પોતે પણ અંદર પેસી ગયો અને સાચવીને તિજોરીનું બારણું બંધ કર્યું. ભયની લેશ્યામાં એ જોવું ભૂલી

ગયા કે જો આને કળ બેસી જશે તો અંદરથી પછી શી રીતે ઉઘાડીશ? કેમકે હેન્ડલ તો બહાર હોય. અને ખરેખર અહીં બન્યુ પણ એમજ! બારણું અર્ધુંખુલ્લું બંધ થવાને બદલે પૂરૂં બંધ થઈ ગયું! કળ બેસી ગઈ થોડીવાર પછી ખોલવા જાય તો ખૂલે નહિ. અકળાયા, ગુંગળાય, હવે તો અવાજ કરવા છતાં બહાર કોણ સાંભળે? તે એમાં ને એમાં અંતે મરી ગયા!

પાછળથી છોકરા બહાર શોધાશોધ કરે કે બાપા ક્યાં ગયા? આખા ઘરમાં જોઈ વળ્યા. બહાર કાકા, મામા, ફોઈ વગેરેને ત્યા અને ગામ બહાર પણ જોઈ આવ્યા, મળ્યા નહિ, એટલે માન્યુ કે 'જંગલમા ગયા હશે અને ત્યાં શિકારી પશુએ મારી નાખ્યા હશે.' બસ, ડોસાનું મરણકાર્ય કર્યું. પછી ૧૩મે દિ' ઘરનું સંભાળવા જતાં તિજોરી બંધ દેખી, ચાવી જડી નહિ, લુહારને બોલાવ્યો. લુહારે તો પહેલું હેન્ડલ જ તપાસ્યુ–ખટ ..બારણું ખૂલતાં ગંધાઈ ઉઠેલું બિહામણું મડદું જોયું! બહાર લોકોમાં ખબર પડી ગઈ ને ગામમાં કહેતી ચાલી કે, 'શેઠ તિજોરીમાં મરી ગયા!' આમ ખોટા ભયના દોષ પર ડોસાના બેહાલ થયા! જિંદગી ચિત્તમા તીવ્ર રાગદ્વેષના સંકલેશ કરી કરીને પૂરી કરી! પરિણામ શું? દુ:ખદ અધમ દુર્ગતિઓમા તીવ્ર રાગદિના સંક્લેશ અને દુષ્ટ પાપોભર્યા જીવનની પરંપરા ચાલવાની!

જડ ખાતરના આ ભારે રાગ, તૃષ્ણા, મમતા, મદમાયા, કામક્રોધ વગેરેની સતામણી એ ચિત્તની સંક્લિષ્ટ દશા છે.

ભય ચિત્તના સંક્લિષ્ટ પરિણામોને અતિ સંક્લિષ્ટ કરાવે છે. ભયસંજ્ઞા કાયા, કુટુંબ, ધન, દોલત વૈભવ ઘરબાર,

માનમર્તબો, આબરૂ-સત્તા વગેરે પૂરતી છે? કે 'ધર્મધન નહિ મળે તો? ધર્મ મળેલો લુંટાઈ જશે તો?' એવો પણ ભય છે? 'કાયાના મોહમાં તપ ગુમાવીશ તો? રસનાના ટેસમાં ત્યાગ કરવાનું ચૂકીશ તો? દાનમાં વિઘ્ન આવશે તો? ધર્મ નથી સાધતો અને આયુષ્ય પૂર્ણ થશે અગર રોગ આવશે તો?' આ ભય નથી. અનાદિની ભયસંજ્ઞા સામાયિક, પ્રતિક્રમણ પ્રભુભક્તિ, દાન-શીલ-તપ-ભાવ, ક્ષમાદિ ગુણો, વ્રત-પચ્ચક્ખાણ, કર્મક્ષય વગેરે ન સધાય ત્યાં ભય નહિ! ઊલટું 'એ બધું સાધવા જાઉં, અને કાયા ઓગળી જાય, ધન ઓછું થઈ જાય, ટાઈમ બગડે, વેપારમા વાંધો આવે, વ્યવહાર ઘવાય તો શું થાય?....' એ ભય ખરો. અહો, જીવની કેવી દુર્દશા! અરે! કદાચ ધર્માનુષ્ઠાન કરશે તો પણ બીજા-ત્રીજા ભયથી ચિત્ત સ્થિર નહિ રાખી શકે. ભય તે કેવા? તુચ્છ બાબતોના! એ સારી પ્રવૃત્તિને ડહોળી નાખે છે. ભય ભારે પેંધેલો છે!

સાધુ પણ સાધવાની જાગૃતિ ન રાખે તો ભય એમને ય છોડતો નથી; કેમકે ઇન્દ્રિયો ડાકુ છે. મન ચોર છે. નાગણ જેવી કુવાસનાના થોકબંધ હુમલા છે. વિષયોનો દુશ્મન-ઘેરો છે. વિષયની છાયાનો, આગમનનો, એનાં સંપર્કનો ભય થવો જોઈએ. જેટલો ભય મોહની સામગ્રી લૂંટાઈ જવામા થાય છે, તેટલો આત્મહિતની પ્રવૃત્તિ કે વિચારણા લૂંટાઈ જાય તેમાં નથી! કેવી કારમી દશા? મુક્તિનું પહેલું પગથિયુ મોક્ષરુચિવાળી અવસ્થા છે. જ્યાં સુધી દુન્યવી ભયોથી ભવાભિનંદિતા જીવતી રહે ત્યાં સુધી તે આવે નહિ.

**છઠ્ઠો દુર્ગુણ શઠતા**– એમાં વાતે વાતે માયા રાખે;

લુચ્ચાઈ પ્રપંચ, દગો, ફટકો, વિશ્વાસઘાત કરે. સ્વભાવથી કપટ કરનારો; કેળવેલી ગુંડાગીરી આદરનારો. નિષ્પ્રયોજન નાની વાતમાં; નકામી બાબતમાં પણ માયા! સીધી વાત કરે નહિ, સરળતા નહિ. કાંઈ લેવાદેવા નથી; છતાં સ્વભાવથી જ દગો! ભૂતકાળનો અનંતવારનો અભ્યાસ કારમી માયાનો. માયા જ આવડે. એના લોહીના પરમાણુ જ એવા કે એકલી માયા જ કરે. તેના યોગે કર્મ પણ એવા બાંધે. આ બધા અનંતકાળના અવળા વળ સીધા સવળા કરે નહિ, અવળા વીંટ્યા તેવા સવળા ઉકેલે નહિ, ઊંધાઈ મૂકી સીધી દિશા પકડે નહિ એ બધું ભવાભિનંદીપણામાં સુલભ છે. એનાથી બચવું હોય તો અંતરમાં કદાચ માયાનો વિચાર જાગે, પણ એમા પુરુષાર્થ ન જ ભેળવાય, અર્થાત્ માયાને અમલી ન બનાવાય, પણ તેને ગુંગળાવાય, જેથી એ કારગત ન થાય તો હજી બચાય. છળ પ્રપંચ દગાફટકા કર્યે રાખવા છે, જગતના લાભ કે જગતની વડાઈ લેવા માટે વાતવાતમા વક્તા વાપરવી છે, માયા આચરવી છે, ત્યાં મોક્ષની તમન્ના ક્યાં ઊભી રહે?

માયાનું પાપ જગતમાં બહુ સહેલું, એમાં ઉઘાડા પડીએ છીએ એવું ન દેખાય. પાછું હોશિયારમાં ખપાય, અને માયાથી લાભ થતો દેખાય. આ કાળજુની એની કુટેવને ટાળવા દિલને શુદ્ધ બનાવવું પડે. કદાચિત્ માયા કરવા મન ઊઠે, પણ હૃદય ના પાડે. 'ધ્રુવ આત્માના ગુણ અધ્રુવ જડ ખાતર મારે ગુમાવવા નથી,' એમ હૃદય પોકારે, પછી મન કદાચ માયા કરાવી જાય પણ તે કેવી? મોળી. ભવાભિનંદીને તો છૂટથી પ્રપંચ, માયા, કપટ જોઈએ, જોરદાર જોઈએ, એમા અફસોસ નહિ. મામુલી

તુચ્છ વાત હોય પણ માયા ન છોડે. તુચ્છ માન, આબરૂ, અલ્પ વખાણ, તૃણ જેટલી શાબાશી મેળવવા માટે ય માયા કરતાં સંકોચ ન થાય. ભવાભિનંદીતાને મહાન દુર્ગુણ માયા. જેને સંસાર બહુ ગમે તે માણસ માયા કે જે સંસારની માતા છે, તેને કેમ ન સાચવે ? ખૂબી જુઓ, લોભની રતિને ભવાભિનંદિનું અપલક્ષણ કહ્યું, પણ લોભને નહિ ! જ્યારે શઠતાની રતિને દુર્ગુણ કહેવાની જરૂર ન પડી. પણ શઠતાને જ દુર્ગુણ કહ્યો. એ સૂચવે છે કે ખાલી લોભ તેવા સંસારરસિક નહિ બનાવે, જેવી શઠતા સંસારરસિક બનાવશે. શઠતા યાને માયા ખતરનાક છે.

માયા માણસને કેવો પકડમાં પકડી રાખીને એની પાસે રાત-દિવસ અંતે પોતાને જ ખતરનાક ઊંધા વેતરણની ચિંતા કરાવે છે ! ત્યારે એની સામે સરળ જીવ અંતે કેવી સુન્દર ઉન્નતિ પામે એવા પવિત્ર વિચારમા રહે છે ! એનો અદ્‌ભુત ખ્યાલ સમરાદિત્ય ચરિત્રના અવાન્તર કથાપ્રસંગોમાંથી મળે છે.

**ચન્દ્રકાન્ત** નામે એક શ્રેષ્ઠિ પુત્ર બહારગામ ગયેલો છે. એવામા એના ગામ પર ધાડ પડી છે. ચન્દ્રકાન્ત આવીને જુએ છે તો ઘરમાથી કંઇક માલ ચોરાયો છે અને પોતાની પત્ની ચંદ્રકાન્તાનો પત્તો નથી. ગામના એક બુઝર્ગ પાસેથી જાણવા મળે છે કે આ લૂટારાઓ અવરનવર માણસને ઉપાડી જાય છે, જેથી પછી એના સગાવહાલા ઘણું ધન આપીને એને છોડાવી લાવે.

ચંદ્રકાન્તે એ પરથી ધનની થેલી લઈ પોતાના નોકરને સાથે લીધો. એને ભાતાથેલી પકડાવી. ચાલતાં-ચાલતાં રસ્તામાં નોકરની બુદ્ધિ બગડેલી તે કોઈ પ્રપંચથી ધનથેલી ચાઉં કરી

ભાગવા ધારે છે. પણ કરે શું? એ થેલી શેઠના હાથમાં છે. એમાં જોગાજોગ એવું બન્યુ કે એક સ્થાને બન્ને જણ ભાતું ખાવા બેઠા. પણ ઊઠતી વખતે સહજ ભાવે ચંદ્રકાન્તના હાથમાં ભાતાથેલી પકડાઈ; પેલાએ ધનની થેલી પકડી. હવે નોકર મનમાં ખુશી થતો શેઠ ટળે એની તક શોધે છે. એમા દૂરથી એક કૂવો દેખતાં ગળગળો થઈ શેઠને કહે કે મને બહુ તરસ લાગી છે.'

ભલો શેઠ કૂવો દેખતાં પાણી માટે ગયો નોકર ચૂપકીથી પાછળ જાય છે. ત્યા ચંદ્રકાન્ત વાકો વળી કૂવામા જેવો પાણી જોવા જાય છે કે તરત પેલાએ એને હડસેલો મેલ્યો, તેથી એ પડ્યો અંદર! ત્યા અંદરથી 'નમો અરિહંતાણ' અવાજ આવ્યો. અવાજ પોતાની પત્નીનો પારખીને બોલી ઊઠે છે, 'અહો તું અહીં ક્યાથી?' પેલી કહે 'મને લૂંટારા લઈ ચાલ્યા, રાત પડવાથી બધાંનો અહી પાસે મુકામ હતો. મને થયું કે કદાચ એમને ત્યા મારા શીલપર આક્રમણ આવે એના કરતાં અહીંથી જ રસ્તો કરવો સારો, એટલે બધાને ત્યા સુતા મૂકી આ કુવામાં પડતુ મૂક્યું પરંતુ તમે અહીં કૂવામા શી રીતે?' ચન્દ્રકાન્ત કહે છે 'હું તને ધનથી છોડાવી લાવવા આપણા નોકર સાથે નીકળેલો. વચમાં ખાવા બેઠા ત્યાં કુદરતી ધનની થેલી નોકરના હાથમા રહી! એને બિચારાને એનો લોભ લાગ્યો હશે, તેથી આ કૂવામા પાણી જોવા હું જેવો વાકો વળ્યો કે તરત પેલાએ પાછળથી મને હડસેલ્યો' પત્ની કહે, અરે, કેવો દુષ્ટ નોકર!' આ કહે છે 'ભલી રે બાઈ, એતો ઉપકારી કહેવાય કે અહીં આપણા બેનો ભેટો કરી આપ્યો નહી તો હું ચોરોની પલ્લીમાં

જવા છતાં તને ક્યાંથી પામી શકત! સરળ માણસ દરેક પ્રસંગમાંથી સારી જ તારવણી કરે બન્ને જણ કૂવામાં નિરાધાર રહ્યા પાણીની બાજુના એક ટેકરા જેવા ભાગ પર બેઠા બેઠા કોઈ પ્રવાસી કૂવા પર આવવાની રાહ જુએ છે. એમાં દિવસો વીત્યા. છતાં ચન્દ્રકાન્ત કહે છે 'જો પુણ્ય કેવું અદ્‌ભુત કામ કરે છે કે ધન જતાં તું મળી અને અહીં મારા હાથમાં રહેલ ભાતાથેલી આપણા બન્નેને જીવન ટકાવી રાખવા કામ લાગી છે! ખાવા તો ભાતું કામ આવે, હીરા માણેક નહિ!' ચન્દ્રકાન્તાને પતિના આવા આવા તાત્ત્વિક બોલ પર શ્રદ્ધા વધી જાય છે. હવે ભાતું ખૂટવા આવ્યું બન્ને જણ ચિંતા કરે છે કે 'અરે! અમારે આવા ઉત્તમ ભવમાં શું ચારિત્ર પામ્યા વિના એમ જ મરવાનું? ક્યારે આ ભવકૂપમાં કૂવાની કેદમાંથી છૂટવાનું? સદ્‌ભાગ્યે એટલામાં એક સાર્થવાહ તે પ્રદેશમાં આવી લાગે છે. એના માણસો કૂવાપર પાણી લેવા આવતા ચન્દ્રકાન્ત બોલે છે, અરે? અમને બહાર કાઢો.' પેલાઓ જઈને શેઠને વાત કરતાં શેઠે માંચાથી એમને બહાર કાઢવા કહ્યું. એ બંને એમ બહાર નીકળી સાર્થવાહનો ભોજન-સત્કાર પામી ગામ તરફ પાછા વળે છે. રસ્તામાં એક બાજુ મડદું અને પોતાની જ ધનથેલી જુએ છે! ચન્દ્રકાન્તે તરત કલ્પના કરી કે કોઈ શિકારી પશુથી મરાયેલ નોકરનું બિચારાનું આ મડદું લાગે છે. એથી વૈરાગ્ય વધુ દૃઢ કરી, જઈને બન્નેએ ચારિત્રમાર્ગ અપનાવ્યો સરળતાનાં સીઠાં ફળ; માયા કૂડી અને ભૂંડી!

**(૭) સાતમો દુર્ગુણ અજ્ઞાનતા:**—અજ્ઞાનતા યાને અજ્ઞાનના બે ભેદ,—(૧) મૂર્ખતા, અને (૨) મૂઢતા. મૂર્ખતા છે એટલે

ગતાગમ નથી. એકજ વાત છે 'લૂંટો, ભેગું કરો, ઉડાઓ, એ માટે બધું કરી છૂટો.' ભલે પછી મૂર્ખને લોક નિંદે હસે, કે એ પીડાય સંસારમા, યા દુર્ગતિઓમાં ભારે ત્રાસથી દંડાવું પડે. તેની ખબર નથી, ચિંતા નથી, પરવા નથી, આ મૂર્ખતા. બીજી છે. મૂઢતા. પંડિત હોય, શાસ્ત્રો ભણેલો હોય કે પ્રોફેસર હોય, બીજાને ભણાવે ખરો, પણ તેની પંડિતાઈ મૂઢતાના ઘરની, જો જ્ઞાન છે પણ વિવેક નથી, ભણ્યો છે પણ હૃદય પરિણત નથી બન્યુ શાસ્ત્રથી જો આત્મા કેળવાયો નથી તો એકલી બુદ્ધિ કેળવાય તેથી શું? ભણતરમાં એવો મુંઝાયો કે તેની બધી પ્રવૃત્તિ જડ પાછળની! પોતાના આત્માનું જ ભાન નથી! વિચાર–બોલી–આચરણ બધું જડ પાછળનું! આત્માના હિતની વાતના વિચાર–વાણી–વર્તન નથી. નરી મૂઢતા! પરમાર્થની ખબર નથી.

### મૂઢ પંડિત

ઉત્તર પ્રદેશના એક ગામમા એક પંડિત ઘરે છોકરાઓને વિદ્યભ્યાસ કરાવતો. એમા એક યુવાન વિદ્યાર્થી પંડિતની યુવાન પત્નીની સેવા કરતાં કરતાં એ બંને પ્રેમમાં પડ્યા! પણ પંડિત-પત્ની પરના મૂઢ રાગમાં એની સાથેની આ વિદ્યાર્થીની મર્યાદા-બહારની છૂટને શુદ્ધ સેવા માનતો અલબત્ પંડિતના દેખતાં કાંઈ વિલાસ થઈ શકતો નહોતો, તેથી જ બંનેએ ભાગી જવાનું નક્કી કર્યું. એમા એકવાર પંડિતને બહારગામ જવાનું થયું ત્યારે મૂઢતામાં એ આ વિદ્યાર્થીને જ પત્નીની સંભાળ રાખવાનું સોંપતો ગયો. હવે તો બંનેને ફાવતું થયુ. એક મડદું લાવી ઘરમાં મોંઢુ વગેરે ખડધું પડધું સળગાવી ઘરમાં થોટી આગ લાગ્યા

જેવું કરી, ઓઢાડીને બંનેય બહારગામ ચાલ્યા ગયા. પંડિત આવ્યો. જુએ છે, ઘર સળગેલું છે મડદું પડ્યું છે, એટલે રોવા બેઠો કે 'હાય! હું બહાર ગયો તે પત્ની બિચારી બળી ગઈ!' હવે એના હાડકા ગંગાજીમાં પધરાવવા લઈ ચાલ્યો. ગંગાના કાંઠે પેલા બે અચાનક આને હાડકાનાં પોટકા સાથે રોતો–કકળતો અને માથું કુટતો જુએ છે! એ જોઈને બંનેને દયા આવી ગઈ ભારે પશ્ચાત્તાપ સાથે એની પાસે આવી કહે છે, 'માફ કરજો, અમે કુબુદ્ધિથી તમને દગો દીધો. બનાવટી મડદું બાળી ભાગી આવ્યા. ક્ષમા કરો.' પંડિત કહે, 'તમે કોણ છો? હું તમને ઓળખતો નથી. જાઓ અહીંથી સ્ત્રી કહે છે, 'અરે! મને ય ભૂલી ગયા? હું તો તમારી ઘરવાળી.' મૂઢ બનેલો પંડિત માનવા તૈયાર નથી એ તો કહે છે, 'જા રે જા બાઈ! ગળે કાં પડે? મારી પત્ની તો બળી ગઈ. આ રહ્યા એનાં હાડકાં. તું વળી કોણ? કાશીમા તારા જેવા ઠગારા બહુ ફરે. જા અહીંથી' પંડિતે વરાર ન સ્વીકારી. પાંડિત્યે ક્યા બચાવ્યો? રાગની મૂઢતામા ભાનભૂલો બન્યો, શોક કરી કરીને રખડી મર્યો!

મૂર્ખતાના યોગે જ્ઞાન જ નથી, મૂઢતાના યોગે રહસ્યનું ભાન નથી. ઉચ્ચ આદર્શ નથી પશુતાથી શી વાસ્તવિક વિશેષતા માનવમાં હોય તે સમજતો નથી. સનાતન સ્વાત્માને ભૂલી ક્ષણિક સુખ દેખાડનારા વિષયોમા રાતોમાતો રહે છે. તત્ત્વની રુચિ તો શુ પણ કોઈ તત્ત્વની વાતો પણ યુક્તિપૂર્વક બીજાને સંભળાવે અને બીજાને તે રુચે, તેય આને ખટકે છે. સ્વજીવનમા રાતદિ' અતત્ત્વનું પોષણવર્ધન કરે જાય છે સંસારની ચિંતા સિવાય બીજું સમજવા માગતો નથી. ઇત્યાદિ સ્થિતિ

મૂઢતા અને મૂર્ખતાની છે. આ અજ્ઞતા એ ભય, શઠતા, ક્ષુદ્રતા, લોભરતિ, માત્સર્ય, વગેરે દુર્ગુણોને પોષી રહે છે. જીવ ભવાભિનંદી છે, એટલે આ અપલક્ષણો છે, અને આ દોષના યોગે સંસારનો રસ એટલે કે ભવાભિનંદિતા મજબુત બને છે. કેઈક મોહના પાત્રો અને સ્વાર્થમાં ઉપયોગી વ્યક્તિઓ પ્રત્યે વ્યુદ્ગ્રહ સાથે એવા પ્રેમમાં મૂઢ હોય કે તેના સત્તર દોષને ગણે નહિ. કોઈ સમજાવે તો માનવા તૈયાર થાય નહિ ત્યારે કેટલાક કદાગ્રહીઓ એવા કે પકડેલું ખોટું છતાં મૂકવા તૈયાર નહિ. વળી કેટલાક સારાસારમા ને કાર્યાકાર્યમાં અજ્ઞાન એવા કે જ્ઞાનીની નિશ્રા (આશરો) પણ ન લે! મૂઢતા ભંયકર! આમ પોતાને સમજદાર ગણે, પણ પાછા બીજા મૂઢ બનેલાની પાછળ પોતે મૂઢ બને ઉદ્યોગપતિઓ મૂઢ, તેની પાછળ દુનિયા મૂઢ. શું કરવું તે સૂઝતું નથી બધા કરે છે માટે કરવું! આધળી દોટ! જાણે રહી ગયા. 'મૂઢતા એટલે પ્રબળ મોહથી ઘેરાઈ જવું ચેતન છતાં જડ નચાવે તેમ નાચવા તૈયાર, પણ જ્ઞાની વિવેકી સંતોની શિખામણે સારી ચાલે ચાલવામાં તૈયાર નહિ વિચારપૂર્વક કામ કરતો હોવાનું માને પણ તેના કામ બધા અવિચારી!'

**એક બાપને મૂઢ દીકરો,** બાપે કહ્યું, 'તારે ચંચળ ને અધીરા ન બનવુ, સ્થિર થવું કાર્ય કરતા પહેલાં વિચારવું. પછી કાર્ય કરતા ડગવુ નહિ' તેના મકાનની આગળ એક પાડો રોજ આવી બેસે છોકરો વિચારે છે કે 'આના શિગડા વચ્ચે મારું માથુ આવે કે નહિ?' છ મહિના સુધી આ વિચાર કર્યો. પછી નક્કી કર્યું કે જરૂર બે શિંગડા વચ્ચે મારૂં માથું આવી જાય કે નહિ એનો પ્રયોગ કરવો એક દિવસ વખત જોઈ પાડો

બેઠો હતો, ત્યારે માથું બરાબર શિંગડા વચ્ચે ઘાલ્યું. પાડો ભડક્યો, ને નાઠો. પણ બાપાએ ટેક જાળવવા કહેલું, માટે માથું કાઢયું નહિ.

મૂઢ જીવની ખાસીયત કે તેના કાર્ય અવિચારી, બુદ્ધિ સ્થૂલ, તીવ્ર મોહની દૃષ્ટિ. તે ટૂંકી હોય અને પરિણામે એ લોકમાં બેઆબરૂ અને ભારે પશ્ચાત્તાપ પામે. લોક પાછળથી હાંસી કરે. ભણ્યો પણ ગણ્યો નહિ. મૂઢ જીવ લાડી, વાડી, અને ગાડી પાછળ ગાંડો. આ જ જીવનનું સર્વસ્વ માને. પરમાર્થ કરવા બુદ્ધિ નથી, ગમ નથી. સ્વાર્થમાં આંધળો, સ્વાર્થને પોષવા કંઈક ઊંધાંચત્તાં કરે. આ લક્ષણો મૂઢતાના છે. અહો ! જડ-માયાને આ જીવની પરવા કે ચિંતા નથી ! પણ જીવ ઘેલો એની જ ચિંતામાં રક્ત છે ! જડ માયા જીવનું નિકંદન કાઢે છે, ત્યારે જીવ જડ માયાને આબાદ કરવા–રાખવામાં જીવન અર્પે છે. જડ માયા જીવને મૃત્યુબાદ એક તસુ કે ક્ષણ પણ આગળ અનુસરવા તૈયાર નથી, પણ જીવ જડ માયાને જિંદગીભર વળગ્યો રહે છે. આ બધું મૂઢતાને આભારી છે. ભલે એટલો બુદ્ધિશાળી ન હોય, પોતે પ્રજ્ઞ ન હોય, જૈન ન હોય, સમકિત ન હોય, પણ માત્ર મૂઢ ન હોય તોય વિચાર કરી શકે. વિવેકપૂર્વક કામ કરે, બીજાને લાભ થતો હોય તો થવા દે, પોતે થોડું નુકસાન પણ વેઠે. ચાર શાણા કંઈ કહે તેનો વિચાર કરે. વારે વારે નુકસાન થતાં હોય, ઠગાતો હોય તો ચેતે. ચિંતવે બોલે કે આચરે તે કાંઈક જડની બહાર નીકળીને, જડમાંથી ઊંચે આવીને. આવું કંઈ ન આવે તો ભવાભિનંદિતા શે જાય ?

**આઠમો દુર્ગુણ નિષ્ફળારંભસંગતતા**–મૂર્ખ પાસે વિચારજ નથી, અને મૂઢ ઊંધાજ વિચાર કરે છે; તેથી બન્નેનાં કાર્ય

મૂર્ખતા અને મૂઢતાના પરિણામે નિષ્ફળ નીવડે તેમાં નવાઈ નહિ. કદાચ શરૂઆતમાં સફળતા દેખાય તો ય પરિણામે અવશ્ય નિષ્ફળ. અથવા 'નિષ્ફળ' એટલે નિસ્સાર. ભવાભિનંદી જીવ નિસ્સાર પ્રવૃત્તિને આચરનારો હોય છે. કહો કે એને નિષ્ફળ બને એવા કાર્યો સહેજે કરવા મળે. જેના ઉદ્યમમાં બહુધા નિષ્ફળતા અને નિસ્સારતા હોય, તે જીવ ભવાભિનંદી છે. એકવારના નિષ્ફળ કાર્યના યોગે પાછા વળવાનું તો એને બાજુએ રહ્યું, ઉલ્ટું એવા કાર્યોનો એને દ્વિગુણો આગ્રહ વધે એ વધુ ને વધુ નિષ્ફળતા મેળવતો જાય, પણ સફળતાની ચાવી ન પામી શકે. એને લક્ષ્મી મળી હોય, તો ય સફળ નથી, કેમકે એને એથી આનંદ કે શાંતિ મળતી નથી; હૈયામા હોળી સળગે છે; પાછળ નુકસાન અને પશ્ચાત્તાપનો પાર નથી. કાર્યમાં ભલીવાર નથી એના નિષ્ફળ પ્રયત્નો એનામા દોષો વધુ ખીલવે છે. નિસ્સાર ઉદ્યમ જડતા વધારે છે.

**ભવાભિનંદિતાના દોષોની સહજતા** :–ભવાભિનંદિતાના આ બધા દૂષણ ટાળવા માટે ખાસ કાળજી રાખવાની છે; પ્રતિક્ષણ જાગ્રત રહેવાનું છે. કારણ કે, દુર્ગુણોનો અભ્યાસ અનંત કાળનો છે. એથી જીવનમાં દૂષણ સહજ જેવા થઈ ગયા છે, અને ગુણ જાણે તદ્દન અપરિચિત. ક્ષુદ્રતા સહેજે આવે, ઉદારતા મુશીબતથી લાવવી પડે. લોભ સહેજે થાય, સંતોષ રાખવો મુશ્કેલ ઘડી ઘડીમા દીનતા આવતાં વાર ન લાગે, અને ધીરજ અને નફરત રાખતાં નેવનાં પાણી મોભે ચડાવવા પડે—ઇર્ષ્યા બહુ સહેલી, કોઈનું પણ સારું જોઈ ઉદ્વેગ ઝટ થાય, પણ પ્રેમ બળાત્કારે લાવવો પડે. મન ઉદ્વેગ કરાવે પણ દિલ જો પ્રેમ કરાવે, તોય

વિચારાય 'કે આપણે નારાજ શા માટે થવું? મનને ઉદ્વેગથી પાછું વાળી પ્રેમમાં જોડવું જોઈએ.' પણ આ શુભ વિચાર પરાણે લાવવો પડે છે. ભયભીત થવું સહેલું છે, નિર્ભય થવું મુશ્કેલ છે. ભય જેટલો જલ્દીથી આવે એટલી નિર્ભયતા જલ્દી આવતી નથી શઠતાના વિચારો જીવને બહુ સુલભ. સ્વાર્થ સાધવો, પોતાની જ અનુકુળતા જોવી, આ વૃત્તિઓ જીવની સાથે જાણે સહજ ઘડાઈ ગઈ છે. એ વૃત્તિઓને સિદ્ધ કરવા ઉદ્યમ કરવો પડતો નથી. બીજાની સેવા લેવાના, બીજાના ભોગે સુખ લેવાના વિચાર પહેલા આવે, પણ પરમાર્થ માટે જાતનો ભોગ આપવાની વૃત્તિ છેલ્લે ય આવવી મુશ્કેલ આપણી હોશિયારીથી જ અનુકુળતા મળે છે, એવી માન્યતા ઘડાઈ ગઈ છે, માટે આ વૃત્તિ સુલભ થઈ પડી છે ખબર નથી કે પુણ્ય વિના ફાંફા. એક જરાક આપત્તિ આવી પડી કે જીવ દુષ્ટ વૃત્તિઓનો આશ્રય સહેજે લે છે, પણ જો સાવધાન બને, તો આપત્તિ તો આવી અધમ વૃત્તિઓને દબાવવા ખરેખરી ઉપયોગી થાય એમ હોય છે. આપત્તિ તો ગુણશ્રેણીની પરીક્ષામા જલ્દી પાસ થવાની પરીક્ષા છે. આપત્તિ જ ખરો કસોટીનો કાળ છે. આમ તો આવી અધમ વૃત્તિઓ ઝટ જાગે નહિ; પણ આપત્તિ કાળે જાગે, તે વખતે એને શુભ વૃત્તિઓથી કચડી શકાય. મૂર્ખતા અને મૂઢતા કે જે ગળથૂથીમાં એકમેક થઈ ગઈ છે, તેને ટાળી આત્મામાં જ્ઞાન અને વિવેકની નવી ભાત પાડવાની છે. સ્વેચ્છાથી, મૂર્ખતાથી ને મૂઢતાથી કરેલા કાર્યમા નિષ્ફળતા અને નિસ્સારતા લગભગ રોજની વસ્તુ થઈ પડી છે. જ્યારે સફળતા હંમેશની, અને નિષ્ફળતા કોક દિવસની. સારવાળી પ્રવૃત્તિ ઘણી, અને અસાર

પ્રવૃત્તિ બહુ ઓછી; તે બનવું જોઈએ. પણ એ મુશ્કેલ છે, કેમકે દોષો જાણે સ્વભાવ થઈ પડ્યા છે, અને ગુણ અપરિચિત, કે અળખામણા જેવા રહ્યા છે.

પંચસૂત્રમાં કહેલી વાતો સ્વીકારવા માટે આત્મામાંથી ભવાભિનંદીપણાના આ અપલક્ષણો–દુર્ગુણો ચાલ્યા જવા જોઇએ. કેમકે ભવાભિનંદિની અંદર ક્ષુદ્રતા વગેરેનું જોર જ્યા સુધી હયાત છે, ત્યાં સુધી તેને તત્ત્વ પર દ્વેષ છે, તત્ત્વની રુચિ થતી નથી, સાચી તત્ત્વની એને સમજણ જ નહિ પડે. જ્યારે પંચ-સૂત્ર તો લાયકને જ સમજાય અને લાયકને જ અપાય. એ ગંભીર રસાયણ છે એ પચાવવા દોષ વિનાની અને જોરદાર હોજરી જોઈએ. હોજરીમા દોષો ખદબદતા હોય તો રસાયણ ફૂટી નીકળે. સર્વ જીવોને આ વસ્તુની પ્રાપ્તિ ન થાય. વાયડી વાતોથી આ ન મળે. ભવાભિનંદીના દુર્ગુણો ટાળવા જ જોઇએ, મન મારવું પડે, કાયા ઘસવી પડે, તુચ્છ લાભ જતા કરવા પડે, સ્વચ્છંદતા મૂકવી પડે, અનંત જ્ઞાનીને સમર્પિત બનવું પડે. એ બધું આજ સુધી નથી કર્યું, માટેજ ભવાભિનંદી જીવ સંસારમાં રખડે છે.

મોક્ષ એ પાપપ્રતિઘાત વગેરેના ક્રમથી મળે. સાધનની ભૂમિકા તે પ્રમાણે જ રચાવી જોઈએ, અને સાધનાની ઈમારત તેજ ક્રમે પૂરી થવી જોઈએ પાપ પ્રતિઘાત માટે (૧) ભવાભિ-નંદીના દુર્ગુણોનો નાશ કરવો જોઈએ, (૨) પંચસૂત્રમા બતાવેલ સાધનાના ક્રમ ઉપર દૃઢ શ્રદ્ધા જોઈએ. (૩) તે ક્રમ મુજબ પુરુષાર્થ કરવો જોઈએ. તે ધર્મ પુરુષાર્થ પણ (૧) સતત (૨) વિધિપૂર્વક અને (૩) હૃદયના બહુમાન સાથે, યોગ્ય કાળે અને (૪) જીવનમાં ઔચિત્ય જાળવીને-થવો જોઈએ. આમ કરવાથી

ભટકવાનું થયા કરે છે. હવે એ વ્યવહાર રાશિનો જીવ ગણાય. એમાં અનંત જન્મમરણાદિ દુઃખો અનુભવવા પડે છે! પ્રાપ્ત જીવનની બાજી હારે તો નીચેની યોનિમાં જાય, અને જીતે તો ઊંચે ચઢે છે. આ હાર–જીતમાં ક્યારેક મનુષ્યજન્મ પણ મળી જાય છે. એવું અનંતીવાર બને છે. છતાં જીવનની બાજી હારવાના પ્રતાપે પાછું ચોરાશી લાખને ચક્કરે ચઢવાનું થાય છે. એમાં સૂક્ષ્મ નિગોદમાં જાય, છતાં હવે એ વ્યવહારરાશિનો જ જીવ ગણાય.

**કૃષ્ણપક્ષઃ ચરમાવર્ત :** જીવનની બાજી હારવાનું શાથી? જીવ કેવળ ભવાભિનંદી, માત્ર પુદ્ગલ–રસિયો, એકલી વિષય-તૃષ્ણા, સ્વાર્થ અને અહંત્વના આવેશમાં જ લયલીન રહે છે. એ સ્થિતિમાં જીવ કૃષ્ણપક્ષીય જ બન્યો રહે છે, અર્થાત્ એવા તામસ ભાવમાં રાચતો રહે છે કે કદાચ સ્વર્ગાદિ–સુખની અભિલાષાએ ચારિત્ર લઈ કઠોર ક્રિયા પણ આદરે છે, છતાં આત્મસ્વસ્થતાનો ઝાંખો શુક્લપક્ષ પણ એને બિચારાને સાંપડતો નથી. એ તો જ્યારે હવે મોક્ષ પામવાને એક જ પુદ્ગલ પરાવર્તકાળ બાકી હોય એવા કાળમાં જીવ આવી જાય, પછી જ પ્રાપ્ત થાય છે. આને ચરમાવર્ત કાળ પણ કહે છે. ચરમાવર્ત કાળમાં આવવાનું જીવની પોતાની કોઈ હોશિયારી કે પુરુષાર્થથી નથી થતું, કિન્તુ પોતાનો અનાદિસિદ્ધ ભવ્યત્વ–સ્વભાવ તથા અનાદિથી અહીં સુધીનો તેટલો કાળ પસાર થવો,–આ બે તત્ત્વોના પ્રભાવે થાય છે.

**ભવ્યત્વ મોક્ષમાર્ગ માટેનો પાસપોર્ટ :–**

ભવ્યત્વ એટલે મોક્ષ પામવાની યોગ્યતા. જેમ નદીની રેતી ઘડો બનવા માટે અયોગ્ય છે, કુંભારના ઘરે પડેલી માટી ઘડો

બનવા માટે યોગ્ય છે, અને દૂર જંગલમાં પડેલી માટી યોગ્ય છતાં એને સામગ્રી ન મળવાથી એનો ઘડો બનવાનો નથી; એવી રીતે જગતમાં કેટલાક જીવો મોક્ષ પામવાને સર્વકાળ માટે તદ્દન અયોગ્ય છે તે અભવ્ય છે, બીજા અનાદિ-નિગોદમાંથી બહાર નીકળી મોક્ષ પામવાની દિશામાં છે એ યોગ્ય છે; તે ભવ્ય કહેવાય; જ્યારે યોગ્યતા છતાં જે જીવો અનાદિનીગોદમાંથી નીકળવાના જ નથી, તે જાતિભવ્ય કહેવાય છે. આનો અર્થ તો એ કે ભવ્યને પોતાના કોઈ પુરુષાર્થ વિના જ અનાદિસિદ્ધ ભવ્યત્વ–સ્વભાવ યાને મોક્ષે જવાના પાસપોર્ટની મફત બક્ષીસ મળેલ છે! માત્ર એને પકવવાની જ અર્થાત્ મોક્ષમાર્ગની સ્ટીમરમાં બેસવાની જરૂર છે. જો મફતમાં મળેલ આ પાસ-પોર્ટનું મૂલ્ય ન સમજાય, ને એને પકવવા પ્રયત્ન ન કરાય, તો એ કેટલી બધી કરુણ દશા કહેવાય ?

**સહજમલહ્રાસનાં ૩ લક્ષણ :–**

ચરમાવર્તમા આવવા છતાં નિયમ નથી કે તરતજ ઓઘ-દૃષ્ટિમાંથી બહાર નીકળે હા, એ નિયમ ખરો કે ઓઘદૃષ્ટિમાથી બહાર નીકળી યોગદૃષ્ટિમાં આવવાનું બને તો તે ચરમાવર્ત યાને છેલ્લા પુદ્‌ગલપરાવર્તકાળમાં જ બને. કોઇને તરત જ બને, કોઇને કાળ પસાર થયા પછી પણ બને પરંતુ સહજ–મળના નોંધપાત્ર હ્રાસથી આ વસ્તુ બને છે અનાદિના તીવ્ર રાગદ્વેષનો આત્મા પર જામ થયેલો મળ એ સહજ મળ છે ચરમાવર્તમાં એનો નોંધ-પાત્ર હ્રાસ પ્રાપ્ત થાય છે. ત્યાં દુઃખી જીવો પર દયા, ગુણવાન પર દ્વેષનો અભાવ, અને ઔચિત્ય,–એ ત્રણ લક્ષણ પ્રગટ થાય છે. આમાં ગર્ભિત રીતે આત્મા તરફ દૃષ્ટિ ઊભી થઈ હોય છે,

અવશ્ય સબીજ–ક્રિયાની પ્રાપ્તિ અને અવંધ્ય પાલન પ્રગટશે. જે પાલનના ફળરૂપે થોડા જ કાળમાં ક્રમશઃ મુક્તિ અવશ્ય-ભાવી બનશે, અર્થાત્ સિદ્ધ થશે.

પંચસૂત્ર જે વસ્તુનું નિરૂપણ કરે છે, તે સત્ય અને સુંદર છે, તેથી પરિણામે આત્માને અજ્ઞાન અને મોહની અંધારી અટવીમાથી અળગો કરી, ઉચ્ચ પરમાત્મ–પ્રકાશના પંથે ચઢાવી અનંત જ્યોતિ જગાવનારું છે 'પંચસૂત્રમાં કહ્યા મૂજબનો ક્રમ તો દુર્લભ છે,' એમ કહી અટકવાનું નથી, પણ મનમાં ખૂબ ઉત્સુક બનવાનું છે. જેથી આવી અતિ સુંદર દુર્લભ વાતો આ જીવનમા પમાઈ જાય, અને જીવન ધન્ય બને. મનુષ્ય ભવ અને મળેલ સામગ્રીને સફળ કરવામાં ગમારી ન ચાલે, આવડત જોઈએ; દિવાનાપણું ન નભે, સાવધાની–હોશિયારી જોઈએ. ભાવનિદ્રા નકામી, જાગૃતિ જરૂરી; વાતોથી કાંઈ ન વળે, ગુણોનો ખપ કરવો પડે. જીવનમાં આ કરેલું કર્યું ગણાશે, એથી જ જન્મ–જરા–મરણાદિની જંજાળ વેઠવાનું અટકશે.

ટીકાકાર મહર્ષિ આ બધા ઉત્તમ પદાર્થોને કહેનાર શ્રી પંચસૂત્ર મહાશાસ્ત્ર ઉપર વ્યાખ્યા કરે છે તે ભગવાન મહાવીર દેવને નમસ્કાર કરીને કરે છે, સબીજ ક્રિયાની પ્રાપ્તિ માટે ભવાભિનંદીપણાના દોષો ટાળવાનું ગર્ભિત સૂચન કરે છે.

**અવ્યવહાર રાશિ** :–ધ્યાન રાખવાનું છે કે એમણે શ્રી યોગદષ્ટિસમુચ્ચય નામના શાસ્ત્રમાં આજ વાત કરી છે કે જીવ પહેલી યોગદષ્ટિમાં ત્યારે જ પ્રવેશ પામી શકે છે કે જ્યારે એ ઓઘદષ્ટિમાથી બહાર નીકળે છે. ઓઘદષ્ટિ એ અનાદિ અનંત-કાળથી ભવાભિનંદીપણાને અર્થાત્ કેવળ જડ રસિકતાને લીધે

આત્માને સરાસર બાદ રાખી કેવળ જડના તરફની દૃષ્ટિ છે. અનાદિકાળથી જીવ અનંતાનંત પુદ્ગલપરાવર્તકાળ સૂક્ષ્મ-નિગોદમાં પસાર કરતો રહ્યો છે. નિગોદ એટલે સાધારણ વનસ્પતિકાય–જીવનું અતિ સૂક્ષ્મ શરીર કે જેમાં–ભૂત ભવિષ્ય કાળના સર્વ મુક્ત આત્માઓની સંખ્યા કરતા પણ અનંતગુણી સંખ્યામાં જીવો હોય છે. એ જીવોનું આયુષ્ય માત્ર અંતમુહૂર્ત; અને કેટલીક વાર તો ક્ષુલ્લક ભવ તરીકે એક શ્વાસોશ્વાસમાં ૧૭ ઉપરાંત ભવ પણ થાય એટલું. તેય બધું અત્યલ્પ આયુષ્ય સર્વ-નારકીઓથી અનંતગણા દુઃખવાળું! આ બધોય અનંતો કાળ એકલા સૂક્ષ્મ નિગોદના જ અવતાર. બીજો બાદર નિગોદ કે પૃથ્વીકાયાદિનો વ્યવહાર જ નહિ. તેથી તેને અવ્યવહાર રાશિનો જીવ કહેવાય છે. અનંતા જીવોના દરેકનાં કર્મ જુદા. અનંત એની ભેગા એક જ શરીરમાં અનંતીવાર પુરાઈ અનંત દુઃખ વેઠવાના! આવી દુઃખદ સ્થિતિના કાળ આપણા જીવે અનંતા પસાર કર્યા છે, એ જો લક્ષમાં લેવાય તો અહીં મળેલ અનુપમ તત્ત્વ–દૃષ્ટિના સંયોગનું મહત્વ સમજી એ સંયોગનું સુંદર ફળ ઉપજાવી લેવા સત્પુરુષાર્થમાં લાગી જવાય.

**વ્યવહાર રાશિ :** એવી અનાદિથી ચાલતી એક સરખી સૂક્ષ્મ નિગોદની પરંપરામાંથી છૂટવાનું, સંસારમાંથી કોઈ એક જીવ મોક્ષ પામે ત્યારે, જેની ભવિતવ્યતા પાકી હોય તે જીવને થાય છે. પછી બાદરનિગોદ વનસ્પતિકાય દા. ત. કંદમૂળ, લીલ, સેવાળ, ફૂગ વગેરેમાં તેમજ પૃથ્વીકાયાદિ સ્થાવરકાયમાં તેમજ દ્વીન્દ્રિયાદિ ત્રસકાયમાં જીવને ચડવાનું, પડવાનું,

એમાં સદ્દ્ગુરુઓનો ઉપદેશ વગેરે નિમિત્ત મળતાં આત્માને ભવની જંજાળમાંથી મુક્ત-શુદ્ધ સ્વરૂપ પર દૃષ્ટિ પડે છે. આ મોક્ષ તરફની દૃષ્ટિ છે.

**પહેલી ૪ યોગદૃષ્ટિ: માર્ગાનુસારિતા :-**

અલબત હજી તત્ત્વની તેવી સમજ નથી એટલે એને તત્ત્વરુચિ નથી. પરંતુ (૧) પૂર્વનો ચાલી આવતો તત્ત્વનો દ્વેષ શાંત થાય છે. (૨) પછી તત્ત્વની જિજ્ઞાસા જાગે છે, અને (૩) પછી તત્ત્વ સાભળવાની ઇચ્છારૂપ શુશ્રૂષા જાગે છે. બાદ (૪) તત્ત્વ-શ્રવણ કરે છે. આ પહેલી ચાર યોગદૃષ્ટિમાં આરોહણરૂપ છે. એથી એને સંસારમાં જન્મ-જરા-મૃત્યુ, રોગ, શોક, ઇષ્ટવિયોગ, અનિષ્ટસંયોગ, ત્રાસ અપમાન વગેરે સંસારનું દુઃખદ સ્વરૂપ અને એથી સંસારની નિર્ગુણતા-અપકારકતાનો ખ્યાલ આવે છે. તેથી એનાં પ્રત્યે નફરત છૂટે છે. મનને એમ થાય છે કે 'ક્યાં સુધી આ વિષચક્રમા ભમ્યા કરવાનું ?' તાત્પર્ય, સંસારના આભાસ-રૂપ સુખો ઉપરથી આસ્થા બહુમાન ઊઠી જાય છે, એમ એ વૈરાગ્ય યાને ભવનિર્વેદ પામ્યો ગણાય. વળી એને સંસારના કારણ-ભૂત પાપસેવન કરવામાં એવી હોંશ નથી રહેતી આ બધી સ્થિતિમા જીવને અપુનર્બંધકપણું પ્રાપ્ત થાય છે. અપુનર્બંધક એટલે દુઃખદ કર્મની ૭૦ સાગરોપમ કોડાકોડી સ્થિતિ જેવી ઉત્કૃષ્ટ સ્થિતિ હવે ફરીથી ન બાંધે એવી દશા. એના યોગે દયા., દાન, ત્યાગ, તપસ્યા, દેવગુરુસેવા, વ્રત-નિયમ વગેરેનો અંશે પુરુષાર્થ કરે એ ધર્મપુરુષાર્થ છે.

ધર્મપુરુષાર્થ જીવના અન્યાય અનીતિ, અનુચિત વ્યય, ઉદ્ભટવેશ, વગેરે દોષો અટકાવી દઈ માર્ગાનુસારી જીવનના

ન્યાયસંપન્નતા, માતા-પિતાની પૂજા, અતિથિસેવા, જ્ઞાનવૃદ્ધ અને ચારિત્રશીલની ભક્તિ, આંતર-શત્રુનો નિગ્રહ, ઇન્દ્રિયો ઉપર અંકુશ, દયા-પરોપકાર-સૌમ્યતા-ધર્મશ્રવણ ઇત્યાદિ ઇત્યાદિ ગુણભર્યું જીવન ખડું કરે છે.

અહીં યોગની પહેલી ચાર દૃષ્ટિમાં અનુક્રમે (૧) અહિંસા સત્ય-નીતિ-સદાચાર-પરિગ્રહપરિમાણ, એ 'યમ,' અને (૨) તપ-સ્વાધ્યાય-ઇશ્વરધ્યાન-શૌચ-સંતોષ, એ 'નિયમ,' તથા (૩) પદ્માસન, યોગમુદ્રા વગેરે 'આસન,' અને (૪) બાહ્યભાવનું રેચન (ત્યાગ) તથા આતરભાવનું પૂરક અને કુંભક (પ્રગટીકરણ અને સ્થિરતા) એ 'પ્રાણાયામ' સાધવામાં આવે છે.

**યોગબીજ :**-વળી (૧) વીતરાગનું શુભચિંતન અને પ્રણામ, (૨) આચાર્યસેવા, (૩) સહજ ભવોદ્વેગ, (૪) અભિગ્રહો, ને (૫) શાસ્ત્ર લખાવવા-વંચાવવાદિ, એ પાંચ યોગબીજ સંગૃહીત કરવામાં આવે છે.

**યથાપ્રવૃત્તકરણ : ગ્રંથિભેદ :**

ઉપર કહેલ આત્મદૃષ્ટિ અને દુઃખી પ્રત્યે દયાથી માંડી પ્રાણાયામ વગેરે સુધીના સદ્‌ગુણ ને સત્પ્રવૃત્તિ એ બધું જીવને જે શુભ ભાવ શુભ વીર્યોલ્લાસથી પ્રાપ્ત થાય છે, એ 'યથાપ્રવૃત્ત-કરણ' કહેવાય છે. એ થવા છતાં પછી રાગદ્વેષની નિબિડ ગાંઠ (ગ્રન્થિ) ભેદવા જે અપૂર્વ બળ ઉલસવું જોઈએ, યાને અપૂર્વકરણ કરવું જોઈએ, તે ઝટ પ્રાપ્ત થતું નથી. આ ગ્રંથિભેદ કરનારૂં અપૂર્વકરણ ઘણું દુર્લભ છે. એ ચરમાવર્તના પાછલા અર્ધ ભાગમાં જ પ્રાપ્ત થાય છે. તેની પૂર્વે અસદ્ રાગનુ જોર રહે છે.

**સાંસારિક સુખના ઈરાદે કરેલા ધર્મથી અનર્થ :–**

મોક્ષ માટેની શુદ્ધ સાધના કેટલી બધી કપરી છે! કેટલી દુર્લભ છે! કેટકેટલો વીર્યોલ્લાસ માગે છે! એમાં તો આશંસા એકમાત્ર આત્મહિતની જ રખાય. પણ જીવની મૂઢતા તો એવી હોય છે કે હજીય સાંસારિક સુખ–સન્માનના ઉદ્દેશથી કપરાં કષ્ટ સહવા તૈયાર ને અનહદ ગુલામી કરવા તૈયાર! પરંતુ પોતાના આત્મહિત માટે જ એ કરવામાં એને વાંધા પડે છે! કેવું આશ્ચર્ય? નાશવંત કાયા અને માયા પાછળ તૂટી મરાય, અવિનાશી આત્મા પાછળ વાતે ય નહિ! તો એનું પરિણામ પણ કેટલું બધું દુ ખદ આવે છે! નરક–તિર્યંચાદિ ગતિઓના જાલીમ દુઃખભર્યા ભવચક્રમાં પાછું ભમ્યા કરવાનું! ભમ્યા કરવાનું!

અંગારમર્દક આચાર્ય અભવી છે. અભવીને આત્મ-દૃષ્ટિ જ ન જાગે, 'મોક્ષ હોઈ શકે જ નહિ' એવી એની સજ્જડ માન્યતા, છતાં એ સ્વર્ગાદિની ઇચ્છાથી ઉગ્ર કષ્ટમય ચારિત્ર પાળે, શાસ્ત્ર ભણે, તપ કરે, પણ સરવાળે મીંડું! દીર્ઘ દુર્ગતિઓમાં દટાઈ જવાનું! આ આચાર્યે પોતાના બાહ્ય ત્યાગ અને ઉપ-દેશથી પ્રતિબોધી ૫૦૦ શિષ્યો કરેલા. એમને શાસ્ત્રો ય ભણાવે, શાસ્ત્રમાં શ્રદ્ધા ય કરાવે! પરંતુ એક દિવસ બહારથી ગીતાર્થ મુનિ પધાર્યા, એમણે આચાર્યની આંતરિક સ્થિતિ પારખી, કોલસી પથરાવેલ જગા પર રાતના આચાર્ય એકલા ચાલતા નિર્દયપણે શું બોલતા હતા, તે ગુપ્તપણે એમના મુનિઓને બતાવ્યું! પગ નીચેની કોલસીના કચુડ કચુડ અવાજ પર આચાર્ય બોલ્યા 'વાહ, મહાવીરના જીવડા! વાહ, શું તમારું સંગીત સરસ! લો લો, કરો સંગીત.' એમ કહી એના પર

નિર્ઘૃણપણે ચાલતા ! એથી બીજે દિવસે ૫૦૦ શિષ્યો ગુરુને અભવ્ય જાણી છોડી ગયા. પછીના ભવમાં એ ૫૦૦ રાજકુમાર થયેલા. એક વાર ક્યાંક પ્રસંગ પર ગયેલા તે રસ્તામાં એક ઊંટ જોયું કે જે અતુલ વેદનાની તીણી ચીસ નાખી રહ્યું હતું ! એની પીઠ પર ભાર, ઉપરાંત ગળે પણ ભાર લટકાવેલા ! માલિકના કેટલા સોટા ખાધેલા ! ને શરીર પણ માખીઓ–જીવાતના ચટકાથી પીડાતું હતું ! પાંચસોને પૂર્વના સંબંધથી કુદરતી વિશેષ લાગણી થઈ આવી. વિશિષ્ટ જ્ઞાની ગુરુને પૂછતાં એમણે કહ્યું, 'આ પૂર્વ ભવે તમારો ગુરુ અંગારમર્દક આચાર્ય હતો. અભવી હોઈ ચારિત્ર પાળવા છતાં આત્મગુણ–આત્મહિત સાધવાની વાત નહિ, તેથી અહીં મહા પીડા પામી રહ્યો છે, ને સંસારમાં ભટક્યા કરશે !'

**ધર્મસાધનાનો દુર્લભ કાળ :–**

કેવી દુર્દશા ! એક મન સુધારવાની વાત નહિ, તેથી મોક્ષસાધનામાં કોઈ પગથિયાં રચાય નહિ. માનવભવે આરાધનાનો અતિદુર્લભ પુરુષાર્થ–કાળ મળવા છતાં આ તુચ્છ ઇન્દ્રિયોના તર્પણમાં અને મૂઢ મનના અસદ્ ગ્રહોમાં એને વેડફી નાખવાની મહામૂર્ખાઈ છે. આ પુરુષાર્થ–કાળનું એટલું બધું મહત્વ છે કે માતાપિતાની આજ્ઞાનું પાલન એ એક આદરણીય કર્તવ્ય છતાં જો એ ધર્મવિરોધી આજ્ઞા હોય તો એનું પાલન નહિ કરવાનું, પણ ધર્મપુરુષાર્થ જ અબાધિત રાખવાનો. કેમકે એ દુર્લભ છે.

**સમ્યગ્દર્શન :–**

છેલ્લા અર્ધ પુદ્ગલ પરાવર્તમાજ આ પુરુષાર્થ વિકસ્વર બની અપૂર્વકરણરૂપ થઈ રાગદ્વેષની નિબિડ ગાંઠ ભેદે છે, ગ્રન્થિભેદ

કરે છે. ત્યાં ઉત્કટ ભવવૈરાગ્ય સાથે મોક્ષદાયી અને સર્વજ્ઞકથિત તત્ત્વ પર અનન્ય શ્રદ્ધા પ્રગટ થઈ સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થાય છે એ પ્રથમ–સંવેગ–નિર્વેદ–અનુકંપા–આસ્તિકય એ પાંચ લક્ષણથી અલંકૃત હોય છે. બીજા પણ તત્ત્વપરિચય, કુદૃષ્ટિજન-સંસર્ગત્યાગ, જિનેશ્વરદેવનાં શાસન અંગે મન–વચન–કાયશુદ્ધિ વગેરે અનેક ગુણોથી એ વિભૂષિત હોય છે.

**મહાપ્રભાવી આરાધક ભાવ :–**

સમ્યક્ત્વ પામ્યા પછી પણ ખૂબ સાવધાની જરૂરી છે, જેથી આરાધકભાવ નાશ પામી વિરાધકભાવમાં ન પડાય. સમ્યગ્દ-ર્શનના પાયામા વીતરાગ સર્વજ્ઞ શ્રી જિનેશ્વર ભગવંતની આજ્ઞાનું બંધન હયે ધરવાનુ હોય છે, તે ઠેઠ વીતરાગ બનવા સુધી અણી-શુદ્ધ ધરવુ જોઈએ છે. 'ધમ્મો આણાએ પડિબદ્ધો' ધર્મ શું ? જિનાજ્ઞા ફરમાવે તે જ ધર્મ. માટે ધર્મ આજ્ઞામાં જ સંબંધિત છે. સમ્યક્ત્વ-અવસ્થામાં જિનાજ્ઞાના બધા વિધાનો પાળવાનું નથી બનતું, છતાં એને આજ્ઞાનું બંધન આટલું હોય છે કે જિનની આજ્ઞા જ તારણહાર છે, જિનવચને કહ્યું તે જ બરાબર છે, એજ કર્તવ્ય છે, બાકી બધુ અનર્થરૂપ છે. તેથી જિનોક્ત આરાધના તરફ અપેક્ષાભાવ હોય છે. એજ આરાધકભાવ.

**સાનુબંધ ક્ષયોપશમ :–**

આ જિનાજ્ઞાના ઊંચા ઉપાદેયભાવ, કર્તવ્યભાવ હૈયે વસ્યા હોવાથી વીર્યોલ્લાસ જાગતાં બધા યા થોડા અંશે આજ્ઞાના વિધિ–નિષેધના પાલનમાં જે જીવ આવે છે, એ અનુક્રમે સાધુ યા શ્રાવક બન્યો કહેવાય.

અહીં સાવધાની બહુ રાખવાની છે; કેમકે જગતના સંયોગો અને કર્મના ઉદય એવા છે કે આરાધના ભુલાવી નાખે! એટલે જ જો એવા બાધક સંયોગોથી દૂર રહેવાય, સાવધાન રહેવાય, અને કર્મના ક્ષયોપશમ ટકાવી રખાય તો આરાધના અને આરાધકભાવ ચાલુ રહી શકે

જિનાજ્ઞાની આરાધના અને આરાધક ભાવ એ મોહનીય આદિ કર્મના આંશિક નાશથી પ્રાપ્ત થાય છે. પરંતુ જો આ ક્ષયોપશમ સાનુબંધ હોય તો ઉત્તરોત્તર ક્ષયોપશમ ચાલુ રહે છે. તેથી આરાધના અને આરાધક ભાવ બંને ટકે છે પણ જો નિરનુબંધ હોય તો ક્ષયોપશમ ટકતો નથી; તેથી પાછો કર્મનો ઉદય ચાલુ થઈ જાય છે! એથી એ ગુમાવી જીવ વિરાધના અને આગળ વધીને વિરાધકભાવમાં ચડી જાય છે. આનો અર્થ એ કે ગુણ ટકાવવો હોય તો ક્ષયોપશમ ટકાવવો જોઈએ, અને એના માટે અનાયતનનાં સેવન આદિથી દૂર રહેવું જોઈએ

'**અનાયતન**' એટલે આયતનથી વિરુદ્ધ, અર્થાત્ ગુણના શોષક સ્થળ કે નિમિત્ત એ અનાયતન દા ત બ્રહ્મચર્ય પાળવું હોય હોય તો વેશ્યાવાડાના રસ્તેથી ગમનાગમન કરવું, સ્ત્રી સંબંધી કથા કરવી, એ અનાયતન એમ સમ્યગ્દર્શન માટે મિથ્યાદષ્ટિના પરિચય અને એમના ઉપદેશ–શ્રવણ એ અનાયતન છે. દાનની રુચિ સામે કૃપણોના પરિચય એ અનાયતન; કેમકે એ વાતો એવી કરે છે કે જે સાંભળતાં સાંભળતાં દાનના પરિણામ મંદ પડી જાય.

**સાનુબંધ ક્ષયોપશમના ઉપાય:–**

(૧) અનાયતનના ત્યાગની સાથે, (૨) વારંવાર પોતાની

પરિણતિનું અવલોકન યાને તપાસ પણ કરતા રહેવું જોઈએ કે એ મન કોઈ અશુભ વિચાર અને અશુભ લાગણીઓમાં તો નથી ખેંચાતું ને? સાથે (૩) ગુણની સહજ સુંદરતાનું સચોટ હાર્દિક આકર્ષણ સહેજે રહેવું જોઈએ. એમ (૪) એથી વિપરીત દોષોની ઘૃણા પણ જીવતી જાગતી રાખવાની. (૫) ગુણપોષક સ્થાન અને નિમિત્તોનું સેવન પણ ચાલુ રહેવું જોઈએ. એવો સત્સંગ અને કલ્યાણમિત્રનો યોગ બરાબર રાખવો પડે.

આવી બધી તકેદારીથી કર્મનો ક્ષયોપશમ સાનુબંધ બને છે, ટકે છે, તેથી આરાધના અને આરાધક ભાવ સલામત રહે છે.

કદાચ સંયોગ-પરિસ્થિતિ કે અશક્તિવશ આરાધના ચૂકાઇને વિરાધના ઉભી થાય છે એવું દેખાય ત્યાં પણ દિલમાં આરાધક ભાવ તો બરાબર જાગ્રત્ રાખવાનો.

દિલને કમમાં કમ એટલું તો જરૂર લાગે કે 'જિનની આજ્ઞા તો અમુક જ વાત ફરમાવે છે. હું કમનસીબ છું કે એ પાળી નથી શકતો. બાકી પાળવું તો એજ પ્રમાણે જોઇએ. જે એ પાળે છે તેને ધન્ય છે, અને મારી જાત માટે ઇચ્છું છું કે એ પ્રમાણે જ પાળનારો બનું' આમ જિનાજ્ઞા પ્રત્યે સચોટ અપેક્ષાભાવ એ આરાધકભાવ ટકાવે છે. ઉપેક્ષા થાય તો આરાધકભાવ જાય.

**નંદમણિયારનો આરાધકભાવ નષ્ટ :-**

આરાધકભાવ નાશ પામે તો જીવનું ભારે પતન થાય છે. નંદમણિયાર એ શ્રી પાર્શ્વનાથ ભગવાનના શાસનનો એક શ્રાવક. પણ કલ્યાણમિત્રરૂપ સદ્ગુરુ અને ધર્મી શ્રાવકોનો સંગ ચૂકયો.

મિથ્યાત્વીઓના સંગમાં પડ્યો, તો ધીરેધીરે શ્રાવકપણાના ગુણ અને આચાર ચૂકતો ગયો. એકવાર એને પર્વતિથિએ પૌષધ-ઉપવાસમાં રાતના તૃષા લાગી, મન વિકલ્પમાં ચડ્યું કે 'જે પ્રવાસી માણુસો અને ઢોર દૂરથી ગરમીમાં ચાલીને આવતા હશે એમને તરસની કેટલી બધી પીડા થતી હશે! ત્યારે મારા પૈસા શું કામના? બસ, નગર બહાર એક સરસ વાવ બંધાવું.' આ વિચારમાં પૌષધની પ્રતિજ્ઞા, શ્રાવકપણાનાં વ્રત, અસંખ્ય અપ્-કાયજીવો ને એના સંબંધી બીજા અગણિત ત્રસ જીવોની દયા, વગેરે ચૂક્યો! અને પાછું આ વિચારમાં કાંઈ ખોટું લાગ્યું નહિ, જિનાજ્ઞાનો અપેક્ષાભાવ ગયો, આરાધકભાવ નાશ પામ્યો! અને પાછો જે પોતે વાવડી બંધાવી એની અનુમોદનામાં પડ્યો! મરીને એજ વાવડીમાં દેડકા તરીકે ઉત્પન્ન થયો! ત્યાં લોકોને 'વાહ નંદમણિયારે કેવી સરસ વાવ બંધાવી!' એ વારંવાર સાંભળતાં એને પૂર્વજન્મનું સ્મરણ થયું અને એને ત્યાં ખ્યાલ આવ્યો કે 'મેં આરાધના સાથે આરાધક ભાવ પણ ગુમાવી વિરાધના અને વિરાધકભાવ અપનાવ્યો તેથી આ તિર્યંચ યોનિમાં પટકાયો!' ભારે પશ્ચાતાપ કરે છે. પછી તો મહાવીર પ્રભુ ત્યાં પધાર્યા જાણી પ્રભુ પાસે જતાં ઘોડાના પગ નીચે છુંદાયો; આરાધક ભાવમાં મરીને દેવ તરીકે ઉત્પન્ન થઈ ત્યા પ્રભુના સમવસરણમાં આવ્યો! આમ આરાધકભાવે એને તાર્યો.

એટલું ભૂલવાનું નથી કે આરાધનાથી આરાધક ભાવ આવે છે, ટકે છે, અને વધે છે. માટે આરાધનાની મનમા જરાય ઉપેક્ષા નહિ લાવવાની. 'એના વિના ચાલે, એ ન હોય તો ય કાંઈ બહુ વાધો નહિ, એતો શક્તિ અને ભાવના

હોય તો કરીએ,' આવા આવા લોચા નહિ વાળવાના. નહિતર આરાધક ભાવ પણ ચાલ્યો જાય અને વિરાધક ભાવમાં પડી જવાય. ખરેખર જો આરાધક ભાવ હોય તો આરાધના શક્તિ-સંયોગો મુજબ કર્યા વિના દિલને ચેન જ ન પડે, અને જેમ જેમ આરાધના થતી જાય તેમ આરાધક ભાવ વધતો જાય.

જગદ્ગુરુ મહાવીર પરમાત્મા, એ પૂર્વભવે પ્રિયમિત્ર નામના ચક્રવર્તી થયા, ત્યા એમણે એક ક્રોડ વરસ ચારિત્રની આરાધના ચક્રવર્તીપણે મહાલેલા સુંવાળા સુકોમળ શરીરે ચક્રીપણાના વૈભવ વિલાસ ફગાવી દઈને, એવી એવી જોરદાર કરી કે એમાં આરાધક ભાવ સારી રીતે ખૂબ પુષ્ટ થતો ગયો. પછી દેવલોકમાં જઈ આવી પચીસમાં ભવે નંદન રાજાના ભવમાં દીક્ષા લીધી. એક લાખ વરસ ઉગ્ર ચારિત્ર ઉપરાંત લાખેય વરસ માસ-ખમણના પારણે માસખમણ, એમ ૧૧ લાખ ૮૦ હજાર ઉપર માસખમણોની અત્યંત ઉગ્ર તપસ્યાની અને અરિહંતાદિ વીસ સ્થાનકની આરાધના કરી! અદ્ભુત આરાધકભાવ વધાર્યો કે એમાં તીર્થંકર નામકર્મ ઉપાર્જ્યું! જેથી પછી સ્વર્ગમાં જઈ માનવજન્મે ચારિત્ર અને ઉત્કટ આરાધના સાથે આરાધકભાવ સેવતાં વીતરાગ સર્વજ્ઞ ચરમ તીર્થપતિ શ્રી મહાવીર સ્વામી થયા! એ જગત-દયાળુ પ્રભુને અહીં ટીકાકાર મહર્ષિ પ્રારંભે નમસ્કાર કરે છે.

# પંચસૂત્ર-૧ લું

## (પાપપ્રતિઘાત-ગુણબીજાધાન)

**णमो वीअरागाणं सव्वण्णूणं देविंदपूइआणं जहट्ठिअ-वत्थुवाइणं तेलुक्कगुरूणं अरुहंताणं भगवंताणं ।**

---

અર્થ-વીતરાગ સર્વજ્ઞ દેવેન્દ્રોથી પૂજાયેલ, યથાસ્થિત વસ્તુવાદી ત્રણલોકના ગુરુ અરિહંત ભગવાનને હું નમસ્કાર કરૂં છું.

**વિવેચન :**-હવે પંચસૂત્રની શરૂઆત થાય છે, તેમાં 'નમો વીયરાગાણં' એ પહેલું વાકય ગ્રંન્થના મંગળાચરણનું છે શુભ કાર્યના પ્રારંભે મંગળ તો ખાસ કરવું જોઈએ, જેથી વિઘ્ન દૂર થાય. શુભ કાર્ય કરતાંજ વિઘ્નો નડે છે, માટે જ ત્યાં મંગળ જોઈએ. અશુભ કાર્ય કરતાં વિઘ્ન નડે તો સારૂં, જેથી અશુભ કરતાં અટકીએ; પણ અશુભમા તો વિઘ્નો ન આવીને પાપની સગવડ કરી આપે છે! એ વાત અજ્ઞાની સમજતો નથી તેથી અશુભથી શા સારુ પાછો હટે ? મંગળ એ વિઘ્નોનો નાશ કરે તેવું કૌવતવાળું છે. મંગળ ઈષ્ટ દેવતાના સ્મરણથી યા નમસ્કારથી થાય. જગતમાં દેવાધિદેવ અરિહંત વીતરાગ પરમાત્મા એ સર્વશ્રેષ્ઠ ઈષ્ટદેવ છે, તેમને કરેલો એક નમસ્કાર પણ વિઘ્નોનો નાશ કરવા પૂરતો છે.

**ભાવનું મહત્ત્વ : ક્રિયાનો ટેકો :-**

વીતરાગ પરમાત્મા અનંત ગુણોના અને અનંત જ્ઞાનના ધણી છે. એવા એમનું વિશુદ્ધ ધ્યાન, અને ઉચ્ચ કોટિનો એમનો સંકલ્પ એ ઘણા કર્મની નિર્જરા કરાવવાના સામર્થ્યવાળો છે. પણ એ નમસ્કાર ભાવથી થવો જોઈએ. જેટલી ભાવમાં કમીના તેટલી જ ફળમા કચાશ. ભાવમાં કચાશ રહે તે દોષ આપણો

છે. શુભ અધ્યવસાય (ભાવ) ઉચ્ચ કોટિનાય અશુભ કર્મો તોડે છે, અને શુભ ફળ આપે છે; ત્યારે અશુભ ભાવ અધમ કોટિના ચીકણાં પાપ કર્મ બંધાવે છે. અધ્યવસાયનો મહિમા જુઓ કે ક્યારેક દેખાવમાં બહુ હિંસા કરનારો જેટલો નીચે જતો નથી, તેથી વધારે નીચો હિંસાની ઉગ્ર ભાવનાવાળો જાય છે. તંદુળિયા મચ્છને બહુ જ નાની કાયા, શક્તિ બહુ ઓછી, એથી દેખીતી હિંસા અલ્પ, છતાં પણ પાપના વિચાર એટલા બધા હલકા કે એ મરીને નરકે જાય. અહીં એમ ન વિચારવું કે 'ત્યારે તો હિંસા કરવામા વાંધો નહિ, ભાવ શુદ્ધ રાખશું.'–આ ખોટી માન્યતા ન ધરવી, કેમકે હિંસાની ક્રિયા પણ હિંસાના ભાવને પોષનારી છે; કારણ જીવ એમાં લાભ દેખે છે, એથી હિંસા પર રાગ થાય છે એટલે રાગથી નવી નવી હિંસાની ભાવના જાગે છે જ. આ બહુ ભયંકર છે. હિંસા તો હજી ય કોઈક જ વખતે થાય, જ્યારે હિંસાની ભાવના સદા જાગ્રત્ રહે છે. ક્રિયા કરતાં પણ ક્રિયાની ભાવના, લેશ્યા, પરિણામ, અધ્યવસાય વધારે સબળ વિકસેલા અને દીર્ઘાયુષ્ક, દીર્ઘકાળ રહેનારા હોય છે. એમાં જો શુભ ક્રિયાના સારા અભ્યાસથી શુભ ભાવ વધારે સબળ હોય, તો તે અશુભ ક્રિયા વખતે પણ અશુભ ભાવને સારી રીતે દબાવે છે દા. ત. ક્રિયા તો ખાવાની થતી હોય પણ જો ગુરુના વૈરાગ્ય–નીતરતા ઉપદેશની શ્રવણક્રિયા બાદ એના સ્મરણથી આહારની સંજ્ઞા ઉપર જુગુપ્સા થાય 'રસનો અને આહારનો હું કયારે ત્યાગ કરીશ!' એવી ઝંખના વારંવાર રહેતી હોય, તો તે ઝંખના આત્માને બચાવનાર થાય છે. કમમાં કમ હૃદયના ભાવ તો આહાર–સંજ્ઞાને કાપવાના જોઈએ, પોષવાના ન હોવા જોઇએ.

અરિહંત ભગવાનને નમસ્કાર કરી શાસ્ત્રકાર મંગળ કરે છે. તે ભગવંતના ચાર વિશેષણ–૧. વીતરાગ, ૨. સર્વજ્ઞ, ૩. દેવેન્દ્રપૂજિત, ૪. અને યથાસ્થિત વસ્તુવાદી, એવા ભુવનના ગુરુ. આ ચાર વિશેષણ જગદ્દગુરુ પરમાત્માના ચાર મહાન અતિશય બતાવે છે. પહેલાં ચાર વિશેષણ સમજી લઈએ.

**વીતરાગ આદિ ૪ વિશેષણની સાર્થકતા**

(૧) વીતરાગ એટલે રાગદ્વેષ વિનાના. અહીં રાગ એટલે આત્માની આસક્તિ–પરિણામ જગાડનારું મોહનીય કર્મ. તે જ પ્રમાણે આત્માને કોઈ વસ્તુ પર અપ્રીતિ કરાવનારું કર્મ તે દ્વેષ. તેમજ અજ્ઞાન–મિથ્યાજ્ઞાનના પરિણામ જગાવનારું કર્મ તે મોહ. ટીકામાં 'રાગ વેદનીય કર્મ' એ પદ છે, તેનો અર્થ રાગરૂપે વેદના એટલે ભોગવવા યોગ્ય કર્મ એવો સમજવો. રાગાદિ પદોનો અર્થ, રાગ–મોહનીય કર્મની જેમ, આત્મામા થતા રાગાદિ–પરિણામો લઈ શકાય. આ રાગદ્વેષ–મોહથી અત્યંત રહિત તે વીતરાગ. મોહને જેમણે આત્માની અંદર દબાવી તેનો ઉદય સંપૂર્ણ રોકયો છે, એવા ઉપશાંત–મોહી પણ વીતરાગ હોય છે; જ્યારે અહીં તો સર્વથા ક્ષીણમોહી અને છદ્મસ્થ (અજ્ઞાન)ભાવ વિનાના લેવા છે, માટે વીતરાગની સાથે.

(૨) 'સર્વજ્ઞ' એ વિશેષણ મૂકયું. 'સર્વજ્ઞ' એટલે ભૂત, ભવિષ્ય, વર્તમાન–એ સર્વકાળના સર્વ દ્રવ્યોને અને એના સર્વ પર્યાયને જાણે તથા જુએ તે. નિમિત્ત–શાસ્ત્રાદિના આધારે ત્રિકાળવેત્તાને પણ વ્યવહારમાં સર્વજ્ઞ કહે છે, પણ તે તો સરાગ છે, તેથી અહીં સર્વજ્ઞની સાથે 'વીતરાગ' એ વિશેષણ મૂકયું.

(૩) વીતરાગ–સર્વજ્ઞ તો સામાન્ય કેવળજ્ઞાની પણ હોય છે,

તે અહીં નથી લેવા, પણ શ્રીજનેશ્વરદેવો લેવા છે; તેથી 'દેવેન્દ્રોથી પણ પૂજાયેલા' એ ત્રીજું વિશેષણ કહ્યું. પરમાત્માની જગત પર હયાતી ઇંદ્રોને ય ભક્તિથી ગળગળા કરી પ્રભુના ચરણસેવક બનાવે છે.

પ્રશ્ન–દેવેન્દ્ર–પૂજિત એવું ત્રીજું વિશેષણ કહે અને પહેલા બે ન કહે તો કેમ ?

ઉત્તર–દેવેન્દ્રથી પૂજ્ય ગણધર ભગવંત પણ હોય છે, તે તો વીતરાગ–સર્વજ્ઞ નથી, એટલે તે અહીં લેવા નથી; માટેજ પૂર્વના બે વિશેષણ મૂક્યાં.

(૪) આમ ત્રણે વિશેષણે અલંકૃત પરમાત્મા ધર્મ–તીર્થ સ્થાપ્યા પછી જ, અર્થાત્ મોક્ષમાર્ગ અને તત્ત્વો ઉપદેશ્યા પછી જ મોક્ષે જનારા હોય છે એ સૂચવવા 'યથાસ્થિતવસ્તુવાદી' એ ચોથું વિશેષણ કહ્યું ચૌદપૂર્વી શ્રુતકેવલી ભગવાન પણ યથાસ્થિત વસ્તુવાદી હોય છે. પરંતુ તે ન લેતાં, પૂર્વના ત્રણ વિશેષણો જોડી અહીં શ્રી જિનેશ્વર દેવો જ લીધા. મૂળમાં 'અરુહંતાણ' એ પદ છે તેનો અર્થ,–'જેમનામાં હવે કર્મબંધનાં કારણ નથી તેથી જેમનામા કર્મઅકુર ઊગતો નથી તે,' એવો કરવો.

**૪ વિશેષણમાં ૪ મહા અતિશય :**–શ્રી તીર્થંકર પ્રભુના ચાર મહા અતિશયો છે. (૧) અપાયાપગમ અતિશય. અપાય એટલે દોષો તેના અપગમ યાને નાશવાળા એટલે કે સર્વ રાગદ્વેષાદિ દોષથી રહિત બનેલા, માટે વીતરાગ. વળી અપાય એટલે ઉપદ્રવ પણ કહેવાય. પ્રભુ અપાયાપગમવાળા છે અર્થાત્ તીર્થંકર નામકર્મના ઉદયથી વિહારનાં સવાસો યોજનમાં મારી-મરકી વગેરે ઉપદ્રવને નિવારનારા છે. (૨) 'સર્વજ્ઞ' વિશેષણથી જ્ઞાનાતિશય સૂચવ્યો. (૩) 'દેવેન્દ્રપૂજિત'થી પૂજાતિશય બતાવ્યો.

(૪) 'યથાસ્થિતવસ્તુવાદી' કહી પાંત્રીસ અતિશય યુક્ત વાણીનો વચનાતિશય નિર્દેશ્યો. ચાર મહા અતિશયના ધણી પ્રભુ ત્રણ લોકના ગુરુ છે. 'गृणाति इति गुरुः' હિતનો ઉપદેશ આપનાર તે સાચા ગુરુ. તે શુદ્ધ અને સત્ય ધર્મના ઉપદેશક, સંસારત્યાગી અને વિરાગી નિર્ગ્રંથ મુનિઓ સિવાય બીજા ન હોય. એમાં શ્રી અર્હંત્ પરમાત્મા એ શ્રેષ્ઠ ગુરુછે, આદ્ય ગુરુ છે. વીતરાગ શબ્દથી પ્રભુ વીતદ્વેષ, વીતમોહ પણ છે એ સમજી લેવાનું છે; કેમકે રાગ બધા દોષોમા રાજા છે; એ જતાં બીજા દ્વેષ વગેરે દોષ નષ્ટ જ છે.

**રાગ એ દ્વેષ કરતાં પ્રબળ દોષ છે. તે આ રીતે–**

(૧) રાગનો નાશ દશમા ગુણસ્થાનકને અંતે થાય, દ્વેષનો નાશ નવમા ગુણસ્થાનકે થાય. આ સૂચવે છે કે જ્યારે દ્વેષ નાશ કરે એવી આત્મવિશુદ્ધિ કરતાં અધિક આત્મવિશુદ્ધિ થાય અર્થાત્ ચિત્તના અધ્યવસાયની અધિક વિશુદ્ધિ થાય ત્યારે જ રાગનો નાશ થાય. (૨) દ્વેષનું મૂળ રાગ. ક્યાંક રાગ છે, માટે દ્વેષ છે. **રાગ એ દ્વેષનો બાપ છે.** (૩) દ્વેષ કાઢવો સહેલો, કેમકે દ્વેષમા કાળે કાળે ઘસારો પડે છે, પણ રાગમાં વૃદ્ધિ થતી જાય છે. (૪) રાગનું આયુષ્ય દ્વેષ કરતા ઘણું મોટું (૫) દ્વેષ ભૂલવો સહેલો, પણ રાગ ભૂલવો કઠણ. હદ કરતાં વધારે ભોજન કર્યું ઝટ ભોજન ઉપર દ્વેષ થાય; પણ જરા વાર થઈ ભૂખ લાગી એટલે દ્વેષ ભૂલાઈ રાગ થતાં વાર નહિ. દ્વેષ થાય તોય રાગ જલ્દીથી ન ભૂલાય, અંદર બેઠો હોય (૬) દ્વેષ કર્કશ લાગે, રાગ મીઠો લાગે. મીઠો શું કામ ન ગમે? રાગનો રંગ લાલચળક, દ્વેષનો રંગ કાળો. રાગ પાછળ હર્ષ, ને દ્વેષ પાછળ ખેદ, એવા અનુભવો સિદ્ધ છે. એમાં હર્ષ સહેજે

ગમે; (૭) દ્વેષ કરવો પડે છે; જ્યારે રાગ સહેજે થઈ જાય છે. (૮) હજીયે સમજુ માણસને કદાચ દ્વેષ ગમતો નથી, અયોગ્ય લાગે છે, પણ રાગ અયોગ્ય ક્યારેય લાગતો નથી. કેમકે (૯) દ્વેષથી પરિણામે નુકસાન સમજાય છે; રાગથી નુકશાન થાય છે તે સમજાતું નથી. હજીય દ્વેષ ભયંકર લાગે, રાગ ભયંકર લાગતો નથી. રાગમાં ખરાબી જણાતી નથી. (૧૦) 'દ્વેષ ન કરીશ' એમ હજીય જગત કહે; 'રાગ ન કરીશ'—એમ જગત નથી કહેતું, એ તો વીતરાગનું શાસન કહે છે. (૧૧) દ્વેષ દુર્ધ્યાન કરાવે છે એમ હજીય લાગે, પણ રાગ તેથી વધારે દુર્ધ્યાન કરાવે છે એમ લાગતું નથી. (૧૨) દ્વેષ જાણકારીમાં પેસે છે, રાગ બીન-જાણકારીમાં પેસે છે. દ્વેષ-ગુસ્સો થતાં માલુમ પડે છે, માટે તો એ ઢાંકવા મોઢાનો, આંખનો દેખાવ પ્રયત્નથી ફેરવી નાખવો પડે છે. પણ રાગ પેસતો દુશ્મન તરીકે, કે દુર્ગુણ તરીકે માલુમ જ પડતો નથી, સહેજે ખુશીનો દેખાવ થાય છે. (૧૩) દ્વેષ હિંસા સુધી પહોંચે ખરો, પરંતુ તે પૂર્વે જીવ જો પરિણામ વિચારશે તો કદાચ પસ્તાશે અને હિંસાથી અટકશે. રાગ તો ઠેઠ આત્માની ભાવ-હિંસા સુધી પહોંચશે, અને અટકવાની વાત નહિ. (૧૪) રાગ કરનારને અને રાગના પાત્રને બંનેને ભાવથી સ્વાત્માહિંસા થાય છતાં ખબર પડતી નથી, અને રાગની અંધતામાં પડશે પણ નહિ. (૧૫) રાગમાં બંને ભાન વિના ફસાય છે, કોઈ પશ્ચાત્તાપ નહિ; દ્વેષની પાછળ બંનેને ભાન અને પસ્તાવાનો અવકાશ રહે છે. (૧૬) દ્વેષનું પાત્ર આપણા પ્રત્યે દ્વેષી તરીકે રહે તે ગમતું નથી, પણ રાગનું પાત્ર આપણા પ્રત્યે અખંડ રાગી રહે એવું જોઈએ છે. અર્થાત્ રાગીપણું છૂટતુંય નથી, અને બીજાનું પણ રાગીપણું છૂટે તે ગમતુંય નથી.

**(૧૭) દ્વેષ ભસીને કાટનારો કૂતરો છે, જ્યારે રાગ પગ ચાટીને ફૂંકીફૂંકીને બચકું જોરથી ભરનારો છે.** પહેલાં ખબર જ ના પડે. સંયોગોના વિયોગે રાગની ખબર પડે, ને ત્યારે રાગ ઊછળે છે. (૧૮) જીવ રાગના પાત્ર માટે કેઈ પાપ અને ઘસાવાનું કરી છૂટે છે દ્વેષ પોષવા તો ઘસારો ન ય વેઠે. (૧૯) દ્વેષ દુર્ગુણ છે એ હજી ખબર હશે, પણ રાગ એ આત્માનો સ્વભાવ નથી, કિંતુ દુર્ગુણ છે એ ખબર નથી. (૨૦) દ્વેષ દીર્ઘ-કાળ રહે તે કેટલીક વાર ગમતું નથી પણ રાગ લાંબો રહે તે ગમે છે. પણ (૨૧) એકજ વસ્તુ પર રાગ કાયમ ટકતો નથી; કારણ કે એ સ્વભાવ નથી. વળી રાગને વફાદાર રહી શકતા નથી તો જ્યારે રાગને વફાદાર રહી શકાતું નથી, ત્યારે રાગ ધરવો શા માટે? એનું કારણ જણાતું નથી, અને રાગ કર્યા વિના રહી શકાતું નથી. છોડવો પડશે એ ચોક્કસ છે. (૨૨) **દ્વેષ ચેતાવી દે છે; જ્યારે રાગ ઊંઘાડી દે છે.** (૨૩) રાગ સર્વથા ભયંકર! તે ગયો એટલે તો બધી ભયંકરતા ગઈ. ક્રોધ, માન, માયા, લોભ, બધાય રાગની સેવામાં, અને રાગને મજબુત કરનારા. (૨૪) રાગને લીધે મિથ્યા મતિ ટકે, અને મિથ્યા મતિથી રાગ પોષાય. રાગની વસ્તુ પ્રાપ્ત કરવા, સાચવવા, ભોગવવા, ક્રોધ, માન, માયા, અને લોભ છૂટથી કરાય છે. રાગના પાત્ર પર કાં કામવાસના, કા સ્નેહ, કા દૃષ્ટિરાગ રહેવાનો; રાગની વસ્તુ અંગે હાસ્ય અને આનંદ (રતિ), ઉદ્વેગ (અરતિ) અને શોક, રાગની વસ્તુ અંગે ભય ...એમ રાગ પાછળ તોફાન ઘણા! દ્વેષ પાછળ એટલા ન પણ હોય. (૨૫) આઠ કર્મની જડ મોહનીય; અને મોહનીયની જડ રાગ. મોહનીયની બધી પ્રકૃતિનાં મૂળમાં રાગ.

તીવ્ર કોટિનો રાગ એટલે કે અનંતાનુબંધી રાગ ન જાય ત્યાં સુધી મિથ્યાત્વ ન જાય. (૨૬) રાગનો પક્ષપાત ભારે હોય છે. પક્ષપાતવાળો રાગ એ તીવ્ર રાગ છે. જે કષાય હિતકારી લાગે, કર્તવ્ય લાગે, 'કેમ ન કરીએ ? એમાં શું થઈ ગયુ ?' એમ ભાસે, અંતરના ઉંડાણમાં પણ એ ખૂંચે તો નહિ, કિન્તુ રુચે, એ તીવ્ર કષાય **અનંતાનુબંધી કષાય** છે એ હોય ત્યાં સુધી સંસારનો રસ અને અતત્ત્વનો દુરાગ્રહ હૃદયમાંથી ખસે નહિ. એ તો કહે છે, 'પત્ની ઉપર, પુત્ર ઉપર રાગ કરીએ તો શું વાંધો ? ત્યાં રાગ ન કરીએ તો શું ત્યા ઝઘડીયે ?' પણ તેના જવાબમાં એમ પૂછીએ કે દુનિયામાં હિંસા, જૂઠ, ચોરી કોના માટે થાય છે ? એ જ પત્ની પુત્ર માટે ને ? એની સાથે લડો નહિ. પણ અંધ રાગ ઓછો કરો તો જીવનમા દુર્ગુણો અને દુષ્કૃત્યોના ગુના ઓછા થાય. હિંસા, જૂઠ, ચોરી દુનિયા ઉપરથી ઓછા થાય તે સારૂં ? કે વધે તે સારૂં ? જગત શેનાથી સુખી ? (૨૭) હિંસા, જૂઠ, ચોરીમાં સહાયક તરીકે દ્વેષ કરતાં રાગ વધારે. ચોરી કરાવી કોણે ? રાગે કે દ્વેષે ? દુનિયામા કોઈને દુઃખી જોવા છતા તેનું દુઃખ ઓછું કરવા શા માટે યત્ન નથી ? ધનના અને કુટુંબના રાગને અંગે જ. (૨૮) પરમાર્થ ચૂકાવે છે કોણ ? રાગ જ ને ? એ જ રાગને લીધે પછી ગરીબ પર દ્વેષ થાય, કહે 'તગડો થઈને માગે છે ? મજુરી કરવી નથી' ...ઇત્યાદિ (૨૯) અનીતિ કરી પચીસ-પચાસ મળતા હોય તો કોના અંગે મેળવાય ? રાગના અંગે કે દ્વેષના અંગે ? દુનિયામાં તોફાન મૂળ રાગના જ છે. રાગ મોળો પડે, તો પાપ ઓછા થઈ જાય. (૩૦) દુનિયા કદાચ **દ્વેષમાં ડાહી હશે, પણ રાગમાં તો પાગલ જ છે.**

(૩૧) જીવનના મહાન દોષોનો પોષક રાગ છે. (૩૨) વિવેકી પાસે પણ અવિવેકનાં કૃત્ય રાગ કરાવે છે. (૩૩) બળિયો ય જીવ રાગ પાસે માંયકાંગલો. (૩૪) દુઃખની હોળી સળગાવનાર રાગ છે,—માટે **દુન્યવી ફરજોનું માપ રાગાંધ થઈને ન કાઢવું.** આશ્રિતનું પોષણ વગેરે કરવામાં રાગાંધ ન થવું. રાગ ઓછો થશે તો ગેરવ્યાજબી જરૂરિયાત આપોઆપ ઓછી થશે. રાગ છે ત્યાં સુધી જ હિંસાદિના પાપ છે

**રાગ બે જાતના છે; ૧ પ્રશસ્ત, ૨ અપ્રશસ્ત.**

પ્રશસ્ત રાગ બંધનકર્તા નથી, બંધનથી છોડાવનાર છે. પ્રશસ્ત રાગ એ ઔષધની જેમ અપ્રશસ્ત રાગથી છોડાવે છે. પ્રશસ્ત રાગ એટલે દેવ–ગુરુ–ધર્મ પર રાગ, સમ્યક્શાસ્ત્ર, તીર્થ, પર્વ, ધર્મક્ષેત્ર, આત્મગુણ વગેરે પર રાગ, તેથી પાપનો બંધ થતો નથી. ખોટી આશંસા યાને દુન્યવી રાગ પાપનો બંધ કરાવે પ્રશસ્ત રાગ તો અપ્રશસ્ત રાગને નબળા પાડે છે. પ્રશસ્તમા ધર્મ–લેશ્યા છે ધર્મની લેશ્યા ધર્મનો અનુરાગ સહેજે કરાવે. ધર્મરાગ એટલે ધર્મની લેશ્યાવાળો રાગ. એ પાપોને કાપી આત્માનો વિકાસ સધાવે છે. અપ્રશસ્ત રાગ એટલે પાપની લેશ્યાવાળો રાગ. એ પ્રશસ્તનો દેખાવ કરે તેથી પ્રશસ્ત ન થાય. જાતનો ગુંડો હોય, પણ શાહુકારના કપડાં પહેરી લે, તેથી શાહુકારમા ન ખપે. ગુંડાગીરીની દિશા ફેરવે, ધંધો ફેરવે, વૃત્તિ પલટે, તો લોકો વિશ્વાસ કરે. દીકરા ઉપર, સ્ત્રી ઉપર પ્રશસ્ત રાગ ત્યારે કહેવાય કે જ્યારે સ્નેહરાગ અને કામરાગ જતો કરી શુદ્ધ સાધર્મીનો અને મોક્ષ–કુટુંબીનો જ નીતરતો રાગ આવે. સાધુ ઉપર પણ અપ્રશસ્ત રાગ સારો નહિ 'આ સાધુ વાસક્ષેપ સારો નાખે છે, ફાયદો થાય તેવો,' વગેરે ..તો એ અશુભ–અપ્રશસ્ત

રાગ બની જાય. સંસારના લાભની અપેક્ષાએ, હાસ્યાદિ મોહની વૃત્તિના પોષણની દૃષ્ટિએ, રાગ કરવો તે અપ્રશસ્ત રાગ. સંસારથી નિસ્તાર પામવા, મુક્ત થવા માટે, અને તેના ઉપાયમાં જોડાવા બદલ જે રાગ કરાય તે પ્રશસ્ત રાગ. એથી ધર્મ-લેશ્યા અને ધર્મનો રાગ બંને વધતા જાય. જેટલી શુદ્ધ ધર્મ-લેશ્યાની માત્રા અને વેગ (Degree, Force) ઓછા તેટલું પુણ્ય કાચું બંધાય; ધર્મની લેશ્યા જોરદાર, તો પુણ્ય પણ જોરદાર, અને એથી સામગ્રી પણ ઊંચી જોરદાર મળે.

**શાલિભદ્ર**ને લેશ્યા ઊંચી હતી તો દેવતાઈ નવ્વાણું પેટીઓ રોજની મળતી છતાં, ઊંચી ધર્મની લેશ્યાથી ચારિત્ર લીધું અને પાળ્યુ! ઊંચી ધર્મ-લેશ્યાવાળો અધુરી સાધનાનો ખપ ન કરે. એને ગયા ભવમા ખીર વહોરાવ્યા પછી ય ગુરુમહારાજ ઉપર પ્રશસ્ત રાગનો પ્રવાહ એવો, કે પેટમાં પછી શૂલની પીડા થતી હતી તો પણ માતાને ભૂલી, એના ચિત્તમાં એકલા ગુરુની યાદ હતી. પેટમાં શૂળ વખતે માતા હાથ ફેરવતી હશે, સેવા કરતી હશે, પણ તે વખતે માતાને યાદ નહિ કરતાં ધ્યાન એક માત્ર ગુરુમાં અને દાન કરાવવાના ગુરુના ઉપકારમાં—'અહો! મારા ઉપકારી ગુરુએ કેવો મને તાર્યો!' આ ક્યારે આવ્યું? માતાએ ફરી ખીર આપી-ખવરાવી તે લક્ષમાં નહિ, પણ ગુરુના પાત્રે ગઈ તે લક્ષમાં! '**કેવો સુંદર યોગ! ખીર! અને દાનમાં! તેય મહાત્માને!**' આવી દાનધર્મની અનુમોદના હૃદયે! આ પ્રશસ્ત રાગ; ને તેથી એ ઉચ્ચ વૈભવી સામગ્રીનો ધણી બન્યો! પણ એ સામગ્રી પાપાનુબંધી નથી, એટલે મોહમાં અંધ નથી કરતી. તેથી જ જ્યારે 'માથે એક મોહગ્રસ્ત માનવ રાજા પોતાની

જેમજ બે હાથ બે પગવાળો છતાં ધણી છે' એવી ખબર પડી કે રોજ નવી આવતી રત્નાદિએ છલકાતી દેવતાઈ નવ્વાણું પેટી ય કથીરની લાગી, ને અપ્સરા જેવી ૩૨ નારીઓ પણ નરકની દીવડી લાગી. 'ખામીવાળી આ પુણ્યાઈ ન જોઈએ,'....ઋદ્ધિને છોડી, સ્ત્રીઓને છોડી, વહાલી માતાને છોડી, વીતરાગ પ્રભુ મહાવીર ભગવાનના ચરણ પકડયાં, ચારિત્ર લીધું, અને તર્યા. પ્રશસ્ત રાગ તારે, અપ્રશસ્ત રાગ મારે.

(૩૫) રાગ કરતાં દ્વેષ ખરાબ લાગે છે; પણ વસ્તુતઃ દ્વેષ કરતા રાગ ભયંકર છે. રાગ આત્મામાં વસ્તુ પ્રત્યે આકર્ષણનો ભાવ પેદા કરે છે, આત્માને ખેંચે છે; જ્યારે, દ્વેષ આત્માને વસ્તુથી દૂર ખસેડે છે.

**આમ અનેક દૃષ્ટિથી રાગ એ દ્વેષ કરતાં ખૂબજ બળીઓ અને મહાન અનર્થકારી છે, તેમજ એમાં બીજા દૂષણો બલાત્ પોષાય છે, માટે રાગ કાઢયો એટલે બીજા દોષો તો ગયા જ.** એટલે અહીં 'વીતરાગ' એવું વિશેષણ કહ્યું. રંગે તે રાગ, આત્મા જેનાથી રંગાય છે તે રાગ આત્માને વસ્તુ પ્રત્યેના આકર્ષણના રંગથી રંગે છે માટે તે રાગ. દ્વેષ, 'દ્વિ્' ધાતુ–'અપસંદ પડવું, અઠીક લાગવું, અણગમો કરવો' એના પરથી બન્યો વીતરાગ એટલે જેને ઈષ્ટ તરફ આકર્ષણ નથી, અને એજ વીતદ્વેષ છે, તેથી અનિષ્ટ પ્રત્યે અપ્રીતિ–અનાદરનો ભાવ મુદ્દલ નથી. અર્થાત્ જેને ઈષ્ટ અને અનિષ્ટ ઉપરથી આદર અને અણગમો ચાલ્યો ગયો છે તે વીતરાગ

**મોહની વિશેષ ભયાનકતાઃ**–એજ વીતરાગ **વીતમોહ** છે, એટલે મોહ વિનાના છે. મોહ એટલે અજ્ઞાન, મિથ્યાજ્ઞાન, વિપર્યાસ, મૂઢતા, મિથ્યાત્વ, દુરાગ્રહ, અસત્ વ્યુદગ્રહ વગેરે. રાગ, દ્વેષ બે મહાન ડાકુ આત્માને કબજે કરી આત્માના અસલી પોતાના

સ્થાન(મોક્ષ)થી એને પરાઙ્મુખ રાખે છે. આ બે ડાકુ સાથે મોહ વળી ગજબનો લૂંટારો છે. **રાગ ભસ્યા વિના ફૂંકી ચાટીને બચકું ભરે છે, દ્વેષ ભસીને બટકું ભરે છે, જ્યારે મોહ અંધારામાં રાખીને કરડે છે.** રાગદ્વેષમાં આ કુતરો છે એમ માલુમ પડે, મોહમાં તો કૂતરો છે એમ ખબર જ ના પડે **મોહ કૂતરાને** બકરૂં દેખાડે, સાપને દોરડું માની હાથમાં પકડાવે. ‘દુનિયામા જો કાંઈ કિંમતી છે તો તે જડ છે, શબ્દાદિ વિષયો, ધન, કુટુંબ, કાયા, ઘર દુકાન વગેરે જ મહત્ત્વનાં છે, તે જ શ્રેષ્ઠ છે, તે જ સર્વસ્વ છે, તે જ હિતકારી છે’—એવું એવું મોહ એને મનાવે છે. એને મન કિંમત જડની. એની આગળ આત્મા કોઈ વસ્તુજ નહિ. એ જડથી જ જીવી જડથી જ મરે; આ બધા ચાળા મોહના છે ‘આત્માને માટે દેહ છે,’ એ વસ્તુ ભૂલી, ‘દેહ છે તેજ વસ્તુ છે, માટે એની જ કાળજી કરવી,’ એમ માને, એમ વર્તે. ‘આત્મા માટે દેહ’ને બદલે ‘દેહને ખાતર જ આત્મા’ સમજે.

જેટલો મોહ જીતવો મોંઘો છે, મોહથી જીતાવું તેટલુંજ સહેલું છે. મોહ ન હોત, ને એકલા રાગદ્વેષ હોત તો એ કરડી ખાનારા કૂતરાને ઓળખત. તો કુતરા ઉપર વિશ્વાસ ન રાખત. મોહ કૂતરાને બકરો દેખાડે છે, તેથી બચકું બીજાએ ભર્યું હશે એમ નિશ્ચિતપણે બળાત્કારે મનાવે છે. બકરૂં કરડે? કૂતરાને બકરૂં દેખાડવું તે મોહનું કામ. એમ મોહ પ્રતિકૂળતાને અનુકૂળતારૂપે દેખાડે છે, અને અહિતને હિત તથા હિતને અહિતરૂપે સચોટ મનાવે છે. એ જગતના ભયંકર ત્રાસ, આયાસ અને વેદનાદાયી પણ આનંદદાયી મનાવે; જેમ, કોઈ દારૂ પીધેલાને તમાચો મારે તોય એ હસે છે. ગંધાતી ગટરને સુખનો

સાગર મનાવનાર દારૂ છે! તે પ્રમાણે ગંધાતી ગટર જેવી કાયાને ઉપરના મઢેલા માત્ર ચામડાના રૂપરંગથી ખૂબસુરત મનાવનાર મોહ છે. વાહ! મોહ તારી માયા! **મોહ આત્માને ભયંકર નુકશાન તો કરે જ છે, પણ નુકશાનને પાછો લાભમાં ખતવાવે છે.** મોહને કાબુમા લો તો જ રાગ કાબુમા આવે. જીવ મોહ છે ત્યાં સુધી જ આનંદથી રાગ કરે છે, અને રાગને હિતકારી માને છે. આત્મામાથી મોહ એટલે મિથ્યા મતિ ખસી ગયા પછી તો રાગને દુશ્મન દેખશે. રાગ કરતાં કાળજુ કપાશે. મોહ ભાન રહેવા દે નહિ; દોષના જ બચાવ કરાવે. કોઈ આપણી ચીજ માગીને લે તે ખમાય, ભૂલમાં લે તે ય ખમાય, પણ ઉપાડી જાય, આંચકી લે, ખૂંચવી લે, અને પાછો પોતાને એનો હકદાર માને તે નથી ખમાતું., ગુંડાગીરી લાગે છે 'ચોરી કરે અને પાછો શાહુકારીનો ફાંકો ? આ તો હદ થઈ' એમ થાય છે. બસ, મોહ આ કોટિનો ગુંડો લૂંટારો છે, છતાં એને એવો માનવાને બદલે પરમમિત્ર માનીએ છીએ એજ આપણી ગમારી છે

મોહ ન હોય તો રાગદ્વેષના દૂષણની ઓળખાણ હોય, દૂષણ તરીકે હજી માનવાનું બને, પણ મોહ દૂષણ ને દૂષણ તરીકે નહિ માનવા દેતાં, ગુણની મહોર–છાપ મારી આપે છે **દોષ પર ગુણનું લેબલ લગાડવું તે મહાભયંકર.** દળેલા મીઠાના ડબા પર ખાંડનું લેબલ મારી પછી તે દૂધમા નંખાય તો દૂધ બગડી જાય. દોષના ડબા ઉપર ગુણનું લેબલ મારવાથી તેના તેના સંપર્કમાં આવતી ગુણકારી વસ્તુ દોષરૂપ થઈ જાય છે. દા. ત. એક માણસ અભિમાની છે, પણ પોતે દોષિત છતા જાતને ગુણવાન માને છે. 'હું સમજુ છું, હું કાંઈ મૂર્ખ નથી, ભોઠ નથી.' વગેરે અભિમાનથી દોષ ઉપર ગુણનુ લેબલ લગાડે;

હોય પ્રમાદી અવસ્થા, તથા ધર્મ પ્રત્યે અને આત્મહિત પ્રત્યે બેપરવાહી, ને પાછો તે ઉપર લેબલ મારે સાવધાનીનું, આત્મ-જાગૃતિનું! ગુરુ ઘણુ કહે, પણ અભિમાન એને સત્ય વસ્તુ સમજવા જ ન દે. હોય અલ્પ જ્ઞાન, અને પોતાને જ્ઞાનનો મહાસાગર માને! આવાને આત્મદોષના સ્પષ્ટીકરણની, પોતાની અધમ દશાના ખ્યાલની, કે ત્યાગ-વૈરાગ્યની વાત પણ ન સ્પર્શે. કેમકે મોહના ઘરનુ હુંપદ છે આ જાગૃતિ નથી. આ તો ઘોર નિદ્રા છે, અહંભાવનો ખોટો ખ્યાલ છે. તેને 'અનંતજ્ઞાની આગળ હું કાંઈ વિસાતમા નથી' એ સમજવા નથી દેતો. હોય કૃપણતા દોષ, પણ કરકસર ગુણ માને. હોય ખરાબ ગુસ્સો, પણ માને પ્રશસ્ત દ્વેષ! 'હું તો હિતનું કહું છું, હિત માટે કરૂં છું' એમ માને આ ઘમંડ છે કુમતિ ઘમંડ ઓછો થાય તો ગુણ સમજે, ને અવગુણ કાઢવા કોશિષ થાય, તથા ગુણકારી વસ્તુના સંપર્કથી ગુણનું ગ્રહણ કરાય.

અહંભાવ ને કુમતિ જાય તો આત્માનું સ્વરૂપ સમજાય, ગુણદોષનો વિવેક થાય, દોષ ઉપર ગુણનું લેબલ ન લગાવાય; સમજે કે 'પુણ્ય જાગ્રત્ હશે તો દોષ પણ ગુણમા ખપશે ખરા, પણ દોષ તે દોષ જ. ગુણ તરીકે દોષનું સેવન મહાભયંકર પરિણામ લાવશે.' એમ એ અહંભાવ છોડી સર્વજ્ઞનું ઉપશમ-વિરાગકારી શાસન સેવે તો જ દોષની પિછાણ અને નિકાલ થાય. બહાર પ્રત્યેના ઉઘાડા ડોળાથી તો બહારની આળપંપાળ વધશે, અને દોષો કાંઈ ગુણ નહિ થાય. જીવને કહો કે 'બચાવ તરીકે આગળ ધરેલા અને પોષેલા દોષો નહિ તજે તો ભારે થઈ પડશે. સમજ જીવ! સમજ, વીતરાગનું શાસન છોડી, મોહના જોરે કરાતી જગતની શાબાશીની ઘેલછા પાછળ, મનકલ્પિત ખોટા

સુખ પાછળ, સગવડ સાહ્યબીના ખોટા કદાગ્રહ પાછળ, તારા હાથે તારા આત્માને ગુણથી દૂર–અલગ કરી રહ્યો છે, અને આત્માને દોષમાં ડુબાડી રહ્યો છે. માટે મોહનો ત્યાગ કર. એ માટે નિર્મોહી પરમાત્માની અહર્નિશ નિરંતર ઉપાસના કર.'

(૨) **સર્વજ્ઞ** :–પ્રભુના પહેલા વિશેષણ 'વીતરાગ'ની વાત થઈ. પરમાત્માનું બીજુ વિશેષણ **સર્વજ્ઞ.** એમાં જ્ઞાનાતિશય સૂચવ્યો. સર્વજ્ઞ એટલે અનંત કેવળજ્ઞાનવાળા. સર્વજ્ઞ, એટલે વિશ્વના સમસ્ત જીવ પુદ્ગલ વગેરે અનંતાનંત દ્રવ્યોના અનંત ભૂત ભવિષ્ય અને વર્તમાન કાલના, પ્રત્યેક દ્રવ્ય ઉપર બનેલા, બનતા, બનનારા સર્વ અનંતાનંત ભાવો પર્યાયો (અવસ્થાઓ)ને હાથમાં રહેલા આમળાની માફક દરેક સમયે પ્રત્યક્ષ જોનારા અને જાણનારા. ત્રિકાળના પરમાણુ પરમાણુના પર્યાયો અને સર્વ જીવ ઉપરના ભાવો અનંતાનંત સંખ્યામાં છે, તે બધું પ્રત્યક્ષ જુએ. આ કેવળજ્ઞાનનો પ્રકાશ જબરદસ્ત ! એમા અનંતાનંત કાળની કોઈ વસ્તુ કે ઘટના છૂપી નહિ પ્રત્યક્ષ શુદ્ધ જ્ઞાનનો સ્વભાવ જ જ્ઞેય વસ્તુને જણાવવાનો. કેટલું જાણે એ મર્યાદા ન બંધાય; કેમકે મર્યાદા બાંધવામાં નિયમ શો કે આટલી જ વસ્તુ જાણે? પ્રકાશ-સ્વભાવ એ કે જેનું નામ જ્ઞેય, તેને જાણે: પછી ભલે તે અનંત કાળ પૂર્વના હો કે પછીના; અને અનંતાનંત સંખ્યામાં હો; રૂપી હો યા અરૂપી, બધાં જ જ્ઞેય ત્યાં જણાય, કેવળજ્ઞાન વર્તમાન-ભૂત–ભવિષ્ય સર્વકાળના સમસ્ત જ્ઞેય પ્રત્યક્ષ જુએ, કોઈ પ્રસંગ કે કોઈ સ્થિતિ છૂપી નહિ.

(૩) **ઇંદ્રોથી પૂજ્ય કેમ ?** 'અરિહંત પરમાત્માનું ત્રીજું વિશેષણ **'દેવેન્દ્ર–પૂજિત'.** એમાં પૂજાતિશય સૂચવ્યો. અસંખ્ય દેવતાઓના સ્વામી ઈન્દ્રો પણ જેની પૂજા ભક્તિ કરે. શું જોઈ ને

આશ્રવ, બંધ, સંવર, નિર્જરા, અને મોક્ષ એ જ્ઞેય–હેય–ઉપાદેય તત્ત્વો. નામ, સ્થાપના, દ્રવ્ય, ભાવ એ ચાર નિક્ષેપે ચાર ભેદે વસ્તુમાત્ર વહેંચાયેલી છે. વસ્તુ પ્રમાણ અને નયજ્ઞાનથી જ્ઞેય છે. 'સ્યાદસ્તિ' વગેરે સપ્તભંગીના સ્યાદ્વાદથી વસ્તુનો પ્રત્યેક ધર્મ પ્રતિપાદ્ય છે. વસ્તુમાત્ર અનંત ધર્માત્મક છે....આ બધું યથાર્થ અને સ્પષ્ટ કહેનારા. મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન અને મનઃપર્યાયજ્ઞાન કરતાય સર્વજ્ઞનું જ્ઞાન અનંતગુણું શ્રેષ્ઠ. એમાં એમણે જોયું કે જીવ જડમાં મુંઝાયો, ફસાયો અને અટક્યો છે, તેથી જ ભવમાં ભમે છે, અને દુઃખમાં સબડે છે જડના આકર્ષણ તૂટે તો જ મુક્તિનો સાધક બને. એ માટે પ્રભુએ જડ કાયાની દયા ન ખાધી તેથી કાયાની નહિ પણ આત્માની મરામત શીખવી. એ કહે છે કે આ માનવભવ હાથમાં છે, ત્યાં સુધીમાં જીવે પૂર્વે જે અનંતા કર્મના જાળાં બાંધ્યાં છે, તે તોડી નાખવાનો અપૂર્વ અવસર છે. માટે એ તોડી નાખવાના છે, પણ વધારવાના નથી.

**સર્વજ્ઞનું વચન હૃદયે ફરસવું જોઈએ.** સર્વજ્ઞના વચનની શ્રદ્ધા આત્માના પ્રદેશે પ્રદેશે વ્યાપ્ત થઈ જવી જોઈએ. એનાથી આત્મા ભાવિત થવો જોઈએ. એ માટે ખોટાનો બચાવ નહિ કરવાનો. જીવને બચાવ કરવાની આદત અનાદિની છે. બચાવ એ દંભ છે. બચાવ એ મોહની શિખવણી છે. હવે તો જ્ઞાનીની શિખવણી જોઈએ. જ્ઞાનીનાં વચન હૃદયે આરપાર ઊતરી જવા જોઈએ. એમના વિરાગના ઉપદેશ–બાણોથી રાગ–હૃદય વીંધાઈ જવું જોઈએ. માત્ર સાંભળતી વખતે ગળગળા થવાય એટલું જ બસ નથી. સર્વજ્ઞનાં વચન ઉપર અવિચળ શ્રદ્ધાથી એ ઉપદેશ હવે આત્મઘરમાં એવો રમતો થઈ જાય, કે એ ઘેર, બજારમાં કે

મિત્રોમાં, સુખમાં કે દુઃખમાં આત્માની હાજરી લે, એને જાગ્રત્ રાખે. બચાવ કોઈના ચાલ્યા નથી. જિનશાસનમાં તો જરાક અરુચિ કે અણગમો એ પણ દ્વેષ છે. દુનિયામાં આપણને અનિષ્ટ લાગતા વિષયો, અનિષ્ટ જીવો, અને અનિષ્ટ સંયોગો પ્રત્યે ખેદ દ્વેષ જેટલો વખત રહે, તેટલો વખત એ આત્માને કાળો બનાવે છે. અહો! શા સારુ આત્મા પરમાં પડતો હશે? પરની જંજાળ કરતો હશે? એને પોતાનું સંભાળવાનું, પોતાની ખરાબી મિટાવવાનું ક્યાં ઓછું છે? પણ પ્રભુવચનની શ્રદ્ધાની કમીના છે; નહિતર એક સમય માત્ર પણ પરચિંતા કરવાની જરૂર નથી. પર તો આપણા ભાગ્ય મુજબ જ વર્તશે. દુનિયામાં રહ્યા ત્યાં અતિ આવશ્યક દેખાવ રાખવા પડતા હોય તોય, જેમ સર્પની દાઢમાંથી ઝેર કાઢી નાખ્યું, પછી ફુંફાડો નુકશાન કરનારો નહિ; તેમ આપણા દેખાવના ફુંફાડા પાછળ રાગદ્વેષના ઝેર ન રહેવા જોઈએ કષાય-ઝેરનો સમૂળગો નાશ થવો જોઈએ. નાનો સરખો પણ કષાય કરવો પડે એ કુસંસ્કારને પોષવાનું થાય છે, એને તાજા કરવાનું થાય છે, એ હરગીઝ ન ભૂલાવું જોઈએ.

ત્યારે મનુષ્ય જીવન મળ્યું એટલે ધંધો શું રાગદ્વેષ અને વેરઝેરનો કરવો? જ્યાં સુધી જીવનમાં આવી અધમ કાર્યવાહી જોરદાર છે ત્યાં સુધી જગનાથનું દર્શન દોહ્યલું છે. સમ્યગ્દર્શનની સુંદર સામગ્રીવાળા આ મોંઘેરા માનવભવમા દર્શનની આડે નડતી ઘાતીકર્મની દિવાલ મજબૂત ન કરાય, પણ તેને તોડી નાખવી જોઇએ તેને ખોખરી કર્યા વિના જનોક્ત તત્ત્વનું સાચું દર્શન નહિ થાય, દર્શનાભાસ થશે. 'મારે સેવક જગનાથનો બનવું છે, કિંતુ વિષયકષાય કે રાગદ્વેષનો નહિ. માટે જિનની વાણીના અનુસારે જ

પૂજા કરતા હશે? પૂજા બે પ્રકારે થાય.–(૧) લાલચ, સ્વાર્થ, પરાધીનતા અગર બીકથી, એ અધમ પૂજા. અને (૨) ઉપકારી માનીને યા ગુણના બહુમાનથી, અને ગુણ મેળવવા માટે પૂજા, આ ઉત્તમ પૂજા. નિર્મળ અવધિજ્ઞાનના માલિક અને પૂર્વ ભવની સુંદર આરાધનાવાળા ઈન્દ્રો પરાધીનતાથી અગર લાલચથી નમતા નથી. જેને અસંખ્ય કાળ સુધી પૌદ્‌ગલિક સુખનો પાર નથી, તેવા ઈન્દ્રો અરિહંતની પૂજા કરે છે, તે (૧) અરિહંત પરમાત્માના અનંતાનંત ઉપકાર અને ગુણનાં બહુમાનથી, તથા (૨) તેમના જેવા ગુણના સ્વામી બનવા માટે. જ્યારે ઈન્દ્રો આ રીતે પૂજા કરે ત્યારે આપણે કેવી રીતે ને કઈ આશાથી પૂજવા? ઈન્દ્રો પરમાત્માની પૂજા ભૌતિક અપેક્ષા વિના અને ઋદ્ધિની આશા વિના કરે છે, માનવભવ પામી પ્રભુના જેવા શુદ્ધ ભાવો અને તેમના જેવું વિશુદ્ધ ચારિત્ર મેળવવા પૂજા કરે છે, પણ ઇન્દ્રાસન કાયમ ટકાવવા નહિ, ફરી ઈન્દ્રની ઋદ્ધિ મેળવવા નહિ. જે માનવભવ ઈન્દ્રને વર્તમાનમાં નથી, તેને માટે ઈન્દ્ર તલસે છે! અને આપણે? આપણને મનુષ્ય-ભવ મળ્યો છે, તેથી કેવી ઉત્તમોત્તમ સાધના થઈ શકે તેની આપણને પરવા નથી, કે ભાન નથી! મનુષ્ય ભવ ફક્ત (i) તુચ્છ વિષયોને કેળવવામાં, (ii) કંગાળ કષાયનો પારો ચડાવવામાં અને (iii) સ્વર્ગના રસ–ઋદ્ધિ–શાતા કરતાં રદ્દી એવા રસ, ઋદ્ધિ અને શાતાની જાળમા ગુથાઈ જવામા પસાર કરીએ છીએ!!! ખૂબી જુઓ, ઇન્દ્ર જેવો મનુષ્યભવ માટે ઝંખે છે, પ્રભુનો પૂજક બને છે, છતાં—ઇન્દ્રની પૂજા અધૂરી છે. કારણ કે વીતરાગ પરમાત્માની સર્વવિરતિ–ચારિત્રની આજ્ઞાનો અમલ કરી શકતા નથી. ભગવાનની શ્રેષ્ઠ પૂજા ભગવંતની આજ્ઞા સર્વાંશે અમલમાં મૂકવી છે. તે સર્વવિરતિ ચારિત્રના પાલનથી થાય.

પ્ર૦–ભગવંતની આજ્ઞાને અમલમાં ગણધર મહારાજ શ્રેષ્ઠ મૂકી શકે છે, તો પંચસૂત્રકારે પ્રભુને ગણધરપૂજિત કેમ ન કહ્યા ? દેવેન્દ્રપૂજિત શા માટે કહ્યા ?

ઉ૦–દેવતાઈ અતિશય સુખ–સન્માનાદિમાં મહાલતા ઇન્દ્રો અરિહંતની ભક્તિ કરે એ એક અનેરી વિશેષતા છે. જે ક્ષેત્રે અરિહંત ભગવંતો વિચરે છે, તેજ ક્ષેત્રે ગણધર ભગવંતો વિચરે છે એટલે કે ત્યાના રહેલા ત્યા જ પૂજા અરિહંત ભગવંત વિચરે છે તે જ ક્ષેત્રે કરે છે. તે કરતાં બહુ જ દૂરથી, પરજાતિ, પરક્ષેત્રી, એવા દેવોના પણ સ્વામી મનુષ્ય ક્ષેત્રની દુર્ગંધ અવગણીને પણ અહીં પ્રભુને પૂજવા આવે તે વિશેષતા ગણાય. વળી જગતના બાળ જીવો દિવ્ય ઋદ્ધિમંત અને વૈભવશાળી એવા પણ દેવોથી થતી પૂજા જોઈને વધારે આકર્ષાય છે દેવોથી કરાતી સમવસરણાદિ પૂજા બહુ જ ઊંચી ! અને એ અસંખ્ય યોજનથી દેવો નીચે આવી કરે છે, તેથી બાળ જીવોને આકર્ષણ થાય છે.

**અરિહંત શું શું પ્રકાશે છે ?** – ચોથું વિશેષણ **'યથાસ્થિતવસ્તુવાદી'** એમાં 'વચનાતિશય' સૂચવ્યો. કેવળજ્ઞાન મેળવ્યું, સર્વજ્ઞ બન્યા, કૃતકૃત્ય થયા, પોતાનું પ્રયોજન સિદ્ધ થયું. એટલે હવે મૂંગા મૂંગા મુક્તિમા ગયા એમ નહિ; પણ જે તત્ત્વ પોતાને પ્રગટ થયું, પોતાને પ્રત્યક્ષ થયું, તેનો માર્ગ જગત સમક્ષ મૂક્યો,–જગતને મુક્તિમાર્ગનો ઉપદેશ આપ્યો, અને યોગ્યને તાર્યા. પોતે અક્ષય રત્નત્રયીનું ભાતું બાંધ્યું અને વિશ્વમા તેની પ્રભાવના કરી. એ વસ્તુતત્ત્વને યથાસ્થિત રુપમાં (જેવાં છે તે રૂપે) કહેનારા છે. વસ્તુમાત્ર ઉત્પાદ, વ્યય, અને ધ્રૌવ્યવાળી છે, તો વસ્તુને તે રીતે ઓળખાવનારા છે. જીવ, અજીવ.

મારી વિચારસરણી હોવી જોઈએ.' આ જો નિર્ધાર રખાય, પરમાત્મા યથાસ્થિત વસ્તુવાદી છે તો તે રીતે જો એ સ્વીકારાય, તો મોહની પ્રબળતા ન રહે. પછી કદાચ મોહનું દેણું ભરવું પડે, પણ તે છૂટવા માટે, વળગવા નહિ; મોહને આધીન ન બને, પણ મોહ ઉપર પાકો તિરસ્કાર રાખે. આંતર શત્રુ જે ક્રોધ તે કદાચ માંહી ઉદયમા આવે, પણ બહારથી આંખ પણ લાલ થવા ન દે. કષાયના ઉદય વખતે જાગ્રત્ રહે. **કષાયના ઉદયને આત્મવીર્યની સહાય ન દે.** મોહના પગ એ ભાંગે, પણ મોહ એના પગ ન ભાગે.

ચાર વિશેષણવાળા પરમાત્મા ત્રણ ભુવનના ગુરુ, ત્રણે લોકના જીવને હિતકારી, એક માત્ર શરણ, એ જ પિતા, માતા ભ્રાતા અને ત્રાતા છે. અરિહંતને 'અરુહંત' પણ કહેવાય છે; અ–રુહંત એટલે જેમનામાં નાનો સરખો પણ કર્મનો ફણગો ફૂટે નહિ, કર્મનો અંકુરો ઊભો થાય નહિ તે. તેમ અરિહંતને 'અરહંત' પણ કહેવાય છે; અ–રહંત એટલે જેના કેવળજ્ઞાન આગળ બધું પ્રગટ છે કાઈજ રહસ્ય અજ્ઞાત છુપું નથી તે.

પ્રશ્ન–જે વીતરાગ સર્વજ્ઞ છે, તે યથાર્થ વસ્તુ કહેનારા તો છે જ, તો જુદું વિશેષણ કહેવાની શી જરૂર?

ઉત્તર–અમારે જરૂર નથી, પણ જેઓ અસત્ વસ્તુ સ્વીકારે છે તેના નિષેધ માટે આ વિશેષણ છે. તેઓની આ અસત્ માન્યતા છે કે 'વસ્તુ વાણીનો વિષય જ નથી, શબ્દ અને અર્થનો સંબંધ જ લાગી શકતો નથી, તેથી વસ્તુને યથાર્થ કહેનારા કોઈ હોઈ શકે જ નહિ.' પણ જો વસ્તુ અને શબ્દને સંબંધ જ ન હોત તો અમુક સંકેતેલા શબ્દથી અમુક જ વસ્તુ કેમ જણાય?

પૂર્વધર મહર્ષિઓ પણ યથાસ્થિત વસ્તુવાદી છે તે અહીં નથી લેવા, માટે વીતરાગ વગેરે વિશેષણ મૂકયા. પૂછો કે 'ભલે ને એ પણ સાથે સાથે સ્તવાય તો વાંધો શો? પૂજ્યોને સ્તવવાનું તો સારૂં જ છે' પરંતુ એમાં વિવેક એ છે કે સર્વત્ર ગુણોની પરાકાષ્ઠા જેમનામાં હોય તે મુખ્યપણે સ્તવવા યોગ્ય હોય છે. વળી 'ઉત્કૃષ્ટ ગુણોની સ્તુતિ કરી, એટલે એ ગુણોની અન્તર્ગત સમાન અવાન્તર ગુણોની સ્તુતિ તો આવી જ ગઈ,' –માત્ર એ ન્યાય બતાવવા અલગ રીતે બીજા મહર્ષિ ન લીધા, પણ નહિ કે ખાસ એમને બાદ રાખવા માટે જ ન લીધા, અહીં એ પણ સમજવાનું છે, અહીં ટીકાકાર 'અપાયાપગમ અતિશય' રાગદ્વેષ–મોહના અત્યંત ક્ષયને કહે છે, એ 'વીયરાગાણું' વિશેષણના રહસ્ય તરીકે છે. બાકી તો પ્રભુના વિહાર–ક્ષેત્રના સવાસો જોજનમાં મારી મરકી વગેરે ઉપદ્રવના રહિતપણાને પણ 'અપાયાપગમ' કહે છે. આ ચાર અતિશય સાથે અવશ્ય રહેવાવાળા,–દેહની દિવ્યાતિદિવ્ય સુંદરતા, શ્વાસની સુગન્ધિતા, વગેરે બીજા પણ ઘણા અતિશય સમજી લેવા. તેથી અહીં 'ચોત્રીસ અતિશય યુક્ત પરમાત્માને નમસ્કાર હો' એવું કથન થયુ.

'ત્રૈલોક્ય–ગુરુ' એ વિશેષણ સર્વ વિશેષણના અર્થનો ઉપસંહાર કરે છે એમાં (૧) ત્રણે લોકના વાસી જીવોને (પાતાલ–વાસી દેવને પણ) તત્ત્વભૂત પદાર્થો કહેનાર છે માટે, (૨) ત્રણ લોકના જીવો કરતા અધિક ગુણ, પ્રભાવ અને ઉપકારવાળા છે માટે, અથવા (૩) ત્રણ લોકને પૂજ્ય છે માટે એ ત્રણ લોકના ગુરુ છે. તેમને નમસ્કાર હો 'ભગવંત' શબ્દમાં ભગ શબ્દથી સમગ્ર ઐશ્વર્ય વગેરે ગુણ–સંપત્તિ લેવી.

सूत्र :–जे एवमाइक्खंति–इह खलु अणाई जीवे, अणाई जीवस्स भवे, अणाई कम्मसंजोग–निव्वत्तिए, दुक्खरुवे, दुक्खफले, दुक्खाणुबंधे ।

एअस्स णं वुच्छित्ती सुद्धधम्माओ । सुद्धधम्मसंपत्ति पावकम्म-विगमाओ ।

पावकम्मविगमो तहाभव्वत्ताइभावओ । तस्स पुण विवागसाहणाणि–१, चउसरणगमणं, २ दुक्कडगरिहा, ३. सुकडाण सेवणं ।

अओ कायव्वमिणं होउकामेणं सया सुप्पणिहाणं भुज्जो भुज्जो संकिलेसे, तिकालमसंकिलेसे ।

---

**અર્થ :**–જે ( અરિહંત પ્રભુ ) આ પ્રમાણે કહે છે,–આ જગતમાં જીવ અનાદિ છે, જીવનો સંસાર (પણ) અનાદિ છે, (એ સંસાર) અનાદિ કર્મસંયોગથી બનેલો છે, (ને તે) દુઃખરૂપ, દુઃખફ્લક, દુઃખાનુબંધી છે.

એનો ઉચ્છેદ શુદ્ધ ધર્મથી થાય; શુદ્ધ ધર્મપ્રાપ્તિ પાપ-કર્મના નાશથી થાય, પાપકર્મનો નાશ તથાભવ્યત્વાદિ ભાવથી થાય. તે( તથાભવ્યત્વાદિ )ના પરિપાકનાં સાધનો,–૧. ચાર શરણાંનો સ્વીકાર, ૨. દુષ્કૃતગર્હા, ૩. સુકૃતોનું સેવન (અનુમોદન).

એટલા માટે મુક્ત થવાની ઇચ્છાવાળાએ હંમેશા સંક્લેશ વખતે વારંવાર, અને સંક્લેશ ન હોય ત્યારે ત્રિકાળ સમ્યક્ પ્રણિધાન સાથે આ સાધન આચરવાં જોઈએ.

**જીવનું સ્વરૂપઃ**–જે પરમાત્મા એમ ભાખે છે કે (૧) લોકમાં **જીવ અનાદિ કાળનો છે. (૨) જીવનો સંસાર અનાદિ કાળનો છે. (૩) સંસાર એ અનાદિ કાળથી ચાલ્યા આવતા કર્મ–સંયોગથી બનેલો છે. માટે (૪) સંસાર દુઃખ રૂપ છે, (૫) પરિણામે ફળરૂપે પણ દુઃખ આપનારો છે,**

અને (૬) તેય દુઃખ એકવાર નહિ, પણ **દુઃખની પરંપરાને ભવોભવ સરજનારો છે.**

પરમાત્માએ કહેલું જ ગ્રંથકાર કહે છે તે 'અનુવાદ કરે છે' એમ કહેવાય. મહાપુરુષોના ઉપદેશનો અનુવાદ એ પણ કલ્યાણરૂપ હોવાથી શુભ કાર્ય છે; તેથી તેના પ્રારંભે વિઘ્નપિશાચની શાન્તિ માટે પૂર્વના 'નમો વીયરાગાણં' સૂત્રથી ઇષ્ટદેવને નમસ્કાર જે કર્યો તે મંગળ માટે છે.

મુક્તિની સાધનાના પ્રથમ પગથિયા તરીકે બતાવેલ જે પાપ-પ્રતિઘાત પાપનાશ, તેના ઉપાય અહીં કહેવા છે; તે એટલા જ માટે, કે પાપના ઉચ્છેદથી સંસારનો ઉચ્છેદ થાય. એ સંસાર કોનો છે? ક્યારનો છે? કેવી રીતે થયેલો છે? અને કેવા સ્વરૂપ અને પરિણામવાળો છે? એ આ સૂત્રમાં બતાવ્યુ છે. આ બધું 'ઇહ' એટલે કે લોકમાં છે, અલોક આકાશમાં નહિ. 'જીવ' એટલે આત્મા. 'અતતિ' યાને ભિન્ન-ભિન્ન જ્ઞાનાદિ પર્યાયો (અવસ્થાઓ)માં સતત રહે તે 'આત્મા'. એ આત્મદ્રવ્ય અનાદિ કાળથી છે, સનાતન છે; પણ નહિ કે નવું જ ઉત્પન્ન થાય છે. શરીરથી આત્મા કે ચૈતન્ય તદ્દન નવું ઉત્પન્ન થાય એવું નથી. કેમકે પૂર્વે જે સર્વથા અસત્ હોય, તે કદિયે ઉત્પન્ન થઈ હયાતિમાં આવી શકે જ નહિ. તેમ અહીં પણ પંચભૂતના સમૂહથી આત્મા નવો જ ઉત્પન્ન થતો મનાય નહિ જેમ માટીના પિંડામાં અપ્રગટરૂપે ઘડો છે, તોજ તેના ઉપરની ક્રિયાથી ઘડો પ્રગટ થાય છે. તંતુમાં અપ્રગટરૂપે પણ ઘડો નથી, તેથી તંતુ-ક્રિયાથી કદિયે ઘડો પ્રગટ થતો નથી. તેવી રીતે પૃથ્વી આદિ ભૂતમાં અપ્રગટરૂપે ચૈતન્ય છે જ નહિ, તેથી નવું જ પ્રગટ ન થાય, આત્મા તેનાથી ઉત્પન્ન થયો એમ ન કહેવાય. આ સિદ્ધાંતને સત્ કાર્યવાદ કહે છે. સ્યાદ્વાદની શૈલીએ તો સદસત્કાર્યવાદ છે, અર્થાત્ દા. ત. માટીમાં

ઘડો કથંચિત સત્ છે, એટલે કે સત્ પણ છે, અને અસત્ પણ છે; અણઘડાયા રૂપે સત્ છે, ને ઘડાયેલા ગોળાકાર રૂપે અસત્ છે. જ્યારે તંતુમાં ઘડો સર્વથા અસત્ છે. હવે જો આત્માને પણ સર્વથા અસત્ માનીએ તો એ કદિયે પ્રગટ થાય નહિ માટે આત્મા અનાદિ કાળનો અને જડ ભૂતોથી તદ્દન જુદી જાતનો સિદ્ધ થાય છે. એ આત્મા પોતાના પ્રદેશો ઉપર કર્મના યોગે શરીર રચે છે.

પ્રશ્ન–પંચભૂતોના સમુદાયની વિશિષ્ટ શક્તિથી ચેતના કેમ ઉત્પન્ન ન થાય ?

ઉ૦–ભૂતસમૂહમા આવી કોઈ વિશિષ્ટ શક્તિ છે, એમાં પ્રમાણ શું ? કેમકે તમે તો અદૃશ્ય શક્તિ માનો નહિ, અને પ્રત્યક્ષ શક્તિ ભૂતોમાં દેખાતી નથી. ચેતના જે દેખાય છે, તે ક્યાંથી આવી તેનો તો પ્રશ્ન છે. અદૃશ્ય શક્તિ માનો તો મરેલાં શરીરમાંયે પાંચ ભૂત છે, તો તેમાં કેમ ચેતના નહિ ? માટે કહો કે આત્મા એક સ્વતંત્ર વસ્તુ છે, તે અનાદિ સત્ છે, શરીર સાથે માત્ર તેનો સંબંધ થાય છે એટલું જ; ને તેને જ જન્મવું કહે છે.

**સંસારનું સ્વરૂપઃ–જેમ આત્મા અનાદિકાળનો છે, તેમ જીવનો ભવ અર્થાત્ સંસાર પણ અનાદિ છે.** તે 'સંસાર' એટલે આત્માની પલટતી રહેતી અશુદ્ધ અવસ્થા. આત્માની મનુષ્યાદિ ગતિ–શરીર વગેરે વિભાવ દશા 'કોઈ કાળેય જીવ તદ્દન શુદ્ધ હતો ને ત્યારે સંસાર હતો જ નહિ' એવું નથી. જેમાં પ્રાણીઓ કર્મને પરવશ મનુષ્ય દેવ આદિ રૂપે થાય છે (ભવતિ), એવા આ સંસારને ભવ કહે છે. તે અનાદિ સંસાર પણ અનાદિકાળથી કર્મ-સંયોગથી ચાલ્યો આવે છે અનાદિની વસ્તુ સંસાર, એ અનાદિના જ કારણોએ હોય નહિતર તો જો પૂર્વે કોઈ વખતેય આત્મા કર્મ-સંયોગથી રહિત હોત, તો તે શુદ્ધ હોત; અને એમ શુદ્ધ આત્માને, મુક્તિપામેલા જીવની જેમ, કદિએ સંસાર શરૂ થવાનું કોઈજ

કારણ નથી, તેથી સંસાર થાય જ શી રીતે? વર્તમાન સંસારનું અને શરીર–ઇન્દ્રિય–પ્રાણુ વગેરેનું કારણુ પૂર્વનાં બાંધેલા કર્મ છે, જેવાં જેવાં પૂર્વ કર્મ, તેવું તેવું શરીર વગેરે મળે. માટે શરીરાદિ એની પૂર્વના કર્મને આધીન છે ત્યારે તે કર્મ વળી શરીર વગેરે સંસારના લીધે બંધાએલા છે. તે શરીરાદિ એની પૂર્વના બાંધેલા કર્મથી મળેલા. તે કર્મ તેથી પૂર્વનાં શરીરદ્વારા, અને તે શરીર પૂર્વના કર્મદ્વારા... આ રીતે પૂર્વ પૂર્વ કાળનો દેહ અને કર્મનો વિચાર કરતાં સંસાર અને કર્મ–સંયોગોનો પ્રવાહ અનાદિ સિદ્ધ થાય છે. યુક્તિસિદ્ધ આ અનાદિતા ન માનતાં, 'ક્યારેક શરૂઆત તો થઈ જ હોય ને?' આવી મનમાની કલ્પના કરવી તે યુક્તિરહિત છે; કેમકે એમ તો તે સૌથી પહેલી આદ્ય શરૂઆતને કારણુ વિનાની માનવી પડશે, અને તે ખોટું છે. જગતમાં કારણુ વિના કાર્ય બની શકતું જ નથી. કોઈ એક કર્મસંયોગ કે સંસાર, વ્યક્તિગત રીતે ઉત્પન્ન થવાવાળો હોઈ, જરૂર પ્રારંભ–વાળો છે; છતાં, એની પૂર્વે એના કારણુ તરીકે બીજો એવો સંસાર અને કર્મ–સંયોગ હતો જ એ અનિવાર્ય છે. એમ પૂર્વે પૂર્વે વિચારતા સંસાર એ પ્રવાહથી અનાદિનો સિદ્ધ થાય છે. અર્થાત્ સંસાર થવાની ક્રિયા અનાદિથી ચાલુ છે. જેમ કોઈ પણુ સમય, ઘડી, વર્ષ વગેરે કાળ ઉત્પન્ન થવાવાળો છે, છતા આવા કાળનો પ્રવાહ અનાદિથી ચાલુ છે; તેવું સંસાર માટે સમજવું.

આ સંસાર દુઃખરૂપ, દુઃખફલક અને દુઃખાનુબંધી છે.

(૧) **દુઃખરૂપ** કહ્યું તે સૂચવે છે કે સંસાર દુઃખવાળો છે એમ નહિ, પરંતુ ખુદ દુઃખ છે, દુઃખસ્વરૂપ છે. એમાં દેખાતું વિષય-સુખ એ ય દુઃખ છે. સુખાભાસ છે; કેમકે, જેમ ખસ, ધાધર, કે ખરજવામાં ઉપડેલી ચળના દુઃખ પર ખણુવાથી તે દુઃખનો

ક્ષણિક પ્રતિકાર અને ક્ષણિક સુખાભાસ થાય છે, તેમ પૂર્વે ઉત્પન્ન થયેલા તૃષ્ણાની ચળના દુઃખનો વિષયસંપર્કથી ક્ષણિક પ્રતિકાર અને ક્ષણિક વિષયસુખ ભાસે છે; સુખાભાસ થાય છે. પરંતુ પછી ચળની જેમ ભયંકર નવી તૃષ્ણા ખણજ અને નવાં દુઃખને જગાવનાર બને છે. એટલે, વસ્તુગત્યા સંસારની કોઈ વાત એવી નથી કે જે દુઃખરૂપ ન હોય; અથવા જન્મ, જરા, મૃત્યુ, રોગ, શોક, એ જ મહાન દુ.ખ છે અને એ જ સંસાર છે.

(૨) વળી સંસાર **દુઃખફલક** એ રીતે કે સંસાર ભવાન્તરમાં બીજી ગતિમાં જન્મ, જરા, જરા, મૃત્યુ, રોગ, શોક, વગેરે આપે છે, તેથી ફલરૂપે (પરિણામે) પણ સંસાર દુઃખ આપનારો છે. આનું કારણ એ છે કે પૂર્વ કર્મના હિસાબે અવશ્ય–વેદ્ય એવા આ જન્મ–જીવન–જરા–મૃત્યુ વગેરે એવી રીતે વિતાવાય છે કે એમાંથી નવો જન્માદિરૂપ સંસાર પાછો દુઃખરૂપ ખડો થાય છે. માટે સંસાર ફળમાં પણ દુઃખ આપનારો છે. તે સંસારનું ફળ દુઃખ પણ

(૩) એકવાર આવી પતી જાય એમેય નહિ, પણ અનેક જન્મોનાં દુઃખની પરંપરા સર્જે છે; અર્થાત્ ૧. અનેક ભવો સુધી વેઠવા પડે એવાં કર્મોને તથા ૨ અનેક ભવોમાં જઈને નવાં નવાં અશુભ કર્મ ઊભાં કરે એવા કર્મ–બીજોને, વર્તમાન સંસાર પેદા કરતો હોવાથી જન્મ વગેરે દુખોની પરંપરાને ચલાવનારો પણ છે, એટલે સંસાર **દુઃખાનુબંધી** છે. આ જોતાં,

'અહો! આપણો જીવ ક્યારનોય છે? એને ભટકવાનું કેવા અનંત અનંત કાળ વહી ગયા છતાં ચાલુ છે! અને કેવાં ઘોર દુંખો અનંત કાળથી એ વેઠી રહ્યો છે! છતા હજી આવા કારમા સંસારથી અરે! પાગલ એ થાકચો નથી? થાકચો હોય કંટાળ્યો હોય, તો સંસારનો અંત લાવવા કેમ કટીબદ્ધ ન થાય? અનંત કાળના લેખામાં અતિ અલ્પ કાળવાળો આ માનવભવ કઈ ગણતરીમાં?

એવા અલ્પ કાળમાં જરા કષ્ટ વેઠી સંયમ સાધી લે તો શું બગડે? છતાં મૂઢ નાદાન જીવ પૂર્વની જેમ જ અનંતા જન્માદિ-દુઃખોની પરંપરા ઊભી થાય એવું જ કરવામાં રચ્યો પચ્યો રહે છે! અને અફસોસ! તે આ મહામૂલ્યવંતા ઉત્તમ માનવભવે જીવનને વેડફી રહ્યો છે! કેટલી બધી કિંમત ખર્ચીને આ ભવ હાથમાં આવ્યો છે, એનું એને ભાન નથી. તેથી તેનો ઉપયોગ લાખોની કિંમતના હીરાથી મૂઠી મમરા ખરીદવાની જેમ તુચ્છ અને આત્મ-ઘાતક વિષયસુખો ખરીદવામાં કરી રહ્યા છે! આહાહાહા! જીવ! જરા થોભ, વિચાર કે ત્યારે હવે આ સંસાર ક્યારે ટાળવાનો?' સંસાર ટાળવાનો ઉપાય શુદ્ધ ધર્મ છે.

**સંસારોચ્છેદક ઉપાય સાધવાની રીતઃ-**

**'એઅસ્સ ણં...'** આમાં 'ણં' શબ્દ વાક્ય-રચનાની માત્ર શોભા અર્થે છે, એનો કોઈ અર્થ નથી. આ સંસારનો ઉચ્છેદ (નાશ) જ્ઞાન-દર્શન-ચારિત્રરૂપ શુદ્ધ ધર્મથી થાય પણ તે ધર્મ (૧) **ઔચિત્ય** સાથે, (૨) **સતત** (નિરંતર), (૩) **સત્કાર** સહિત, અને (૪) **વિધિ** પૂર્વક સેવાય તો. એમ ન માનવું કે વ્રતધારી ગૃહસ્થ શ્રાવકથી અને તેથીયે ઉતરતા અવ્રતી ગૃહસ્થથી આવી આરાધના શે થાય? થાય, અભિગ્રહ (પ્રતિજ્ઞા) ના પાલનથી થાય. અર્થાત્ પોતાની કક્ષાની દર્શન--જ્ઞાન--ચારિત્રની વિવિધ આરાધના પ્રતિજ્ઞા સાથે કરવાથી થાય

અહીં (૧) સર્વત્ર **ઔચિત્યનુ** પાલન જીવનમા ન હોય તો એકલી શુદ્ધ પણ ધર્મની સાધના આત્માના અનાદિના કુસંસ્કારો મિટાવી દેવા સમર્થ નથી બનતી. અનુચિત આજીવિકા, અયોગ્ય વર્તાવ આત્માને કઠોર રાખે છે; અને કઠોર આત્મામાં સમ્યગ્દર્શન વગેરે ગુણો પરિણમતા નથી, આત્મા સાથે એકમેક થતા નથી. જેમ ઘડો, કુંડું, કલાડું વગેરે ભિન્ન ભિન્ન આકૃતિના પરિણામ

(ઘાટ) કઠણ માટી પર ઉતારી શકાતા નથી, પરંતુ ટીપાઈ-- ટીપાઇને કૂણી બનેલી માટી પર જ ઉતારી શકાય છે; તેવી રીતે અનુચિત વર્તનથી કઠણ રહેલા આત્મા માટે સમજવું. માટી પર ઘડાની જેમ જ્ઞાન-દર્શન-ચારિત્ર પણ આત્માના પ્રદેશે પ્રદેશ પર ઉતારવાનો પરિણામ છે. તે ત્યારે જ ઊતરે કે, જો આત્મા ઔચિત્યના પાલનથી મુલાયમ બને. એ કેમ? ઔચિત્ય જાળવવામાં આત્માને વધુ પડતો લોભ, ક્રોધ અહંભાવ, ક્ષુદ્રતા વગેરે તજવા પડે છે, તેથી આત્મા પોચો પડે છે, મુલાયમ બને છે.

(૨) **સાતત્ય**—ભૂતકાળમાં અનંત ભવોમાં મિથ્યાત્વની, અજ્ઞાનની તથા હિંસાદિ પાપોની, અને ઇન્દ્રિયોની અવિરતિની **સતત** ધારાબદ્ધ પાપપ્રવૃત્તિએ આત્મામાં મિથ્યાત્વ--ભાવ, મૂઢ દશા, અજ્ઞાન અને પાપપ્રવૃત્તિ દૃઢ કર્યા છે. આને મિટાવવા માટે પ્રતિપક્ષી સમ્યગ્દર્શન--જ્ઞાન--ચારિત્રની નિર્મળ પ્રવૃત્તિ જીવનમા સતત આચરાવી જોઈએ શરીરમાં દીર્ઘકાળથી ગાઢપણે વ્યાપી ગયેલ રોગને દૂર કરવા જેમ ઔષધનું સેવન સતત કરવું પડે છે, તેવું જ મિથ્યાત્વાદિ ગાઢ સંસાર—રોગને દૂર કરવા સમ્યગ્દર્શનાદિ સતત આચરવા જોઈ એ.

(૩) **સત્કાર**,--વળી તે ધર્મસેવન સત્કાર સાથે થાય; અર્થાત્ હૃદયના આદર-બહુમાન સાથે થવું જોઈએ. જીવે સંસાર-રોગને વધારનારા મોહને ખૂબ આદર સાથે સેવ્યો છે, માટે જ સંસારમા અનેક કષ્ટ અને ત્રાસ વગેરે અનુભવવા છતાં સંસાર પરનો મોહ, જેમ બહુ માનેલા-સત્કારેલા પુત્ર પરથી મોહ ન ખસે તેમ, ખસતો નથી, અને સંસાર ઉપર ઉદ્વેગ થતો નથી. એ તો મોક્ષસાધક સમ્યગ્દર્શનાદિ શુદ્ધ ધર્મ પણ હૃદયના બહુમાન સાથે જો આચરાય તો જ મોક્ષપ્રીતિ વધે, મોહમાયા ઘટે, અને ક્રમે કરીને સંસાર

રોગ નાબુદ થાય. વાત સાચી છે કે શેઠની નોકરી **સતત** સેવવા છતાં નોકર **બહુમાન** ન ધરાવતો હોય તો તેની કિંમત નથી અંકાતી; સારો લાભ નથી મળતો. અથવા પત્નીની પતિ પ્રત્યેની ભલે સતત પણ જો સેવા આદર વિનાની હોય, તો એ પતિને જરાય આવર્જી શકતી નથી. તેમ ધર્મને પણ સતત સેવવા છતાં આદર વિના સેવેલા ધર્મને હૃદયમાં આવર્જી શકાતો નથી, એને હૃદયમા પ્રતિપક્ષી મિથ્યાત્વ–કષાય વગેરેનું સ્થાન મટીને સમ્યગ્દર્શનાદિ શુદ્ધ ધર્મ સ્થાન પામી શકતો નથી.

(૪) **વિધિ**—આ ઉપરાંત ધર્મની શ્રવણાદિ સાધનામા વિધિનુ પાલન જરૂરી છે. આદર પૂર્વક અને સતત પણ સેવા કરનારો પુત્ર જો વિધિસર સેવા ન કરે, તો અવિવેકીપણાને લઈને પિતાને તેટલા પ્રમાણમાં આવર્જી શકતો નથી સેવા વિધિસર જોઇએ. ઔષધ પણ સતત અને બહુશ્રદ્ધાપૂર્વક સેવાવા સાથે તે તે સમય, તે તે અનુપાન, તે તે કુપથ્યનો ત્યાગ વગેરે વિધિપૂર્વક સેવાવું જોઈ એ છે; નહિતર તે રોગને ન કાઢી શકે. મોટા રાજાની સરભરા પણ આદર ઉપરાત વિધિને ય જરૂર માગે છે. તેવા જ રીતે ભવ-રોગને કાઢનાર ધર્મ–ઔષધનું સેવન શાસ્ત્રે કહેલી વિધિ મુજબ જ થવું જોઈ એ.

અહીં, ● **ઔચિત્યમાં** આજીવિકાનો યોગ્ય વ્યવસાય, ઉચિત લોક વ્યવહારનું પાલન, ઉચિત રહેણી કરણી, ઉચિત ભાષા ભોજન, કુટુંબ--વડિલ–મિત્ર–મંડળ વગેરે સાથે ઉચિત વર્તાવ, આમ બધે જ ઔચિત્ય જોઈ એ. **સાતત્યમાં** દર્શન–જ્ઞાન–ચારિત્રની તે તે પ્રવૃત્તિઓ જીવનમાં નિત્ય કે કાળે કાળે પણ નિયમિતપણે સળંગ ચાલવી જોઈએ, કે જેથી એના સંસ્કારો પર સંસ્કારો દૃઢ થતા થાય. ● **આદરમાં** તે તે ધર્મ અને ધર્મી પર, કિંમતી રત્નના નિધાનની જેમ પ્રીતિ, તેમની વાર્તા પર રાગ, તેમની નિંદાનું

અશ્રવણ, નિંદકની દયા, સંસારની બીજી કોઈ પણ વસ્તુ કરતાં તે ધર્મની અધિક કદર, ધર્મ પામવાની અતિ ઉત્કટ આતુરતા, પામવા માટે વિશિષ્ટ ઉદ્યમ, પામતાં સંભ્રમ (અપૂર્વ હર્ષ) અને રોમાંચનો અનુભવ, તથા પામ્યાનો એટલો આનંદ કે પોતાના જીવનને એથી જ મહા ભાગ્યવંત માને, અને તેને કાંઈ બાધ ન આવે તેવી કાળજી રાખે. ૭ **વિધિમાં** શાસ્ત્રે બતાવેલ તે તે કાળ, સ્થાન, આસન, મુદ્રા, આલંબન, વગેરેનું પાલન; તથા જ્ઞાન-દર્શન-ચારિત્રના આઠ આઠ પ્રકારોના આચારોનું તેમ જ તપ અને વીર્યના આચારોનું આસેવન; વળી આ ધર્મ વિનાના આત્માઓ ઉપર ભાવ દયા; તથા ધર્મ પામેલા પર હૃદયનો સહર્ષ પ્રેમ,-ઈત્યાદિ ઈત્યાદિ વસ્તુઓ વિધિમાં ગણાવી શકાય.

આ સ્થિતિ ઊભી કરવા, જીવનમાં તે અંગેના અભિગ્રહો (પ્રતિજ્ઞા) લઈને એનું પાલન ખૂબ જ ઉપયોગી થાય. કેમકે, અભિગ્રહથી ધર્મ સતતપણે જીવનમાં ટકે છે. શુદ્ધ ધર્મ પૂર્વે કહેલ સમ્યગ્દર્શનાદિરૂપ સમજવો. આવા શુદ્ધ ધર્મની સમ્યક્-પ્રાપ્તિ, એટલે કે ભાવથી આત્મામાં તેની સ્પર્શના થવી જોઈએ. તે સ્પર્શના મિથ્યાત્વ-મોહનીય, જ્ઞાનાવરણ, દર્શનાવરણ, અનંતાનુબંધી કષાયો વગેરે પાપકર્મના વિશિષ્ટ નાશથી થાય. વિશિષ્ટ નાશ એટલે કે એવો નાશ કે જેની પછી ફરીથી તે પાપ ઊભું ન થાય, બંધાય નહિ, એ રીતનું દૂરીકરણ. આવા પાપનાશને કરવા માટે [1]તથાભવ્યત્વ (સ્વભાવ), [2]કાળ, [3]નિયતિ (ભવિતવ્યતા), [4]કર્મ (પુણ્ય-પાપ), તથા [5]પુરુષાર્થ, એ પાંચ કારણોનો સમવાય (અનુકૂલ સંયોગ) જોઈએ. આમાં તથાભવ્યત્વનો પરિપાક કરવાથી બીજાં કારણ અનુકૂળ બની આવે છે.

**તથાભવ્યત્વનું સ્વરૂપ :**-'ભવ્યત્વ' એટલે સામાન્યથી કોઈપણ ભવ્ય જીવની મોક્ષ પામવાની યોગ્યતા; અને **'તથા-**

**ભવ્યત્વ'** એટલે વિશિષ્ટ ભવ્યત્વ; તે તે ભવ્ય જીવની મોક્ષ પામવાની વૈયક્તિક યોગ્યતા. ભવ્યત્વથી તથાભવ્યત્વને જુદું કહેવાનું કારણ એ છે, કે સામાન્યથી સર્વ ભવ્યોમાં ભવ્યત્વ સ્વભાવ સરખો હોવા છતાં મુક્તિ એક સરખી રીતિએ થતી નથી, કિન્તુ જુદા જુદા કાળે, જુદી જુદી સામગ્રી પામીને ભિન્ન ભિન્ન રીતે ધર્મબીજની પ્રાપ્તિ થઈને, બીજની ઉપર અંકુરાદિની ફળ પર્યંતના વિકાસની જેમ, મોક્ષ પર્યંતના વિકાસથી થાય છે. એ બધી વિચિત્રતા વસ્તુના સ્વભાવની (ભવ્યત્વની) વિચિત્રતા વિના ન બની શકે. જુદી જુદી વ્યક્તિઓનું આ જુદું જુદું ભવ્યત્વ એ જ તે તે વ્યક્તિનું તથાભવ્યત્વ.

આ તથાભવ્યત્વ એ સાધ્યવ્યાધિ જેવું છે. રોગ અસાધ્ય હોય તો નાઈલાજ. પણ સાધ્ય હોય તો સાધનોથી એ રોગ પકવીને, અંતે આરોગ્ય થયેથી, રોગ અંત પામે છે. તેમાં તથા-ભવ્યત્વ પણ ઉપાયોથી પાકી શકે છે, અને અંતે ભાવઆરોગ્ય જે મોક્ષ, તે પ્રાપ્ત થતાં તથાભવ્યત્વ અંત પામે છે. આ તથા-ભવ્યત્વના પરિપાક માટે સાધનો બતાવે છે. **'તસ્સ પુણ...'**

**તથાભવ્યત્વ પકવવાનાં સાધન :-**

(૧) તથાભવ્યત્વનો વિપાક(પરિપાક) કરવાના સાધનો ત્રણ છે. પહેલું સાધન શ્રી અરિહંત, સિદ્ધ, સાધુ અને સર્વજ્ઞભાષિત ધર્મનું સાચું શરણ સ્વીકારવું તે, રોગમાં વૈદ્યની જેમ, એક માત્ર રક્ષણ સ્વીકારવું, તે. જગતનાં બીજાં શરણાં એ ઉપચારથી શરણાં છે, અર્થાત્ કહેવાતા શરણાં છે, કેમકે તે સ્વીકાર્યા પછી કર્મરોગ સામે ખરું રક્ષણ મળતું નથી. હંમેશની આપત્તિ ટળતી નથી, એટલે ફરી ફરી તે શરણાની અપેક્ષા રહે છે, વળી તેમા થાપ ખાવાનો સંભવ છે, ને પરિણામે તો અવશ્ય નિરાધાર અને દુઃખદ સ્થિતિ

છે. જ્યારે આ શરણુમાં સાચાં અને સચોટ રક્ષણુ છે, એ સર્વ પ્રકારની આપત્તિઓથી બચવાનો શ્રેષ્ઠ ઉપાય છે, અને તે પામ્યા પછી કદી ધોખાનો સંભવ નથી. તેમજ પછી ભવિષ્યમાં વારે વારે શરણાં લેવાં પડતાં નથી, કેમકે ક્રમે કરીને આત્મા તેનાથી જરૂર સંસારરોગથી મુક્ત થઈ જાય છે.

(૨) તથાભવ્યત્વને પકવવાનું બીજું સાધન **દુષ્કૃતગર્હા**–આ ભવમાં અને પરભવમા કરેલા દુષ્કૃત્યોની પશ્ચાતાપપૂર્વક ગુરુ–સાક્ષીએ નિંદા કરવી તે છે. આમા 'તે દુષ્કૃત્યો જરાય કર્તવ્ય નથી, અરે ! અધમ એવા મેં એ કર્યાં તે ખોટું કર્યું છે !' તેવી બુદ્ધિ સાથે, 'તે મિથ્યા થાઓ' એવી હાર્દિક ભાવના જાગ્રત્ રહે છે. ગુરુની સાક્ષીએ આ દુષ્કૃત્યોનું યથાસ્થિત નિવેદન, અને 'અહો ! આ મેં ખોટું કર્યું' તેવો સ્વહૃદયે પશ્ચાતાપપૂર્વક સ્વીકાર એ રૂપી ગર્હા,–આ બે પૂર્વે બંધાયેલ કર્મના અનુબંધોને તોડવામાં અપ્રતિહત (સચોટ) શક્તિ ધરાવે છે. કર્મના અનુબંધ એટલે કર્મમાં રહેલી પોતાના ઉદય વખતે નવા કર્મબંધની પરંપરા ચલાવવાની શક્તિ; એનો નાશ દુષ્કૃતગર્હા કરે છે.

(૩) ત્રીજું સાધન **સુકૃતની આસેવના.** એટલે કે અરિહંતાદિ આત્માઓની ઉત્તમ પ્રવૃત્તિઓ અને ઉત્તમ ગુણોની અનુમોદનાનું આસેવન અહીં સુકૃત શબ્દથી અનુમોદન એટલા માટે લીધું કે અનુમોદન જો વિવેકવાળું, એટલે કે દંભ વિનાનું અને વસ્તુની કદર (મૂલ્યાંકન)વાળું હોય, સાથે નિયમિત થતું હોય, તો આત્મામાં અખંડ શુભ અધ્યવસાયને અવશ્ય સાધી આપે છે. જ્યારે, સારી પ્રવૃત્તિને જાતે કરવામાં કે બીજા પાસે કરાવવામાં નિશ્ચિતપણે તેવા ભાવની સિદ્ધિ થાય જ એવું હંમેશાં નથી બનતું. અનુમોદનામાં તો મન–વચન–કાયા ત્રણેનીય પ્રસન્નતા

જોઈએ જ; અને તે આત્મામાં મહાન શુભ પરિણતિને જગાડ્યા વિના રહેતી નથી. પુણ્ય કે પાપ ત્રણ રીતે થાય,–સ્વયં કરવાથી, અન્ય પાસે કરાવવાથી, કે જાતે અનુમોદવાથી. આમાં ઉત્તમ (શુભ) અનુષ્ઠાનોની અનુમોદના એ પણ એક પ્રકારનું આસેવન છે, એક પવિત્ર કાર્ય છે. તેથી વિશુદ્ધ ભાવો હૃદયમા જાગે છે.

આ ત્રણે ઉપાયો ઔચિત્ય, સતતપણું, સત્કાર અને વિધિથી સેવાતા ઔષધથી સાધ્ય રોગની જેમ તથાભવ્યત્વનો પરિપાક કરે છે; અને તે પરિપાક થતાં, પાપ કર્મ નાશ પામી શુદ્ધ ધર્મની ભાવથી પ્રાપ્તિ થઈ સંસારનો ઉચ્છેદ થાય છે. જે કારણ થકી આ ત્રણ સાધનોથી અવશ્ય દુઃખમય, દુખફલક, અને દુઃખાનુબંધી સંસારના નાશરૂપ પ્રસ્તુત તત્ત્વની સિદ્ધિ થાય છે, એટલાજ માટે મોક્ષાર્થી ભવ્ય જીવે એ સચોટ ઉપાયોનું સેવન હંમેશા કરવું જાઈએ. તે પણ પ્રશસ્ત પ્રણિધાન, એકાગ્રતા, ભાવવિશુદ્ધિ અને કર્તવ્યના નિશ્ચય સાથે કરવું જોઇએ. અહીં કાળનો વિચાર નથી, કિંતુ જ્યારે જ્યારે એ કરાય ત્યારે ત્યારે સુંદર પ્રણિધાન સાથે કરવું જોઈએ, કેમકે કાર્ય–સિદ્ધિમાં પ્રણિધાન એ સાધનાનું પ્રધાન અંગ છે. કહ્યુ છે કે પ્રણિધાનથી કરેલું કર્મ ઉત્કટ વિપાકવાળું માન્યુ છે, કેમકે એમાં અવશ્ય અનુબંધ પડે છે, અને એથી આગળ પ્રવૃત્તિ વગેરે યોગો સિદ્ધિ સુધી પહોંચાડે છે. ષોડશકમાં સાધક માટે પ્રણિધાન–પ્રવૃત્તિ–વિઘ્નજય–સિદ્ધિ એ ક્રમ બતાવ્યો છે, તે પ્રણિધાનની અતિ આવશ્યકતા સૂચવે છે. ● શાલિભદ્રના જીવે પૂર્વભવમા થોડું પણ દાન કર્યું, ને ગુરુનો સત્કાર કર્યો, તેમાં ને અંતકાળેય ગુરુનું અને ત્યાગધર્મનું જબરું શરણ કર્યું, આ બધું એવા પ્રણિધાનથી કર્યું કે પરભવે રોજની અમૂલ્ય નવાણું દેવતાઈ પેટી ઉપરાંત એનોય ત્યાગ અને પ્રભુનું શરણ મળ્યાં !

હવે ધ્યાનમાં રાખવું, કે જો તીવ્ર સંક્લેશ એટલે કે તીવ્ર રાગદ્વેષનો અનુભવ થઈ આત્માને અતિ હર્ષ–ઉદ્વેગ, રતિ–અરતિ, મદ–તૃષ્ણા વગેરે થતા હોય તો આ ત્રણ ઉપાયનું સેવન વારંવાર કરવું જોઈએ. બાકી સંક્લેશ ન હોય અને સ્વસ્થતાએ કાળ પસાર થતો હોય, ત્યારે પણ રોજ સંધ્યાએ તો આ ત્રણ સાધન અવશ્ય સેવવાં જોઈએ.

આમાં પહેલો ઉપાય 'ચાર શરણાં' કેવી રીતે સ્વીકારવા તે બતાવે છે. અહિં એ ખાસ સમજવાનું છે કે આ જીવે આમ તો ચાર શરણાં સ્વીકારવાનો દેખાવ ઘણી વખત કર્યો હશે. કેમકે, શાસ્ત્ર જ્યારે કહે છે કે આ જીવે અનંતીવાર ધાર્મિક દ્રવ્ય–ક્રિયાઓ કરી તો પછી એમાં ચારિત્ર જેવી કષ્ટમય જીવન-ચર્યાએ પહોંચેલા જીવે શું ચાર શરણાં સ્વીકારવાની ક્રિયા નહિ કરી હોય? કરી હશે, છતાં પાપપ્રતિઘાત થયો નહિ. એ સૂચવે છે કે સાચો શરણ–સ્વીકાર જ કર્યો નથી. આપણે સામાન્યથી એમ કહીએ કે 'મારે અરિહંતનું શરણ છે, સિદ્ધનું શરણ છે,' એટલા માત્રથી ઉપાયભૂત શરણાંનો સાચો સ્વીકાર થતો નથી. ત્યારે એમાં શું કરવાનું બાકી રહે છે કે જેથી આપણે ભાવથી શરણ સ્વીકાર્યાં એમ કહી શકાય?

ગ્રંથકાર જે અરિહંત પરમાત્માદિ ચારનું શરણું આપણી પાસે સ્વીકારવાવા ઈચ્છે છે, ત્યાં પોતે તે અરિહંતદેવ અને સિદ્ધ ભગવાન વગેરેનાં અમુક અમુક ચોક્કસ વિશેષણો કહે છે, અને આપણે તે તે વિશેષણોની શ્રદ્ધા સાથે શરણું કરવું જોઈએ, એ સૂચિત થાય છે. હવે જો શરણું સ્વીકારવાની અભિલાષાવાળો તે તે વિશેષણોની જ્વલંત શ્રદ્ધા નહિ કરે તો સાચું શરણું નહિ થાય. તે તે વિશેષણો એમનામાં યથાસ્થિત છે એવું શ્રદ્ધાથી ત્યારે

માન્યું ગણાય કે જો એમનાથી અન્ય કોઈમાં તે વિશેષણો ઘટે એવા નથી, બલ્કે તેથી વિપરીત સ્થિતિ છે, એવું હૃદયે સચોટ વસી જાય. તાત્પર્ય એ છે કે જેમનું શરણું સ્વીકારીએ છીએ, તેમનામાં મુખ્યપણે તે ગુણો માનવા જોઈએ, અને અન્યમાં તે ગુણો નથી બલ્કે પાપવર્ધક વિપરીત દોષો છે, એ પણ હૃદયના ઉંડાણમા ઠસેલું હોવું જોઈએ. આમ કરવાથી સાચી રીતિએ તે તે ગુણોથી નિષ્પન્ન શ્રીઅરિહંત દેવ વગેરે જ સાચું શરણું આપનારા લાગશે; અને જીવ પણ એક માત્ર તેમનું જ શરણું સ્વીકારશે. એટલું જ નહિ, પણ આવું શરણુ પામવાથી પોતાની જાતને મહા ભાગ્યશાળી સમજશે. પોતે આ શરણારૂપી રત્નનું મહાનિધાન પામ્યો, એનું એને ગૌરવ રહેશે. એની આગળ કોઈ સાંસારિક અનુકૂળતા ઓછી પણ મળી હશે તેને બહુ વિસાતમાં નહિ ગણે, ને તેથી એને ઓછું નહિ લાગે. શરણું પામ્યાથી એને સઘળું મળ્યું એમ લાગશે; સાથે હૃદયમા ખાતરી થતી જશે કે હવે મારે સંસારમાં દીર્ઘ ભ્રમણ હોય જ નહિ, પણ જલ્દીથી મુક્તિ પ્રાપ્ત થવી જ જોઈએ આ વસ્તુ હૃદયમાં સ્પર્શી એટલે શું થયું ? કહો કે એણે ભવરુચિ અને મિથ્યાત્વ જેવા આશ્રવો કે જે અશુભ કર્મના અનુબંધ કરાવનારા છે, તેને ત્યજી દીધા. એ આશ્રવો એજ પાપ. એનો નાશ એ પાપપ્રતિઘાત થયો. એટલે ગુણોના બીજનું આધાન થતાં શી વાર ? અરિહંતદેવ આદિનાં શરણનો સ્વીકાર આત્માને કેટલો મસ્ત રાખી પાપપ્રતિઘાતાદિ કરવામાં અતિ ઉપયોગી બને છે, એ આપણને સુલસા શ્રાવિકાના એક પ્રસંગમાં જોવા મળે છે.

● **સુલસા શ્રાવિકાનો શરણ–સ્વીકારઃ**– વિશ્વહિતકારી મહાવીર પ્રભુને અંબડ પરિવ્રાજક સુલસાના ગામ જતાં પૂછે છે,– ‘પ્રભુ! કાંઈ આજ્ઞા ?’ ત્યારે પ્રભુ કહે છે! ‘ત્યાં સુલસાશ્રાવિકાને

ધર્મના ખબર પૂછજો.' આ સાંભળી અંબડના મનમાં આશ્ચર્ય થયું કે 'આખા નગરમા પ્રભુને એક બાઈ સુલસા જ ભક્ત જડી? ત્યારે એનો ધર્મરાગ કેવોક હશે? મારે એનું પારખું કરવું જોઈએ.'

અંબડે ત્યાં જઈ સુલસાના ઘરે પરિવ્રાજકના જ વેશે પ્રવેશ કર્યો. સુલસાએ વેશ પરથી કોઈ મિથ્યાદષ્ટિ કુગુરુ સમજી એનો આદર ન કર્યો. અરે! સામું પણ જોયું નહિ. એના મનને નિશ્ચિત હતું કે 'મારે અરિહંત અને નિર્ગ્રન્થમુનિનું શરણ છે એ પુરતું જ છે, એ જ તારણહાર છે, સંસારભય નિવારક છે. પછી મારે કુદેવ–કુગુરુની શી આશ કે એમનું સન્માન કરૂં? રાગી–દ્વેષી દેવ અને આભ્યંતર મમતાદિની ગ્રન્થિવાળા ગુરુનાં પોકળ શરણા શા ધરવા? એથી મારું સમ્યક્ત્વરત્ન મેલું થાય કે જાય.'

અંબડે જોયું 'છે તો પાકી! છતાં વિશેષ પારખું કરૂં' એ હતો વિદ્યાવાળો તે એણે ક્રમશઃ નગરના એકેક દરવાજા બહાર ઠાઠથી બ્રહ્મા–મહેશ–વિષ્ણુ અને ૨૫ મા તીર્થંકરનાં રૂપ વિકુર્વ્યાં. દરેક પ્રસંગે આખું નગર જોવા ઉલટયું, લોકમાં ચોમેર 'વાહ! ભગવાન સાક્ષાત્ પધાર્યા! અહો! અહો!' થઈ રહ્યું, હર્ષઘેલી પાડોશણો સુલસાને લઈ જવા ઘણુંય મથી પરંતુ વીરમગ્ન સુલસાને એ જોવાનો કોઈજ ઉમળકો જ નહિ, તે એ ન જ ગઈ! એને મન એક અરિહંતનું જ શરણ એટલું દૃઢ ચોક્કસ છે કે "મારા એક નાથ અરિહંત મહાવીરના આંતર દર્શનમાંથી પરવારું તો બીજા હાલતુ–ફાલતુને જોવા જાઉ ને? ને બીજામાં જોવા જેવું છે પણ શું? સકલ કલ્યાણનું એક કારણ માત્ર અરિહંત દેવ છે. અનંત જ્ઞાન અનંત સુખભર્યા સર્વ સિદ્ધ એમની ઉપાસનાથી જ થયા છે., એમના જ શાસનને સાધુ મહાત્માઓ આરાધે

છે. એમણે ભાખેલો ધર્મ જ શ્રેષ્ઠ મંગળ છે. મારે તો એ અરિહંત-સિદ્ધ-સાધુ-આર્હતધર્મ જ શરણ હો." બસ, એમાં કાંઇ અધુરૂં એને લાગતું જ નથી કે જે પૂરવા બીજે મન લઈ જવું પડે. બીજી આતુરતા પણ કરવામાં સમ્યગ્દર્શન મેલું થવાનું દેખે છે, પછી એ જોવા-જાણવાની વાતેય શી?

અંબડે આને એકેય દરવાજે જોઈ નહિ, સમજી ગયો કે પ્રભુએ કાંઈ કાચી પોચીને ખબર નથી પૂછાવી. એના મનને થયું કે 'ખરેખર! આમાં તો પ્રભુએ મારા સમ્યક્ત્વને વિશેષ નિર્મળ કરવા માટે જ મારા દ્વારા આ સુલસાને ખબર પૂછાવી લાગે છે. અહો! પ્રભુનો કેવો મહાન ઉપકાર!'

બસ, અંબડ હવે શ્રાવકનો વેશ સજી કપાળમાં તિલક સાથે સુલસાને આંગણે જઈ ઊભો. સુલસા શ્રાવકને જોઈ તરત જ સામે ગઈ. 'પધારો, પધારો' કરી ઘરમાં લાવી બેસાડે છે. કહે છે-'ધન્ય ભાગ્ય! અમારા જેવા રંકનું ઘર પાવન કીધું!' પાણી વગેરે ધરે છે. પૂછે છે 'આપનું શુભ નામ? કયા નગરના વાસી? અહીં પધાર્યા છો તો અમારા સરખી શી આજ્ઞા છે?'

અંબડ કહે 'હું તમારા પર પ્રભુ શ્રીમહાવીરદેવનો સંદેશો લાવ્યો છું.' એટલું સાંભળતા તો સુલસા રોમાંચ અનુભવે છે! ગળગળી થઈ કહે છે 'હેં! મારા ધર્મઉપગારી વીર પ્રભુનો મને સંદેશો? અહાહા! કહો, જલ્દી, કહો મારા જેવી રાંકડીને પ્રભુએ શું ફરમાવ્યું છે?' અંબડ કહે છે કે 'અહીં આવતો હતો ત્યારે પ્રભુને મેં કામકાજ પૂછ્યું; પ્રભુએ શ્રીમુખે મને કહ્યું-' ત્યાં સુલસાને અમારા વતી ધર્મખબર પૂછજો!' બસ, એટલું સાભળતાં તો સુલસા પાણી પાણી થઈ ગઈ! ઝટ ઊભી થઈને પ્રભુ જે દિશામાં વિચરતા હતા તે દિશામાં પોતે પ્રભુને મનમા લાવી વારંવાર

પંચાંગ પ્રણિપાત વંદના કરે છે, અને બોલી ઊઠે છે કે 'પ્રભુ! પ્રભુ! આ તો આપની કેટલી બધી દયા કે પાપઘરમાં બેઠેલી મને યાદ કરી? આપે મારી ખબર પૂછાવી? શી મારી લાયકાત? વિષયકષાયના કીચડમાં ખૂંચેલી મારા પર આટલી બધી કરુણા!' બોલતાં બોલતાં એની આંખે પ્રભુના અનહદ ઉપકારના ઝળઝળિયાં આવી ગયા! રડતી રડતી કહે છે 'મારા નાથ! તમે ચિરંજીવો. અહો, તમારે મોટા મોટા ગણધર મહારાજા ને ઇંદ્ર જેવા સેવક! કેવા એ સુયોગ્ય! અને ક્યાં પાપ ભરેલ હું? પ્રભુ! હવે તો ઠેઠ સુધી દયા કરજો કે જેથી સંયમ–તપ–ધ્યાનમાં ચડી જઈ આપના જ એક આધારે ભવપાર કરી જાઉં.'

અંબડ આ જોતાં પાણી પાણી થઈ ગયો! આંખે આંસુ સાથે કહે છે, 'સુલસા! ધન્ય છે તમારા જીવનને કે આટલી જ્વલંત શ્રદ્ધા ભગવાન મહાવીર પ્રભુ પર રાખો છો! અને જગતમાં એ જ સારભૂત માની બીજી કોઈ જ આશંસા આતુરતા તમારા મનમાં ઊઠતી–કરતી નથી! સંસારમાં બેઠા છો છતાં પ્રભુને તમારૂં આ આત્મસમર્પણ ખરેખર આશ્ચર્યકારક છે! એને મારા ક્રોડ ક્રોડ વંદન છે!' બસ એમ કહીને અંબડ પોતાના સમ્યક્ત્વને નિર્મળ કરતો ત્યાંથી ચાલી નીકળ્યો.

અરિહંતનું શરણ આ, કે એજ નાથ તારણહાર લાગે, સકળ-સુખનું બીજ લાગે, એ જ સર્વ ભયોથી મુકાવનાર લાગે. એજ દર્શનીય, વંદનીય અને સેવનીય લાગે. મન કહે કે 'જગતમાં અરિહંતથી વધીને જોવા લાયક કોઈ ચીજ નથી, વંદન કરવા યોગ્ય કોઈ દેવ નથી, સ્તુતિ ગુણગાન અને સેવા કરવા યોગ્ય અરિહંતની તોલે કોઈ વિભૂતિ નથી, એમનું શરણ સ્વીકાર્યાથી હૈયાને ભારે હુંફ હોય કે હવે સર્વ ભયો ગયા! હવે તો એમનામાં

ભળી જાઉં, એમના સંપૂર્ણ આદેશમય જીવન કરી દઉં ! બસ, હવે તો સંસારથી આમ છૂટી જાઉં !'

**શરણુ સ્વીકારની ચાવી :**–અહીં એક વસ્તુ એ ધ્યાનમાં રહે કે શરણનો સ્વીકાર આ રીતે થાય. દા. ત. કોઈ જંગલમાં ખૂબ ધન લઈને માણસ ચાલ્યો જતો હોય, એમાં એની પાછળ જો ખૂની લૂંટારાઓ પડે તો ત્યારે એ કેટલા બધા ભયથી દોડતો હોય છે ? હવે તે વખતે જો સામેથી કોઈ શસ્ત્રધારી પાકા રક્ષકો મળી જાય તો કેટલા વિશ્વાસ ને કેટલી બધી તીવ્ર આજીજીથી એમનું શરણું માગે ? પેલાઓ કહે કે તું 'ફીકર ન કરીશ. કોની તાકાત છે કે તને કાંઈ હાની કરી શકે ?' એમ જો આશ્વાસન મળે છે તો આનાં મન પર પેલાઓના શરણુ–સ્વીકારનો કેવો ગદ્‌ગદભાવ આવી જાય છે ? ગદ્‌ગદ દિલથી કેવું એમનું શરણું સ્વીકારે છે ? એવી રીતે આપણુને લાગવું જોઈએ કે 'આ સંસાર અટવીમાં કર્મ અને કષાયોરૂપી લૂંટારાઓથી આપણે પીછો પકડાયેલા છીએ એમાં અનંત આત્મ–ધનનાશ અને જન્મ–મરણની પરંપરા નક્કી છે. આ સ્થિતિમા જ્યારે આપણુને ચોક્કસ રૂપે બચાવી શકનાર અરિહંતાદિ ચારની જો પ્રાપ્તિ થઈ છે, તો પછી આપણે અવશ્ય એમના શરણે જઈએ, પ્રાર્થના કરીએ, કે 'હે અરિહંત–સિદ્ધ–સાધુ અને ધર્મ ! મારે કેવળ આપનુ જ શરણું છે. બીજો કોઈ મારે આધાર નથી, કોઈ જ મારો રક્ષણહાર–તારણહાર નથી, બેલી નથી, નાથ નથી, આપજ મારે ત્રાણુ–શરણુ–નાથ છો.' હૃદયમા કર્મ અને કષાયના તીવ્ર ભય સાથે આ શરણું સ્વીકારવામાં આવે, અર્થાત્ 'અરિહંતા મે શરણં' એ શરણું બોલતાં જ, (૧) એક બાજુ કર્મ–કષાયની ભયંકર જુલ્મઝડીનો ત્રાસ અનુભવાય, (૨) બીજી બાજુ અરિહંતાદિ ચારનું એમાંથી બચાવવાનું અકાટ્ય સામર્થ્ય સમજાય, અને (૩) એ બચાવની આપણે માટે અત્યંત

सूत्र-जावज्जीवं मे भगवंतो परम तिलोगनाहा अणुत्तरपुण्ण-संभारा, खीणरागदोसमोहा, अचिंतचिंतामणी, भवजलहिपोआ, एगंतसरणा, अरहंता सरणं॥

---

અર્થ:—જીવનભર મારે ભગવાન પરમ ત્રિલોકનાથ, ઉત્કૃષ્ટ પુણ્યસમૂહવાળા, રાગ-દ્વેષ-મોહનો ક્ષય કરી ચુકેલા, અચિંત્ય-ચિંતામણિ, ભવસાગરમાં જહાજ, એકાંત શરણ કરવા યોગ્ય અરિહંત દેવો શરણ છે.

---

આવશ્યકતાનો ખ્યાલ આવે. આમ કર્મ-કષાયનો ભય અને એથી મુક્ત કરનાર અરિહંતાદિ ચાર પ્રત્યે રક્ષણની તીવ્ર શ્રદ્ધા અને ગરજ,-એ ત્રણ ભેગા થઈને સાચો શરણનો ભાવ ઊભો થાય.

શરણ-સ્વીકારનો ઉચ્ચ ભાવ લાવવા માટે અહીં એક વસ્તુ સમજવા જેવી છે કે મરણ-શય્યાએ પડેલો માણસ કેટલા બધા ગદ્ગદ અને કકળતા હૃદયે અરિહંતાદિનું શરણું સ્વીકારે છે? એનું કારણ, 'પોતાના માનેલા બધાં જ સગાંસ્નેહી અને કાયા સુધીની પોતાની બધી માલમિલ્કત વગેરે કોઈજ પોતાને રક્ષણ આપી શકતા નથી,'-એ નજરોનજર દેખાય છે. પોતાને હવે તરતમાં પરલોકમાં જવાનું છે, એ હકીકત મન સામે તરવરી રહી છે વળી જીવનભર આચરેલા પાપો પર દિલ કકળતું છે. આ પરિસ્થિતિમાં દેખાય છે કે પરલોકમા રક્ષણ આપી શકે તો તે માત્ર અરિહંતાદિ ચાર છે બસ, તો પછી આવા અંતકાલે સ્વીકારાતાં શરણની જેમ જ ચાલુ જીવનમા પણ એ પરિસ્થિતિ મનમાં લાવી, દા. ત., 'કોને ખબર પછીની જ ઘડીએ હું જીવંત હોઈશ કે કેમ?' એમ સમજીને, એ જ પ્રમાણે ગદ્ગદભાવ વગેરે સાથે શરણ સ્વીકારવાં જોઈએ.

**વિવેચનઃ-** (૧) હવે અહીં અરિહંત ભગવાનનું શરણુ સ્વીકારવામાં આવે છે. 'જાવજ્જીવં મે....' એ પાઠમાં અરિહંત પ્રભુના વિશિષ્ટ વિશેષણો છે. તેના તેના દ્વારા તે તે રીતે એમના પ્રત્યે સચોટ શ્રદ્ધા અને અતિશય આદરવાળા બનવાનું છે, એ ભૂલવાનું નથી; તો જ એ શરણુ સ્વીકાર્યું સફળ થાય. 'જીવન-ભર અર્હન્ત ભગવંતો મારે શરણે હો' આ એક જાતની પ્રતિજ્ઞા જેવું છે. જો માત્ર સામાન્ય ભાવના રૂપ અભિલાષા હોત, તો તો તે તો આગળ ભવાંતર માટે પણ કરી શકત; પરંતુ યાવજ્જીવની મર્યાદા ન બાંધત. મર્યાદા બાંધી છે તે ભવાન્તરમાં અજ્ઞાનતાએ કદાચ એનો ભંગ ન થઈ જાય એ હેતુએ; અને ભંગનો ભય પ્રતિજ્ઞામાં હોવાનું ગણાય, પણ અભિલાષામાં નહિ. એટલે શરણુ સ્વીકારનારે ધ્યાનમાં એ રાખવાનું કે આ શરણુ આ જીવનનાં અંત સુધી રહે. હવે એમનું શરણુ મૂકાય નહિ, અને બીજાનું શરણુ સ્વીકારાય નહિ. અહીં 'અરુહંત' એટલે જેમનામાં કર્મનો અંકુર નથી ઊગતો તે. 'અરહંત' એટલે રહ–રહસ્ય વિનાના અર્થાત્ જેમને જગતની ત્રણે કાળની કોઈ વાત ગુપ્ત નથી તે. 'અરિહંત' એટલે અષ્ટ પ્રાતિહાર્યની ઋદ્ધિને જે અર્હે છે, યોગ્ય છે. તે 'ભગવંત' એટલે ભગ અર્થાત્ પરમ ઐશ્વર્ય–રૂપ–કાન્તિ–યશ–જ્ઞાન–ધર્મવાળા.

એ **'પરમત્રિલોકનાથ'** છે. દુન્યવી (લૌકિક) નાથ કદાચ આ લોકના કેટલાય ભયમાથી બચાવે; જ્યારે આ ત્રણે લોકના શ્રેષ્ઠ લોકોત્તર નાથ દુર્ગતિના ભયથી બચાવે છે, ભાવી દીર્ઘ સંસારથી બચાવે છે, જુગજુગની જન્મ–જરા મૃત્યની જટિલ જંજાળમાંથી સંરક્ષે છે. આ વિશેષણની શ્રદ્ધા મનાવે છે કે "હું નાથ તો અર્હંતને જ માનું. હજી જગતમાં કોઈ કરોડોની

ઋદ્ધિ આપી દરિદ્રતાથી બચાવે, ઔષધ આપી મહા રોગથી બચાવે, સહારો આપી નિરાધારતાથી બચાવે, સેવા કરી અગવડથી બચાવે, રક્ષણ આપી ચોર-ડાકુથી બચાવે, પણ તેથી શું બહુ રીઝવાનું ? એથી કાંઈ જરા કે મરણનો ભય ટળ્યો ? ફરી નવાં જન્મ મરણાદિ દુઃખ ટળ્યાં ? દુર્ગતિને તાળાં લાગ્યાં ? ભવિષ્યના કારમા રોગ, દુ ખદારિદ્ર-દૌર્ભાગ્યાદિ દૂર થયાં ? ના, એ કરવાની તાકાત તો મારા અચિંત્ય પ્રભાવી અરહંત દેવાધિદેવમાં જ છે. ક્યાં સમર્થ ત્રિલોકનાથ ! અને ક્યાં આ સ્વયં અનાથ !" કમઠના કાષ્ઠમાથી પાર્શ્વપ્રભુએ બળતા સાપને બહાર કઢાવ્યો, નવકારમંત્ર અપાવ્યો, સાપે પણ પ્રભુનું શરણુ લીધું, તો મરીને ધરણેંદ્ર થયો ! દુર્ગતિ ટળી. અરિહંત વિના આ કોણ કરત? પાપી સાપ તે ધરણેંદ્ર થાય?

**'અનુત્તર-પુણ્ય-સંભારા'** :-એ પ્રભુ સર્વ પુણ્યોમાં શ્રેષ્ઠ પુણ્ય જે તીર્થંકરનામકર્મ, તે અને શ્રેષ્ઠ યશ-સૌભાગ્ય-આદેયતાદિના પુણ્યના પ્રાગ્ભારવાળા છે. એના અદ્ભુત યોગે, એ માતાના ગર્ભમાં આવે ત્યારથી, ઇંદ્રોના અચળ સિંહાસનો ધ્રૂજી ઊઠે ! જન્મકાળે ૫૬ દિક્કુમારીઓ હુલરાવે અને ૬૪ ઇંદ્રો દેવો સાથે પ્રભુના જન્માભિષેક ઊજવે ! જન્મથીજ રોગ-મેલ-પરસેવા વિનાની કંચન જેવી કાયા, સુગંધી શ્વાસોશ્વાસ, અદૃશ્ય આહારાદિવિધિ, ગાયના દૂધ જેવું રુધિર, અને અબિભત્સ માંસ, આ અતિશયવાળા ! કેવળજ્ઞાન પછી અપૂર્વ અષ્ટ પ્રાતિહાર્ય, સમવસરણ, ને ચાલતાં પગ નીચે સુવર્ણકમળની ઋદ્ધિવાળા ! તેમજ અનેક દેવેન્દ્રો-નરેંદ્રોથી સેવાતા તથા કુલ ચોત્રીસ અને વાણીના પાંત્રીશ અતિશયવાળા એ પ્રભુ બને છે ! જગતનાં બીજાં પુણ્ય આ પુણ્ય આગળ શી વિસાતમાં? ભરત ચક્રવર્તીનો પુત્ર મરીચિ ઋષભદેવ પ્રભુનું દેવતાઈ ચાંદી-સોના-રત્નમય

સમવસરણની અલૌકિક સમૃદ્ધિનું પુણ્ય જોઈ આ વિચારમાં ચઢ્યો, તો એને જગતના પુણ્ય પર વૈરાગ્ય થઈ ગયો, અને એણે ત્યાંજ પ્રભુ પાસે દીક્ષા લીધી! ભવોના અંતે એજ મહાવીર પ્રભુ થયા. 'એવા પ્રભુને હૃદયથી એકાંત શરણે જવામાં આપણે પણ પ્રભુ બની શકીએ છીએ, એ આ પુણ્યની વિશિષ્ટતા છે. તો બીજા પુણ્યનાં સ્વાગત સન્માન કે ગીતગાન યા ઇચ્છા ય હવે શા સારુ મને ખપે? ઓહો! કેવા ઉત્તમ પુણ્યને ધરાવતા દેવાધિદેવની પ્રાપ્તિ મને થઈ! આ પુણ્ય જોઈ જગતમાં બીજે આકર્ષવા કે ઇચ્છવા જેવું છે જ શું? જીવનમાં મારે તો આ પુણ્યવંતા અરિહંત જ નાથ હો,' આ શ્રદ્ધા જોઈએ.

**'ક્ષીણરાગદ્વેષમોહા'** :-વળી રાગ, દ્વેષ અને મોહ, અર્થાત્ ઇષ્ટ પ્રત્યે આસક્તિ, અનિષ્ટ પ્રત્યે અરુચિ અને અજ્ઞાન-મૂઢતા. મિથ્યાજ્ઞાન જેમના અત્યંત ક્ષીણ થઈ ગયા છે, એવા તે પ્રભુનું શરણ હો. મારા પ્રભુ ભક્તો પરના લેશમાત્ર પણ રાગવાળા કે શત્રુ પરના દ્વેષવાળા નહિ. વીર પ્રભુએ મહાભક્ત ગૌતમ પર રાગ ન કર્યો. તેજોલેશ્યા મૂકનાર ગૌશાળા પર દ્વેષ ન કર્યો, તેમજ એમનું કોઈ પણ કથન મૂઢતા-અજ્ઞાનતાભર્યું નહિ; કેમકે એ વીતરાગ સર્વજ્ઞ છે. એવા બીજા કોઈ દેવ નહિ, માનવ નહિ; એ તો એ જ' એવા નાથને શરણે જવામાં સમ્યગ્જ્ઞાન વૈરાગ્યાદિની જરૂર પ્રાપ્તિ થાય. એ માટે જ **એમનું** શરણ કરવાનું હોય એ પ્રભુ વળી કેવા?

**અચિંત્ય-ચિંતામણિ'** સ્વરૂપ છે અચિંત્ય કેમ કહ્યું? એટલા માટે કે ચિંતામણિ તો આપણે ધાર્યા મુજબનું જ ફળ આપે અને તે પણ લૌકિક, અર્થાત્ આ લોક પૂરતું જ ફળ; જ્યારે 'પરમાત્મા તો ધારણાથી પણ પર (ઉત્કૃષ્ટ) એવા અકલ્પ્ય અનંત-સુખમય મોક્ષ પર્યંતના ફળોને આપનારા છે.' આવા અચિંત્ય

ચિંતામણિ રૂપ પ્રભુને પ્રાપ્ત કર્યા પછી હવે મારે શી ન્યૂનતા છે કે હું દુન્યવી કોઈ આપત્તિના પ્રસંગમાં ઓછું માનું અને દુઃખી થાઉં ?”

વળી **‘ભવજલધિપોતા’**:—ભગવાન સંસારથી પાર ઉતારનારા હોવાથી ભવસાગરમાં જહાજ સમાન છે. એમના શરણે રહેલો હું જરૂર ભવસાગરને તરવા સમર્થ થઈશ એવા મારા કોડ છે.’ ભવ એટલે ચતુર્ગતિરૂપ સંસાર; તેમ વિષય અને કષાયો, ને અનાદિની સંજ્ઞાઓ વગેરે પણ ભવ છે. એ બધાથી જીવને એ છોડાવે છે.

**‘એગંતસરણા’**:—ભગવાન અરિહંત–દેવો જ એકાંતે શરણ કરવા યોગ્ય છે, કેમકે ભેદભાવ વિના પોતાના અપરાધી કે નિરપરાધી સર્વે આશ્રિતોનું હિત કરનારા છે, અને તે પણ આશ્રિતના સર્વ હિતના કરનારા છે. એમના જેવો સર્વ–કલ્યાણ કરવાનો મહાન ઉપકાર બીજો કોણ કરી શકે એમ છે ? જગતના પૃથ્વીકાય અપ્કાય આદિ એકેન્દ્રિય જીવ સુધીના જીવોની ઓળખ અને દયા કરવાનું તીર્થંકર ભગવાને શિખવાડીને ભવ્ય જીવોને એ જીવોની રક્ષા કરતા કર્યા. એટલું એ ઝીણા જીવોનું પણ હિત કરવાનું બીજા કોણે કર્યું છે ? અને જો બીજો કોઈ તેવો નથી, તો એવા બીજાઓનું શરણું પણ હૃદયમાં કેમ રખાય ? રાખવાની જરૂર શી ? માટે,

**‘અરહંતા સરણં’** અર્થાત્ અશોક વૃક્ષ, સુરપુષ્પવૃષ્ટિ ... વગેરે અષ્ટમહાપ્રાતિહાર્યરૂપી પૂજાને લાયક એવા અર્હત્ ભગવંતો મારે જાવજ્જીવ શરણ છે, આશ્રય છે; એમનો જ મારે આધાર છે. જગતના કહેવાતા, કલ્પિત કે નામના શરણ પર મને શ્રદ્ધા નથી. તથી તેવા નામના શરણભૂત શેઠ, મિત્રો, કુટુંબ, ધન, સત્તા વિગેરેમાંનું કોઈ પણ અવસરે મને સહાય

सूत्र-तहा पहीणजरामरणा, अवेअकम्मकलंका, पणट्ठवावाहा, केवलनाणदंसणा, सिद्धिपुरनिवासी, निरुवमसुहसंगया, सव्वहा कयकिच्चा, सिद्धा सरणं ।

---

ન કરે તો પણ હું દુઃખી ન થાઉં, ચિંતા ન કરૂં; કેમકે હું જાણું છું કે એ કોઈ પણ સાચા શરણ જ નથી. મેં તો એક માત્ર દેવાધિદેવને સાચા અનન્ય શરણ તરીકે ધાર્યા છે, અને ત્યાં સુધી મને કોઈ ભય કે આપત્તિ નથી. પૂર્વના તીવ્ર કર્મના ઉદયે કદાચ પ્રતિકુળતા આવશે તો પણ, નાથના શરણના પ્રતાપે, તે અંત પામવા માટે જ બનશે; અર્થાત્ એમાંથી હવે નવા કર્મનો ફણગો નહિ ફૂટે, કર્મની ધારા અટકી જશે, અને દુ.ખનો સદાને માટે અભાવ થશે.' ☉ **શ્રીપાલ કુમારને** કેટલીય આપત્તિ આવતી ગઈ! ધવલશેઠના પ્રંપચે દરિયામાં પટાકાવાનું ય આવ્યું! તો પણ એને મન તો એક અરિહંતાદિ નવપદનું જ શરણ! જેના પ્રભાવે મગરમચ્છે તરાપાની માફક પીઠ પર લઈ એવા થાણા બંદરે ઉતાર્યા કે જ્યાં રાજકન્યાના પતિ તરીકે શ્રીપાલને લેવા માટે રાજાના માણસો આવી લાગ્યા! શ્રીપાલ આ શરણના પ્રતાપે નવ ભવની સમૃધ્ધિ જોવા પર મોક્ષની અનંત સમૃધ્ધિને વરવાના છે.

અર્થ :–તથા જરા–મરણ રહિત, કર્મ–કલંકથી મુક્ત, પીડા નષ્ટ થઈ ગઈ છે જેમને એવા, કેવળજ્ઞાન–દર્શનવાળા, સિધ્ધિ–નગરીના વાસી, અનુપમ સુખસંપન્ન, સર્વથાકૃતકૃત્ય સિધ્ધ ભગવાન મારે શરણ છે.

(૨) **સિદ્ધશરણ** :–હવે શ્રી અર્હંત્ પ્રભુની જેમ શ્રી સિદ્ધ ભગવાનનું શરણ સ્વીકારૂં છું. તે સિધ્ધ ભગવાન કેવા છે?

'**પહીણજરામરણા**' અર્થાત્ જેમને જન્મ વિગેરે બીજ જ નહિ હોવાથી, જરા (વૃદ્ધાવસ્થા) અને મરણ રૂપી અંકુર પણ એમના અત્યંત ક્ષીણ થઈ ગયા છે, કે જેથી એ જન્મમરણ ફરી કદીએ જીવને સ્પર્શી શકે નહિ. એટલે, સદાને માટે અક્ષય સ્થિતિવાળા શ્રી સિદ્ધો બન્યા છે. અહો ! આ કેવી સુંદર અવસ્થા ! આ વિચિત્ર વિશ્વની રંગભૂમિ પર વિદૂષક (ભવૈયા)ની જેમ નવનવી ગતિના વેશમાં જન્મવું, પુદ્‌ગલના લોચા લેવા, શરીરાદિના ઘાટ બનાવવા, એને પોષવાની કારમી કષ્ટમય મહેનત કરવી, પણ પાછા ઘસાતા જવું અને ઘરડા થઈ યા વહેલાં ય મરવું ! એટલે એ બધું લુપ્ત ! ત્યા પૂર્વની બધી મહેનત અને એનું ફળ-સગવડ એળે ! અને એમાં બાંધેલા પાપ માથે ! આ બધી વિટંબણાનો કાયમી અંત આવે તો પછી પીડાજ શી ? અરે ! સંસારના બીજા ત્રાસ તો પછી, પણ માત્ર વારંવાર પરાધીનપણે જન્મવું પડે છે એ પણ વિવેકીને શરમાવનારૂં લાગે છે નાના બાળ રાજકુમાર • અઈમુત્તા જેવા પણ જ્યા મહાવીર પ્રભુ પાસેથી સમજી આવ્યા કે 'સંસારના પાપથી ફરી ફરી જન્મવા-મરવાનું આવે છે, ચારિત્રથી કર્મ ખપાવી સિદ્ધ બન્યા પછી કદી જન્મ-મરણ નહિ,' તો ઘરે આવી માતાને એ સમજાવી પોતે ચારિત્ર લીધું અને મોક્ષ પામ્યા, સિદ્ધ થયા.સિદ્ધ પ્રભુની અક્ષય સ્થિતિનો મીઠો ખ્યાલ જીવને પોતાના જન્મ-મરણાદિ પ્રત્યે ઘૃણા ઉપજાવે છે, અને 'મને ક્યારે એવી મનોરમ અક્ષય સ્થિતિ મળે' એવો કોડ ઉત્પન્ન કરે છે. એમને જન્મ અટકવાનું કારણ એ છે કે-

એ સિદ્ધ ભગવંતો '**અવેઅ-કમ્મ-કલંકા**' કર્મકલંકથી રહિત થયેલા છે. તેથી સ્ફટિકવત્ અત્યંત નિર્મલ થયેલા છે.

શ્રદ્ધાળુને જગતની ઋદ્ધિ સિદ્ધિ આપનારાં કર્મ પણ આત્માના કલંકરૂપ ભાસે છે. કર્મ–કલંકને દૂર કરનારા જીવો જ ખરેખર મહાવીર અને વિક્રમશાળી છે, કેમકે કર્મનો અહિંસા સંયમ અને તપથી સર્વનાશ કરવાનું કાર્ય જ અત્યંત કપરું છે. કર્મ જ્યાં ગયા, કે

'પણટ્ઠવાબાહા' સર્વ પીડા, નડતર, વગેરે અત્યંત નાશ પામી ગયુ હોવાથી, શ્રી સિદ્ધો સર્વથા બાધારહિત બનેલા છે. એ સર્વ પ્રકારની [1]ઊંચીનીચી વિષમતા, [2]સ્વરૂપ–હાનિ, [3]વિભાવ વગેરેથી પર છે. અર્થાત્ (૧) એ શરીર, કર્મ આદિથી તદ્દન રહિત હોવાથી એમને યશ–અપયશ, માન–અપમાન, શાતા–અશાતા, ઇષ્ટ–અનિષ્ટ વગેરે વિષમતા નથી; (૨) નિજનું અનંત-જ્ઞાન–સુખાદિમય સ્વરૂપ પૂર્ણ ખીલ્યું હોઈ સ્વરૂપ–હાનિ નથી; તેમ જ (૩) રાગ–દ્વેષ–અજ્ઞાન–હાસ્ય–ભય–દીનતા–મદ–માયા–કામ ક્રોધ વગેરે વિભાવ યાને પરાધીન ભાવ નથી. આવા સિદ્ધ પ્રભુને હું શરણે જાઉં છું', એમ સમજીને કે 'કર્મ છે ત્યાં સુધી જ બાધા અને વિષમતા છે નિર્બાધ સ્થિતિ માટે નિષ્કર્મ સ્થિતિ જોઇએ; તેથી બાધાથી આકુળ વ્યાકુળ થવા કરતાં કર્મથી જ આકુળ-વ્યાકુળ થઈ કર્મના અંતનો યત્ન કરૂં' વળી શુદ્ધ સ્વરૂપવાળા બનેલા શ્રી સિદ્ધો ન્યાયાદિ–દર્શનના કહેવા મુજબ અજ્ઞાન નથી, પણ

● 'કેવલવરનાણદંસણા' ઉત્તમ કેવળ(સંપૂર્ણ)જ્ઞાન અને કેવળદર્શનને ધરનારા સર્વજ્ઞ અને સર્વદર્શી છે. કેમકે જ્ઞાન દર્શન તો આત્માનો સ્વભાવ જ છે. તેથી તો એ ચેતન છે. નહિતર એનું ચતન્ય શું? આ જ્ઞાન એટલે જ્ઞેયમાત્રને જાણે. ત્રણે કાળના સમસ્ત ભાવ જ્ઞેય છે, તો તદ્દન આવરણ રહિત બનેલ જ્ઞાન 'જગતના સર્વ ભાવો કેમ ન જાણે? જગતના સર્વ

ભાવોને તટસ્થપણે (રાગદ્વેષ વિના) જોવા જાણવાની આ કેવી મઝાની રમણતા! મને પણ ક્યારે શુદ્ધ જ્ઞાનદશા મળે!' વળી 'સિદ્ધિપુર-નિવાસી' મિથ્યા મતોએ માન્યાની જેમ આત્મા જગદ્વ્યાપી નહિ, પણ લોકાંતે સિદ્ધ શિલા ઉપર નિવૃત્તિ નગરીના નિવાસી બનેલ છે.

ત્યાં 'નિરુવમ-સુહસંગતા' અનુપમ સ્વાધીન સુખથી પરિવરેલા છે. કોઈ વિષય, કોઇ કાળ, કોઈ સંયોગ કે કોઈ પરિસ્થિતિની આ અનંત સુખને અપેક્ષા નથી. એવા અસાંયોગિક, નિત્ય, સહજ, આનંદના ભોક્તા શ્રી સિધ્ધ વિભુ છે. 'અહો! અમારા સાપેક્ષ સુખની, યાને વિષયસાપેક્ષ, સમયસાપેક્ષ, સંયોગ-સાપેક્ષ અને પરિસ્થિતિ સાપેક્ષ સુખની, તુચ્છતા, ક્ષણિકતા, દુઃખ-પરિણામિતાદિ ક્યાં? અને ક્યાં એ નિરપેક્ષ અનંત આનંદની વાત? એ અનંત આનંદ પામવા અમારે અનંત આનંદમય શ્રી સિદ્ધ પ્રભુનું શરણ છે.' ❂ કરકંડુ રાજાએ પુષ્ટ બળદને પછી જીર્ણ થયેલો જોઈ એને એ વિચાર આવ્યો કે 'અરે! ત્યારે જો અમારી ય આ સ્થિતિ થવાની છે, તો પછી ક્યાં સંસારનાં સુખ કાયમ રહેવાના? યુવાની, સંપત્તિ અને આરોગ્યને સાપેક્ષ આ સુખમાં શું પડ્યા રહેવું? કેમકે એ યુવાની વગેરે વિનશ્વર હોઈ તત્સા-પેક્ષ સુખ પણ વિનશ્વર! સાચાં સુખ તો સિધ્ધ અવસ્થાનાં. એના માટે જ ઉદ્યમ ન કરું?' એમ કરી સિધ્ધ શરણરૂપે ચારિત્ર લીધું. પ્રવૃત્તિ માત્રનું પ્રયોજન ઇષ્ટની સિધ્ધિ છે, અને જીવને ઇષ્ટ એકાંત સુખ છે. શ્રી સિદ્ધ પરમાત્માને અનંત સુખ સિદ્ધ છે, એટલે હવે એ 'સવ્વહા કયકિચ્ચા' સર્વ પ્રકારે કૃતકૃત્ય છે, સિધ્ધપ્રયો-જનવાળા બન્યા છે. હવે એમને કોઈ પ્રયોજન બાકી નથી. તેથી કોઈ પ્રવૃત્તિ સાધવાની નથી.

सूत्रः- तहा पसंतगंभीरासया, सावज्जजोगविरया पंचविहायारजाणगा, परोवयारनिरया, पउमाइनिदंसणा, झाणज्झयणसंगया, विसुज्झमाणभावा साहू सरणं।

અર્થ :- તથા પ્રશાંત અને ગંભીર આશયવાળા, સાવદ્ય યોગથી વિરામ પામેલા, પંચાચારના જ્ઞ-પ્રત્યાખ્યાન (ઉભય) પરિજ્ઞાવાળા, પરોપકારમાં અત્યંત રક્ત, કમળ આદિની ઉપમાવાળા, ધ્યાન-અધ્યયનમાં પરોવાયેલા, વિશુદ્ધ થતા ભાવવાળા સાધુ ભગવંતો મારે શરણુ છે.

---

એવા એ **સિદ્ધ ભગવંતો શ્રેષ્ઠ મોક્ષતત્ત્વરૂપ** છે; કેમકે (૧) જગતમાં તત્ત્વ બે,-જડ અને જીવ. જડ કરતાં જીવ ઉત્તમ છે. કારણ કે વિશ્વમાં કોઈ જડ કદી શાશ્વત શુદ્ધ નથી બની શકતું; જ્યારે જીવ તત્ત્વ એવું શાશ્વત શુદ્ધ બની શકે છે, કે જેથી પછી કદીય અશુદ્ધ ન થાય. વળી (૨) જીવ તત્ત્વમાંય સિદ્ધ-બુદ્ધ-મુક્ત જીવો એ બીજા જીવો કરતા શ્રેષ્ઠ છે, કેમકે તે સર્વથા કર્મ-કલંકથી રહિત છે. વળી (૩) નવ તત્ત્વમાં અંતિમ સાધ્ય મોક્ષ તત્ત્વ છે, એ સધાયુ પછી કશું સાધવાનું નહિ; ને તે મોક્ષ સિદ્ધસ્વરૂપ છે. માટેય સિદ્ધો પરમ તત્ત્વરૂપ છે એમનાથી ઊંચું કે એમના સમાન બીજું કોઈ તત્ત્વ નથી. એ એવા સંપૂર્ણ કૃતાર્થ છે કે એમને મોક્ષ મળ્યા પછી કાંઈ મેળવવાનું બાકી રહેલું નથી. હવે એમને શરીર નથી, ઇંદ્રિયો નથી, ભૂખ નથી, હાજત નથી, ખણુજ કે વેદના નથી, ઇચ્છા નથી, અજ્ઞાન નથી, તેથી શું કરવાનું બાકી રહે? માટે, મારે એ સિદ્ધો જ શરણુ છે, એ જ સેવ્ય છે, એ જ ધ્યેય છે, પ્રાપ્ત છે, સ્તુત્ય છે.

(૩) **સાધુ શરણ:**–ત્રીજા નંબરમાં સાધુ મહાત્માનું મને શરણુ છે. કેવળ સિદ્ધ ભગવંતો જ શરણુ નહિ, કિંતુ સાધુ–મહાત્માઓ પણ મારે શરણુ છે. તે સાધુ ભગવંતો કેવા છે?

**'પ્રશાંત અને ગંભીર આશયવાળા'** છે. ક્ષમાનમ્રતાદિને ધારણ કરનારા હોવાથી એમના ચિત્તનો પરિણામ (અવસ્થા) પ્રશાંત છે, પણ ઊછળતો ધમધમતો નથી. એમાંય ક્ષમા પહેલી, માટે જ એ ક્ષમાશ્રમણ કહેવાય છે. તેમજ એમની ચિત્તવૃત્તિ યાને આશય ગંભીર છે, પણ છીછરી અને ક્ષુદ્ર નથી. તુચ્છ ગણતરી, તુચ્છ સ્વભાવ, તુચ્છ લાગણી એમને નથી. સાચા સુખનું આ કેવું સુંદર સાધન! પામર પ્રાણી આવેશને વશ થઈ ક્રોધમાં ધમધમતો બની પહેલાં તો જાતે જ દુઃખી થાય છે, વળી બીજાનેય દુઃખી કરે છે, ને પરિણામે પણ દુઃખને નોતરે છે. ક્ષમાશીલ મનુષ્ય, આવેશને રોકી ઠરેલ ચિત્તવાળો બનેલો, કોઈ પણ આતરિક રાગાદિ ક્લેશનો ભોગ નથી પોતે બનતો, અને તેથી નથી બીજાને બનાવતો. એ તો સ્વપરનાં કર્મનાં વિચિત્ર નાટકને નિહાળતો આપત્તિમાં પણ સાચી પ્રસન્નતા અનુભવે છે. એથી અવસરે બીજાને પણ ધાર્મિક અને પ્રશાંત બનાવી દે છે!

● **યશોધર ચરિત્રમાં પ્રસંગ છે.** સુદત્ત મુનિવર નગર બહાર ધ્યાનમાં ઊભા છે. રાજા શિકારે જવા નીકળેલો મુનિને જોઈ અપશુકન માનીને એમના પર શિકારી કૂતરા છોડે છે પરંતુ કૂતરા પ્રશાંત મુનિની નજીક પહોંચતાં, એમના તપ–સંયમની પ્રભાથી અંજાઈ જઈ શાંત થઈ ઊભા રહ્યા! રાજા ક્ષોભ પામ્યો. ત્યાં એક શ્રાવકના કહેવાથી સમજ્યો કે 'આ તો મોટા રાજકુમાર હતા ને મહાત્યાગી સાધુ બનેલ છે; એટલે રાજાને ભારે પસ્તાવો થયો કે 'હું કૂતરાથી ય ગયો?' એ જઈને મુનિની ક્ષમા માગે

છે. પ્રશાંત મુનિ જરા પણ ક્રોધ કે અરુચિ બતાવ્યા વિના એને પ્રોત્સાહક ધર્મોપદેશ આપી મહાન ધર્માત્મા બનાવે છે. એમ, મુનિ ગંભીર–આશય અર્થાત્ ચિત્તની ગંભીરતાને લીધે અકાર્યોથી બચી જઈ મૃદુભાવને ટકાવી રાખે છે, ત્યાં અહંભાવ અને ગર્વના પણ ઊકળાટ ક્યાંથી ઊભા જ થઈ શકે? જગતની કર્મજનિત આપત્–સંપત્‌ની મહાન વિચિત્ર ઘટનાઓ આ સાગર–ગંભીર ચિત્તને ન ડહોળી શકે, વિસ્મય ન પમાડી શકે; તુચ્છ વિચારાદિમા ન તાણી શકે; કિન્તુ ઉલટ એ ઘટનાઓ તો એવા ગંભીર ચિત્તમાં શાંતપણે સમાઈ જઇને તાત્ત્વિક વિચારણાને વેગ આપે છે ને આત્માને વધુ ઓજસ્વી બનાવે છે. તેથી આત્મામાં કષાયની લાગણીઓ–પરિણતિઓ કે વિષયની તુચ્છ વિચારણાઓ –ગણતરીઓ જનમતી નથી

આ સાધુ ભગવંતો વળી **'સાવજ્જજોગ–વિરયા'** સાવદ્ય યોગથી વિરામ પામેલા છે, નિવૃત્ત થયેલા છે અવદ્ય એટલે પાપ.પાપવાળી મનોવાક્કાય–પ્રવૃત્તિ તે સાવદ્ય વ્યાપાર.એ કરવારૂપ, કરાવવારૂપ, અને કોઈ કરે તેમા અનુમતિરૂપ,–એમ ત્રણ પ્રકારે હોય. સાવદ્ય વ્યાપાર તે સાસારિક કથલો છે; ઘર, કુટુંબ અને આરંભપરિગ્રહની રામાયણરૂપ છે એનાથી સાધુ ભગવંતો સર્વથા ફારેગ થયેલા છે. એટલે ષટ્કાય જીવના સંહારમય કે પરિગ્રહાદિના મોહ–મૂઢતામય હિંસાદિ પાપ વ્યાપારો હવે નથી તો એમને સ્વયં કરવાના, કે નથી બીજા પાસે કરાવવાના, એટલું જ નહિ પણ બીજા કરે તેમાં પોતાની ખુશી, ભાગ કે સમ્મતિ સરખી પણ નહિ. આમની પાસેથી આપણા સાવદ્ય કાર્યમાં સંમતિની પણ આશા ન રખાય, તો આપણે એમની પાસે કરાવવાની વાત જ ક્યાં?

● **આચાર્ય મહારાજ** નગર બહાર પધારેલા છે. કુમારપાળના મંત્રી હવેલીમાં પધરાવી કહે છે 'સાહેબ! આ હમણાં હવેલી બંધાવી. આચાર્ય મહારાજ મૌન રહે છે, એટલે મંત્રી પૂછે છે 'કેમ કંઈ બોલ્યા નહિ?' ત્યારે સાથેના મુનિ મંત્રીને જગાડવા કહે છે 'મહેતા! તમારે પાપના–સાવદ્યના કાર્યમાં સાધુની સંમતિ જોઈએ છે? ન મળે, સંમતિ તો ધર્મકાર્યમાં મળે' તરત મંત્રી સમજી જઈ કહે છે 'લ્યો સાહેબ, ત્યારે આજથી આ ધર્મનું સ્થાન, પોષધશાળા!' હવે આચાર્યદેવ કહે છે, 'આમાં ધર્મ–સાધનાઓ સારી થશે!' સંમતિ ધર્મ–કાર્યમાં આપી. આમ મન–વચનકાયાએ થતી પાપથી સર્વથા **નિવૃત્તિને** સાધુજીવનના એક અંગ તરીકે ધારણ કરવા સાથે, શુભ **પ્રવૃત્તિ** રૂપ બીજા અંગને મુનિ પાળનારા હોય છે, ● તે માટે કહ્યુ '**પંચવિહાયાર–જાણગા**' જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રચાર, તપાચાર, વીર્યાચાર,–એ પાંચ પ્રકારના પવિત્ર આચારના 'સમ્યગ્જ્ઞાતા,' અર્થાત્, જ્ઞ–પરિજ્ઞા અને પ્રત્યાખ્યાન–પરિજ્ઞાવાળા, એટલે કે જાણનારા અને પાળનારા હોય છે. એમાં એમને [1] સમ્યક્શાસ્ત્રજ્ઞાન, [2] સમ્યગ્દર્શન [3] પંચમહાવ્રતમય સમ્યક્ચારિત્ર, [4] બાહ્ય–આભ્યન્તર તપ, અને એ ચારેમાં [5] વીર્ય યાને પ્રબળ વીર્યોત્સાહના પોષક–સમર્થક–વર્ધક વિવિધ આચારો જ પાળવાના હોય છે આવું સુંદર આત્મોપકારી અને પરને લેશ પણ પીડા નહિ આપનારૂં જીવન સ્વયં જીવવા ઉપરાંત,

તે મહર્ષિઓ '**પરોપકારમાં પણ રક્ત**' હોય છે; અવસર આવ્યે ભવ્ય જીવોને માત્ર પવિત્ર નિષ્પાપ જીવનનો ઉપદેશ કરી, દોષત્યાગ અને ગુણપ્રાપ્તિમા ઉત્સાહિત કરે છે. યોગ્ય જીવોને સાધુપણું પળાવી પરનો ઉત્તમ ઉપકાર કરનારા મુનિઓ જ છે.

(૧) એમનો ઉપકાર પોતાને અને બીજાને માટે **એકાંતિક** છે, એટલે કે અપકાર(અહિત)ના લેશ વિનાનો કેવળ શુદ્ધ ઉપકાર છે; તથા (૨) તે ઉપકાર **આત્યંતિક** એટલે કે છેલ્લો છે, અર્થાત્ જે ઉપકારની પછી હવે બીજા ઉપકારની અપેક્ષા નહિ રહે; કેમકે જીવ આ દોષત્યાગ અને ગુણપાલનના ઉપકારથી અંતે અનંત શાશ્વત સુખ પ્રાપ્ત કરી હંમેશ માટે કૃતકૃત્ય બનશે. એવો એમનો ઉપકાર છે. ● **નાસ્તિક રાજા પ્રદેશીએ** શું કરેલું? 'સાધુ–સંન્યાસી તો લોકોને ધર્મ તપ–દાન–વ્રતાદિ કરાવી દુઃખી કરે છે,'–એમ માની એમને નગરમાં આવતા બંધ કરેલા. પરંતુ શાણા મંત્રીની ગુપ્ત યોજનાથી કેશી ગણધર ત્યાં ઉદ્યાનમાં પધાર્યા. રાજા એ જાણી એમને વાદથી નિરુત્તર કરી રવાના કરવા માટે ઘોડે ચઢીને ત્યાં ગયો, અને રોફથી કહે છે 'આ શું ધતીંગ માંડયું છે? શાનો ધરમ? શાનો આત્મા? આત્મા, ધર્મ, પાપ, વગેરે ખરેખર વસ્તુ હોત તો તમારા હિસાબે મારો પાપી બાપ નરકમાંથી અને મારી ધર્મી મા સ્વર્ગમાંથી આવી મને સલાહ આપત. પરંતુ એવું કાંઇ બન્યું નથી. એટલે આત્મા, ધર્મ વગેરે કલ્પિત છે. બોલો શો જવાબ છે?' કેશી મહારાજે જરા પણ વિસ્મિત કે ક્ષુબ્ધ થયા વિના એને આત્મા, ધર્મ, પાપ, સ્વર્ગ, નરક વગેરેની એવી તાત્ત્વિક વિચારણા આપી કે રાજા પગમાં પડી રુદન કરતો ક્ષમા માગે છે, અને ત્યાં જ મહાન આસ્તિક શ્રાવક બને છે. અંતે રાણીના ઝેરી પ્રયોગમાં સમાધિથી મરી સૂર્યાભવિમાનનો માલિક મહાન જિનભક્ત દેવ થાય છે! સાધુનો રાજા ઉપર કેટલો ભવ્ય ઉપકાર થયો કે રાજા હવે ક્રમશઃ મોક્ષ પામી કૃતકૃત્ય બનશે.

● વળી તે સાધુ ભગવંતો **'પઉમાઇનિદંસણા'** કમળ, શરદઋતુના નિર્મળ પાણી, વગેરેના દૃષ્ટાંત જેવા યાને એવી ઉપમાવાળા છે. જેમ કાદવમાં ઉત્પત્તિ અને જલમાં વાસ હોવા છતા, કમળ એ બન્નેને સ્પર્શ પણ કર્યા વિના ઊંચે રહે છે, તેમ સાધુ ભગવંતો કામથી જન્મેલા અને ભોગથી ઊછરેલા છતાં, કામભોગ બન્નેને સ્પર્શ્યા વિના નિર્વાસનામય યોગિજીવન જીવે છે. એવી જ રીતે સ્વરૂપે નિર્મળ, મીઠા અને શાંત એવા શરદ ઋતુના સરોવરની જેમ ઉપશમથી સ્વચ્છ, કરુણાથી મધુર, અને તૃપ્તિ–ગાંભીર્યથી ભર્યા–હૃદયવાળા સાધુ ભગવંતો પણ પવિત્ર, દયાળુ, ગંભીર અને શાંત હોય છે. આમનો સત્સંગ કેવો આલ્હાદકારી, શીતળ અને અનંત ગુણાવહ બને! એવા મહર્ષિના શરણે જઇને 'ક્યારે હું પણ કમળ–દૃષ્ટાંતનું જીવન જીવું!' એવી ભાવના આ શરણમાં છે.

● તે મુનિમહંતો સંસારની કામભોગની ગલીચ વૃત્તિ–પ્રવૃત્તિ-માત્રથી અલગ બનીને ય પાછા નિષ્ક્રિય અને એદી નથી, પરંતુ **'ઝાણજ્‌ઝયણ–સંગયા'** યાને ધ્યાન અને અધ્યયનમાં લીન છે.

**'ધ્યાનસંગત'** એટલે (i) ૪ ધર્મધ્યાન,–(૧) જિનાજ્ઞાની અતિનિપુણતાદિ, (૨) રાગદ્વેષાદિ આશ્રવોના અપાય–અનર્થ, (૩) જ્ઞાનાવરણીયાદિ કર્મના વિપાક, તથા (૪) લોકસંસ્થાન–સ્થિતિ,–એ વિષય ઉપર ધ્યાન; અથવા શુકલધ્યાન યાને દ્રવ્ય-પર્યાય પૈકી એક વિષય પર ધ્યાન યાને એકાગ્ર ચિત્તના અનિરોધ (ફોરવણી)–વાળા છે. અથવા (ii) ૨૫ મહાવ્રત–ભાવના, ૪ મૈત્રી આદિ ભાવના, અને ૧૨ અનિત્યાદિ શુભ ભાવના પૈકી ગમે તે ભાવનાના એક વિષય પર એક પ્રશસ્ત એકાગ્ર વિચારસરણી, કે જ્યાં બીજા–ત્રીજા વિચારોનો વ્યાક્ષેપ (ડહોળામણ) નહિ, તે ધ્યાનવાળા છે. અથવા (iii) સમસ્ત ક્રિયામાર્ગમાં એકાગ્ર શુભ

ચિત્તરૂપી ધ્યાનવાળા છે. '**અધ્યયન સંગત**' એટલે જ્ઞાનયોગ, —સમ્યક્ શાસ્ત્રોની વાચના, પ્રચ્છના, પરાવર્તના, અનુપ્રેક્ષા અને ધર્મકથા,—એ પાંચનો આત્મલક્ષી સતત અભ્યાસ, એમાં એ પરોવાયેલા રહે છે. જીવનમાં અધ્યયન અને ધ્યાનની જ મુખ્ય પ્રવૃત્તિ મુક્તિનો આસ્વાદ અહીં કરાવે છે.

● એવા સાધુ પુરુષો વળી '**વિસુજ્ઝમાણભાવા**',—શાસ્ત્રવિહિત (શાસ્ત્રે ફરમાવેલા) સમિતિ--ગુપ્તિ--સ્વાધ્યાય--આવશ્યક વગેરે અનુષ્ઠાનોથી આત્માના ભાવને ઉત્તરોત્તર વિશુદ્ધ કરનારા હોય છે. જેમ હિંસા--જૂઠ--જુગાર--નિંદા--પરિગ્રહ-વિષયસેવા આદિ ક્રિયાથી હૈયાના ભાવ ક્રુર—નિષ્ઠુર--માયાવી આદિ બને છે, તેમ આ સમિતિ—ગુપ્તિ, શાસ્ત્રવ્યવસાય, પ્રતિક્રમણ--પડિલેહણ આદિ ક્રિયાઓથી ભાવ શુદ્ધ શુદ્ધતર બને એ સહજ છે. અહો! માનવભવની આ કેવી સુંદર સફળતા! સાચે જ અનંતકાળથી ચાલી આવતા કામ, ક્રોધ, લોભ, મોહ, મદ, મત્સર, હાસ્ય, શોક, રતિ, અરતિ વગેરે મહા મલિન ભાવોથી અત્યંત ખરડાએલા આત્માનું સંશોધન- વિશુદ્ધિકરણ શ્રી જિનાજ્ઞાકથિત પ્રશસ્ત વૃત્તિઓ અને પ્રવૃત્તિઓના ત્રિકરણ યોગના પાલનરૂપ જલથી થાય. એ જો અહીં નહિ કરવામાં આવે, અર્થાત્ મલિન ભાવોનો નાશ અને પ્રતિપક્ષી બ્રહ્મચર્ય, ક્ષમા આદિ વિશુદ્ધ ભાવોને આત્મસાત્ કરવાનું અહીં ન કર્યું, તો પછી બીજા કયા ભવમાં કરી શકાશે? ધન્ય છે તે નિર્ગ્રંથ ગુરુદેવોને, જેમણે એ સંશોધનમા સારૂં જીવન અર્પ્યું છે.

● એવા એ મુનિઓ '**સાધુ**' છે. સમ્યગ્દર્શન-જ્ઞાનચારિત્ર-તપથી માત્ર મુક્તિને સાધનારા હોવાથી સાધુ કહેવાય છે તે મારે જાવજ્જીવ શરણ હો, આશ્રયભૂત હો. આવા મહાન આત્માઓના શરણે જનારના હૃદયનું વલણ એટલું તો જરૂર બને કે જીવનના

सूत्र :–तहा सुरासुरमणुअपूइओ, मोहतिमिरंसुमाली, रागद्दोस-विसपरममंतो, हेउ सयलकल्लाणाणं, कम्मवणविहावसू, साहगो सिद्धभावस्स, केवलिपण्णतो धम्मो जावज्जीवं मे भगवं सरणं।

અર્થ :–તથા સુર–અસુર–મનુષ્યથી પૂજિત, મોહરૂપી અંધકાર હટાવવા સૂર્યસમાન, રાગ–દ્વેષરૂપી વિષનો નાશક પરમમંત્ર, સમસ્ત કલ્યાણોનું કારણ, કર્મવનદાહક અગ્નિ, સિદ્ધભાવ(મોક્ષ)નો સાધક, સર્વજ્ઞ ભગવાને પ્રરૂપેલ પ્રભાવક ધર્મ મારે જીવનભર શરણ છે.

---

આદર્શો, જીવન જીવવાની વસ્તુઓ તથા પદ્ધતિઓ, લાભ-અલાભના લેખાં, ભય–નિર્ભયતાની ગણતરીઓ, વગેરે જગત કરતાં વિલક્ષણ અને આ મહાત્માઓની હોય છે તેને અનુસરનારી જોઈએ.

(૪) **હવે ચોથું શરણ બતાવે છે.** 'તથા' એટલે એકલું સાધુનું શરણ સ્વીકારૂં છું એમ નહિ પરંતુ કેવલી ભગવંતે પ્રરૂપેલા શુદ્ધ ધર્મનું પણ હું શરણ સ્વીકારૂં છું. તે ધર્મ કેવો છે?

● **સુરાસુરમણુઅ–પુઇઓ**',–'સૂરો' યાને જ્યોતિષ્ક અને વૈમાનિક દેવોથી, તથા 'અસુરો' એટલે ભવનપતિ અને વ્યંતર દેવોથી, તેમ 'મનુષ્યો' અર્થાત્ ગગનગામી વિદ્યાધરોથી પૂજાએલો છે. આ વિશેષણ એ શ્રદ્ધા કરાવે છે કે 'જગતની ઋદ્ધિ, સમૃદ્ધિ વગેરેના આપનારા શેઠ, શાહુકાર, કે રાજા કરતાં આ ધર્મ મારે અધિક માન્ય છે; કેમકે, આ ધર્મ તો દેવોને પણ માન્ય અને પૂજ્ય છે. આવા અતિ પૂજ્ય ઉચ્ચતમ ધર્મનું શરણું પામ્યાનું મને ગૌરવ છે. મારૂં અહોભાગ્ય છે કે મને આવા શુદ્ધ ધર્મને માનવા પૂજવાનું મળ્યું!' વળી ● '**મોહતિમિરંસુમાલી**' આ ધર્મ

મોહરૂપી અંધકારને હટાવવા માટે સૂર્ય સમાન છે. 'મોહ' એટલે સત્-અસત્‌ના, સાચા-ખોટાના, તારક-મારકના, હિત-અહિતના, સ્વ-પરના, કાર્ય-અકાર્યના ઈત્યાદિનો વિવેકનો અભાવ, અવિવેક અને એથી આત્માની થતી મૂઢ અવસ્થા. એ **મોહ ખરેખર! વસ્તુનું સાચું દર્શન યાને ઉદાસીન તટસ્થ નિષ્પક્ષપાત દર્શન નથી કરવા દેતું;** એટલે કે વસ્તુની રાગદ્વેષથી અકલંકિત એવી સાચી પીછાનને આવરે છે. માટે મોહ એ અંધકાર-તુલ્ય છે. તો શ્રુત, સમ્યક્ત્વ અને ચારિત્રરૂપ ત્રિપુટીધર્મ આત્મામા સૂર્યવત્ પ્રકાશી એ મોહને દૂર કરે છે. તેથી હવે જગતની વસ્તુઓનું સાચું સ્વરૂપ આત્મામાં ભાસે છે. આ પ્રતાપ ધર્મનો છે. 'આવા ધર્મનું શરણું તે ઈચ્છાએ કરૂં છું કે અંશે પણ આવો ધર્મ પ્રાપ્ત થતાં જરૂર અંશે પણ આત્માની મૂઢ દશા નબળી પડે.'

વળી આ ધર્મ • **'રાગદ્દોસવિસપરમમંતો'** રાગદ્વેષરૂપી વિષ(ઝેર)ને દૂર કરવા માટે શ્રેષ્ઠ મંત્ર સમાન છે. જેમ ઝેરથી પ્રાણીનું મૃત્યુ થાય છે, તેમ રાગદ્વેષથી આત્માનું ભાવમૃત્યુ થાય છે; અર્થાત્ ભાવ પ્રાણ જે જ્ઞાનાદિ, તે અટકી પડે છે. સાથે જ એ રાગદ્વેષથી બંધાયેલા તીવ્ર કર્મોને લઈને જીવને ભાવી અજ્ઞાન સંસારમાં ભવેભવે મૃત્યુ પામવું પડે છે. માટે રાગદ્વેષ એ વિચિત્ર ભયંકર ઝેર છે. ધર્મ એનો ઘાત કરે છે; માટે ધર્મ એ ઝેરની સામે મંત્રતુલ્ય છે. આવા ધર્મનું શરણું તે શ્રદ્ધા માગે છે કે 'જો આત્મામાં ધર્મની સાચી સ્પર્શના કરવી હશે, તો રાગદ્વેષને પૂર્વની જેમ પાળી પોષી શકાશે નહિ, પણ ઓછા કરવા પડશે. અહો! કેવો સુંદર આ ધર્મ! કે એ પ્રાપ્ત થતાં રાગદ્વેષરૂપી ઝેર અને એથી ચડેલી મૂર્છા ઊતરી જાય!' સાથે,

એ પણ ખરૂં કે ધર્મનું આવું સ્વરૂપ હોવાથી જ ધર્મને શરણે જનારો (૧) ધર્મ સેવતાં કોઈ વિષયાશંસા કે માનાકાંક્ષા ન રાખે, કેમકે એ આશંસા તો રાગવિષને પોષનારી છે, (૨) વળી જો બીજાઓની ધર્મપ્રવૃત્તિમાં અંદરખાને ધર્મવૃત્તિને બદલે રાગનાં તાંડવ જુએ તો તેમાં એ ભળે નહિ, એમાં એનું દિલ ઠરે નહિ, તેમજ (૩) સાંસારિક પ્રવૃત્તિમાં રાગદ્વેષના તોફાનમાં પોતે સપડાતો હોય ત્યાં પણ એમ થાય કે 'અરે! આવો મહામંત્ર-સમો શુદ્ધ ધર્મ મારી પાસે છતાં હજી રાગદ્વેષના ઝેર આત્મામાં ઘાલી રહ્યો છું? એ કેવું મારૂં દુર્ભાગ્ય! ક્યારે આ શરણાંનો સ્વીકાર મને શુદ્ધ ધર્મની સ્પર્શના કરાવી રાગદ્વેષથી બચાવી લે!'

વળી આ ધર્મ સર્વજ્ઞ ભગવાનનો કહેલો હોઈ, ● **'હેઉ સયલ કલ્લાણાણં,'** દેવ–મનુષ્યની સારી ગતિ, યશ અને શાતા વગેરે યાવત્ મોક્ષ સુધીના સકલ કલ્યાણોનું સચોટ સાધન છે. આ વિશેષણ સૂચવે છે કે અધર્મ એટલે કે હિંસા, જૂઠ, ચોરી, અબ્રહ્મ, પરિગ્રહ વિગેરે, તથા ક્રોધાદિ કષાયો, મિથ્યાત્વ, અને કુશાસ્ત્રો ઇત્યાદિ, એ કલ્યાણનાં સાધન નથી. કદાચિત્ અજ્ઞાનવશ એમાંનાં કોઈનું આલંબન લીધું હોય, તો પણ એને કલ્યાણના ને સુખનાં સાધન (કારણ) તરીકે હરગીજ ન મનાય. કલ્યાણ અને સુખનું સાધન તો ધર્મજ. આ શ્રદ્ધાથી જ ધર્મનું શરણ સફળ થાય. જેમ સાચા વૈદ્યને "હું તમારે શરણે છું" એમ કહેનારા દરદી માને છે કે બીજા ખોટા વૈદ્ય તથા તદુક્ત દોષપોષક વસ્તુ આરોગ્યના હિતકારક નથી, બલ્કે હિતનાં ઘાતક છે, (અવરોધક છે,) તેવી રીતે જેમ કોઈ મોટા માણસને શરણે ગયેલો દુઃખી દરિદ્ર સમજે છે કે આમનાથી જ મારી દરિદ્રતા ને બીજા દુઃખો ટળશે;

વળી લૂંટારાના ત્રાસથી બચાવી શકે એવા રક્ષકોના શરણે જનારો રક્ષણનાં બહુમૂલ્ય આંકે છે; એવી રીતે જેના વડે એમ મનાય કે–'ધર્મ એ સર્વ કલ્યાણનું કારણ છે માટે ધર્મને શરણે જાઉં છું,' એને મન ધર્મનાં મૂલ્ય અગણિત હોય. એ સમજે છે કે–'ખાવું–પીવું એ ધર્મ નથી, પણ ત્યાગ--તપ એ ધર્મ છે, તેથી કલ્યાણ ત્યાગ--તપમાં છે, ખાવા પીવામાં નહિ. પુણ્યના ચોપડે ત્યાગ તપ જમે થાય છે, ખાવાપીવાનું નહિ. અનાદિથી ખાવાપીવાની લત રસના ત્યાગ અને તપથી જ મટે, પણ ખાવાપીવાથી નહિ. અનેક પ્રકારના રાગદ્વેષના સંક્લેશ, વિહ્વળતા, કુવિચારો, અતૃપ્તિ અધીરાઈ વગેરે એ બધા ખાનપાનની પાછળ છે. ત્યાગતપમાં તો એ બધાની શાન્તિ! માનવ જીવનની મહત્તા ત્યાગતપમાં રહેલી છે, ખાવાપીવામાં નહિ. પરલોક ઉજળો ત્યાગતપથી બનશે; અનેક પાપો ત્યાગતપથી અટકશે; સદ્‌વિચારણાઓ ત્યાગ-તપથી ખીલશે; નિર્વિકારતા ત્યાગતપથી આવશે; રગડાઝઘડા ત્યાગતપથી અટકાવાશે. આ અને ભાવીના અનેક સુખો ત્યાગતપરૂપી ધર્મથી જ થશે પણ રંગરાગ અને ભોગથી નહિ. ધર્મનું શરણું લેતાં જરૂર સચોટપણે હૃદયમાં ભાસવું જોઈએ. કે આના સિવાય બીજી કોઈ વસ્તુથી મારૂં કોઈ કલ્યાણ નથી, કશું ભલું નથી.'

**કુમારપાળ : જૈન ધર્મની મહત્તા સકલકલ્યાણ-હેતુતાથી :**— વીતરાગ સર્વજ્ઞ શ્રી તીર્થંકર ભગવાને જે ધર્મશાસન સ્થાપ્યું છે, એ સકલ કલ્યાણને અર્થાત્ ઠેઠ વીતરાગ સર્વજ્ઞતા સુધીના સમસ્ત શુભ ભાવોને પ્રગટ કરનારું છે. એવા ધર્મશાસનની રૂએ જ કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રસૂરિજી મહારાજે રાજા કુમારપાળની શ્રદ્ધા મજબૂત કરી હતી. બન્યુ એવું કે એક દેવબોધિ નામના યોગીએ રાજાને

યોગમાયાથી મહાદેવ સાથે એના પિતા હાજરાહજૂર બતાવ્યા, ને ત્યાં પિતાએ કહ્યું: 'જો કુમારપાળ! આ શંકર ભગવાનની ભક્તિથી હું સ્વર્ગ પામ્યો, તો તું પણ આ દેવને જ માનજે-પૂજજે.' પછી કુમારપાળે હેમચંદ્રસૂરિજીને પૂછતાં એમણે રાજાને એના પૂર્વજોની પરંપરા ચોવીસ તીર્થંકર ભગવાનની પૂજા કરતી બતાવી! ને એ પૂર્વજોએ રાજાને જૈન ધર્મ જ આરાધવા કહ્યું. રાજા વિચારમાં પડચો, ત્યાં સૂરિજીએ કહ્યું,–'રાજન! પેલી ય યોગ-માયા, ને આ પણ યોગમાયા! ખરી રીતે તો જૈન ધર્મ જ સકલ કલ્યાણનું, શુભ ભાવોનું, કારણ હોઈ માન્ય છે એ યુક્તિથી સિદ્ધ છે, માટે જ એ શરણ કરવા યોગ્ય છે.' રાજા જૈન ધર્મમાં સ્થિર શ્રદ્ધાવાળો બન્યો. એણે જૈન ધર્મના વ્રત નિયમ, આચાર-અનુષ્ઠાન ને સુકૃત-સદ્‌ગુણોથી જીવનને એવું ગૂંથી લીધું કે સર્વત્ર સ્વ-પરને કલ્યાણભૂત દયા-વૈરાગ્યાદિ શુભ ભાવોમાં એ રમતા રહેતા.

વળી ધર્મ • '**કમ્મવણ–વિહાવસૂ–**' જ્ઞાનાવરણાદિ કર્મરૂપી વનને બાળી નાખવા માટે અગ્નિ સમાન છે. **કર્મ-વનમાં દુ:ખનાં ને કલેશનાં ફળો નીપજે છે.** સર્વજ્ઞ-કથિત શુદ્ધ ધર્મ ન પામવાને લીધે આત્મામાં એ વન ફૂલ્યું ફાલ્યુ છે, અને અનાદિ અનંતકાળથી સંસારી જીવને એનાં દુ:ખરૂપી કડવાં ફળો ચખાડચા કરે છે. દુ:ખ એ કંઈ આત્માનો સહજ સ્વભાવ નથી. એ તો કર્મના ઉદયે આવે છે. ત્યારે કર્મ હિંસાદિ પાપોથી જન્મે છે. સર્વજ્ઞે કહેલો શુદ્ધ અને સિદ્ધ અહિંસાદિ ધર્મ આ કર્મવનને બાળી ભસ્મીભૂત કરે છે. પછી દુ:ખનું નામ-નિશાન પણ નથી રહેતું. પછી તો સ્ફટિકવત્ નિર્મળ આત્મામાં અનંત જ્ઞાન અને અનંત સુખની શાશ્વત જ્યોતિ ઝગમગે છે. અહો! કેવો સુંદર ધર્મ! હું એને

सूत्र–सरणमुवगओ अ ओओसिं गरहामि दुक्कडं। जं णं अरहंतेसु वा, सिध्धेसु वा, आयरिअेसु वा, उवज्झाअेसु वा, साहुसु वा, साहुणीसु वा, अन्नेसु वा ध्रम्मठाणेसु माणणिज्जेसु पूअणिज्जेसु,

तहा माइसु वा, पिइसु वा, बंधुसु वा, मित्तेसु वा, उवयारीसु वा, ओहेण वा जीवेसु, मग्गट्ठिएसु अमग्गट्ठिएसु, मग्गसाहणेसु अमग्गसाहणेसु, जं किंचि वितहमायरिअं अणायरिअव्वं अणिच्छिअव्वं पावं पावाणुबंधि,

---

સાધું તો મારાં કર્મ જરૂર ખપી જ જાય; એથી જ કર્મ ખપે.

વળી આ ધર્મ • **'સાહગો સિદ્ધભાવસ્સ'** સિદ્ધપણાનો એટલે કે મુક્તિનો સાધક છે, સંપાદક છે. ધર્મ વિના સિદ્ધિ નથી. તેમજ ધર્મ હોય તો સિદ્ધિ તરફ અવશ્ય પ્રયાણ હોય. અર્થાત્ **જેમ જેમ ધર્મ સાધે, તેમ તેમ એ જીવ વીતરાગ દશા, અસાંયોગિક આનંદ (નિવૃત્તિનું સુખ), શુદ્ધ જ્ઞાનદષ્ટિ, વગેરેની નિકટ જઈ રહ્યો હોય.** આવા ધર્મનું હું યાવજ્જીવ શરણુ સ્વીકારૂં છું.

અહીં ચારે શરણાનું કાર્ય એક સરખું છે, તેથી એકને બદલે ચારે શરણા કરવામા પરસ્પરનાં કાર્યોનો વિરોધ નથી આવવાનો. વળી અરિહંત વીતરાગ છે, અને વીતરાગતાના ઉપદેશક છે, સિદ્ધ પ્રભુ પણ વીતરાગ છે, સાધુ એક માત્ર વીતરાગતાના સાધક છે, ધર્મ વીતરાગતાનો ઉપાયભૂત છે. એમ ચારેય વીતરાગ બનવામાં ઉપયોગી છે. માટે ચાર શરણુમા અન્યોન્ય વિરોધ નથી.

પાપ-પ્રતિઘાત માટે આ ચતુશરણગમન કર્યા પછી દુષ્કૃતની ગર્હા કરવાની કહી છે. તેથી એમ ભાવ થાય કે--

सुहमं वा बायरं वा, मणेण वा, वायाए वा, काएण वा, कयं वा, काराविअं वा, अणुमोइअं वा, रागेण वा दोसेण वा मोहेण वा, इत्थ वा जम्मे जम्मंतरेसु वा, गरहिअमेअं, दुक्कडमेअं, उज्झिअव्वमेअं विआणिअं मए कल्लाणमित्तगुरुभगवंतवयणाओ। एवमेअंति रोइअं सद्धाए। अरिहंतसिद्धसमक्खं गरहामि अहमिणं दुक्कडमेअं, उज्झि-यव्वमेअं। इत्थ मिच्छा मि दुक्कडं, मिच्छा मि दुक्कडं, मिच्छा मि दुक्कडं.

---

હું અરિહંતાદિ ચારને શરણે ગયો થકો, તે અરિહંત પ્રભુ આદિ પ્રત્યે મેં સેવેલા દુષ્યકૃત્યની, હું ગર્હા-નિંદા-દુગંછા કરૂં છું. તે આ રીતેઃ-આજ સુધીમા શ્રી તીર્થંકરદેવો, શ્રી સિદ્ધ પરમાત્માઓ, આચાર્ય ભગવંતો, ઉપાધ્યાય સાધુ કે સાધ્વીજી મહારાજાઓ પ્રત્યે, અથવા બીજા માનનીય પૂજનીય ધર્મના સ્થાનો (સાધર્મિકાદિ, જિનમંદિર-તીર્થાદિ, અને દયા-અહિંસાદિ) પ્રત્યે, તેમજ અનેક જન્મના માતાઓ, પિતાઓ, બન્ધુ, (સગાં), મિત્રો કે ઉપકારી પ્રત્યે, અથવા સામાન્યથી સર્વ જીવો પ્રત્યે, તે મોક્ષમાર્ગ સમ્યગ્દર્શનાદિને વિષે રહેલા અથવા મિથ્યાત્વાદિમાં રહેલા સામાન્યથી કોઈપણ જીવ પ્રત્યે, અથવા મોક્ષમાર્ગરૂપ જ્ઞાનદર્શનચારિત્રના સાધનભૂત (ધર્મશાસ્ત્રાદિ) પ્રત્યે કે મોક્ષ સાધનામાં અનુપયોગી પ્રત્યે અથવા મોક્ષમાર્ગથી વિપરીત સાધનો પ્રત્યે જે કાંઇ ખોટું આચર્યું હોય, (એટલે કે જે કાંઈ અવિધિ ઉપયોગાદિ કર્યું હોય,-સંક્ષેપમાં) જે કાંઈ ન કરવા યોગ્ય કે ન ઈચ્છવા યોગ્ય જે કોઇ પાપ, ભવિષ્યમાં તેના વિપાકે પણ પાપ બંધાવે તેવું સૂક્ષ્મ કે સ્થૂલ પાપ, મન-વચન-કાયાએ જાતે (સ્વયં) કર્યું હોય, અથવા બીજા પાસે કરાવ્યુ હોય, કે બીજાનું ઠીક માન્યુ હોય; તે પણ દુષ્કૃત, રાગથી,

દ્વેષથી, કે મોહથી (અજ્ઞાનથી), તે આ ભવમાં કે પૂર્વ ભવોને વિષે, જે કાંઈ આચર્યું હોય તે બધું મારે ગર્હિત છે, નિન્દ્ય છે, જુગુપ્સનીય (દુગંછનીય) છે; કેમકે તે સમ્યગ્ધર્મથી બહિર્ભૂત છે. માટે જ તે તજવા યોગ્ય છે,–એવું મેં કલ્યાણમિત્ર (આત્મહિતૈષી) એવા ગુરુભગવંતના વચન થકી જાણ્યુ. (અર્હંત ભગવંતના વચનની ગુરુ થકી પ્રાપ્તિ થઈ હોય ત્યારે પ્રાયઃ આ ક્રમ બને તેથી આમ કહ્યું. અહિં ઉપદેશક ગુરુદેવો એકાંતે પરના હિતચિંતક છે, પરને કલ્યાણ–સાધનામાં સહાયક–મિત્ર છે, એટલે એમનું વચન તથ્ય અને પથ્ય જ હોય. માટે એમના હિતવચનાનુસારે, ખોટી આચરણા એ દુષ્કૃત છે, ત્યાજ્ય છે; એ પ્રમાણે મને બરાબર મનમાં ઠસી ગયુ છે.) સદ્‌ગુરુના કહેવા મુજબ જ વસ્તુસ્થિતિ છે–એવું શ્રદ્ધાથી મને રુચ્યુ છે. એટલે અરિહંત અને સિદ્ધ ભગવાનની સમક્ષમાં તે અયોગ્ય અધમ આચરણોને હું ગહુઁ છું. નિંદુ છું. એના પર મને જુગુપ્સા થાય છે. એ દુષ્કૃત્ય છે, ને મારે ત્યાજ્ય છે. આ પ્રસંગે તે સઘળું મારૂં દુષ્કૃત્ય મિથ્યા થાઓ, મિથ્યા થાઓ, મિથ્યા થાઓ.

અહીં દુષ્કૃત્યો સમજવા જેવાં છે. શ્રી અરિહંત પરમાત્માની કે તેમની મૂર્તિની તથા મંદિરની આશાતના, વિરોધ, અવિનય, અવર્ણવાદ, કે અનાદર; એમની આજ્ઞાની અવહીલના એમનાં તત્ત્વ સિદ્ધાન્ત કે માર્ગનો વિરોધ કે વિરાધના, અશ્રદ્ધા કે અશુદ્ધ પ્રરૂપણા, વગેરે એમના પ્રત્યેનું વિપરીત આચરણ ગણાય. લક્ષ્મણા સાધ્વીને એ વિરાધનાની પાછળ આઠસો કોડાકોડી સાગરોપમના કાળ સંસારમાં ભટકવાનું થયુ. શ્રી સિદ્ધ ભગવાન પ્રત્યેનું વિપરીત આચરણ શું? અભવ્યના જેવી માન્યતા,–'સિદ્ધ કોઈ

હોઈ શકે જ નહિ' (ને હોય તો એમનામા ચતન્ય શું ?)। અથવા અનંત સુખ વિષે કુશંકા,–'ત્યાં ખાવાનું, પીવાનું નહિ, લાડી નહિ, વાડી નહિ, તો સુખ શું?' આવી આવી મિથ્યા માન્યતાઓ અને પ્રરૂપણા તથા શ્રી સિદ્ધ પરમાત્માની મૂર્તિ વગેરેની આશાતનાદિ--આ બધું એમની પ્રત્યેનું વિપરીત આચરણ છે. 'મુક્તિમાં સુખ શું ?' એમ શંકા કરનારને એ ખબર નથી કે **ત્યાં કોઈ તૃષ્ણા નથી, તથા ખાવા--પીવાની પીડા નથી, માટે તો ખરૂં સુખ છે, કોઇ કર્મ નથી, અપેક્ષા નથી, તેથી જ અનંતુ સ્વાધીન સુખ છે.** વળી એ સુખ કાલ્પનિક નથી, વાસ્તવિક છે. કાલ્પનિક તો ઈંદ્રિયોના વિષયનું સુખ છે. કેમકે એનો એજ સુખરૂપ લાગતો વિષય બીજા માણસને કે બીજા સમયે પોતાનેજ દુઃખરૂપ લાગે છે; એટલે સંસારમાં સાચું સુખ ક્યાં રહ્યું ? શ્રી આચાર્ય મહારાજથી માંડી ધર્મસ્થાન પ્રત્યે પણ વિપરીત આચરણમાં અનાચરણીય અને અનિચ્છનીય આચ-રણ તથાપ્રકારે સમજવું. એમા માતાપિતા યાવત્ કોઇપણ જીવ પ્રત્યે કૃતઘ્નતા, દ્રોહ, ઈર્ષ્યા, પીડા, અપમાન, અનાદર, તિરસ્કાર, વગેરે અનાચરણીય છે. માર્ગ–સાધનની આશાતના, અવગણના, નાશ, અંતરાય વગેરે અનાચરણીય ગણાય અમાર્ગ--સાધનના આદર, બહુમાન, મૂલ્યાંકન, પ્રચાર વગેરે અનાચરણીય ગણાય. ટૂંકમાં જે કાંઈ મિથ્યામતિ અજ્ઞાન, અપ્રશસ્ત રાગદ્વેષ, હાસ્ય મશ્કરી, હર્ષોન્માદ, અસત્ ખેદ કે ક્રોધાદિ કષાયવશ જીવ કે જડ પ્રત્યે બોલ્યા–ચાલ્યા–વિચાર્યું, તે બધું અનાચરણીય--અનિચ્છનીય ગણાય. આની ગર્હા કરવાની.

• **દઢપ્રહારી ચોરે** બ્રાહ્મણના ઘરમાં ઘુસતાં આડી ગાય

આવી તો ક્રૂર ગુસ્સામાં એને બિચારીને તલવારથી ખત્મ કરી ! ઘરમાં બ્રાહ્મણી કાગારોળ કરવા જતી હતી તો ત્યાંજ એને મારી, તેથી સાથે એનો ગર્ભ પણ ખત્મ થયો ! પાછો એણે બહાર નીકળતાં સામો બ્રાહ્મણ ધસ્યો તો એને ઉડાવ્યો ! પણ હવે ક્રોધ મોળો પડતાં ભારે પસ્તાવો સળગ્યો ! આપઘાત કરવા જંગલમાં ભાગે છે. ત્યાં મુનિએ એને ઊભો રાખ્યો, કહે છે '**તું તો મરીશ, પણ તારાં ઘોર પાપ શે મરશે ? પાપ ખત્મ કરવાનો આ ઉચ્ચ ભવ જ ગુમાવ્યો તો પછી પાપનાશની બાજી હાથમાંથી ગઇ ! પછી તો પાપના દારુણ વિપાક જ નરકાદિ દુર્ગતિઓમાં અસંખ્ય કાળ વેદવાના !**' દૃઢપ્રહારી ચોંક્યો ! દુષ્કૃતની અતિ તીવ્ર ગર્હા સાથે મુનિ પાસેથી અરિહંત પ્રભુએ કહેલ દર્શન-જ્ઞાન-ચારિત્ર-તપનો માર્ગ જાણતાં ચાર શરણ સ્વીકાર કરી એણે પાપનો પ્રતિઘાત કર્યો ! શુભોદયે ગુણબીજાધાન થતાં એ ચારિત્ર લઈ, 'પાપ યાદ આવે તો ઉપવાસ,'-એ નિયમ સાથે નગરના દરવાજે ધ્યાનમાં રહે છે. લોકો પાપ યાદ કરાવી પ્રહાર-તિરસ્કાર કરતા હતા, પણ ઉપશમધારી મહાત્મા દૃઢપ્રહારી સ્વદુષ્કૃત-ગર્હા અને પાપ-પ્રતિઘાતના મજબૂત પાયા ઉપર કલ્યાણ સાધી ગયા.

અહીં શ્રુતકેવલી ભગવાન શ્રી ભદ્રબાહુ સ્વામીએ આવશ્યક નિર્યુક્તિમાં '**મિચ્છામિ દુક્કડં**' પદના અક્ષરોનો જુદો અર્થ બતાવ્યો છે. તેમાં 'મિ' મૃદુમાર્દવપણાનાં અર્થમાં છે. એ સૂચવે છે કે દુષ્કૃત ગર્હામાં પશ્ચાત્તાપરૂપે 'મિચ્છામિ દુક્કડં' કહેતાં આત્માએ પહેલાં તો હૃદય એકદમ કુણું અને અહંભાવ વિનાનું-અતિ નમ્ર બનાવવું જોઈએ. વાત સાચી છે

કે જો હૃદય કઠોર છે અને અહંત્વ ભુલાતું નથી, તો પછી 'હું અકાર્ય કરનારો છું, અપરાધી છું, અધમ છું,' એ ભાવ હૃદયમાં નહિ જાગે. વિચારો કે જીવને એમ તો પૂર્વે અહંભાવ ક્યાં મૂકવો પડ્યો નથી? અને એ કેટલો ટકાવી શક્યો છે, કે અહીં ટકશે? આમ તો પરવશતામાં કે દુન્યવી સ્વાર્થપૂર્તિની લાલસામાં અનિચ્છાએ અહંભાવને ઘણીય વાર જતો કર્યો છે; તો **અહીં આત્મશુદ્ધિ માટે અહંભાવને સ્વેચ્છાએ કાં ન તજવો?** જીવે એ સમજવું જોઈએ છે કે 'એવો તે શો મારો પ્રભાવ કે ઉપકાર જગત પર અમર થઈ ગયો છે કે એ હક સાથે અહંભાવ ભોગવું છું? અને હજુ પણ મારા જીવની અહંભાવ મૂકવાની તૈયારી નથી?' અનંતજ્ઞાનીના વચનથી પૂર્વ **દુષ્કૃતોની સાચી** ગર્હા **કરવા માટે** હૃદયની જે મૃદુતા જરૂરી છે, તે અર્થે જીવ **જો અહંભાવ અહીં નહિ મૂકે, તો શું અંતે ઊભા રહી ગયેલા દુષ્કૃતના યોગે કર્મ અહંભાવ મુકાવ્યા વિના રહેશે?**

'મિચ્છા મિ' એમાં (૨) 'ચ્છા'નો અર્થ દોષોનું છાદન છે. દોષો આત્મામાં જે નિરંકુશરૂપે છે, તેને દબાવવા, એટલે કે દોષો ઉપર નિયંત્રણ કરી નામશેષ કરવા, જેથી એ દોષો પ્રત્યે પક્ષપાત ટળે તથા કર્તવ્યપણાનો અને હિતકારીપણાનો ભાવ મટી ઘૃણાભાવ–દુગંચ્છાભાવ જાગ્રત્ રહે. 'મિચ્છામિ'માં (૩) બીજા 'મિ'નો અર્થ મર્યાદામાં રહેલો એવો થાય છે, તાત્પર્ય કે ધર્મક્ષેત્રની મર્યાદામાં રહેલો. આ વસ્તુ સૂચવે છે કે ધર્મ શાસનની સીમાઓની અંદર રહેવાની અપેક્ષા, અને વિધિ તથાપૂર્વાપર સ્થિતિ કેળવવાની આત્માને જો એવી અપેક્ષા ન હોય

તો પણ દુષ્કૃતની સાચી શુદ્ધિ ન થાય. 'દુક્કડં' માં (૪) 'દુ'નો અર્થ એ છે કે હું આવા દુષ્કૃત્યને આચરનાર મારા આત્માની દુગંછા કરૂં છું. મને મારી જાત માટે શરમ થાય છે, ઘૃણા થાય છે કે મેં ક્યાં આવું અકાર્ય સેવ્યુ ? અને 'દુક્કડં'માં (૫) 'ક્કુ' કહેતા મારાથી કરાયેલા તે પાપને, તથા (૬) 'ડં' કહેતાં ઉપશમભાવથી લંઘી જાઉં છું. અર્થાત દુષ્કૃત્યના સેવનમાં અને તેની અનુમોદનામાં મૂળ કારણભૂત બનેલા કે પાછળથી ઉપયોગી થયેલા જે કષાયો, તેનો ત્યાગ કરીને ઉપશાંત બનું છું; એટલે કે ક્ષમા, મૃદુતા, નિર્લોભતા, પાપનો તિરસ્કાર, વગેરે ભાવો ધારણ કરી તે દુષ્કૃત્યોનાં આર્કષણ–પક્ષપાત વગેરેના સીમાડા ઓળંગી જાઉં છું. આત્મામાંથી એના કુસંસ્કારો ઊખડી જાય એ માટે ખૂબ સાવધાન અને ઉપયોગવાળો બનું છું.'

સંક્ષેપમાં, આપણાથી થઇ ગયેલાં દુષ્કૃત્યોનો સાચો 'મિચ્છા મિ દુક્કડં' કરવો હોય અને તે કરીને દુષ્કૃત્યોના સંસ્કારો અને દુષ્કૃત્યથી બંધાયેલા કર્મો આત્મા પરથી ભૂંસી નાખવા હોય તો આટલું જરૂરી છે, :–૧. અહંભાવના ત્યાગ સાથે સાચા પશ્ચાત્તાપને **યોગ્ય કોમલ અને નમ્ર હૃદય** ૨. **દોષો પર** તિરસ્કારભાવ, ૩. **આત્માની સ્વચ્છંદ અને નિરંકુશ વૃત્તિ પર કાપ**, ૪. **આપણા દોષિત આત્મા પ્રત્યે** દુગંછા અને ૫. **દોષ સેવનને** પોષનારા દુષ્કૃત્યના **મૂળમાં રહેલ કષાયની શાંતિ સાથે ક્ષમાદિ ધર્મોનું આલંબન** જરૂરી છે. ભગવાન અરિહંત દેવથી માંડી સર્વ જીવો અને સર્વ જડ સાધનો પ્રત્યે ગમે તે પ્રકારે જન્મ–જન્માંતરમાં થયેલા દુષ્કૃત્ય બદલ જો આ પદ્ધતિએ નિંદા, ગર્હા,

દુગંછા, પશ્ચાતાપ થાય, તો એવા દુષ્કૃત્યને સહેજે કરાવનારૂં, મૂળભૂત સંસાર અને અતત્ત્વ પ્રત્યે રુચિભાવરૂપી જે પાપ, તેનો પ્રતિઘાત કેમ ન થાય ?

આત્મ વિકાસમાં ઉપયોગી ૫ ભાવ :—

'મિચ્છા મિ દુક્કડં' માં ગર્ભિત આ પાંચ ભાવ આત્મવિકાસ માટે બહુ ઉપયોગી છે;- (૧-૨) દોષોનો તિરસ્કાર, તથા દોષિત સ્વાત્માની દુગંછા, (૩-૪) નમ્ર અને કોમળ હૃદય, તથા સ્વચ્છંદ નિરંકુશ વૃત્તિ પર કાપ, તેમજ (૫) દોષ દુષ્કૃત્યના મૂળમાં કામ કરતા કષાયોનો ઉપશમ, અતત્ત્વરુચિનો ત્યાગ.

(૧:૨) આમાં પહેલા બેથી એ લાભ છે કે દોષ-પાપ ફરી સેવવાનો પ્રસંગ આવે તોય એમાં પૂર્વના જેવો રસ નહિ રહે; તેમ એ ઓછું ઓછું કરવાની વૃત્તિ રહેશે: એટલે જ જ્યાં સુધી દુષ્કૃત્ય સેવન ચાલુ છે ત્યાં સુધી એની ગર્હા અને સ્વાત્મ-દુગંછા રહેવી જ જોઈએ.

પ્ર૦—પાપો સેવ્યા કરે અને ગર્હા કર્યા કરે એમાં દંભ યા નઠોરતા નહિ થાય ?

ઉ૦—આવો વિચાર કરીને જો વારંવાર દુષ્કૃત્ય—ગર્હાનું કાર્ય ન કરવામાં આવે તો જીવ કયારેય ઊંચો જ ન આવે; કેમકે સંસારમાં પહેલે તબક્કે દોષ-પાપ-દુષ્કૃત્યોનો ત્યાગ થઈ શકતો જ નથી. ગૃહસ્થને ઘર-સંસારના આરંભ-પરિગ્રહ-વિષયોના પાપ રહે જ છે, સાધુને વીતરાગ થવા પૂર્વે નાના રાગ, દ્વેષ, હાસ્ય, રતિ અરતિ વગેરે નડયા કરતા હોય છે. હવે જો એની ગર્હા તિરસ્કાર સ્વાત્મદુગંછા કરતા રહેવાનું ન હોય તો એનો અર્થ એ કે દિલ એ પાપો દોષોમાં દુભાતું નહિ, પણ ખુશમિશાલ રાખવાનું બને છે. પછી એ ક્યારે છૂટી જ થઈ શકે? એ તો

ગર્હા-દુગંછા ચાલુ હોય તો જ એ દોષોનાં સેવન મુડદાલ બનતા આવે. એટલે આ ગર્હાદિમાં દંભ કે નઠોરતા નથી. અલબત્ કોઈ દેખાડ માટે નહિ, કે બીજી ત્રીજી લાલસાથી નહિ, પણ અંતરથી અકર્તવ્ય તરીકે સચોટ લાગીને દોષો પ્રત્યે ગર્હા-તિરસ્કાર થવો જોઈએ. ભરત ચક્રવર્તીને આ આંતરિક ગર્હા ચાલુ હતી. એનો પ્રતાપ હતો કે આરીસાભવનમા મોકો મળતાં એ રાગાદિ દોષો અને એના પોષક પદાર્થ ઉપર સૂગ, નફરત વધી જતાં પ્રબળ પાપ પ્રતિઘાત થઈ તરત આગળ વધતાં કેવળજ્ઞાન પ્રગટ કર્યું.

(૩-૪.) 'મિચ્છામિ દુક્કડં'મા બીજી વાત એ આવી કે એથી નમ્રતા-કોમળતા થાય, અને સ્વચ્છંદ નિરંકુશ વૃત્તિ પર કાપ મૂકાય. કઠિન માટીમા ઘડાનો ઘાટ ન ઊતરે. એમ કઠણ હૃદયમા ગુણનો ઘાટ ન ઊતરે, કોમળમાં ઘાટ ઊતરે. જાતને અને દોષ-દુષ્કૃત્યને મહત્ત્વ આપવું એ કઠણાશ છે. માટે જો કઠણાશ ફગાવી દેવાય, અને ગુરુ આગળ દુષ્કૃતની સાચી ગર્હા થાય, તો એમાં અહંત્વનો ભાવ દબાય. 'હું મોટો, હું સારો; ગુરુ આગળ મારી હલકાઈ કેમ દેખાડું?' એવો અહંભાવ ઊંચા ગુણસ્થાનકે નથી ચડવા દેતો; માટે નમ્રતા પણ જોઈએ સાચી દોષ-ગર્હામાં એ થાય.

(૫) દોષ કે પાપના હોંશે હોશે સેવનની અનાદિ કુટેવ છે. એ કાઢવા એ તપાસવું જોઈએ કે અંતરની કઈ દુષ્ટ વૃત્તિ ઉપર આ દોષ આ પાપ સેવાય છે? દા. ત. ચક્ષુકુશીલતા કે સ્પર્શકુશીલતામાં નિર્ભયતા હોય, અને એનો લોભ રહે એ હૃદયની દુષ્ટ વૃત્તિ છે; ને એ મૂળ બીજ ઉપર પરસ્ત્રીનું નિરીક્ષણ કે સ્પર્શનું પાપ કરાય છે. માટે એ પાપને પ્રેરનારા એ બીજને જ ઊખેડી નાખવું જોઈએ. આમ દરેક દરેક કૃષ્કૃત્ય

અને પાપના નિકાલ માટે એની મૂળભૂત દુષ્ટ વૃત્તિને ઉખેડી નાખવાની છે. એનો નિકાલ કરવાથી ઉપર દુષ્કૃત્યોને ઊગવાનું બંધ થાય છે. દા. ત. ક્રોધકષાયનો દુષ્ટભાવ એ અપશબ્દ, કઠોર ભાષા, પ્રહાર વગેરે પાપ કરાવે છે, તો મૂળમાં જો એ ક્રોધકષાયનેજ શાન્ત કરી દેવાય તો અપશબ્દ કઠોર ભાષા વગેરે બોલવા કરવાનું અટકી જાય, એ સહજ છે એમ દુષ્ટ વૃત્તિઓ અને બધા કષાયોનો ઉપશમ કરવાથી જ પાપના સીમાડા ઓળંગી જવાય. બાકી મૂળ કાયમ રાખ્યુ અને ઉપરથી ડાળપાંખળા કાપી નાખ્યા, તેથી શું વળે? જેમ રોગની ચિકિત્સામા એનો મૂળભૂત દોષ હટાવાય છે, એમ પાપ–દુષ્કૃત્યોના નિવારણમા મૂળ કારણભૂત કુવૃત્તિ શોધી કાઢી એને હટાવવાનો પ્રયત્ન થવો જોઈએ, તોજ સંગીન ઉન્નતિ થતી આવે આત્મામાંથી દુષ્ટ ભાવો હટવા પર ઊંચા ગુણસ્થાનકે ચડાય છે.

અહીં દોષનો તિરસ્કાર અને સ્વાત્માની દુગંછા કરવા અંગે,

● **'અઇમુત્તા મુનિ'** નો સુંદર પ્રસંગ છે કે એમણે બાલચેષ્ટામાં તળાવડામાં પાતરૂં તરાવ્યું, પરંતુ સ્થવિર મુનિઓએ એમને સાવધાન કર્યા કે તરત એમને થયું કે 'અરે! વહાલા પ્રભુએ તો મને પાપથી ઉગારી ચારિત્ર આપવાનો મહાન ઉપકાર કર્યો, અને મેં દુષ્ટે પાછું પાપ કર્યું? કેવો અધમ હું? કેવું આ અસંખ્ય જીવોની વિરાધનાનું દુષ્ટ પાપ!' ત્યારે 'આ અઇમુત્તાને હજી કેટલા ભવ?' એમ અવગણતા મુનિઓને પ્રભુએ સાવધાન કર્યા કે 'આ તો ચરમ–શરીરી છે. અહીંથી મોક્ષે જશે. એમની કિંમત ઓછી ન ગણો.' ત્યાં હવે મુનિઓ સ્વદોષની ગર્હા–દુગંછા કરે છે. કેવું ધન્ય શાસન!

સ્વચ્છંદ વૃત્તિનો ત્યાગ અને નમ્રતા ● **કુમારપાળના જીવે** પૂર્વભવે કરી. રાજકુમાર છતાં દુષ્ટ વ્યસનોથી એ દેશનિકાલ

(સૂત્ર૦–) होउ मे पेसा सम्मं गरिहा। होउ मे अकरण-निअमो। वहुमयं मम एयं ति इच्छामि अणुसट्ठिं अरहंताणं भगवंताणं गुरूण कल्लाणमित्ताणं ति ॥

**અર્થ** :–આ મારે સમ્યગ્ ગર્હા હો. મારે (ફરીથી આ દુષ્કૃત્ય) ન કરવાનો નિયમ હો, અને મને આ બહુ માન્ય છે એટલા માટે હું અરિહંત ભગવાન અને કલ્યાણમિત્ર ગુરુદેવોની હિતશિક્ષા ઈચ્છું છું.

---

થયેલ, તેથી જંગલમાંથી એ લૂંટારો બનેલો અભિમાન અને સ્વચ્છંદપણામા ઘોર કૃત્યો કરતો હતો, પરંતુ મુનિના સંપર્કે દુષ્કૃત્યગર્હામા ચડ્યો, નમ્ર બની ગયો, સ્વચ્છંદતા વિસારી ગુરુભક્ત અને અર્હદ્ભક્ત બની ગયો, તે મરીને એ રાજા કુમારપાળ થયો, પરમાર્હત ગુરુભક્ત અને અર્હદ્ભક્ત બન્યો.

**વિવેચન** :–'મિચ્છા મિ દુક્કડં'ના એ આતરિક ભાવો સાથે ગર્હા કરતા એમ ભાવના ભાવે કે આ પ્રકારે મારી સમ્યક્ એટલે કે વિધિસર અને ભાવથી દુષ્કૃત્ય ગર્હા હો, પણ માત્ર શાબ્દિક નહિ હાર્દિક ગર્હા એવી હો કે જેથી તે દુષ્કૃત્યની લેશમાત્ર પણ સુંદરતા યા કર્તવ્યતા હવે મને ન ભાસે સાથે જેમ એક વખત રાગદ્વેષની ગાઠ ભેદી કે પછી ફરીથી કર્મની ઉત્કૃષ્ટી કાળ–સ્થિતિ કદી બંધાતી નથી, તેવી રીતે હૃદયમાં ફરીથી તે દુષ્કૃતના બંધ હવે ન રહે એવો તેના અકરણનો નિયમ હો. ટીકામાં 'ઈતિ સામર્થ્યમ્' એમ લખ્યું છે, તેનો અર્થ 'એ અર્થાપત્તિથી ગમ્ય છે' એવો થાય. એટલે કે દુષ્કૃત્યની ગર્હાનું પ્રકરણ છે, માટે અકરણ નિયમ દુષ્કૃત અંગેનો સમજવો, એટલે કે 'દુષ્કૃત ન કરવાનો ભાવ હો,' એમ અર્થાપત્તિથી સમજાય છે.

सूत्र–होउ मे अेअेहिं संजोगो, होउ मे एसा सुपत्थणा।
होउ मे ईत्थ बहुमाणो, होउ मे इओ मुक्खबीअं ति॥

ઉપરના બે, એટલે કે (૧) પૂર્વના દુષ્કૃતની ગર્હા અને (૨) ભવિષ્યના દુષ્કૃતનો અકરણ નિયમ–આ બે, અથવા (૧) ચતુઃશરણગમન અને (૨) દુષ્કૃતગર્હા–આ બે, મન બહુ જ રુચે છે. એટલા માટે હું ત્રિલોકનાથ શ્રી અરિહંત ભગવાનનુ અને કલ્યાણમિત્ર ગુરુદેવોનું મારા પર નિયમન અને હિતશિક્ષાને ઈચ્છું છું. કેમકે એમની દોરવણી અને હિતશિક્ષા એ, ચાર શરણના સ્વીકારનો તથા દુષ્કૃત–ગર્હાનો ઉપર કહેલો જે વિસ્તાર તેની સાધનામાં બીજભૂત છે. અહીં ગુરુ સાક્ષાત્ ઉપકારી છતાં પહેલાં દેવની અને પછી ગુરુની હિતશિક્ષા કેમ ઈચ્છી? એનું કારણ એ કે તત્ત્વને અંગીકાર કરનાર આત્માઓએ મૂળ ઉપદેશક અને અધિક ગુણી પરમાત્મા તરફ પહેલાં પ્રવર્તવું એ ઉચિત છે. વળી દુષ્કૃતગર્હા ઉપરાંત અનુશાસ્તિ જ કેમ ઈચ્છી? કહો એટલા માટે કે **તત્ત્વાનુસારી માણસે અધિક ગુણો માટે અને અધિક ગુણી તરફ ઝૂકતા વલણ માટે પ્રયત્ન કરવો જોઈએ.** આ કરાય તો જ તત્ત્વ સ્વીકાર્યું એ સાચું ગણાય. આ એક પ્રણિધિ (કર્તવ્ય નિશ્ચય) છે, કે 'હું અરિહંત પ્રભુની અને ગુરુની અનુશાસ્તિ ઇચ્છું છું.'

વળી પ્રણિધાન એ છે કે—'હોઉ મે એએહિં....'

**અર્થ-વિવેચન:** 'એ ત્રિલોકનાથ શ્રી અરિહંતદેવો અને કલ્યાણમિત્ર સદ્ગુરુઓનો મને ઉચિત સમ્યગ્ (ભક્તિ બહુમાન સહિતનો) નિશ્ચયવાળો સમાગમ હો; શાસક–શિષ્ય–ભાવનો સ્વામિસેવક–ભાવનો, અને કલ્યાણદાતા–કલ્યાણઅર્થિભાવનો યોગ હો, એમના પ્રત્યે સમર્પિત ભાવવાળો સમાગમ મને પ્રાપ્ત થાઓ.

અહીં ધ્યાનમાં રાખવાનું એ છે કે એમની હિતશિક્ષા અને સમાગમનાં આ બે પ્રણિધાન કેવળ કોરી પ્રાર્થના કરવાનું નથી સૂચવતા, કિંતુ 'હું આ બેને પ્રાપ્ત કરવા માટે પ્રયત્નશીલ થાઉં', એવો હૃદયનો દૃઢ નિર્ણય કરવાનું સૂચવે છે. માટે પ્રાર્થના સાથે એવો નિર્ણય પણ કરવાનો.

અરિહંતાદિનો સમાગમ પણ માત્ર સ્વબળે જ નથી મળવાનો, પણ દેવાધિદેવ અને સદ્ગુરુની કૃપાથી થવાનો છે. માટે એમની આગળ એની પ્રાપ્તિની ય દિલભરી ઉત્તમ પ્રાર્થના હો. 'પ્રભુ! તમારો સંયોગ મને સતત થાય,' એવું પ્રાર્થવાનું જીવંત હો. **અહો! પરમ પુરુષને કરાતી આવી ઉત્તમ વસ્તુની પ્રાર્થનામાત્ર પણ જગતમાં કેવી અલભ્ય, અણમોલ અને અનંત ઉપકારક વસ્તુ છે!**

વળી 'એના ઉપર મને બહુ જ સદ્ભાવ અને માન હો, જેથી જીવનમાં હૃદયના અત્યંત ઉલ્લાસ સાથે આ પ્રાર્થના વારંવાર હું કરૂં. આવી રીતે પ્રાર્થના વારંવાર કરવાથી મને મોક્ષનું બીજ પ્રાપ્ત થાઓ,' આ પણ પ્રાર્થવાનું છે **પ્રાર્થના આત્માને નમ્ર બનાવે છે, જેની આગળ પ્રાર્થના કરાય છે એના તરફ વિશેષ નિકટભાવ અને ઝુકાવટ કરાવે છે, અને શુભ અધ્યવસાયને જગાડી દીર્ઘકાળ સુધી જીવંત રખાવે છે, તથા જીવને સુસંસ્કારથી સમૃદ્ધ કરે છે!** એથી મિથ્યાત્વાદિ કર્મ નાશ પામે છે, અને મોક્ષબીજ પ્રાપ્ત થાય છે. મોક્ષબીજ સુવર્ણના કળશની જેમ અનુબંધવાળું 'શુભ કર્મ' છે. અનુબંધ એટલે શુભની પરંપરા. જેમ સોનાનો કળશ ભાંગી જવા છતા સોનું કાયમ રહે છે, તેવી રીતે પ્રાર્થનાથી પ્રાપ્ત થયેલું શુભ પુણ્યકર્મ વિપાકે ભલે ભોગવાઈ જવા છતાં, એ શુભાનુબંધી કર્મ હોવાથી નવું શુભ

ઊભું થઈ જાય છે. અર્થાત્ શુભપરંપરા ઊભી રહે છે અહીં સુપ્રાર્થના અને બહુમાનને દુષ્કૃતગર્હા અંગે લઈએ તો આ પ્રણિધાન થાય, દેવ–ગુરુના સંયોગોમાં હૃદયની આ ઝંખના થાય. કે 'હું હૈયાથી પ્રાર્થું છું કે દુષ્કૃતની ગર્હા અને અ–કરણ જીવંત રહો, એના પર મને બહુમાન–આદર હો. મારી આ ઉત્કટ પ્રાર્થના રહ્યા કરો.'

પ્ર૦–વસ્તુ તો મગાય, પરંતુ પ્રાર્થનાની માગણી શા માટે?

ઉ૦–પ્રાર્થના એ બહુ કિંમતી વસ્તુ છે. દિલ માગે છે એટલે કે ઝંખે છે કે નાથ અરિહંત પ્રભુ પાસે આ પ્રાર્થના રહ્યા કરો; કેમકે (૧) એ અરિહંતનાથ અચિંત્ય પ્રભાવવંતા છે, (૨) પ્રાર્થનાથી ઈષ્ટસિદ્ધિ થાય છે; (૩) ધન આદિની પ્રાર્થનાથી શું? દુષ્કૃતગર્હા તથા દેવ–ગુરુસંયોગની પ્રાર્થના એજ ભવ્ય આત્મોન્નતિના સચોટ સાધનની પ્રાર્થના છે; અને (૪) એથી આત્મામા મહાન નિરાશંસભાવ નિસ્પૃહભાવ જાગે છે.

૦શ્રી ઉત્તરાધ્યયનસૂત્ર ટીકામા પ્રસંગ છે એક **ચિતારાની પુત્રીનું.** બુદ્ધિબળ અને વિવેકશક્તિ દેખી રાજાએ એને પટ્ટરાણી બનાવી. બીજી રાણીઓ એના પરની ભારે ઇર્ષ્યાથી રાજાને એની વિરુદ્ધ ભંભેરતાં, એક દિવસ કહે છે કે 'જુઓ તમારી પટ્ટરાણી ઓરડો બંધ કરી અંદર કામણટ્રમણ કરે છે' રાજા ગુપ્ત રીતે બારણાની તરાડમાંથી જુએ છે, તો દેખ્યુ કે પ્રિય રાણી તો ચિતારાની પુત્રી–વખતનાં જૂના કપડાં પહેરીને ગદ્ગદ પ્રાર્થના કરી રહી છે કે 'હે પ્રભુ! સદા મારા હૃદયમા વસજો. હે જીવ! તું આ તારી પૂર્વસ્થિતિ યાદ રાખી કદી અભિમાન ન કરીશ, તારી શોકય બેનો પ્રત્યે બહુ પ્રેમ રાખજે, એમનું સન્માન કરજે.' રાજા ચકિત થઇ બીજી રાણીઓને એ બતાવી ઈર્ષ્યા છોડાવે છે, અને ચિતારાની પુત્રી પર અધિક આદરવાળો બને છે. પ્રાર્થના કેવો ચમત્કાર સર્જે છે!

सूत्र–पत्तेसु एएसु अहं सेवारिहे सिआ, आणारिहे सिआ, पडिवत्तिजुत्ते सिआ, निरइआरपारगे सिआ।

---

દુષ્કૃતગર્હા અને દેવ–ગુરુ–સંયોગ તથા એની પ્રાર્થના એ ત્રણ પર બહુમાન પણ ઇચ્છનીય છે; તે એવું કે એની આગળ જગત કૂચા લાગે, જાતડહાપણ વાહિયાત લાગે.

આ ગર્હા, સંયોગ, પ્રાર્થના અને બહુમાન એ મોક્ષબીજનો સાધક સુદૃઢ શુભાનુબંધ ઊભો કરી આપે છે તેથી જેમ સોનાનો કળશ તૂટી ગયા પછી પણ સોનું ઊભું રહે છે, એમ અહીં મૃત્યુ થઈ એ ગર્હાદિ ચારનો અંત થવા છતા એનો સાર–સત્ત્વ–અર્ક ઊભો રહે છે, અને એથી ભવાંતરે શુભ–પરંપરા ચાલુ રહે છે. ❁ **ગુણ–સેન રાજાને** પોતાના વડે અગ્નિશર્મા તાપસના પારણા અજાણે પણ ચૂકાવ્યાં તે અનુચિત થયુ લાગ્યુ, અને એથી અંતે અગ્નિમય રેતીના ઉપસર્ગમાં એના પ્રત્યે વિશેષ ક્ષમાપના કરે છે, તથા દેવ–ગુરુસહિત જૈન ધર્મના પ્રાપ્ત સંયોગને અતિ દુર્લભ ગણી એના પર ઓવારી જાય છે, તો એથી એવો શુભાનુબંધ ઊભો થયો કે પછીના ભવોમાં એ ઉત્તરોત્તર આગળ વધતાં અંતે એ સમરાદિત્ય કેવળી ભગવાન થયા. આમ પ્રાર્થના, બહુમાન, ગર્હા આદિ એ મોક્ષ પર્યંત ઉપયોગી થાય એવી શુભ સંસ્કારની અને શુભ કર્મની પરંપરાને અખંડિત રાખે છે. પ્રાર્થનાથી આવી પરંપરાને આપનારૂં શુભ કર્મ મને પ્રાપ્ત થાઓ.

આ અરિહંતાદિનો સંયોગ સેવાથી સફળ છે અર્થાત્ સંયોગ મળ્યા પછી અરિહંતની સેવા કરીએ તો સંયોગ સાર્થક થયો ગણાય. એમની સેવા સતત કરવી એ માનવ–જીવનની લ્હાણુ છે. બીજાની સેવાથી જીવે સુખને બદલે દુઃખ દીઠાં છે. આમની સેવાથી શાશ્વત સુખ લાધે છે. તેથીજ,

**અર્થ-વિવેચનઃ-** 'હું ઈચ્છું છું કે તારક દેવાધિદેવ અને સદ્ગુરુઓ મને પ્રાપ્ત થયા છે તો હું એમની સેવા-ઉપાસના કરવાને યોગ્ય થાઉં, લાયક થાઉં.' ઉત્તમ પુરુષોની સેવા સારી રીતિએ કરવાનું યોગ્ય આત્માઓ જ કરી શકે. વળી યોગ્ય બનીને કરાતી સેવા સેવ્યની આજ્ઞાના પાત્ર બનાવે છે. માટે 'એમની કલ્યાણકારી આજ્ઞા ઝીલવાને હું પાત્ર બનું.' **જિનની આજ્ઞાનું પાલન તો શિવસુંદરીને સંકેત છે.** 'એની પ્રતિપત્તિવાળો થાઉં, સ્વીકાર, ભક્તિ, બહુમાન અને સમર્પિતતાવાળો થાઉં'; જેથી એમની આજ્ઞાને અતિચાર-રહિતપણે સંપૂર્ણ પાળી આજ્ઞાને પાર પામનારો થાઉં; અર્થાત્ નિરતિચાર આજ્ઞાપાલનની પરાકાષ્ઠાએ હું પહોંચું. એ માટે આ મારી બહુમાનવાળી પ્રાર્થના છે'

સેવા-ભક્તિ વિના આજ્ઞાની લાયકાત ન મળે; અને આજ્ઞા ઝીલવાની સમ્યગ્ આત્મ-દશા વિના આજ્ઞાનો સાચો સ્વીકાર અને સમર્પિતપણું થવું અશક્ય છે. તેમ સ્વીકાર સમર્પિતપણા વિના સંપૂર્ણ આજ્ઞાને પાળી લેશપણ સ્ખલના કે દોષ ન લગાડી ભવ પાર ઉતાર-વાનું કાર્ય અશક્ય છે. માટે એ ક્રમ મૂક્યો કે સેવા-ભક્તિની મને લાયકાત મળો, આજ્ઞા ઝીલવાની યોગ્યતા મળો, મને આજ્ઞાનું પાલન મળો, ને હું આજ્ઞાપાલનને, દોષ લગાડ્યા વિના, અખંડ ચલાવી પરકાષ્ઠાની આજ્ઞાનાં પાલન સુધી પહોંચું.'

અહીં સૂચવ્યું કે દેવ-ગુરુ-સંયોગ મળવા પર પહેલું કર્તવ્ય 'લાયક બની એમની સેવા કરવાનું છે.' ● શય્યંભવ, ભદ્રબાહુ, હરિભદ્ર, વગેરે બ્રાહ્મણો ચારિત્ર લઈને પહેલાં દેવ-ગુરુની સેવામાં લાગી ગયા, તો જિનાજ્ઞા-જિનવચનને યોગ્ય બની એને ઝીલતા પ્રભાવક આચાર્ય થયા. ● વરાહમિહિર, કુલવાલક, બાલચંદ્ર વગેરે એ ભૂલ્યા તો સંસારે રુલ્યા. માટે લાયક બની સેવા કરવી.

सूत्र–संविग्गो जहासत्तीए सेवेमि सुकडं, अणुमोएमि सव्वेसिं अरहंताणं अणुट्ठाणं, सव्वेसिं सिद्धाणं सिद्धभावं।

---

## ૩. સુકૃત–આસેવન

પ્રાસંગિક વસ્તુ સાથે દુષ્કૃતગર્હાને વર્ણવી. હવે પાપ–પ્રતિઘાત અને ગુણ–બીજાધાનનો ત્રીજો ઉપાય સુકૃત–આસેવન વર્ણવે છે.

**અર્થ અને વિવેચન:–** સંવિગ્ન બનેલો હું યથાશક્તિ સુકૃતને સેવું છું. 'સંવિગ્ન' એટલે સંવેગવાળો, એટલે કે મોક્ષ અને મોક્ષમાર્ગનો અર્થી. 'સેવું છું" ઉપરાંત અનુમોદું છું શું? સર્વે અરિહંત પરમાત્માનાં ધર્મદેશના વગેરે ઉત્તમ અનુષ્ઠાનો, અને સર્વ સિદ્ધોની સિદ્ધ દશા આગળ, કરણ–કરાવણ અને અનુમોદનને સમાન ફળ આપનારા કહેવાના છે. તો અહીં સૂત્રકારે ઉચ્ચ અનુષ્ઠાનોને અનુમોદવાનો જાણે સ્વયં કરવા સમાન કેવો મહાન લાભ બતાવ્યો! ત્રિકાળના અનંત જિનેશ્વર દેવોનાં અનંત દુષ્કર અનુષ્ઠાન આપણે આચરવાનું તો શું ગજું? પણ એ અનુષ્ઠાનોની અનુમોદના દ્વારા એ અનુષ્ઠાનોને કરવા જેટલો લાભ થાય!

અરિહંતનાં અનુષ્ઠાનો કયા? આ; – શ્રેષ્ઠ અપ્રમત્ત સંયમ, ઉગ્રવિહાર, ઘોર તપ, પ્રચંડ પરિસહજય, ભયંકર ઉપસર્ગોમાં લોકોત્તર સહિષ્ણુતાથી દૃઢ હૃદયે ધ્યાન, ક્રૂર કર્મથી નિર્દયપણે પીડાતા જગતને તારક ધર્મનો ઉપદેશ, ભવ્ય જીવોને ચિંતા–મણિથી ય અધિક શ્રુત-સમ્યકત્વ-દેશવિરતિ અને સર્વવિરતિનું દાન, સંયમ-પ્રેરણા....વગેરે વગેરે આવા એક એક અરિહંત પ્રભુનાં કેટલાએ સર્વસુંદર અનુષ્ઠાનો (ક્રિયાઓ)! ધન્ય જીવન;

ધન્ય પ્રવૃત્તિ! એવા અનંત જિનેશ્વર દેવોના અનંત અનુષ્ઠાનોની હું પુલકિત હૃદયે અનુમોદના કરૂં છું. 'અહો! કેવી એમની લોકોત્તર કાર્યવાહી! અહો મારા જેવા દીન દુઃખી જગતના ભવ્યજીવોને કેવાં અતિ ઉપકારક એ અનંત અરિહંત પ્રભુના અનંત ઉત્તમોત્તમ સુંદર અનુષ્ઠાનો! અરે એમાંના એકાદ પણ અનુષ્ઠાનને આચરવા હું સમર્થ નથી, છતા અહોભાગ્ય મારા કે મને એ ઉત્તમોત્તમ અનુષ્ઠાન જાણવા-સમજવા મળ્યા! એની પ્રમોદ ભાવના મળી! મને એની અનુમોદના કરવાનું મળ્યુ!'

અહીં સમજવાનુ છે કે 'કરણ, કરાવણ અને અનુમોદન, સરિખાં ફળ નિપજાયો રે' એ કથનના અનુસારે ધર્મ-સાધનાના એ ત્રણ રસ્તા. એમાં આ ત્રીજા ઉપાય તરીકે બતાવેલ અનુમોદના ૪ વિશેષતાથી યાને (૧) ભાવપૂર્ણ હૃદયે, (૨) આત્માને ગળગળો કરીને, (૩) સંભ્રમ (અપૂર્વ હર્ષ) અને બહુમાન સહિત, અને (૪) તે અનુષ્ઠાનો જીવનમાં ઉતારવાના મનોરથ સાથે જો થાય, તો તેવી અનુમોદનાથી અનુષ્ઠાન સાક્ષાત્ આચર્યા સરખો લાભ કેમ ન થાય? **અનુમોદન એટલે અનુસરનારું મોદન (આનંદ)**, અનુષ્ઠાનને અનુસરનારો આનંદ. એટલે કે સંયમ-તપ તિતિક્ષા ધર્મોપદેશાદિઅનુષ્ઠાનનાપ્રતિપક્ષી (વિરૂદ્ધ) જે તત્ત્વો અસંયમ, સુખશીલતા, કષાયો, પાપોપદેશ વગેરે; તેના ઉપરથી ખસીને તેઅનુષ્ઠાનોઉપર [1]આકર્ષિત અને [2]અભિલાષુકપણે મુગ્ધ થનાર હૃદયનો નિર્મળ અને પ્રેરક આનંદ. [1] **આકર્ષણ** એટલે 'અહો! આ કેવાં ઉત્તમ અને આદરણીય!' એવો ભાવ. [2] **અભિલાષિપણું** એટલે 'આ મને ક્યારે મળે!' એવી કામના

હવે બીજા નંબરમાં સર્વ સિદ્ધ ભગવાનનું સિદ્ધપણું, એટલે કે અવ્યાબાધ (અક્ષય નિરુપદ્રવ) સ્થિતિ, અનંત શાશ્વત

सूत्र-सव्वेसिं आयरियाणं आयारं, सव्वेसिं उवज्झायाणं सुत्तप्पयाणं, सव्वेसिं साहूणं साहुकिरिअं,

---

સુખ, અરૂપિપણું, સ્ફટિકવત્ નિષ્કલંક શુદ્ધ સ્વરૂપ, અનંત જ્ઞાન-દર્શન, વગેરેને અનુમોદું છું અહો! અમારી અધમ એવી વારંવાર જન્મવા-મરવાની, રોગ-શોક-પોકની, કામ-ક્રોધ-લોભની, હિંસાદિ પાપોની તથા મહા અજ્ઞાન અને મહા મોહની ઉપદ્રવમય ગલીચ અવસ્થા ક્યાં? ને સામે આ સિદ્ધ આત્માની કેવી ઉત્તમ અદ્ભૂત અગમ અવસ્થા!

**અર્થ-વિવેચન :**-વળી ત્રિકાળના સર્વે આચાર્ય ભગવંતોનું જ્ઞાનાચાર, દર્શનાચાર, ચારિત્રાચાર, તપાચાર, અને વીર્યાચાર,-એ આચારોનું પાલન, ભવ્ય જીવોને એનુ દાન, અને એમા પ્રવર્તન, તથા શાસન-પ્રભાવનાદિ, એ સૌની હું ભૂરિ ભૂરિ અનુમોદના કરૂં છું જગતના પ્રાણીઓના હિંસક અને મોહભર્યા, વિવેકશૂન્ય ને દથીર, કષ્ટદાયી અને અધઃપાતકારી પાપ-આચારો ક્યાં? ને ક્યા વિવેકી અને ભાવદયાભર્યા, ઉન્નતિકારી, કંચનસમા આ જ્ઞાનાચાર આદિ ઉત્તમ આચારો! ક્યાં પાપા-ચારોનું પાલન અને પ્રચાર? અને ક્યા પવિત્ર આચારોનું પાલન અને પ્રચાર? ● **આચાર્ય કેશી ગણધરે** નાસ્તિક પ્રદેશી રાજાને, ને ● **થાવચ્ચાપુત્ર આચાર્યે** મિથ્યાદષ્ટિ સુદર્શન શ્રેષ્ઠીને મહા આસ્તિક સમકિતી શ્રાવક કર્યો!

એવી રીતે સર્વ ઉપાધ્યાયજી મહારાજ જે ભાવિક સુમુક્ષુ શિષ્ય વર્ગને યોગ્યતા-અનુસારે જિનાગમના મંત્ર-સરખા મંગળમય સૂત્રોનુ સમ્યગ્ વિધિએ દાન કરે છે, એ સૂત્રદાન અને સૂત્રપરંપરા-રક્ષણને અનુમોદું છું 'કેવી એ મહાપુરુષોની

સુંદર ભાવાનુકંપા! જેના યોગે અનંતકાળમાં એ શિષ્ય-વર્ગને કોઈથી ઉપકાર ન થયો હોય તેવો અતિ મહાન ઉપકાર થયો! તેમજ સૂત્રની આ રીતે ભૂતકાળથી ચાલી આવતી કલ્યાણ પરંપરા અખંડ રહી ભવિષ્ય માટે ચાલશે!'

તેવી રીતે 'સર્વ ત્યાગી સાધુ મહાત્માઓના સમ્યક્ સ્વાધ્યાય, અહિંસા-સંયમ અને તપ, વિનય-ભક્તિ અને વૈયાવચ્ચ, ઉપશમ-શુભધ્યાન અને મૈત્રી કરુણા આદિ શુભ ભાવો; તથા મહાવ્રતો અને એની સુંદર ભાવના, ઘોર પરીસહ અને ઉપસર્ગમાંય અડગ ધીરતા, સાથે અન્ય ભવ્ય જીવોને રત્નત્રયીની સાધનામાં સહાય,....ઈત્યાદિ સાધુ ભગવંતોના ઉત્તમ અનુષ્ઠાનોની હું ભારે અનુમોદના કરૂં છું. કેવી અલૌકિક જીવનચર્યા! કેવો નિર્દોષ, સ્વપર-હિતકારી કલ્યાણાનુબંધી, વિશ્વવત્સલ વ્યવહાર! કેવી આત્માની પવિત્ર પ્રવૃત્તિ! કેવો પ્રબલ પુરુષાર્થ! અહો! જે ભાગ્યવાન આત્માઓને આવું સુંદર જીવન પ્રાપ્ત થાય છે, તેમના પુણ્યની અને તેમના આત્માની બલિહારી છે! તેમને કરોડો વાર ધન્ય છે! ભવસાગરને તે લગભગ તરી જવા આવ્યા છે.'

દિલની એ અનુષ્ઠાનો પર પાકી શ્રદ્ધા, આકર્ષણભાવ, નિધાનપ્રાપ્તિ જેવો હર્ષ-સંભ્રમ, ઈત્યાદિથી અનુમોદના કર્યે જવાય, જીવનમાં એ જ સાર, એ જ કર્તવ્ય, એ જ શોભાસ્પદ લાગે, તો એમાં સ્વયં પુરુષાર્થને યોગ્ય કર્મક્ષયોપશમ થતો આવે. ઋષભદેવ પ્રભુનો જીવ પૂર્વે વજ્રસેન ચક્રવર્તીના ભવમાં પિતા તીર્થંકરને પામી એ સુકૃતાનુમોદના કરતો રહ્યો, તો મોહનીય વીર્યાંતરાય વગેરે કર્મોને દબાવતાં દબાવતા એનો ક્ષયોપશમ કરીને એ ચક્રવર્તીપણું છોડી મુનિ બન્યા, યાવત્ ઠેઠ

सूत्र–सव्वेसिं सावगाणं मुक्खसाहणजोगे, सव्वेसिं देवाणं, सव्वेसिं जीवाणं, होउकामाणं कल्लाणासयाणं मग्गसाहणजोगे।

**અર્થ :**– સર્વ શ્રાવકોના મોક્ષ–સાધનભૂત યોગોની, તથા સર્વ મુમુક્ષુ અને કલ્યાણ આશયવાળા દેવો તથા જીવોના મોક્ષમાર્ગનાં સાધનભૂત યોગોની (અનુમોદના કરૂં છું.)

---

૧૪ પૂર્વધર મહા તપસ્વી અને અનેક લબ્ધિથી સંપન્ન આચાર્ય બની તીર્થંકર નામકર્મ ઉપાર્જીને અનુત્તર વિમાનમાં દેવ થયા. પાકી શ્રદ્ધા, આકર્ષણ, અને સંભ્રમ, એ સાધનાને તેજસ્વી બનાવે છે.

**વિવેચન :**–'સર્વ શ્રાવકોથી કરાતી દેવગુરુઓની વૈયાવચ્ચ, તત્વશ્રવણ, ધર્મરાગ, પ્રભુભક્તિ, સાધુસેવા, દાન, વ્રત–નિયમો, તપસ્યા, સામાયિકાદિ, સ્વાધ્યાય વગેરે એ સાક્ષાત્ કે પરંપરાએ મોક્ષના સાધનભૂત છે; એવાં જ્ઞાન, દર્શન, ચારિત્રના વ્યાપારોને હું અનુમોદું છું.' **મોહનો અધિકાર આત્મા પરથી ઊઠી ગયા પછી આવા અધ્યાત્મયોગના અનુષ્ઠાન જીવને પ્રાપ્ત થાય છે.** એ આત્માના અદ્ભુત વિકસિત ગુણોની અવસ્થા સૂચવે છે. આ અવસ્થા દોષભરેલા આ વિશાળ જગતમાં અતિ દુર્લભ અને મહા પવિત્ર હોઈ, જ્યાં ક્વચિત્ દેખાતી હોય ત્યાં ખૂબજ અનુમોદનીય છે. આટલુંજ નહિ પણ 'સર્વ દેવો, સર્વ જીવો જે મુમુક્ષુ છે, મુક્તિની નિકટ છે, એટલે કે જે ચરમ પુદ્‌ગલ પરાવર્તમાં આવેલા અને વિશુદ્ધ આશયવાળા છે, નિર્મળ ભાવવાળા છે, એમના માર્ગસાધન યોગોને હું અનુમોદું છું' 'માર્ગસાધન' એટલે મોક્ષના માર્ગભૂત જે સમ્યગ્ દર્શન–જ્ઞાન અને સમ્યક્ચારિત્ર, તેના સાધનભૂત યોગો, અર્થાત્ માર્ગાનુસારીની, આદિધાર્મિકની, અપુનર્બંધક જીવની અને યોગની ચાર દૃષ્ટિમાં રહેલા જીવોની

સૂત્ર-होउ मे एसा अणुमोअणा सम्मं विहिपुव्विआ, सम्मं सुद्धासया, सम्मं पडिवत्तिरूआ सम्मं निरइआरा, परमगुणजुत्त अरहंताइ-सामत्थओ।

---

મધ્યસ્થભાવે દુરાગ્રહ વિના આચરાતી કુશળ પ્રવૃત્તિઓ; દેવ-દર્શન-વ્રતસેવન આદિ યોગોની પૂર્વસેવા; તથા ન્યાયસંપન્નતાદિ માર્ગાનુસારી ગુણો; કે જે સમ્યગદર્શનાદિ મોક્ષ માર્ગને સધાવી આપવામાં અનુકૂળ બને છે તે. મિથ્યાદૃષ્ટિને પણ મિથ્યાત્વ છતાં આ ગુણોની અપેક્ષાએ પ્રારંભિક પહેલું 'ગુણસ્થાનક' કહ્યું છે, અને તે સાન્વર્થ છે, અર્થયુક્ત છે. તેથી પરંપરાએ પણ મોક્ષસાધક આ ગુણો (કુશળ વ્યાપારો-શુભ પ્રવૃત્તિઓ) અનુમોદનીય છે. અહીં સમજવાનું છે કે **મોક્ષમાર્ગોપયોગિતાની અને જિનવચનથી અવિરોધની દૃષ્ટિએ માત્ર આ ગુણો જ અનુમોદનીય છે; પણ તેથી મિથ્યાત્વી અનુમોદનીય નથી. એની પ્રશંસા નથી કરવાની.** 'અન્યમા પણ દયાદિક ગુણો, જે જિનવચન અનુસાર રે; તે ગુણ તાસ અનુમોદીએ, સમકિતબીજ નિરધાર રે.'

હવે અભિનિવેશ રહિત થઈને, એટલે કે મનમાની કે દુરાગ્રહભરી અતાત્ત્વિક કલ્પનાઓને તજીને પ્રણિધાનની શુદ્ધિ કરવામાં આવે છે **પ્રણિધાન એટલે કર્તવ્યના નિર્ણય અને અભિલાષ, તથા વિશુદ્ધ ભાવનાના બળવાળી, યથાશક્તિ ક્રિયાવાળી અને તેમાં સમર્પિત થયેલ મનની એકાગ્રતા.** તેની શુદ્ધિ આ રીતેઃ-

**અર્થ-વિવેચન :**-'હોઉ મે એસા ...'

શ્રેષ્ઠ લોકોત્તર ગુણોથી યુક્ત શ્રી અરિહંતદેવ, સિદ્ધભગવાન આદિના સામર્થ્યથી, એમના શક્તિપ્રભાવથી ઉપર કહેલી મારી અનુમોદના, (૧) આગમને અનુસારે સમ્યક્વિધિવાળી હો એવું

હું ઈચ્છું છું. વળી (૨) તે અનુમોદના તીવ્ર મિથ્યાત્વકર્મના વિનાશથી સમ્યક્ એટલે શુદ્ધ આશયવાળી હો, અર્થાત્ પૌદ્ગલિક આશંસા રહિત અને દંભ વિનાની તથા વિશુદ્ધ ભાવનાવાળી હો. વળી (૩) તે સમ્યક્ સ્વીકારવાળી હો, એટલે કે તે ક્રિયામાં ઊતરો. તે પણ સારી રીતે પાળવાથી (૪) અતિચાર (સ્ખલના) વિનાની હો. અનુમોદનાને પાપપ્રતિઘાત અને ગુણબીજાધાનની સાધક બનાવવા માટે અનુમોદનાનો આ કેવો સુંદર અને સચોટ પ્રવૃત્તિક્રમ બતાવ્યો!

**ઉન્નતિકારક સાધનાના અંગો :–**

અનુમોદના શું, કે કોઈ પણ સામાયિકાદિ ધર્માનુષ્ઠાન, ક્ષમાદિ ગુણ, યા દાનાદિ સુકૃત શું, એની સાધના કરવા માટેની પ્રવૃત્તિના આ વ્યવસ્થિત અંગો છે·–

(૧) શાસ્ત્રોક્ત વિધિનું પાલન; અર્થાત્ શાસ્ત્ર યાને જ્ઞાનીનાં વચન પ્રત્યે જ્વલંત સાપેક્ષભાવ કે, 'મારે એ રીતે એ મુજબ જ સાધના કરવાની, શાસ્ત્રવચનની જરાય ઉપેક્ષા કરીને નહિ'

(૨) વિશુદ્ધ અધ્યવસાય, અર્થાત્ દિલમા નિર્મળ પવિત્ર ભાવ–ભાવના–વિચારસરણી. તથા

(૩) યથાશક્તિ સમ્યક્ ક્રિયા; એટલે કે જેની સાધના કરવી છે તેના અંગે સારી પ્રવૃત્તિ દા. ત. સમભાવની સાધના માટે વિધિસર સામાયિકના અનુષ્ઠાનમાં જોડાવું, એની પ્રવૃત્તિ કરવી. તેમજ

(૪) એ પ્રવૃત્તિનું નિરતિચાર પાલન, એટલે કે એમાં જરાય દોષ–ખામી ન લાગવા દેવી

આ ચારેયમાં એકેય ઓછું ન ચાલે; કેમકે, (૧) પહેલું તો વિધિનો આગ્રહ એ જિનવચન પ્રત્યેનો સાપેક્ષભાવ સૂચવે

છે; અને સર્વ-પ્રવૃત્તિમાં જ શું, જીવન આખાને માટે જિનાજ્ઞા તો ડગલે ને પગલે આગળ કરવી જ જોઈએ. 'મારે જિનાજ્ઞા પહેલી,' આ બંધન હોવું જ જોઈએ. 'જિનાજ્ઞાથી જ તરાય' એ ઝળહળતો હૃદયપોકાર જરૂરી છે. નહિતર સ્વચ્છંદ પ્રવૃત્તિ થવાથી અજ્ઞાન ચેષ્ટા થાય; એથી ભવ પાર ન થવાય. (૨) વળી, એ ભાર દિલ પર રાખવા છતાં, સાથે દિલમાં વિષય-લગની, ઈર્ષ્યા, મદ, કઠોરતા, માયા, સ્વાર્થાંધતા, વગેરે કલુષિત ભાવ ન રખાય. નહિતર એ જિનાજ્ઞાનું બળ ઓછું કરી નાખે છે. એમ માનાકાંક્ષા કે અદાવત, તથા સમૃદ્ધિ કે સત્તા ઈત્યાદિની આકાંક્ષા પણ રખાય નહિ. દેવ, ગુરુ અને ક્રિયા પ્રત્યે હૃદયભીની ભક્તિ અને બહુમાન જોઈએ આ માટે ચિત્ત-પરિણામ વિશુદ્ધ, નિર્મળ, પ્રશાંત હોવા જ જોઈએ (૩) ત્યારે આ બંને છતાં પ્રમાદ તો ચાલે જ કેમ? ધર્મપ્રવૃત્તિનો પાકો પુરુષાર્થ જોઈએ. નહિતર પાપનો પુરુષાર્થ ચાલુ રહેવાનો. ત્યા દિલના ભાવ શુષ્ક બની જવાના. ત્યારે અનાદિની આહારાદિની સંજ્ઞાઓ અને કષાય-સંજ્ઞાઓના આહારાદિની પ્રવૃત્તિથી જામેલા કુસંસ્કાર એથી વિરુદ્ધ તપ, દાન, વગેરે ધર્મપ્રવૃત્તિના પુરુષાર્થથી જ ઘસાતા આવે. ખા-ખા આદિની પ્રવૃત્તિથી તો એ પોષાતા જ રહે. એમ, (૪) એ ત્રણે હોવા છતા ધર્મપ્રવૃત્તિ જો ખોડખાંપણવાળી હશે, તો આત્માનું સત્ત્વ હણાશે. જો સત્ત્વ અખંડ, તો શું કામ દોષ લગાડે? ત્યારે પ્રવૃત્તિ દોષ-અતિચાર વિનાની બને તો જ એથી ઉપરની કક્ષાની પ્રવૃત્તિ આવે, ઉપરનાં ગુણસ્થાનકે ચડે, ને ઠેઠ પરાકાષ્ઠાએ વીતરાગતા સુધી પહોંચી શકે. સત્ત્વ વિના એ કશું ન બની શકે.

ઉન્નતિનાં અજોડ સાધન અને એનાં કારણઃ-
તાત્પર્ય, જિનાજ્ઞાનો જાગતો ખપ, નિર્મળ હૃદય,
પ્રબળ પુરુષાર્થ અને સત્ત્વ, એ ચાર ઉન્નતિનાં સાધન
માટે (૧) સમ્યગ્ વિધિનું પાલન, (૨) વિશુદ્ધ અધ્યવસાય,
(૩) યથાશક્તિ સમ્યક્ક્રિયા અને (૪) તેનો અખંડ
નિર્દોષ નિરતિચાર નિર્વાહ,-આ સાચા પ્રવૃત્તિ-અંગો છે.

(૧) જિનાજ્ઞાના બંધનમાં જીવ જિનેશ્વરદેવનું સાચું શરણ પકડે છે. એમને ખરેખર શરણે ગયા એટલે એમને સાચા તારક, રક્ષક, શાસક માન્યા; 'એમણે કહેલ તત્ત્વ જ સાચાં; એમણે કહેલ આરાધનામાર્ગ જ સાચો;'-આ હાર્દિક ભાવ ઊભો કર્યો, તેથી જિનોક્ત તત્ત્વ, માર્ગ અને વિધિ પ્રત્યે ભારે આદર રહે જ. અનાદિના મૂળભૂત દોષ અહંત્વ અને આપમતિને દબાવવા માટે આ અદ્ભુત કામ કરે છે. એટલું ખરું કે 'હું જિનાજ્ઞાને જ પ્રધાન કરું છું' એવું માત્ર કહેવા તરીકે કહેવાનું નહિ, પણ જીવનમાં જીવી બતાવાય, એ જિનાજ્ઞાબંધન છે. માટે સક્રિય જિનાજ્ઞાબંધન જોઈએ.

(૨) સુંદર અધ્યવસાયોથી ભર્યું ભર્યું હૃદય, પવિત્ર ભાવવાહી હૃદય, સતત જાળવવામાં આવે, તો મલિન ભાવો અને હલકા વિચારો ઘણા ઘણા ઓછા થઈ જાય; કુસંસ્કારનો હ્રાસ થતો આવે; સુસંસ્કારનું બળ વધતું જાય. તેથી તો એ સંસ્કારોનો સારો જથ્થો એકત્રિત થતાં આગળ આગળ અતિ ઉચ્ચકોટિના અધ્યવસાયને અવકાશ મળે.

(૩-૪) પુરુષાર્થ અને સત્ત્વનાં વળી બહુ મૂલ્ય તો તીર્થંકર ભગવાને કહેલી ધર્મશાસનની સ્થાપના પરથી સમજી શકાય એમ

છે. જો કાળ, સ્વભાવ, પૂર્વકર્મ કે ભવિતવ્યતાથી જ આત્માનો ઉદ્ધાર થઈ જતો હોય, તો શાસન સ્થાપવાની જરૂર શી ? પરંતુ જીવો મોક્ષમાર્ગની આરાધનામાં પુરુષાર્થ ફોરવે એટલા માટે એ આરાધનાનું શાસન સ્થાપ્યુ. એમાં પંચાચારમાં વળી વીર્યાચાર નામનો જુદો આચાર બતાવ્યો, એય ચારે આચારના પુરુષાર્થમાં વિશેષ સત્ત્વ ફોરવવા માટે; જેથી નિર્દોષ અને સબળ આરાધના થાય.

અહીં ખાસ ધ્યાન રાખવાનું છે કે આ **પ્રાર્થના 'સવિષયા' છે, 'સદ્વિષયા' છે.** સવિષયા એટલે કે આલંબન-ભૂત પ્રાર્થ્ય વ્યક્તિવાળી. એમાં ય આલંબન સત્, અર્થાત્ પ્રાર્થન કોઈ કાલ્પનિક કે અકિંચિત્કર વ્યકિત આગળ નથી કરવામાં આવતી કિંતુ વાસ્તવિક અને સમર્થ પ્રભાવશાળી વિશિષ્ટ કાર્યકર વ્યક્તિ આગળ કરવામાં આવે છે; તેથી પ્રાર્થના નિષ્ફળ જવાનો સંભવ નથી. કેમકે પ્રાર્થ્ય પુરુષની લોકોત્તર ઉત્તમતા એ એમની આગળ પ્રાર્થના કરનારા હૃદયને એવું ભીનું, કુણું, નમ્ર અને ઉદાર બનાવી દે છે, કે તેથી એ હૃદયમાં પ્રાર્થ્યના અનેક ગુણોના આવર્જન (આકર્ષણ) થાય છે. પ્રાર્થ્ય પુરુષના આલંબને જ આ બને છે, એ એમનો વિશિષ્ટ પ્રભાવ છે. તેથી એમની આગળ શુદ્ધ ભાવે કરાતી પ્રાર્થનાનાં પણ મૂલ્ય ઓછાં નથી. પ્રાર્થના **તો પારસ છે, એ જીવને ગુણસુવર્ણનાં જ્વલંત તેજ અર્પે છે, લોઢા જેવા ગુણહીન આત્માને સોના જેવા ગુણ–સંપન્ન બનાવે છે.** અનુમોદના માટેની પ્રાર્થના પણ એવી અનુમોદનાની સુંદર બક્ષીસ કરે છે કે જેના યોગે ક્રમશઃ નિરતિચાર વિશુદ્ધ ચારિત્ર સુધી પહોંચી, જીવ અજર અમર થાય છે. વાહ ! અહિં માનવ ભવમાં કેવી મહામૂલ્યવંતી પ્રાર્થનાની સુલભતા ! વસ્તુની પ્રાર્થના વસ્તુનું ઉત્કટ આકર્ષણ અને અભિ-

લાષા સૂચવે છે; તથા આકર્ષણ સાથેની સાચી અભિલાષા એ બીજ છે, એમાંથી ફળ આવે જ. માટે પ્રાર્થનાથી બીજ રોપો.

નાગકેતુનો જીવ, પૂર્વ ભવે પટેલ, અઠ્ઠમ કરી શક્યો નહોતો; પરંતુ અઠ્ઠમની પ્રાર્થના, ઉત્કટ આકર્ષણ-અભિલાષા એણે કરેલી; તો પછી સાવકી માતાએ એને ઊંઘમાં ઝુંપડી ભેગો બાળી નાખ્યો છતાં એ શુભ ભાવમાં આર્ત્તધ્યાન અને તિર્યંચગતિનો અવતાર ન પામતા પ્રાર્થના-આશંસાના બળે નાગકેતુ તરીકે મનુષ્ય અવતાર પામ્યો! ઉપરાંત જન્મતાં પૂર્વ ભવનું સ્મરણ થતા અઠ્ઠમ-આચરણરૂપી ફળ પામ્યો! અને ક્રમશ એજ ભવનાં અંતે મોક્ષ પામ્યો! પ્રાર્થના પારસમણિ!

**સુકૃતની સાચી અનુમોદના પણ મિથ્યાત્વની મંદતા વિના ન થઈ શકે. મિથ્યાત્વ મંદ કરવા માટે આત્મામાં શુભ અધ્યવસાય અવશ્ય જગાડવા જોઈએ અરિહંત-દેવાદિ ઉપર વિશિષ્ટ સદ્ભાવ જાગે, તો શુભ અધ્યવસાય પ્રગટ થાય.** આમ અરિહંત સિદ્ધ વગેરે તત્ત્વ એવા પ્રભાવ-શાળી છે કે એમના પ્રત્યે હૃદયમાં ધારેલો ગદ્ગદ સદ્ભાવ શુભ અધ્યવસાય જગાડી મિથ્યાત્વને મંદ બનાવી દે છે! અને હૃદયમાં સુકૃતની સાચી અનુમોદના ઉલ્લસિત કરાવે છે! આ તે ભગવંતોના પ્રભાવથી બન્યું, કૃપાથી બન્યું, એમ કહેવાય. દા ત. ધ્રુવતારાના આલંબને સમુદ્રમાં નાવિક સાચી દિશામાં નાવ ચલાવી ઇષ્ટ સ્થાને પહોંચે છે, તો ત્યા નાવિક માને છે કે 'ભલે નાવ ચલાવવામાં બુદ્ધિ અને મહેનત મારી, તથા ઇષ્ટ સ્થાને પહોંચવામાં ભલે સાધન નૌકા, પરંતુ અંધારી રાત જેવા કાળે વિરાટ સમુદ્રમાં સચોટ પ્રવાસ ધ્રુવતારાના પ્રભાવે થાય છે. એ તારાદેવની અમારા પર અનહદ કૃપા!' એમ અહીં ભીષણ ભવસાગરને વિષે ઈન્દ્રિય-વિષયદર્શનોના અને મિથ્યામત-દર્શનોના અંધકારમાં સાચા

सूत्र :-अचिंतसत्तिजुत्ता हि ते भगवंतो, वीअरागा सव्वण्णू परमकल्लाणा परमकल्लाणहेऊ सत्ताणं ॥

**અર્થ** :- ખરેખર તે અરિહંત-સિદ્ધ ભગવાન અચિંત્ય પ્રભાવશાળી છે, વીતરાગ સર્વજ્ઞ છે, પરમ કલ્યાણ સ્વરૂપ છે, જીવોને પરમ કલ્યાણનું કારણ છે.

---

મોક્ષ-રાહે પ્રવાસ થઈ ઇષ્ટ મોક્ષ સ્થાને પહોચાય, તે અરિહંત દેવના આલંબને, એમના પ્રભાવે, એમની કૃપાથી. એ જો ન હોત, તો જીવની બુદ્ધિ અને મહેનત બધી ય સંસારના રાહે જ વેડફાઈ જાત. અનાદિ ભૂતકાળમાં એ આલંબન નથી લેવાયું માટે જ જીવ ભવમાં ભમતો રહ્યો છે.

**વિવેચન :** ખરેખર તે અરિહંતાદિ ભગવંતો (૧) અચિંત્ય શક્તિ-પ્રભાવવાળા છે, વીતરાગ છે, સર્વજ્ઞ છે. અચિંત્ય એટલે અગમ, અમેય, અને અનુપમ. અર્થાત્ એ અર્હત્-શક્તિ ન તો બરાબર ઓળખી (સમજી) શકાય, યા ન કશાથી માપી શકાય, કે ન કોઈ સાથે સરખાવી શકાય. (૨) તેમજ એ પ્રભુ પરમ યાને શ્રેષ્ઠ કલ્યાણ-સ્વરૂપ છે આપણે એમનું દર્શન કર્યું એટલે જાણે શ્રેષ્ઠ કલ્યાણનું દર્શન કર્યું ! કેમકે પ્રગટ પરમજ્ઞાન અને પરમસુખમય એમના આત્માનું સ્વરૂપ એ શ્રેષ્ઠ કલ્યાણ છે. એ સ્વરૂપ આત્માથી અભિન્ન છે. એટલે હવે જે પરમાત્મા પોતે જ અનંત કલ્યાણ-સ્વરૂપ છે, એ પરમાત્માના સાચા દર્શનમાં પરમ કલ્યાણનું જ દર્શન કર્યું ગણાય. આત્મા જાણે સંસારના ત્રિવિધ તાપથી મુકાયો, અને અનંત કલ્યાણના આંગણે પહોચ્યો ! આચાર્યાદિ પરમેષ્ઠી પુરુષો પણ જેમને કેવળજ્ઞાન હોય, તે મુખ્યપણે વીતરાગ સર્વજ્ઞ હોય છે, બીજા મહાવિરાગી અને બહુશ્રુત આચાર્યાદિ મહાપુરુષો બાળ જીવો માટે વીતરાગ સર્વજ્ઞની માફક પરમ આલંબન

सूत्र–मूढे अम्हि पावे, अणाइमोहवासिए, अणभिन्ने भावओ, हिआहिआणं अभिन्ने सिआ, अहिअनिवित्ते सिआ, हिअपवित्ते सिआ, आराहगे सिआ, उचिअपडिवत्तीए सव्वसत्ताणं सहिअंति । इच्छामि सुक्कडं, इच्छामि सुक्कडं, इच्छामि सुक्कडं ।

---

છે, તથા પરમ કલ્યાણ-સ્વરૂપ છે વળી જીવોને તે તે ઉપાયોથી પરમ કલ્યાણ આપવામાં એ આચાર્યાદિ કારણભૂત છે. એ પંચ પરમેષ્ઠીની સાધના અને ઉપાસના કયુ કલ્યાણ નથી અપાવતી? એમનો તારક ઉપદેશ કલ્યાણના અનેક માર્ગો પ્રકાશિત કરે છે. એમનાં દર્શન કલ્યાણના ઉપાયોને જાગ્રત્ કરે છે. એમનુ જ સ્મરણ, એમનું જ વંદન, એમની જ ભક્તિ, એમના જ ગુણોનું ઉત્કીર્તન, એમનું જ આલંબન, એમનું જ શરણ ઈત્યાદિ, એ જીવોને માટે અચિંત્ય મહાકલ્યાણનાં સચોટ સચોટ સાધનો બને છે. માટે એ અચિંત્ય પ્રભાવવંતા છે. તેથી જ 'એ અભય-ચક્ષુ-માર્ગ-શરણ-બોધિ-ધર્મદાતા, એ જ જિન-તીર્ણ-બુદ્ધ-મુક્ત બનાવનારા,' વગેરે એવી સ્તુતિ ગણધર મહારાજ જેવા શ્રેષ્ઠ વિદ્વાનો પણ કરે છે. સુલસાએ શું કર્યું હતું? આ જ કે, એણે પ્રભુ શ્રી મહાવીર પરમાત્માનું શરણ જોરદાર પકડેલું,–'મારે તો એ જ આધાર, એ જ જોવા-વિચારવા-ઠરવા લાયક, બ્રહ્માદિ દેવો ય નહિ અને શબ્દાદિ વિષયો ય નહિ' એમા એણે તીર્થંકર નામકર્મનું ઉત્કૃષ્ટ પુણ્ય ઉપાર્જ્યું!

**અર્થ અને વિવેચન :**–હું આવા વિશિષ્ટ ગુણો અને વિશિષ્ટ ઉપકારોવાળા એ અરિહંતાદિ ભગવંતોને એ રૂપે હજી હૃદયથી નથી સ્વીકારતો, સુકૃતની હૃદયવેધી અભિલાષા નથી કરતો, એ હું મૂઢ છું, અબુઝ-અજ્ઞાન છું. કેમકે હું પાપી જીવ

છું. અજ્ઞાન અને મોહના અનેક પ્રકારના પાપોએ મને ખૂબ જ ઘેરી લીધો છે. મારો સંસાર અનાદિ કાળથી ચાલ્યો આવતો હોવાથી, અનાદિ કાળથી અભ્યસ્ત (બહુ સેવેલા) એવા મોહને લીધે મારા આત્માના પ્રદેશે પ્રદેશ, જેમ લસણની ગંધથી વસ્ત્રના તંતુએ તંતુ વાસિત થાય તેમ, રાગ દ્વેષ અને મૂઢતાથી વાસિત છે. તેના ઘેરા નશાથી ઉન્મત્ત બનેલો હું હે પ્રભો! તત્ત્વનો અનભિજ્ઞ (અજાણ) છું, મારા આત્માના જ વાસ્તવિક હિત અને અહિતના ભાન વિનાનો છું. તેથી એવું મારું શું ગજું કે સુકૃતની વાસ્તવિક અનુમોદના હું કરી શકું? પરંતુ હું અભિલષું છું કે અરિહંત દેવાદિના સાચા શરણ–સ્વીકાર દ્વારા એમના પ્રભાવે હું હિતાહિતનો જાણકાર બનું; અહિતકારી મિથ્યાત્વ, અવિરતિ, કષાય, પ્રમાદ અને અશુભ યોગોની પ્રવૃત્તિથી પાછો હટું, તથા હિતકારી સમ્યગ્દર્શનચારિત્ર–માર્ગે પ્રવર્તમાન થાઉં; પ્રવૃત્તિથી હું મોક્ષમાર્ગનો, મોક્ષમાર્ગના દાતા દેવાધિદેવનો, સદ્‌ગુરુઓનો, જિનાજ્ઞાનો, સુકૃતનો ઇત્યાદિનો આરાધક થાઉં, તથા જગતના સર્વ જીવ પ્રત્યે ઔચિત્યભરી પ્રવૃત્તિવાળો થાઉં. હું આ રીતે સુકૃતને ઇચ્છું છુ. સુકૃતને ઇચ્છું છું, સુકૃતને ઇચ્છું છું.'

આ ત્રણ વારનું કથન કેમ? તો કે એ (૧) મન વચન કાયના ત્રિકરણ યોગે સુકૃત કરવાની ઇચ્છા સૂચવે છે; (૨) ભૂત, વર્તમાન અને ભવિષ્ય–એ ત્રણ કાળના સુકૃતની ઇચ્છાને સૂચવે છે; અને (૩) સુકૃતને એટલે કે અનુમોદનાને પણ કરવા કરાવવા અને અનુમોદવા–એ ત્રણ રૂપે ઇચ્છા હોવાનું સૂચવે છે.

આ સુકૃતનું આસેવન ઉત્તમ ક્રિયા છે બીજા જીવોના સુકૃતની અનુમોદના પણ કેવી મહાફળદાયી છે, તે વિશેષે કરીને રથકાર ગૃહસ્થ, સાધુ બલદેવમુનિ અને તિર્યંચ મૃગના કથા–

સૂત્ર--एवमेअं सम्मं पढमाणस्स सुणमाणस्स अणुप्पेहमाणस्स सिढिलीभवंति परिहायंति खिज्जंति असुहकम्माणुबंधा ।

**અર્થ** :–આ પ્રમાણે આને સમ્યક્ રીતે ભણનારના, સાંભળ- નારના અને એની અનુપ્રેક્ષા કરનારના અશુભ કર્મના અનુબંધ શિથિલ બને છે, હ્રાસ પામતા જાય છે, અને ક્ષીણ થઈ જાય છે.

---

નકમાંથી વિચારવા યોગ્ય છે. રથકાર એ સંયમીની ભક્તિ કરવા દાન દ્વારા સંયમ પળાવી રહ્યો છે, મુનિ એ સંયમ પાળનાર સાધુ છે, અને હરણિયો એ સંયમ તથા દાન સુકૃતની માત્ર અનુમોદના કરે છે એમાં હરણિયો મુનિના સંયમસુકૃતની અને રથકારના દાનસુકૃતની એવી અદ્‌ભુત અનુમોદના કરે છે કે ત્યાંથી એ પણ પેલા એની સાથે પાંચમા બ્રહ્મ દેવલોકમાં ઉત્પન્ન થાય છે. અહીં મૃગની સુકૃતાનુમોદના શાથી એવી ઉત્તમ કે એણે સંયમના અને દાનના ફળ જેવું ફળ અપાવ્યુ? એટલા જ માટે કે એ અનુમોદના સુકૃતના કરવા યા કરાવવાની ચોરીવાળી નહોતી.

**વિવેચન** :–આ સૂત્રને સમ્યગ્ રીતિએ ભણે તો કેવું અપૂર્વ ફળ છે, તે બતાવે છે 'સમ્યગ્ રીતિએ' એટલે કે હૃદયમાં સંવેગનો પ્રકાશ પાથરીને. સંવેગ એટલે પૂર્વે કહેલા (૧) ચાર શરણમાં શ્રી અરિહંતદેવાદિના તે તે વિશેષણોની તેવી તેવી હૃદયસ્પર્શી શ્રદ્ધા અને આદર, (૨) દુષ્કૃત ગર્હામા સંવેગ એટલે હૃદયમાથી દુષ્કૃતના શલ્ય કાઢી, પોતાના દુષ્કૃતકારી આત્માની પ્રત્યે સાચો દુગંછાભાવ, 'કે અહો! હું આવો અધમકારી? મેં કેવું ખોટું કર્યું!' તેમજ (૩) સુકૃત–આસેવનમાં સંવેગ એટલે ક્રિયા પર્યંત આત્માને લઈ જાય તેવી ગુણપ્રમોદવાલી પ્રાર્થના. (૪) સાથે, તે પાળવામા દેવાધિદેવ અને સદગુરુના પરમ સામર્થ્યના પ્રભાવ પર અટલ શ્રદ્ધા એ સંવેગ. વળી (૫) સંવેગ એટલે શરણ વગેરે

सूत्र–निरणुबंधे वाऽसुहकम्मे भग्गसामत्थे सुहपरिणामेणं, कडगबद्धे विअ विसे, अप्पफले सिआ, सुहावणिज्जे सिआ, अपुणभावे सिआ।

---

ત્રણ ઉપાયો અનંતકાળે આ ભવમાં પ્રાપ્ત કરવા બદ્દલ પોતાની જાતને મહાધન્ય માનવાનો ભાવ,....ઇત્યાદિ ઇત્યાદિ સંવેગભાવને મુખ્ય કરીને આ સૂત્ર સ્વયં ભણુનારને તથા બીજા પાસેથી સાંભળનારને, તેમજ સૂત્રના અર્થનું પાછળથી પણ સ્મરણ દ્વારા ચિંતવન (અનુપ્રેક્ષા) કરનારને (૧) અશુભ કર્મોના પૂર્વે બંધાએલા રસ અને અનુબંધ મંદ પડે છે, (૨) તે કર્મોની સ્થિતિ અને દળિયાં પણ ઓછાં થાય છે, તથા (૩) વિશિષ્ટ કોટિના શુભ અધ્યવસાયના સુંદર અભ્યાસ દ્વારા તે અશુભ કર્મોના અનુબંધ નિર્મૂળ પણ નાશ પામી જાય છે. અશુભ કર્મના અનુબંધ એટલે આત્મામાં રહેલા પ્રગટ કે છૂપા તીવ્ર ભાવો(સંકલેશો)ના સંસ્કાર. અથવા તે સંકલેશો જગાડનારા ખાસ ચીકણાં કર્મો. આવા અશુભાનુબંધી કર્મથી સંસાર અવિચ્છિન્ન વહ્યો આવે છે. પણ મહામંત્રસમ, મહાઔષધિ અને શ્રેષ્ઠ રસાયનસમ, તથા પરમ અમૃત સ્વરૂપ પૂર્વોક્ત સૂત્રનું પઠન, શ્રવણ, મનન અને નિદિધ્યાસન (એકાગ્રધ્યાન) આત્મામાં ઊતર્યાથી જે શુભ ભાવ જાગે છે, તેથી એ અશુભ અનુબંધોના ભુક્કા ઊડી જાય છે! પછી આત્મા પર ચાલી આવતા સંસારપ્રવાહને સુકાઈ ગયે જ છૂટકો ને? ● પ્રદેશી રાજા મહા નાસ્તિક અને કઠોર-કર્મી છતાં કેશી ગણધર મહારાજના ઉપદેશથી આ શરણ–સ્વીકારાદિને પ્રાપ્ત કરી એ પરમ આસ્તિક શ્રાવક બન્યો, જિનભક્ત સૂર્યાભદેવ થયો, ક્રમશઃ મોક્ષે જશે.

**અર્થ–વિવેચન :**–આ રીતે આ પંચસૂત્ર દ્વારા હૃદયમાં ઉલ્લસિત થયેલા શુભ અધ્યવસાયોથી અશુભાનુબંધરૂપી ઝેર દૂર થાય છે, તેથી અશુભ કર્મનું હવે વિપાકની પરંપરા ચલાવવાનું

तहा आसगलिज्जंति परिपोसिज्जंति निम्मविज्जंति सुहकम्माणुबंधा । साणुबन्धं च सुहकम्मं पगिट्ठं पगिट्ठभावज्जिअं नियमफलयं सुपउत्ते विअ महागए सुहफले सिआ, सुहपवत्तगे सिआ, परमसुहसाहगे सिआ ।

---

સામર્થ્ય નાશ પામી જાય છે. જેમ મંત્રના સામર્થ્યથી કટકબદ્ધ (સર્પાદિ ડસ્યાના ડંખની નજીક સ્થાનમાં દોરી વગેરેથી બંધાયેલ) વિષ બહુ થોડા ફળવાળું થાય, તેમ ચાર શરણ આદિના શુભ ભાવરૂપી મંત્રથી અહીં બાકીનું અશુભ કર્મરૂપી વિષ પણ અલ્પ ફળવિપાકવાળું બને છે; તેથી સહેલાઈથી અને સંપૂર્ણપણે એ દૂર કરી શકાય એવું થાય છે; તેમજ તેવું બીજું પણ તેવી ઉત્કૃષ્ટ સ્થિતિવાળું, ફરી ન જન્મે તેવું થઈ જાય છે; અને એમ થવાથી પૂર્વકાળમાં જેમ ભોગવ્યુ તેમ હવે ભવિષ્યકાળમાં અશુભ કર્મના મહા કટુ વિપાક ભોગવવાના રહેતા નથી. ચાર શરણાદિ ત્રણ ઉપાયો અને પૂર્વોક્ત પ્રાર્થનાઓથી ઊભા થતા શુભ ભાવનો આ જબરદસ્ત લાભ સમજાય, તો એ રોજ ત્રિકાળ સેવાય.

અહીં એ પ્રમાણે નુકશાનોનું નિવારણ એ ફળ તરીકે કહ્યું. હવે સમ્યગ્ ઉપાયોની સિદ્ધિસ્વરૂપ ફળને કહે છે.

**અર્થ–વિવેચન :**–આ સૂત્ર અને તેના અર્થના પઠન વિગેરેથી શુભ કર્મના અનુબંધો આત્મામાં ભરપૂર એકત્રિત થાય છે; વળી શુભ ભાવની વૃદ્ધિથી તે અનુબંધ પુષ્ટ થાય છે, અને પરાકાષ્ઠાએ પહોંચે છે. અહો ! કેવું મહિમાવંતુ આ પંચસૂત્ર ! ખરેખર, અનુબંધવાળું શુભ કર્મ એમાં રહેલા અત્યંત અનુબંધની અપેક્ષાએ ઉત્કૃષ્ટ (પ્રધાન) કોટિનું હોય છે, તેમજ તીવ્ર 'શુભ' અધ્યવસાયે એ ઉપાર્જેલું હોઈ નિયમા ઉત્તમ ફળને આપે છે. જેમકે' કોઈ એકાંતે કલ્યાણકારી એવા ઉત્તમ ઔષધનો સારી રીતે વિધિસર

सूत्र–अपडिबंधमेअं असुहभावनिरोहेणं सुहभावबीअं ति सुप्पणिहाणं सम्मं पढिअव्वं, सम्मं अणुपेहिअव्वं ति ।

नमो नमिअनमिआणं परमगुरुवीअरागाणं । नमो सेसनमुक्काराहिहाणं । जयउ सव्वण्णुसासणं । परमसंबोहीए सुहिणो भवन्तु जीवा, सुहिणो भवन्तु जीवा, सुहिणो भवन्तु जीवा ।

---

પ્રયોગ થયો હોય તો તે સુંદર ફળ તરીકે આરોગ્ય–તુષ્ટિપુષ્ટિને આપે છે. એમ, શુભ કર્મ અનુબંધવાળું હોઈ, એ વિપાકે નવા તેજસ્વી શુભમાં પ્રવૃત્તિ કરાવે છે, અને એમ પરંપરાએ શુભ ઉત્કૃષ્ટ કોટિનું થતાં એ નિર્વાણના પરમ સુખનું સાધક બને છે. જેમ અનંત સંસાર અશુભાનુબંધ પર થાય, એમ અનંત મોક્ષ શુભાનુબંધની પ્રબળતા પર નીપજે.

આથી જ નિદાનરહિત એટલે કે કોઈપણ જાતના અનાત્મિક યાને જડ સંબંધી રાગ, લોભ કે મમત્વ રાખ્યા વિના, અર્થાત્ આ લોક કે પરલોક સંબંધી પૌદ્ગલિક આશંસા, માનાકાંક્ષા, વગેરે દૂર કરીને, તેમ જ અશુભ અનુબંધોને રોકીને, શુભ ભાવ –ભાવનાઓને પેદા કરવામા આ સૂત્ર બીજ સમાન કામ કરે છે, એટલે કે અસાધારણ નિમિત્ત–કારણ બને છે. માટે (૧) સુંદર પ્રણિધાનથી (યાને વિશુદ્ધ ભાવના, એકાગ્રતા–તન્મયતા અને કર્તવ્ય નિશ્ચય સાથે) અને (૨) સમ્યક્ રીતે એટલે કે ચિત્તને પ્રશાંત કરીને આ સૂત્રને ભણવું ગણવું જોઈએ, એના વાંચન તથા વ્યાખ્યાનને બરાબર અનુસરતું અખંડ શ્રવણ કરવું જોઈએ, તેમજ સૂત્રના પદાર્થોનુ ચિંતન મનન કરવું જોઈએ.

**અર્થ અને વિવેચન :-**

પ્રશ્ન-અહીં તો તમે નિયાણું કરવાનો નિષેધ કરો છો, તો પૂર્વે 'હોઉ મે એસા અણુમોયણા' ઈત્યાદિ પાઠથી વિધિપૂર્વક અનુમોદનાનુ નિયાણું કેમ કરાવ્યું ?

ઉત્તર-તે નિયાણું નથી. કેમકે નિયાણું તો રાગ, દ્વેષ કે મોહથી કરાતી આશંસાને કહે છે દુન્યવી કીર્તિ, ઋદ્ધિ કે ભોગ આદિની લાલસાથી કરાતી અભિલાષા એ નિયાણું છે. એ ક્લિષ્ટ કર્મબંધનું કારણ છે, ભવની પરંપરા વધારનારું છે, અને એ સંવેગના અભાવે કરાય છે ● **ત્રિપૃષ્ઠ વાસુદેવે** પૂર્વના વિશ્વભૂતિ રાજકુમાર-મુનિના અવતારે 'હું અથાગ બળનો ધણી થાઉ,' એવું રાગથી નિયાણું કર્યું; ● **બ્રહ્મદત્ત ચક્રી** પૂર્વભવે તપ સંયમના પ્રભાવે ચક્રવર્તીની ભોગ સમૃદ્ધિ પામવાનું નિયાણું કરીને આવેલ; તેથી એ પાપનિયાણાના પ્રતાપે અંતે સાતમી નરકમાં જઈ પટકાયા. ● **અગ્નિશર્મા તાપસે** માસખમણોના પ્રકાડ તપના ફળરૂપે ગુણસેન રાજાને ભવોભવ મારવાનુ દ્વેષથી નિયાણું કર્યું, તે પછી એ મારક બનતો બનતો અને નીચી નીચી નરકમા જતો જતો અંતે અનંત સંસારી થયો. માટે આવા નિયાણા તદ્દન અકર્તવ્ય છે. કિન્તુ કીર્તિરાગ, ઋદ્ધિરાગ, ભોગરાગ-જીવદ્વેષ, વગેરે નિયાણાનાં લક્ષણો સુકૃતાનુમોદનાની પ્રાર્થનામાં ઘટતા નથી. તેથી પેલાથી જુદી જાતની આ માત્ર ગુણની પવિત્ર આશંસાને નિયાણું કેમ કહેવાય ? નહિતર તો મોક્ષની પ્રાર્થના વગેરે પણ નિયાણું બની જાય. તેમ થવાથી, શાસ્ત્રમાં વિરોધ ખડો થાય, જેમકે, આરુગ્ગબોહિલાભં વગેરે વચનો શાસ્ત્રમાં આવે છે ત્યાં 'આરોગ્ય એટલે ભાવ-આરોગ્ય મોક્ષ, એના માટે

બોધિલાભ મને આપો'–આ પ્રાર્થના કરી. તે વચન જો નિયાણાનુ પ્રતિપાદન કરનાર માનીએ, તો નિયાણાંના નિષેધક વચનો સાથે વિરોધ પડે. તાત્પર્ય, આવી શુભ કામનાવાળી પ્રાર્થના એ નિયાણું નથી. અસ્તુ, અધિક ચર્ચાથી સર્યું.

હવે સૂત્રની સમાપ્તિ કરતાં ચરમ મંગળ કરે છે. દેવોથી વંદાએલા એવા ઇંદ્રો તથા ગણધર મહર્ષિઓ પણ જેમને વંદે છે એવા પરમગુરુ વીતરાગ પરમાત્માને નમસ્કાર હો. બાકીના પણ નમસ્કારને યોગ્ય એવા ગુણાધિક આચાર્યાદિ મહારાજાઓને નમસ્કાર હો. સર્વજ્ઞ પ્રભુનું શાસન મિથ્યા દર્શનોને હટાવી વિજય પામો, જયવંતુ વર્તો. પ્રાણીઓ વરબોધિ–લાભથી, એટલે કે મિથ્યાત્વ દોષ ટાળીને સમ્યગ્દર્શન આદિ શુદ્ધ ધર્મની સ્પર્શનાથી સુખી થાઓ, સુખી થાઓ, સુખી થાઓ.

આ પ્રમાણે (૧) 'પાપ પ્રતિઘાતથી' એટલે કે અશુભ અનુબંધ કરાવનારા આશ્રવભૂત ભાવોના વિચ્છેદપૂર્વક, (૨) 'ગુણ બીજનું આધાન' અર્થાત્ ભાવથી પ્રાણાતિપાતાદિવિરમણરૂપી ગુણના બીજનું આત્મામાં સ્થાપન, એટલે કે તથાપ્રકારના શુભાનુબંધક વિચિત્ર વિપાકવાળા કર્મનુ આધાન સૂચવ્યું. આને સૂચવનારૂં પાપ–પ્રતિઘાત–ગુણબીજાધાન સૂત્ર સમાપ્ત થયું.

# સુત્ર ૨. સાધુધર્મની પરિભાવના

## (૧) ધર્મગુણોનું સ્વરૂપ-સહજસુંદરતા આદિનું ચિંતન.

સૂત્ર :-जायाए धम्मगुणपडिवत्तिसद्धाए, भाविज्जा एएसिं सरूवं, पयइसुंदरत्तं, अणुगामित्तं, परोवयारित्तं, परमत्थहेउ-त्तं ।

**અર્થ** :--ધર્મગુણપ્રાપ્તિના ભાવ જાગ્યા પછી એ ધર્મગુણોનું સ્વરૂપ ચિંતવવું, એની સહજસુંદરતા, (પરલોક–) અનુયાયિતા, પરોપકારિતા અને પરમાર્થકારિતા વિચારવી.

---

**વિવેચન** :–હવે બીજા સૂત્રની વ્યાખ્યાનો પ્રારંભ થાય છે. બીજા સૂત્રનો પ્રારંભ આ રીતે છે– પહેલાં સૂત્રમાં ધર્મગુણ–બીજની વાત કરી, ત્યાં એ બીજ તરીકે વિચિત્ર વિપાકવાળું શુભ કર્મ કહ્યુ એ બીજને પ્રાપ્ત કર્યા પછી તે બીજરૂપ કર્મ પોતાની વિચિત્રતાને લઈને અમુક અમુક પ્રકારની કાળ પુરુષાર્થ વગેરે સામગ્રી પામીને પાકે છે, એટલે એના શુભાનુબંધને લીધે ધર્મ ગુણ (પ્રાણાતિપાતવિરમણ યાને હિંસાનો ત્યાગ વગેરે વ્રતો)ની સન્મુખતા પ્રાપ્ત થાય છે, અને તેથી આત્માને ધર્મગુણ પ્રાપ્ત કરવાની પરિણુતિ જાગે છે. તે થાય ત્યારે શું કરવું તે બતાવે છે.

તથાપ્રકારના મિથ્યાત્વાદિ કર્મનો ક્ષયોપશમ થવાથી આત્મામાં ધર્મગુણની પ્રાપ્તિનો ભાવ (ઇચ્છા) પ્રગટ થાય પછી

એ ધર્મગુણોનું સ્વરૂપ ચિંતવવું કે **ધર્મગુણો કેવા કેવા સ્વરૂપ વાળા છે, ને જીવના અનંતકાળના હિંસાદિના સંક્લિષ્ટ પરિણામને કેવા વિશુદ્ધ બનાવનારા છે!** માટે અહો! એ કેવા સ્વાભાવિક સુંદર છે! વળી ભવાંતરમાં સુસંસ્કારરૂપે કેવા અનુસરણ કરનારા છે! અન્યને પીડાદિ ન કરનારા હોવાથી કેવા પરોપકારી છે! અને પરંપરાએ મોક્ષને સાધી આપતા હોવાથી કેવા પરમ અર્થના હેતુ છે!—એ ભાવથી હૃદયમાં ચિંતવવું.

અહિં સમજવાનું છે કે ઉત્તમ કોટિનુ તથા શીઘ્ર મોક્ષ-સાધક એવું સાધુપણું પ્રાપ્ત કરવું હોય તો તે માટેની પ્રાથમિક કેળવણી આત્મા ઉપર કરવાની છે, તે તો શ્રાવકના અણુવ્રતોરૂપી ધર્મગુણોથી જ સુસાધ્ય છે. એટલે જે અણુવ્રતોની પ્રાપ્તિ મહા-વ્રતોને આકર્ષનારી કહેવામાં આવે છે, તે અણુવ્રતોમાં એવું ચમત્કારી સામર્થ્ય પ્રગટ કેમ થાય એની પ્રારંભિક વિધિ અહીં એવી બતાવવામાં આવે છે કે,

**(૧) સ્વરૂપ–ચિંતન** :—પહેલાં તો તે સ્થૂલ અહિંસા, સ્થૂલ સત્ય, વગેરે અણુવ્રતોનું વિસ્તૃત સ્વરૂપ ખૂબ ચિંતવવું; જેમકે (૧) અહિંસા–સત્ય–અચૌર્ય વગેરેની મર્યાદા શી શી? (૨) એની કરણી કઈ કઈ? (૩) એમાં પૂર્વની કઈ કઈ વૃત્તિઓ–પ્રવૃત્તિઓ ટાળવી પડે? (૪) એ વ્રતો કેમ પાળ્યા ગણાય? (૫) તેમાં સંભવિત કયા કયા અતિચારો ટાળવા જોઈએ? (૬) સાંસારિક જીવનમાં કયા પ્રસંગો, કઈ પ્રવૃત્તિઓ અને કઈ કટોકટી આ વ્રતોને બાધક નીવડે અને તેથી તે બાધક પ્રસંગોને વશ ન થતાં વ્રતો કેવી રીતે રક્ષાય?—

આ બધું વ્રતોનું સ્વરૂપ વિચારવું જોઈએ. એ વિચારતાં આત્માએ નિરુત્સાહ કે કાયર થવાની જરૂર નથી. કેમકે, ધર્મગુણો સિવાય આત્મહિત નથી. આનંદ–કામદેવાદિ શ્રાવકોએ વ્રતસ્વરૂપ વિચારીને ઉત્સાહથી વ્રત લીધાં હતાં; તો સંસારને માત્ર ૩ ભવમાં ટૂંકાવ્યો.

**(૨) સહજ સુંદરતા–ચિંતન :**–વળી વિચારવું કે ધર્મ-ગુણોમા નૈસર્ગિક (સ્વાભાવિક) સુદરતા છે. અર્થાત્ ● (i) એ અહિંસા, સત્ય વિગેરે ગુણો, એ સ્વરૂપે સુંદર પવિત્ર ભાવો છે, આત્મા એનાથી શોભે છે, જીવોને પ્રિય બને છે. જ્યારે હિંસા, જૂઠ ઇત્યાદિની વિચારણા, વાણી કે વર્તાવ ગલીચ છે, અપવિત્ર છે. એ સેવનારો લોકમા હલકાઈ–ઈતરાજી–નિંદા પામે છે. ભલે કદાચ હિંસા, જૂઠ વિગેરેથી આર્થિક લાભ, પૌદ્ગલિક સગવડ, કે માનપાનાદિ એકવાર મળી પણ જતા હોય, તોય એમાં આત્મા સ્વસ્થ નથી, અસ્થિર છે; શાંત નથી, અશાત છે. એ દુર્ગુણો મમતા, માયા અને કષાયોની સંક્લેશભરી મલિન વૃત્તિઓથી કલંકિત છે. આનું જ નામ તે દુર્ગુણોની (દોષોની) સહજ અસુંદરતા (ખરાબપણું). જ્યારે, અહિંસા સત્ય વગેરે ગુણોમાં મમતા–કષાયના તેવા સંક્લેશ હોતા નથી; ચિત્ત સ્વસ્થ રહે છે, મુદ્રા સૌમ્ય અને તેજસ્વી દેખાય છે. એ બીજાને વિશ્વસનીય અને સમાગમ કરવા યોગ્ય લાગે છે. આ સ્વરૂપની દૃષ્ટિએ સુંદરતા થઈ. ● (ii) ફળની દૃષ્ટિએ પણ સુંદરતા છે. કેમકે અહિંસા–સત્ય–નીતિ આદિથી ઉપાર્જેલ દુન્યવી ભોગોમાં આત્મા વિહ્વળ–વ્યાકુળ નહિ, આસક્ત–અસ્વસ્થ નથી બનતો. આ બધું તે ગુણોની સ્વાભાવિક સુંદરતા ગણાય. એને આત્મામાં ખૂબ ભાવિત કરવું. ● **હરિબળ** માછીમારે મુનિના ઉપદેશથી

જાળમાં આવતો પહેલો મચ્છ છોડી દેવાનું કર્યું. દેવપરિક્ષામાં એકવાર નિશાન બાંધીને છોડી દીધેલ પહેલો મચ્છ ફરી ફરી પકડાવા લાગ્યો. છતાં મન મારીને વ્રતમાં મક્કમ રહી એને જતો કર્યો, અને સાંજ પડ્યે ઘરે એમ ને એમ ગયો. સ્ત્રીના ઝગડાથી એ ઘર છોડીને પરગામ ચાલી ગયો. પરંતુ પછી તો જીવન પલટાયુ. અહિંસાથી એ સુંદર બની ગયો. એમ, ❁ પુત્રવધુના વચને અનીતિના ત્યાગથી **હેલા શેઠમાં** સુંદરતા વિકસી ઊઠી, લોકોને ખૂબ વિશ્વસનીય અને જાતે સ્વસ્થ ચિત્તવાળો બની ગયો. ❁ પરસ્ત્રીના ત્યાગની સુંદરતાએ **સુદર્શન શેઠને** માટે શૂળીને સિંહાસન બનાવી દીધી, અને ❁ **વંકચૂલ ચોરને** રાજ્યમંત્રી બનાવ્યો.

—પરિમાણથી **પુણિયો શ્રાવક** એવો સુંદર બન્યો કે ભગવાને એના સામાયિકના ગુણ ગાયા, અને રાજા શ્રેણિક એનું ફળ લેવા પુણિયાને ત્યા પહોંચ્યો! આમ અહિંસાદિની કેવી કેવી સુંદરતા!

(૩) **અનુગામિતા-ચિંતન**:—વળી આ અહિંસા, સત્ય, વગેરે ગુણો અનુગામી છે, અર્થાત્ પરલોકમાં પણ સુસંસ્કારરૂપે આત્માની સાથે ચાલી આવે છે; એથી ઉપર કહેલ સુંદરતાને પણ સાથે સાથે પરલોકાનુગામી બનાવે છે. એથી પરલોકમાં સહેજે એ સુંદરતાને પોષે એવી સદ્ગતિ, ઉચ્ચ કુળ, વગેરે ગુણોની સ્વાભાવિક ભેટ મળે છે. ❁ **સુવ્રત શેઠ**, સુદર્શન શેઠ વગેરેને એ રીતે ગુણોની ભેટ મળેલી. હિંસા વગેરે પણ પરલોકાનુગામી તો છે, છતાં જીવને અતિ સંક્લિષ્ટ પરિણામવાળો બનાવતા હોવાથી તેમજ મહાદુઃખમાં સળડાવતા હોવાથી એને કચરાના કે ઝેરના વારસાની જેમ પરલોકાનુગામી સૂડી શી રીતે કહેવાય? ગણતરી તો સારભૂત અને સુખાકારી વસ્તુને વારસામા લઈ આવ્યાની ગણાય. ❁ **ગુણસેન રાજાએ** અણુવ્રતો લીધાં, પાળ્ય,!

તો ઉત્તરોત્તર ભવોમાં એ વ્રતોનો વારસો પ્રાપ્ત અને વિકસિત થતો ગયો.

(૪) **પરોપકારિતા-ચિંતન** :-પરોપકારિતા બે રીતે ચિંતવવી. અહિંસા સત્ય વગેરે ગુણો સાચા પરોપકારી પણ છે. (i) એક તો અહિંસાદિ ગુણો એ જીવને બીજાને પીડા કરવામાંથી પાછા હટાવનાર અને બીજાનો ઉપકાર કરાવનારા બને છે; અને (ii) બીજી રીતે પરોપકારી એટલે કે, સ્વાત્માને 'પર' યાને શ્રેષ્ઠ ઉપકાર કરે છે,-દુર્ગતિને બંધ કરીને સદ્ગતિના દ્વાર ખોલી આત્માને શાતા, યશ, ઊંચ ગોત્ર વગેરેનો ભાગી કરે છે ✪ **કુમારપાળ મહારાજા**ના અહિંસા વ્રતે અઢાર દેશમાં અ-મારિ ફેલાવી લાખો જીવોને અભયદાન બક્ષ્યું ! એક વખતના ક્રૂર-ઘાતકી-હિંસક • **અકબર બાદશાહને** આચાર્ય શ્રી વિજયહીરસૂરિજી મહારાજના ઉપદેશથી અહિંસાધર્મ મળ્યો, ને એણે સકલ રાજ્યવ્યાપી જીવદયા, જજિયાવેરો ત્યાગ, વગેરે મહાન પરોપકાર પ્રવર્તાવ્યો !

**ધનંજય શેઠ** પાસે, નીલુ શેઠે અમુક હીરાના હારની માગણી કરી. ધનંજય કહે 'હાર તો રૂ. ૨૦) હજારનો છે પણ વેચવાનો નથી.' પેલો કહે રૂ. ૫૦) હજાર થાપણ મૂકું છું, તો અમુક વખત માટે આપો. પાછો ન આપી જઉં તો મારી બધી થાપણ જાય.' એ રીતે લખાણ લઈને હાર આપ્યો. નીલુ શેઠે પરદેશ જઈ રાજાને બીજું ઝવેરાત બતાવ્યું. પણ રાણીએ એના ગળામાં આ હાર જોઈ એની માગણી કરી. આ કહે 'એ નથી વેચવાનો.' પણ કિંમત તો કહો. 'કિંમત રૂ. સવા લાખની છે.' રાજા કહે 'ના, રૂ. ૫૦) હજાર લો અને આપો.' નીલુ શેઠ 'ન મળે' કહીને ગયો. પણ રાણીએ ખાનગીમાં રૂ. સવા લાખ અપાવી હાર મેળવ્યો.

રાજાએ એકવાર એ હાર જોતાં જાણ્યુ ને રાણી પર ગુસ્સે થઈ એનો ત્યાગ કર્યો. બીજી બાજુ નીલુશેઠ સવા લાખથી હરખાતા હરખાતા દેશ તરફ જઈ રહ્યા છે. પણ જંગલમાં પ્રાણ સાથે લૂંટાયા ! બધું સાફ થઈ ગયુ. ઘરે એમના વિયોગ અને ધનની તંગીથી પત્ની કાળો કકળાટ કરે છે. છોકરાઓ ચોપડો જોતાં પેલા હારની વિગત લખેલી વાંચી ધનંજય શેઠ પાસે પહોંચી જઈ કહે છે, 'અમારા પિતાજીનો પત્તો નથી. આપના હારની રકમ કાપી લઈ બાકીની રકમ આપો.' શેઠ કહે, 'જુઓ ભાઇ! એ હાર તો મારે આપવાનો જ નહોતો, છતાં તમારા પિતા આગ્રહ કરી આ લખાણ આપીને લઈ ગયા છે કે થાપણ બધી જાય.' છોકરા કહે, 'શેઠજી! પણ અમારી મા અમારા પિતા ને ધનના નાશના બેવડા દુઃખથી કાળો કકળાટ કરે છે.' ધનંજય શેઠે દયા ને સત્ય-નીતિનો મર્મ સમજી પોતાની હારની ખરીદ કિંમત રૂ. ૧૫) હજાર કાપી લઇ બાકીના રૂ. ૩૫) હજાર દઈ દીધા ! છોકરા અને માતાનું હૃદય ભારે આશ્વાસન પામ્યું. નીલુના અસત્ય-અનીતિએ રાણીને, જાતને અને કુટુંબને અનર્થ કરાવ્યો. ધનંજયના સત્ય અને નીતિએ પરનો ઉપકાર કર્યો. આજે પણ સત્ય નીતિ જાળવનાર વેપારી ગ્રાહકને નહિ ઠગવાનો ઉપકાર કરે છે; તેમજ પોતાના કુટુંબ અને બીજાઓને ધડો આપી એમને સત્યનીતિમાં જોડવાનો મહાન ઉપકાર કરે છે. સત્ય-નીતિમાન રાજાઓના પ્રજા પર મહાન પરોપકાર સ્પષ્ટ છે.

એમ રાજાઓ અને બીજા ગૃહસ્થો સદાચારથી બીજાને પાપમાં નહિ પાડવાનો ઉપકાર અને જગતમાં જીવોને સદાચાર પાળવા માટે આદર્શ અને વાતાવરણ આપવાનો મહાન ઉપકાર

કરી ગયા છે, આજે ય કરી રહ્યા છે. ● **ચંડપ્રદ્યોતના પુત્ર** અવંતીવર્ધને નાનાભાઈ રાષ્ટ્રવર્ધનની પત્ની પર મોહિત થઈ ભાઈનું ખૂન કરાવ્યુ. રાણીએ શીલમાં મક્કમ રહી ભાગીને બીજા દેશમાં જઈ ચારિત્ર લીધું. અવંતીવર્ધને ય પસ્તાવો કરી ચારિત્ર લીધું. રાણીના સદાચારે એને ય ઉન્નતિ પમાડવાનો મહોપકાર કર્યો.

અલ્પપરિગ્રહના ઉપકાર અંગે તો આજે પ્રગટ દેખાય છે કે ઠેઠ પ્રધાનોથી માંડી નાના અમલદાર અને અન્ય પ્રજાજન અલ્પપરિગ્રહથી સંતોષ ન માનતાં પરિગ્રહના અમાપ લોભમાં કેટલો અનર્થ કરી રહ્યા છે!

**(૫) પરમાર્થકારિતા-ચિંતનઃ**-ઉપરાંત, ગુણોનો અભ્યાસ ભવિષ્યમાં એથી પણ ઊંચા અહિંસાદિ ગુણોને આકર્ષી, જીવને મહાપવિત્ર બનાવીને ઠેઠ મુક્તિના અનંત સુખમા મહાલતો કરી દેવા સુધીનો 'પરમ' યાને ઉત્તમ 'અર્થ' સિદ્ધ કરી આપે છે. એટલું જ નહિ, કિંતુ અન્યને પણ ગુણોથી આવર્જી (આકર્ષી) કલ્યાણ-માર્ગે ચાલતા કરી દે છે, તેમજ પરમાર્થરૂપ કલ્યાણ અને પરમકલ્યાણ સુધી પહોચાડે છે. આવા ઉપકાર અને પરમાર્થને સાધી આપવાનું કશું જ ગજું હિંસા, જૂઠ વગેરેમાં કે ધન-ધાન્યમાં નથી; અહિંસાદિમાં છે.● (૧) **મેઘરથ** રાજાએ દેવપરીક્ષામાં પારેવાને બચાવવા દયા અપનાવી, તો એવા વિશુદ્ધ દિલથી એ ઠેઠ તીર્થંકર-નામકર્મનું પુણ્ય ઉપાર્જી શાંતિનાથ તીર્થંકર થવાના પરમાર્થ સુધી પહોંચ્યા.● (૨) **શ્રીકાન્ત ચોરે** આબરૂ બચાવવા ધર્માત્મા પાસે સત્ય વ્રત સ્વીકાર્યું. પછી રાજાને ત્યાં બીજા વેષે ચોરી કરવા જતાં અને ચોરી કરીને આવતાં માર્ગમાં ભોગજોગે રાજા ભેટચો, પૂછ્યું; આ કહે 'હું ચોર, રાજાને ત્યાં ચોરી કરવા....', 'ચોરી કરી આવ્યો,' એમ સાચું કહેતાં, રાજાએ એને પાગલ ધારી જવા દીધો. આમ સત્યથી આબરૂ અને પ્રાણ

બચતાં શ્રીકાન્તે વ્રતનો મહા પ્રભાવ જાણી ખાનગીમાં રાજાને સમજાવીને સાધુપણું લીધું, ને એ પંચ મહાવ્રતના પરમાર્થ સુધી પહોંચ્યો! ◉ (૩) **રાજુ શેઠને** અનીતિત્યાગનું વ્રત હતું. એકવાર એક ઘરાક માલના પૈસા ચૂકવી ગયા પછી રાજુએ જોયુ કે એ વધુ પૈસા આપી ગયો છે. તેથી વધારાની રકમ લઈ એને પાછી આપવા ગયા. પેલો કહે 'મેં તો સોદા વખતના બજારભાવ પ્રમાણે બરાબર જ પૈસા ચુકવ્યા છે, તો વધારો શાનો?' રાજુ શેઠ કહે 'મેં તો બે દિવસ પૂર્વનો ભાવ ચાલુ ધારી માલ વેચ્યો છે, તે ભાવ ઓછો હતો, તેથી આ વધારાના નાણાં ન્યાયસર મારાથી ન રખાય.' પૈસા આપી ચાલી ગયા. પેલાને શેઠ પર એટલો બધો આદર થયો કે પછી પોતે અને બીજા અનેક જણ શેઠના પાકા શ્રદ્ધાળુ કાયમી ઘરાક બન્યા, કમાઈ ખૂબ વધી. એ કમાઈ રાજુ શેઠે નીતિ-ધર્મના ઘરની જોઈ એને ઉલ્લાસથી ધર્મ માર્ગે જોડતા ગયા. આમ અનીતિત્યાગના વ્રતે એમનામાં મંદિર–ધર્મશાળા–યાત્રાસંઘ–જ્ઞાનભંડાર વગેરે અનેક ધર્મક્ષેત્રોમાં મહાન સુકૃતના પરમાર્થ જગાવી દીધા. ◉ (૪) **વિજયશેઠ–વિજયશેઠાણીને** બ્રહ્મચર્યે (૧) કેવલિ–સુખે એમની પ્રશંસા કરાવી, અને (૨) ચારિત્ર સુધીના પરમાર્થે એમને પહોંચાડ્યા! (૫) **મણિકાન્ત શેઠને** પરિગ્રહ-પરિમાણ ધારેલું, પૂર્ણ થવાથી, વેપારમાથી ધીખતી કમાઈ છતાં, વેપારથી એ છૂટા થઇ ગયા. ભાગીદારે જોયું કે 'મૂળ હું તો ગરીબ, પણ શેઠના ટેકાએ આટલે ઊંચે આવ્યો, તેથી કૃતજ્ઞતા અદા કરવા ખાનગીમાં શેઠના છોકરાનું નામ ભાગીદાર તરીકે ચોપડે ચડાવ્યું. અમુક વખત પછી મણિકાન્ત શેઠને ભાગની કમાઈ આપવા જતાં એમણે એ લેવા ના પાડી. આણે મણિકાન્તના છોકરાના નામથી ભારે ખર્ચ કરી આચાર્ય

મહારાજનો ભવ્ય પ્રવેશોત્સવ ઊજવ્યો. એમનો અદ્દભુત ધર્મોપદેશ સાંભળી, મણિકાન્ત મૂળ પોતાના વ્રત પર આ બધો ધર્મ ઉદ્યત જોઈ, ધર્મનો અત્યંત મહિમા જાણીને ત્યાગ-તપસ્યાદિ પરમાર્થ-સાધનામાં ચડી ગયો. મૂળ પરિગ્રહપરિમાણ-વ્રતે આ પરમાર્થ ઊભો કર્યો....આમ અહિંસાદિ પાંચે ગુણોનો અભ્યાસ સ્વ-પરના પરમ યાને શ્રેષ્ઠ અર્થને સાધી આપે છે, પરમાર્થકારી બને છે.

આ બધું જોતાં અહિંસાદિ વ્રતોની સહજ સુંદરતા, પર-લોકાનુયાયિતા, પરોપકારિતા અને પરમાર્થહેતુતા જોઈ વિચાર આવે કે, 'અહો ! જીવને આ દુર્લભ માનવભવે આર્યદેશ-કુળમાં જન્મીને [1]મહાસુખમય સુંદર ધર્મજીવનની, [2]જગતના ઉપકારની, [3]જીવનની પવિત્રતાની, તથા [4]ઉત્તરોત્તર ભાવો માટેના સુખદ નિર્મળ સંસ્કારની કેવી કલ્યાણ-કેડી મળી ! મહાપુરુષોએ એનું ભાન કરાવીને કેવો અનંત ઉપકાર કર્યો ! ક્યારે એ અદ્દભુત ધર્મગુણ ઉત્કૃષ્ટ રીતે મારા આત્માના પ્રદેશે પ્રદેશે હું ઓતપ્રોત કરી દઉં !' આ રીતે ધર્મગુણોની સુંદરભાવનાથી હૃદય ભાવિત કરે.

## (૨) ધર્મગુણો-વ્રતોની દુષ્કરતાદિ

सूत्र-तहा दुरणुचरत्तं, भंगे दारुणत्तं-महामोहजणगत्तं, एवं दुल्लहत्त ति ।

**અર્થ** :-તથા વ્રતોનું દુષ્કર પાલન, એના ભંગમાં ભયંકરતા-મહામોહકારિતા, એમ દુર્લભતા (મનમાં ભાવિત કરે)

**વિવેચન** :-વ્રતોની સુંદરતા આદિને ભાવિત તો કર્યા, પરંતુ સાથે સાથે એ ધર્મગુણોને, મહામોહના વિઘ્નકારી ઝંઝાવાતોની વચમાં પણ, સમ્યગ રીતે અણીશુદ્ધ પાળવા છે, તો એ માટે,

(૧) કેવો પ્રબળ પુરુષાર્થ જરૂરી છે એ વિચારે; તથા પૂર્વે તેવો અભ્યાસ નહિ હોવાથી પાલન દુષ્કર અને કષ્ટવાળું પણ

છે, એમ સમજી રાખીને 'કઠિનાઈ વેઠીને ય એ પાળવા જોઈશે,' એવો નિર્ધાર કરે

**ધર્મગુણો એ મામુલી વસ્તુ નથી, પરંતુ મહા જવાબદારીની અપેક્ષાવાળા કિંમતી ગુણો છે, એ નહિ ભૂલવાનું;** જુઓ કે, આ જવાબદારી માથે ધરીને વંકચૂળે ધર્મગુણો કેવા પાળ્યા !

● વંકચૂળ ચોરે ભયંકર કટોકટીના સમયે પણ ચાર નિયમો જવાબદારી સમજી અણીશુદ્ધ પાળ્યા. તે આ રીતેઃ– મુનિઓને ચોમાસું ભરાઈ આવવાથી એની પલ્લીમાં ચાતુર્માસ કરવું પડ્યું, પણ એની શરતે કે 'અહીં રહો ત્યાં સુધી ઉપદેશ આપવો નહિ.' ચોમાસું પૂર્ણ થયે વિહાર કરતાં મુનિએ વળાવવા આવેલા વંકચૂળને 'શરત પૂરી થઈ' કહી ધર્મનો ઉપદેશ આપ્યો, અને વંકચૂળ ચોરે ૪ નિયમ લીધા,–'(૧) અજાણ્યાં ફળ ન ખાવાં; (૨) કોઈને મારી નાખતાં પહેલાં બે ચાર ડગલાં પાછું હટવું; (૩) રાણી સાથે વ્યભિચાર ન કરવો; અને (૪) કાગડાનું માંસ ન ખાવું.' (૧) એક વાર જંગલમાં ભૂખ્યા થયેલા બીજા સાથીતો તો અજાણ્યાં વિષફળ ખાતાં મર્યા, પણ આ ભૂખ્યો છતાં ન ખાતાં બચી ગયો. (૨) બીજી વાર રાતના મોડો બહારથી આવી 'એ' ઘરમાં પત્નીને કોઈ પુરુષ સાથે સૂતેલી જોઈને ગુસ્સામાં ખડ્ગ ખેંચી મારવા જતાં નિયમ યાદ આવવાથી થોડો પાછો હટ્યે, એમાં ખડખડાટ થવાથી પુરુષવેશમાં સૂતેલી બેન જાગી કહે છે 'આવ્ય મારા વીરા ?' એને ખુલાસો કર્યો કે 'રાતના નાટકિયા તને બોલાવવા આવ્યા, તેથી પુરુષની હાજરી બતાવવા હું જ આ વેશ પહેરી ભાભી સાથે નાટક જોવા ગઈ, ને મોડું થવાથી એમ જ અમે ઊંઘ ભરાયાથી સૂતા' વંકચૂળને નિયમ પર ભારે માન થયુ. (૩) એકવાર વંકચૂળ રાજમહેલમાં

ચોરી અર્થે ચડ્યો. રાણીએ આ સુંદર નવયુવાનને જોઈ ભોગની માગણી કરી. વંકચૂળ ત્રીજા નિયમમાં મક્કમ રહ્યો. રાણીએ ખોટો કોલાહલ કર્યો. આ પકડાયો, પણ રાજાએ બાજુના ખંડમાં બનેનો વાર્તાલાપ સાંભળેલો, તેથી રાણીને દેશનિકાલ કરી વંકચૂળને સાત્વિક ને સત્યનિષ્ઠ જાણી મંત્રી બનાવ્યો. (૪) એકવાર વંકચૂળને મરણાંત રોગ આવ્યો. વૈદ કહે 'કાગડાના માંસમાં દવા લો તો બચો.' વંકચૂળે એનો ઈન્કાર કરી નિયમ પાળ્યો. 'ધર્મ અર્થે ઈંહા પ્રાણનેજી છંડે, પણ નહિ ધર્મ' એ ટેકમાં મર્યો, મરીને બારમા અચ્યુત દેવલોકે દેવ થયો!

વંકચૂળે આમ નિયમ(ધર્મગુણ)ની જવાબદારી બરાબર વહી, તો એ ચડતાં ચડતાં કલ્યાણનો ભાગી થયો. જો વ્રત પાળવાની જવાબદારીનું ઉલાળિયું કરી વ્રત ભાંગ્યા હોત તો કેવી દુર્દશાઓ પામત?

(૨) એથી ધર્મગુણો સ્વીકારતાં પહેલાં એ પણ સમજવાનું છે કે પ્રતિજ્ઞાપૂર્વક અહિંસાદિ ગુણો સ્વીકાર્યા પછી જો તેનો ભંગ થાય તો તે ભંગ ભયંકર નીવડે છે., કેમકે, એમાં જિનેન્દ્ર ભગવંતની આજ્ઞાનું ઉલ્લંઘન થાય છે. જિનાજ્ઞાભંગે મહાપાપ. વળી લીધું વ્રત પાળવું જ જોઈએ. એનો ભંગ કરવાની ધિઠ્ઠાઈ આત્મામાં મહામોહ, મૂઢતા અને અજ્ઞાનતાને ઉત્પન્ન કરે છે; એમ એથી લોકમાં ધર્મ પણ દૂષિત થાય છે, અર્થાત્ બીજાઓમાં ધર્મ નિંદાય છે. લોક ધર્મ પ્રત્યે અરુચિવાળા બને છે. તેમ ભંગ કરનારના પોતાના આત્માને પણ વ્રતોની પ્રીતિવાળો રાખવાને બદલે દોષની પ્રીતિવાળો બનાવી દે છે. અંતે એ દોષપ્રીતિના કુસંસ્કારને લીધે ફરીથી તે ગુણો ભવાંતરમાં પામવા દુર્લભ બને છે. ગુણો ક્યાંથી પામે? પ્રતિપક્ષી હિંસાદિ દુર્ગુણોનો રસ,

પક્ષપાત, અને પરિચય આત્મામાં પુષ્ટ થવાથી પરલોકમાં દુર્ગુણોને જ યોગ્ય ભવો મળે ને? ત્યાં તો સહેજે હિંસા અને જૂઠ વગેરે સસ્તા અને મનગમતા! તેથી અહિંસાદિ ગુણો દુર્લભ! નરક ગતિમાં હૃદયદ્રાવક અતિ ઘોર ત્રાસયાતના વેઠવા છતાં ય ગુણો દુર્લભ! કેમકે, નારક જીવો પરમાધાર્મિકના ઘોર ત્રાસ વેઠવા છતાં પણ પાપ-ઘૃણા ન કરતાં પાછાં પરસ્પર કાપાકાપી કરે છે. અહીં હવે તો હિંસાથી વિરમાય ને? પણ ના, નથી વિરમાતું. શાથી? એટલાજ માટે કે પૂર્વે વ્રતભંગ કરતાં, દુર્ગુણોને હૃદયથી વધાવી લીધા હતા; તેથી હવે અહીં અહિંસાદિ ગુણો ક્યાંથી સુલભ થાય? • કંડરીકે મહાવ્રત ભાંગ્યા, રાજ્ય લીધું, તો મહામોહમાં પડી મીઠું મીઠું હદ ઉપરાંત ખાધું, એમાં એ અજીર્ણથી મરી સાતમી નરકે ગયો! ચૌદ પૂર્વી જેવા મહાત્મા પણ વ્રત ભાંગી મહામોહમાં પડવાથી નિગોદમાં ચાલ્યા જાય છે! તેથી અહીં અહિંસાદિ સુલભ બન્યા પછી એને પ્રાણથી અધિક સાચવવા જોઇએ. તેય જીવને એમ સમજાવીને કે 'મહાનુભાવ! આશીર્વાદ રૂપ અહિંસાને છોડી, શ્રાપરૂપ હિંસાદિને વળગતાં પહેલાં બલાબલનો એ વિચાર કરી લેજે કે પરિણામે એથી જે ગુણની દુર્લભતા અને દુર્ગુણની સુલભતા થશે તેને, અને દુઃખમય હલકા હિંસક ભવો થશે એના ભારને ઊઠાવવાનું તારૂં ગજું છે? તને એ પોષાશે? જો નહિ; તો અહીં મન મક્કમ રાખી ધર્મ ગુણોનો જ ખપ કર.'

### (૩) વિધિ અને અત્યંત ભાવ સાથે વ્રત-સ્વીકાર

સૂત્ર-एवं जहासतीए उचिअविहाणेणं अच्चंतभावसारं पडिवज्जिज्जा; तं जहा (१) थूलगपाणाइवायविरमणं, (२) थूलगमुसावायविरमणं, (३) थूलगअदत्तादाण-विरमणं, (४) थूलगमेहुणविरमणं, (५) थूलगपरिग्गह-विरमणमिच्चाइ ।

**અર્થ અને વિવેચન :**–આ પ્રમાણે (૧) શક્તિથી જરાય ઓછું નહિ અને અધિકે ય નહિ, અર્થાત્ પોતાના સામર્થ્યને ગોપવ્યા વિના કે ઓળંઘ્યા વિના, (૨) શાસ્ત્રે કહેલી વિધિ મુજબ, ને (૩) અત્યંત ભાવભર્યા હૃદયે પ્રબળ પ્રણિધાનથી ધર્મગુણોને સ્વીકારવા જોઈએ. એમાં સહસાકાર (વગર વિચાર્યે ઝંપલાવવાનું) ન કરવું. કેમકે એ રાભસપણું પરિણામે ભયંકર નિવડે છે.

**એ ધર્મગુણો કયા ? ૧. સ્થૂલ પ્રાણાતિપાત-વિરમણ,** પ્રાણના અતિપાત (નાશ)થી અંશે વિરમવું તે, 'હું નિરપરાધી ત્રસજીવને નિરપેક્ષપણે જાણી જોઈને હણીશ નહિ;'–એ વ્રત. આ અંશે અહિંસાવ્રત થયું, સંપૂર્ણ નહિ, કેમકે એમાં સ્થાવર જીવો અને અપરાધી ત્રસ જીવોની અહિંસાની વાત ન આવી. **૨. સ્થુલ મૃષાવાદ૦**–જૂઠનો અંશે ત્યાગ. સંતાન, નોકર, ઢોર, મિલ્કત વગેરે પાંચ અંગેના મોટા જૂઠ ન બોલવાની પ્રતિજ્ઞા. ૩. **સ્થુલ અદત્તાદાનવિરમણ,**–'અદત્ત' એટલે બીજાએ ન આપેલું એવાનું 'આદાન' એટલે ગ્રહણ–એ અદત્તાદાન. એનાથી અંશે વિરામ કરવાની. અર્થાત્ દાણચોરી, ખોટાં તોલમાપ, ભેળસેળ વગેરે પાંચ અદત્તાદાનન, કરવાની પ્રતિજ્ઞા ૪ **સ્થુલ મૈથુનવિરમણ** અંશે મૈથુનની વિરતિ. પરસ્ત્રી એટલે સ્વસ્ત્રી સિવાયની સ્ત્રી. એના ભોગનો પ્રતિજ્ઞાબદ્ધ ત્યાગ, અને સ્વસ્ત્રીમા સંતોષ. **૫. સ્થૂલ પરિગ્રહ-રરિમણ**–ધનધાન્યાદિ પરિગ્રહનુ અમુક પરિણામ ન ઓળંઘવાનુ વ્રત,... વગેરે વ્રતો. અર્થાત્ આ અણુવ્રતોરૂપ મૂળ **ગુણો** અને દિશા–પરિમાણ, ભોગપભોગ–પરિણામ, તથા અનર્થદંડ–પ્રવૃત્તિ–વિરમણ, એ ત્રણ **ગુણવ્રતો,** તથા સામાયિક દેશાવગાસિક, પોષધ અને અતિથિસંવિભાગના ચાર **શિક્ષાવ્રતોરૂપી ઉત્તર-ગુણો,** એ ધર્મગુણો સમજવા.

પ્રારંભમાં આ ધર્મગુણો કહેવાનું કારણ એ, કે આત્મામાં ભાવથી એ જ રીતે પ્રાપ્તિ થાય છે. શાસ્ત્રોમાં કહ્યું છે કે કર્મોની સ્થિતિ કોડાકોડી સાગરોપમની અંદર બને ત્યારે જ [૧] સમ્યકત્વ પ્રાપ્ત થાય. એ સ્થિતિમાંથી વળી બેથી નવ પલ્યોપમ જેટલી સ્થિતિ ઓછી થાય ત્યારે [૨] શ્રાવકપણું (અણુવ્રતરૂપ દેશવિરતિ) મળે. એમાંથી વળી સંખ્યાતા સાગરોપમ–પ્રમાણ સ્થિતિનો હ્રાસ થાય ત્યારે [૩]મહાવ્રત (સર્વવિરતિ) રૂપ ચારિત્ર પ્રાપ્ત થાય. એમાંથી પણ બીજા સંખ્યાતા સાગરોપમ કપાય ત્યારે [૪]ઉપશમશ્રેણી આવે. અને તે સ્થિતિમાંથી પણ સંખ્યાતા સાગરોપમ ઘટે તો [૫]ક્ષપકશ્રેણી મંડાય, આ બધો સ્થિતિ–હ્રાસ થવા માટે આત્મામાં કષાયની વિશેષ વિશેષ મંદતા થવા સાથે, અધ્યવસાયો (ભાવ)ની ઉત્તરોત્તર વિશુદ્ધિ થવી જોઈએ. સમકિતી જીવને ચઢવા માટે પહેલી શરૂઆત શ્રાવકપણાથી થાય છે, તેથી અહીં પહેલા ધર્મગુણ તરીકે શ્રાવકનાં અણુવ્રત બતાવ્યા. જો દેવ કે મનુષ્ય ભવમાં સમ્યકત્વ ગુમાવાય નહીં, તો એક જ (મનુષ્ય) ભવમાં એમાંથી ક્રમે તે એક શ્રેણી સિવાય ઉપર કહેલું બધું પ્રાપ્ત થઈ શકે છે.

સૂત્ર– पडिवज्जिऊण पालणे जइज्जा, सयाऽऽणागाहगे सिआ, सयाऽऽणाभावगे सिआ, सयाऽऽणापरतंते सिआ ।

**અર્થ**:–ધર્મગુણો પ્રાપ્ત કરીને (૧) એના પાલનમાં યત્ન રાખવો જોઈએ. (૨) સદા આજ્ઞાના ગ્રાહક બનવું જોઈએ. (૩) સદા આજ્ઞાને (દિલમાં) ભાવિત કરનારા થવું જોઈએ. (૪) સદા આજ્ઞાને પરતંત્ર બનવું જોઈએ.

**(૪) વ્રતપાલન અને આગમ–ગ્રહણ–ભાન–પારતંત્ર્ય.**

**વિવેચન :** (૧) આ રીતે ધર્મગુણોનો સ્વીકાર કરીને એનું પાલન કરવામાં બરાબર પ્રયત્નશીલ રહેવું જોઈએ. જેમ રત્નકરંડિયો કે મહામંત્રાદિ મળ્યા પછી એનું રક્ષણ ભારે ચીવટ અને તકલીફ વેઠીને પણ કરાય છે, તેમ અનંતકાલે પ્રાપ્ત થયેલા આ અપૂર્વ રત્નકરંડક–તુલ્ય ધર્મગુણોને સાચવવા હવે કહેવાતી વિધિ મુજબ પ્રવર્તવું જોઈએ. અહીં એ ખાસ ધ્યાનમાં રાખવાનું છે કે (i) આમાં કદાચ કઠિણાઈનો અનુભવ થાય, તો પણ અતિ ટૂંકા એક ભવમાં વેઠેલી એ કઠિણાઈ આગામી અનંતકાળ ઉપર સત્ નિર્મળ ચૈતન્યનો પ્રકાશ પાથરશે. તેમજ (ii) જ્યારે આપણા પોતાના આત્માનું સાચું ઝવેરાત પણ ધર્મગુણો જ છે, તો પછી 'પર' એવી લક્ષ્મી અને વિષયો મેળવવા વેઠાતાં ઘણાં ય કષ્ટની અપેક્ષાએ અહીં થોડાં પણ કષ્ટ સ્વના ધર્મગુણો માટે ન વેઠીયે ? કષ્ટ વેઠીને ● **સાગરચંદ્ર**, કામદેવ, ચંદ્રાવતંસક વગેરેએ ધર્મગુણ પાળી મહાન કલ્યાણ સાધ્યા.

● (૨) ધર્મગુણના પાલનના પ્રયત્નમાં સાથે જરૂરી એ, કે હંમેશા શ્રી જિનાજ્ઞાના ગ્રાહક થવું જોઈએ, એટલે કે શ્રી જિનાગમનું રોજ અધ્યયન અને શ્રવણ કરવું જોઈએ. પ્રશ્ન થાય કે અધ્યયન કર્યા પછી શ્રવણની શી જરૂર ? તો સમજવાનું કે જે વ્રતો–ગુણો સ્વીકાર્યા છે, એની તાત્ત્વિક શ્રદ્ધા કેળવવા માટે તત્ત્વજ્ઞાન મેળવવું જરૂરી છે. એ માટે શાસ્ત્રોનું અધ્યયન–સ્વાધ્યાય કરવો (ભણવું ગુણવું) તે ધર્મી જીવનનું એક પ્રધાન અંગ છે. આ કરવા ઉપરાંત પણ, શ્રાવકે ભલે ધર્મગુણો–વ્રતોનાં શાસ્ત્રવિધાન જાણ્યાં તો ખરા, પરંતુ શ્રાવકે વિશેષ પ્રેરણા મળે એ માટે ગુરુ પાસે જિનવાણીના ઉપદેશનું, શ્રાવકની સામાચારીનું તથા વૈરાગ્યનું શ્રવણ પણ રોજ કરવું જોઈએ. (૧) જો એ નહિ હોય તો એ

અહિંસાદિના ચુસ્ત પાલનના અને વૈરાગ્યના અધિક ચડતા પરિણામ બનવા સંભવ બહુ ઓછો રહે. પરિણામ ચડતા શું, કદાચ મંદ બનતા જવા સંભવ છે. વળી (૨) જો શાસ્ત્રવિધાનોનાં રહસ્ય, યુક્તિ, દૃષ્ટાન્તો વગેરેનું શ્રવણ સતત ચાલુ નહિ, તો એ અહિંસાદિ ગુણોની અધિકાધિક દૃઢ શ્રદ્ધા નહિ બને. (૩) વ્રતો સાથે શ્રાવકની સમાચારીનું અર્થાત્ આચાર-વિચારોનું ચાલુ શ્રવણ નહિ હોય, તો જુગ-જુના કુસંસ્કારોથી આત્માને સહજ જેવી બનેલી મિથ્યા પ્રવૃત્તિઓ અટકશે નહિ. (૪) ગુરુમુખે શ્રવણ વિના તત્ત્વદૃષ્ટિ, સારાસાર-વિવેક, શુભાશુભ ધ્યાનની પિછાણ, વગેરેની ખામી ઊભી રહેવાની. તેથી કેટલાંય વ્યર્થ અશુભ કર્મ બાંધશે. માટે જિનાજ્ઞાના શ્રવણની અતિ જરૂર છે.

(૩) આમ આજ્ઞા યાને જિનવચનનાં અધ્યયન અને શ્રવણ જરૂરી હોવા ઉપરાંત આજ્ઞાનું ભાવન પણ અત્યંત જરૂરી છે. **'ભાવન' એટલે** કે આજ્ઞાનું ચિંતન-મનન કરી આત્માને એનાથી ભાવિત કરવો, રંગી દેવો તેથી આજ્ઞાના ભાવક બનાય. સાંસારિક ઉન્નતિનો ખપી માણસ ઉન્નતિ-અભ્યુદયને ઉપયોગી એવી વાતો -સમાચાર-સલાહ કાન દઈને સાંભળનારો અને એનું શિક્ષણ લેનારો હોય છે, એમજ એનો સારી રીતે ચિંતક બની એને દિલમાં વણી લેનારો હોય છે. બસ, આ રીતે આજ્ઞાને હૃદયમાં ઓતપ્રોત કરી લેવી જોઈએ; તે એવી કે તેથી હવે દિલની દૃષ્ટિ જગતની દૃષ્ટિમાં મળવાને બદલે જિનની દૃષ્ટિમાં મળતી રહે, એટલે સંસારની પ્રવૃત્તિમાં પણ એનાં હૃદયનું વલણ તથા વિચારણા આગમથી વિરુદ્ધ ન રહે, બલ્કે આશ્રવ-સંવરના આગમે બતાવેલા વિવેકથી યુક્ત હોય. હવે એની એજ વસ્તુ કે પ્રસંગ મોહની નહિ કિન્તુ જ્ઞાનની દૃષ્ટિએ જોવાય કે વિચારાય. તો જ અનેક વ્યર્થ કર્મબંધન અને

[2]કુવાસનાનાં દૃઢીકરણથી બચી જવાય, [3]સુસંસ્કારોનો સંચય થાય, અને [4]સાધુધર્મની પરિભાવના થાય, અર્થાત્ એની નજીક જવાય. આજ્ઞાનું ગ્રહણ અને ભાવન નહિ હોય તો તેથી આશ્રવ શું કે સંવર શું, એનો વિવેક નહિ રહેવાથી જ્યા સંવર યાને પાપથી રક્ષણ સુલભ છે છતાં એજ સ્થાને આશ્રવ અર્થાત્ પાપોપાર્જન કરશે! જેમકે, (૧) ચૂલેથી ચહાની તપેલી ઉતારી, 'ચહા ઠંડી ન પડી જાય' માટે ઢાંકી, એ રસના–ઇન્દ્રિયની આસક્તિરૂપ આશ્રવ સેવ્યો. એના બદલે 'એમાં જીવજંતુ ન પડે' એ ઉદ્દેશથી-ઢાંકી, તો એ હિંસાના રોકાણ રૂપી સંવર થયો. મોહના બદલે જ્ઞાનની દૃષ્ટિએ જોવાથી અહીં આશ્રવથી બચી સંવરનો મહાન લાભ મળે. એમ (૨) જે હીરાને અજ્ઞાન મોહમૂઢ જગત બહુ કિંમતી બહુ તેજસ્વી અને સુખકારી સમજતું હોય છે, એજ હીરાને આ ભાવિત આજ્ઞાવાળો રાગ કરાવનાર, આત્મગુણ ભૂલાવનાર અને દુર્ગતિદુઃખદાતાર મહા આશ્રવનાં સાધન તરીકે જ્ઞાનદૃષ્ટિથી સમજે છે, દેખે છે આ જાગૃતિ એ સંવર થયો. એમ (૩) જગતની દૃષ્ટિમા સારા મઝેના લાગતા પણ મેવામિઠાઈ એને કોળિયે કોળિયે ગૂંડાના ખંજર–ઘાની જેમ સ્વાત્માને ઘાયલ કરતા લાગે; કેમકે મેવા–મિઠાઇને સામાન્ય ભોજન કરતાં અધિક રાગ કરાવનારા, વધુ કર્મ બંધાવનારા, અને પરમાત્માથી વધુ દૂર રાખનારા તરીકે દેખે છે.

આજ્ઞાનું આવું પરિચિંતન બની ગયા પછી તો એને હવે આજ્ઞાની જ પરતંત્રતા બહુ ગમે. એથી આગમમાં ફરમાવેલા ધાર્મિક અનુષ્ઠાનો અને ઔચિત્યના પવિત્ર કર્તવ્યો તરફ એ ખૂબ ખૂબ ખેંચાય. હૃદયની ય પરાધીનતાને સાંસારિક પ્રવૃત્તિઓ પ્રત્યેથી ખસેડી આ પવિત્ર આચારો અને ઉત્તમ પ્રવૃત્તિઓ તરફ કેળવતો જાય. હૃદયનો સતત ઝોક જિનાજ્ઞા તરફ રહ્યા કરે.

## (૫) જિનાજ્ઞા એ મંત્ર, જળ, શાસ્ત્ર, કલ્પવૃક્ષ.

सूत्र–आणा हि मोहविसपरममंतो, जलं रोसाइजलस्स, कम्मवाहितिगिच्छासत्थं, कप्पपायवो सिवफलस्स।

**અર્થ** :–એનું કારણ, આજ્ઞા [૧]મોહવિષનાશક પરમ મંત્ર છે, [૨]દ્વેષાદિ–આગ બુઝવનાર પાણી છે, [૩]કર્મરોગની ચિકિત્સા છે, [૪]મોક્ષફળ દેનાર કલ્પવૃક્ષ છે.

---

**વિવેચન** :– પ્ર૦–જિનની આજ્ઞાનું એટલું બધું માહાત્મ્ય શું કે એનાં આવાં શ્રવણ, અધ્યયન, ચિંતન અને પરાધીનતા વિના ન ચાલે?

ઉ૦–હૃદયે આ ખૂબ જ ઠસાવવા જેવું છે કે,

**(૧) આજ્ઞા એ તો મોહવિષને ઉતારનારો પરમમંત્ર છે.** મોહમાં, રાગમાં, દ્વેષમાં અને હાસ્યાદિ તથા કામોદયમાં (૧) વર્તમાન આત્માની વિકૃત અને જુગુપ્સનીય અવસ્થા છે; (૨) આગામી કટુ કર્મવિપાકો અને કુસંસ્કારની દૃઢતા છે, (૩) સ્વપરના આત્મહિતને સાધવાના મળેલા અમૂલ્ય અવસરની બરબાદી છે; ઉપરાંત (૪) સ્વપરના આત્મહિતનો જોરદાર ઘાત અને ભારે અહિતનું ઉપાર્જન છે. મોહ–સેવામાં આવાં આવાં ભયંકર નુકશાનો રહેલાં છે, તે બધું આજ્ઞા (સર્વજ્ઞના આગમ–વચન)થી જાણવા છોડવા મળે છે. માટે આજ્ઞા એ મોહવિષને નાબૂદ કરનારો શ્રેષ્ઠ મંત્ર છે.

**સર્વજ્ઞ સિવાય બીજાનું શું ગજું** કે એ જાણી શકે કે (૧) મોહની સૂક્ષ્મ અને વિવિધ લાગણીઓ અંતરાત્મામાં કેવી કેવી કામ કરી રહી હોય છે? (૨) એથી કેવા કેવા કર્મ–વિસ્તારના

બંધ-સંક્રમણ-ઉદ્વર્તના-અપવર્તના-નિકાચના વગેરે આત્મામાં પ્રવર્તી રહેલ છે? (૩) એના ભાવી કેવા કેવા ભયંકર ઉદય આવનાર છે, અને એ કેવું કેવું કાર્ય કરવાના છે? (૪) આજ્ઞા-પાલન કઈ વિધિએ કેવા કેવા ક્ષયોપશમ-કર્મનિર્જરા-પુણ્યબંધ કરાવે છે?.... ઇત્યાદિ.

સર્વજ્ઞની આજ્ઞાથી એનું સચોટ જ્ઞાન થઈ ગયા પછી આત્મામાંથી મોહના ઝેરને હટાવવાનો વીર્યોલ્લાસ અને ઉદ્યમ પ્રગટે છે. આજ્ઞાનો અજ્ઞાની શું કરી શકવાનો? એને તો મોહની ભયાનકતા જ નથી સમજાતી. એ તો મોહને જ હિતકારી દેખે છે. એનું પરિણામ? અનંત સંસારના ત્રાસમય ઘોર અંધારામાં ડૂબી મરવાનું! આજ્ઞાનો મહામંત્ર મોહના ઝેર અટકાવી નાબૂદ કરી પ્રકાશમય જીવન, પ્રકાશમય ઉત્થાન, અને પ્રકાશમય પ્રયાણ ઊભું કરે છે! આજ્ઞાના મંત્ર વિના એ મોહનું ઝેર આત્મામાથી કોણ કાઢે?

**ઇન્દ્રભૂતિ** વગેરે ૧૧ બ્રાહ્મણ મિથ્યાત્વમોહમાં અટવાતા હતા, પણ એમને જિનેન્દ્ર ભગવાન શ્રી મહાવીરદેવનું મહામંત્રસમું વચન મળ્યું, એને એમણે ઝીલ્યુ, અને એ જિનવચનરૂપી પરમમંત્રથી એમનું મિથ્યાત્વ તથા અવિરત-મોહનું ઝેર નાબૂદ થઈ જતાં, એ ત્યાંજ ચારિત્ર લઈ પ્રભુના શિષ્ય અને ગણધર બની ગયાં. અનંતા ગણધરો એમજ જિનવચનમંત્રે નિર્મોહી બનેલા.

**(૨) આજ્ઞા એ જળ** :-આટલું જ નહિ, આજ્ઞા તો દ્વેષ-અરતિ-શોક વગેરે અગ્નિને બુઝવનાર પાણી પણ છે. કેમકે, જે હૈયે આજ્ઞા વસી, એ હ્રદયમા હવે ઉપશમ અર્થાત્ કષાયના અભાવનો અને ઉદાસીનતાનો મેઘ વરસે છે. ઉદાસીનતા એટલે જડ પરથી ઊઠી ગયેલું ચિત્ત, જડનું શુદ્ધદર્શન. પછી ત્યાં દ્વેષાદિ કેમ ટકી શકે? એવા મેઘ ન વરસતા દેખાય તો આજ્ઞા હ્રદયમાં વસી છે કે કેમ, એની શંકા કહેવાય.

જિનવચન-જળમાં રોષ આદિ ઠારવાની અજબ તાકાત છે. ❂ **આચાર્ય શ્રી હરિભદ્રસૂરિજી મહારાજને** બૌદ્ધ પર ગુસ્સો ચઢેલો, કેમકે બૌદ્ધએ કરેલા પ્રપંચથી પોતાના બે મુનિ હંસ-પરમહંસના મોત નીપજેલા. પણ એ ગુસ્સો એમના ગુરુ આ૦ શ્રી જિનભટ્ટસૂરિજીના ધ્યાનમા આવતાં, એમણે 'શ્રમણપણું ઉપશમ-પ્રધાન હોય છે, 'उवसमसारं खु सामण्णं' એ જિનવચન સાથે સમરાદિત્ય અને અગ્નિશર્માના સંયુક્ત ભવોની ગાથા મોકલી. આ૦ શ્રી હરિભદ્રસૂરિજી મહારાજને એનાથી રોષ ઠરી ગયો.

(૩) **આજ્ઞા એ ચિકિત્સાશાસ્ત્ર** :-એવું જ આજ્ઞા (એટલે કે જિનાગમ) એ કર્મરોગને કેમ દૂર કરવો તેની સાધનાવિધિ બતાવનાર ચિકિત્સાશાસ્ત્ર સમાન છે. એના અનુસરણથી કર્મક્ષય અને મોક્ષ થાય છે.

અહીં એ સમજવાનું છે કે જગતમાં કર્મ જેવો કોઇ જાલિમ વ્યાધિ નથી. કર્મ છે ત્યાંસુધી જન્મ-મરણ, પીડા અને પરાધીનતા, ઇષ્ટ-અનિષ્ટના સંયોગ-વિયોગ, શોક અને પોક, ત્રાસ અને તલસાટ, દુઃખ અને દીનતા, અસ્વસ્થતા અને અરતિ....એ વગેરેથી આત્માએ હેરાન થવું જ રહ્યુ. એને દૂર કરવા શ્રી જિનાગમમાં સચોટ ચિકિત્સા-પ્રકારો યાને અમોઘ ઇલાજો વર્ણવેલા છે. એથી અનેક પ્રકારના કર્મનો નાશ થઈ પીડાઓ મરી જાય છે.

જિનવચન ચોક્કસ પ્રકારની સાધનાપ્રક્રિયા બતાવે છે. ❂ **ઇન્દ્રનાગ તાપસ** બબ્બે ઉપવાસને પારણે બબ્બે ઉપવાસનું અજ્ઞાન કષ્ટ કરતો હતો. એ તપ અજ્ઞાન કષ્ટરૂપ એટલા માટે હતો કે બીજી બાજુ એનાં પારણાનિમિત્ત ઘર ઘર ષટકાયજીવોના

સંહારમય પાકથી ભોજન તૈયાર થતાં, એમાંથી એ એક જ ઘર પારણું કરતો. એકવાર ભગવાન શ્રી મહાવીરદેવ જ્યાં સમોસર્યા છે એ નગરમાં એ આવ્યો. એના પારણા સમયે પ્રભુએ ગૌતમ-સ્વામીને મોકલ્યા. એમણે પ્રભુનું વચન એને જઈને સંભળાવ્યું 'ओ अणेगपिंडिया! एगपिंडिओ तं दट्ठुमिच्छइ।'—'હે અનેક પિંડિક! તને એકપિંડિક મળવા ઈચ્છે છે.' તાપસે પ્રભુ પાસે આવી પૂછ્યું કે 'હું તો એક જ ઘેરથી આહાર લઉં છું., તો અનેક પિંડિક શાનો?' પ્રભુએ સમજાવ્યું કે 'ભલે તું તેમ કરતો હો, પણ તારા માટે અનેક સ્થાને પિંડયા ને ઘર ઘર ભોજન તૈયાર થાય છે, એ તારા નામ પર ચડે છે.' જિન-ચનથી ઇંદ્રનાગનો દર્શનમોહ-ચારિત્રમોહનીય કર્મ-વ્યાધિ દૂર થયો, અને તરત જ એણે ષટ્કાયજીવરક્ષા અને આહારની નિર્દોષ ગવેષણામય સાધુમાર્ગની દીક્ષા સ્વીકારી લીધી.

**સંયતિ રાજા** ક્રૂર શિકારી હતો, પણ એકવાર શિકાર અર્થે ગયેલો, એને મુનિ પાસેથી દયામય જિનવચન મળ્યાં; તેથી એના કર્મવ્યાધિની એવી ચિકિત્સા થઈ કે એણે શિકાર છોડ્યો! એટલું જ નહિ, કિન્તુ સંસારમાં કર્મ-વિટંબણા દેખી સંસારનો પણ ત્યાગ કર્યો! સંયતિ રાજા મુનિ બન્યો.

આજ્ઞાથી સર્વ કર્મ નાશ થઈ મોક્ષ મળે છે, એટલે આજ્ઞા એ તો શિવફળનું કલ્પવૃક્ષ છે. સ્વર્ગના કલ્પવૃક્ષો એની આગળ તુચ્છ છે. કેમકે એ કાંઈ મોક્ષ ન આપે. જ્યારે જિનાજ્ઞા બાહ્ય-આભ્યન્તર તપ દ્વારા કર્મનો ચૂરો કરી મોક્ષ આપે છે, માટે આજ્ઞાનાં ગ્રહણ-ભાવન-પારતંત્ર્યની જરૂર છે.

પ્ર૦–અણુવ્રતો લઈ લીધા એટલે જોઈતા ગુણ તો મળી ગયા, પછી આજ્ઞાના ગ્રાહક–ભાવક વગેરે થવાની શી જરૂર છે?

ઉ૦–વ્રતોમાત્રથી બસ નથી. કેમકે દા. ત. બીજા અણુવ્રતથી એ જૂઠું તો ટાળશે, સત્ય પાળશે પણ સાચું બોલીને મળેલા લાભમાં મહાલતા અચકાશે નહિ! અથવા, તેવા કોઈ પ્રસંગમાં દયાને જ ચૂકીને સાચું પકડી રાખશે! પણ જો આજ્ઞા અર્થાત્ જિનવચનનું ગ્રહણ ચિંતન–મનન હશે તો ધર્મનાં મૂળભુત તત્ત્વ દયા મૈત્રી-ભાવ વગેરેને આગળ કરીને જ ચાલશે. એમ, જિનવચનના ચિંતન–મનનના અભાવે જો કે પરિગ્રહના પરિમાણને ઓલંઘશે નહિ, પરન્તુ બાકી રહેલા પરિગ્રહમાં પોતે આનંદથી મશગુલ બનવામાં સંકોચ નહિ રાખે! ત્યારે જીવને કહો કે 'તારી એ વિરતિ શું કરે, જો પરિગ્રહને મહત્ત્વ આપવાનું ઊભું છે?' ત્રસની હિંસા નહિ કરે, પણ સ્થાવરની હિંસા નિર્ભયતાથી કરશે! અનીતિ ચોરી નહિ કરે, પરંતુ નીતિથી પ્રાપ્ત થતા ઈન્દ્રિયોના વિષયોમાં આસક્ત પૂરો બનવાનો! નીતિ, સત્ય અને અહિંસાથી મળતી સાંસારિક સગવડ–ઋદ્ધિમાં જો કોઈ આડે આવતો હશે તો તેના ઉપર ગુસ્સો થવાનો. દ્વેષ થવાનો!' આવા બધા દોષ ટાળવા માટે આજ્ઞાનાં ગ્રહણ, (સમજ), ભાવન (આત્માને આજ્ઞાથી ભાવિત કરવો તે), વગેરેની અતિ જરૂર છે. તેથી, વિરતિ લેવા ઉપરાંત, સાધક–શ્રાવક આગમે બતાવેલા જીવ, કર્મ, વગેરે તત્ત્વોનો, સમ્યગ્-વિધિ–વિધાનોનો, આચાર–વિચારોનો, ને હેયોપાદેયનો સારો અભ્યાસી બને, હૃદયને એનાથી ભાવિત કરનારો ને એનું પાલન કરનારો બને, અર્થાત્ ભાવક બને, પાલક બને, અને પરતંત્ર બને. આજ્ઞાના ભાવન અને પારતંત્ર્ય માટે દેવગુરુનું વૈયાવચ્ચ

તથા ભક્તિ અને ઉપાસના, એમ તત્ત્વો તથા આચારોનું શિક્ષણ, પરમાત્મધ્યાન, વ્રત-પચ્ચક્ખાણ, ઇન્દ્રિયનિગ્રહ, કષાયજય.... ઇત્યાદિ અતિ જરૂરી છે. કેમકે, દા. ત., તત્ત્વોના અભ્યાસથી સાવદ્ય કાર્યમાત્ર એને આત્મહિતનાં ઘાતક અને હેય લાગે છે. તેથી સાવદ્યથી થતા પૌદ્ગલિક લાભમાં હર્ષ-રાગાદિ નહિ કરે. સાથે જ, આજ્ઞાવશ બીજા પવિત્ર આચારોથી કેળવાતો આત્મા દ્વેષની ભઠ્ઠીને ઓલવી નાખશે....વગેરે દોષોથી મુક્ત થઈ અંતે મોક્ષ પામે તે બધું આજ્ઞાના પ્રભાવે જ થાય.

તીર્થંકર ભગવાનો પણ પૂર્વજીવનોમાં જિનવચનરૂપી અમૃતનું સેવન કરતાં આગળ વધે છે, અને અંતે મોક્ષ પામે છે. પાર્શ્વનાથ ભગવાનના જીવે મરુભૂતિના ભવથી માંડી ઉત્તરોત્તર ભવમાં જિનવચનરૂપી કલ્પવૃક્ષની ઉપાસના કર્યે રાખી. અંતે ફળમાં દસમા ભવે એ તીર્થંકર થઈ મોક્ષ પામ્યા. જંબૂકુમારે ભવદત્તના ભવથી જિનવચન-કલ્પવૃક્ષની આરાધના કરવા માંડી તો પાંચમે ભવે જંબૂસ્વામી બની મોક્ષ પામ્યા.

વળી સો મણ સાકરમાંથી ખૂબ પ્રક્રિયાએ સત્ત્વ (અર્ક) ખેંચ્યું હોય તો તેની કેટલી મીઠાશ? ગજબ ને? તેના એકેક કણમાં પણ કેટલી મધુરતા? છતાં તે સત્ત્વ લાખો મણ રેતીમાં ભળી ગયેથી તેની મધુરતા ક્યાથી દેખાય? હા, તેનું પૃથક્કરણ કરવામાં આવે તો અર્ક-સત્ત્વ જુદું પડયેથી મધુરતા જણાય. આત્માની પણ તેવી જ સ્થિતિ છે. આત્માના પ્રદેશ પ્રદેશમાં અનંત આનંદ અને વીતરાગતાની મધુરતા ભરી પડી છે. પરંતુ અનંતા કર્મપ્રદેશો એમાં એકમેક-સેળભેળ થઈ જવાથી તે મધુરતા છૂપાઈ ગઈ છે. જિનાજ્ઞાની પ્રક્રિયાથી કર્મનું પૃથક્કરણ

થાય તો એ જરૂર પ્રગટ થાય. જિનાગમની કસ્તૂરીના પુટથી વાસિત કરેલ આત્મામાંથી જુગજૂની અવળી આદતની બદબો નાશ પામતાં વાર નહિ. એ બદબો ગયા પછી તો શુદ્ધ સ્વરૂપે શાશ્વતકાળ રહેવા રૂપ મોક્ષ થાય એમાં નવાઈ શી? વળી

**આજ્ઞા એ ચિકિત્સા–શાસ્ત્ર** –વળી મિથ્યાત્વ અવિરતિ અને કષાયરોગ તથા કર્મ–વ્યાધિ દૂર કરવા આગમ એ ચિકિત્સા–શાસ્ત્ર છે. એમાં કર્મરોગ મિટાવવાના અનેક ચોક્કસ ઉપાયો અને વિવિધ વિધાનો (પ્રિસ્ક્રિપ્શનો) છે. એને સર્વજ્ઞ–વચન જ બતાવી શકે. એની ઉપેક્ષા કર્યેથી શું વળે? આગમે બતાવેલા એ ઉપાયભૂત દયા, દાન, ત્યાગ, તપસ્યા, ઇન્દ્રિયદમન, પ્રભુની ભક્તિ, એ બધું વિરતિના પરિણામ વધારવા માટે છે; જેથી અવિરતિ–મિથ્યાત્વ–કષાયાદિ રોગ ઘટતો આવે. 'એ દાનાદિ બધાની શી જરૂર છે? આપણે તો અણુવ્રત લઈ લીધાં છે,' આમ લોચા વાળી રાંક જીવ હજી પણ અનાદિકાળની ઊંધી વૃત્તિ–પ્રવૃત્તિને જીવંત રાખી રહ્યો છે!!

જીવની એ કેવી અજ્ઞાનતાભરી આદત છે કે 'દેવગુરુને પોતાના તરીકે સારા ન સેવવા, પણ શરીરને પોતાનું ગણી સારું સેવવું! ઘર દુકાન પૂર્ણ સંભાળવા, અને મંદિર ઉપાશ્રયની સામેય ન જોવું! ધર્મ ખાતર કાંઈ ન કરવું, અને ઘર ખાતર બધું કરી છૂટવું! ધર્મક્ષેત્રમાં ન ઘસાવું, પણ સંસાર–વ્યવહાર માટે બહુ ઘસાવું! પરમાર્થમાં હૃદયથી રાતી પાઈ ન ખરચવી, જ્યારે ઘર અને દુકાન પાછળ હોંસથી ધનનો ધુમાડો કરવો! જડની વાતમાં વગર કહ્યે તૈયાર, અને આત્માની વાત–વસ્તુમાં પ્રેરણા છતાં પ્રમાદ! અગર ઉપેક્ષા!' આ બધો અનાદિ કાળનો મોહનો

કુઅભ્યાસ છે. મોહ શીખવે છે કે 'ત્યાગ તપ તો શક્તિ અને ભાવના મુજબ કરવાના. વળી વિરતિમાં તો વ્રત પાળવાનું આવે, પણ ત્યાગ તપ નહિ. ત્યાગ તપ કરવા એ તો ઈચ્છાની વાત છે. વળી ધન વગેરે પરિગ્રહનું પરિમાણ જ અલ્પ રાખ્યુ છે, ત્યાં દાન ક્યાથી થાય ?' મોહાન્ધને આવા આવા કેઈક ઊંધા ખ્યાલો છે. **જ્યાં સુધી આત્માને રાગદ્વેષના ગલબંધથી ગુંગળામણ, ને અજ્ઞાનમિથ્યાજ્ઞાનના ઝેરથી સનેપાત પીડે છે, ત્યાં સુધી એ જડને જ સમર્પિત રહેવાનો.** ત્યાં સુધી ધર્મને અર્પિત થવાનું અને ધનભોગ સુખભોગ અને આત્મભોગ આપી ધર્મ સેવવાનું એને મુશ્કેલ! પણ જો અમૃત-સમી આજ્ઞાનો ગ્રાહક ભાવક અને પરતંત્ર બને, તો જરૂર એ ઝેર અને સનેપાત ઊતરી જાય, મોહરોગ-કર્મરોગની જિનાજ્ઞાનુસાર ચિકિત્સા થાય, અને એ રોગ નાબૂદ થાય.

## (૬) અકલ્યાણમિત્ર-ત્યાગ.

सूत्र-वज्जिज्जा अधम्ममित्तजोगं। चिंतिज्जाभिणवपाविए गुणे, अणाइभवसंगए अ अगुणे। उदग्गसहकारित्तं अधम्ममित्ताणं, उभय-लोगगरहिअत्तं, असुहजोगपरंपरं च।

**અર્થ**-અધર્મમિત્રનો સંપર્ક ત્યજવો. વિચારવું કે અહિંસાદિ ગુણો નવા પ્રાપ્ત થયા છે, હિંસાદિ દોષ અનાદિ સંસારના લાગેલા છે, અધર્મમિત્ર એને અત્યંત સહાયક છે, ઉભયલોક માટે નિંદ્ય છે, અને અશુભ વ્યાપારની પરંપરા (ચલાવનારા) છે.

**વિવેચન** :-સાધુજીવનની પવિત્ર અને સુંદર અવસ્થા

માટેની યોગ્યતા કેળવવા છઠ્ઠી વસ્તુ આ છે કે 'અકલ્યાણમિત્રોનો સંપર્ક ત્યજવો.' 'અકલ્યાણમિત્ર' એટલે સામાના આત્માનાં કલ્યાણના ઘાતક, હિતશત્રુ, દા. ત. જુગારી વ્યસની ચોર દુરાચારી વગેરે મિત્ર બનીને સામાને એ જ જુગાર વગેરેનો રસિયો બનાવી આત્મહિતનો મહા ઘાત કરે છે, માટે એ અધર્મમિત્ર છે. એમ જે જૂઠડફાણુ, નિંદા, કુથલી, પાપભાષા, વિશ્વાસઘાત વગેરેમાં પ્રેરે છે, હિંસક ક્રિયાઓમાં તાણે છે, ક્રોધ–મદ–માન–માયા–કપટ–તૃષ્ણા–મમતા વગેરે કષાયોમાં જે ઘસડી જાય છે, અભક્ષ્યભક્ષણ–અસેવ્યસેવન–અપ્રશસ્યપ્રશંસાદિના જે પ્રેરક બને છે, એ બધા અકલ્યાણમિત્ર છે. ટૂંકમાં પરલોક બગાડે એવા દોષ–દુષ્કૃત્યમાં, જડના રંગરાગમાં અને આહાર–વિષય–પરિગ્રહાદિ સંજ્ઞાઓની ગુલામીમાં જે ફસાવનારા છે, પછી તે ચાહ્ય મવાલી મિત્રના રૂપમાં હોય કે વ્યવહારથી સગાસ્નેહી–પાડોશીના યા ઉપદેશક ગુરુના લેબાશમા હોય, અરે! માબાપ, પતિ–પત્ની કે પુત્રના રૂપમાં હોય, પણ જો એ ભયંકર મોહની પરિણતિ જ વધારતા હોય, બાહ્યભાવનો નશો જ ખીલવતા હોય, ને સંસાર–રસિકતા જ પોષતા હોય, તો એ અધર્મમિત્રો છે. એક બાજુ જીવ શ્રાવકનાં વ્રત તો લે, પણ બીજી બાજુ અકલ્યાણમિત્રોનો સંબંધ ન છોડે તો કઈ દુર્દશા પામે એ વિચારો.

પ્રશ્ન–તો શું એવા અકલ્યાણમિત્રની ગરજ સારતા સગા–સ્નેહીને મૂકી દેવા ?

ઉત્તર :–ઉત્તમ માર્ગ તો એ છે કે સંસારમાં જે કોઈ અકલ્યાણમિત્ર છે, તે સર્વનો સર્વથા ત્યાગ કરવો. પણ તે જો ન બને તો તેવા સગાંસ્નેહીઓને કલ્યાણમિત્ર બનાવવા. 'જે ઉચ્ચ

ગુણો ઉપશમ, સમાધિ, ત્યાગ, વૈરાગ્ય તથા અહિંસા સત્ય વગેરે છે, તેનાં મૂલ્ય અગણ્ય છે; તે ગુણો જ આત્માના સાચા ઉપકારી છે એ જ ભવિષ્યનો અનંતો કાળ ઉજ્જવળ બનાવનાર છે,' ઈત્યાદિ એમને હૃદયમાં સચોટ ઠસાવવું જોઈએ. આનંદકામદેવાદિ શ્રાવકોએ મહાવીરપ્રભુ પાસે સમ્યગ્દર્શન અને વ્રતધર્મ પામી આવ્યા પછી ઘરે પત્નીને એ સમજાવી કલ્યાણમિત્ર બનાવી. તેથી એ પત્નીઓ જાતે ધર્માત્મા બની. પતિને ધર્મસાધનામાં સારી અનુકૂળ થઈ.

**નંદ મણિયાર**—આથી ઉલ્ટું જો અકલ્યાણમિત્રરૂપ સગાં સ્નેહી–પરિવારના રંગમાં આપણે તણાયા તો આપણા બેહાલ થાય છે, પામેલો ધર્મ ઠેકાણે પડી જાય છે. નંદ મણિયાર શ્રી પાર્શ્વપ્રભુના શાસનનો શ્રાવક, પણ પાછળથી મુનિઓ અને ધર્મી શ્રાવકોનો સંગ છૂટી અકલ્યાણમિત્ર સંસારના દલાલોના સંગમાં તણાયો. એ લોકો તો અર્થ–કામના જ ગુણ ગાય. નંદ શ્રાવક ત્યાં એ જોવું ભૂલ્યો કે 'આ મેં મુનિઓ પાસેથી અહિંસાદિ ગુણો નવા પ્રાપ્ત કર્યા છે, અને આ લોકો વાત કરે છે તે આરંભ–પરિગ્રહાદિ દોષો તો અનાદિના છે જ. એને આવા કુસંગથી ઉશ્કેરાવાનું અને દૃઢ થવાનું થશે! માટે આનાથી આઘો રહું!' ના, આ જોયુ નહિ, તેથી કલ્યાણમિત્રનો સંગ છોડી અકલ્યાણમિત્રોના સંગમાં રહ્યો. ધર્મ અને ગુણોમા શિથિલ થઈ અસંખ્ય અપ્કાય જીવ અને બીજા અગણિત ત્રસ જીવોની હિંસામય વાવડીમા એણે ધર્મ માની વાવડી બંધાવી. એની ખુશીની લેશ્યામા તિર્યંચગતિનું આયુષ્ય બાંધી મરીને એમાં જ દેડકા તરીકે ઉત્પન્ન થયો!

આ પરથી સમજવાનું છે કે આપણે કુટુંબીઓ શું, કે બીજા શું, એમને કલ્યાણમિત્ર બનાવવા જોઈએ, જેથી એ બધા

આપણને અહિંસાદિ ધર્મ–ગુણોમાં સહાયક બને.

જાતે પણ વિચારવું કે અહિંસાદિ ગુણો નવા પ્રાપ્ત કરેલા છે. કારણ? એ જો અનાદિકાળથી જીવની સાથે આવ્યા હોત, તો તો તેની ઉપર મમત્વ હોત, એ ગુણો ભૂલાય છે તે ન ભૂલાત. નવા છે માટે એને ખૂબ સાચવવાના, બીજા સંયમનોથી સાચ–વવાના. જ્યારે હિંસા, લોભ વગેરે દુર્ગુણો અનાદિના છે, કેમ કે અવિરતિ અનાદિની છે, માટે એનાથી બહુ સાવધ રહેવા જેવું છે, રખે એ જાગી ન પડે! આ શ્રેષ્ઠ ભવમાં ગુણોને ખૂબ પોતાના કરવાના છે, ખૂબ યાદ કર્યા કરવાના છે, તેમ દુર્ગુણોને ભૂલવાના છે, અળખામણા કરવાના છે. અહીં એ નહિ થાય તો **દુર્ગુણોને ભુલવા માટે માનવ ભવથી બીજો સારો ભવ સળવો અતિ મુશ્કેલ છે.** દોષેથી તો દીર્ઘ દુર્ગતિ અને અખંડ સંસાર થશે!

જીવને એ જ સમજાવવા જેવું છે કે 'ક્ષણજીવી સંપત્તિ અને વિષયસુખો માટે દોષો જે સેવાય છે, શું તેનાં પરિણામ–રૂપે નીપજનાર દીર્ઘ દુર્ગતિ અને અખંડ સંસાર તને ખપશે? જો નહિ, તો નક્કી કરી દે, કે 'દોષની રમત પૂર્વે બહુ કરી, હવે એ ન જોઈએ, હવે તો ગુણોનું જ જીવન જોઈએ. એટલા જ માટે અકલ્યાણમિત્ર સાથે સબંધ ન રાખવો.' અકલ્યાણ–મિત્રો તો હિંસાદિ દોષોના અત્યંત સહાયક છે. એમના સંબંધથી હિંસાદિ પગભર રહે છે એ આ લોક પરલોકની ચિંતાથી રહિત હોય છે. આ ભવ અને ભવાંતરમાં વાસ્તવિક હિત, શુભ અને શાન્તિ કઈ, અને શામાં છે? તેનો વિચાર જ એમને નથી. તેથી અહિત, અશુભ અને અશાંતિ ઊભી થાય એવી સલાહ, સૂચના, પ્રેરણા, અને યાવત્ બલાત્કાર પણ તે દુર્ગુણોને આચરવા

માટે કરે છે; એ પાપોમાં સમતિ આપી એને વધાવી લેનારા હોય છે. દા. ત. **આજે** પૈસા ઘણા છે તો તે કહેશે કે 'બીજી **પેઢી** ખોલો. બંગલા મોટર વગેરે વસાવો, ધંધો ગમે તે કરો પણ **પૈસા** ભેગા કરો. કસર ન કરતા, સારી રીતે ખાઓ, પીઓ, ભોગવો,' આવી પાપ-વૃદ્ધિની જ સલાહ આપે છે. ક્લેશ-કલહ, અહંકાર-દંભપ્રપંચ, વિલાસ-દુરાચાર, અસત્ય-અનીતિ વગેરેની સલાહ અકલ્યાણમિત્રો આપતા રહે છે, એમાં સહાય પણ કરે છે. કેમકે એમા એમને રસ છે. આવા માણસોને 'દાન કરો, ત્યાગ-તપ કરો, અહિંસાદિ વ્રતો લો, સદાચારો પાળો, ધર્મશ્રવણ કરો, દેવ-ગુરુ-સેવા કરો, વડિલ જનોની આમન્યા રાખો, શાસ્ત્ર ભણો, શાસન-પ્રભાવના કરો, સાત ક્ષેત્રની ભક્તિ કરો...' આવી આવી સલાહ-ઉપદેશ આપવાનું ક્યાંથી આવડે? એ તો પોતાના અધમ રસ, પોતાના તુચ્છ સ્વાર્થ અને પોતાના પૌદ્ગલિક આદર્શ મુજબ જ બીજાને દોરવાના. એવા અકલ્યાણમિત્રના સંગમાં ફસાયા કે મર્યા! ધર્મના એ લૂંટારા છે

**મહાવીર પ્રભુના જીવ મરીચિને** દુરાગ્રહી કપિલ રાજકુમાર અકલ્યાણમિત્રનો યોગ થયો મરીચિએ એને રાજી કરવા 'સંન્યાસી પરિવ્રાજકપણામાં પણ શુદ્ધ ધર્મ હોવાનું' ઉત્સૂત્ર ભાષણ કર્યું. આમ મરીચિ નવા પ્રાપ્ત થયેલ સમ્યગ્દર્શન ગુણની દુર્લભતા અને મહત્વ ભૂલ્યા, અનાદિ-સિદ્ધ મિથ્યાત્વને જાગતું કર્યું, અને એથી એમને એક કોડાકોડી સાગરોપમવર્ષ-પ્રમાણ સંસાર-વૃદ્ધિ થઈ! અકલ્યાણમિત્ર કપિલ વળી શિષ્ય બન્યા પછી પણ આ મિથ્યાત્વદોષોનો એવો સહાયક બન્યો હશે કે મરીચિએ એ દોષના પશ્ચાત્તાપ કે પ્રાયશ્ચિત્ત ન કરવાથી એ પછીના ભવોના ભવો

સુધી જૈનધર્મ અને સમ્યગ્દર્શનથી દૂર ફેંકાઈ ગયા ! ઉપરાંત અસંખ્ય એકેન્દ્રિયના ભવોમાં ભમ્યા ! અકલ્યાણમિત્ર મિથ્યાત્વ-આરંભ-પરિગ્રહ-કષાયાદિ દોષોમાં ઉદગ્ર યાને ઉગ્ર સહકારી છે, અત્યંત સહાયક છે, માટે એનો ત્યાગ કરવાનું અહીં ખાસ કહ્યું.

**કયવન્નો** ધર્માત્મા છતાં અકલ્યાણ-મિત્રના સંપર્કે ઠેઠ વેશ્યાગામી, માતા-પિતાને વિસરનારો અને સઘળી લક્ષ્મી ફના-ફાતિયા કરનારો બન્યો.

જંબૂકુમારનો કાકો **જિનદાસ** અકલ્યાણમિત્ર જુગારિયાની સંગતે જુગાર આદિ મહાવ્યસનનો લંપટ બન્યો. યાવત્ નિર્ધન થવા ઉપરાંત જુગારીઓનો દેવાદાર થઈ એમના હાથે ભયંકર કૂટાયો. પછી ભાન આવ્યું કે આ સંગત ખોટી; તેથી હવે ભાઈ ઋષભદત્તના કલ્યાણસંસર્ગે ધર્મમાર્ગે ચઢી ગયો.

### (૭) લોક વિરુદ્ધનો ત્યાગ: સ્વ-પર-અબોધિ.

**સૂત્ર**-परिहरिज्जा सम्मं लोगविरुद्धे। करुणापरे जणाणं न खिंसाविज्ज धम्मं। संकिलेसो खु एसो, परमबोहिबीअम्, अबोहिफलमप्पणोत्ति।

**અર્થ** :- લોક વિરુદ્ધનો સારી રીતે ત્યાગ કરવો. લોકો પર કરુણા-તત્પર રહેવું. ધર્મની નિંદા ન કરાવવી. એ ખરેખર સંક્લેશ છે. ઉત્કૃષ્ટ અબોધિબીજ છે, અને પોતાના માટે અબોધિ પેદા કરે છે.

**વિવેચન** - અકલ્યાણમિત્રની જેમ લોકવિરુદ્ધ કાર્ય પણ મહાઅનર્થકારી છે, માટે એનો ય ત્યાગ જરૂરી છે. માટે ધર્મગુણોના સ્વરૂપની વિચારણા, ભંગની ભયંકરતા, ગુણોનો

સ્વીકાર, જિનની આજ્ઞાનો અભ્યાસ અને આધીનતા, આજ્ઞા એ મંત્રાદિ, અકલ્યાણમિત્રનો ત્યાગ, સત્ય, અહિંસા વગેરે નવા ગુણોના અને હિંસાદિ અનાદિ દુર્ગુણોના સ્વરૂપનો પૂરો ખ્યાલ, એ છ ની જેમ આ સાતમું 'લોકવિરુદ્ધનો ત્યાગ' કરવાનું કહ્યું.

એમા આ લોક પરલોકથી વિરુદ્ધ જે કાર્યો તે તજવા–એમાં સાત વ્યસન, નિંદા, ચુગલી, ખરકર્મ વગેરે આવે; તેમજ જેથી લોકને અશુભ અધ્યવસાય ચિત્તસંક્લેશ વગેરે થાય તેવું વર્તન પણ આવે. એવાં લોકવિરુદ્ધ કાર્ય ન કરવાં. સાધુધર્મની પરિભાવના કરવાવાળો તો લોકો પર દયાભાવવાળો હોય. તેથી એ પોતાની તેવી પ્રવૃત્તિ નિમિત્ત લોકોને અધર્મ ન થાય, તેનો પૂરતો ખ્યાલ રાખવાવાળો હોય.

પ્ર૦–મોહાંધ માણસ કોઈ ધર્મી જીવોને પોષધ કરવા જતા જોઇને, 'આ બધા ભગતડાઓએ આમ ને આમ દેશને પાયમાલ કરાવ્યો છે,' એમ વિચારે બબડે, ત્યા પોષધ એ લોકવિરુદ્ધ ન ગણાય ?

ઉ૦--ના, કેમકે, એ અશુભ અધ્યવસાય ધર્મી જીવોએ નથી કરાવ્યો, તે તો તેની અંદર પડી રહેલો જ હતો, તે જરા પ્રગટ દેખાયો. પણ પોષધવાળો લઘુનીતિ ગમે ત્યા કરવા બેસે, તેનાથી લોકોને જે ઘૃણા થાય અને ધર્મ–ધર્મી ઉપર અભાવ થાય, તે તો આ અનુચિત પ્રવૃત્તિ નિમિત્તે થયું કહેવાય; માટે એનો ત્યાગ કરે. એક માણસ નવકારશી કરીને ઘણાં સાધર્મિકને જમાડે તે કેટલાકને ન રૂચતુ હોય, તો તે પ્રવૃત્તિ લોકવિરુદ્ધ ખરી કે નહિ ? ના, તે લોકવિરુદ્ધ નહિ પરંતુ જ્યારે કોઈ માણસ તેની જ પાસે ગરીબી અવસ્થાને અંગે પાંચ રૂપિયાની મદદ

માગે, અને છતી શક્તિએ તે ન આપે તો તે લોકવિરુદ્ધ કહેવાય. ધર્મકાર્યમાં આમ ઘણા પૈસા ખરચવા છતાં પાંચ રુપિયા માટે આનાકાની કરે, ન આપે, તો એ જાણવામાં આવતાં લોકો એની નિંદા કરે. 'જોયો ધર્મદંભી!' આગળ વધીને લોક ધર્મને વખોડે કે 'આમનો ધર્મ જ એવો છે,' અને એમ ધર્મ પ્રત્યે દ્વેષી પણ થાય. તેથી આવી કૃપણતા કઠોરતા એ લોકવિરુદ્ધ ગણાય.

કેટલીક સામાન્ય પ્રવૃત્તિથી એકાદ માણસને તેની અણસમજ કે મૂર્ખતાને લીધે મનમાં લાગી જાય તે હજી ઉપેક્ષણીય હોય, પરંતુ જનસમૂહને ન લાગે તે માટે સાવધાન રહેવું ઘટે. **ગુણનો ઉપાસક તો સામાન્ય પ્રવૃત્તિની પણ ઘણી જ કિંમત આંકે.** લોક બિચારા અધર્મ ન પામે, ધર્મની નિંદા ઘૃણા કરનારા ન બને, ધર્મ પર તિરસ્કાર ન કરે, અવહેલના ન કરે,–એ દયા ધર્મીને નહિ આવે તો કોને આવશે? તેને આવવી જ જોઇએ, અને તેથી જ લોક અધર્મમાં પડી ન જાય તેવી તે સાવચેતી રાખે પોતે બીજાને ધર્મ પમાડવો તો દૂર રહ્યો, પણ બીજાઓ પોતાના જ રહ્યા સહ્યા ધર્મને કે ધર્મ પ્રત્યેના આદર–સદ્ભાવને ગુમાવે, ઉપરાંત અનાદર–તિરસ્કારવાળા બને, એવું કેમજ આચરાય? એ અનાદાર વગેરે અશુભ ભાવ હોઈ સંક્લેશરૂપ છે, ને બોધિ યાને ધર્મ પ્રત્યે અરુચિરૂપ હોવાથી, એનું પરિણામ ઉગ્ર અબોધિબીજનું આવે છે. જૈનધર્મની પ્રાપ્તિના વિરોધી ભાવને ઉત્પન્ન અને દૃઢ કરનારું બને છે; કે જે ધર્મપ્રાપ્તિના કારણભૂત ધર્મઆદર–આકર્ષણ–પ્રશંસાથી, અર્થાત્ બોધિબીજથી એ લોકને અત્યંત દૂર રાખે છે, અને પોતાના માટે ય પરભવે અબોધિનું ફળ નીપજે છે.

**લોકવિરુદ્ધ** એટલે લોકના દિલમાં ધર્મ પ્રત્યે દુર્ભાવ કરાવે એવા વાણી વર્તાવ. દા. ત. દાન તિરસ્કારથી દે, ભિખારીને રોટલી આપી પણ ગુસ્સાથી, 'લે મો બાળ, સાંઢ જેવો થઇને ભીખ માગતાં શરમાતો નથી?'–એમ કહીને ભિક્ષા આપી. એથી પેલાનું દિલ ઘવાય, મનને થાય કે 'આ લોકોનો ધર્મ આવો?'

**ધર્મના અંચળા હેઠળ ઠગાઇ કરવી એ લોકવિરુદ્ધ** કાર્ય છે. કેમકે જ્યારે એ ઠગાઈનો ઘટસ્ફોટ થાય છે, ત્યારે અનેક લોકો ધર્મ તરફ અભાવવાળા બને છે. એક શ્રાવક બહારગામ ગયો. ત્યા એક શેઠે એને પોતાના ઘરે આવકાર્યો. પેલાએ જોયું કે 'આ ભાઈ ધર્મપ્રવૃત્તિ સારી કરે છે, અને એથી લોકો એમની દુકાનેથી ખરીદી સારી કરે છે' પરન્તુ એક ભાઈ સાધર્મિકવાત્સલ્ય માટે આમને ત્યા ઘી લેવા આવ્યા, એમાં આણે ત્રાજવાના ધડામાં કપટથી છાનીમાની પાચશેરી સરકાવી દીધી, એ આ મેમાને જોયું. મેમાનને લાગ્યું કે આવી રીતે તો એ કેટલાય સાધર્મિકને ઠગતો હશે, માટે એને ગૂઢ શિખામણ આપવી. એ માટે એણે સાંજે સમૂહ–પ્રતિક્રમણમા જઈ થોયનો આદેશ માગ્યો. આદેશ મળ્યો અલબત્ એ સમજતો હતો કે પ્રતિક્રમણ જેવી મહાપવિત્ર ક્રિયામા આવી થોય ન બોલાય, છતાં આ બોલવાથી એ ભાઈને શિખામણ લાગે અને લોકોને ધર્મના ઓઠા હેઠળ ઠગવાનું બંધ કરે તો સારુ, એ હેતુથી આ પ્રમાણે થોય બોલે છે:—

શ્રાવકને ઘેર શ્રાવક આવ્યા,
 કપટ જાળ દેખાણીજી
પાંચશેરી સરકાવી ધડામા,
 ધર્મ ઓઠે ન પેખાણીજી.

આટલું બોલતાં તો પેલો શેઠ તરત સમજી ગયો, ગભરાયો, 'કોણ જાણે હવે આગળ શું ય બોલશે!' એટલે તરત વચમાં જ કાઉસ્સગ્ગ પારી આ પરદેશીને ભેટી પડે છે. બાહ્યથી હરખ દેખાડે છે અને એના કાનમાં કહે છે 'ભાઈ સાબ! માફ કરો, આ બોલશો નહિ, બીજી થોય બોલો.' લોકો સમજી ગયા અને કેટલાયને એના પર અને એના ધર્મસુકૃતો પર અરુચિ થઈ.

**પ્રતિજ્ઞાભંગ, વ્રતભંગ પણ** લોકોને ધર્મ પર અરુચિ કરાવે છે. મોટા ઉછરંગથી જાહેર સમારોહપૂર્વક ચારિત્ર લીધું હોય, અને કેટલોક વખત પાળીને અનેકને આકર્ષ્યા હોય, પણ પછી જો એ ચારિત્ર છોડી દે અને એ જ લોક વચ્ચે ફરે, તો તેથી અનેકને ધર્મ પ્રત્યે અરુચિ થાય.

આપણી સારી પણ પ્રવૃત્તિ પાછળની એવી બેદરકારી કે જે લોકોને ચિત્તક્લેશ કરે એ ય લોકવિરુદ્ધ કહેવાય. દા. ત., સાધર્મિકવાત્સલ્ય તો જમાડ્યું, પણ લોકોના આંગણા આગળ કે રસ્તામાં પડેલા એંઠવાડ સાફ ન કરાવ્યા, તો લોકને જમાડનાર પ્રત્યે અને કદાચ આગળ વધીને સાધર્મિક-વાત્સલ્યનાં જમણ ઉપર પણ અરુચિ થાય કે 'આ લોકનો આવો ધર્મ?' માટે સાવધાની રાખી લોકવિરુદ્ધ કાર્યનો ત્યાગ કરવો. કારણ આ છે,–

## 'લોક વિરુદ્ધ'ની ભયંકરતા

સૂત્ર–न खलु इत्तो परो अणत्थो। अंधत्तमेअं संसारोडवीए, जणगमणिट्ठावायाणं, अइदारुणं सरूवेणं, असुहाणुबंधमच्चत्थं।

**અર્થ** :–(આ પ્રમાણે ચિંતવે–) 'ખરેખર આ લોકવિરુદ્ધથી વધીને કોઈ અનર્થ નથી. એ સંસાર-અટવીમાં અંધાપો છે, અનિષ્ટ નુકશાનોને પેદા કરે છે, સ્વરૂપે અતિ ભયંકર છે.

અત્યંત અશુભ અનુબંધ-(બીજ-શક્તિથી)થી યુક્ત છે.

**વિવેચન :**-લોકવિરુદ્ધ પ્રવૃત્તિ સામા જીવોમાં ચિત્ત-સંક્લેશ અને ધર્મ તરફ ગ્લાની-દુર્ભાવ કરતી હોવાથી, એવા એ અનેક જીવોને ભવાંતર માટે પણ બોધિ યાને ધર્મ પામવાનું બીજ જ દૂર કરી મૂકે છે, તેમ એ પોતાને પણ બોધિ જે દુર્લભ બનાવે છે, એ બંનેની ભયંકરતા વિચારીએ તો લાગે કે 'લોકવિરૂદ્ધ પ્રવૃત્તિ એ મહાઅનર્થરૂપ છે, સંસારરૂપી અરણ્યમાં એક અંધાપો છે.' તેથી એવા ઘોર પાપકાર્યમાં ન ફસી જવાય માટે આ પ્રમાણે ચિંતવવું કે,—

**લોકવિરુદ્ધ-ત્યાગ માટે વિચારણા :**—

**લોકવિરુદ્ધ એ ઉગ્ર અનર્થ :**-" ખરેખર ! લોકવિરુદ્ધ કાર્યથી વધીને જગતમાં બીજો કોઈ અનર્થ નથી. કેમકે એનાથી અનેક લોકોને ધર્મ પ્રત્યે અભાવ-અરુચિ થાય, એથી એ ભવાતરે પણ ધર્મપ્રાપ્તિ ન કરી શકે. 'ધર્મપ્રાપ્તિનું બીજ' ધર્મ પ્રત્યે આદર છે, આકર્ષણભાવ છે. એ ઊભો હોય તો સદ્ગુરુનો સંયોગ વગેરે નિમિત્ત મળતાં ધર્મનું ઊંચું કલ્યાણ-સ્વરૂપ જાણીને ધર્મને સ્વીકારવા ઉત્સાહિત થાય પણ મૂળમાં જો એ આકર્ષણ જ ગુમાવી નાખ્યું, ને ઉલ્ટું વિરોધિભાવ હૃદયસ્થ થયો, તો પછી ધર્મ સંભળાવનાર મળે તો ય વિરોધિભાવના કુસંસ્કારને લીધે એ ધર્મસ્વીકાર શાનો કરશે ? એટલે આ રીતે લોકવિરુદ્ધ કાર્યના સેવનથી ભવાતરે પણ ધર્મપ્રાપ્તિને અયોગ્ય બની જવાય ! એથી અધર્મમાં જ ખૂંચ્યા રહેવાનું થાય ! તેથી તો બિચારો ચોરાશી લાખ યોનિના ચક્રમાં ઘૂમતો જ રહે ! લોકવિરૂદ્ધ-સેવન

સિવાય આવો મોટો અનર્થ બીજી કઈ વસ્તુ કરે? માટે કહ્યું કે લોકવિરુદ્ધ–સેવનથી વધીને બીજો કોઈ અનર્થ નથી. બીજી કઈ વસ્તુ આટલું બધું દુષ્ટ પરિણામ ઊભું કરે? એ તો લોકવિરુદ્ધ સેવન જ એવી વસ્તુ છે કે જે સેવનારના દિલને એવો એક તીવ્ર સંક્લેશ યાને મોહભાવ ઊભો કરે છે કે 'મારે મારો સ્વાર્થ જોવાનો બીજાને હું કયાં જોતો બેસુ?' અર્થાત્ પોતાના નિમિત્તે બીજાઓ ધર્મ પ્રત્યે અભાવવાળા બને, ભવાંતરે પણ ધર્મ પામવા અસમર્થ બને, ને જહન્નમની ખાડમાં જાય, એની આને કોઈ પરવા નથી. આવું પરવા વિનાનું હૃદય એ અત્યંત કઠોર ગણાય, અતિ સંકિલષ્ટ ગણાય. એ પોતાની સંકિલષ્ટતા પોતાને પણ ધર્મથી વંચિત કરે છે, ધર્મ માટે નાલાયક ઠેરવે છે, અને સામાને પણ બોધિ બીજભૂત ધર્મપ્રશંસા–ધર્માકર્ષણથી આઘો જ રાખે છે. માટે ખૂબ જાગ્રત રહી લોકવિરુદ્ધનું સેવન ન જ કરવું.'

**સંસારવનમાં અંધાપો:**–આવો,સંક્લેશ,–મોહમૂઢતાભર્યો કઠોર ચિત્તપરિણામ,–વળી જૈનધર્મની અપ્રાપ્તિ અને જૈનધર્મ પ્રાપ્તિના બીજભૂત ધર્મ-પ્રશંસાદિની ય અપ્રાપ્તિ–એ આ સંસાર અટવીમાંઅનન્ય અંધપણું છે. મૂળે સંસાર એટલે વનવગડો, સંસાર એટલે ઇષ્ટ મુકામ અને માર્ગથી ભ્રષ્ટ પ્રદેશ. એમાં વળી લોકવિરુદ્ધ–સેવન એટલે તો અંધાપો; ધર્મમાર્ગ જડે જ નહિ. એ અંધાપામાં વાસ્તવિક હિતમાર્ગનું દર્શન જ નથી થતું. એ તો ચિત્તના કોમળ પરિણામ, જૈનધર્મની પ્રાપ્તિ અને એને તાણી લાવનાર ધર્મ–પ્રશંસા–આકર્ષણ એ ખરેખર ચક્ષુ યાને દર્શન–શક્તિ ગણાય, કે જે વાસ્તવિક હિતમાર્ગદર્શન કરાવે. બાકી એ ચક્ષુ વિના અધર્મ અને સંક્લેશની અંધતામાં તો ભવચક્રમા ભ્રમણ અને

નરકાદિદુઃખમાં પતન થાય. જીવને આ મહાન અનિષ્ટ અપાય છે, ભયંકર નુકશાન છે. એને ઊભ કરનારૂં લોકવિરુદ્ધ સેવન છે, સેવન પાછળ કામ કરતો ચિત્તસંક્લેશ છે.

**લોકવિરુદ્ધ સેવનની ભયંકરતા**:– માટે જ આ લોકવિરુદ્ધ–સેવન અને ચિત્ત–સંક્લેશ સ્વરૂપે અતિ ભયંકર છે. એ અત્યંત અશુભ અનુબંધરૂપ છે, બીજશક્તિરૂપ છે એમાંથી આગળ ભવોમાં એવા કઠોર ચિત્તપરિણામની પરંપરા ચાલે છે, જે અનેકાનેક પાપો કરાવે છે, અને બીજાના ધર્મનાશની બેપરવાઈ રખાવે છે. વળી પોતાને ધર્મવિમુખતા અને દુઃખોની પરંપરા ચાલે એ તો જુદું. ત્યારે બીજાને ધર્મ પર અભાવ–અરુચિ થાય, દ્વેષ થાય, એ પણ સ્વરૂપે અતિ ભયંકર છે. કેમકે એમાં જીવ પાછો અનાદિની તત્ત્વદ્વેષ–અતત્ત્વરુચિની રીતરસમમાં પડી જાય છે વળી એ ધર્મદ્વેષના ચિત્ત–પરિણામ દૃઢ અને સતેજ હોવાથી અનુબંધરૂપ યાને બીજશક્તિરૂપ બની આગળ ભવોમાંય ચાલુ રહીને ધર્મબીજભૂત ધર્મરુચિને જ અટકાવી દે છે. એનું પણ પરિણામ પાપાચરણ અને દુઃખપીડિતતામાં આવીને ઊભું રહે છે. તેમ પોતે આ બધી દુઃખદ વસ્તુની ઉપેક્ષા કરે એ પણ અત્યંત અશુભ અનુબંધવાળો સંક્લેશ બને છે. આમ, લોકવિરુદ્ધસેવન જાલિમ અનર્થ કરે છે. એટલું જ નહિ, એની ઇચ્છા પણ ચિત્તના સંક્લેશને લઇને થાય છે, માટે એ ભયંકર છે. એટલા માટે કહ્યું કે 'સર્વે ધર્મસાધકોનો આધારભૂત લોક છે. તેથી લોકવિરુદ્ધ અને ધર્મવિરુદ્ધ કાર્ય દૂરથી તજી દેવા જોઇએ.'

## (૮) કલ્યાણુમિત્રનો યોગ

सूत्र–सेविज्ज धम्ममित्ते विहाणेणं! अंधो विवाणुकड्ढए, वाहिए विव विज्जे, दरिद्दो विव ईसरे, भीओ विव महानायगे! न इओ सुंदरतरमन्नं ति बहुमाणजुत्ते सिआ, आणाकंखी, आणापडिच्छगे, आणाअविराहगे, आणानिष्फायगेत्ति!

**અર્થ**:–કલ્યાણુમિત્રને વિધિપૂર્વક સેવવા; તે, જેમ દોરનારને અંધ સેવે, વૈદ્યને રોગી સેવે, શ્રીમંતને દરિદ્ર સેવે, મહાનાયકને ભયભીત સેવે. કલ્યાણુ મિત્રના યોગથી વધીને બીજું સુંદર નથી; એટલા માટે એના પર બહુમાનવાળો બને; અને એનો આજ્ઞાકાંક્ષી, આજ્ઞા સ્વીકારનાર, આજ્ઞાનો અ–વિરોધક તથા આજ્ઞાને અમલી કરનાર બને.

**વિવેચન**:–અકલ્યાણુમિત્રનો ત્યાગ કરવાની વાત થઈ. પરંતુ હવે કોઈ સારો સંગ આદરવો તો જોઇએ ને? તો તેને વિધાનપૂર્વક, અર્થાત્, કલ્યાણુમિત્રને સેવવો તે સારી પ્રતિપત્તિ એટલે સ્વીકાર–સત્કાર સાથે, અથાગ આદર અને આસ્થા સહિત. 'અધર્મમિત્રો નહિ, કિંતુ તમે જ મારા કલ્યાણુમાં સાચા સહાયક છો,'–એવી હૃદયની આસ્થા સાથે સ્વીકાર એમનો થવો જોઇએ. આ જીવ એવો પાગલ છે કે એને દુનિયાની કોઈ અનુકૂલ જડ વસ્તુ આપે, અગર તે કેમ મેળવાય તેની સલાહ પ્રેરણુા આપે, તો તેની પાછળ એ મરી ફીટશે. ભલે જરા જેટલો લાભ મળે, તોય પેલા પર ખુશ થઈ જશે પણુ કલ્યાણુ મિત્રો આપણુને ધર્મમાં જોડી આપે, તો તેનું કાંઈ નહિ!!

ત્યાં તેને કશું જ કિંમતી લાગતું નથી. આ ખોટું છે. આમ ને આમ જ સત્સંગ ફળતો નથી. ખરી રીતે સાચી ઉચિત ભક્તિ, વિનય, સત્કાર, પ્રેમ, આસ્થા, પક્ષપાત, બહુમાન વગેરે બધું વિધાન કલ્યાણમિત્ર પ્રત્યે સેવીને એનો સંગ રાખવો અતિ જરૂરી છે. કલ્યાણમિત્ર કોને કહેવો ? જે કોઈ આપણા આત્માનું કલ્યાણ સાધવામાં સહાયક થાય તે આપણો કલ્યાણમિત્ર. જેમકે મુનિપુંગવો, અને ગુણપ્રેરક ગૃહસ્થો. તેથી ઉલ્ટું આપણા હિતનો અવરોધક કે પ્રતિબંધક થાય, અગર અહિતના માર્ગે ચઢાવે, તે અકલ્યાણમિત્ર હિતશત્રુ કહેવાય. કલ્યાણમિત્ર તો હિત સાધવામાં સહાયક અને પ્રેરક બને, સાધનામાં આવતી અગવડો વિઘ્નો દૂર કરે, ધર્મ—સાધનાની પ્રશંસા કરી પ્રોત્સાહિત કરે, ધર્મસાધનામાં થતી ભૂલ પ્રેમથી સુધારી આપે, અથવા પ્રમાદમાં કષાયમાં કે દોષ–દુષ્કૃત્યમાં પડતા હોઇએ તો એ અટકાવે....ઈત્યાદિ.

## કલ્યાણમિત્ર મદનરેખા :–

યુગબાહુ મોટાભાઈ રાજાના હાથે તલવારના ઘાનો ભોગ બનતાં તીવ્ર કષાય અને કાળી લેશ્યામાં ચઢ્યો હતો, પણ એને કલ્યાણમિત્ર તરીકે પત્ની મદનરેખાનો એવો સુંદર યોગ હતો કે એણે આને અંતકાળે વિકટ સંયોગમાં કષાયમાંથી બચાવી અદ્ભુત સમાધિ આપી. વાત એમ બનેલી કે મદન—રેખાના અતિ સૌંદર્ય–લાવણ્યથી મોહિત થઈ જેઠ રાજાએ એને ખાનગીમાં પોતાની પટ્ટરાણી બનવા કહેવરાવ્યુ. પણ મદનરેખા મહાસતીએ એને કુશીલના ભયંકર ફળનાં કથન સાથે કહેવરાવ્યું કે પોતે કાંઈ ન–ધણિયાતી નથી. કામાન્ધ રાજાએ એનો એવો

ખોટો અર્થ કર્યો કે 'એના પતિ યાને પોતાના ભાઈ યુગબાહુને ખતમ કરાય તો એ રાણી તરીકે મળે.' તેથી એક સમી સાંજે એણે ઉદ્યાનમાં એકાંતમાં એ ભાઈ ભોજાઈ બેઠેલા ત્યાં જઈ વિનયથી નમન કરતા ભાઈ પર તલવારનો ઘા ઠોકી દીધો, અને ભાગ્યો. સતી સમજી ગઈ; પણ એ હવે પોતાના શીલ પર અને નાના પુત્ર પર મહા આફત દેખે છે. છતાં એણે અત્યારે પોતાનો વિચાર પડતો મૂકી કલ્યાણમિત્ર તરીકે પતિના પરલોકનો વિચાર કર્યો

મરતા પતિને ક્રોધમાં પડેલો જોઈ કહે છે: 'મહાનુભાવ! અત્યારે પરલોક જવા ટાણે આ ગુસ્સો? એ કેવા નરકગમનાદિ ભવ-ભ્રમણના રવાડે ચડાવી દેશે? માટે શાંત-પ્રશાંત-ઉપશાંત બની જાઓ. વાક તો આપણા પોતાના પૂર્વ કર્મનો છે, એ કોઈ દુષ્કૃત્યથી ઉપાર્જેલું, તે અહીં હવે આ વિપાક દેખાડી રહ્યું છે. જવાબદાર એને લેખો. ભાઈ તો નિમિત્તમાત્ર છે. એમને ક્ષમા આપો; અને હવે તો તમે જવાનો અવસર છે માટે અરિહંતાદિ ચાર શરણ અને પરમેષ્ઠી-સ્મરણનું આલંબન કરો, જે અત્યારે સચોટપણે દુર્ગતિપતન અટકાવ તમને સદ્ગતિમાં લઈ જાય' યુગબાહુ ઉપશમ-સમતા-સમાધિ પામ્યો. એમ કરીને પાંચમા દેવલોકે દેવ થયો પછી તો એ દેવે ય કલ્યાણમિત્ર બની પોતાના મૃત્યુ બાદ તરત જ જંગલમાં ભાગેલી જે મદનરેખા કામાંધ વિદ્યાધર રાજાથી નંદીશ્વરમાં લઈ જવાયેલી. એને ત્યાંથી ઉપાડી અહીં લાવીને સારા સાધ્વીજીનો યોગ કરાવી આપ્યો. ને સતીએ દીક્ષા લીધી

**કલ્યાણમિત્રની બલિહારી છે.** ગૃહસ્થ કલ્યાણમિત્ર બનેલા પુત્રપુત્રી-માતાપિતા, પતિ-પત્ની, સાસુ-વહુ, દેરાણી-જેઠાણી

નણું :–ભોજાઈ, મિત્ર–મિત્ર, સ્નેહી, પાડોશી વગેરે, એ અરસપરસ દેવ–ગુરુસેવા, દાનાદિ ધર્મપ્રવૃત્તિ, ક્ષમા–નમ્રતા–ઉદારતા–સહિષ્ણુતાદિ ગુણો, સારા આચાર વિચાર, વગેરે કલ્યાણની પ્રેરણા કરી શકે, પર્વારાધન, તીર્થયાત્રા, ઓળી–ઉપધાનાદિ તપ, ધાર્મિક પ્રસંગો વગેરેમાં જોડી શકે. સાધુ કલ્યાણમિત્ર એ બધાં કલ્યાણનો વિશેષ ઉપદેશ-પ્રોત્સાહન આપી શકે; તત્ત્વબોધ, મોક્ષમાર્ગબોધ, શાસ્ત્રાધ્યયન, વગેરે પમાડી શકે. દાન, વ્રત, તપ, જ્ઞાનાર્જન વગેરેમાં નિરુત્સાહ થનારને સ્થિરીકરણ કરી શકે.

**૪ દૃષ્ટાન્ત :–આવાં કલ્યાણમિત્રને શાની જેમ સેવવા ?** એ બતાવતાં અહીં ચાર દૃષ્ટાંત આપી કહે છે કે– ૧. આંધળો જેમ દોરનારને, ૨. રોગી જેમ વૈદને, ૩. નિર્ધન જેમ તવંગરને અને ૪ ભયભીત જેમ નાયકને સેવે, એની માફક વિધાન યાને રીતિનીતિથી કલ્યાણમિત્રને સેવવાં જગતમાં જીવ ઘણાને ભજે છે, સેવે છે, પણ તેવા કલ્યાણમિત્ર ગૃહસ્થ અને મુનિને વિશિષ્ટ રીતે ભજવા–સેવવાના છે એ વિશિષ્ટ રીત આ દૃષ્ટાન્તોમાંથી સમજી શકાય છે, અને આગળ સૂત્રથી સ્પષ્ટ પણ કરે છે.

**(૧) વનમાં ભૂલા પડેલા આંધળાને** અટવી પસાર કરવાની હોય, તે પણ ભયાનક, વાઘ–વરુ આદિના વસવાટવાળી અને અનેક જંગલી ઉન્માર્ગ ભરેલી ! ત્યાં એને સાચા માર્ગે દોરી જનાર કોઈ હોશિયાર દયાળુ નિઃસ્વાર્થ માણસ મળે તો એની ઉપર ઓવારી જઈને એ આંધળો કેવો નમ્ર, ગરીબ અને સમર્પિત થઈને એને અનુસરે ? એના પર કેટલો વિશ્વાસ મૂકે ? કેવો બરાબર કહ્યા પ્રમાણે, દોર્યા પ્રમાણે, ધીમો કે જલ્દી, ટૂંકે કે લાંબે રસ્તે, વિસામા સાથે કે વિના ચાલે ? બસ, એ પ્રમાણે

ભવાટવીમાં ભૂલા પડી ગયેલા પણ હવે બહાર નીકળી જવા ઇચ્છનાર અજ્ઞાનમૂઢ જીવે હિતમાર્ગે દોરી જનારા કલ્યાણમિત્રને સેવવાના, અનુસરવાના, કલ્યાણમિત્ર પર એવું ઓવારી જવાનું, એ અથાગ વિશ્વાસ ધરવાનો, અને એમના ચિંધેલા માર્ગે કહ્યા બરાબર ચાલવાનું, ચાહ્ય માર્ગ લાંબો કે ટૂંકો, મનમાન્યો કે મનને ન રુચતો, કષ્ટ ઓછું કે વધુ, ગમે તે હોય, એમની આગળ નમ્ર ગરીબ અને સમર્પિત રહેવાનું. આ બધું 'વિધાન' યાને રીતિ-નીતિ કહેવાય.

**ગોવિંદ બ્રાહ્મણની પત્નીને** જાતિસ્મરણ જ્ઞાન થવાથી એને પોતે રુકમી સાધ્વીના ભવથી ચૂકેલી તે હવે પૂર્વજીવનમાં ચક્રવર્તીમુનિ બનેલી એનું સંયમ-તપ-જિનશાસન યાદ આવ્યા! પછી ત્યાં પતિ અને બીજાઓને સાચો ચારિત્રમાર્ગ ઓળખાવે છે. એ સાંભળીને બ્રાહ્મણને આ કલ્યાણમિત્ર લાગવાથી એની પર અને એના ચિંધ્યા માર્ગ પર એ ઓવારી જાય છે, પાકો વિશ્વાસ ધરી નમ્ર-ગરીબ-સમર્પિત બનીને, પત્ની દીક્ષા લેતાં પોતે પણ ચારિત્રમાર્ગને અનુસરે છે

(૨) **કોઈ રોગી** કેમ ય રોગ મટતો ન હોય, જરા ય ચેન પડતું ન હોય, દુઃખથી કંટાળી ગયો હોય, કોઈ રસ્તો એને સૂઝતો ન હોય, જીવન અકારું લાગતું હોય, ત્યાં હવે એને કોઈ કિમિયાગર અને ઘણાંના રોગ મટાડનારો વૈદ્ય મળી આવે તો એ એને કેવો સેવે? કેટલી શ્રદ્ધા, બહુમાન અને આતુરતાથી એનું નિદાન તથા ઉપાયવિધિ-સાંભળે? તેમજ એની ચિકિત્સાને અનુસરે? ભવરોગ અને કર્મરોગથી પીડાતાએ પણ એ રીતે ધર્મમિત્રને અપનાવવો. જંબૂકુમારે સુધર્માસ્વામીને એ રીતે સેવ્યા.

પછી એમાં રોગ વર્ધક ૯૯ ક્રોડ સોનૈયાની સંપત્તિ, ૮ અપ્સરાસમી નવોઢા અને ઘરવાસ મૂકવા પડે તો મૂકયા. કલ્યાણમિત્ર સુધર્મા-ગણધર પાસે જ શિષ્ય બની ગુરુએ કહ્યા બરાબર ચારિત્રરૂપી ચિકિત્સાપ્રયોગ આદર્યો. તો અંતે કેવળજ્ઞાન અને મોક્ષરૂપી ભાવ–આરોગ્ય પ્રાપ્ત કર્યું.

(૩) એમ, કોઈ નિર્ધન, ઘરબાર રોજગાર વિનાનો, રાજ્યથી દંડાયેલો અને ભૂખે મરતા કુટુંબવાળો બની ગયો હોય, એને જો કોઇ રાજમાન્ય મહાન શ્રીમંત મળી જાય, જે એને કહે કે 'તું જરાય ચિંતા ન કરીશ, આવી જજે પેઢી પર, તારી બધી આફત ગઇ સમજ,' તો એ એના પગ કેટલા અથાગ બહુમાન અને ભારે પરિશ્રમની તૈયારી સાથે પકડે? એજ રીતે આત્મ-સંપત્તિએ નિર્ધન જીવે કલ્યાણમિત્રને અનુસરવાનું છે. અલબત્ એની નિઃસ્વાર્થ શુદ્ધ કલ્યાણમિત્રતા જોઈએ; પછી તો કેમ? તો કે પેલા શ્રીમંતની જેમ એ રાત કહે તો રાત, દહાડો કહે તો દહાડો, જે રીતે જે કાંઈ જ્યારે જ્યારે કરવાનું કહે, તે રીતે તે તે વસ્તુ ત્યારે ત્યારે ભારે ઉલટથી આદરે, ઘોર શ્રમ અને કષ્ટ ઉઠાવે, ભારે ભોગ આપે, કશું પ્રતિકૂળ ન ગણે. ગુણસેન રાજાને બહુ મોટી ઉંમરે કલ્યાણમિત્ર વિજયસેન આચાર્ય મહારાજ મળ્યા, એમની વાણી સાંભળતાં પોતાની નિર્ધન ધર્મ-વિનાની સ્થિતિ સમજાણી, પછી તો એણે એમના એવા ચરણ પકડયા કે જીવન ધર્મથી રંગાઈ ગયું! તે એવું, કે સહેજ કોઈની શ્મશાનયાત્રા જોતા વૈરાગ્ય વધી જવાથી રાજ્ય પુત્રને સોંપી તરત જ ધરમા ત્યાગી બની બેસી ગયા, અને રાતના દુશ્મન અગ્નિશર્મા દેવનો અગ્નિ–ધખતી રેતીમાં શેકાઈ બળી જવાનો

ઘોર ઉપસર્ગ બહુ સમતાથી સહ્યા! અને સ્વર્ગે ગયા.

(૪) **એમ, કોઈ મહાભયના સ્થાનમાં** કે જુલ્મગારના ત્રાસ આક્રમણ વખતે બ્હી' ગયો હોય અને એને કોઈ સમર્થ આશ્રયદાતા નાયક શરણ-રક્ષણ આપવા તૈયાર થાય, એને કહે 'જરાય ગભરા ના, કોણ તારો વાળ પણ વાંકો કરનાર છે? હું પડખે ઊભો છું," તો એ મહાનાયકને કેટલા ઉલ્લાસથી કેવા બહુમાન સાથે અને એને કેવો રતંત્ર બની સેવે? બસ એજ રીતે કલ્યાણમિત્રને સેવવાના છે. શ્રાવક **દંપતી** જિનદાસ અને સાધુદાસીના બે **બળદિયાએ** એમને એવી રીતે સેવ્યા કે એમની સાથે પર્વતિથિએ ઉપવાસ કરે, ધર્મશાસ્ત્ર સાંભળે....યાવત્ મરણાન્ત ઘોર કષ્ટમાં એમની નિર્યામણા ઝીલી સમતા-સમાધિ અપનાવી! તો મરીને એ 'કંબલ-શંબલ' દેવ થયા, ત્યાં મહાવીર પ્રભુનો ઉપસર્ગ નિવારનાર બન્યા!

વિધિસર કલ્યાણમિત્રને સેવવાનું આ ફળ કે જાણે અંધને ચક્ષુ મળ્યે ઠેકાણે પડ્યો! રોગીનો રોગ ગયો! નિર્ધનને ધન મળ્યું! ભયભીતનો ભય ટળ્યો! માટે એ અંધ, રોગી વગેરે સેવે તેમ કલ્યાણમિત્રને સેવવા. સમજવું કે જગતમાં કલ્યાણમિત્ર મળવા બહુ બહુ મુશ્કેલ છે. જ્યાં ને ત્યાં અકલ્યાણમિત્રનો જ યોગ થાય છે, સુખમાં ય એ અને દુઃખમાં ય એ. સગાં-સ્નેહી વગેરે શું કરે છે? એ સુખ વખતે, **ઋષભદેવના જીવ મહાબળ રાજાને** સળેલા વિષયાંધ મંત્રીઓની જેમ રંગરાગ ભોગવિલાસ, સત્તા-હકુમત વગેરેમાં પ્રેરે છે; ત્યારે દુઃખ વખતે જૂઠ, પ્રપંચ, હિંસા, ગુસ્સો અભિમાન વગેરેની સલાહ આપી ખુવારીમય દુર્ગતિના દીર્ઘ

પંથે ચડાવી દે છે એ તો કલ્યાણમિત્ર સુબુદ્ધિમંત્રએ એમને ઉંચકયા, એમ નાગકેતુને પૂર્વભવે દુઃખમા મહાભાગ્યોદયે કલ્યાણમિત્ર મળ્યો, તો ઊંચે આવ્યા. જો અકલ્યાણમિત્ર મળ્યો હોત તો ઉગ્ર કષાયના રવાડે ચડાવી એને નીચે દુર્ગતિમ પટકયો હોત.

**નાગકેતુને** પૂર્વ જીવનમાં ખેડૂત—અવતારે ઓરમાન માતાનો ત્રાસ હોઈ સલાહ માટે કલ્યાણમિત્ર શ્રાવક મળ્યો હતો. શ્રાવકે એ માતા સામે ઝઘડવા કરવાની સલાહ દેનાર અધર્મમિત્ર ન બનતાં કલ્યાણમિત્ર બની કહ્યું 'આ તેં પૂર્વે તપ **નથી** કર્યો, તેથી પરાભવ પામે છે. માટે તપ કર. પહેલાં અટ્ઠમ તપનું મંગળ કર' ખેડૂતપુત્રે એ આવતા પજુસણમાં કરવાનુ નક્કી કર્યું. ઝુંપડીમા એકવાર એ સૂતેલો, ને મા એ ઝૂંપડી સળગાવી દીધી. પેલો અટ્ઠમની ભાવનામાં મરી શ્રીકાત શેઠનો પુત્ર નાગકેતુ થયો જન્મ બાદ થોડા જ દિવસમા એને પૂર્વ જીવનનું સ્મરણ થયુ, ને ત્યા અટ્ઠમ કર્યો! ધરણેન્દ્રે આવી એનો મહિમા કર્યો! અને આ જ ભવમા આગળ જતાં એ પ્રભુની પુષ્પ–પૂજામાં કેવળજ્ઞાન પામ્યા! મ. વૈદ્ય જિનની ઉપશમની દવા આપીને એક કલ્યાણમિત્ર શ્રાવકે કર્મ પીડિત અજ્ઞાન ખેડૂતને કયાં સુધી પહોચાડે એવા તપ–ધર્મની સલાહ આપી? માટે જ સૂત્રકાર કહે છે,

આ જગતમા કલ્યાણમિત્રને સેવવાથી અધિક સુંદર શું છે? માટે જ (૧) એ કલ્યાણમિત્ર પ્રત્યે એક ઉદાર ધનિકની જેમ ખૂબ જ આદરભાવવાળા બનવું જોઇએ, (૨) વળી એમના **આજ્ઞાકાંક્ષી** બનવું, એટલે કે આજ્ઞાના અભિલાષી બનવું. અર્થાત્ કલ્યાણમિત્રે કોઈ આજ્ઞા નથી ફરમાવી તે વખતે પણ 'અહો! તે મને આજ્ઞા કયારે કરે!' તેવી આકાક્ષાવાળા બનવું. એક

મહા ઉપકૃત સેવકની જેમ આજ્ઞાની ઉત્કંઠાવાળા બનવું. (૩) તેવી રીતે જ્યારે આજ્ઞા ફરમાવે ત્યારે તેના સ્વીકારનારા બનવું. જેમ કોઈ ભૂખ્યો ભિખારી કલાકોના કલાકો રખડવા છતાં ખાવાનું કાંઇ ન મળવાથી ભૂખથી પીડાઈ રહેલો હોય, તેવામાં તેને કોઈ અન્ન આપે, ત્યારે તે જેવા અને જેટલા આદરથી તેને ગ્રહણ કરે, તે પ્રમાણે આજ્ઞાને વધાવી લેવી જોઇએ. (૪) સાથે આજ્ઞાની વિરાધના ન જ થાય, એ તકેદારી રાખવી. 'તહત્તિ' કરીને આજ્ઞા શિરસાવંદ્ય તો કરી લીધી, પણ પછી એથી વિરુદ્ધ વર્તાવ કરે તો આજ્ઞા-વિરોધી ગણાય. તેમ ન થવું જોઇએ. કલ્યાણમિત્રની આજ્ઞાની વિરાધનાથી આત્મામાં દોષોની વૃદ્ધિ થાય છે, ગુણો દૂર રહે છે, અને ભવાંતરમાં દુર્ગતિ થાય છે. તેથી ફરી સંગળ આજ્ઞા મળવી મુશ્કેલ બને છે. (૫) વળી, આજ્ઞાનો ઉચિત રીતે અમલ કરવો જોઇએ ઉચિત રીતિએ અમલ એટલે, વેઠ રૂપે નહિ કે અરુચિથી નહિ, કિન્તુ બહુ-માનથી અને પોતાની જાતને ધન્ય માનીને. વળી જેવી આજ્ઞા હોય, બરાબર તે રૂપે એનો અમલ કરવાનો. એમાં કદાચ અગવડભર્યું કે અણગમતું લાગે, છતાં વિચારવું કે એના અમલના મહાન લાભો છે. એથી જુગજૂના કુસંસ્કારો ભુંસાઈ સુંસ્કારોનો વારસો મળે છે, કુપ્રવૃત્તિઓ અટકી સુપ્રવૃત્તિઓથી જીવન ઝગમગતું થાય છે! કલ્યાણમિત્ર મુનિ પ્રત્યે આ ખાસ ધ્યાનમા રહે.

'ભવની ભીતર ખાસ સેવવા યોગ્ય મારે કલ્યાણમિત્ર જ છે,' એવું નક્કી કર્યું, પછી તો એમની આજ્ઞાને પોતાના શ્વાસોશ્વાસમાં વણી દે. એથી જીવને જે અનાદિના સ્વચ્છંદચારિતાથી કર્મની મહાપરાધીનતા વેઠવી પડી હતી, તેને બદલે હવે

આજ્ઞાની પરાધીનતા સ્વીકારી, એટલે તો એ કર્મથી પૂર્ણ સ્વતંત્ર થવાના દ્વાર ખુલ્લા કરે છે. હવે કલ્યાણમિત્રની કલ્યાણ આજ્ઞા ઉપર તે એટલો બધો મોહિત થઈ ગયો છે કે જેથી પ્રતિપક્ષી મોહની તાકાત નથી કે તેને પોતાની તરફ જરા પણ આકર્ષી શકે, ભરમાવી શકે, કે પડછાયો સરખો પણ આના પર નાખી શકે. મોહ એને મૂઢ બનાવે એ દિવસો ગયા.

## (૯) ધર્મગુણયોગ્ય ગૃહસ્થાચાર-ક્રિયા :

सूत्र–पडिवन्नधम्मगुणारिहं च वट्टिज्जा, गिहिसमुचिएसु गिहिसमाचारेसु, परिसुद्धाणुट्ठाणे, परिसुद्धमणकिरिए, परिसुद्धवयकिरिए, परिसुद्धकायकिरिए।

અર્થ :– સ્વીકૃત ધર્મગુણોને યોગ્ય વર્તન કરવું. (કયાં ?) ગૃહસ્થના આચારોમા, શુદ્ધ ક્રિયામાં, શુદ્ધ મનની ક્રિયામાં, શુદ્ધ વચનની ક્રિયામાં, શુદ્ધ કાયાની ક્રિયામાં.

**વિવેચન**–ધર્મગુણોના સમર્થક કલ્યાણમિત્રની સેવાદિની સાથે, ધર્મગુણોને છાજતું મન, વચન, કાયાનું વર્તન પણ જોઈએ વિશેષ યોગ્ય પ્રવૃત્તિ તો પછી, પણ સામાન્યથી ય વર્તન પણ ધર્મીને શોભે તેવું જોઈએ. ગૃહસ્થને યોગ્ય ભિન્ન ભિન્ન પ્રકારના આચાર–વ્યવહારોને વિષે સામાન્યથી વિશુદ્ધ આચરણવાલા તો બનવું જ જોઈએ. એ માટે શાસ્ત્રે જે આચાર, વિચાર અને વાણીની શુદ્ધાશુદ્ધતા કહી છે, તે સમજી લઈને શાસ્ત્રે ફરમાવ્યા મુજબની માનસિક ક્રિયા એટલે કે વિશુદ્ધ વિચારસરણી રાખવી જરૂરી છે. એ વિચારધારા એવી જોઈએ કે જેમા માયાશલ્ય, નિદાનશલ્ય વગેરેનાં મિશ્રણ ન હોય; રસ–ઋદ્ધિ–શાતાગારવનો સંચાર ન

હોય, અપ્રશસ્ત કૃષ્ણાદિ લેશ્યાનો ઓપ ચઢેલો ન હોય, આર્ત-રૌદ્ર ધ્યાનાદિના ઉકરડા ન હોય, ક્રોધાદિ કષાયના રંગ ન છંટાયા ન હોય, ઇત્યાદિ તેવી જ વચન અને કાયાની ક્રિયાવાણી પણ બનવું જ જોઈએ. એટલે કે વાણી અસત્ય, આક્ષેપ, કર્કશતા, અપ્રિયકારિતા, અપરિમિતતા વગેરેથી કલુષિત ન હોય, તેમજ કાયિક આગોપાંગ કે ઇન્દ્રિયોની ચેષ્ટા (પ્રવૃત્તિ) એ બિભત્સતા, ક્રૂરતા, ઉદ્ભટતા, ઉચ્છૃંખલતાદિથી રહિત હોય, અર્થાત્ વિચાર, વાણી તથા વર્તન એ સત્ય, સજ્જનતા અને શાસ્ત્રીયતાના પાયા પર રચાયેલા હોય; ઉદારતા, ગંભીરતા અને પ્રેમથી સુવાસિત હોય; વ્યાપક ઔચિત્ય, જીવો પર સ્નેહ ભાવદયા, તથા સહિષ્ણુતા અને દીર્ઘ દૃષ્ટિથી ઓતપ્રોત હોય.

**એક વૈદ્યનું દૃષ્ટાંત :**

'આચાર પ્રદીપ' નામના જ્ઞાનચારાદિ પંચાચારને વર્ણવતા શાસ્ત્રમાં આવે છે. એક વૈદ્ય પોતાના ધંધામાં ઘણો ડૂબેલો અને મૂઢ બનેલો હતો. મુનિના ઉપદેશથી એને ભાન થયું કે 'આમાં દવાઓ બનાવવા વનસ્પતિકાયાદિ જીવોનો કેવો કચ્ચરઘાણ કરવો પડે છે! ગ્રાહક તરીકે બિમાર માણસો ચાર દહાડા વધુ આવે માટે એની બિમારી લંબાય,.... વગેરે માટે કેવી માયાવાણી અને ક્રૂર કાળી લેશ્યા આવી જાય છે! પૈસાનો મલિન લોભ કેવો પ્રવર્તે!'....ઇત્યાદિ. એવા પાપોથી ગભરાઈ એણે એ બધા અનુચિત વર્તાવ–વાણી–વિચાર લગભગ બંધ કરી દીધા, અને શ્રાવકના વ્રત પાળવા માંડ્યા. પણ વખત જતાં પાછો લોભ જાગ્યો અને એ શ્રાવકને અનુચિત પાપોની મલિન વિચારણાદિ પ્રવૃત્તિમાં પડ્યો. પરિણામે આર્તધ્યાનની બહુલતાએ

એ મરીને વનમાં વાનર તરીકે જન્મ્યો. અહો, ગૃહસ્થને અનુચિત વર્તાવ સેવવાની કેવી કટુ કર્મસજા! એ તો ભવિતવ્યતા સારી કે ત્યાં કાંટો વાગવાથી અટકી ગયેલા મુનિને જોતાં એને પૂર્વજન્મ યાદ આવ્યો! એ ખૂબ પસ્તાયો, એણે મુનિનું વૈદું કર્યું. એમણે એને ઉપદેશ કર્યો. પછી તો એણે દેશાવકાશિક વ્રત લઈ પ્રસંગે પ્રસંગે એક નિયત અવકાશમા રહી ત્યાં પાપક્રિયાઓ બંધ કરીને ધર્મધ્યાનમાં રહેવાનું કર્યું. એકવાર એમ શિલા પર વ્રતમાં સ્થિર રહેલા એને ભૂખ્યા સિંહે ફાડી ખાધો, પણ શુભ ભાવના જ પકડી રાખ્યાથી મરીને એ સ્વર્ગમાં દેવ થયો. અશુદ્ધ અને શુદ્ધ વર્તાવ–વિચારનાં ફળમાં આટલું મોટું અંતર છે!

## (૧૦) મન–વચન–કાયાના અશુદ્ધ વ્યાપારોનો ત્યાગ

सूत्र–वज्जिज्जाणेगोवघायकारगं, गरहणिज्जं, वहुकिलेसं,आयइ-विराहगं समारंभं। न चिंतिज्जा परपीडं। न भाविज्जा दीणयं। ग गच्छिज्जा हरिसं। न सेविज्जा वितहाभिनिवेसं। उचिअमणपवत्तगे सिआ।

न भासिज्जा अलिअं, न फरुसं, न पेसुन्नं, नाणिवद्धं। हिअमिअभासगे सिआ।

एवं न हिंसिज्जा भूआणि। न गिण्हिज्जा अदत्तं। न निरिक्खिज्जा परदारं। न कुज्जा अणत्थदंडं। सुहकायजोगे सिआ।

**અર્થ :** અનેકને પીડાકારી નિન્દ્ય, બહુક્લેશવાળા, ને ભવિષ્યને બગાડનારા આરંભ–સમારંભનો વિચાર ત્યજે. પરને પીડા આપવાનું ન ચિંતવે દીનતા ન વિચારે હર્ષ ન ઉભરાવે. મિથ્યા આગ્રહ ન રાખે. ઉચિત મનને પ્રવર્તાવે.

અસત્ય ન બોલે. કર્કશ નહિ, ચાડી નહિ. અસંગત નહિ બોલવાનું. હિત અને પરિમિત બોલનાર બને.

એમ જીવોની હિંસા ન કરે. ધણીનું ન આપેલું ઉપાડે નહિ. પરસ્ત્રી સામું ન જુએ. અનર્થદંડ ન આચરે. શુભ કાય-યોગવાળો બને.

**વિવેચનઃ**– પૂર્વ સૂત્રમાં સામાન્ય રૂપે શુદ્ધ વર્તન કહ્યા પછી હવેવિશેષ રૂપે કયા કયા માનસિક, વાચિક, કાયિક અશુદ્ધ વ્યાપારો ત્યજવા એ બતાવે છે. ધ્યાનમાં રહે કે સાધુધર્મ–મહાસંયમ–મહાચારિત્રની પરિભાવના યાને પૂર્વ તૈયારી કરવી છે, તો એમાં માત્ર પાલન અહિંસાદિ અણુવ્રતોનું પર્યાપ્ત નથી, કિન્તુ મન–વચન–કાયાને અશુદ્ધ વ્યાપારોથી કલુષિત ન કરવાનું પણ સાચવવું જોઇએ. એ માટે,

**૧ માનસિક શુદ્ધિમાં**–(i) અનેક જીવોનો જ્યાં નાશ થતો હોય કે એમને નુકશાન થતું હોય એવા આરંભ–સમારંભ ન વિચારે. તંદુલિયો મચ્છ આરામથી મોં ફાડી પાડેલા મોટા મત્સ્યના મોંમાંથી ક્ષેમકુશળ નીકળી જતા માછલાને ખાવાનો વિચારમાત્ર કરે છે, એમાં મરીને નરકમાં ચાલ્યો જાય છે! કોણિક મહાઆરંભમય યુદ્ધના માનસમાં મરીને છઠ્ઠી નરકે ગયો! માટે મગજમાં ઘાલતાં પહેલાં જ જોવાનું કે આ વિષયમાં અનેક જીવોનો નાશ નથી ને? (ii) લોકમાં બહુ નિન્દ્ય હોય તેનો વિચાર નહિ કરવાનો. દા. ત. ચોરી, છિનારી, મદ, વગેરેનો. રૂપસેન રાજપુત્રી સુનંદા સાથે એકાંત મિલનાદિના વિચારમાં મરીને સાપ, કાગડો, હંસ, હરણિયો થઈ એના રૂપ-સ્પર્શના વિચારમાં ક્રૂર રીતે મરાતો ગયો. (iii) જે બહુ

ક્લેશકારી હોય, દા. ત. રગડોઝગડો, ખુનસવાળી શત્રુતા, ક્લેશભર્યા વેપાર-વહેવાર વગેરે, એનો વિચાર ન કરવો. અગ્નિશર્મા તાપસ ગુણસેન રાજા પ્રત્યેના વૈરના વિચારમાં એને ભવોભવ મારી નરકગામી બનતો ગયો. અંતે અનંત સંસાર રખડ્યો. જે ભવિષ્યમાં બહુ દુઃખ–અનર્થકારી હોય, દા. ત. કાન વિંધવાદિ ક્રૂર ખરકર્મ, કર્માદાનના ધંધા, સાત વ્યસન વગેરે, એના વિચાર પણ ન કરવા. **અભવી અંગારમર્દક** આચાર્ય કોલસીને જીવડા સમજી એને કચરવાના વિચારથી મરીને ઊંટ થયો. **સાગરચંદ્ર શેઠ** માલ–વેપાર વગેરેના રાતદિવસ વિચારમાં મરીને જિતશત્રુ રાજાનો ઘોડો થયો. સારાંશ, આવા સમારંભોના વિચાર ન કરવા. કેમકે એથી ચિત્ત મલિન, તામસી બને છે, શુભ વિચારો માટે અશક્ત બને છે.

(૨) પરને લેશ પણ પીડા કરવાનું ચિંતવવું નહિ. કેમકે **પરને પીડા એ પાપોપાર્જન દ્વારા પરિણામે પોતાને જ પીડારૂપ બને છે.** પરપીડાનો વિચાર નરકદાયી રૌદ્રધ્યાનમાં તાણી જાય છે. શ્રાવક તો જીવો પર મૈત્રીભાવ-દયાભાવથી ભરેલો કોમળ દિલનો હોય, એ બીજાને પીડવાનું શાનો ચિંતવે? પોતાને મારનાર દુશ્મન પર પણ ક્ષમા વરસાવાની હોય. એના પર એને સ્વપ્ને પણ ક્રૂરતા ક્યાંથી સ્ફુરે? પૂર્વે માતાને રાજી કરવા લોટના પણ કૂકડાને મારવાના ચિત્ત–પરિણામથી યશોધર રાજપુત્રના પૂર્વ ભયંકર દુ:ખદ તિર્યંચ–અવતારો થયા.

(૩–૪) વળી શ્રાવક, કાંઈ ધાર્યું ન થયુ કે અનિષ્ટ થયુ તો, મનમાં દીનતા ન ભાવે, મન નીસાસા-ગરીબડાપણું-ઓશિયાળાપણું વગેરે ન અનુભવે. મનમાં જરા ય ઓછું ન

લાવે. એ તો સમજે છે કે '**પર વસ્તુના કુરંગમાં આપણા મનનો રંગ શા માટે બગાડવો?** લલાટના લેખમાં મીનમેખ ફેરફાર થાય નહિ, એ હકીકત છે. તો જેમ દિવસ પછી નિશ્ચિત રાત પડતાં દીનતા નહિ, એમ અહીંય શા સારૂ દીનતા? વિધિ વાંકો એનું ચલાવે, હું મારું પ્રસન્ન-પ્રશાંત-ઉદાસીન ચિત્તધારાનું કામ ચલાવું.' એમ ઇષ્ટ આવી મળતા કે અનિષ્ટ ટળતાં હરખઘેલો ન થાય. કેમ? એ ઇન્દ્રિયોને અને મનને ગમતું થયેલું તો આત્માને રાગાધ કરી સંસાર-જેલમા વધુ જકડી રાખનાર છે, દુર્ગતિમાં દુઃખ દેનાર છે. **જેલમાં જકડી દુઃખ દેનારા જડને મેળવીને રાજી શું થવું?** ત્યારે અનિષ્ટ ટળ્યુ તો એથી કાંઈ ભવના ફેરા ન મટયા; પછી ખુશી શાની? **વજ્રબાહુને** બહુ સુંદર રાજકન્યા મળી પણ હરખ-હરખ નહોતો, તો એને પરણીને લઈ જતાં રસ્તામા પર્વત પર મુનિને દેખી વંદન કરવા જવા ઇચ્છે છે. સાળો શ્યામસુંદર મશ્કરી કરે છે કે 'વૈરાગ્ય છે તો સંસાર ત્યાગવામા વિલંબ શા માટે? તમને કોઈનો અંતરાય નથી' વજ્રબાહુ ત્યાં તરત ચારિત્ર લઈ લે છે! **બળદેવપૌત્ર સાગરચંદ્રને** પોષધમાં શત્રુ બધી આંગળીમાં તાંબાની ચૂંકો ખોસે છે. છતા સાગરચંદ્ર મનમાં દીન ન બનતા સત્ત્વ રાખી શુભ ભાવનામાં રહે છે, ને કાળ કરીને સ્વર્ગે જાય છે. તાત્પર્ય, શ્રાવક ઇષ્ટ-અનિષ્ટમાં હર્ષ-ખેદ ન કરે, પણ સમભાવ રાખે

(૫) એમ, ખોટો આગ્રહ, અભિનિવેશ, પકડ ન સેવે. જેમાં સરવાળે કાંઈ તત્ત્વ નહિ, સાર નહિ માલ નહિ, જે સ્વરૂપે પરિણામે મિથ્યા છે કે ફજુલ છે, એના દુરાગ્રહ શા સેવવા કે 'આ મારું જ છે. એમાં ફેરફાર નહિ જ થાય....હું બરાબર જ વર્ત્યો

શું-બોલ્યો છું....ફલાણા સાથે હું ન જ બોલું....' વગેરે? ખોટા નિર્ણય બાંધી લેવામાં યા પોતાની વિશેષતા માની લેવામાં આ ખોટી પકડ ઊભી થાય છે કે 'હું તો ન જ ભૂલું'. એવા નિર્ણય દુરાગ્રહો ખોટા છે. માનવજીવન તો ભૂતાવેશ જેવા અતત્ત્વ-નો વળગાડ કાઢવા માટે છે; ત્યાં એની પકડ શી? નહિતર મોંઘેરો જીવન-કાળ અતિ અલ્પ! અને અતત્ત્વો અમાપ! એનાં ચિંતન-દુરાગ્રહમાં જીવન ઝટ પૂરું! અને તત્ત્વપકડ-તત્ત્વચિંતન-તત્ત્વ-સેવનનો સોનેરી પુરુષાર્થકાળ ખતમ!

માટે મનને અતત્ત્વમાંથી ઉઠાવી જિનાગમે કહેલ તાત્ત્વિક વાતવસ્તુમાં જ યોગ્ય રીતે પ્રવર્તાવવું જોઈએ. દા. ત. (1) જેવો સદ્‌વર્તાવ કે ભાષણ, તેવું મનમાં ચિંતન રાખવું; પણ મનની ઘેલી ગણતરીની પકડનું ચિંતન નહિ. દા. ત. ભાવના કે શક્તિ નહોતી છતાં દાન દેવું પડયું, તો પછી મનમાં લોચા ન વાળે કે 'આવા ને આવા ભીખણિયા જ મળે છે! કયાં આપણે ફસાયા? માગતા શરમાતા નથી? જાણે એમનો બાપ અહીં થાપણ મૂકી ગયો છે?....દીપવાળા લક્ષ્મી નહિ, લોહી લેવા આવ્યા છે....' વગેરે. કાયા-વાણીથી ઉત્તમ ક્રિયા હોય પણ દુરાગ્રહી મન અધમ ચિંતવે છે. (11) યોગ્ય મન-પ્રવર્તન એટલે કે ન મળી શકવાની કે ન બની શકવાની વાત-વસ્તુના ખોટા અભખરા ન રાખવા. મનનું એમાં અનુચિત પ્રવર્તન છે. વેપારમાં નસીબ વાંકુ દેખાવા છતાં કમાઈના અભખરામાં ધંધો ખેડતાં માણસ ખુવાર થાય છે. વાંકા સ્નેહીને મનાવવા જવાથી એ વધારે વિફરે છે. (111) અનર્થદંડના વિચારો એ અનુચિત

મનઃપ્રવૃત્તિ છે. જાણે છે કે પોતાની કર્મ-મૂડી મુજબ જ થવાનું બનતું હોય છે, માટે ખોટાં આર્તધ્યાન એ કરે નહિ. ત્યાં એ સમજી જ રાખે કે—"કાળ, કર્મ કે ભવિતવ્યતાનાં ચલણમાં મારી દખલ-દરમ્યાનગીરી નકામી છે. મન ફોગટ શા સારું ડહોળું કે 'આમ થવું જોઈએ, ને આમ ન જ થવું જોઈએ? આ ઠીક થયું ને આ ઠીક નહિ...." એમ સિનેમાદિ કૌતુક, યુદ્ધ, દુનિયાના રંગઢંગ, વગેરેના વિચાર ન કરે. તેમ, બીજાને પાપ સાધનો-અધિકરણો આપવાના, મોજ-શોખ કરવાના, કે પાપોપદેશ પાપસલાહ દેવાના વિચારો નહિ કરવા આમ જાતે પણ અસત્ય, અનીતિ, ચોરી, દુરાચાર, પરિગ્રહાસક્તિ, વગેરેના વિચાર નહિ સેવવાના, એનાથી થતા ધન વગેરેના લાભમાં ખુશીના કે બીજાની સંપત્તિ પર મોહવાના, યા ઈર્ષ્યાના વિચારો નહિ કરવાના. બધા સામે સમજી જ રાખવાનું કે 'એ આ જીવન ટકાવવામાં બિનજરૂરી અને નિષ્ફળ પાપ-પ્રવૃત્તિ છે. કિંમતી સમય પરમેષ્ઠિના સ્મરણાદિ વિચારોમાં ન જોડતાં આવા વ્યર્થ પાપ વિચારોમાં શા માટે લગાડું ? (iv) એમ દાન, પરોપકાર, દેવગુરુભક્તિ વગેરે સુકૃતો કરે પણ મન બગાડીને, યા કર્યા પછી એના સંતાપ કરી સુકૃત બાળી નાખે, એવી વિચારસરણી-અધ્યવસાય એ અનુચિત મનક્રિયા છે. એથી ઉત્તમ ક્રિયાઓ પ્રત્યે દિલમાં ઊંધા ભાવ જાગે છે, મોહ વધે છે. ધર્મ કરીને મોહને તોડવાનો કે પોષવાનો ? ખાસ ખ્યાલમાં રહે કે ઉત્તમ પણ સામગ્રી કે કાર્યવાહી, ઉચિત મનઃપ્રવૃત્તિના અભાવને કુથીરની બની ઊલટી નુકસાનમાં ઊતરે છે ! માટે આ સુંદર ભવમાં તો નિર્ધાર જોઈએ કે 'ગમે તેમ થાઓ, પણ મનને અસુંદર નહિ બનાવું.' આ નિર્ધાર પાછળ મનનું

ઉચિત પ્રવર્તન જોઈએ. એ (૧) જીવમાત્ર પ્રત્યે સ્નેહ, (૨) દુઃખી અને દોષિત પ્રત્યે દયાભાવ, (૩) ગુણાનુરાગ, (૪) અનિત્યાદિ ૧૨ ભાવના, (૫) મહાપુરુષોના સચ્ચરિત્ર, (૬) પાપનો ભય, (૭) પરલોકનો વિચાર, (૮) દેવ-ગુરુ-ધર્મ પ્રત્યે આંતર પ્રીતિયુક્ત શ્રદ્ધા, (૯) તીર્થ સ્મરણ, (૧૦) ધર્મના મનોરથ, (૧૧) સ્વદુષ્કૃતનિંદા વગેરેમાં જ મન જોડાયેલું રાખવામાં આવે તો બને. અધમ જીવો આમ જ ઉત્તમ બન્યા છે.

હવે **બીજી વસ્તુ શુદ્ધ વાચિક ક્રિયાની.** એ માટે (૧) અસત્ય ન બોલવું. પૂર્વે બીજા વ્રતમાં આ કહ્યા છતાં મહત્ત્વનું હોઈ અહીં ત્યાજ્ય વાચિક અશુદ્ધિઓના સંગ્રહમાં આને ફરીથી કહ્યું. જૂઠ બોલવામાં કેટલાં નુકસાન? (i) જૂઠ બોલવામાં હૃદય માયાવી કરવું પડે છે; અગર (ii) વસ્તુની અજ્ઞાનતા સાથે અહંભાવ માનાકાંક્ષાદિ પોષાય છે, યા (iii) ભયથી કાયર-નિઃસત્ત્વ બનાય છે; અથવા (iv) હૈયે ખોટાં રાગદ્વેષ, હાસ્ય વગેરે જોરથી વ્યાકુળતા રહે છે. માટે જૂઠ બોલાય છે. પણ એ જૂઠથી દિલમાં શા માટે એ માયાદિ ચિકણી કલુષિતતાઓ દૃઢ કરવી? **જૂઠ બોલવાથી ફરી જીભ જ ન મળે. યા મળે તો ત્રાસના કલ્પાંત ભરી ચીસો પાડનારી મળે.** વસુભૂતિ જૂઠ બોલી નરકમાં જઈ પડ્યો. ધ્યાનમાં રહે, બીજાની ઉપર આભ-આરોપ ચડાવવામાં પણ ક્રૂરનિષ્ઠુર જૂઠ પોષાય છે. અને એ વળી દિલમાં મહા અધમતા-નીચતાને પોષે છે. જૂઠ બોલી બીજાને હલકા પાડવાની મનોવૃત્તિ જાગે એ ક્ષુદ્ર હૃદયને લીધે બને છે; ને એમાં તો ભવાભિનંદીપણું આવવાથી મોક્ષરુચિ જ ખતમ થઈ જાય! ભયંકર કર્મ બંધાય! સમરાદિત્યચરિત્રમાં એક પ્રસંગ આવે છે કે,

એક બહેને પોતાના બે ભાઈનો એમની પત્ની

પોતાના પર પ્રેમ–વિશ્વાસ વધુ છે કે ઓછો, એનું પારખું કરવા બે ભોજાઈ પર આળ ચઢાવ્યા,–ખાનગીમાં પણ ભાઇ સાંભળે એમ, એકને કહ્યું, 'સાડી સાચવજો,' બીજીને કહ્યું, 'હાથ ચોકખા રાખજો.' પહેલો ભાઈ સમજ્યો કે—'પત્ની કુશીલ છે,' બીજો સમજ્યો કે—'પત્ની ચોર છે.' તરત જ એને પિયેર કાઢી મુકવા તૈયાર થઈ ગયા. બેન અંદરખાને ખુશી થઈ ગઈ! ને ભોજાઇને વહાલી થવા બહારથી ભાઇને ધમકાવે છે, 'મૂરખ! કોણે આવું કહ્યું? મેં તો એમની નાની ઉંમરના હિસાબે ભવિષ્યમાં કયાંય ન ફસાઈ પડે એ માટે સાવચેતી આપી હતી.' પત્યું. પરંતુ એના કર્મથી બીજા ભવે એ બાઈને લગ્ન બાદ તેડવા આવેલા એના પતિને એની કુશીલતાનો ભ્રમ થયો! તે એને લીધા વિના જ જતો રહ્યો ને પછી કદી બોલાવી નહિ. બાઈએ પછી દીક્ષા લીધી. એક વાર બે શ્રીમંત બાઇઓના ઘરે ઉપદેશ આપવા એ જતી હતી, એમાં પેલી બાઇઓ બહાર ટોલ્લે હીરાનો હાર ચડાવી અંદર સ્નાન કરતી હતી, ને સાધ્વી જઈ બહાર બેઠી. કોઇ ભૂતે કૌતુકથી ભીંત પરના મોરના ચિત્રમાં પ્રવેશ કરી ઊડી હાર ગળી જઈ પાછું ચિત્ર સ્થાપિત કરી દીધું. સાધ્વીને ભય લાગ્યો તે તરત ઉપાશ્રયે ગઈ; પણ એનાં કર્મથી અહીં પેલી બેના પતિએ આરોપ ચડાવ્યો કે—'સાધ્વી સિવાય અહીં કોઈ આવ્યું નથી, માટે સાધ્વીએ જ હાર ચોર્યો.' પોતાના પર આળ અને શાસનની–ધર્મની નિંદાથી સાધ્વીજીને કલ્પાંતનો પાર નથી, પણ પૂર્વકર્મનાં ફળ આગળ શું કરે? અલબત્ અંતે એ તીવ્ર સ્વદુષ્કૃત–ગર્હા કરતા કેવળજ્ઞાન પામી. પોતાની પૂર્વ ભૂલ દેખાઈ. બીજી બાજુ ત્યાં પેલો હાર પ્રગટ થયો. ખેર, પરંતુ પૂર્વ આરોપે ભાવ ભજવ્યો.

ઉત્સૂત્ર ભાષણમાં વળી મહાજૂઠ અને મિથ્યાત્વ પોષાય

છે એથી ભવોના ભવો જૈન ધર્મનું દર્શન નથી મળતું. મરીચિ, જમાલી વગેરે એથી રખડી પડયા. જૂઠથી બચાય તો આ બધા ભયંકર અનર્થોથી બચી જવાય.

(૨) **સાચું પણ વચન કર્કશ ન બોલાય,** કેમકે એ સામાના દિલ પર ઘા કરે છે. દા. ત. સાચાબોલો પણ કોઈ અંધને કહે કે 'બેસ આંધળા ! તને શી ખબર પડે ?' પોતાની માતાને કહે, 'બેસ મારા બાપની વહુ ! ઓળખું છું તારા પ્રેમને.' અસત્ય બોલનારને કહે, 'તમે જુઠ્ઠા છો.' તો આ કર્કશ વચન છે. ખરી રીતે તો અહીં કહેવાય કે—'ભાઈ તમે આંખે અખમ છો તેથી પ્રત્યક્ષ ન દેખાય.' 'મારી મા ! આપણા બેના અંતરમાં મને દુઃખ થાય છે.' 'ભાઈ ! તમારૂં કહેવું મગજમાં બેસતું નથી.' અલબત્ કહેવાની વસ્તુ એની એ, પણ કર્કશ રીતે શા માટે કહેવી ? સોનાની પણ લગડી ઈનામમાં ય હાથમાં અગ્નિ–ધીખતી ન અપાય. મૃદુ વચન જે આદેય થશે, એવું કર્કશ–કઠોર ઘા જેવું વેણ નહિ. મહાવીર પ્રભુએ પોતાના મહાશ્રાવક શતકને કહ્યું, "મહાનુભાવ ! તેં ધર્મમાં તને ઉપદ્રવ કરનારી પત્નીને, અવધિજ્ઞાનથી નરકગામી જોઈ ભલે સાચું કહ્યુ કે 'તું નરકમાં જવાની છો' પણ શ્રાવકથી એવું પરપીડાકારી માટે જ કર્કશ વચન ન બોલાય." અસભ્ય, ઉદ્ધત, મદાંધવચન પણ કર્કશ છે.

(૩) **ચાડીચૂગલી એ પણ અનુચિત વચન પ્રયોગ** છે. 'ચાડી' = એવી કોઈની ગુપ્ત વાત, રહસ્ય, દોષ–ખામી, એનું ગેઝેટીંગ ન કરાય. એમ 'ચૂગલી' = નિંદા એ ન કરાય. બંને ખતરનાક દોષ છે. એમાં જાતનો અહંભાવ, બીજા પર તિરસ્કાર, વધારીને ય બોલાવાનો સંભવ, એ ચાડીચૂગલીથી

સામાને નીપજનાર ગમે તે નુકસાનની બેપરવાઈ, સાંભળનારને સાંભળીને વધતી કષાયની આગ પર રાજીપો,.... ઇત્યાદિ મહા અનર્થો જાગે છે. ◎ વિજયે વર્ષો સુધી ગંભીર રહ્યા છતાં એકવાર એ પત્ની આગ્રહથી જમાડતાં હસ્યો. એ હસવાનું રહસ્ય પુત્ર આગળ ખાનગીમાં બોલ્યું કે 'તારી માએ તો, હું એને પહેલી વાર તેડવા ગયેલો ત્યારે મને કૂવામાં ધકેલી દીધેલો! આજે એ પ્રેમ દેખાડે છે! તેથી હસવું આવ્યું.' બહાર પત્ની આ ચાડ સાંભળી ગઈ કે તરત એને આઘાત લાગવાથી ત્યાં જ મોત નીપજ્યુ.

૪. **અનિબદ્ધ = અસંગત ન બોલવું.** અસંગત એટલે આડાઅવળી સંબંધ વિનાની વાતચીત, લવારા, ગામગપાટા, કુથલી, તેમજ સ્વ-પરના હિત સાથે કશી જ સંગત નહિ એવી વિકથા (રાજ્યકથા, દેશ-કથા ભોજનકથા અને સ્ત્રી-કથા), તથા દર્શનભેદિની-ચારિત્રભેદિની વગેરે પાપકથા, એટલે કે જે સાંભળનારની દેવ-ગુરુ-ધર્મશ્રદ્ધા, ધર્મપ્રેમ, તત્ત્વરુચિ, શુભ ભાવના, વ્રત-નિયમ, ધર્મક્રિયા વગેરે ઘવાય. આ ઘણું અનુચિત કહેવાય; કેમકે આપણે બીજાને એ શ્રદ્ધાદિ પમાડવા-વધારવાની વાત તો દૂર રહી ઉલ્ટું એને ટક્કર લગાડવી અને તેથી સામાને પાછો પાપમાં ઠેલવો એ આપણામાં ધર્મની અવગણનાના અને સામામાં ધર્મ તરફ અરુચિના અનર્થને સર્જે છે. ત્યારે વિકથા એ બાહ્યભાવ, આહારાદિસંજ્ઞાઓ અને કષાયોને પુષ્ટ કરે છે. કુથલી-ગામગપાટા એ વળી તદ્દન જડરસ, નિંદારસ અને તત્ત્વ તથા ધર્મ પ્રત્યે કંટાળો વગેરેને પોષે છે.

અશુદ્ધ વાણીના આ બધા પ્રકારો ત્યજવા એ માટે,

**હિત-મિતભાષી થવું.** 'હિતભાષા' એટલે સ્વપરને હિતકર એવા સત્ય વચન, પરના ગુણાનુવાદ, પરમાત્મ સ્તુતિસ્તોત્ર, શાસ્ત્ર-સ્વાધ્યાય, તત્ત્વચર્ચા-ધર્મકથા, મહાપુરુષના ચરિત્ર-ઉપકાર-સુકૃતપ્રશંસા,- હિતોપદેશ વગેરે અને સાધર્મિકની

ઉપબૃંહણા-સમર્થન-પ્રોત્સાહનકારી વેણ; તથા ગુણ કે ધર્મમાં સીદાતાને સ્થિરીકરણ કરનારી વાણી. આમાં ને આમાં જ રક્ત રહેવાથી સહેજે નિંદા વિકથાદિ અટકે છે. 'મિતભાષા' એટલે પ્રમાણસર ઉદ્‌ગાર, જોખીને વિચારીને બોલ, ઇસારાથી ન પતે એટલું જ ને તે પણ તદ્દન જરૂરી કથન. આમાં ઘણું મૌન જેવું આવવાથી અસત્ય અજાણ્યે ઘુસી જતું અટકે છે; ને જોખી-વિચારીને બોલવાનું હોવાથી પણ કર્કશ, અપ્રિય, અને અસંબદ્ધ ભાષણ તથા જાણીને અસત્ય બોલવાનું અટકે છે. પ્રમાણરહિત બોલવાનું તો મગજને ખાલી અને નિઃસત્ત્વ કરે છે.

વિચારવું કે ૧. **માનવજીભ એ તો માતા સરસ્વતી છે. એનો સંબંધ પિતા પરમાત્મા અને એમના આદેશ સાથે જ હોય. એ સિવાય બીજે અસત્યાદિમાં એ જીભને જોડવી, એ તો માતાને વેશ્યા બનાવવા જેવું થાય.** ૨ બહુ પુણ્ય ખર્ચીને આ માનવભવની જીભ મેળવી છે, એનાથી હિત-ભાષણ કરવાનું ક્યાં ઓછું છે કે એને અહિતમાં જોડવી? ૩. પ્રિય એવું હિત વચન તો દુઃખથી તપેલા વિશ્વજનની પર જળ-વર્ષા છે. ૪. હિત અને પરિમિત વચન એ પોતાના દિલની અંદર મેલી વૃત્તિઓના પોષણ અટકાવી સદ્‌વૃત્તિઓને પગભર રાખે છે. બહાર કાંઇ પણ બોલાય છે તે લગભગ આંતરિક કોઈ ને કોઈ મનોવૃત્તિ પર. સારું હિતકારી જ બોલવું છે; તેથી અંદરમાં મેલી વૃત્તિને ફાવટ નહિ કે પોષણ નહિ મળે. પરમાત્મસ્તુતિ વગેરે હિતવચનરૂપી તંબોળ ચાવેલા મોઢે અસત્ય, નિંદા, કુથલી વગેરે કોલસા ચાવવાનું કેમ કરાય? એ ત્યાજ્ય જ લાગશે. અસત્ય-અહિત વચનથી (૧) આ ભવે અપયશ, વિરોધ, દુર્ભાવ આદિ અનેક વિપત્તિ અને વિશેષ પાપ-પ્રવૃત્તિની તૈયારી રાખવી પડે છે; ત્યારે (૨) પરભવે

કાં જીભ વિનાનો એકેન્દ્રિય અવતાર મળે, યા તોતડા-બોબડા મુંગાપણું, કે જીભ પર ચાંદા કહેવાવટ જેવી સજા આવી પડે. જુઓ એક દુર્વચનનું ઘોર ફળઃ-

❁ **એક માતા** બહાર ગઈ હતી એના ભૂખ્યા પુત્રે ઘેર આવી ખાવાનું શોધ્યું, ન મળ્યું, માતા ઘરમાં પેસતાં જ એ તાડૂક્યો, 'ક્યાં શૂળીએ ચડવા ગઈ હતી? તને ભાન નહોતું કે દીકરો ભૂખ્યો આવશે?' ત્યારે મા પણ ગુસ્સામાં તડૂકી,- શું કાંડા કપાઈ ગયા હતા લેતા? શીકેથી લેતાં શું થયું?' અહીં બંનેના દિલ ઘવાયા. પરભવે દીકરો વણિક્પુત્ર, ને માતા બીજે ગામ વણિક્કન્યા થઈ. બંનેની સગાઈ થઈ. એકવાર વણિક્પુત્ર પરગામ જતાં વચમાં અસુર થવાથી સાસરાના ગામ બહાર મંદિરમાં સૂતો. પેલી કન્યા ઘર પાછળ ફરતી હતી, ચોર એના હાથ પરના દાગીના લેવા કાંડા કાપીને દાગીના લઈ ભાગ્યો. પાછળ કોટવાળ આવતા જાણી ચોરે મંદિરમાં સૂતેલા વણિક્પુત્ર પાસે દાગીના મૂકી પાછળ સંતાઈ ગયો. સિપાઈઓ આને બિચારાને પકડી લઈ ગયા રાજા પાસે! રાજાએ શૂળી ભોંકાવી દીધી! બંનેને અહિત વચનની સજા મળી. માટે હિત-મિત વચન જ બોલવું. એથી નિર્મળ યશ, સદ્બુદ્ધિ, સદ્મતિ-પુણ્યવૃદ્ધિ આદિ મળે. આ વચનશુદ્ધિની વાત થઈ.

**હવે ત્રીજી કાયિક શુદ્ધિમાં,**(૧-૪) ૧. હિંસા ન કરે, ૨. ચોરીને ન લે, ૩. પરસ્ત્રી સામે જુએ પણ નહિ, ને ૪. અનર્થ-દંડ ન સેવે. આ હિંસાદિ ચારેયના ફળ કેવા ભૂંડા! જુઓ, વિસનગરના એક ભાઈ ભીંતના ખૂણે સળગતી મીણબત્તી ફેરવી માંકડ મારતા હતા. પાડોશીથી માન્યા નહિ. એક વખતે સ્ટવ સળગાવતાં અગ્નિની ઝાળ એવી ઊઠી કે હાથ ને મોં બળી ગયા! અણુવ્રતીએ તો પાણી પણ ઘીની જેમ જોખીને વાપરવું જોઈએ; જેથી એના ટીંપેટીંપે જે અસંખ્ય

જીવો છે એ નિરર્થક ન મરે. શાકભાજી પણ ઝરેલી ન લાવવી, નહિતર અંદરની ઇયળ વગેરે કપાઈ મરે. બધે જ જીવજતના યાને શક્ય જીવરક્ષાનો પ્રયત્ન જોઈએ તો હિંસાની કાયિક અશુદ્ધિ ટળે.

**(૨) ચોરી નાની પણ ન કરાય;** ગાવલી ન કઢાય, કર ન છૂપાવાય; અરે ! ટપાલ પર ટિકિટ પણ ઓછી ન લગાવાય, કે આવેલી ટપાલની ટિકિટ પર ભૂલમાં છાપ ન લાગી હોય તો એ ટિકિટ ફરીથી ન વપરાય. તો જ હૃદય પવિત્ર રહે. કોન્ટ્રાક્ટમાં માલ હલકો વાપરી પૈસા પૂરા લે એ ચોરી. પણ કુદરત એનો બદલો વાળે છે. એક કોન્ટ્રાક્ટરે પૂલ બાંધી રૂા. બે લાખ માર્યા. ઇન્સપેક્ટરોને લાચ આપી સરકારમાં પૂલ મંજૂર કરાવી લીધો. બન્યું એવું કે જે ગાડીમાં એનું કુટુંબ આવતું હતું એને એ પૂલ ભાંગવાથી અકસ્માત નડ્યો, કુટુંબ ખતમ થયું કોન્ટ્રાક્ટર પોકેપોક મૂકી રડતા બેઠો. ચોરીથી પરલોકમાં તો ભયંકર સજા છે જ.

**(૩) પરસ્ત્રી સામે દૃષ્ટિ પણ ન નખાય.** આજના સિનેમામાં આનો શાહુકારી દુરાચાર ચાલે છે રસ્તે જતી સ્ત્રી સામે જોતાં લજવાશે, પણ ત્યાં સિનેમામાં તાકીને સ્ત્રીના અંગ જોતાં કોઈને ય લાજ નથી ! પરસ્ત્રી સામે આંખ પર અધમણ સીસાનો ભાર જોઈએ. નહિતર જોવામાં શું મળે છે ? એ ચક્ષુકુશીલતાથી ઉલ્ટું બળતરા ઉન્માદ–કુવિકલ્પો વધે છે, ચિકણાં પાપકર્મ બંધાયાથી પરભવે અંધાપો ચક્ષુદર્દ, નપુંસકપણું,....યાવત્ આંખમાં પરમાધામિકના ભાલાની કોચામણ મળે ! ત્યારે પરસ્ત્રીઓ જોવાના ગોઝારા હવસમાં પછી પત્ની ન ગમે, ગુરુમુખ પર દિલ ન ઠરે, ન દેવાધિદેવનાં દર્શને હરખ ન ઉલ્ટે; એ કેવી દુર્દશા ? પરસ્ત્રી જોવાની ય મનાઈ,

તો સ્પર્શના ચાળાની વાતે ય શી? રૂપસેન એ રાજકુમારી સુનંદાને જોવામાં યાને ચક્ષુ–કુશીલતામાં ગબડયો. પેલીના એના એ જ એક ભવમાં આના સાત ભવ! ચિલાતીપુત્ર શેઠની દીકરીનો સ્પર્શ–કુશીલ બન્યો. તો લૂંટારાપણું, ચોરી, અને એજ કન્યાના ખૂન સુધીના ઘોર પાપ સુધી પહોંચી ગયો! આ બે કુશીલતાથી બચે તો જ ધર્મ દિલમાં ઠરે.

**(૪) અનર્થદંડ ન સેવવા.** એ ૪ પ્રકારે, ❁(i) **આર્ત–રૌદ્ર દુર્ધ્યાન ન કરવું.** રાગ અને શોકનું ચિંતન પણ ખતરનાક દુર્ધ્યાન છે. લક્ષ્મણજીના રામ ઉપરના રાગનું પારખું કરવા દેવે દેવમાયાથી એમની આગળ અંતઃપુર રોતું–કકળતું બતાવ્યું. અહીં લક્ષ્મણજીને રામ પર અથાગ રાગ, તે રોતી સ્ત્રીઓ પાસેથી કારણ તરીકે રામનું મૃત્યુ સાંભળતાં શોકચિંતાના ભારે આઘાતમાં ત્યાં જ તત્ક્ષણ ખરેખર મર્યા અને ચોથી નરકે ગયા! ❁(ii) **પ્રમાદાચરણ ત્યજવું**; દા. ત દૂધ–ઘી–તેલનાં ભાજન, ચૂલા, દીવા વગેરે ઊઘાડાં ન મૂકવાં, નહિતર એમા ઉડતા જીવજંતુ પડીને મરે! એવી રીતે મંત્ર–જડીબુટ્ટી–વશીકરણ, વીર્યોત્તેજક દવાઓ, અભક્ષ્યભક્ષણ, શિકાર, જુગાર, વ્યસનો, પાપપ્રશંસા, દુરાગ્રહ, સિનેમા–નાટક–નટ–તમાસા – સરકસ – રમતો – ફાંસી –તાબૂત–કુસ્તી–લડાઈ વગેરેનું પ્રેક્ષણ કામચેષ્ટા, હાસી-મશ્કરી–કૌતુક–ચમત્કાર પ્રદર્શન, રાજ–દેશ–ભોજન – સ્ત્રીકથા પાપકથા–કુથલી, વાતવાતમાં મદ–અહંત્વપ્રદર્શન, નદી–સરોવર–સ્નાનાદિ મોજશોખ, વાચાલપણું....વગેરે વગેરે પ્રમાદાચરણ કહેવાય. એનો ત્યાગ રાખવો ❁ (iii) **પાપોપદેશ ન કરવો.** જે સલાહ–સૂચન–વાતચીત પાછળ મિથ્યાત્વ હિંસા, જૂઠ. અનીતિ કે દુરાચાર પોષાય, આરંભ–સમારંભ થાય, યા વિષયવાસના ઉત્તેજિત કે દઢ બને, કે ક્રોધ–લોભાદિ કષાયનું

ઉત્થાન કે વૃદ્ધિ થાય, કલહ–કુસંપાદિ જાગે, પાપની નવી તરકીબ મળે, એવું પ્રેરનારો વચન વ્યવહાર એ પાપોપદેશ છે. એનો ત્યાગ કરવો. ◎ (IV) અધિકરણ–પ્રદાન ત્યાગ; અધિકરણ એટલે, ૧ કલહ–કંકાસ–ચડાઉતરી ન કરવી; અને ૨. પાપસાધનો દા ત. ઘંટી–હળ–હથિયાર, મુશળ–મોગરો–ધોકો, ચાકુ–કાતર–દાતરડું, સાબુ–ખાર–એસીડ વગેરેના દેવામાં પહોળા ન થવું; કેમકે એની પાછળ મોટી જીવહિંસા છે. એમ વિલાસી ચિત્રો–નોવેલો વગેરે ન વસાવવા, કારણ કે એ ખોટો મોહ ઉત્પન્ન કરનારા છે.

આ રીતે હિંસા–ચોરી–પરસ્ત્રીદર્શન – અનર્થદંડમાંથી કાયાને અટકાવી શુભ પ્રવૃત્તિમાં જોડવી; ને જિનાગમે કહેલી રીતિનીતિના અનુસારે જીવરક્ષા, દાન–શીલ–તપ, દેવભક્તિ, ગુરુસેવા, જિનવાણી-શ્રવણ, શાસ્ત્રાધ્યયન, તીર્થયાત્રા, સામાયિક–પોષધ–પ્રતિક્રમણ, પરમેષ્ઠિસ્મરણ વગેરે શુભ અનુષ્ઠાનોમા પ્રવર્તમાન રાખવી.

## (૩૧) લાભોચિત દાન–ભોગાદિ

સૂત્ર–तहा लाहोचिअदाणे, लाहोचिअभोगे, लाहोचिअपरिवारे, लाहोचिअनिहिकरे सिआ ।

**અર્થ**–તથા આવકને અનુસારે દાન કરનારો, આવકને અનુસારે ભોગોપભોગ કરનારો, આવકને અનુસારે પરિવાર માટે રાખનારો, (અને) આવક મુજબ મૂડી સંઘરનારો બને.

**વિવેચન**–સાધુધર્મ યાને સર્વ પાપનિવૃત્તિની ભૂમિકા માટે જરૂરી જેમ અહિંસાદિ ગુણો છે, ગુણોની અત્યંત ઉપાદેય-બુદ્ધિ છે, જિનાગમનું ગ્રહણ–ચિંતન અને ઉત્કૃષ્ટ મૂલ્યાંકન છે, અકલ્યાણમિત્ર ત્યાગ, લોકવિરુદ્ધ ત્યાગ કલ્યાણમિત્ર સેવન વગેરે

છે, એમ પોતાને થતી ધનકમાઈનું યોગ્ય નિયોજન યાને ઉપયોગ છે. એ ઉપયોગમાં ચાર વસ્તુ છે,—શ્રાવકને યોગ્ય ૧. દાન, ૨. ભોગ, ૩. કુટુંબ પરિવાર અને ૪. સંગ્રહ. આમાં ચારિત્રને શું ? આ,

❀ (૧) આમાં શ્રાવકયોગ્ય દાન નહિ હોય તો (i) સર્વ ત્યાગની ભૂમિકા રૂપ આંશિકત્યાગનો અભ્યાસ નહિ પડે; (ii) સર્વ અહિંસામાં ગર્ભિત પરહિતકરણ-વૃત્તિનું સાધક પરાર્થકરણ નહિ ખીલે; માત્ર સ્વાર્થકરણ જ ચાલ્યા કરશે; (iii) ધર્મપ્રત્યે કૃતજ્ઞભાવનું પાલન, અને (iv) પૂજ્યપૂજા તથા દુઃખિતદયારૂપી પાયાના ગુણ નહિ આવે. પછી એ વિના અતિ મહાન સાધુધર્મ આત્મામાં શી રીતે સ્થાન પામવાનો ? **ધર્મે આપણને ઘણું દીધું છે, તો ધર્મપ્રત્યે કૃતજ્ઞ હોય એ જ ધર્મને પૂરો વફાદાર રહી ઊંચા સાધુધર્મને ય પાળશે-અજવાળશે.** એમ દાનમાં બે ચીજ,—૧. ભક્તિદાન, ૨. અનુકંપાદાન. આમાં પહેલામાં દાનથી થતી પૂજ્ય-પૂજા એ ગુણપૂજા હોઈ ગુણની સમર્થક બને. બીજામાં દુઃખીની દયા પળાવાથી આત્મામાં ગુણ-ગ્રાહક કોમળતા-મુલાયમતા ઊભી થાય. ગુણના ઘાટ કોમળ દિલમાં ઊતરે. સારાંશ શ્રાવકને યોગ્ય દાન કરતા રહેવું જોઈએ.

(૨) એમ શ્રાવકને યોગ્ય ભોગ જોઈએ, સ્વનિર્વાહ જોઈએ. (i) ભોગ જ નહિ હોય, તો કૃપણતા-ક્ષુદ્રતા-ધનમૂર્છા વગેરે દોષો પોષાઈ, એ દોષો સાચા સાધુધર્મની ઉત્તમતા નહિ આવવા દે. તેમ, (ii) ઉચિત પ્રમાણસર ભોગવ્યય નહિ હોય તો ત્યાં પછી ઉડાઉગીરી, ઉદ્ભટતા, ઇન્દ્રિયગુલામી વગેરે પોષાશે; તેથી સાચી સર્વત્યાગવૃત્તિ-શમ-દમ વગેરેની ભૂમિકા જ નહિ સર્જાય. ઉડાઉ ભોગથી કદાચ દેવાદાર પણ બનવાનો અવસર આવે. માટે ઉચિત ભોગ જોઈએ.

● (૩) આવકને યોગ્ય પરિવાર જોઈએ; અર્થાત,(i) કુટુંબ એટલું જ વધારવું જેનું આપણી આવકના પ્રમાણમાં પોષણ થઈ શકે. દા. ત. જોયું કે બે સંતાન થયા, હવે આગળ વધુ સંતાનના પાલન–પોષણની આવકમાં જગા નથી, તો બ્રહ્મચર્ય-પાલનમાં આવી જવું જોઈએ, જેથી જવાબદારી ન વધે. એમ બીજા પરિવારમાં નોકર–ચાકર પણ આવકના પ્રમાણમાં જ રખાય. (ii) બીજું એ, કે આવકને યોગ્ય સ્વભોગની જેમ પરિવારમાં વ્યય જોઈએ. ખર્ચ કરવામાં જાતમાં પહોળો અને પરિવારમાં કંજૂસ હોય તો પરિવારને સમાધિ નહિ આપી શકે, પરિવારનો સદ્ભાવ નહિ પામી શકે. એ યા ઉડાઉ રીતે ઉછેરેલ પરિવાર જતે દહાડે આને સાધુધર્મ સ્વીકારવામાં સાથે અનુસરનારો કે સંમતિ આપનારો ક્યાંથી થવાનો ? વધારે પડતા પરિવારની જવાબદારીથી કદાચ દેવું પોતાના ચિત્તમાં સંક્લેશ, અને આવક યોગ્ય પરિવાર–ખર્ચના અભાવે પરિવારને ચિત્ત–સંક્લેશ રહ્યા કરે. પોતાના એ દોષ ચારિત્રમાં ય નડે. માટે અહીં લાભોચિત પરિવારની ત્રીજી ફરજ મૂકી.

● (૪) આવકને યોગ્ય બચાવ રાખી બચાવેલ ભંડોળનો સંગ્રહ પણ જરૂરી છે. એનાં બે કારણ છે (i) ભવિષ્યમાં કોઈ વ્યાધિ, અકસ્માત્ આદિ ઊભા થાય, તો એને અને આજીવિકાને પહોંચી વળાય; નહિતર બચત ભંડોળના અભાવે દેવું કરવું પડે, સીદાવું પડે, ચિત્તસંક્લેશ થાય, સમાધિ ન રહે, વગેરે અનેક અનર્થ નીપજે. વળી (ii) જો પાસે ભંડોળ બચાવેલું ન હોય તો આગળ પર સાધુધર્મ સ્વીકારવા પૂર્વે આશ્રિત કુટુંબના જીવનનિર્વાહ માટે જોગવાઈ નહિ કરી શકે. તો તે વિના તો કુટુંબ સીદાય, અતિ સંક્લેશ ને દુર્ધ્યાનમાં પડી જાય, ધર્મ–

પ્રત્યે અભાવવાળું બની મૂળ બોધિ અને કદાચ બોધિબીજ-ધર્મઆકર્ષણ ગુમાવી નાખે! અને લોક પણ નિંદા કરે કે 'જોયું? આ બિચારાને ભૂખ્યા ટળવળતા મૂકી દીક્ષા લીધી? શો એમનો ધર્મ?' એમ લોકો પણ સંક્લેશમાં પડી બોધિબીજ બાળી નાખે માટે લાભ—આવકને ઉચિત નિધિ-ભંડોળ પણ કરવો જોઈએ.

પોતાને જે ધન વગેરેનો લાભ થાય તેને યોગ્ય રીતે નિયોજે. એમ મનાય છે, કે આવકના પ્રમાણમાં, અર્થાત્ આઠ ભાગ કરી આઠમા ભાગનું દાન કરે. એવું જ લાભનો આઠમો ભાગ પોતાના ઉપભોગમાં વાપરે. આવકનો ચોથો ભાગ કુટુંબ પરિવારનું પોષણ કરવામાં ખરચે, ચોથો ભાગ મૂડીમાં સંગ્રહે; અને ચોથો ભાગ વેપારમાં યોજે. આ અગર બીજી રીતે આવકની ઉચિત રીતે વિધિસર સુવ્યવસ્થા કરવી જોઈએ. બીજાઓએ પણ કહ્યું છે કે આવકમાંથી અર્ધું અથવા વધુ પણ ધર્મમાં યોજવું જોઈએ; અને પછી વધેલાથી બાકીનું તુચ્છ લૌકિક કાર્ય યતનાપૂર્વક કરે. લાભોચિત દાનાદિથી ધર્મકૃતજ્ઞતા સચવાય, ધર્મ-દેવું થાય નહિ, દયાપાત્ર કૃપણ દેખાય નહિ, પરિવાર સીદાય નહિ કે ઉન્મત્ત ન બને, અને ભાવી આપત્તિ સામે સંરક્ષણ રહે

## (૧૨) પરિવારને અસંતાપ: મમત્વ બંધહેતુ

सूत्र—असंतावगे परिवारस्स, गुणकरे जहासत्ति, अणुकंपापरे, निम्ममे भावेणं। एवं खु तप्पालणे वि धम्मो, जह अन्नपालणे त्ति ॥

અર્થ—વિવેચન:—અહીં પૂર્વે કહેલા ગુણોથી અને સદાચારોથી સમૃદ્ધ બનેલો આત્મા પરિવાર પ્રત્યે કેવો હોય? (૧) સંતાપ ન કરનારો હોય. એ શી રીતે બને? શુભ પ્રણિધાનથી. અર્થાત્ (i) નિરંતર શુભ પવિત્ર ભાવનાઓ, પવિત્ર નિર્ણયો અને સુંદર ઇચ્છાઓમાં રમતો હોવાથી, એ સ્વાર્થી અને પરપીડાકારી

ન હોય, પણ પરાર્થી હોય. એટલે પોતાની નહિ, પણ સામાની સુખ-સગવડ જુએ. (ii) અક્કડ અને ક્રોધી ન હોય, (iii) ટૂંકી દૃષ્ટિવાળા કે તુચ્છ વિચારો કરનારો નહિ, પણ દીર્ઘદૃષ્ટિના ઉદાર અને ગંભીર વિચારોમાં રમનારો હોય. (iv) પરિવારને પીડાકારી નહિ, એટલું જ નહિ પરંતુ ગુણકારી હોય પરિવારને શક્તિ પ્રમાણે સંસારનું માયાવી અને મિથ્યા સ્વરૂપ, સંસારની વિચિત્રતા, સંસારની અનાદિ અનંત સ્થિતિ, અને સંસારને લીધે નીપજતી પ્રમાદી, મોહાંધ અને ગુલામી અવસ્થાઓ, વગેરે સમજાવી તેને ગુણકમાઈ અને ધર્મમાર્ગમાં પ્રેરે. (v) શક્ય ઉપાય છતાં તે ન સમજી શકે ત્યાં તેની ઉપર (i) દયાળુ અને,–'આ બિચારા કેવા કર્મપીડિત કે એમને બોધ નથી લાગતો! 'સવ્વે જીવા કમ્મવસ' જગતમાં જીવો કર્મોની જુદી જુદી કર્મ-પ્રકૃતિને પરવશ પડેલા છે, તેથી બિચારા ન સમજે એમ બને.' (ii) વળી સામાન્યતઃ પણ પરિવાર તરફથી બદલાની અપેક્ષા ન રાખે, તેથી પરિવાર પ્રત્યે શુદ્ધ કરુણાભાવ-વાત્સલ્યવાળો બને. (iii) એમને પોતાનો ઉપકાર ન મનાવે. તેમ (iv) કોઈ વખતે પણ દ્વેષ કરવાનો પ્રસંગ જ ન લાવે. ઊલટું એમને થયેલા દ્વેષ-અસમાધિ, પોતે ગમ ખાઈને, ખમી ખાઈને શાંત કરવાનું કરે, એથી પોતાની તરફ આકર્ષણ આદર ઓછા ન થાય. આ રીતે વાત્સલ્ય-અનુકંપાથી જળવાએલા આદરના પરિણામે પરિવાર આકર્ષિત રહે. તેથી એને સંસારની અસારતા સમજાવવાની તક મળે. તેમજ આવી પોતાની કોમળ લાગણી જોઈને કુટુંબ એ કોમળતા સાથે રહેલા વૈરાગ્ય પ્રત્યે આકર્ષાય. (v) વળી પરિવાર પ્રત્યે અનુકંપાવાળો છતાં પોતે અંતરથી એમના તરફ મમતા

વિનાનો રહે. એ માટે (i) ભવસ્થિતિની યાને સંસારવાસ અને સંસારસ્વરૂપની આલોચના વિચારણા કરે; (ii) સંસારની અનંતવાર પુનર્પુનર્ આવૃત્તિ, અનિત્ય સ્થિતિ, વગેરે વિચારે; (iii) માતા–પિતાદિ એકેક સંબંધ એકેક જીવ સાથે અનેક વાર થયા, અને પિતા તે પુત્ર, કે મિત્ર તે શત્રુ પણ થયા, એવી વિચિત્રતા હોય, ત્યાં કોના પર મમત્વ કરું? જો હું અહીં મમત્વ રાખીશ તો પાછું અનેક વાર સંસારમાં ભટકવું પડશે! મમત્વ અહીં પણ અનેક ચિંતા –સંતાપ ઉભા કરે છે, જેના પર મમત્વ રાખ્યું એના અંગે કેટલાંય દુર્ધ્યાન અને વિકલ્પો ઊભા થાય છે, અને એમાં વિરહ પડ્યો તો શોક પારવાર!'

લલિતાંગદેવ પોતાની સ્વયંપ્રભા દેવી મરી ત્યારે મમત્વ–વશ ભારે શોકમાં પડ્યો પછી પોતે મર્યો ત્યારે સ્વયંપ્રભાદેવી શોકમાં પડી! અહીં પૂછો કે પૂર્વે દેવી મરી એટલે તો એ પરલોક ગઈ, એને હવે દેવમૃત્યુનો શોક શો? વિરોધાભાસ છે. પણ ના, વસ્તુ એ બની કે મર્યા પછી એ બ્રાહ્મણ કન્યાનો ભવ પામી મુનિના ઉપદેશથી વ્રત અને તપમાં ચડી, ત્યાં દેવે જઈ નિયાણું કરાવ્યું તે મરીને પાછી સ્વયંપ્રભાદેવી થઈ. હવે એમાં ક્રમે મરતાં એ મમત્વવશ શોકમાં પડી.

મમત્વ જીવને કેવો રાંક બનાવે છે! માટે કુટુંબ પર મમત્વ છોડીને ભાવ–અનુકંપા અને સાધર્મિક વાત્સલ્ય સાથે કુટુંબ–પાલન કરવું. અલબત્ સંસારી કુટુંબ મોહાંધ છે, ષટ્કાય જીવના આરંભ સંહારમાં પડેલું છે., એવા પણ કુટુંબનું પાલન કરવું એમાં, આમ તો મોહ અને આરંભનું પોષણ હોવાથી પાપ છે, પણ ઉપર કહેલી રીતે પાલન કરવામાં આવે તો, બીજા દીનદુઃખીને ઉપકાર કરવાની

જેમ, તે પણ ધર્મ ગણાય. જીવવિશેષથી શું? એટલે કે બીજાને પાળે તો જ ધર્મ, અને કુટુંબને પાળે તો ધર્મ નહિ જ, એવું નથી; એમાં પણ ધર્મ બની શકે. કિન્તુ ક્યારે? કે જો એ મોહ-મમત્વને દૂર જ રાખી ભાવદયાથી પાલન હોય. એમ કરતાં, તે કુટુંબ સાથે બેસી તેને અસાર સંસારની ભયંકર સ્થિતિ સમજાવે અને ધર્મમાં પ્રેરી શકે. આ રીતે અસંતાપિત, ગુણપ્રાપ્ત અને લાગણીભર્યું કુટુંબ આગળ દીક્ષાર્થીને ચારિત્રમાં બાધ ન કરે. તેમ પોતે નિર્મમ રહ્યો ઝટ છૂટી શકે

सूत्र-सव्वे जीवा पुढो पुढा। ममत्तं बंधकारणं।

**અર્થ** :-સર્વે જીવો જુદા જુદા છે. મમત્વ બંધનું કારણ છે.

**વિવેચન** :-પરિવાર પોતાનો છે, તો એના પર મમત્વ કેમ ન થાય? એનું કારણ આ વિચાર છે કે 'જગતના સર્વે જીવો પોતપોતાના નિરનિરાળા તથાભવ્યત્વ અને કર્મોથી જુદા જુદા છે, એમ સિદ્ધ થાય છે. એટલે જેવા બીજાઓ જુદા, તેવો પરિવાર પણ જુદો. એ જીવો આવ્યા છે જુદે જુદે ઠેકાણેથી અને જવાના છે જુદે જુદે ઠેકાણે. એના પર મમત્વ કર્યાનો શો અર્થ રહે? દયાથી એના પાલનમાં ધર્મ ખરો; કિંતુ એના પર મમતા એ બંધનું કારણ; કેમકે એ મમતા લોભ-કષાય (સ્વાર્થની ઇચ્છા)રૂપ છે. રાગનો એ પ્રકાર છે, એનાથી આત્મા કર્મબંધનથી બંધાય છે, કુસંસ્કારથી બંધાય છે, સંસારની ગતિઓ સાથે બંધાય છે. તો એવા દારુણ પરિણામ સર્જનારું મમત્વ શા માટે કરવું?'

● **રાજા સુરેન્દ્રદત્ત** ચારિત્રનો અભિલાષી છતાં માતા યશોધરાના મોહ-મમત્વ-દાક્ષિણ્યમા તણાઈ લોટના કૂકડાનો ઘાતક અને ભક્ષક બન્યો! તેમજ એણે પત્ની નયનાવલીનું કુશીલ

નજરે દેખવા છતાં એના મમત્વમાં એક દિવસ ચારિત્ર–સ્વીકાર લંબાવી એ એના હાથે ભોજન અને તંબોલ લેવા રહ્યો, તો એ દુઃશીલ પત્નીના હાથે જ ઝેરનું પાન–બીડું પામી મર્યો! અને મમત્વથી ગાઢ પાપાનુબંધી પાપકર્મે બંધાઈ એની જ સમક્ષમાં પોતે માતા સાથે અનેક દુઃખદ તિર્યંચના અવતારો પામી છૂંદાયો, ચવાયો, છોલાયો, કપાયો! મમત્વં બંધકારણમ્!

ત્યારે ⊛ **મરુદેવા માતા** મમતાથી, પુત્ર ઋષભદેવ ચારિત્ર-માર્ગે ગયા પછી, શોકમાં ગરકાવ હતા; એ પુત્રના તીર્થંકર બનવા પર મળવા માટે ગયા. ત્યાં ય પુત્રે દૂરથી સંદેશો ન કહાવ્યા પર એ ક્ષણવાર તો શોકમાં પડ્યા, પણ તરત જ 'સવ્વે જીવા પુઢો પુઢો, મમત્તં બંધકારણમ્'–સમજી મમત્વ છોડી અન્યત્વ ભાવનામાં ચડ્યા, તો ત્યાં જ કેવળજ્ઞાન અને મોક્ષ પામ્યા! બંધકારણ મમત્વ જાય, તો મોક્ષ થાય.

**મમતા એ સમતાની શત્રુ છે. એટલે જ એ સુખની શત્રુ છે.** જીવે હવે તો સમજવું જોઈએ છે કે જે પરિવારને તું મ્હારો મ્હારો કરી રહ્યો છે, જેના સ્નેહમાં ચીટકાઈ રહ્યો છે, જેના વિરહમાં આકુળ વ્યાકુળ થઈ રહ્યો છે, એ પરિવાર તો, જેમ સમુદ્રમાં એકાએક પ્રચંડ મોજું આવ્યું અને તેમાં ઘણાં માછલાંઓ તણાઈ પરસ્પર સંસર્ગમાં આવ્યા, તેમ કર્મ–મોજાંથી એકબીજાને ભટકાઈ પડ્યો છે. પછી જેમ એ માછલાં એકબીજાને પોતાના સંબંધી માનવા લાગે, એકબીજાના પ્રેમી માનવા લાગે, 'હું તારો' અને 'તું મ્હારો,' કહેવા લાગે, પણ તે બિચારાને ખબર નથી કે થોડીવારમાં જ બીજું એક એવું પ્રચંડ મોજું આવશે, ત્યારે એકબીજાથી ક્યાં ય અને કેટલે ય

દૂર ખેંચાઈ ફેંકાઈ જશે ! એવા દૂર કે જ્યાં એકબીજાનો પત્તો પણ નહિ ખાય ! એમ, સંસારી સગામાં જ્યાં એકેકને કાળની એક થપ્પડ પડશે ત્યાં સૌનો વિયોગ થતાં કેટલીવાર ? 'મળેલાં સગાં–સંબંધીઓ તને જતો મોં ફાડીને જોઈ રહેશે અને તું દૂર દૂર અપાર ભવસાગરમાં પરાધીનપણે ક્યાંય ફેંકાઈ જઈશ ! ત્યારે હવે કહે કે બે સગાંને 'મારા મારા' કર્યાનો શો અર્થ ત્યાં રહેશે ? ચપટી ધૂળનો ય લાભ નહિ માટે ડહાપણ રાખી બુદ્ધિના આ **ભવમાં મમતાને ફગાવી દેનારી અને વિશ્વના જીવો સાથે કુટુંબીને સમપણે જોનારી બુદ્ધિ કેળવ.** વિચિત્ર રીતે સંયોગવિયોગો થયા કરે, ત્યાં કોને કોનો સગો કહેવો ? અતિ દીર્ઘ–અનાદિ એવા આ સંસારમા અનંતવાર નવનવાં જન્મ જ્યાં થાય છે, ત્યાં કોઈ એવો જીવ નથી કે જે અનેકવાર આપણો સંબંધી બની અસંબંધી ન બન્યો હોય. તેથી સ્વજન એ વસ્તુગત્યા 'સ્વજન' જ નથી, આપણું માણુસ જ નથી એમ છતાં, સંસારમાં રહ્યા ત્યાં સુધી ઉચિત અને કર્તવ્ય ચૂકવાનું નહિ. પરિવાર પણ એ પ્રમાણે હૃદયમાં ચોક્કસ ભાવે એમ કરવાનું છે. પણ પ્રશ્ન થાય કે 'એ સંસારની અસારતા સાભળે જ નહિ તો ?' તો જે વાતમાં તેમને રસ હોય તે વાત કાઢી તેમને આકર્ષી, પછી યુક્તિપૂર્વક આપણી 'સંસાર અસાર'ની વાત, રસ તોડચા વગર જોડી દેવી. તેમ છતાં તે સમજવા સાટે અશક્ત લાગે તો 'એના કર્મો ગાઢ છે, મોહાંધ દશા છે, એ બિચારાને ક્યાંથી આ વાત સમજાય' એમ પોતે સમજી એમના પ્રત્યે અનુકંપાવાળો રહે; પરંતુ જરા ય દ્વેષ–ઉકળાટાદિ ન કરે.

કુટુંબનું પાલન કરવામા ધર્મ કેમ કહ્યો ? એમના આત્માને

ઉપકાર થઈ રહ્યો છે માટે કહ્યો. એ સંતાપ કરાવતો નથી, ગુણ કરે છે, સંસારની અસારતાથી ભાવિત કરે છે, ધર્મમાં રસ લેતા કરે છે, ગાઢ આર્તધ્યાન–રૌદ્રધ્યાનથી બચાવે છે. એ બધો ઉપકાર છે. તો પછી એમના પર મમત્વ રાખવામાં વાંધો ખરો ? હા, જરૂર વાંધો. તે એટલા માટે, કે જીવો જુદા જુદા છે, દરેકના કર્મ, એની ભવિતવ્યતા, એનું તથાભવ્યત્વ વગેરે સ્વતંત્ર છે; તેમાં મમત્વ રાખવું એ મિથ્યા ભાવના હોવાથી બંધનું કારણ છે. સાધુ–ધર્મની પરિભાવના કરવી છે, તો સાધુ બનવા પૂર્વેથી મમત્વ–ત્યાગનો અભ્યાસ જોઇએ, નહિતર પછી એ નડી જાય.

☺ **આર્દ્રકુમારે** પૂર્વ જીવનમાં ચારિત્ર પાળેલું છતાં એ પૂર્વે પત્નીની મમતાના ત્યાગનો અભ્યાસ તેવો નહિ, તેથી ચારિત્ર–જીવનમાં એ મમત્વ નડી ગયું, તો અહીં આર્દ્રકુમાર તરીકે અનાર્ય દેશમા જન્મ મળ્યો, રાજકુમાર થયા. પણ અભયકુમારે રત્નમય જિનપ્રતિમા ભેટ મોકલી એ જોતાં પૂર્વજન્મ યાદ આવ્યો, વૈરાગ્ય પામી પિતાથી ગુપ્તપણે નીકળી આર્યદેશમાં આવીને ચારિત્ર પણ લીધું. પરંતુ પેલી મમત્વવાળી બાઈ અહીં શ્રેષ્ઠી–કન્યા થયેલી; તેના મમત્વમાં પડી ચારિત્રભ્રષ્ટ થયા ! મમત્વ કેવાં બંધન ઊભાં કરે છે ! આર્દ્રમુનિએ એની સાથે સંસાર માંડયો ! અંતે મમત્વ છોડી ફરી ચારિત્ર લઇ ઉત્કટ ત્યાગ–વિરાગ–સંયમ–તપ વગેરેથી અવધિજ્ઞાની બન્યા. માટે કુટુંબ પર મમત્વ નહિ કરવું.

## (૧૨) સ્વાત્મનિરીક્ષણ : દ્વિવિધ ભૂંડીનું ચિંતન :

सूत्र–तहा तेसु तेसु समाचारेसु सइसमण्णागए सिआ, 'अमुगेऽहं, अमुगकुले, अमुगसिस्से अमुगधम्मट्ठाणट्ठिपे । न मे तव्विराहणा, न मे तदारंभो, वुड्ढी ममेअस्स, एअमित्थ सारं, एअ–

मायभूअं, एअं हिअं, असारमण्णं सव्वं, विसेसओ अविहिगहणेणं। एवमाह, तिलोगबंधू परमकारुणिगे सम्मं संबुद्धे भगवं अरिहंते' त्ति।

**અર્થ:**– તથા તે તે આચારોમાં સ્મૃતિ–ઉપયોગ જાગ્રત્ રાખે કે "હું અમુક છું, અમુક કુળનો છું, અમુકનો શિષ્ય છું, અમુક ધર્મસ્થાનમાં રહેલો છું. મારે એમાં વિરાધના નથી થઈ; મારે વિરાધનાનો પ્રારંભ (પણ) નથી. મારે એ (ધર્મ–સ્થાન)ની વૃદ્ધિ થઈ રહી છે. અહીં એ જ સારભૂત છે. એ જ પોતાની ચીજ છે. એ જ હિતરૂપ છે. બાકી બીજું બધું અસાર છે, અવિધિએ લીધેલ (સંપત્તિ આદિ) વિશેષે અસાર છે," એમ ત્રિલોકબંધુ, પરમકારુણિક, સમ્યક્ સંબોધ પામેલા અરિહંત ભગવાન કહે છે.

**વિવેચન:** કુટુંબને સંતાપ નહિ પરંતુ ગુણ કરનારો, અનુકંપાવાળો અને અંતરથી પોતે નિર્મળ રહી, ગૃહસ્થને યોગ્ય જે આચારો સેવે છે, એ આચારોમાં પણ લક્ષ વિના મૂઢપણે યા ગતાનુગતિકપણે વર્તનારો ન હોય, કિંતુ ઉપયોગવાળો બની વિચારતો રહે કે, ■ [1] 'હું કોણ છું ? [2] મારું કુલ કયુ ? [3] હું કોનો શિષ્ય ? [4] મારા વ્રત કયાં ? ■ [1] હું દેવદત્તાદિ નામે ગૃહસ્થ આર્યમાનવ છું. [2] અમુક ઉત્તમ કુળમા ઉત્પન્ન થયો છું. [3] હું અમુક આચાર્યનો શિષ્ય છું. એટલે મારા ગુરુ અમુક છે. [4] હું અમુક સમકિત, દેશવિરતિ વગેરે ધર્મસ્થાનમા રહેલો છું. ■ મેં જે સમકિત ને અણુવ્રતો લીધા છે એની વિરાધના તો મેં નથી કરી ને ? અથવા હવે વિરાધનાનો આરંભ તો નથી કરતો ને ? એટલું જ નહિ પણ મારું ધર્મસ્થાન વૃદ્ધિગત થઈ રહ્યું છે ને ?'

૧. પોતાનો એક સારો આર્ય માનવભવ પામેલા તરીકેનો ખ્યાલ, ૨. પોતાના ઉત્તમ કુળની ખાનદાનીનો ખ્યાલ, ૩. પોતે ઉત્તમ

ગુરુ માથે ધર્યાની જવાબદારીનો ખ્યાલ અને ૪. પોતાનો વ્રતનિયમાદિ ધર્મસ્થાનની જવાબદારીનો ખ્યાલ માણસને પતન પામવા નહિ દે; બલ્કે ઊંચે ચડાવશે. 'ધર્મ- રત્નપ્રકરણ' શાસ્ત્રમાં આ જાત કુળ અને ગુરુના ખ્યાલ પર એક પ્રસંગ છે.

▣ **બ્રાહ્મણ ઉપાધ્યાય** પાસે ભણતા **અંગર્ષિને** તથા **રુદ્રકને** ગુરુએ જંગલમાંથી લાકડાં લઈ આવવા કહ્યું. અંગર્ષિને સૂકાં લાકડાં જલ્દી મળ્યાં નહિ, એટલામાં રુદ્રક લહેરથી ફરી પછી લાકડાં લઇ જતી એક ડોશીને મારી નાખી ઝટપટ એનાં લાકડાં લઈ આવી ગુરુને કહે છે, 'પેલો અંગર્ષિ તો નદીએ રખડતો હતો. ભાઈબંધ હવે એક ડોશી બિચારીને મારી એનાં લાકડાં લઈને આવે છે.' ગુરુ ગુસ્સે થયા. એટલામાં અંગર્ષિ આવ્યો; એને ગુરુ ગુસ્સામાં કહે, 'નાલાયક! આ રીતે લાકડાં લાવવાના? કાળમુખા! જા ચાલી જા અહીંથી. અને તારું મોં ન બતાવીશ.' અહીં અંગર્ષિ ગુસ્સાનો ખુલાસો મળવાનું અને પોતાનું નિવેદન કરવાનું મુશ્કેલ જાણી ત્યાંથી નીકળી ગયો. વનમાં જઈ શોકમાં આલોચન કરે છે, "અહો આ શું? ચંદ્રમામાંથી અંગાર-વૃષ્ટિ? ગુરુ મારા ચંદ્ર જેવા સૌમ્ય છે. એ એમજ ગુસ્સે થાય નહિ. ત્યારે હું ક્યાં ભૂલ્યો? હું કોણ? આવા ઉત્તમ ગુરુનો વિદ્યાર્થી? ને મેં આવા ગુરુને દુઃખ કરાવ્યું? કેવો હું અધન્ય!" બસ એ અન્વેષણ-ચિંતનમાં આગળ વધતાં વધતાં ઠેઠ અનાસક્ત યોગમાં ચડી કેવળજ્ઞાન પામી ગયા! દેવોએ મહિમા કર્યો, ગુરુ સ્તબ્ધ! અને રુદ્રકને દેવોએ ખુલ્લો પાડ્યો!

શ્રાવકધર્મના વ્રત નિયમ-આચારો પાળતાં આ સ્મરણ વારંવાર રહ્યા કરે કે 'હું અમુક, મારું કુળ ખાનદાન, મારા

ગુરુ ઉત્તમ.' એ પછી આ પણ ધ્યાન રહ્યા કરે કે 'વ્રત–નિયમ–આચારોમાં મારે કોઈ વિરાધના–સ્ખલના તો નથી થઇ ને? અગર થવાની શરૂઆત તો નથી ને?'

આત્મામાં વ્રતો પાળવાની જેને દૃઢતા છે, અને જે શ્રેષ્ઠ ભાવનાઓમા રમવા સાથે વ્રતોને ઘણી જ સાવધાનીપૂર્વક પાળવાની કાળજી રાખે છે, તથા સફેદ કપડા ઉપર ડાઘ ન લાગવા દેવાની જેમ વ્રતને દૂષણ ન લાગે તે પ્રમાણે શાસ્ત્રે ફરમાવેલી વિધિથી યોગ્ય દ્રવ્ય–ક્ષેત્ર–કાલ–ભાવની મર્યાદાઓ સાચવીને વ્રતોને જે આચરનારો હોય છે, તે કહી શકે કે મને વિરાધના લાગતી નથી. છતા ય તે ન ભૂલે કે કોઈ કાળે જો જરા પણ રાગદ્વેષનું જોર થતા ધર્મભાવનાની શિથિલતા કે પ્રમાદ આવશે તો આખો ય ધર્મસ્થાનનો પ્રાસાદ ડગમગશે અને કદાચ નાશ પણ પામશે. **માટે જ તે અસદ્ યાને પતન કરાવનારા આલંબનથી દૂર રહીને વિરાધનાદિથી બચી વ્રતોને પાળે.**

સાથે આ વિચારે કે–'અહો! જગતમાં સમકિત, વિરતિ વગેરે ધર્મસ્થાન સિવાય શુ સાર છે? એ જ પોતાની ચીજ છે, કેમકે ભવાતરમા મૂડી–સપત્તિ તરીકે એ જ સાથે આવે છે. એ જ સુદર પરિણામ લાવનારુ હોવાથી જીવને કલ્યાણરૂપ છે. બાકી ધન–ધાન્ય, સંપત્તિનો ઢેર, ઇંદ્રિયોના વિષયો, વહાલું કુટુંબ, મિત્ર–પરિવાર, માનપાન, સત્તા, સામ્રાજ્ય કે વૈભવ–વિલાસો એ બધું જ અસાર છે, અંતે ફજુલ છે, દગાખોર છે, અને વિશેષે કરીને અવિધિ–અન્યાયથી મેળવેલું–ભોગવેલું એ પરિણામે વિપાકમા કારમા કટુ દુઃખદ ફળને આપનારું છે.

કહ્યું છે કે અર્થ (ધન)ના રાગમાં અંધ બનેલો જીવ પાપને જ આચરીને જે કાંઈ લાભ મેળવે છે, તે બડિશામિષ'ની જેમ તે રાગાન્ધ જીવનો વિનાશ કર્યા વિના પરિણમતો નથી, અર્થાત્ વિનાશનો જ પરિણામ લાવે છે.

**'બડિશામિષ' એટલે શું** ? બડિશ=માછલી; આમિષ= માંસ. જેમ માછીમાર માછલાં પકડવા લોખંડી અણીયારા કાંટાને માંસના ટૂકડાથી ઢાંકી પાણીમાં નાખે છે, ત્યારે એ માંસ અત્યંત સ્વાદિષ્ટ લાગતું હોઈને માછલાં કોઈપણ જાતના વિચાર વગર ઝડપથી તેને મોંમાં આખું ગ્રહણ કરે છે, અને ખાવા લાગે છે ત્યાં જ પેલો કાંટો તાળવાને વીંધી નાખી એમાં ચોટેલો રહે છે. અજ્ઞાનીને શો ખ્યાલ કે સ્વાદિષ્ટ સુંદર દેખાતા માંસની અંદર રહેલો આંકડો (કાંટો) તારો સ્વાદ પૂરો થતાં પહેલાં અને એ માંસ પચતા પહેલાં જ તને તાળવે વીંધી ઘાતકીના હાથમાં પકડાવી તારા પ્રાણને હરી, જીવનનો નાશ કરશે ? એજ પ્રમાણે અનીતિથી મેળવેલી સંપત્તિ અને ભોગવિલાસો, દેખીતી રીતે તો ક્ષણવાર ઘણા જ સ્વાદિષ્ટ લાગશે, પરંતુ તેની આશાએસ લેતાં પહેલાં જ તેની પાછળનાં પાપોથી બાંધેલા મહા ચીકણાં કર્મો તારા આત્માને ક્રૂરપણે હણી નાખશે. પવિત્ર, સુંદર, તેજસ્વી ને મહાશક્તિશાળી તારા આત્માને મલિન, બિભત્સ, તેજરહિત અને મહાઅશક્ત બનાવી, હતો ન હતો કરી દેશે !–એ જીવે ભૂલવું જોઈતું નથી. બ્રહ્મદત્ત, ત્રિપૃષ્ઠ, મમ્મણ વગેરેનાં દૃષ્ટાંતમાં એ બરાબર જોવા મળે છે.

આ બધી વસ્તુ કોણ સમજાવે છે ? આત્માને સુંદર અતિસુંદર, અને મહાસુખી બનાવવાનો માર્ગ કોણ બતલાવે છે ?

ભગવાન અરિહંતદેવ એ સમજાવે છે. કેમકે એ ત્રણ લોકના બંધુ છે, સાચા સ્નેહી છે, અત્યંત ઉત્કૃષ્ટ તીર્થંકર નામકર્માદિના પુણ્યના પ્રાગ્ભારવાળા છે, પરમ કારુણિક છે. એમની અનાદિ વિશિષ્ટ યોગ્યતા અર્થાત્ વિશિષ્ટ તથાભવ્યતાના બળે એ પ્રભુ જ તીર્થંકરપણાનું પુણ્ય ઉપાર્જતાં જગતના સમસ્ત પ્રાણીઓ પર અપરંપાર એકાંતિક ભાવે કરુણાવાળા બને છે. કારણ કે, એ કરુણા આવવામાં વિશિષ્ટ જ તથાભવ્યત્વ જોઈએ; ને તીર્થંકરના આત્મા જેવું તથાભવ્યત્વ બીજા પાસે નથી. એથી જ તીર્થંકરો સર્વશ્રેષ્ઠ સમ્યક્ત્વાદિ બોધિ જે વરબોધિ, તેને ધરનારા હોવાથી, ખરી રીતે તો બીજાના ઉપદેશ વગર સ્વયં જ બુઝેલા છે, જડ ચેતનના યથાર્થ સ્વરૂપના નિશ્ચિત બોધવાળા બની મહા વિરાગવંતા છે, એવા જે વિશિષ્ટ આત્મા તીર્થંકરદેવ, એ એમ ફરમાવે છે.'

## (૧૩) ભાવમંગળ સવિધિ ધર્મવર્તન

સૂત્ર :–एवं समालोचिअ, तदविरुद्धेसु समायारेसु सम्मं वट्टिज्जा, भावमंगलमेअं तन्निप्फत्तीए ।

**અર્થ** :– એ પ્રમાણે વિચારીને અહિંસાદિ ધર્મસ્થાનોને બાધ ન કરે એવા સુંદર આચારોમાં ઠીક પ્રવર્તે. એ નિષ્પન્ન યાને સિદ્ધ થવા પર ભાવમંગળ બને છે.

**વિવેચન** :–એ પ્રમાણે તીર્થંકર વચનનું સચોટ પ્રણિધાન કરવા પૂર્વક વિચારીને અને નિર્ધારીને ધર્મસ્થાનો (સમકિત, દેશવિરતિ વગેરે)ને વિરુદ્ધ નહિ, તેમ જિનવચનને બાધ ન કરે, પણ અવિરુદ્ધ, અનુકુલ હોય, એવા વિવિધ આચારોમાં સારી રીતે શાસ્ત્રનિયમાનુસાર પ્રવર્તવું. આ રીતનું વિધિપૂર્વકનું **ધર્મવર્તન સિદ્ધ થતાં ભાવમંગળ બને છે.**

પ્ર૦–ભાવમંગળ તો શુભ અધ્યવસાયને કહેવાય છે, ત્યારે અહીં તો અહિંસા, સત્યાદિ, ઉત્તમ આચારો વગેરેનાં સવિધિ પ્રવર્તનને ભાવમંગળ કહ્યું એ શી રીતે ?

ઉ૦–સાધુધર્મની પરિભાવનારૂપે જે સવિધિ પ્રવર્તન કરી ઉત્તમ યોગ્ય આચારો આચરાય છે, એ નિષ્પન્ન થતાં, સિદ્ધ થતાં, અશુભ ભાવોના કર્મોનો ક્ષયોપશમ (આંશિક નાશ) થાય છે; અને આત્મા શુભ ભાવ અર્થાત્ શુભ અધ્યવસાયના સુંદર પરિણામવાળો બને છે. આમ શુભ પરિણામરૂપ ભાવમંગળનાં અસાધારણ કારણભૂત છે વિધિપૂર્વકનાં ધર્મપ્રવર્તન; એ પણ ભાવમંગળ કહી શકાય, દૂધ અને ઘીમાં ઘણું અંતર છે. છતાં દૂધ પર મેળવણ, દહીં, માખણ, તાવણની પ્રક્રિયા થતાં એ જ ઘી બને છે. એવી રીતે વિધિપૂર્વક અને જિનવચનને તથા વ્રતોને અબાધક આચારો સાથે વ્રતોનું પાલન થાય એ શુભ ભાવમાં પરિણમે છે, અર્થાત્ ભાવમંગળ બને છે.

ધ્યાનમાં રહે. અહિં વિધિ પર ખાસ ભાર મૂકયો. કેમકે વ્રતો લે, પાળે, તપ–જપ કરે, પરંતુ પૂર્વે કહેલા આગમ–ગ્રહણ, અધર્મમિત્ર–ત્યાગ, ધર્મમિત્રોપાસના, લોકવિરુદ્ધનો ત્યાગ, શુદ્ધ મન–વચન–કાયાની ક્રિયા, પરિવારને અસંતાપ અને ગુણકારિતા, દયા અને નિર્મમતા વગેરે વિધિ જો ન સાચવે, તો શુભ અધ્યવસાય પામવા દુર્લભ છે, જેમ, તપ ઘણો જ કરે, પરંતુ તપના પારણે આહારને ઘણી સ્વાદવૃત્તિથી ખાય, તેમાં તન્મય બને, તેમજ ઘણું જ ખાય, તો તેને તપનો ખરો સ્વાદ કયાથી આવી શકે ? તપ કરતી વખતે પેલી ખાવાની અને સ્વાદની વાસનાને યાદ લાવ્યા કરે. ત્યા તપની સુવાસ એ નહિ પામે. કેમકે તપ

સાથે વિધિ ન સાચવી. અથવા જેમ ઘરમાં કંકાસ કરી કોઈ સાથે રગડી, ઝગડીને મંદિરે પૂજા કરવા આવે, દેખાવમાં પૂજા સારી કરે, ફૂલ વગેરે સારા ચઢાવે, પરંતુ ત્યાં ગૃહક્લેશના વિચારો આવ્યા કરે, ક્રિયા ભલે ને કાયાથી થતી હોય, પરંતુ મન તો આર્તરૌદ્ર ધ્યાનમાં જ હોય તો તેથી પૂજાનો ઉત્તમ પણ આચાર હૃદયને શી શાન્તિ અને શો શુભભાવ આપે? તે પ્રમાણે પૂર્વોક્ત આગમગ્રહણ વગેરે જો વિધિ વિનાનું પ્રવર્તતું હોય તો તે શુભભાવ ન જગાવવાથી ભાવમંગળ ન બની શકે. **વ્યવહારમાં જેટલી શુદ્ધિ, તેટલા પ્રમાણમાં ધર્મસ્થાનો ઊંચા.** વ્યવહારમાં જેટલા શુદ્ધ ભાવો, શુદ્ધ પરિણતિ, તેટલા જ ધર્મના શુદ્ધ અધ્યવસાયો, તેટલી જ ધર્મની સુંદર આરાધના. વ્યવહારમાં જેટલી અશુદ્ધિ, તેટલી જ અહીં પોકળતા. માટે તો સંસારી જીવે ચારિત્ર સુધીના મહાવ્રતો ય અનંતીવાર લીધા છતાં આજ્ઞા-ભાવન, લોકવિરુદ્ધત્યાગ વગેરે વિધિપાલન વિના એ નિષ્ફળ ગયા, ભાવમંગળરૂપ ન થયા ત્યારે, ■**અર્જુનમાળીના** પ્રતિબોધક **સુદર્શન** શ્રાવકને શ્રાવકનાં અણુવ્રત પણ આજ્ઞા-ભાવન આદિ વિધિ યાને વ્યવહારશુદ્ધિપૂર્વકના હતા, તો એ ભાવમંગળરૂપ થયાં. ભાવમંગળતા એવી થઈ કે એણે આત્મા પર શુભ અધ્યવસાયનું ઓજસ મહેંકાવ્યુ-મઘમઘાવ્યુ! જેના પ્રભાવે મારવા આવતા અર્જુનમાળીના શરીરમાંથી જક્ષને નિસ્તેજ બની ભાગી જવું પડયું! એવી રીતે ■**નાગકેતુ** શ્રાવકને પણ વિધિપૂર્વકનાં વ્રતપાલને એવું ભાવમંગળ થયુ કે એના પ્રભાવે રાજા અને આખા નગર પર શિલા વિકુર્વીને વિધ્વંસ કરવાનો ઉપદ્રવ કરનાર વ્યંતર પણ અંજાઈ ગયો, અને શિલા સંહરી નાગકેતુના ચરણે આવી નમી પડયો!

## (૧૪) ધર્મજાગરિકા : કાળ પર ચિંતન

सूत्र : तहा जागरिज्ज धम्मजागरिआए ।

**અર્થ** : તથા ધર્મજાગૃતિથી જાગ્રત રહેવું.

**વિવેચનઃ**–સાધુધર્મની પરિભાવના કરનારો સદા **ધર્મ-જાગરિકા** કરે. કેવી રીતે કરે? તો કે ભાવનિદ્રાનો ત્યાગ કરીને. **ભાવનિદ્રા એટલે મોહમય દૃષ્ટિ, અતત્ત્વના ચિંતન, રાગદ્વેષની રમત, મિથ્યાત્વનો મુંઝારો, બાહ્ય ભાવના તાંડવ, પ્રમાદની પરવશતા વગેરે.** આને ટાળીને સતત ધર્મજાગરિકા, ધર્મજાગૃતિ, અર્થાત્ જ્ઞાનમય દૃષ્ટિ, સમભાવનો અભ્યાસ, સંવેગ–વૈરાગ્યની વૃદ્ધિ, તત્ત્વની સમ્યગ્ વિચારણા, અંતર્મુખભાવ, સત્પુરુષાર્થ–તમન્ના વગેરે રાખવી જોઈએ. એ એવી ઉચ્ચ કોટિની હોવી જોઈએ, કે જીવનમાં કઠિન સાધુધર્મ આદરવા માટે જીવને પૂર્ણ ઉલ્લસિત અને ઉત્સાહી કરનારી હોય. રત્નોપમ–માનવ–આયુષ્યની બાકી (Balance)માં જે અમૂલ્ય વખત હજી શેષ છે, તેનું (૧) મહામૂલ્ય ઉપજાવવા માટે, (૨) આ વિશિષ્ટ જીવનનું વિશિષ્ટ મહાઉચિત સાધી લેવા માટે, (૩) જડમુખી પ્રવૃત્તિમાંથી સર્વથા છૂટી આત્મમુખી પ્રવૃત્તિમાં લીન થવા માટે, અને (૪) વારંવાર જન્મમૃત્યુની જંજાલને ટાળવા, તથા (૫) કર્મવ્યાધિને મિટાવવા માટે ધર્મ–ઔષધને સંપૂર્ણ રીતે સેવવું જોઈએ. કાળને ઉચિતનું મૂલ્ય સમજવું જોઈએ.

सूत्र: 'को मम कालो? किमेअस्स उचिअं?'

**અર્થ**:–'મને કેવો કાળ મળ્યો છે? આ કાળને ઉચિત (કર્તવ્ય) શું છે?'

**વિવેચનઃ**– ધર્મજાગૃતિ આ રાખે કે 'આ મને કેવો અમૂલ્ય

કાળ–અવસર મળ્યો છે? અને આ મહા કિંમતી કાળને ઉચિત શું કર્તવ્ય છે? મારી પૂર્વ સ્થિતિમાં અનંતા પુદ્ગલ–પરાવર્તના જંગી કાળ અનંતા જન્મ–મરણ કરી અનંત શરીરનાં પરાવર્તન કરવામાં ગયા! જ્યારે, આ કાળ તેવાં પરાવર્તન ફરી ન કરવા પડે એવી સ્થિતિ ઊભી કરવા માટે સમર્થ મળ્યો છે! છતાં આ કાળનો હું કેવો ઉપયોગ કરી રહ્યો છું! મારે શું અજ્ઞાનમાં, મોહ–વાસનામાં, ને સંસારના વિકટ પંથોમાં હજી પણ મારા આત્માને રખડાવવાનો? ભાન નથી કે એથી કાળના આવર્ત ઓછા થાય છે કે વધે છે?' આનો વિચાર કરવા પૂછો અંતરાત્માને શું કહે છે? 'આ જીવનમાં જે જે વિચાર–વાણી–વર્તનના અભ્યાસ કર્યા, તે શું આ ખાસ માનવ–જીવનના વિશિષ્ટ કાળમાં ઉચિત છે? બીજી ગતિના કાળમાં શું એ નહોતું બની શકતું? આ કાળનું મહામૂલ્ય કેટલું બધું? અને એનું અવમૂલ્ય હું કેટલું બધું કરી રહ્યો છું? અહીં પ્રાપ્ત કેવા સુંદર પ્રકાશના પંથને અવગણી કેટલી ઘોર અંધારી અજ્ઞાનની ખીણમાં ઊતરી રહ્યો છું?'

વિચારવા જેવું છે કે ઉત્તમ માનવકાળનો કેવો અધમ ઉપ-યોગ થઈ રહ્યો છે? આજના યુગમાં સવારે જાગ્યા ત્યાં મહા-રાગદ્વેષકારક વિકથાઓથી ભરચક–ભર્યા દૈનિક પેપર જોવા સુઝે છે! બજાર-ભાવ, સિનેમા, વગેરેના સમાચાર જોઈ મન પર જડ પદાર્થોની લોથ ઉપાડવી ગમે છે! આહાર–પરિગ્રહ–સંજ્ઞા સવારથી માંડી કૂદાકૂદ કરે છે! ઇંદ્રિય-વિષયોની જ ગડમથલનું તો પૂછવું જ શું! રેડિયાના પ્રોગ્રામોના કે બીજા ત્રીજા આવાને આવા જ આચરણ–વાણી–વિચારોથી દિવસ રાત પૂરા! આ બધું શું કર્યું? મોહ વધાર્યો કે ઘટાડ્યો? સંસારભ્રમણ વર્ધક પ્રવૃત્તિ

વધારી કે ઘટાડી? વર્તમાન ઉત્તમ કાળ આ માટે છે?

આ તો તે કાળ છે, કે જેમાં પ્રભાતે (૧) આત્માના ત્યાજ્ય અને કર્તવ્યના વિચાર કરી શક્યના સંકલ્પ કરી શકાય, જ્યાં (૨) પરમાત્મા અને મહાપુરુષોના ભવ્ય કલ્યાણ પરાક્રમો અને ભવ્યાતિભવ્ય ઉપકારો નજર સામે તરવરતા રખાય, (૩) શાસનના તત્ત્વ-વિસ્તાર અને આરાધનાના અસંખ્ય પ્રકારના ભવ્ય પ્રકાશ જ્યાં મન પર ઝગમગતા કરાય, એ કરીને જ્યાં (૪) આત્મા પરથી અનંત કાળની જામ વાસનાઓનાં જાળાં ઉખેડી શકાય, જ્યાં (૫) અનંત કર્મકાષ્ઠને ધર્મસાધનાના જ્વલંત અગ્નિથી બાળીને સાફ કરી શકાય, જ્યા (૬) અનાદિ અનંતકાળથી મહામલિન આત્માને વિશુદ્ધ ભાવનાઓથી મધ્યાહ્નના ગ્રીષ્મ-સૂર્યવત્ સંપૂર્ણ તેજસ્વી બનાવી શકાય, એવા આ કાળમાં વાસનાઓના જાળાં વધારવાનું, નવા કર્મ ઉકરડાના કચરાને મોહના ટોપલાથી ભરીભરીને આત્મામાં ઠાલવવાનું અને મેલા અધમ વિચારો-લાગણીઓથી આત્માને વધુ અંધકારમય કરવાનું કરાય, એ કેટલું બધું કાળને અનુચિત !

આ તો તે કાળ છે, જ્યાં (૭) ચેતનને જડવત્ બનાવનારી જે આહારાદિ ચાર સંજ્ઞા, ક્રોધ-માનાદિ ચાર કષાયસંજ્ઞા, લોક-વાહવાહની સંજ્ઞા અને ઓઘ(ગતાનુગતિકતા)સંજ્ઞા એમ ૧૦ મહાસંજ્ઞાઓ તથા હિંસાદિનો નશો આજસુધી આત્માને ચઢ્યો હતો, અને એ નશામાં જીવ કર્મથી સંસારના બેહુદા વિચિત્ર નાટકો નાચ્યો હતો, હિંસા—જૂઠ વગેરે દુષ્કૃત્યોમા દટાએલો રહેતો હતો, અને એથી જ કર્મ બાધતાં પાછું વાળીને જોયું ન હતું, કે વિચારણા કરવા સરખી ય ફુરસદ રાખી નહોતી, તે દુષ્ટ ૧૦ સંજ્ઞાઓને દાન, શીલ, તપ, ભાવના, ક્ષમાદિ ચાર, જ્ઞાની પર

દૃષ્ટિ, અને સંયમ-વિવેકથી નાબૂદ કરી શકાય. સંજ્ઞાના નાશનો આથી બીજો ઉચિત કાળ કયો મળવાનો હતો? કેમકે રાતદિવસ ખા ખા ની વાતો, વિષયોનો સંસર્ગ, પરિગ્રહની પ્રવૃત્તિ, વારેવારે નિદ્રા આરામી અને ભય, વાતવાતમાં ગર્ગ-ગુસ્સો વગેરે, એ બધું તો મનુષ્ય સિવાયની બીજી ગતિમાં સારી રીતે કરવાનું મળે છે; અને તેનાથી કુસંજ્ઞાઓ પુષ્ટ રહે છે. માત્ર આ માનવ ભવનો જ કાળ એવો યોગ્ય છે, કે એ સંજ્ઞાઓથી પ્રતિપક્ષી વૃત્તિ-પ્રવૃત્તિઓ અને પ્રતિપક્ષી ભાવનાઓના અમૃત-કુમ્પા પી શકાય આહાર-સંજ્ઞા સામે તપ, અને આહાર પર એવી જુગુપ્સા કે 'અરૂપી અને અનત સુખી એવા મારે આ શી લપ? આ શી પુદ્‌ગલની ગુલામી?' વિષય સંજ્ઞાની સામે વિરક્તભાવ અને વ્રતો, પરિગ્રહસંજ્ઞા સામે દાન અને નિસ્પૃહતા, નિદ્રા સામે આત્મજાગૃતિ, ભયની સામે નિર્ભયતા, ક્રોધ સામે ક્ષમા, માન ટાળી લઘુતા-નમ્રતા, માયા મૂકી ન્યાય-નીતિ નિખાલસતા, લોભ છોડી નિરાશંસ-નિર્સમત્વ ભાવ, હિંસાદિ પાપો છોડી અહિંસા સત્ય આદિ. આ બધાને કેળવવાનો સારો વખત છે, કેમકે અહીં તપ, શીલ, દાન વગેરે સુદર પ્રવૃત્તિઓ થઈ શકે છે. સંસારનો વિપર્યાસ દૂર કરવા માટે સંજ્ઞાનો કાટ ઉતારી દેવો જોઈએ. એ માટે ઉદારતા, વિરાગ, ત્યાગ, શુભ-ભાવો વગેરેથી આત્માએ સારી રીતે સ્વસ્થ બનવું જોઈએ, અને વચ્ચે જે કાંઈ આવે તેના પર વિજયી બનવું જોઈએ આ બધું આ કાળે સુશકય છે. 'અહો! કેવો સુંદર કાળ મને આ મળ્યો છે! કેટલો દુર્લભ ને કિંમતી કાળ હું પામ્યો છું! છતા સંજ્ઞા-ઓનું જોર તો જુઓ! જીવનભર 'ખાઉં-ખાઉં', આ ખાઉં તે ખાઉં' એ ધૂન, 'આ વિલાસ કરૂં, આ જોઈ લઉં', આ ભોગવી

લઉં, મારું શરીર કેવું સુંદર લાગે છે, હું કેવો પુષ્ટ છું,' આ આસક્તિ, અથવા તો, 'શરીર સારું નથી રહેતું, મજા માણી શકાતી નથી, ઊંઘ નથી આવતી, પૈસા નથી મળતા,' આ ચિંતાઓ! માનવ-કાળમાં તો સમજવું સહેલું છે કે પેટને ગમે તેટલું અને ગમે તેવું સારું આપીશ, પરંતુ સવાર પડતાં તે ભૂખ્યુ! **તું દેહને તૃપ્ત સુવાડે, અને એ ભૂખ્યું ઊઠે!** હવે એને તૃપ્ત કરવા પાછો આખો દિવસ કાઢવાનો! વાહ! કેવી વેઠ! દેહની ખાતર આત્મા? કે આત્મા ખાતર દેહ? વળી સુંદરમાં સુંદર મિષ્ટાન્ન આપો, એની વિષ્ઠા કરે એ! નિર્મળ ગંગાના પાણીના પેશાબ કરે એ! આવું સદાનું માંગણિયું, ભૂખણિયું અને ભીખણિયું શરીર એમ તૃપ્ત નહિ થાય, એ તો ત્યાગ-તપથી જ તૃપ્ત થાય.

એવી રીતે ધન ગમે તેટલું કમાય, પણ તેને સંતોષ નથી. **જડની ઈચ્છા આકાશ જેવી અનંત છે.** પહેલાં હજારની, મળે તો લાખની, તે પણ મળ્યેથી ૨૫-૫૦ લાખની, એમ લોભ અને પરિગ્રહ સંજ્ઞા વધતી જ ચાલે છે. તેને દેવોની પણ ઋદ્ધિ-સિદ્ધિ આપવામાં આવે, તો ય તૃપ્તિ નહિ. પોતાનાથી ઊંચા સ્વર્ગની ઋદ્ધિ જોઈ બળે છે, ખિન્ન થાય છે. જડ પદાર્થની ઇચ્છાનું એ માહાત્મ્ય છે, કે એ ઇચ્છા પૂરી થતી જ નથી. એ મિટે તો એ પદાર્થોની ઉપેક્ષાથી જ મિટે, 'ન જોઇએ, ન જોઈએ'ના મંત્રથી શમે. તે ઉપેક્ષાભાવ, એ તૃષ્ણાના ભયંકર પરિણામો હૃદયે વિચાર્યાથી અને પ્રમાણમાં ધનત્યાગ શોખની વસ્તુત્યાગ વગેરેના નિયમથી કેળવી શકાય. પછી તો આહાર-વિષય-પરિગ્રહ-સંજ્ઞાના ભુક્કા ઉડાડી શકાય. એ માટેનો આ યોગ્ય કાળ છે.

દેવનો કાળ પણ મેં જોયો. ઘણી જ ઋદ્ધિ-સિદ્ધિ જોઈ. ત્યાં ખાવાની જરૂર નહોતી, પણ પુણ્યાઈ મળી હતી, તેથી ઉત્તમ ખાનપાન ખાવાની જે ઇચ્છા, તેને માત્ર દિવ્ય સુંદર ઓડકારથી શમાવી શકાતી. બીજા પરિશ્રમ વિના માત્ર ઓડકારથી શમી જતી! આવી સિદ્ધિ હોવા છતાં ય જો ઇચ્છાઓ પર ઇચ્છાઓ દોડતી જ રહી, તો આહાર-સંજ્ઞા ક્યાંથી તૂટે? સુવા-બેસવા માટે, હરવા-ફરવા માટે, આમોદ-પ્રમોદ માટે, બાગ-બગીચા, મુલાયમ વસ્ત્રો, મખમલના ગાલિચા, અતિ સુદર પુષ્પો, સુંવાળી રમણીઓ, એક દેવભવમાં કરોડો દેવીઓની પરંપરા, એ જે મળ્યું હતુ, તે બધું વિષય રાગને વધારનારૂં હતું, ત્યા વિષયસંજ્ઞા ક્યાંથી તૂટે? આહાર-સંજ્ઞા, વિષય-સંજ્ઞા તોડવાનો ત્યા કાળ જ ક્યાં હતો? ક્ષેત્ર ક્યાં હતું? જ્યારે અહીં બધું જ અનુકૂળ છે. અહીં તો વિચારવા જેવું છે કે સારૂં છે કે રાગ વધારનારા સાધનો તેવાં નથી, દા. ત. દિવ્ય સ્વાદિષ્ટ ખાણા કે મહાવૈભવો નથી, કે જેથી સંજ્ઞાઓ પોષવાથી બહુ સાર નીકળે. જ્યારે સામે, તપ અને ત્યાગ અહીં કરી શકાય એમ છે તેથી જ આ કાળ ઘણો જ ઉત્તમ છે.

આહાર ખાતાં, વિષયોમા ઈંદ્રિઓને જોડતાં, પરિગ્રહની મમતા તથા કષાયો કરતાં એમ થવું જોઈએ કે-'અરે! દુશ્મનને હજુ હું પોષી રહ્યો છું? દુશ્મન સાથે દોસ્તી કરી રહ્યો છું? દુશ્મનોને મારા જ આત્મા પર હલ્લો કરવા આમંત્રી રહ્યો છું? ક્યારે અવસર મળે કે એનાથી ભાગી છૂટું.'

કોઈ કહેશે કે 'આ શરીરને ટકાવી રાખવા સારૂ તો ખાવાની જરૂર છે ને?' પણ એને ખબર નથી કે (૧) જેની જરૂર

હોય એ બધું જ ગમાડવા જેવું નથી હોતું. દા. ત. આજની કાયદાની આંટીઘુંટીને લીધે હરામી નોકરને કાઢી ન શકતો હોય અને એનાથી કામ લેવું પડતું હોય, છતાં એ ગમતો નથી. ઇચ્છા તો એ જ રહે છે કે ક્યારે આ ટળે? એવું આહારની વેઠ અંગે છે. વળી (૨) જે એમ થાય છે કે 'અમુક અમુક વસ્તુ મારે ખાવી જોઇએ, આટલી વાર ખાવું જોઈએ,' એ બધું શરીરના પોષણના નામે સંજ્ઞાને પોષણ અપાય છે. માન્યું કે 'દૂધ ખાઉં એટલે શરીર મજબૂત થાય,' અરે! એથી તો સંજ્ઞા મજબૂત થાય છે! અને આ તો નાનું બકરૂં કાઢી મોટું ઊંટ પેસાડવા જેવું થયું! માત્ર આ જ જીવનના શરીરની અપુષ્ટતા ટાળવા માટે જન્મોજન્મ ચાલનારી સંજ્ઞાની વૃત્તિને સતેજ કરી પુષ્ટ બનાવી! નહિતર, આપણે તો એવું કરવું છે કે **શરીર ધર્મસાધનાર્થે ટકાવવું છે ખરું, પણ સંજ્ઞાને મારીને.** જેમ, વીંછી પકડવો છે, પરંતુ એ રીતે કે ડંખ દે નહિ. તે પ્રમાણે આહારાદિની પ્રવૃત્તિને પકડ વામાં આવે તો ભય નહિ.'

વળી વિચારે કે '**કો અમ કાલો? કિં એઅસ્સ** ઉચિઅં? આ મારે કયો કાળ છે? આ કાળને યોગ્ય શું છે? આ તે કાળ છે કે જ્યાં (૮) આત્મસ્વરૂપની આડે આવેલા કર્મના પડદાને ચીરી શકાય; જ્યાં (૯) મોહની નદીમાં તણાઈ ભવસમુદ્રમાં ડૂબી જવાને બદલે જ્યાં **વીતરાગના શાસનરૂપી નાવમાં બેસી ભવપાર ઉતરી શકાય, એવો કાળ છે.** પૂર્વે જીવનનાવ મળી હતી તે કાણી હતી, કેમકે મોક્ષનું લક્ષ્ય નહોતું. આજે એ સૂઝયું છે, તો અખંડ ચારિત્રનાવમાં બેસી કર્મજળથી બહાર કાં ન નીકળી જાઉં?

તિર્યંચનો કાળ પણ જોયો હતો. બળદ હતો, ગાડામાં પચીસ મણ ભાર ભરેલો હતો, મધ્યાહ્ન સમયે ચૈત્ર–વૈશાખના ધૂમધોખ તડકા તપી રહ્યા હતા, જમીન અગ્નિવત્ ઉષ્ણ હતી, ધીખતા તાપો, તૃષાનો પાર રહ્યો નહિ, અતિ પરિશ્રમે ભૂખ પણ જોરદાર, શરીર પરસેવાથી રેબઝેબ, મોંમાંથી ફીણ છૂટી જતું હતું, ત્યારે ઉપરથી ગાડીવાળો લોખંડી આરની પરોણી મારા જીવતા શરીરમાં ઘોંચતો હતો, તેથી મને અંતરમાં ભારે ગુસ્સો થતો. કેમ ગુસ્સો? તે કાળ અજ્ઞાનતાને લીધે ગુસ્સાનો હતો. 'માથે પડ્યું સમતાથી ભોગવ, કર્મ ખપે છે,' એમ ત્યાં કોણ સમજાવે? અને સમજવા જેટલી બુદ્ધિ ય ક્યાં હતી? જ્યારે આજે માનવ–ભવમાં એ કાળ છે કે જ્યાં (૧૦) સમતા, સમાધિ અને સહિષ્ણુતા લાવી કર્મોની સુંદર નિર્જરા કરી શકાય. પૂર્વનો કાળ (૧૧) અસંયમનો હતો, આજે સંયમનો છે. પૂર્વનો કાળ (૧૨) રાગનો હતો, આજે વિરાગનો છે. પૂર્વનો કાળ દ્વેષનો હતો, આજે ઉપશમનો છે. પૂર્વનો કાળ (૧૩) મન–વચન–કાયાની કુપ્રવૃત્તિઓએ દંડાવાનો હતો, આ કાળ એ દંડથી બચવા મન–વચન–કાયાની ગુપ્તિનો છે.

જીવ! ઘડીભર બેસી વિચાર તો કર કે, 'કેવી આ ઉત્તમ કાળની બક્ષીસ તને મળી છે? માત્ર આ **માનવકાળના પ્રતાપે જ કેટકેટલી વિશિષ્ટતાઓનો લાભ થયો છે?** એ લાભ થવાના હિસાબે આજ સુધી તેં શું કર્યું? ને હવે શું કરવા યોગ્ય છે? (૧૪) માયા વગેરેનાં શલ્યો ઊખેડવાના કાળમાં શલ્યો ઊખેડી રહ્યો છે કે જૂનાને સાચવી નવા વળી પેદા કરી રહ્યો છે? મિથ્યાત્વશલ્યને પોષી રહ્યો છે કે ભગાડી રહ્યો છે? વાઘવરુના ભવમાં શલ્ય અને મિજાસ બહુ રાખ્યા, પણ હવે શા

સારૂ વાઘવરૂ બનવું? અનાર્યપણાના કાળમાં પાપ નિદાન (પૌદ્ગલિક આશંસા) નાં શલ્ય બહુ રાખ્યા, પરંતુ હવે અનાર્ય બનવાની શી જરૂર? જિન નહોતા મળ્યા ત્યારે કુત્સિત કુમતનાં શલ્ય બહુ સેવ્યાં, પણ હવે એ હોય?

આ તો તે કાળ છે,—કે (૧૫) જેમાં રસ, ઋદ્ધિ અને શાતાની લયલીનતા અને એના ગૌરવના પર્વત પર ચઢવાનું હવે સહેલાઈથી મૂકી દેવાય. એ ત્રણની આસક્તિ શિલાજતુ જેવી છે. પર્વત પર શિલાજતુને તરસ્યો વાંદરો પાણી માનીને પીવા જાય છે, પરંતુ ત્યાં મોં જ ચોંટી જાય છે! તેને કાઢવા હાથ ઘાલે છે, તો હાથ ચોંટે છે! એમ કરતાં આખો ને આખો ચોંટી જાય છે. પછી તેના ઊખેડવાના ગમે તેટલા ધમપછાડા કે ગમે તેટલા પ્રયત્નો નકામા જાય છે, અને અંતે વધુ તરસ્યો, ભૂખ્યો, અને બંધાએલો—અકડાયેલો મરણ પામે છે. એમ રસ, ઋદ્ધિ અને શાતામાં ચિટકેલા પામર જીવો વધુ તૃષ્ણા, વધુ દુષ્કૃત અને વધુ બંધનોથી પકડાઈ અનેક જન્મમરણના કાતિલ દુઃખ પામે છે એવું ચિટકવાનું દેવાદિ ભવમાં સુલભ હતું, કેમકે ત્યાં બચવાના સાધનો તેવાં નહિ. જ્યારે, બચાવની વિપુલ સાધન—સામગ્રીથી સંપન્ન આ માનવકાળ છે, એને ઉચિત શું? રસ—ઋદ્ધિ—શાતાના શિલાજતુમાં ન લેપાવું તે જ ને?

વળી, આ તે કાળ છે કે જ્યાં જીવને આકર્ષતા રસ—ઋદ્ધિ—શાતા એ કૂચા મળ્યા છે. કેમકે એ દેવતાઈથી અતિ હલકા ચક્રવર્તિના રસ—ઋદ્ધિ—શાતા આગળે ય હિસાબમાં નથી. ત્યારે એવા દેવલોકના અચિંત્ય રસ—ઋદ્ધિ—શાતા આગલી પ્રતિ કઈ ગણતરીમાં? તાત્પર્ય, દેવોના રંગરાગની સાધન-સમૃદ્ધિ આગળ માનવના રંગરાગની

સાધન-સમૃદ્ધિ સાવ કૂચા છે. દા. ત. આજના રોગભર્યા શરીરમાં શાતાના શા લેખા? ત્યારે માટી-પાષાણુ અને લોઢાપિત્તળની સમૃદ્ધિ શી મોટી? તો આજના તુચ્છ સ્વાદો,-એક દિવસ ખારૂં અને એક દિવસ ખાટું,-એવા ઢંગધડા વિનાના સ્વાદો કયા હિસાબમાં?

જેમ એક શ્રીમંત માણુસ કોઈને ત્યાં મેમાન થઈ પાંચે પકવાન્નના સ્વાદિષ્ટ સુંદર ભોજન ઉપર જમવા બેઠો હોય, તેમાં જાતજાતની મિઠાઈઓ હોય અને તેમાંથી નીકળતી સોડમથી દૂર દૂર સુધી બેઠેલાઓને ય મોંમાંથી પાણી છૂટતું હોય, જમવા માટે ગીલગીલિયાં થતાં હોય; હવે ત્યાં એની સાથે બેઠેલા પૂર્વના તેવા જ કોઈ શ્રીમંત પણ હાલમાં રંક-દરીદ્ર બનેલાને ઘેંસ પીરસી હોય તો તે કેવી શોભે? એ રંક જીવને કેવી મશ્કરી લાગે? પછી એ ઘેંસમાં શું રાચે? એમ જીવને કર્મે એકવાર પીરસેલી દેવતાની દિવ્ય ઋદ્ધિ, દિવ્ય રસો અને પાંચે ઇન્દ્રિયની તથા શરીરની દિવ્ય શાતા આગળ કર્મે હવે પીરસેલી માનવની ઋદ્ધિ-રસ-શાતા કેવી? જો માનવ સમજે તો એને ભારે કલંકરૂપ લાગે કે-'જે કર્મસત્તાએ એકવાર મને એ દિવ્ય સામગ્રીથી સન્માન્યો, તે હવે મને અહીં એની અપેક્ષાએ ગટર-ક્લાસ સામગ્રીથી નવાજે છે? શરીર ગંદકીનો ગાડવો? રસ અશુચિમાંથી જન્મેલા? અને ઋદ્ધિ દિવ્ય આગળ ઝુંપડા-ક્લાસ? આ તો મારી મશ્કરી થઈ રહી છે. એમાં હું શું રાચું? અને દેવઋદ્ધિથી પણ મને કાયમી તૃપ્તિ થઈ નથી એ વર્તમાન અતૃપ્તિ કહી રહી છે. તો શું આ જન્મની તુચ્છ ઋદ્ધિ-રસ-શાતાથી કાયમી તૃપ્તિ થવાની હતી? કાયમી તૃપ્તિ તો એની આધીનતા છોડવાથી થાય. એની આધીનતાને ફગાવી દેવા માટે

જ અહો! મને કેવો સુંદર દેવગુરુધર્મની સામગ્રીવાળો આ કાળ મળ્યો છે!'

વળી વિચારે, 'को मम कालः ? किमेअस्स उचिअं ?' આ કયો કાળ મને મળ્યો છે? એને યોગ્ય કરણીય શું છે? આ તે કાળ છે કે જ્યાં (૧૬) સંસારની ચાર ગતિમાં ચિરકાળ ભ્રમણ કરાવનારી (૧) કષાય-ચોકડી, એની કારણભૂત (૨) આહારાદિ સંજ્ઞા-ચોકડી, તથા એ બે ચોકડીમાંથી જન્મતી (૩) આર્ત-રૌદ્ર પ્રત્યેકની દુર્ધ્યાન ચોકડી, અને (૪) દેશ-ભોજન-સ્ત્રી-રાજ્ય સંબંધી વિકથા ચોકડી, આ ચાર ભયંકર ચંડાળ ચોકડીઓનો અંત લાવી શકાય. બીજી ગતિઓના કાળમાં આનું લેશ પણ ભાન જ ક્યાં હતું? તેમજ એને હટાવવાના સંયોગ કે સામર્થ્ય પણ ત્યારે ક્યાં હતા? અહીં તો ભાન છે, સંયોગ છે, હટાવવાની શક્તિ છે, ત્યારે હું એ ચોકડીઓને વધારી રહ્યો છું? કે ઘટાડી? મળવા-ખાવાનું તો પુણ્યના હિસાબે જ છે, તો પછી નાહક ક્રોધાદિ શા માટે કરું? એથી તો ઉલ્ટું પાપ જમે થાય છે, જેના વિપાક ભારે! પણ મારે હવે એવા કટુ વિપાક નથી જોઈતા. આમે ય આત્મા કર્મથી અને પાપથી ભારે છે. એમાં ફોગટ વધુ ભાર ભરું તો ભવાંતરે મારો કૂચો નીકળી જાય! માટે ૧. કષાય ન કરું, ૨. સંજ્ઞા ન પોષું, ૩. દુર્ધ્યાન ન સેવું, ૪. વિકથા ન આચરું; કેમકે મારે મોક્ષ જોઈએ છે, ને મોક્ષમાં તો અનાહારનું સુખ છે, આહારનું નહિ, વિષયત્યાગનું સુખ છે, વિષયભોગનું નહિ, એ પરિગ્રહનું સુખ છે, પરિગ્રહનું નહિ: મૌનનું સુખ છે, વિકથાનું નહિ; સ્વરૂપસ્થતાનું સુખ છે, દુર્ધ્યાનનું નહિ. વિકથા તો સત્કથાને યોગ્ય મળેલા આ દુર્લભ માનવ-સમયને લૂંટે છે! મન બગાડે છે, કષાય વધારે છે! માટે એનો પડછાયો ય ન લઉં.

દુર્ધ્યાનને બદલે શુભ ધ્યાન કરવાનું મારે ઘણું છે, અને તે કરવું જ્યારે અહીં શકય છે, તો એજ કરીશ.'–આ નિશ્ચય પણ અહીં શકય છે, ને અમલ પણ અહીં શકય છે. તો એવા નિર્ધાર સાથે અમલ કેમ ચૂકું ?

'વળી આ તે કાળ છે કે જ્યાં વિષયો પ્રત્યે વિરાગી બની સર્વવિરતિ આદરી શકું. બીજા કોઇ ભવમાં સર્વવિરતિ પણ જો શકય નથી, તો પછી અપ્રમત્તતા, ક્ષપકશ્રેણી, વીતરાગતા, કેવળજ્ઞાન, શૈલેશી, અને મોક્ષની તો વાત જ કયાં ? ઓહો ! **આવા અમૃતકાળને હું વિષયોની ગુલામીમાં વિષકાળ કરી રહ્યો છું !** ભાન નથી કે એ ઝેર પાછા મને જ પીડવાના છે ! માટે હવે તો અહિંસા–સંયમ–તપના શ્રેષ્ઠ ધર્મની સાધનાને યોગ્ય આ અમૃતકાળને એ સાધના દ્વારા સફળ કરી લઉં.

'કો મમ કાલો, કિમ્ એઅસ્સ ઉચિઅં' એના પર આવી આવી ધર્મજાગરિકા કરવી, અને મોહનિદ્રાને અટકાવવી. માણસને ઇન્દ્રિયોના વિષયો મૂંઝવે છે, તથા મૃત્યુનું સ્મરણ નથી અને મૃત્યુની ભયાનકતાનો જાગતો ખ્યાલ નથી રહેતો, તેથી મોહનિદ્રા ચડી બેસે છે એ અટકાવવા, આ પણ ધર્મજાગૃતિ રાખે કે,—'

## (૧૫) વિષયો-મૃત્યુ પર ચિંતન

સૂત્ર–[1]असारा विसया, निअमगामिणो, विरसावसाणा। [2]भीसणो मच्चू, सव्वाभावकारी, अविन्नायागमणो, अणिवारणिज्जो, पुणो पुणोऽणुबंधी।

અર્થ :– વિષયો અસાર છે, અવશ્યમેવ છૂટા પડનારા છે, ને અંતે કટુ ફળ દેનારા છે. મૃત્યુ ભયંકર છે, સર્વથી રહિત કરનારૂં છે, અજ્ઞાત આગમનવાળું છે, અ–નિવાર્ય છે, ફરી ફરી આવનારૂં છે.

**વિવેચન**:–વિષયસુખ પર મદાર ન બાંધ. કેમકે એ વિષયો શબ્દ–રૂપ–રસ–ગંધ–સ્પર્શ (૧) અસાર છે, (૨) નક્કી જનારા–નાશ પામનારા છે, ને (૩) અંતે વિરસ–કટુવિપાક દેનારા છે. વિનશ્વર વિષયોમાં શો માલ છે? ગમે તેવા સુંદર સ્વરોદો, રમણીય રૂપ, રળિયામણા રસ, સુકુમાળ સ્પર્શો, કે સારી સુગંધી મળે, પણ એ 'અસાર' છે. કેમકે એ જડ છે. પરિવર્તન પામી કુત્સિત–ખરાબ થનારા છે, અથવા ક્ષણદૃષ્ટનષ્ટ યાને જોતજોતામાં નાશ પામનારા છે. વળી 'અસાર' એટલે કે આત્માને કશો ગુણ તો નહિ કરનાર, ઉપકારક તો નહિ કિન્તુ ઉલ્ટા આત્માને વિકૃત, દુઃખી અને પરાધીન કરનાર છે. તેથી જ એ **વિષયો આત્માની અનંતી જ્ઞાન–સુખાદિ ઋદ્ધિ આગળ તુચ્છ છે.** વળી એના સંયોગ કાયમી નહિ જ, એટલે ભોગવટો થતાં કે અંતે મૃત્યુ આવતાં વિયોગથી અવશ્ય છૂટા પડવાના છે. એટલું જ નહિ, બલ્કે વિષયો પરિણામે આત્માને અસીમ કર્મબંધના વિપાકરૂપે ભયંકર દુઃખમાં રીબાવનાર છે. શું આ મારો મહાસારભૂત અને અનંતસુખદાયી માનવ–સમય મારી જ આત્મસમૃદ્ધિના ઘાતક, તુચ્છ, વિનાશી અને દુઃખદાયી વિષયો પાછળ વેડફી નાખું?

● **નેમિકુમારને** પરણાવવા માટે રાજીમતીના આંગણે લઇ આવવામાં આવ્યા; પણ એ તો વિરાગી હતા. ત્યારે રાજકુમારી રાજીમતી તો ખરેખર દિલથી પરણવાના કોડવાળી હતી. છતાં જ્યાં નેમિકુમાર તોરણિયેથી પાછા ફરી ગયા એટલે ભલે ક્ષણવાર એને આઘાત લાગી ગયો, કિન્તુ પછી તરત જ આ વિચાર્યું કે 'વિષયસુખ પાછળ મારો મોહ ખોટો છે; કેમકે વિષયો અસાર, વિનશ્વર અને પરિણામે કટુફળદાયી છે. બાકી નેમિકુમાર પ્રત્યે

ચામડાનો પ્રેમ મૂકી સાચો આત્મપ્રેમ તો હું ટકાવી શકું છું અને તે એમની પાસે ચારિત્ર લઈ એમની શિષ્યા બનીને ચરિતાર્થ કરીશ !' ખરેખર એમજ કરીને રાજીમતી એક જ વર્ષમાં મોહનીય સહિત ઘાતી કર્મનો ક્ષય કરી કેવળજ્ઞાન પામ્યા !

● **ધનાજી** સંસારમાં રહ્યા હતા છતાં લક્ષ્મીને હાથનો મેલ અને વિષયોને વિટંબણાકારક લેખતા; તેથી જ પોતાની કમાયેલી લાખો ક્રોડોની લક્ષ્મી પણ મોટાભાઈઓનો અસંતોષ ટાળવા ઘરે બધી જ પડતી મૂકીને ગુપ્તપણે પરદેશ ચાલી નીકળ્યા. તે પછી પણ મહાશ્રીમંતાઈ અને આઠ યૌવનાઓનો વિષયસુખ પામ્યા છતાં જ્યારે એક પત્ની સુભદ્રા પોતાનો ભાઈ શાલિભદ્ર વિરાગી બની ૧–૧ પત્ની રોજ ત્યજે છે એના પર રુએ છે, ત્યારે ધનાજી કહે છે, 'એ કાયર, નહિતર વૈરાગ્ય થવા પછી ધીરે ધીરે શું છોડવું ?' સુભદ્રા કહે છે, 'બોલવું સહેલું છે, કરવું કઠીન;' ત્યાં જ ધનાજી ઊભા થઈ ગયા, ને વિષયો વગેરે ત્યજી ચારિત્ર લેવા નીકળ્યા, કેમકે વિષયોને વિટંબણાકારક તો સમજતા જ હતા, એમાં આ નિમિત્ત મળ્યુ.

વળી કાળના ભરોસે બેસી ન રહેતાં જહેલા સમજી લેવાની જરૂર છે કે (૧) મૃત્યુ અવશ્યંભાવી છે, ભયંકર છે, ભયને કરનારૂં છે. એ અચિંત્ય એવા અગણિત ભયોને ઊભા કરે છે. માટે જ જેને મૃત્યુ નથી એને કોઈ ભય નથી. (૨) વળી મૃત્યુ સર્વ વસ્તુનો અભાવ કરનારૂં છે, એટલે કે આત્માને સર્વ વસ્તુથી રહિત કરનારૂં છે. મર્યા પછી અહીંના માલ, મિલકત, બંગલા, બગીચા, કુટુંબ, યાવત્ પોતાનું માનેલ શરીર ઇન્દ્રિયો આદિ પણ કોઈ જ પોતાનું નહિ. વળી (૩) મૃત્યુ અણધાર્યું આવે છે. તે કોઈ દિવસે આપણી ફુરસદે કે જાણ કરીને આવતું નથી, કહો, 'રે

આત્મન્! અહીં તારી ગમે તેટલી હોશિયારી હશે, તારું ગમે તેટલું માન હશે, તારા એક શબ્દ પાછળ હજારો લાખો માણસ પ્રાણ આપવા સુધીય તૈયાર થતા હશે, પણ જ્યારે મૃત્યુ આવશે ત્યારે એ મૃત્યુને રોકવા એમાંનું કાંઈ જ કામ નહિ આવે. ચક્રવર્તિ, ઈન્દ્ર કે અનંતબળી પરમાત્માની પણ કોઈ તાકાત મૃત્યુને રોકવા સમર્થ નથી. મૃત્યુ તારી અત્યંત કાકલુદીભરી પણ વિનંતિ નહિ સાંભળે, તારા માનની કે તારી ઋદ્ધિ–સિદ્ધિની મૃત્યુને કોઈ જ પરવા નથી. તે તો તને આ દેહરૂપી ભૂમિ પરથી ઠેક્ષની જેમ ઠોકરે ઉડાવશે. કેમકે (૪) એ અનિવારણીય છે.— રોકાય નહિ એવું છે. મૃત્યુ આવે ત્યારે તું તેને જો કહીશ કે "ભાઈ! જરા થોભી જા થોભી; મેં જિંદગીમાં ધન–ધાન્યાદિ કમાવવા તો બહુ બહુ કર્યું (તેથી તો પુણ્ય વટાવાઈ ગયું), પણ મેં દાન–પુણ્ય કર્યું નથી, અને અધર્મો બહુ જ કર્યા છે. કુટુંબની જંજાળમાં, ધનની લોલુપતમાં, વિષયોના મોહમાં હું બહુ લપટાયો; આ બધાથી તો આત્મામાં માત્ર પાપના ગંજ ખડકાયા; હવે તું ફક્ત જરા થોભી જા; તો હું દાન દઈ દઉં, ધર્મ કરી લઉં." આવું કહીશ ત્યારે મૃત્યુ જાણે ખડખડાટ હસશે! તે તને ભયંકર લાગશે, તું ભલે થરથર કંપીશ, તો ય તે તારી મૂર્ખતા ઉપર અને તારી પામરતા ઉપર જાણે વધુ હસીને તને ક્યાંય અંધારામાં ઉપાડી જશે!' (૫) 'મચ્ચૂ પુણો પુણોઽણુબંધી' આવું મૃત્યુ પાછું એક જ વખત આવતું નથી, પણ ફરી ફરી તેની આવૃત્તિ થાય છે. એનું કારણ એ છે કે મૃત્યુ થતાં ભલે આ જીવનથી મર્યા તો ખરા, પરંતુ કર્મ નથી મર્યા, અને કર્મ ઊભાં છે તેથી જન્મ થવાનો જ, જ્યાં જન્મ થયો કે મૃત્યુ નક્કી થયું જ. રાગ-દ્વેષ અને મન–વચન–કાયાની પ્રવૃત્તિ છે, ત્યાં સુધી કર્મ અને

જન્મ છે; અને જન્મ છે, તો અવશ્ય મૃત્યુ છે. બહુધા એ પણ પંડિત-મરણ નહિ કિન્તુ બાળ-મરણ હોવાથી ચારે ગતિમાં અનેક યોનિઓમાં, વારંવાર મૃત્યુ લાવે છે. એથી મુમુક્ષુ ક્ષાત્ર-વટના પ્રણિધાન કરે કે 'આ તે કાળ છે કે જ્યાં હું રાગદ્વેષના ક્લિષ્ટ બંધનોને કાચા તાંતણાની માફક તોડી નાખીશ. શું કામ છે મારે ખોટા રાગ-દ્વેષમાં તણાઈને? એથી મારા આત્મામાં કશો જ ગુણ નથી થતો. માટે મારે તો હવે આ ફોગટિયા રાગદ્વેષનો નિકાલ જ કરી નાખવાનો. એ કરીને હું મૃત્યુ ઉપર વિજય મેળવીશ.' તેથી જ 'આપણે તો ભાઇ! ઢીલા, સુંવાળા, સુકુમાર, આવા વખતમાં આપણાથી શું થઇ શકે?' એવા વેવલા શબ્દોને કાઢી નાખી, પ્રતિક્ષણ મૃત્યુને નજર સામે રાખી પ્રબલ શુભ ભાવનાનું જોમ વિકસાવવાનું, અને હૃદયમાં રહેલા અજ્ઞાનના અંધકાર અને મોહના નશાને ફગાવી નાખવાનો.

☞ **જનકરાજાને** મંત્રી પૂછે છે, 'આપ આવા રાજશાહી સુખ ભોગવો છો છતાં લોકો કેમ આપને વિદેહી કહે છે?' રાજાએ અવસરે જવાબ આપવાનું કહી, એક વાર મિજબાની ગોઠવી, મંત્રીને પણ ચાર વાગે આવવાનુ આમંત્રણ મોકલ્યુ. એ દિવસે બે વાગે ઢંઢેરો પિટાવ્યો કે મંત્રીને પાચ વાગે ફાંસી દેવાની છે. મંત્રીના તો એ સાંભળીને હોશકોશ જ ઊડી ગયા! એ જમણમાં આવ્યો પણ એને પકવાન્નમાં રસ નથી. રાજા પૂછે, 'કેમ આમ?' એ કહે છે, 'શું પૂછો છો? કલાક પછી મૃત્યુ નજર સામે હોય ત્યાં માલમેવામાં રસ રહે?' રાજા કહે છે, 'તો બસ, તમને તો કલાક પછી, પણ મને તો બીજી જ ક્ષણે મૃત્યુ ભાસ્યા કરે છે એટલે રાજશાહી સુખોમાય શો રસ રહે?

માટે જ મારો વ્યવહાર નીરસ જોઈ લોક મને વિદેહી કહે છે.' મંત્રી સમજી ગયો કે, મૃત્યુ સામે તરવરતું રહે તો વિષયરસ ખતમ!

ખરેખર! મૃત્યુની ભયંકરતા–સર્વનાશકતા–અજ્ઞાતાગમન–અનિવાર્યતા વગેરે નજર સામે હોઈ મહારાજા કુમારપાળ જેવા ય શ્રાવક–ધર્મની કરણીમાં ભારે ઉદ્યમી રહેતા! અને ઋષભદેવ ભગવાનની પાટપરંપરામાં અસંખ્ય રાજાઓએ મૃત્યુને ઓળખી સંસાર ત્યજીને ચારિત્ર લઈ પંડિત–મરણ એવા સાધ્યા કે પછી કેટલાયને તો મૃત્યુની પરંપરા જ બંધ! મૃત્યુનું મૃત્યુ થયું! અને બાકીનાને પછી બે જન્મમાં મૃત્યુનો અંત થઈ મુક્તિ મળી.

શ્રાવક વિષયવિકારને અને મૃત્યુને આત્મા પર લાગેલો એક ઝેરી રોગ સમજે, અને તે નિવારવા ધર્મને જ એકમાત્ર ઔષધરૂપ સમજે. તેથી આ ધર્મજાગરિકા કરે, આ વિચારે કે,

## (૧૬) ધર્મ–ઔષધ પર ચિંતન

સૂત્ર:–धम्मो एअस्स ओसहं, एगंतविसुद्धो, महापुरिससेविओ, सव्वहिअकारी निरइआरो परमाणंदहेऊ।

**અર્થ:** ધર્મ આનું ઔષધ છે. તે એકાંતે શુદ્ધ, મહાપુરુષોએ સેવેલો, સર્વ હિતકારી અને અતિચાર—રહિત તથા પરમ આનંદનો જનક જોઈએ

**વિવેચન:** 'ધર્મ એ અનાદિકાળના લાગેલા વિષયવિકારના અને પુનઃપુનઃ મૃત્યુના અસાધારણ રોગને કાઢનાર એકમાત્ર ઔષધ છે. એનું સેવન ખૂબ જ કરું.' આ જગતના લાલપીળામાં જીવને હિંસાદિના અવ્રતો અને ઇન્દ્રિયોના વિષયો રૂપી રોગોએ મૂઢ બનાવ્યો છે, તેથી આત્માની શક્તિ તદ્દન લોપાઈ ગયા જેવી છે. એ મૂઢતા ટાળવા ધર્મ જ એક ઔષધ છે. તે ધર્મ કેવો? જે એકાંતે

વિશુદ્ધ હોય,-એટલે કે સર્વજ્ઞે પ્રત્યક્ષ નિહાળી વાસ્તવિક ધર્મ તરીકે પ્રરૂપ્યો હોય તથા કષ, છેદ અને તાપની પરીક્ષામાં પાસ (પસાર) થયેલા શાસ્ત્રે કહેલો હોય, એટલે કે સ્યાદ્‌વાદથી વિભૂષિત જીવાજીવાદિ તત્ત્વનો પ્રકાશક અને મોક્ષમાર્ગની સાધનાર્થે શ્રેષ્ઠ નિવૃત્તિ–પ્રવૃત્તિરૂપ હોય. તો જ એકાંત નિર્મલ કહેવાય. હિંસા, જૂઠ વગેરેની અવિરતિનો અને અઢારે પાપકસ્થાનકનો સર્વથા ત્યાગ તે શ્રેષ્ઠ નિવૃત્તિ; અને જ્ઞાનાચારાદિ–પાલન તે શ્રેષ્ઠ પ્રવૃત્તિ. વળી જે ધર્મ તીર્થંકરદેવ અને ચક્રવર્તિ–સરખા મહાપુરુષોએ સેવેલો હોય; મૈત્રી–કરુણાદિકથી વાસિત હોવાથી સ્વપર સર્વને હિત, આનંદ, નિવૃત્તિ અને શાતિ અપાવે તેવો હોય; એ ધર્મને અતિચાર રહિત, અર્થાત્ જિનાજ્ઞાનુસાર વિશુદ્ધ પળાય, તો જે પરમ આનંદ (મોક્ષ) દેનારો હોય; એવો ધર્મ એ એનું ઔષધ છે.

આવું ધર્મ–ઔષધ સેવ્યા પછી વિષય–વિકારોની શી મજાલ છે કે એ ઊભા રહી શકે? તો મૃત્યુની પણ શી તાકાત છે કે એ જીવને વારેવારે આક્રમ્યા કરે? જ્યાં ધર્મ–ઔષધથી સર્વ કર્મક્ષય અને શાશ્વત મોક્ષ થયો, પછી જન્મ જ નહિ, તો મૃત્યુ શું? પછી તો અજ–અવિનાશીપણું, અજર–અમરતા.

● **ધર્મનૃપ** બાળ રાજા પૂર્વ ભવે ભારે રોગથી ત્રાસેલો એક ભિખારી; તે મુનિ મળતાં કરગરે છે, 'મને કોઈ ઔષધ બતાવો.' મુનિ કહે છે, 'ઔષધ તારી પાસે છે. આ જે તે અને બહુ ખાઈ ખાઈને રોગ થયા છે તે બંધ કર, એ જ ઔષધ' એટલે ત્યાં નિયમ કર્યો કે 'રોજ એક જ ધાન્ય, એક જ શાક, અને એક જ વિગઈ (દૂધ–દહીં–ઘી–તેલ–ગોળ–તળેલું, એ છ વિગઈમાથી એક જ), ખાવી બાકી ત્યાગ. આ ત્યાગરૂપી ઔષધે શરીરના રોગ તો

સિટાવ્યા ઉપરાંત અંતરાય-કર્મરોગ તૂટવાથી ક્રમશઃ શ્રીમંત બન્યો. છતાં એ ત્યાગ ચાલુ એટલે જાત ખર્ચ મામુલી, તે સુપાત્ર-દાનાદિ ખૂબ ધર્મ કર્યો. મરીને એજ નગરે વણિક્-પુત્ર થયો કે જ્યાં નિમિત્તિયાએ ભાખેલી બાર વરસની દુકાળી આના પુણ્યે રદ થઈ! અને રાજાએ એને બાળપણમાં જ રાજા બનાવી પોતે એનો આજ્ઞાંકિત પાલક બની રહ્યો. પેલો પછી મોટો રાજા થઈ ધર્મનો ખૂબ આરાધક અને પ્રભાવક બન્યો. વિશુદ્ધ ધર્મઔષધથી શું રંક કે શું રાજા, શું અભણ કે શું બુદ્ધિમાન, શું નિર્બલ કે બળવાન, દરેકે સાધુ યા શ્રાવક બની મહાપુરુષોના પંથે સ્વ-પર હિત સાધ્યા, ને મૃત્યુ-રોગથી સદંતર મુક્તિ મેળવી. ધર્મસેવન દોષ-અતિચાર લગાડ્યા વિના થવું જોઈએ. દેવપૂજા, ગુરુભક્તિ, વ્રતનિયમ, સામાયિક પ્રતિક્રમણાદિ શ્રાવક-ધર્મ નિરતિચાર પાળતાં આનંદ-કામદેવાદિ શ્રાવકને ત્રણ ભવમાં સંસાર સમેટાઈ ગયો.

## (૧૭) ધર્મ-તત્પ્રકાશકાદિને નમન

**સૂત્ર:**-नमो इमस्स धम्मस्स । नमो एअधम्मपगासगाणं । नमो एअधम्मपालगाणं । नमो एअधम्मपरूवगाणं । नमो एअधम्मपवज्जगाणं ।

**અર્થ :** આ ધર્મને હું નમું છું, આ ધર્મના પ્રકાશકોને હું નમું છું. આ ધર્મના પાલકોને નમું છું. હું આ ધર્મના ઉપદેશકોને નમું છું. આ ધર્મના સ્વીકારનારાઓને નમું છું.

**વિવેચન :**- હવે કૃતજ્ઞતા અને અનુમોદના રૂપે નમસ્કાર કરવામાં આવે છે. અથવા આગળ સાધુધર્મની પ્રાર્થના-આશંસા વ્યક્ત કરવી છે તો તે મંગળ કરીને જ કરાય વળી આ ધર્મને

તેમજ જેમની પાસે એ વ્યક્ત કરીએ તેમને નમસ્કાર કરીને જ કરવી ઉચિત છે, માટે નમસ્કાર કરે છે, 'આ સાધુ ધર્મને હું નમું છું, વંદુ છું આ ધર્મના પ્રકાશક શ્રી અરિહંતદેવોને હું નમું છું. આ ધર્મને હૃદયમાં ઉતારી પાલન કરનાર સાધુ મહર્ષિઓને હું નમું છું. આ ધર્મના ઉપદેશક આચાર્ય ભગવંતોને હું નમું છું. આ ધર્મને મોક્ષના હેતુ અને સત્ય ધર્મ તરીકે સ્વીકારનાર શ્રાવકાદિને નમું છું.' હવે પ્રણિધાન કરવામાં આવે છે,—

### (૧૮) ધર્મપ્રણિધાનઃ નિર્મમત્વ-અપરસંતાપક-ભાવ શુદ્ધિવર્ધક

સૂત્રઃ—इच्छामि अहमिणं धम्मं पडिवज्जित्तए सम्मं मणवयणकाय-जोगेहिं । होउ ममेअं कल्लाणं परमकल्लाणाणं जिणाणमणुभावओ ।

**અર્થ**: હું મન-વચન-કાયાની પ્રવૃત્તિથી સારી રીતે આ ધર્મ સ્વીકારવા ઈચ્છું છું. પરમ કલ્યાણરૂપ જિનભગવાનના પ્રભાવે મને આ કલ્યાણ પ્રાપ્ત થાઓ.

**વિવેચન**: 'હું ધર્મને પામવા ઈચ્છું છું. કેમકે હવે મને આ ધર્મનો જ પક્ષપાત છે, તે પણ સમ્યક્ માનસિક વાચિક અને કાયિક પ્રવૃત્તિઓથી વણાએલા આ ધર્મને પામવા ઈચ્છું છું, આથી હું સંપૂર્ણ સર્વાંગ ધર્મસ્વીકારનું ખાસ પ્રણિધાન (કર્તવ્ય નિશ્ચય) કરું છું. આવો ધર્મ એ કલ્યાણ છે એ મને પ્રાપ્ત થાઓ. મારું તો કોઈ સામર્થ્ય નથી પરંતુ પરમ કલ્યાણ સ્વરૂપ શ્રી જિનેશ્વરદેવોના પરમ પ્રભાવે (પ્રભાવિક પ્રસાદથી) એ પ્રાપ્ત થાઓ, એવું હું અભિલષું છે'

આ રીતે ખૂબ એકાગ્રતા અને વિશુદ્ધ હૃદયથી વારંવાર ચિંતવે અને ભાવે. પ્રશ્ન—ધર્મ તો આત્મા પોતાની વિશુદ્ધ અધ્યવસાયથી પામે ને? ઉત્તર—એ વાત સાચી, પરંતુ એ શુદ્ધ ભાવ

એમજ નથી જાગ્યો; એ તો પરમાત્માનું નિમિત્ત પામીને જ પોતાને થયો છે; ને હજી પણ થશે, માટે અહીં ભગવાનના પ્રભાવે પ્રાપ્ત થયાનું ઈચ્છ્યું.

सूत्र:-सुप्पणिहाणमेवं चिंतिज्जा पुणो पुणो। एअधम्मजुत्ताणमववायकारी सिआ। पहाणं मोहच्छेअणमेअं। एवं विसुज्झमाणभावणाए कम्मापगमेणं उवेइ एअस्स जुग्गयं। तहा संसार-विरत्ते संविग्गो भवइ अममे, अपरोवतावी, विसुध्धे, विसुद्धमाणभावे। इति साहुधम्मपरिभावणासुत्तं समत्तं।

અર્થ:-સારા પ્રણિધાન સાથે આ પ્રમાણે વારંવાર ચિંતવે, આ (સાધુ) ધર્મયુક્ત આત્માઓને પગે પડતો રહે. મુખ્યપણે મોહનો છેદ કરનાર એ છે એ પ્રમાણે વિશુદ્ધ બનતી ભાવનાથી કર્મનો નાશ થવા દ્વારા (આત્મા) એ ધર્મની યોગ્યતા પામે છે; તથા સંસારથી વિરક્ત, સંવેગ (ધર્મરંગ)વાળો, નિર્મમ, બીજાને સંતાપ ન પમાડનારો,-નિર્મળ, અને વિશુદ્ધ થયે જતા ભાવવાળો બને છે. આ પ્રમાણે સાધુધર્મની પરિભાવનાનું સૂત્ર પૂર્ણ થયું.

### વિવેચન: ઉપસંહાર: સાધુસેવક: ભાવવિશુદ્ધિ:-

હવે ઉપસંહાર કરતાં, જે પૂર્વે, (૧) ધર્મજાગરિકામાં "આ કયો અવસર! એને યોગ્ય શું? વિષયો અસાર, મૃત્યુ ભયંકર અને સાધુધર્મ એનું ઔષધ....' વગેરે ચિંતવવાનું કહી શ્રી અરિહંતાદિને નમસ્કારો કર્યા બાદ, (૨) અરિહંતપ્રભુના પ્રભાવે સાધુધર્મ સ્વીકારવાની તીવ્ર આશંસા ચિંતવી, એના માટે હવે સૂત્રકાર કહે છે કે ખૂબ તીવ્ર પ્રણિધાન યાને વિશુદ્ધ ભાવનાથી ગર્ભિત મનની ચોંટ સાથે આ બધું વારંવાર ચિંતવ્યા કરવું.

આ ચિંતવનામાં ધ્યાન રાખવાનું કે સાધુધર્મરૂપી ઔષધનું અતિ મહત્ત્વ ચિંતવ્યા બાદ એની અભિલાષા–પ્રાર્થના–આશંસા કરવાની, તે પૂર્વે કહેલ અરિહંતાદિ પરમેષ્ઠીને નમસ્કાર કરવા પૂર્વક જ કરવાની. સૂત્રકારે 'નમો નમિઅનમિઆણં....' વગેરે નમસ્કાર કરીને પછી જ આશંસા કરવાનું કહ્યુ છે. મંગળ માટે અને ઔચિત્યપાલન તરીકે એ જરૂરી છે, જેથી બાધક કર્મ તૂટતા જઈ એ આશંસા શીઘ્ર સફળ થાય.

નમસ્કાર–વિનય–સેવા–આજ્ઞાંકિતભાવને આશંસા એ બહુ મોટી ચીજ છે માટે સૂત્રકાર સાધુધર્મની પરિભાવનામાં આટઆટલું કરવા– ચિંતવવાનુ ફરમાવી હવે કહે છે કે આ સાધુધર્મ પાસેલાના 'અવવાયકારી' બનવું, અર્થાત્ એ ધર્મ સેવનારા મુનિ–પુંગવોને પગે પડતા રહેવું, યાને એમને બહુમાનભર્યો નમસ્કાર, એમનો વિનય, એમની સેવા અને એમની આજ્ઞાંકિતતા બરાબર સાધતા રહેવું. પૈસાનો અર્થી એ જ રીતે શ્રીમંતને આરાધતો રહે છે ત્યારે જ પૈસા પામે છે. ૰ સુવ્રત શેઠ વગેરે એ જ રીતે સાધુ મહાત્માના ઉપાસક બની ચારિત્રમોહનીય કર્મનો નાશ કરવાપૂર્વક સાધુધર્મ પામ્યા.

સૂત્રકાર કહે છે કે–'આ તીવ્ર પ્રણિધાન પૂર્વકનાં વારંવાર ધર્મજાગરણ–ચિંતન અને સાધુસેવન એ મોહને છેદવાનો મુખ્ય ઉપાય છે' કેમકે એ સર્વવિરતિચારિત્ર-સંયમના અધ્યવસાય–સ્થાનકની પૂર્વભૂમિકારૂપ અતિ સુંદર અધ્યવસાયોને પેદા કરે છે, ને તે જરૂર ચારિત્રમોહનીયને તોડતા આવે. માટે જ સૂત્રકાર આ રીતે ઉપસંહાર કરે છે,–

ઉપસંહાર:—આ પ્રમાણેના કુશલ અભ્યાસમાં વિશુદ્ધ-વિશુદ્ધ બનતો ઉપર કહેલી ભાવનાથી ઘણાં કર્મના બંધન તોડી નાખે છે. કર્મનો તેવો વિશિષ્ટ નાશ થવાથી તે મુમુક્ષુ જીવ સાધુ-ધર્મની યોગ્યતાને પ્રાપ્ત કરે છે સંસારની ભયંકર દોષભર સ્થિતિની વિચારણાથી સંસાર પ્રત્યે વિરાગી બનેલો તે, હવે સાધુધર્મ અને મોક્ષની એક જ અભિલાષાવાળો છે. હવે એને સંસારની કોઈ ચીજ પ્રત્યે મોહમાયા નથી; અને મમતા રહિત બનેલો તે 'આ સારૂં અને આ મારૂં' કરવાનું છોડી પરની ચિંતાએ બળવાનું કરતો નથી, તેમજ પરને સંતાપ આપવાથી પણ દૂર રહે છે. સર્વે પ્રત્યે અનુકંપાવાળો બનેલો તે, રાગદ્વેષની પકડ મૂકી દેવાથી શુભ અધ્યવસાયના કંડકની વૃદ્ધિ પ્રમાણે આગળ ને આગળ વિશુદ્ધ બનતો જાય છે; એના ભાવ વિશુદ્ધ વિશુદ્ધતર થતા આવે છે. આ રીતે સાધુધર્મની પરિભાવનાના વિકાસક્રમને આરાધે છે.

—'સાધુધર્મ-પરિભાવના' સૂત્ર સમાપ્ત—

★

॥ सूत्र-३-प्रव्रज्याग्रहणविधिः ॥

परिभाविए साहुधम्मे जहोदिअगुणे, जइज्जा सम्ममेअं पडिवज्जित्तए अपरोवतावो। परोवतावो हि तप्पडिवत्तिविग्घं। अणुपाओ खु एसो। न खलु अकुसलारंभओ हिअं।

**અર્થ:** યથોક્ત ગુણવાળા સાધુ-ધર્મની પરિભાવના કર્યા બાદ બીજાને સંતાપ પમાડયા વિના એ (સાધુધર્મ) સ્વીકારવા સારી રીતે પ્રયત્ન કરે. અન્યને સંતાપ એ એની પ્રાપ્તિમાં વિઘ્નભૂત છે. એ ઉપાય નથી. ખરે જ! અશુભ પ્રયત્નથી હિત ન થાય

# સૂત્ર—૩:પ્રવ્રજ્યા—ગ્રહણ-વિધિ.

## (૧) પરપીડા વિના-સ્વીકાર-પ્રયત્ન.

પાછળના સૂત્રમાં ધર્મગુણ પામવાની શ્રદ્ધા થયેલી જે કર્તવ્ય છે, તે કહ્યું. તે કરવાથી સાધુધર્મની પરિભાવના થઈ. તે થયેથી હવે એણે શું કરવું જોઈએ, તે કહે છે.

**વિવેચન: 'પરિભાવિએ...'**-પૂર્વ સૂત્રની કહેલી વિધિએ સાધુધર્મની પરિભાવના કર્યા પછી, પૂર્વે કહેલા ગુણોવાળો બન્યો થકો, અર્થાત્ સંસારથી વિરક્ત, મોક્ષનો અભિલાષી, નિર્દંભ, પરને અસંતાપી, નિર્મલહૃદયી, અને અધિકાધિક વિશુદ્ધ બનતાં ભાવ ને ગુણોવાળો બની ચારિત્ર-ધર્મને સમ્યગ્ વિધિએ અને બીજાને સંતાપ પમાડયા વિના પ્રાપ્ત કરવા પ્રયત્ન કરે. **અન્યને પીડા ઉપજાવવી એ ધર્મ પામવાની આડે અંતરાયભૂત છે,**

તેથી એ ધર્મસાધક ઉપાય નથી. ધર્મ પામવામાં ય પરને પીડા થાય એવો પ્રયત્ન અકુશળ છે (અશુભ) છે. અર્થાત્ સાંસારિક સ્વાર્થના કાર્યોમાં પરને દુઃખકારી એવો યત્ન તો અશુભ છે જ, કિન્તુ ધર્મપ્રાપ્તિ માટેનો ઉદ્યમ પણ જો પરને પીડા કરીને થતો હોય, તો તે પણ અકુશળ છે; અને અકુશળ પ્રયત્નથી કદિ ય કોઈનું હિત થયુ નથી; તેથી એ પર-સંતાપને ત્યજે.

**(૨) માતાપિતાને પ્રતિબોધ : સમુદાયસુકૃત**

सूत्र:-अप्पडिबुद्धे कहिंचि पडिबोहिज्जा अम्मापियरे। उभयलोगसफलं जीविअं, समुदायकडा कम्मा समुदायफलत्ति। एवं सुदीहो अविओगो।

**અર્થ**: નહિ બુઝેલા માતાપિતાને કોઈપણ રીતે પ્રતિબોધ પમાડે. (કહે) જીવતર તો ઉભય લોકની સફળતાવાળું હોય. (વળી) સમૂહે કરેલ કર્મ સમૂહગત ફળ આપે છે. માટે એ રીતે (આપણો) બહુ દીર્ઘકાળ સુધી વિયોગ નહિ થાય.

**વિવેચનઃ** હવે બીજો તો પર સંતાપ સાધુપણું લેવા તૈયાર થયેલા આત્માથી થાય એવું પ્રાયઃ સંભવતું નથી; પણ માતાપિતા કદાચ ન બુઝેલા હોય, તો તેમના મનને વિયોગનો સંતાપ થવો સંભવિત છે. આ સંભવિત સંતાપને દૂર કરવા માટે શું કરે? ન બુઝેલા માતાપિતાને સંસારત્યાગ માટે કોઈ પણ રીતે પ્રતિબોધ કરે. આ સૂચવે છે કે જો જીવ તામસ નહિ પણ સત્વ પ્રકૃતિનો યાને અત્યંત સાત્ત્વિક અને પુણ્યશાલી તથા તત્ત્વાનુસારી હોય, તો તેની સાધુધર્મ પરિભાવનાની ચર્યા અને ગુણોના પ્રભાવે તેના માતાપિતા બુઝ્યા વગર ન રહે.

'મહાસત્ત્વ' એ અપૂર્વ અને અદ્ભુત વસ્તુ છે. મહાસાત્ત્વિક વિરાગીનું જીવન તપાસવામાં આવે, અને તેની દિનચર્યા

જોવામાં આવે તો દેખાય કે (૧) એની સામે દિવ્ય ભોગો પણ આવે, તો તેથી તેને હર્ષનો ઉન્માદ થતો નથી; તેમજ (૨) અનિષ્ટ અને પ્રતિકુલ પ્રસંગો કે વિષયો આવે, તો ગ્લાનિ પણ ઉપજતી નથી. (૩) એ ઉપરાંત કષાયનો એણે એટલો બધો ઉપશમ કર્યો હોય છે, કે જેથી માતાપિતા વગેરે ચકિત અને આકર્ષિત બની જાય છે. કોઈ તેના ઉપર ગમે તેટલો ગુસ્સો કરી જાય, તેનું બગાડી જાય, તો પણ તે પોતાનું મન લેશમાત્ર વિકૃત ન થવા દેવા સાવધાન હોય છે. તેને હવે હુપદ નથી, કે માયા–ખટપટનો સ્પર્શ નથી. એને જીવનની જરૂરિયાતો ઘણી ઓછી, એટલે ઇચ્છાઓ બહુ ઓછી.

એમ **'તત્ત્વાનુસારિતા'** પણ એવો ગુણ છે કે જેથી એ વસ્તુમાત્ર કે પ્રસંગમાત્રને ઉપલક ન જોતા તત્ત્વની દૃષ્ટિએ જુએ છે; સર્વત્ર વસ્તુતત્ત્વ શું એ તપાસનારો હોય છે તેથી પામર જીવો કરે એવા અ–તાત્ત્વિક વાત–વિચાર–વ્યવહાર એને પસંદ નહિ, એ આદરે નહિ. એના વાત–વિચાર–વ્યવહારનો ઝોક વસ્તુના કે પ્રસંગના પરમાર્થ તરફ રહે, તત્ત્વ તરફ હોય.

આ પ્રમાણે મહાસત્ત્વથી કષાયોને મૃતપ્રાય બનાવ્યા હોય છે, અને તત્ત્વાનુસારિતાથી સમ્યક્ત્વ પ્રાપ્ત કર્યું છે સાથે મહાસત્ત્વ ભળે, તેનો પ્રભાવ અનેક ગુણો વધી જાય છે પારો ભેળવી રસાયન બનાવેલું હોય, તો તે કેટલો બધો પ્રભાવ ધરાવે છે? વાત એ છે કે એ પ્રભાવને સક્રિય બનાવવો જોઈએ, ક્રિયામા ઉતારવો જોઈએ. જેમ કોઠારમાં ઘણું જ ભર્યું હોય, તે મળ્યા પછી જિંદગીભરનું દુઃખ જાય તેમ હોય, પણ ઉપર ઢાકણુ ઢાંકેલું રાખી તેનો ઉપયોગ ન થાય તો શું કામ લાગે?

તેમ, ભગવાને ગણધર મહર્ષિઓને ત્રિપદી આપી, ને દ્વાદશાંગીની રચના થઇ. એ શ્રુતના અખૂટ ભંડારો આપણને મળી તો ગયા, પણ હવે જો મોહના ઢાંકણા ખસેડી એ તત્ત્વાનુસારિતા, એ સમ્યક્ત્વ અને આત્માનાએ નિર્મલ બોધ તથા સત્ત્વ ન જગાડીએ, તેમ તે મુજબ જો વર્તાવ નહિ, તો પેલા ભંડાર કામે લગાડવાનું ક્યાં કર્યું ? કામે લગાડવાનું આ, કે બીજા સૂત્રમાં ફરમાવ્યાને અનુરૂપ વર્તન રખાય. તો તેની અસર માતાપિતા પર પણ એવી સુંદર પડે, કે એમને પણ એ જોઈ વગર ઉપદેશે માનવ-જીવનની ઈતિકર્તવ્યતા ચારિત્ર-સાધનામાં જ લાગે. તેથી એજ સાધવાનો વીર્યોલ્લાસ એમને ય પ્રગટે. એટલે પુત્રની સાથોસાથ એ પણ ચારિત્ર માટે તૈયાર થઈ જાય. જંબૂકુમારની સાથે એમના માતાપિતા એમજ તૈયાર થઈ ગયા. આમ છતાં, ધારો કે માબાપ જો કર્મની વિષમતાથી વગર ઉપદેશે પ્રતિબોધ પામ્યા નથી, તો તેમને ગમે તે પ્રકારે પ્રતિબોધ કરે. એ એમને સમજાવે કે

## દીક્ષાર્થીનો માતાપિતાને પ્રતિબોધ

"જુઓ, આપણને જે ઉત્તમ આયુષ્યની મૂડી મળી છે તે આ ભવ અને પરભવ બંને માટે સફળ કરવાથી પ્રશસ્ય ગણાય **જેણે જીવતર સુકૃતથી સફળ કર્યું, તેણે જ જીવી જાણ્યું.** આ સુંદર જીવતરની સફળતા (૧) આ ભવમાં સર્વજીવને અભયદાયી પવિત્ર જીવનથી છે, અને (૨) પરલોકમાં ઉત્તમ સ્થાન, સ્થિતિ અને સુસંસ્કારના વારસાથી છે. આ બંને વસ્તુનો ઉપાય એકમાત્ર શુદ્ધ ધર્મ ચારિત્રધર્મ છે. હવે એ ન સેવ્યો, તો ય મૃત્યુ તો નક્કી જ છે, એ ભુલવા જેવું નથી, માટે ચારિત્ર-ધર્મ લઈ લઈએ અને

સર્વને અભયદાન તથા ભવાંતર માટે સુસંસ્કાર–નિધિ કમાઈ લઈએ. નહિતર જુઓ કે આપણને મનુષ્યના આવા તો કેટલાય જીવતર મળી ગયા હતા, પણ તે આ લોક અને પરલોક બંને માટે વેડફી બગાડી નાખેલા. તેથી હવે આને જરૂર સફળ કરી લો.' દીક્ષાર્થીની આ સુંદર સમજાવટ યથાર્થ છે. શંખ–કલાવતીમાં શંખ રાજા, ભવદત્ત (જંબૂકુમારનો જીવ) વગેરે એના એવા અનેક દૃષ્ટાંત છે કે જે ચારિત્રથી ઊંચે આવ્યા છે.

તે કહે છે; "બીજી પણ એક વાત છે, 'તમને મારા પર પ્રેમ છે. આપણો વિયોગ ન થાય એવું ઈચ્છો છો. આમ તો મૃત્યુ થતાં વિયોગ નિશ્ચિત જ છે, કેમકે પછી તો આપણે દરેકને જુદાજુદા કર્મ મુજબ જુદે જુદે સ્થાને જવાનું હોય છે. પરંતુ જો આપણે બધા સાથે એક સરખું ચારિત્ર આરાધીશું તો લાંબા સમય સુધી એટલે કે ભાવી ભવમાં પણ આપણો અવિયોગ (સંયોગ) ચાલુ રહેશે, પણ વિયોગ નહિ થાય. કેમકે, સમુદાયે કરેલા કર્મ–(સુકૃત કે દુષ્કૃત)નાં ફળ સામુદાયિક રીતે ભોગવવાના બને છે. કોઈ આગ, લૂંટ, ફાંસી વગેરેને એક સરખા રસથી કરનાર કે જોનાર સમુદાય, એ ભવાન્તરે ભેગા થઈ કોઈ તેવા જ આગ, રેલ, ધરતીકંપ વગેરે એક સરખા અકસ્માતથી એકી કલમના કુમૃત્યુને પામે એવું બને છે. એમ આપણે કોઈ વિશિષ્ટ ધર્મસુકૃતની સાધના સાથે કરીએ, તો એ એક સરખી સાધનાના પ્રભાવે એક સરખા પુણ્યથી ભવાન્તરે કોઈ સદ્‌ગતિમા બધા ભેગા થઈ શકાય; ત્યા પણ આપણે સમાન સુકૃત સાધી ક્રમે કરી બધા સાથે મોક્ષ સુધી પહોચીએ એમ કદિ ય વિયોગ ન થતાં, આપણો કાયમી દીર્ઘ સંયોગ રહે."

અંગારમર્દક આચાર્ય અભવી હતા. એમના ૫૦૦ શિષ્યો ગીતાર્થની સલાહથી એમને ઓળખી લઈ છોડી જાય છે બીજા યોગ્ય ગુરુને પકડી એક સરખી આરાધનાના પ્રતાપે સ્વર્ગમાં જઈ પછી માનવ ભવે ૫૦૦ રાજકુમાર થાય છે, અને એ એક રાજપુત્રીના સ્વયંવરમાં ગયેલા, ત્યાં પેલા અભવી આચાર્યના જીવને દુઃખી ઊંટ તરીકે થયેલો જોઈ જ્ઞાનીના વચનથી એને ઓળખી વૈરાગ્ય પામી આત્મહિતના માર્ગે ચઢે છે. આ સમાન આરાધનાનું ફળ થયુ, દીક્ષાર્થી જીવ માતાપિતાને એ સમજાવતાં કહે છે,—

**(૩) વૃક્ષે પંખી મેળો: મનુષ્યાયુ સમુદ્ર પતિતરત્ન.**

સૂત્ર :-अण्णहा एगरुक्खनिवासिसउणतुल्लमेअं। उद्दामो मच्चू, पच्चासण्णो अ। दुल्लहं मणुअत्तं समुद्दपडिअरयणलाभतुल्लं।

**અર્થ** :-"નહિતર એક વૃક્ષ પર આવી વસેલા પંખીમેળા જેવો આ (મેળો) છે. મૃત્યુ ન અટકાવી શકાય એવું અને નજીક આવતું જાય છે. સમુદ્રમાં પડી ગયેલ રત્ન ફરી મળવા સરખું મનુષ્યપણુ દુર્લભ છે.

**વિવેચન**:-"નહિતર તો, જો હું ચારિત્ર સાધું અને તમે ન સાધો તો સામુદાયિક સરખી સાધનાના અભાવે સામુદાયિક ફળ પણ નીપજે નહિ. તેથી પરભવે ભેગા થવાનું થાય નહિ. એટલે, એક વૃક્ષમાં ભેગા રાતવાસો કરી, પ્રભાતે ઊડી છૂટા પડી જનાર અનેક પંખેરાના જેવી સ્થિતિ થાય. અર્થાત્ આ ભવને અંતે જ ભવિષ્ય કાળ માટે એક બીજાથી અત્યંત છૂટા પડી જવાનું થાય. શાસ્ત્રોમાં કહ્યું છે કે જેમ નિવાસ અર્થે વૃક્ષ પર ભેગા મળેલા પક્ષીઓ તુર્ત જ જુદા પડી જાય છે, તેમ જીવોનો અહીં ટૂંકો સમાગમ પણ ભવિષ્યના સદા વિયોગમાં પરિણામ પામે છે. ત્યાં આપણો સંયોગ ક્યાંથી બની રહેવાનો ?

ત્યારે મૃત્યુ એકવાર તો નિશ્ચિત જ છે. એ કાંઈ થોડું જ અટકે એવું છે? મૃત્યુ તો ઉદ્દામ છે. તેની ગતિને કોઈ જ સ્ખલના પહોંચાડી શકતું નથી. ચૌદ રાજલોકના કોઈપણ પ્રદેશમાં તે જઈ શકે છે. એમા વળી આજનું આપણું આયુષ્ય યાને જીવનદોરી ટૂંકી હોવાથી મૃત્યુ નજીક આવતું જાય છે. તેથી, હાથમા કાળ થોડો છે, અને તેમાં ધર્મ સાધ્યા વિના રહી જઈશું, તો મૃત્યુ બાદ માનવ-જન્મ અને સાધનાના સંયોગ ફરીથી મળવા મુશ્કેલ હોવાથી આ અણમોલ તક ગુમાવાશે. સંસારસાગરમાં માનવભવ પાછો મળવો, એ સમુદ્રમા પડી ગયેલા રત્નને પાછું મેળવવાની જેમ, અતિ મુશ્કેલ છે.

### (૪) માનવજીવન શુદ્ધ ધર્મ જહાજ: સ્વકાર્યે નિયોજ્ય

सूत्र :-अइप्पभूआ अण्णे भवा दुक्खबहुला, मोहंधयारा, अकुसलाणुबंधिणो, अजुग्गा सुद्धधम्मस्स । जुग्गं च एअं पोअभूअं भवसमुद्दे, जुत्तं सकज्जे निउंजिउं संवरठइअच्छिद्दं नाणकण्णधारं तवपवणजवणं ।

**અર્થ** :-બીજા ભવો ઘણા! (તે પણ) દુ ખભર્યા, મોહના અંધકારવાળા, અશુભ પરંપરા-જનક, અને શુદ્ધ ધર્મને અયોગ્ય છે. યોગ્ય તો આ મનુષ્યભવ જ છે, કે જે ભવસાગરમાં જહાજ-ભૂત છે. આવા મનુષ્યભવરૂપી જહાજને સંવરથી (આશ્રવરૂપી) છિદ્રો બંધ કરી દઈને, જ્ઞાનને સુકાની કરીને અને તપરૂપી પવનથી વેગબંધ રાખીને પોતાના (તરવાના) કાર્યમાં યોજવો યુક્ત છે.

### વિવેચન-મનુષ્યભવ દુર્લભ કેમ?

ચારિત્રનો અભિલાષી જીવ માતાપિતાને એમ સમજાવે કે, 'સમુદ્રમાં પડી ગયેલ રત્નને પાછું મેળવવું ઘણું દુષ્કર,

એમ આ મનુષ્ય જન્મ એળે કાઢી નાખ્યા પછી ફરીથી માનવ જન્મ મેળવવો અત્યંત દુષ્કર છે. કેમકે જો અહીં શુદ્ધ ધર્મની સાધના નથી તો પશુ-પંખી, કીડા-મંકોડા આદિ જીવોમાં હોય તેવી મમતા, વિષયાસક્તિ, અનિષ્ટનો દ્વેષ, વગેરે કષાયોની લાગણી અને હિંસાદી દુષ્કૃત્યોભર્યું જીવન રહેવાનું ! એથી સહેજે ફરીથી મનુષ્યભવ ન મળે, અને જે તિર્યંચ પશુ-પંખી કીડા આદિનો ભવ મળે એમાં તો અહીંની જ કષાયવાળી લાગણીઓ તથા દુષ્યકૃત્યોના સંસ્કાર એની એ આવૃત્તિ ચાલુ રખાવે ! તેથી એવા ને એવા તિર્યંચના અવતાર ચાલ્યા કરે, એવા તિર્યંચપણાના ભવ ઘણા થયા કરે. એમાં વળી જો ગાઢ મૂર્છા-આસક્તિના કારણે ઠેઠ એકેન્દ્રિય પૃથ્વીકાયાદિના ભવમાં ઊતરી જવાનું થયું, તો ત્યાં તો કાયસ્થિતિ ઘણી ઘણી લાંબી ! ! એટલે ધર્મ વિનાના આ મનુષ્યભવની પછી તો, અહીંના ગાઢ મૂર્છાદિને કારણે સંભવ છે કે પૃથ્વીકાયાદિ-સબંધી ભવો, દીર્ઘ-કાયસ્થિતિના કારણે, ઘણા ઘણા થાય. એમા પડી ગયેલો ક્યારે મનુષ્યભવ પામે ? પૃથ્વી, અપ્; અગ્નિ, વાયુ અને પ્રત્યેક વનસ્પતિકાયની કાયસ્થિતિ અસંખ્ય કાળની છે, અર્થાત્ તે તે પૃથ્વીકાયાદિ પર્યાયનો એટલે કે મરી મરીને બીજે ગયા વિના એ એકેન્દ્રિયપણું જ પામ્યા કરવાનો સળંગ ઉત્કૃષ્ટ કાળ અસંખ્ય ઉત્સર્પિણી-અવસર્પિણી (અસંખ્ય કાળચક્ર) પ્રમાણ છે; વધારેમા વધારે એટલા કાળ સુધી પૃથ્વીકાયાદિમાં જ જન્મ-મરણ કરે. જ્યારે સાધારણ વનસ્પતિકાયપણાનો ઉત્કૃષ્ટ પર્યાય અનંત કાળચક્ર સુધી જીવનો કેડો પકડે છે. કદાચ એમાથી વચમાં બહાર નીકળે અગર એવા ભવમા ન જાય તો પણ નરક અને

તિર્યંચ પંચેન્દ્રિય તથા વિગલેન્દ્રિયના ભવમાં ચાલી ગયેલાને એવા ભવોની પરંપરામાં પડવું પડે છે, ત્યાં મનુષ્યભવ શી રીતે સુલભ બને ?

**દુર્ગતિના એ ભવો કેવા ?** બહુલતયા દુઃખભર્યા, મોટા ભાગે દુઃખદ અશાતા વેદનીય ભોગવતા, અને મોહરૂપી કારમા અંધકારવાળા ! અર્થાત્ તીવ્ર મોહોદયવાળા, તથા સહેજે અસત્ ચેષ્ટા કરાવનાર હોવાથી અકુશલકર્મના અનુબંધવાળા તે ભવો હોય છે. ત્યાં મહામોહનું ઘોર અંધારૂં ! બુદ્ધિ, વિવેક, વિનય, પવિત્રતાદિ જે અહીં સુલભ, તેનું ત્યા નામનિશાન નહિ. દુઃખને નિવારવાના ઉપાયો પણ ત્યાં ન મળે. ત્યાં દુઃખ ઉપર દુઃખ છે. તેમ શુદ્ધ ધર્મની પ્રાપ્તિ પણ નહિ. માત્ર દુઃખ અને મોહની કારમી ઘેરામણ ! એથી જ એ ભવો શુદ્ધ ધર્મ (ચારિત્ર–ધર્મ) માટે અયોગ્ય ભવો. યોગ્ય ભવ તો મનુષ્યનો જ.

**માનવભવ એ જહાજ :**–ભવસાગરથી તારનાર હોવાથી, જહાજ સમાન આ મનુષ્યભવ જ છે. દેવોને પણ મોક્ષ પ્રાપ્ત કરવા માટે મનુષ્યભવ પામવો જ પડે છે, તેથી મોક્ષની ઇચ્છાએ દેવતાઈ સ્થિતિમાંથી તેઓ મનુષ્યપણાની સ્થિતિમાં આવવાની ઝંખના કરે છે. શા સારુ ? સંસારમાં મહાલવા નહિ, સંસારનો સર્વથા ત્યાગ કરવા. ધર્મથી કર્મ પર સંપૂર્ણ વિજય પ્રાપ્ત કરવાનું મનુષ્યભવમાં જ થઈ શકે છે. એથી જ ધર્મ એ જ માનવ–કર્તવ્ય છે એ કર્તવ્યમાં જ જીવન યોજવું એ યોગ્ય છે. પણ તે કેવી રીતે યોજવું ? માનવભવ એ સંસારથી તરવાનું જહાજ છે. પરંતુ એમાં પડેલા આશ્રવના, અર્થાત્ હિંસાદિની અવિરતિ, ક્રોધાદિ કષાયો, વગેરેના કાણાને સંવરથી અર્થાત્ વિરતિ,

ચારિત્ર, ક્ષમાદિ યતિધર્મ વગેરે ઢાંકણથી બંધ કરી દેવા જોઈએ. નહિતર એ છિદ્રોમાંથી કર્મરૂપી પાણી માંહી ભરાવાથી ડૂબવાનું થાય. **તરવા માટેનો આ અસાધારણ ભવ ડૂબવા માટે બનાવાય, એ કેવું કારમું સાહસ!** તે ય નાશવંતા આરંભ પરિગ્રહ ખાતર?

છિદ્રો ઢાંકવા ઉપરાંત આ જીવન-જહાજને જ્ઞાન-સુકાની જોઈએ. જેમ સુકાની વારંવાર ઉપયોગ (સાવચેતી) રાખી જહાજને દોરે છે, તેમ **સુકાનીના જેવું સમ્યક્ જ્ઞાન પણ પુનઃ પુનઃ શુભ ઉપયોગથી જીવને તરવાના માર્ગે આગળ ધપાવે છે.** એ જ્ઞાનનો ઉપયોગ ન હોય તો સંવર આદરેલો છતાં અજ્ઞાન-આલસ્ય-પ્રમાદ વગેરેથી ઉન્માર્ગે જવાનું થાય, રાગદ્વેષના ખડક સાથે અથડાઈ ગુણસ્થાનકના ભુક્કા થવાનું બને. શાસ્ત્રે 'ઉપયોગે ધર્મ' જાગૃતિમાં ધર્મ ઠીક જ કહ્યો છે. માત્ર પ્રતિજ્ઞા એ ધર્મ નહિ, એના પાલનની સાવધાની પણ જોઈએ.

માનો કે સુકાનીની મદદ પણ મળી; તો પણ વધારામાં તપરૂપી અનુકૂળ પવન જોઈએ, નહિતર જહાજ ડામાડોલ રહે; અને ત્યાંથી આગળ પણ ન ધપે અનશનાદિ છ બાહ્ય અને પ્રાયશ્ચિત્તાદિ છ અભ્યંતર તપ જોરદાર કર્મનિર્જરા સાધી આપે છે. **તપરૂપી અનુકૂળ પવનથી ભવપાર ઉતરવાનું પ્રયાણ વેગવંતુ થાય છે.**

પૂર્વોક્ત સંવર-ઢાંકણથી નવાં કર્મો આવવાનાં નથી, અને તપથી કર્મક્ષય જોરદાર ચાલુ છે, તેમાં વળી જ્ઞાનનો શુદ્ધ ઉપયોગ જાગ્રત છે, પછી સંસારને તરી જતા શી વાર કે શી શંકા? માટે ચાલો આપણે આ રીતે તરી જવાનું કરીએ!

## (૫) ક્ષણ દુર્લભ: સિદ્ધિ કેવી.

આ પ્રમાણે પુત્ર માતાપિતાને સમજાવે.

સૂત્ર :- खणे दुल्लहे सव्वकज्जोवमाईए सिद्धिसाहगधम्मसाहगत्तेण। उवादेआ य एसा जीवाणं । जं न ईमीए जम्मो, न जरा, न मरणं, न इट्ठवियोगो, नाणिट्ठसंपओगो, न खुहा, न पिवासा, न अण्णो कोइ दोसो । सव्वहा अपरतंतं जीवावत्थाणं असुभरागाइरहिअं संतं सिवं अव्वावाहंति ।

અર્થ :-(સ્વકાર્યમાં જીવને જોડવાનો) અવસર દુર્લભ છે, સર્વકાર્યોની તુલનાથી ઉપર છે, કેમકે એ મોક્ષસિદ્ધિના સાધક ધર્મનો સાધક અવસર છે, અને આ સિદ્ધિ જીવોએ પ્રાપ્ત કરવા યોગ્ય છે. કારણ કે ત્યાં જન્મ નથી, જરા નથી, મૃત્યુ નથી, ઇષ્ટવિયોગ નથી, અનિષ્ટસંયોગ નથી, ક્ષુધા નહિ, તરસ નહિ, બીજો કોઈ દોષ નથી. સિદ્ધિ પામેલા જીવની અવસ્થા સર્વથા અ-પરતંત્ર, અશુભરાગાદિ-રહિત, શાત, નિરુપદ્રવ અને અવ્યાબાધ ( પીડા રહિત ) છે.

**વિવેચન :-** દીક્ષાર્થીએ માતાપિતાને એ સમજાવ્યું કે માનવ જીવનને ભવસમુદ્ર તરવાના પોતાના કાર્યમાં જ યોજી દેવું જોઈએ, હવે કહે છે એમ કરવાનું કારણ એનો અવસર મળવો દુર્લભ છે.

**ક્ષણો દુર્લભ :-** આવી ક્ષણ, આવો મોકો, આવો અવસર ફરીથી નહિ મળે જગતમાં કોઈપણ કાર્ય સાથે આને નહિ સરખાવી શકાય. સર્વ કાર્યોની તુલનાથી પર આ કાર્ય છે. એનો અવસર એટલે અતિશય ચઢિયાતો આ પ્રસંગ છે. કેમકે મોક્ષનો સાધક જે ધર્મ સમ્યગ્દર્શનજ્ઞાનચારિત્ર એનો સાધક અર્થાત્ એની સર્વાંગ સંપૂર્ણ સાધનામાં ઉપયોગી આજ અવસર છે બીજા જીવનોમાં બીજાં કાર્ય બીજી ત્રીજી સાધનાઓ

તો ઘણી જ કરી, પણ એથી જીવની કાંઈ સિદ્ધિ થઈ નહિ. નહિતર હજી સુધી આપણે મોક્ષને બદલે સંસારમાં કેમ હોત? અરે! મોક્ષની નિકટતાય કેમ ન દેખાય? જીવને પ્રાપ્ત કરવા યોગ્ય સિદ્ધિ જ છે; કેમકે સિદ્ધિમાં જન્મ, જરા, મૃત્યુ વગેરે કાંઈ પીડા જ નહિ.' આ વાત સૂત્રકાર કહે છે, ન ઇમીએ જમ્મો, ન જરા....'

પ્ર૦ -' મોક્ષમાં શું સુખ? જ્યાં મજેનું ખાવાનું નહિ, પીવાનું નહિ, વાડી-બંગલા માલ મિલ્કત નહિ, એશઆરામ નહિ, પ્રેમાળ સ્નેહી કુટુંબ નહિ, તેથી શો લાભ? શું સુખ? શો આનંદ?

ઉ૦ -બીજા અનેક ત્રાસની વાત તો શી કરવી? પરંતુ એક મૃત્યુની માત્ર આગાહી જો કોઈ વૈદ કે જોષી કરે, તો પણ તે જીવને ડગલે ને પગલે અકળાવી નાખે છે, તો જ્યાં કદિ મૃત્યુ જ નથી ત્યાં કેટલી શાંતિ? જન્મનો ત્રાસ તમને ગમે છે? ઈષ્ટની ઇચ્છા થઈ, અને તે મળે નહિ, કે મળેલું દૂર ભાગે તો ખેદ થાય છે? અનિષ્ટ આવી પડે તો મુંઝાઓ છો? ભૂખતરસથી વારંવાર પીડાઓ છો? પરાધીનતાનું દુઃખ લાગે છે? આધિ, વ્યાધિ, વૃદ્ધપણું નથી ગમતા ને? તો આ બધું જ્યાં નથી તે મોક્ષનું કેવું અને કેટલું અનુપમ સુખ! ત્યાં શરીરમાં કેદ પુરાવારૂપ જન્મ જ નથી, એટલે પ્રાણનાશરૂપ મૃત્યુ પણ નથી, વયની હાનિરૂપ ઘડપણે ય નથી. ઈષ્ટનો વિયોગ નથી, કારણ કે ત્યાં અનંત સુખ શાશ્વત છે. વળી ઇચ્છાનુ કે રાગનું નામ નથી એટલે ઈષ્ટ શું? તેમજ શરીર-ઇન્દ્રિય-મન નથી તેથી અનિષ્ટે ય કાંઈ જ નથી. અનુભવ છે કે અનિષ્ટ બધું શરીર-ઇન્દ્રિય-

કે મનને હોય છે, પણ શરીરાદિ જ ત્યાં નથી, તેથી અનિષ્ટનો સંયોગ થવા જેવું ય કાંઈ નથી. ભૂખનું દુઃખ જ નથી, તેથી ખાવાની વિટંબણા નથી. તૃષા નથી એટલે પીવાની વેઠ નથી. તેમજ બીજા કોઈ દોષ અર્થાત્ વ્યાધિ, અપકીર્તિ, અશાતા, વેઠ વગેરે વગેરે કાંઈ નથી. શરીર જ નથી પછી વ્યાધિ કોને? નિંદા–પ્રશંસા કરનારા લોકો જ ત્યા નથી એટલે અપકીર્તિ ક્યાં થાય? શરીર નહિ તો કોઈ શીતઉષ્ણતાદિની અશાતા જ નહિ, પછી પહેરવા, ઓઢવા, લેશું કરવા, કે હરવા–ફરવાની વેઠ શી?

ત્યારે મોક્ષમાં છે શું? સર્વથા સ્વતંત્ર જીવવા–રહેવાનું, કોઇ અંશે, કોઈ રીતે ય પરતંત્ર નહિ. આત્મા સ્વરૂપમા જ મસ્ત રહે. આત્માનું સ્વરૂપ શું? લોકાલોકના દરેક દ્રવ્યના ત્રણે કાળના અનંતાનંત ભાવોને જોવા, જાણવા, અને અવ્યાબાધ અનંતસુખ તથા અક્ષય અને અવિકાર્ય સ્થિતિના પ્રશાન્ત સાગરમા ઝીલવું. પરતંત્રતા કેમ નહિ? ત્યાં અશુભ રાગાદિ વિકારો નથી માટે **જીવ રાગાદિના વિકારોથી જ પરતંત્ર છે, રાગાદિના કારણે જ એના વિષયનો ગુલામ બને છે, એના આધારે જ ચાલે છે. એથી રાગાદિના વિકારોને લીધે જ પીડા ભોગવે છે.** સિદ્ધપણામાં તો વીતરાગતાને લીધે પરમ સ્વાતંત્ર્ય છે. સાથે પરમ શાંતિ છે. કેમકે ત્યા વ્યક્તરૂપે તો નહિ, પણ શક્તિરૂપે ય અંદર છૂપા પડેલા ક્રોધાદિ કષાયો નથી કે જે આશાતિ કરે. તેમ સર્વ ઉપદ્રવનો કાયમી અંત થવાથી ત્યાં શાશ્વતું શિવ છે. ત્યાં ગમનાગમનાદિ કરાવનાર અકળામણ નથી. તેથી કોઈપણ ખસવાનું, હાલવાનું, બોલવાનું ચાલવાનુ, દખાવાનું, વગેરે કાંઈ નથી. સિદ્ધ હંમેશ માટે સર્વથા અક્રિય

છે, માટે અવ્યાબાધ સ્થિતિ છે. જ્યાં ક્રિયા છે ત્યાં જ અનેક બાધા (પીડા) નડે છે.

આવો મોક્ષ કેટલો બધો ઇષ્ટ બને! જીવને બીજું જોઇએ પણ શું છે? આવું બધું તો એને બહુ ગમે છે. સર્વ વાતની જાણકારી એને પસંદ, સ્વાધીનતા જ એને ગમે; બધું મનમાન્યુ બરાબર હોય; તો એને ગુસ્સો, રોફ, માયા વગેરે કરવા જરૂર નથી; તદ્દન નિરુપદ્રવ સ્થિતિનો એ અહર્નિશ ચાહક; એને બેઠો હોય ત્યાંથી ઊઠવુ ન ગમે, અર્થાત્ શક્ય હોય ત્યાં સુધી ક્રિયાનો પરિશ્રમ ન હોય તો ઠીક લાગે; અને આ બધા ઉપરાંત સંપૂર્ણ અને સ્વાધીન, તથા એકાંત અને અનંત સુખનો તે રસિયો. બસ, આ બધું મોક્ષમાં જ છે. માટે હે તાત! આવા મોક્ષ માટે આખા સંસારમાં એક જ ઉપયોગી એવા ઉચ્ચ માનવભવના આ મળેલા અવસરને નિષ્ફળ ન જવા દો, સફળ કરો. અન્યથા કિનારો સામે છતાં, પાછું સંસારસાગરમાં ઘસડાઈ ડૂબવા ભમવાનું રહેશે.' દીક્ષાર્થીની કેવી સુંદર સમજાવટ!

**હનુમાનજી** વિદ્યાધર રાજા હતા, વિદ્યાના બળે મેરુ ઉપર યાત્રાએ ગયેલા, લાખ જોજન ઊંચા મેરુ પરથી પાછા નીચે ઉતરતાં નીચેથી ઉપર ૮૦૦–૯૦૦ જોજન વચમાં રહેલા સૂર્યના પ્રકાશને નીચે નીચે ક્ષેત્રમાં મધ્યાહ્ન, સાંજ, અસ્ત, સંધ્યા વગેરે જુદા જુદા સ્વરૂપે જોયા. વિચારે છે, 'અહો! જીવન પણ જોતજોતામાં યુવાની, પ્રૌઢતા, વૃદ્ધપણું, યાવત્ અંતકાળમાં પલટાતું છે! તો કેમ ગફલતમાં બેઠો છું? ક્યાં સુધી આવા જન્મ–મરણાદિમાં અથડાયા કરવાનું? મોક્ષ માટે યત્ન કરું જેથી અહીં છૂટી કાયમ માટે અજર અમર સ્થિતિ પામું.' તરત વૈરાગ્યથી ચારિત્ર લીધું સર્વ કર્મ ક્ષય કરી મોક્ષે સિધાવ્યા.

## (૬) સંસાર કેવો ?

सूत्र :–विवरीओ अ संसारो इमीए, अणवट्ठिअसहावो । इत्थ खलु सुही वि असुही, संतमसंतं, सुविणुव्व सव्वमालमालंति । ता अलमित्थ पडिबंधेणं ।

**અર્થ:**–સંસાર આનાથી વિપરીત ચંચળ સ્વભાવવાળો છે. એમાં ખરેખર, સુખી પણ દુઃખી છે, સત્ પણ અસત્ છે, સ્વપ્નવત્ બધું આળપંપાળ (જૂઠ) છે. માટે આના પર મમત્વ રાખવાથી સર્યું.

**વિવેચનઃ–સંસાર (૧) ઉપદ્રવોનું ઘરઃ–**

વળી દીક્ષાર્થી પોતાના માબાપને સમજાવે છે કે, 'તમે જાણો છો કે મોક્ષ એવો છે, ત્યારે સંસાર એનાથી ઉલ્ટા લક્ષણવાળો છે. કેમકે (૧) મોક્ષમાં કોઈ જ ઉપદ્રવ નહિ, ત્યારે **સંસાર એ આધિ–વ્યાધિ–ઉપાધિ,–જન્મ–જરા–મૃત્યુ, રોગ–શોક–વિયોગ, દ્વિષ્ટ–ઇષ્ટ–અનિષ્ટ વગેરે સર્વ ઉપદ્રવોનું જ એકમાત્ર ઘર છે.** સંસારમાં ઉપદ્રવો જ છે, અરે ! સંસારના અગણિત ઉપદ્રવો તો દૂર રહો, માત્ર એક જન્મ પામવાનો ઉપદ્રવ એવો, કે એમાં ગુલામડા નટની જેમ જીવને વારે વારે નવનવા ભારે હલકા ભવવેશ ધરવા પડે છે, એ ય વીરપુરુષને શરમભર્યું છે.

વળી **(૨) સંસાર ફરતો :**–મોક્ષ એક સ્થિર સ્વભાવનો, ત્યારે સંસાર પલ્ટાતા આ ઉપદ્રવોથી ચંચળ સ્વભાવનો છે. દા. ત. ભવ ફરે છે માનવમાંથી પશુ થાય, વગેરે; શરીર ફરે છે, વય ફરે છે, સગાવહાલા ફરી જાય છે. સ્વભાવ ફરે છે, માણસમાંથી ભૂંડ થાય તો વિષ્ઠા ખાવાના સ્વભાવવાળો બને છે ! સ્થાન ફરી જાય છે, મનુષ્ય હાલ અહીં, તો પછીના ભવે બીજે !

ભાવ ફરે છે, ઘડીમાં હર્ષ, ઘડીમાં ખેદ! એમ રાગાદિ ફરે.

(૩) **સંસારે સુખી અસુખીઃ–** એથી અહીંનો સુખી પણ પરમાર્થથી સુખી નથી. કેમકે એ સુખ દુઃખરૂપ છે, તથા સુખ–પર્યાય ચંચળ છે. અર્થાત્ એ સુખ (૧) વર્તમાનમાં [1]ઉત્સુકતા ભર્યું, [2]ચિંતાભર્યું તથા [3]અનેકની અપેક્ષા રાખતું હોવાથી દુઃખરૂપ જ છે, અને (૨) પરિણામે પાપકર્મ ઉદય પામતાં સુખ અવશ્ય નાશ પામી દુઃખ ઊભું થનારૂં છે. અહીં પણ દેખાય છે કે આરોગ્ય મટી રોગ થાય છે, કમાઈ મટી ખોટ આવે છે, સ્નેહી મટી વિરોધી થાય છે. બીજો ભાઈ કે બેન જન્મતાં માબાપનો પ્રેમ ઘટે છે. પરણ્યા પછી પત્નીનો પ્રેમ ઘટતો આવે છે. સંતાન થતાં ચિંતાઓ વધે છે, એ માંદા પડતાં દુઃખ થાય છે. બીજી પણ પાડોશી, વેપાર, વહેવાર વગેરે તરફથી અનેક વિંટંબણાઓ આવે છે,....વગેરે કેટલી ય આપદા અહીં; ત્યારે પરલોકમાં વળી અહીંના ને પૂર્વના બાંધેલા અશુભ કર્મોના ઉદયે કેટલાંય દુઃખ ઊભા થાય છે. (૩) વળી રગડા–ઝગડામાં, કે બીજાના સુખ વધુ દેખી બળવામાં દુ.ખ થાય છે. ત્યારે (૪) માથે મૃત્યુ હોવાથી ય સુખ દુઃખરૂપે છે. જેમ કોઈ કેદીને ફાંસીની સજા ફરમાવેલી હોય, એના પંદર દિવસ બાકી હોય, અને તેને કહેવામાં આવે કે, 'તું તારે માલ મિષ્ટાન્ન ખા, સંગીત સાંભળ, બગીચામાં ફર, બધી મોજ કર,' પણ ફાંસીની કલ્પનામાં તે બિચારો ક્યાંથી લેશ પણ મોજ અનુભવે? તેમ જીવ જન્મ્યો એટલે અમુક મુદત પછીની મૃત્યુની ફાંસી ફરમાવાઈ ગઈ. હવે કેદીને તો પંદર દિવસ પછીની નિશ્ચિત મુદત ખબર છે, પરંતુ સંસારીને તો મૃત્યુ ક્યારે પકડશે તે નિશ્ચિત જ

નથી. આવી મૃત્યુની લટકતી તલવાર નીચે સંસારમાં સુખ શું? સંસારનું સુખ ખરેખર દુઃખ છે. એવી રીતે

(૪) સંસારે 'સંતં પિ અસંતં'; અર્થાત્ સંસારમાં જે વૈભવવિલાસ સત્ છે, એ પર્યાયથી અસત્ છે; કેમકે એના પર્યાયો પલટાતા વાર નહિ,–વસ્તુ ફરે, ક્ષેત્ર ફરે, માલિકી ફરે, ગુણ ફરે, જીવની રુચિ ફરે, અપેક્ષા ફરવાથી એજ મામુલી લાગે. એમ અનેક રૂપે એનો નાશ સર્જાએલો છે સ્વપ્નની જેમ આ બધું આળપંપાળ છે, જૂઠ છે, મિથ્યા છે, એના ઉપર આસ્થા રાખવી ખોટી છે. સ્વપ્નની વસ્તુ પર કોણ સમજુ મદાર બાંધે? સ્વપ્નમાં મોટું રાજ્ય મળ્યુ, શ્રીમંતાઈ મળી, પણ આંખ ખૂલ્યે બધું ફૂસ! જીવ ભિખારીનો ભિખારી. એમ જીવનમાં ઘણું ય મળ્યુ, પણ આંખ મીંચ્યે ડૂબ ગઈ દુનિયા. જીવ એકલો એમજ સંસારનો ભટકતો ભિખારી! તેથી અહીંની સ્વપ્નવત્ સંપત્તિ-સગાઓ ઉપર મમત્વ રાખવાથી સર્યું. માટે હે તાત! હે માતાજી! સંસારમાં અહીં ક્યાંય મમત્વ રાખો મા. સાંસારિક કોઈ પણ વસ્તુ ઉપર વિશ્વાસ કે રાગ, હે પૂજ્ય! ન ધરશો. એમ કરવામાં ઠગાવું પડશે.

## (૭) અનુગ્રહ યાચના : પ્રતિબોધ : ઉચિતકરણ

સૂત્ર:--करेह मे अणुग्गहं । उज्जमह एअं वुच्छिंदित्तए । अहंपि तुम्हाणुमइए साहेमि एअं, निव्विण्णो जम्ममरणेहिं समिज्झइ अ मे समीहिअं गुरुप्पभावेणं' ।

અર્થ:–મારા ઉપર કૃપા કરો. આ સંસાર ઊખેડી નાખવા ઉદ્યમ કરો, હું પણ આપની સંમતિથી આજ સાધું. હું જન્મ–મરણથી કંટાળ્યો છું. આપ વડિલોના પ્રભાવે મારૂં મનોવાંછિત સિદ્ધ થશે.

**વિવેચન :**–'હે પુત્રવત્સલ તાત ! મારા ઉપર કૃપા કરો, ને આ સંસારનો ઉચ્છેદ કરી નાખવા ઉજમાળ થાઓ. હું પણ તમારી અનુમતિથી સંસારના ઉચ્છેદને સાધું. કેમકે, સંસારમાં અવશ્ય આવતી જન્મ-મરણની જંજાળથી હવે હું ત્રાસી, કંટાળી ગયો છું. હવે તો જીવનભર સદ્‌ગુરુના ચરણે બેસી જાઉં. આપ વડિલ તથા ગુરુદેવના પ્રભાવે મારું વાંછિત સમૃદ્ધ થાય. મને ઈષ્ટ એવો ભવવિચ્છેદ જરૂર નીપજશે; અને અહો ! આ ભવના અંત સાથે જ સંસારના અનંત પરિભ્રમણનો શાશ્વત અંત થાય, કે એ અંત નજીક આવે, એ કેવી મધુરી ઇષ્ટસિદ્ધિ !'

सूत्रः–एवं सेसेवि बोहिज्जा । तओ सममेएहिं सेविज्ज धम्मं । करिज्जोचिअकरणिज्जं निरासंसो उ सव्वदा । एअं परममुणिसासणं ।

**અર્થઃ**–એમ બાકીનાઓને પણ બુઝવે. બાદ, એમની સાથે ધર્મને સેવે, સર્વદા નિરાશંસ રહી ઉચિત કર્તવ્ય બજાવે. એ જિનાજ્ઞા છે.

**વિવેચનઃ**–આ રીતે માતાપિતાને બુઝવે. તેમજ પત્ની વગેરે બાકીના પરિવારને પણ ઔચિત્ય જાળવીને પ્રતિબોધ કરે.

વજ્રબાહુ રાજપુત્ર પરણીને આવતાં રસ્તામાં પર્વત પર ધ્યાનસ્થ મુનિને જોઈ વંદનાર્થે જવા ચાહે છે. સાળો મશ્કરીમાં 'શું વૈરાગ્ય થયો છે?' આ કહે છે, 'શ્રાવકના દીકરાને તો પહેલેથી, વૈરાગ્ય હોય જ,' 'તો કોણ રોકે છે ? વિઘ્ન હોય તો હું સહાયમાં છું.' વજ્રબાહુ મશ્કરી સાચી કરે છે, તરત મુનિ પાસે જઈ ચારિત્ર માગે છે. સાળાની ક્ષમાયાચના અને રોકાવા આજીજી છતાં વજ્રબાહુ સંસારને સ્વપ્નવત્ જોતાં ચારિત્ર માટે મક્કમ છે, ઉપદેશ દે છે. એ તથા સાળો, પત્ની, જાનમાંના રાજપુત્રો

ચારિત્ર લે છે! ઘરે એ સાંભળી માતાપિતા પણ 'અહો! ઉગતી યુવાનીમાં આ પરાક્રમ? અમારા ઘોળામાં ધૂળ પડી!' વિચારી ચારિત્ર લે છે! દીક્ષાર્થી શક્યતા હોય તો માતાપિતા તથા બીજા પત્ની આદિને, પૂર્વે કહ્યું તે રીતે, પ્રતિબોધ કરી એમની સાથે પછી સૌની સાથે ચારિત્રધર્મને આરાધે. કેવી રીતે આરાધે? હંમેશા નિરાશંસ ભાવથી,—લોકની ઋદ્ધિ કે માનપાનની, તેમજ પરલોકના પૌદ્ગલિક વૈભવવિલાસની કોઈ અપેક્ષા રાખ્યા વિના,—ઉચિત કર્તવ્ય બજાવે. એ સમજે છે કે 'ધર્મથી વૈભવાદિની શી આશા કરવી? **જે જડ સદાનું પર છે, તથા આત્માને અપવિત્ર બનાવનાર હોવાથી અપવિત્ર છે, અને અંતે જાતે પાયમાલ થનારૂં અને આત્માને પાયમાલ કરનારૂં છે, શું એની આશા કરવી? આશા તો એક મોક્ષની કરૂં**, જે સ્થિર, શાશ્વત અને પવિત્ર છે.' આ વિધિએ ચારિત્ર ધર્મની આરાધના કરવી તે પરમ મુનિ શ્રી વીતરાગદેવની આજ્ઞા છે.

### (૮) અપ્રતિબોધે નિર્વાહચિંતા—અનુજ્ઞાપ્રાપ્તિ.

સૂત્ર:—अबुज्झमाणेसु अ कम्मपरिणईए, विहिज्जा जहासत्ति तदुवक्करणं आओवायसुद्धं समईए। कयण्णुआ खु एसा, करुणा य, धम्मप्पहाणजणणी जणम्मि। तओ अणुण्णाए पडिवज्जिज्ज धम्मं।

અર્થ:—કર્મના ઉદયે (માતાપિતા) જો ન બુઝે, તો એમના જીવનનિર્વાહનું યથાશક્તિ સાધન કરે; તે પણ સ્વમતિ અનુસાર શુદ્ધ આય-ઉપાયવાળું સાધન હોય આ કૃતજ્ઞતા છે, અને લોકમાં ધર્મની પ્રધાન માતારૂપ કરુણા છે. ત્યાર બાદ (એમની) અનુજ્ઞા પામી ચારિત્રધર્મ અંગીકાર કરે.

**વિવેચન:**—હવે જો માતાપિતાદિના કર્મની એવી જ

પરિણુતિ યાને એવો જ ઉદય હોય, કે એ આટલું કહેવા છતાં બોધ નથી પામતા, અને પુત્રને પોતાને સંસારમાંથી ચોક્કસ નીકળવું તો છે જ, તો શું કરે? એમ ને એમ ન નીકળી જાય, પરંતુ પહેલાં પોતાની શક્તિ અનુસારે પૈસા વગેરેથી એમની સેવા કરે; તેમના જીવન–નિર્વાહની શક્ય ચિંતા–વ્યવસ્થા કરે. તે સ્વમતિએ શુદ્ધ આય–ઉપાયનું ઉપાર્જન હોવું જોઈએ. તેમાં બીજાની પાસેથી ઉપજાવાય તે આય, અને વ્યાજ વગેરેની જે નિયત આવક તે ઉપાય પોતાની શક્તિ હોય, તેટલા પ્રમાણમાં એ કરી આપે. થાવચ્ચાપુત્ર ક્રોડોની સંપત્તિ છોડી ચારિત્ર લેવા તૈયાર થાય છે ત્યારે એનાથી પ્રભાવિત થઇ કૃષ્ણ દ્વારિકામાં ઢંઢેરો પીટાવે છે કે 'આવા થાવચ્ચાપુત્ર જેવા ચારિત્ર લે છે તો જે જે કોઈને ચારિત્ર લેવું હોય તે ખુશીથી લે એની પાછળની કુટુંબની આજીવિકા, અંધ અશક્ત માતાપિતાની સંભાળ, વગેરે ચિંતા કૃષ્ણ વાસુદેવ સંભાળી લેશે.' આ પછી થાવચ્ચાપુત્ર સાથે ૧૦૦૦ વણિક્ ચારિત્ર લે છે. ત્યારે એમા કેટલાક આજીવિકા–સંપાદન આદિ અર્થે અટકી ગયેલા હશે, તે પણ હવે એની ચિંતા પતી જવાથી ચારિત્ર લેનારા બન્યા હશે.

પ્ર૦–બીજાની સહાય લઇને શું માતાપિતા ધર્માદાનું ખાય?

ઉ૦–આ પ્રશ્ન ચારિત્રની જ વાત આવે ત્યારે કેમ ઊઠે છે?

સંસારમાં રહ્યે એવા અનેક પ્રસંગ બને છે કે જ્યા અનિવાર્ય સંજોગોમાં યા બીજી રીતે અન્યની સહાય લેવાય છે ને તેમાં ધર્માદાનું ખાધું નથી મનાતું. દા. ત. દીકરા–દીકરી પરણાવવા અતિ જરૂરી હોય તો સંજોગવશ લોન લેવાય છે, ને ચાંલ્લા તો ખુશમિજાલ લેવાય છે! એમાં ઉદાર શેઠ

જેવાનો ચાંલ્લો હજાર બે હજાર જેવી મોટી રકમનો પણ હોય છે. છોકરાને ભણાવવા નાત વગેરેમાંથી ફી, પુસ્તકો લેવાય છે, ને આગળ ભણાવવા સ્કોલરશીપો લેવાય છે, જેના માટે તો ઉદાર દાતારે મોટી રકમ કાઢી હોય છે. વળી વેપાર કરવા કે મકાન સમરાવવા, બંધાવવા લોન લેવાય છે. પાછું એવી લોન પાછી વાળવાની શક્તિ ન રહેતાં અને ઘર ઘરેણાં મોર્ગેજ (MORTGAGE)માં મૂકેલ મુદત પૂરી થયે પોતાની મૂડી તરીકે ઊડી જતાં અટકાવવા જો એ લોનવાળો રકમ જતી કરે અગર બીજા સહાય કરે તો તે વધાવી લેવાય છે. ત્યાં કાંઈ ધર્માદાનું ખાધું નથી મનાતું. પછી ચારિત્ર લેવાનો પ્રસંગ આવે ત્યાં જ કેમ એવો પ્રશ્ન? વિશેષ, એવું પણ બને છે કે સમજુ દાતાર પોતાના ધંધામા ભાગ, દલાલી જેવું રાખી રકમ આપે છે, ગુપ્તપણે આપે છે, જેથી બીજા કોઈને એની ખબર જ પડતી નથી. બાકી તો દીક્ષાર્થી શક્ય હોય તો પોતે જ રકમ કમાઈને ઊભી કરી લઈ માબાપના નિરાધાર આશ્રિત માટે સગવડ કરે છે.

પ્ર૦—જેને પોતાને સંસાર છોડવો છે, તે બીજાને સંસારની વસ્તુ ધન વગેરેની શા માટે સગવડ કરે? શું એ પાપ નથી?

ઉ૦—ના, જે ઉપકારી માતપિતામાં સંસાર છોડવાનું હજુ સામર્થ્ય નથી, એ પોતે સંસારમાં જીવનનિર્વાહના અંગે દુર્ધ્યાનમાં ટળવળી ન મરે, તથા લોકોમા એથી ધર્મ ન નિંદાય, એ માટે મુમુક્ષુ પુત્ર એમને ધન વગેરે આપે છે. એ પાપ નહિ પણ સેવા કરે છે. માતાપિતાની આ સેવા કરવી એ તો ખરેખર કૃતજ્ઞતા અને કરુણા છે. કૃતજ્ઞતા એ તો હૃદયનો મોક્ષમાર્ગોપયોગી પ્રથમ ગુણ છે; એ મોક્ષસાધકની યોગ્યતા

સૂચવે છે; અને, કરુણાને તો લોકને વિષે ધર્મની પ્રધાન માતા કહી છે. કેમકે જીવો પ્રત્યેની કરુણામાંથી ધર્મ જન્મે છે, અને કરુણાથી શાસનની ઉન્નતિ થાય છે. તીર્થંકર દેવો ચારિત્ર લેતાં પહેલાં વર્ષીદાન દે છે. ગુરુ પ્રવેશ–મહોત્સવાદિમાં છૂટથી દાન દેવાય છે. તેથી શાસન પ્રભાવના થઈ લોક આકર્ષાઇને ગુરુ પાસે આવી ધર્મશ્રવણ કરી ધર્મ પામે છે. બીજા પ્રત્યે જો કરુણા હોય તો માતાપિતા પ્રત્યે કેમ ન હોય? અરે! એ કરુણા નહિ પણ કૃતજ્ઞતા છે, ભક્તિ છે.

આ પ્રમાણે માબાપની ચિંતા ટાળી, એમની અનુમતિ મેળવીને, ચારિત્ર–ધર્મને અંગીકાર કરે.

**(૯) અનુજ્ઞાર્થે માયા : અસ્થાનગ્લાનૌષધાર્થ ત્યાગ.**

સૂત્ર–અણ્ણહા અણુવહે ચેવ ઉવહિજુત્તે સિઆ। ધમ્મારાહણં ખુ હિઅં સવ્વસત્તાણં। તહા તહેઅં સંપાડિજ્જા। સવ્વહા અપડિવજ્જમાણે ચઇજ્જા તે અટ્ઠાણગિલાણોસહત્થચ્ચાગનાએણં।

અર્થ :–નહિતર (અંતરથી) નિર્માયી રહીને જ માયાપ્રયોગ કરે. (માયાથી પણ) ધર્મની આરાધના સર્વ જીવને હિતકારી છે. તે તે પ્રકારે એ માયાપ્રયોગ આચરે. (આમ છતાં માતાપિતા) સર્વથા ન જ સ્વીકારે તો અસ્થાન–ગ્લાન–ઔષધાર્થ ત્યાગના ન્યાયે (એમને) છોડીને જાય.

વિવેચન :–પરંતુ જો માતાપિતા મોહવશ પુત્રને દીક્ષાની રજા ન આપે, તો જો કે મુમુક્ષુના હૃદયમા માયા નથી, છતાં તે માબાપ પાસેથી રજા મેળવવા માટે બહારથી–દેખાવથી માયા-પ્રયોગ કરે, પોતાનું દુઃસ્વપ્ન કહે, જેથી માબાપને લાગે કે 'આમાં પુત્રના આયુષ્યનું જોખમ છે તો એને ચારિત્રની રજા આપી

દો' સમરાદિત્ય ચરિત્રમાં ચોથા ભવમાં આવે છે કે એક યશોધર રાજા પોતાના પહેલા ભવે સુરેન્દ્રદત્ત રાજા છે અને ચારિત્રની ભાવનાથી માતાને સ્વપ્ન કહે છે કે 'હું જાણે મેરુ પર ચઢયો, ઊંચા આસને બેઠો, પણ ત્યાં કોઈકે આવી પગ તાણી મને નીચે ખીણમાં પટક્યો!' માતા એ સાંભળી કહે છે કે 'તું મુનિના કપડાં પહેરી ઘરમાં બેસ.' આમ સંમતિ મળી

**કલ્યાણનો અર્થી માયા કરે?**

જ્યાં સ્વ અને પરના દીર્ઘકાળના હિત પર હિતના ઉદય દેખાતા હોય ત્યાં હૃદયથી માયા રહિત રહી, જરૂર પડયે કોક સ્થાને માયાને સેવાય **ધર્મની આરાધના સર્વને હિતકારી છે; એથી એ માટે જ કરાતી માયા એ માયા નથી.** કેમકે,

શાણા માબાપ અંતરમાં બચ્ચા પર ગમે તેટલું વહાલ ઊભરાતું છતાં, એની પ્રત્યે દેખાવથી રાગના ઉછાળા વિનાનો ગંભીર વર્તાવ દાખવે છે. ત્યાં અંદરમાં જુદું, ને બહાર દેખાડવું જુદું, શું એ માયા નહિ? છતાં સંતાનના હિતાર્થે હોવાથી એ દોષરૂપ નથી. જેમ વૈદ્ય અંદરથી ચિકિત્સાકાળ લાંબો સમજવા છતાં, અધીરા દર્દીને બહારથી એવું દેખાડે છે, કે જાણે બસ હવે તરતમાં જ સારું થઈ જશે. કેમકે, એથી એનું મન પ્રસન્ન અને ઔષધ પર શ્રદ્ધાળુ બને, તેમજ એ પથ્ય પાળે, તેથી આરોગ્ય સુલભ થાય, એવું વૈદ્યનું માનવું છે. શું આ માયા નહિ? ના, રોગીના હિતાર્થે હોવાથી માયા નહિ. તે રીતે શાળાએ જવાની રુચિ વિનાના બાળકને માબાપ સમજાવે છે કે 'જા નિશાળે તને મઝા પડશે, માસ્તર સારા છે, મારશે

નહિ,' વગેરે. આમાં પણ કડક અને શિક્ષા કરનારા હોવા છતાં, કેમ બચ્ચાને ફેરફાર બતાવાય છે? એના ભાવી હિત માટે. એમાં દુનિયા માયા-કપટનો દુર્ગુણ નથી ગણતા.

એવી રીતે આ ઘોર સંસારમાં મોહના ક્ષણિક સંબંધોમાંજ જીવન પૂરું કરી કર્મવશ અનંતવાર ભટકવાનું કયાં નથી કર્યું? પણ હવે તે મોહના સંબંધો ફગાવી દઈ, સૌએ રત્નત્રયીની સાધના કરવાની છે, જેથી ભવભ્રમણનો અંત આવે એમાં માતાપિતા જાત માટે ન જ સમજતા હોય અને સંતાનને ય ન જવા દેતા હોય, તો સંતાને આ અનંત કલ્યાણના માર્ગે જવાની રજા અંદરથી હૃદય નિર્મોય રાખી બહારથી હોશિયારી કરીને પણ કાં ન લેવી? એ સાટે માતાપિતાને દુઃસ્વપ્ન કહે, જોષીને બોલાવે. જોષી પાસે પોતાના કોઈ અનિષ્ટની શંકા કહેવરાવે. એ સાંભળી માબાપને એમ થાય કે 'જો અનિષ્ટની સંભાવના હોય, તો ભલે એને ચારિત્ર અંગીકાર કરવા દો.' એમ માની માબાપ આજ્ઞા આપે એટલે પોતે ચારિત્ર લે.

પ્ર૦-અહીં સત્યને વાંધો નથી આવતો? આ વચનવ્યવહાર અસત્ય નથી કહેવાતો?

ઉ૦-ના, વચન કે વ્યવહારને તેના પરિણામની દૃષ્ટિએ જોવાનો છે. જે શુદ્ધ હૃદયે કરાતા કથનનું કે વ્યવહારનું પરિણામ સ્વપરને હિતકારી હોય, તે વચન-વ્યવહાર અસત્ય નથી, પણ સત્ય છે. દા. ત. કોઈને મારવા દોડતા ખૂનીને બીજા માર્ગનું કહેલું કથન એને એ બાજુ વાળી ખૂનના પાપથી બચાવે છે, અને ધારેલા જીવના પ્રાણ પણ બચાવે છે. આમ ઉભયનું હિત કરે, એવો વચન-વ્યવહાર સત્ય જ કહેવાય.

ઉપાય યોજવા છતાં ય માબાપ રજા ન આપે, તો તે 'અસ્થાન-ગ્લાન-ઔષધ અર્થે ત્યાગ'ના ન્યાય પ્રમાણે માબાપનો ત્યાગ કરી દીક્ષા અંગીકાર કરે. ન્યાય આ પ્રમાણે,-

## (૧૦) અસ્થાન ગ્લાનૌષધ—ત્યાગનું દૃષ્ટાન્ત.

सूत्र.-से जहानामए केइ पुरिसे कहंचि कंतारगए अम्मापिइसमेए, तप्पडिवद्धे वच्चिज्जा। तेसिं तत्थ नियमघाई पुरिसमित्तासज्झे संभव-ओसहे महायंके सिआ। तत्थ से पुरिसे तप्पडिबंधाओ एवमालोचिअ-'न भवंति एए नियमओ ओसहमंतरेण, ओसहभावे अ संसओ, कालसहाणिअ एआणि' तहा संठविअ संठविअ, तदोसहनिमित्तं सवित्तिनिमित्तं च चयमाणे साहू। एस चाए अचाए, अचाए चेव चाए। फलमित्थ पहाणं बुहाणं। धीरा एअदंसिणो। स ते ओसह-संपायणेण जीवाविज्जा। संभवाओ पुरिसोचिअमेअं।

અર્થ:-કોઈ ગમે તે નામનો માણસ કોઈક સંયોગવશ માતાપિતા સાથે અટવીમાં આવી પડ્યો હોય અને એમને વળગીને જ જઈ રહ્યો હોય ત્યાં એમને કોઈ મહાન રોગ થાય, (તે પાછો) અવશ્ય પ્રાણઘાતક હોય, (ઔષધ વિના) એકલા પુરુષમાત્રથી મટે તેમ ન હોય, અને એના માટે ઔષધ સંભવિત હોય ત્યાં તે માણસ માબાપ પ્રત્યેના મમત્વથી એમ વિચારે કે 'ઔષધ વિના આ અવશ્ય જીવશે નહિ, ઔષધ હોય તો (જીવવાનો) સંભવ છે અને (હજી ઔષધ લાવવા સુધી) આ કાળ કાઢે તેમ છે.' વિચારીને (એમને સમજાવી) એમજ ત્યાં બેસાડીને, એમના ઔષધ નિમિત્તે તથા પોતાની જીવિકા અર્થે એમને છોડીને જાય એ સારું છે આ ત્યાગ એ અ-ત્યાગ છે. ને (ઔષધાર્થે) છોડીને ન જાય એ અ-ત્યાગ (ખરેખર) ત્યાગ જ છે. આવી બાબતમાં ડાહ્યા લોકોને મન પરિણામ એ મુખ્ય

છે. ધીર ગંભીર પુરુષો આ પરિણામ જોનારા હોય છે. (એમ) એ માણસ ઔષધ લાવીને માબાપને જીવાડે. (જીવાડવાનો) સંભવ હોવાથી માણસને ઉચિત આ ત્યાગ છે.

**વિવેચન :**–'અસ્થાન-ગ્લાન-ઔષધાર્થે ત્યાગ'નો ન્યાય શો છે? એ સ્પષ્ટ કરવા અહીં 'અસ્થાને' અર્થાત્ કોઈ વન જેવામાં, 'ગ્લાન'=બિમાર પડેલા માટે ગામમાં જઈ ઔષધ લઈ આવવા એ બિમારનો 'ત્યાગ કરે' અર્થાત્ છોડીને જાય, એનું દૃષ્ટાંત અહીં સમજાવે છે. પછી એ ચારિત્ર લેવામાં કેવી રીતે ઘટે તે બતાવશે. દૃષ્ટાંત આ પ્રમાણે–કોઈ એક ગમે તે નામનો પુરુષ માબાપ સાથે અટવીમાથી પસાર થઈ રહ્યો હતો. અટવીમાં અસ્થાને જ, કે જ્યાં ઔષધાદિ કાંઈ ન મળે, ત્યાં તેના માતાપિતાને એકાએક એવો ભયંકર રોગ થઈ આવ્યો, કે તેને મટાડવામાં ન આવે તો તેમના પ્રાણનો નાશ થાય તેમ છે. વળી માતાપિતા એટલા અશક્ત છે, કે હવે તે ચાલી શકે તેમ નથી. છતાં તેઓ હજી થોડો વખત જીવી શકે તેમ છે. રોગ એકલા પ્રયત્ને મટે તેમ નથી, તેને યોગ્ય ઔષધની જરૂર છે. તે ઔષધ શહેરમાં મળતું હોવાથી, તે લેવા જવા માટે પુત્ર માતાપિતા પાસે રજા માગે છે. પરંતુ મોહને વશ થયેલા તે પોતાના પુત્રને રજા નથી આપતા. 'અમે મરશું તો મરશું, પણ તું ના જઈશ,' એમ તે કહે છે. હવે ડાહ્યો પુત્ર શું કરે? ના જાય? જાય માબાપની ઘણી ના છતાં પણ, પેલો વિવેકી માણસ પોતે ઔષધ લેવા નિમિત્તે જો જાય છે, તો દેખીતી રીતે તે માતાપિતાને છોડનારો છે, પણ વસ્તુતઃ કહીએ તો એમને નહિ છોડનારો છે, એમને સાચવનારો છે; કેમકે એ

ઔષધ લાવી એમને એનાથી નીરોગી કરી જીવંત રાખી શકે એવો સંભવ છે. એટલે ઔષધ લેવા જવા અર્થે એ તેનો ત્યાગ જ ડહાપણભર્યો છે. એવો પુત્ર સાચો સેવક છે, માતા-પિતા તરફ ભક્તિવાળો છે. જો તેમનો અત્યારે ત્યાગ કરીને ન જાય, તો રોગી માતાપિતા જરૂર મરી જાય. એટલે એ અ-ત્યાગ તો ઉલટો હંમેશના ત્યાગમાં પરિણમે. સાથે પોતે વળી ભૂખ્યો મરે એ જુદું. પ્રવૃત્તિનું મૂલ્યાંકન ઉપલક દૃષ્ટિએ ન થાય, પણ ફળથી થાય પંડિત પુરુષો કોઈપણ પ્રવૃત્તિ વખતે પરિણામને મુખ્ય કરનારા હોય છે. ધીર પુરુષો સૂક્ષ્મ દૃષ્ટિએ ફળના લક્ષ્ય-વાળા હોય છે. અહીં સંભવ છે કે એ ઔષધી લઈને આવે એનાથી તો માતાપિતા બચી જાય; કેમકે હજી એ કાળ કાઢે તેમ છે. જ્યારે ન જાય તો મરવાનો જ નિર્ણય છે. તેથી એમને આજીવિકા-વસ્ત્રાદિ દઈ ત્યાં બેસાડી તેમનું ઔષધ લેવાને માટે અને પોતાના નિર્વાહ માટે જાય. એમ માતાપિતાને છોડી જનારો એ પ્રશંસાપાત્ર છે. ઔષધ લાવી આપીને તેમને જીવાડે એ સંભવ હોવાથી એમ આચરવું એ જ ઉચિત છે.

## (૧૧) એમ માબાપને ત્યજીને દીક્ષા.

सूत्र :-एव सुक्कपक्खिए महापुरिसे संसारकंतारपडिए अम्मापिइसंगए धम्मपडिवध्धे विहरिज्जा । तेसिं तत्थ निअमविणासगे, अपत्तवीजाइपुरिसमित्तासज्झे, संभवंत सम्मत्ताईओसहे, मरणाइविवागे कम्मायंके सिआ । तत्थ से सुक्कपक्खिए पुरिसे धम्मपडिबंधाओ एवं समालोचिअ-"विणस्संति एए अवस्सं सम्मत्ताइओसहविरहेण । तस्स संपाडणे विभासा । कालसहाणि अ एआणि ववहारओ" ।

અર્થ :-એ રીતે શુકલપાક્ષિક મહાપુરુષ સંસારરૂપી અટવીમા પડેલો (પણ) ધર્મને વળગી રહી માતાપિતા સાથે

રહેતો હોય. એમને ત્યાં અવશ્ય વિનાશકારી કર્મરોગ હોય, (જે) ધર્મબીજ આદિ વિનાના પુરુષમાત્રથી મટે તેવો નહિ, (મટાડનાર) સમ્યક્ત્વાદિ ઔષધ મળવાનો સંભવ છે, (ન મટે તો) મરણાદિ પરિણામ (નિશ્ચિત) છે. ત્યાં એ શુક્લપાક્ષિક પુરુષ ધર્મના મમત્વથી આ પ્રમાણે વિચારે કે,–'સમ્યક્ત્વાદિ ઔષધ વિના આ અવશ્ય નાશ પામશે. એ ઔષધને લાવી આપવામાં વિકલ્પ છે (કદાચ બચે); અને વ્યવહારથી એ હજી કાળ કાઢે એમ છે

**વિવેચનઃ**–હવે દષ્ટાંતને ઘટાવે છે,–એ પ્રમાણે જે શુક્લ-પાક્ષિક મહાપુરુષો છે, (શુક્લપાક્ષિક એટલે મર્યાદિત સંસાર-વાળો ક્રિયારુચિ જીવ જેને હવે અર્ધપુદ્ગલપરાવર્તકાળથી પણ ઓછો સંસાર બાકી છે તે; કૃષ્ણપાક્ષિક તેથી અધિક સંસારી) તે શુક્લપાક્ષિક જીવો સંસારરૂપી અટવીમા પડેલા અને માતાપિતા પત્ની વગેરેથી પરિવરેલા છતાં ધર્મ ઉપર રાગી ને ધર્મના મમત્વવાળા બની વિચરે. તેમની દષ્ટિ નિર્મળ હોય છે, એટલે સાચું જોઈ શકે છે, સાચું પારખી શકે છે અને ઠેઠ પરિણામપર્યંતનો વિચાર કરી લે છે. હવે તે જુએ છે કે, 'સંસારરૂપી મહાઅરણ્યમાં પડેલા મારા માતાપિતાને કર્મનો રોગ (ક્લિષ્ટ કર્મો) લાગ્યો છે, જે રોગ અવશ્ય મારક છે. **કર્મરોગથી એક જ વાર મરણ નહિ, પરંતુ ભવોભવના અનેક મરણનો ભય છે.** તે કર્મરોગ, જે પુરુષે ધર્મબીજ વગેરે ઔષધ પ્રાપ્ત નથી કર્યું, તેના એકલાથી યાને ઔષધ વિના ટળે તેમ નથી જ્યારે, કર્મરોગને હટાવનારું સમ્યક્ત્વાદિ ઔષધ લાવી શકાવાનો સંભવ છે. અન્યથા ઔષધ વિના તો

કર્મરોગ એ મરણ, પુનર્ભવ, વિપાક દેનારો છે.

વળી તે મુમુક્ષુ શુક્લપાક્ષિક જીવ ધર્મ ઉપર રહેલા પક્ષપાતને લીધે વિચાર કરે છે કે 'અહો! આ મારા માતાપિતા આ ભવસાગરમાં સમ્યક્ત્વ વગેરે ઔષધ વિના તો અવશ્ય ખુવારી પામશે; જ્યારે, ઔષધથી એ બચી શકશે. જો કે સમ્યક્ત્વ–ઔષધ આણી આપવામા વિકલ્પ છે,–કદાચિત્ આણી આપી શકાય, કે ન પણ આણી આપી શકાય, છતાં નક્કી નથી કે ન જ આણી શકાય. તેમ વ્યવહારથી હજી માતાપિતા થોડો કાળ કાઢે તેમ લાગે છે. જો કે નિર્ણય તો નથી, છતાં હજી જીવંત રહેવાનો સંભવ છે. તેથી તે દરમિયાન જો હું ચારિત્ર લઈ લઉં, અને પછી એમને પણ સમ્યક્ત્વાદિ ઔષધ લાવી આપું, તો તે ઔષધથી એમને કર્મરોગ મટી ભાવજીવન પ્રાપ્ત થાય, તેથી એ સંસાર–અટવીને પાર ઉતરી શકે.'

પ્ર૦–મુમુક્ષુ જીવ આવી ઉતાવળ કરે, એના કરતાં થોડી ઢીલ કરે તો શો વાંધો ?

ઉ૦–ઢીલ કરે એટલે શું એમ ઇચ્છે કે 'આ માતાપિતા ક્યારે મરે ને હું ચારિત્ર લઉં ?' એવી માતાપિતાના મોતની ઇચ્છા તો ચારિત્રનો પાયાનો જે ભાવ, મૈત્રીભાવ, તેને જ નષ્ટ કરી નાખે છે. પછી ચારિત્ર શું આવવાનુ ? એ એવું ઇચ્છે નહિ. માટે એમને જીવંત રાખી ચારિત્ર લે. પણ ઢીલ ન કરે. એ સમજે છે કે 'મારા આયુષ્યનો ભરોસો નથી. આયુષ્ય એટલે જીવનદોરી; એના ઉપર ઉપસર્ગ બહુ ઝઝુમે છે, તેથી આયુષ્ય એ પવનથી પ્રેરાતા પાણીના પરપોટા કરતાં ય વધુ અનિત્ય છે. આયુષ્યની આવી અતિ ચપળતા હોવાથી, જીવ જે ઊંચો શ્વાસ

પણ લઇને નીચે મૂકવામાં સફળ થાય છે, તેમજ સૂઈને પાછો જાગી શકે છે, તે આશ્ચર્ય છે. માટે આયુષ્યનો ભરોસો રાખ્યા વિના જલ્દી ચારિત્ર લઇ આત્મહિત સાધવું.' આ સમજથી હવે એને તુર્ત નીકળવું છે. તેથી વિચારે છે કે 'સંયમ લઈ માબાપને સમ્યક્ત્વ ઔષધ પમાડું.'

સૂત્ર:-तहा संठविअ संठविअ इहलोगचिंताए, तेसिं सम्मत्ता इओसहनिमित्तं, विसिट्ठगुरुमाइभावेण सवित्तिनिमित्तं च, किच्चकरणेण चयमाणे संजमपडिवत्तीए, साहू सिद्धीए । 'एस चाये अचाये' तत्तभावणाओ। 'अचाए चेव चाये' मिच्छाभावणाओ। तत्तफलमित्थ पदाणं। परमत्थओ धीरा एअदंसिणो आसन्नभव्वा ।

અર્થ:-તથા (માબાપની) આ જીવનના નિર્વાહની ચિંતા વ્યવસ્થા કરવા દ્વારા એમને સ્વસ્થ કરીને, એમના સમ્યક્ત્વાદિ ઔષધ નિમિત્તે અને વિશિષ્ટ ગુરુ (શાસ્ત્ર) આદિ પામીને પોતાની ભાવ આજીવિકા નિમિત્તે, કર્તવ્ય બજાવવાપૂર્વક સંયમ સ્વીકારીને (માબાપને) છોડી જતો એ ઈષ્ટસિદ્ધિ થતી હોવાથી ઠીક છે. પરમાર્થનો વિચાર કરતાં આ ત્યાગ એ અ-ત્યાગ છે. મિથ્યા કલ્પનામાં તણાતાં અ-ત્યાગ એ ત્યાગ જ છે. તાત્ત્વિક પરિણામ એજ પ્રધાન છે. નિકટભવી ધીર પુરુષો પરમાર્થથી આ જોનારા હોય છે.

**વિવેચન:-ત્યાગ એ અત્યાગ કેમ?**

આ પ્રમાણે વિચાર કરીને મુમુક્ષુ જીવ માતાપિતાના આ લોકના નિર્વાહની યથાશક્તિ ચિંતા કરે, અર્થાત્ એમની અહીંની જરૂરિયાતો માટેની ઠીકઠીક સગવડ પોતાની શક્યતા મુજબ કરે, અને એ રીતે એમને સ્વસ્થ કરે. પછી એમને સમ્યક્ત્વાદિ પ્રાપ્ત કરાવવા નિમિત્તે અને પોતાની ભાવઆજીવિકા (રત્નત્રયી)

નિમિત્તે સંયમ સ્વીકારવા દ્વારા માતાપિતાને છોડી જાય. અર્થાત્ એમને છોડી ચારિત્ર ગ્રહણ કરે. હવે ત્યાં વિશિષ્ટ કોટિના ગુરુમહારાજ અને શાસ્ત્ર વગેરે સામગ્રી પામીને જાણેલી સુંદર ધર્મકથાઓ અને ધર્મચર્ચાઓ દ્વારા દીક્ષિત પુત્ર માતાપિતાને સમ્યક્ત્વાદિ-ઔષધ પમાડી શકશે. તેમ પોતે પણ ગુરુદેવના સાન્નિધ્યમાં ગ્રહણ-આસેવન શિક્ષા પામતો તપ-સંયમ-સ્વાધ્યાયાદિના કૃત્યો બજાવીને, આત્મપોષક જે જ્ઞાનાદિરૂપ ભાવપ્રાણ, તેનું નિર્વાહક જીવન (આજીવિકા) પામી શકશે ચારિત્ર લેવામાં આ પવિત્ર ઉદ્દેશ છે, નિર્મળ આશય છે.

આ આશયથી માતાપિતાને છોડી જતો એ જ સાધુ છે, એટલે કે સિદ્ધિના વિષયમા ધર્મશીલ છે, પ્રયત્નશીલ છે, મોક્ષના વાસ્તવિક કર્તવ્યને બજાવનારો છે. જ્યારે માતાપિતા અનુમતિ નથી આપતા, રુવે છે, એમ કરી મોહથી એમને ન છોડી જઇ સંયમ ન લે, તો એ સાધુ નથી, અર્થાત્ ધર્મશીલ નથી, અને સ્વધર્મશીલ ન હોય એ સ્વની કે પરની હિતસિદ્ધિ ક્યાંથી કરી શકે? આજે એવા કેટલાય દાખલા છે કે જેમાં દીક્ષાર્થી હોવા છતાં માતાપિતાદિના મોહમાં દબાઈ રહ્યા તો એ સંસારમાં ફસી ગયા; ન પોતે ચારિત્ર પામ્યા, કે ન એમને કશું પમાડ્યુ. માટે એમને છોડી ચારિત્ર લેવું એ જ હિતાવહ છે.

પ્ર૦-દીક્ષા જેવી પવિત્ર વસ્તુમા માતાપિતાને તરછોડી જવાનું શોભે? એવો ત્યાગ ઉચિત છે?

ઉ૦-પૂર્વોક્ત બધી વિધિ સાચવ્યા છતાં; જે માતાપિતા રજા નથી આપતા, એમનો હવે મહાન આશયથી ચારિત્ર લેવા

માટે ત્યાગ કરવો તે તો સાચો અત્યાગ છે; માટે તે જ ઉચિત છે. કેમકે તત્ત્વભાવનાએ, અર્થાત્ વસ્તુના પરમાર્થની વિચારણાએ, એ ત્યાગમાં તાત્ત્વિક દૃષ્ટિએ એમના હિતને માટે પ્રર્વતાય છે. ઉલ્ટું અત્યાગ યાને ન છોડી જવું એ ખરી રીતે તરછોડવા જેવું છે; કેમકે અત્યાગથી એમને એમ વળગી રહેવામાં મિથ્યા (ખોટા) ધોરણની વિચારણા છે. એથી તો એમના વસ્તુતઃ અહિતમાં પ્રવર્તાય છે. એ એટલા જ માટે, કે એમ સંસારમાં વળગી રહીને તો માતાપિતાને સમ્યક્ત્વાદિ શું પમાડી શકશે ? અને ન પમાડી શકે તો પોતાના માતાપિતાને સમ્યક્ત્વાદિના અભાવે દીર્ઘ દુર્ગતિમાં ગુમાવનારો એ બને. એ માતાપિતાને ભયંકર તરછોડ્યા નહિ તો બીજું શું કર્યું ? **વસ્તુનો વિવેક કરાવનાર અને ભયંકર રાગમાંથી બચાવનાર એવા સમ્યક્ત્વાદિ પામવાનો ઉત્તમ ભવ માનવનો !** ત્યાં જો એ સમ્યક્ત્વ પામ્યા હોય, તો બીજાને દીક્ષામાં અંતરાય કેમ કરે? અને જો કરે છે, તો તેથી તો ભવભ્રમણમાં પડી જશે ! અહીં શાણા પુરુષોની દૃષ્ટિએ શુભ અનુબંધ અને સમ્યક્ત્વાદિવાળી અવસ્થાની પરંપરા સર્જનારું સાત્ત્વિક શુભ ફળ એ જ વસ્તુસ્થિતિએ મુખ્ય હોય છે. જો પ્રવૃત્તિનું વર્તમાનમાં સહેજ સારું ફળ હોય, પણ પછી ભયંકર ફળ આવે એમ હોય, તો તે પ્રવૃત્તિની માત્ર કોડીની ય કિંમત તો નથી, પણ નુકશાનકારિતા છે, તેથી ત્યાજ્યતા છે. ધીર વિચારક પુરુષો જે નિકટમા મુક્તિગામી છે, તે પરમાર્થથી મુખ્ય એવા તાત્ત્વિક ફળને જોવાવાળા હોય છે જેટલી વધુ દીર્ઘદૃષ્ટિએ હિતપ્રવૃત્તિ થાય,એટલી વિચારકતા ગણાય, અને એ મોક્ષને નજીક કરે.

**મરુદેવા માતા,** ઋષભદેવ ભગવાન ચારિત્ર માર્ગે સંચર્યા ત્યારે રોતા હતા. તે એવું રોતા રહ્યા કે આંસુ લૂછવાને અવકાશ નથી તે સુકાઈ સુકાઈ આંખો આડે એના પડળ બંધાઈ ગયા! એક હજાર વરસ સુધી એ દુઃખી રહ્યા. તો શું એ પ્રભુએ અજુગતું કર્યું? ના, હજાર વર્ષ પછી પ્રભુ કેવળજ્ઞાન પામ્યા અને તરત મરુદેવા માતા ત્યાં આવી પ્રભુની દેશના સાંભળી કેવળજ્ઞાન પામીને મોક્ષે ગયા! કેટલું સુંદર! માતાના રુદન પર પ્રભુ ઘરે બેસી રહ્યા હોત તો માતાને શું પમાડત? અને માતા એમ ઘરે પુત્રને જોતા બેસી રહે રાગ પોષાતો રહેવામાં આયુષ્ય ખૂટ્યે ક્યાં જાત?

**કલિકાલ સર્વજ્ઞ શ્રી** હેમચંદ્રસૂરિજી મહારાજને માતાએ એમના પિતાની ગેરહાજરીમાં ગુરુને વહોરાવી દીધા, તો પિતા ઘરે આવી ધુંઆ પુંઆ થતાં લેવા ઉપડ્યા. ઉદાયન મંત્રીએ એની આગળ સોનૈયાનો ઢગલો અને પોતાના દેવકુંવર જેવા બે પુત્ર વાગ્ભટ્ટ અને આમ્રભટ્ટને આગળ કરી કહ્યું, 'આ સોનૈયા અને આ બે પુત્રમાંથી ગમે તે પુત્ર લઈ જાઓ, પણ તમારા શાસન પ્રભાવક તેજસ્વી પુત્રરત્નને ગુરુને સોંપી દો. ચારિત્ર લઈ, એ શાસનના સૂર્ય પાકશે! હજારો લાખો લોકોને ધર્મ પમાડશે!' બાપે પીગળી જઈ કશું લીધા વિના દીક્ષા અપાવી, જાતે ધર્મ-પ્રાપ્તિ કરી.

**વજ્રસ્વામિએ** માતાની નારાજીમાં દીક્ષા લીધી, તો પાછળથી માતા પ્રતિબોધ પામી ચારિત્ર લેનારી બની.

**અવંતી સુકુમાળે** ઘરમાં ગુપ્તપણે સાધુવેશ પહેરી લીધો તો રોની માતા તથા સ્ત્રીઓ શાંત પડી ગઈ અને માતાએ પુત્રને જાતે જઈ-ને ગુરુને સોંપી દીક્ષા અપાવી, અને અવંતીના સ્વર્ગગમન પર એક

ગર્ભિણી પત્ની છોડી ૩૧ પત્ની તથા માતા પણ દીક્ષા લેનારી બની. આજે પણ દેખાય છે કે પુત્રની દીક્ષા પછી માતાપિતા અને કુટુંબીઓ ધર્મમાં આગળ વધ્યા છે. એ પ્રભાવ એ દીક્ષિતનો છે, પછી ભલે એણે માતાપિતા–કુટુંબીઓની એટલી હોંશ નહિ છતાં દીક્ષા લીધી હોય.

### (૧૨) દુષ્પ્રતિકાર્ય માતાપિતાને ધર્મ સંપાદન.

સૂત્રઃ-स ते सम्मत्ताइओसहसंपाडणेण जीवाविज्जा अच्चंतिअं, अमरणावंझबीअजोगेणं। संभवाओ सुपुरिसोचिअमेअं। दुष्पडिआराणि अ अम्मापिईणि। एस धम्मो सयाणं। भगवं इत्थ नायं परिहरमाणे अकुसलाणुबंधि अम्मापिइसोगंति।

અર્થ :–એ (પુત્ર) માબાપને સમ્યક્ત્વાદિ ઔષધ પ્રાપ્ત કરાવવા દ્વારા અત્યંત (શાશ્વતકાળનું) જીવન પમાડે; કેમકે અમર-પણાનું સચોટ બીજ મળી ગયું! (ઔષધસંપાદનાદિનો) સંભવ હોવાથી આ (માબાપ–ત્યાગ પૂર્વક ઔષધસંપાદનાદિ કરવું એ) સત્પુરુષને ઉચિત છે. માતાપિતાના ઉપકારનો બદલો વળે એમ નથી. સત્પુરુષોનો આ ધર્મ છે ( કર્તવ્ય છે. ) આમાં માતા-પિતાના અશુભાનુબંધી શોકને અટકાવનાર ભગવાન દૃષ્ટાંત છે.

વિવેચન :–એમ માતાપિતાને મૂકીને ગયા પછી એ શુક્લપાક્ષિક પુરુષ એમને પોતાનાં ચારિત્ર–બળે સમ્યક્ત્વાદિ–ઔષધિ લાવીને પમાડી શકે છે, અને એથી શાશ્વત જીવન આપી શકે છે. કેમકે, **સમ્યક્ત્વાદિ તો જીવને મૃત્યુના સીમાડા ઓળંગી જવા માટે અમોઘ ઉપાય છે.** અર્થાત છેલ્લું મરણ એટલે કે મરણનો અંત લાવવા માટે એ સચોટ સાધન છે. એનાથી જ ચારિત્ર આદિ પ્રાપ્ત થઈ સર્વ કર્મક્ષય થાય, [illegible] કહેવાય કે સમ્યક્ત્વના યોગથી. જ

માતાપિતા અજર અમર બની શકે. આ એમને છોડીને જવામાં સંભવિત છે. માટે સત્પુરુષે ચારિત્ર લેવા માટે એમને છોડી જવું એ યોગ્ય છે. શાથી યોગ્ય? માતાપિતાના ઉપકારનો બદલો વાળી શકાય તેવો નથી, ભલે સાંસારિક ગમે તેટલા સુખનાં સાધન-સગવડ લાવી આપે, ગમે તેટલી તેમની સેવા-ચાકરી કરે, તો પણ બદલો ન વાળી શકે. કેમકે એમણે પુત્રની ગર્ભની અને બાળપણાની જે કટોકટીમાં જે ઉપકાર કર્યો છે, તેવી માબાપની કટોકટી થાય અને એવો ઉપકાર કરે, તો તુલ્ય ઉપકારે એમનો બદલો વાળ્યો કહેવાય, પણ તે શક્ય નથી. શક્ય હોય તો ય તે એક જ જન્મનો ઉપકાર થાય એ તો એક માત્ર ધર્મ-ઔષધ પમાડીને જ બદલો વાળી શકાય. હવે જો એ ધર્મ પમાડી શકવાના જીવનકાળમાં મિથ્યા કલ્પનાથી ઘરમા બેસી રહી, ધર્મ પમાડવાનો પ્રસંગ ગુમાવાય, તો એમને કર્મરોગે ભવના દુઃખોમાં રીબાવું રહ્યું. પરમાર્થની દૃષ્ટિએ આ એમની પ્રત્યે કેટલી ક્રૂરતા? તેથી જ સત્પુરુષોનો એ ધર્મ છે કે માતાપિતાના ઉપકારનો બદલો વાળવો જોઈએ.

ત્રિલોકનાથ શ્રી મહાવીર પ્રભુનું આમાં સચોટ દૃષ્ટાંત છે. જ્ઞાનથી એમણે પોતે 'ચારિત્ર લે તો તેથી માતાપિતાને ભયંકર અકુશલાનુબંધ શોક થાય,' એમ જાણી ગર્ભમાં જ અભિગ્રહ ધારીને એ શોકને અટકાવ્યો. સાતમે માસે ગર્ભમાં જ રહ્યા પ્રતિજ્ઞા કરી કે 'માતાપિતાના જીવતા હું દિક્ષિત નહિ થાઉં' અહિં એ ખાસ સમજવાનું કે શ્રી મહાવીરવિભુ ગર્ભથી અવધિજ્ઞાને સંપન્ન હતા. એથી એ જાણી શકે છે કે આ માતા-પિતાને જો શોક થવાનું નિમિત્ત ન અપાય, તો એમની

ભવાંતરે સદ્‌ગતિ અને શુભની પરંપરા થાય; તેને બદલે જો શોકનું નિમિત્ત અપાય તો તથાવિધ કર્મની પરિણતિથી અશુભાનુબંધી શોક સાથે એમનું એવું અકાળ મૃત્યુ થાય, કે એ ભવાંતરમાં અશુભની પરંપરામાં જ ફસાઈ જાય; અને તેથી સદ્‌ગતિ તો ભવો સુધી દુર્લભ બને. આવું જો કરાય તો ઉપકારનો બદલો ક્યાં રહ્યો? એટણે જ્યારે વિશ્વોદ્ધારક પ્રભુ જેવાએ માતાપિતાની ભાવદયા વિચારી, તો પછી બીજાઓએ કેમ ન વિચારવી? હા, એટલું ખરું કે એ વિશિષ્ટ જ્ઞાની અવધિજ્ઞાની હોવાથી એમણે માતાપિતાની એ સ્થિતિ જોઇ તેથી આ રીતે કરવું યોગ્ય ધાર્યું; અને ઋષભદેવ પ્રભુએ જ્ઞાનથી માતાની ભિન્ન પ્રકારની સ્થિતિ જાણી એમને રોતા મૂકીને દીક્ષા લેવાનું યોગ્ય ધાર્યું હતું, ત્યારે આપણા માટે એ જ પ્રભુએ ભાખેલી **દીક્ષાગ્રહણ-વિધિની કલ્યાણ-આજ્ઞાનું પાલન એ જ ઉચિત છે.** એમાં જ માતાપિતા પ્રત્યે સાચી કૃતજ્ઞતા જળવાય છે, અર્થાત્ એમના ઉપકારનો બદલો વાળી શકાય છે; અને એથી એ સુખી થાય છે.

### (૧૩) દીક્ષા સ્વીકારની ક્રિયાના અંગો :

સૂત્ર :-एवमपरोवतावं सव्वहा, (१) सुगुरुसमीपे पूइत्ता (२) भगवंते वीयरागे (३) साहू अ, (४) तोसिऊण विहवोचिअं किवणाई, (५) सुप्पउत्तावस्सए, (६) सुविसुद्धनिमित्ते, (७) समहिवासिए, (८) विसुज्झमाणो महापमोएणं सम्मं पव्वइज्जा लोअधम्मेहिंतो लोगुत्तरधम्मगमणेण ।

અર્થ :-એ પ્રમાણે બિલકુલ સંતાપ પમાડ્યા વિના [1]સુગુરુ પાસે [2]વિતરાગ ભગવાન અને [3]મુનિઓની પૂજા કરીને, [4]કૃપણ આદિને સ્વવૈભવાનુસારે તોષ પમાડી, [5]અવશ્ય કર્તવ્યો

સારી રીતે બજાવી, (૬) અતિવિશુદ્ધ નિમિત્તો જોઈ, (૭) વાસક્ષેપથી અધિવાસિત બની, (૮) વિશુદ્ધિ પામતો પામતો ભારે આનંદપૂર્વક લૌકિક ધર્મમાંથી લોકોત્તર ધર્મમાં જવા વડે સારી રીતે પ્રવ્રજ્યા સ્વીકારે.

**વિવેચન** :–આ પ્રમાણે ભાવથી કોઈને ય જરા પણ સંતાપ પમાડયા વિના, (૧) સુગુરુ પાસે આવી સમ્યગ રીતે ચારિત્ર અંગીકાર કરે 'ગુરુ વિના જ્ઞાન નહિ,' 'ગુરુ દીવો ગુરુ દેવતા.' અલબત્ ગુરુના લેબાશમાં કુગુરુના પલ્લે ન પડી જવાય એ ખૂબ જોવાનું. તો પણ સુગુરુ વિના તો એક ઘડી ય ન ચાલે. **સુગુરુ વિના દીક્ષા ય નહિ, અને સુગુરુ વિના શિક્ષા ય નહિ.** આનું કારણ એ છે કે દીક્ષા અને તે પછી 'ગ્રહણશિક્ષા' અર્થાત્ શાસ્ત્રગ્રહણ–શાસ્ત્રબોધ, અને 'આસેવનશિક્ષા' અર્થાત્ સાધ્વાચારની તાલિમ એ એમાં નિષ્ણાત થયેલા ગુરુ જ આપી શકે. જાતે ને જાતે, ગુરુના આલંબન વિના, એ લેવાનો દુરાગ્રહ રાખે તો ભૂલો પડી જાય. અનાદિ–અભ્યસ્ત મોહ ક્યારેય પણ છળી ન જાય, એ માટે સંયમ–વિરાગના સ્વયં પ્રખર અનુભવી અને મોહની ચિકિત્સાના શાસ્ત્રરૂપી શ્રી જિનાગમના પૂર્ણ ગીતાર્થ સુગુરુની નિશ્રા જોઈએ જ. એમની પાસે ચારિત્ર સ્વીકારતાં પહેલાં, (૨) પોતાની શક્તિ અનુસારે શ્રી વીતરાગ તીર્થંકરદેવની અષ્ટાહ્નિકાદિ પૂજા–મહાપૂજા કરે, અને (૩) મુનિરાજોને આહાર-વસ્ત્ર–પાત્ર–પુસ્તકાદિથી સન્માને. (૪) તેમજ કૃપણ દુઃખી જીવોને પોતાની સંપત્તિ અનુસારે ધન આપી સંતોષે. ત્યારબાદ (૫) લઘુવડીનીતિનું આવશ્યક. તથા મુંડન, મંગળસ્નાન, ઉચિતવેશ વગેરે અવશ્યકરણીયને સારી રીતે સાચવીને, (૬) પછી સારાં

નિમિત્તો યાને પ્રશસ્તયોગ શુકન-શબ્દ પામી ગુરુ પાસે દીક્ષાની ક્રિયા કરે. (૭) ત્યાં દરેક ક્રિયા વખતે ગુરુદ્વારા ગુરુમંત્રે મંત્રાયેલ વાસક્ષેપથી વાસિત થતો, (૮) અતિઉત્સાહ અને આનંદથી ચિત્તને વિશુદ્ધ વિશુદ્ધ કરતો, ભાવોલ્લાસ વધારતો તથા લોકોત્તર સમ્યગ્ ભાવવંદન વગેરે શુદ્ધિ સાચવતો, મહા આનંદ સાથે પ્રવ્રજ્યાને અંગીકાર કરે, જે લૌકિક સંસારવ્યવહારોનો સંપૂર્ણ ત્યાગ કરવા પૂર્વક લોકોત્તર ચારિત્રવ્યવહારોમાં જોડાઈ જવારૂપ છે.

## ગુરુ આદિ ૮ વિધાનોની આવશ્યકતાના હેતુઃ-

આ વિધાનો સહેતુક છે પહેલી તો ગુરુની આવશ્યકતા એટલા માટે કે, (૧) ચારિત્રધર્મનાં અનુષ્ઠાન-સામાચારી વગેરેથી અપરિચિત મુમુક્ષુને એના પરિચયવાળા ગુરુ પાસેથી જ એનું માર્ગદર્શન મળે. (૨) શાસ્ત્રમાંના ઉત્સર્ગ-અપવાદ ગુરુ જાણતા હોય તેથી એમની દેખરેખ નીચે જ એને અનુસારે ચારિત્રપાલન થઈ શકે. ક્યાં ઉત્સર્ગ માર્ગ સાધવો, ક્યાં અપવાદ માર્ગનું આલંબન કરવું, એ ગુરુ ચીંધી શકે; કેમકે એમાં ગુણ-દોષ (ગૌરવ-લાઘવ)ના ટકા માપવાનું ગજું એમનુ હોય છે. (૩) છૂપા કુસંસ્કારો ક્યારે ય ઉદય ન પામી જાય એ માટે માથે ગુરુનો અંકુશ જરૂરી છે. (૪) આરાધનામાં સાચું પ્રોત્સાહન એટલે કે ક્યાંક ઉપબૃંહણા ( સમર્થન-અનુમોદન ), ને ક્યાંક સંશોધન ગીતાર્થ અને હિતજ્ઞ ગુરુ જ કરી શકે....

(૨) દીક્ષાસ્વીકારની ક્રિયા એક મહાગંભીર અનુષ્ઠાન છે. સામાન્ય શુભાનુષ્ઠાન પણ ઇષ્ટદેવને નમસ્કારાદિરૂપ મંગળ કરીને હોય છે, તો આમાં તો એ અવશ્ય જોઈએ, ને એ

વિશેષરૂપે જ હોય. તેથી અરિહંતપ્રભુની પૂજા-મહાપૂજા કરવાનું કહ્યું. (૩-૪) એમ ગુરુને જીવન સોંપવું છે, ને એમની પાસેથી ચારિત્ર લેવું છે, તો પહેલાં ગુરુ-મુનિઓની ભક્તિ કરવી એ એક અવશ્ય કર્તવ્ય છે ચક્રવર્તી પાસેથી કંઈ કામ કરાવવું હોય તો પહેલાં એની ભક્તિ કરાય છે. (૪) ચારિત્ર એટલે તો જીવો પ્રત્યે ભરપૂર કરુણાભર્યો માર્ગ. એમાં પ્રવેશ કરતાં સહેજે દીન દુઃખી જીવો પર દાન આપી કરુણા કરે. વળી એ જીવોની દુઆ મળવાથી વાતાવરણ પણ શુભેચ્છાભર્યું સર્જાય, જે ચારિત્ર-સ્વીકારના પ્રસંગને ઉલ્લાસમય બનાવે છે.

(૫) દીક્ષા ગ્રહણ કરવી છે તો એની ક્રિયા-વિધિ ચાલે એટલા સમય સુધીમા લઘુશંકાની બાધા વગેરે ન થાય, એ માટે પહેલેથી બાધા ટાળી લેવી જોઇએ એ યુક્તિયુક્ત છે. ત્યારે મુંડન યાને કેશોચ્છેદ એ રાગદ્વેષાદિ ક્લેશોચ્છેદનું સ્મારક છે, એના પર સ્નાન એ મંગળ છે, ભાવસ્નાનનું સૂચક છે. દીક્ષાર્થીને ત્યાં ખ્યાલ આવે કે 'આ હવે હું રાગદ્વેષાદિના ઉચ્છેદ સાથે ભાવ-અશુચિનિવારણના માર્ગે જઈ રહ્યો છું.' વેશપરિવર્તન એ હૃદયપરિવર્તનનું પ્રતીક છે, અને ભવિષ્યકાળ માટે પણ સંસારનું વિસ્મરણ અખંડ રાખનાર છે આરંભ-સમારંભ અને પરિગ્રહાદિના દિલનો સૂચક ગૃહસ્થવેશ મૂકી સાધુવેશ ધરવાથી સર્વવિરતિના ભાર દિલ પર આવે છે. એ ઘણી ઘણી રીતે પછી મુનિપણાનું રક્ષણ કરે છે. પ્રસન્નચંદ્ર રાજર્ષિને ક્લેશમાં ચઢયા ત્યારે અંતે મુનિવેશે એમને પાછા વાળ્યા. આમે ય ચારિત્રજીવનમાં પોતાનો મુનિવેશ જ નજર સામે હોઇ ગૃહસ્થજીવનની ઘણી ય કલ્પનાઓથી બચવાનું થાય

છે. આમ દીક્ષા લેતાં સાચવવાના આવશ્યકો રહસ્યભર્યા છે.

(૬) હવે દીક્ષા-સ્વીકાર કરવાનો તે પ્રશસ્ત નિમિત્તો યાને શુભ શુકન, શુભ શબ્દ, શુભ તિથિ-વાર-નક્ષત્ર-કરણ-યોગ-લગ્ન જોઈને કરવાનો; કેમકે એ કાર્યમા ઉલ્લાસ પ્રેરે છે, અને કાર્યને યશસ્વી બનાવે છે. ખરાબ નિમિત્તોમાં આદરેલું કાર્ય પાછા પાડે છે, અનર્થ કરે છે એવો જગતનો ઘણો અનુભવ છે. માટે સારાં નિમિત્ત પકડીને દીક્ષાગ્રહણની ક્રિયા કરવી. ક્રિયા એટલા માટે જરૂરી છે કે એથી (i) 'ગુરુના હાથે હું દીક્ષિત થયો છું' એ ભાવ પર નમ્રતા રહે, (ii) આજ્ઞા-પ્રતિબદ્ધતા રહે, (iii) અરિહંત-મુનિઓ વગેરેની સાક્ષીથી દિલ પર જવાબદારીનો ભાર આવે. તેમજ (iv) કલ્યાણ ગુરુઓના હસ્તે કાર્ય થાય તેમાં વિશેષ પવિત્રતા-પ્રભાવકતા આવે. ક્રિયાને બદલે, એમને એમ 'હું હવે સાધુ' એવી કલ્પનાથી બેસી જવામાં આ લાભો ન મળે.

(૭) 'મંત્રિત વાસક્ષેપ મારા માથે પડે છે' એ ખ્યાલ ચિત્તનાં ભાવને વિશેષ ઉજ્જવળ અને ઉત્સાહી બનાવે છે. મંત્રિતનો પ્રભાવ પણ અજબ હોય છે. 'ગુરુથી મંત્રિત છે' એ ભાવ ગુરુ પ્રત્યે ગૌરવ વધારે છે.

(૮) ચારિત્ર સ્વીકારતાં સમયે સમયે અતિ ઉત્સાહ, આનંદ અને વિશુદ્ધ ભાવોલ્લાસને વધારતો ચાલે એ તો સ્વીકાર વખતે ઊંચા સંયમ અધ્યવસાયને સ્પર્શવા માટે જરૂરી છે. એની, પછીના આખા ચારિત્રજીવન પર અસર પડે છે. ચારિત્ર સિંહની જેમ લઈ સિંહની જેમ પાળવાનું બને છે. ત્યાં લોકોત્તર ભાવવંદન-દેવવંદન-ગુરુવંદનની શુદ્ધિએ દિલને વિશેષ ભાવોલ્લાસથી ભર્યું ભર્યું કરી દે છે.

**પ્રવ્રજ્યા એટલે? :—**

આ બધું સાચવીને પ્રવ્રજ્યા સ્વીકારે, તે સમ્યગ રીતે,

અર્થાત્ લૌકિકદુન્વયીસાંસારિક સંબંધો, કર્તવ્યો, પ્રવૃત્તિ, વ્યવહાર, જવાબદારીઓ આદિ લોકધર્મનો ત્યાગ કરીને,–લોકોત્તર ધર્મમાં પ્રવ્રજન, ઉત્કૃષ્ટ ગમન કરે, યાવજ્જીવ માટે લોકોત્તર ધર્મને સ્વીકારે; ઔદયિકમાંથી ક્ષાયોપશમિક જીવનમાં જાય, હવે એ સતત ગુરુ–પ્રતિબદ્ધતા, મહાવ્રત–સમિતિ–ગુપ્તિ, ક્ષમાદિ, નિર્દોષ ભિક્ષાચર્યા જિનાગમ–સ્વાધ્યાય, જ્ઞાનાચારાદિ પંચાચાર વગેરેનું જીવન બનાવી પેલી લૌકિક વાતોથી એટલે કે ગૃહસ્થ-જીવનથી સર્વથા પર ( અલગ ) થઈ જાય, એ રીતે શ્રમણ જીવનમાં પ્રવેશ કરે.

અર્થાત્ સર્વવિરતિ–સામાયિક યાવજ્જીવનું ઉચ્ચરે. એમાં સર્વ સાવદ્ય યોગ યાને પાપ વ્યાપારમાત્ર મનથી, વચનથી કે કાયાથી ન કરવાના, ન કરાવવાના, અને કરતાને ન અનુમોદવાના પચ્ચક્ખાણ કરી સમભાવમાં આવે; એ સાવદ્ય યોગની મમતા અને રાગદ્વેષ–હર્ષશોકરૂપી વિષમતા છોડી સમતા ધારણ કરે. ધન–માલ–કુટુંબ, સારા ખાનપાન–વેશ–અલંકાર, મકાન–દુકાન–વાડી, વગેરે બાહ્ય સંયોગ, અને આરંભ સમારંભાદિ હિંસા, જૂઠ, અનીતિ અને પાપવૃત્તિપ્રવૃત્તિ વગેરે કશા સાથે હવે સંબંધ જ નહિ, મનથી પણ સંબંધ નહિ, અનુમોદનથી પણ સંબંધ નહિ. હવે સંબંધ ગુરુ સાથે, જિનાજ્ઞા સાથે, સંયમ–સ્વાધ્યાય–ત્યાગ–તપ–સાધ્વાચાર સાથે. આગળ વધીને જ્યારે પંચમહાવ્રતની પ્રતિજ્ઞા ઉચ્ચરવામાં આવે ત્યારે એની સાથે વળી સવિશેષ સંબંધ. આવા જીવનનાં પ્રવેશ એ લોકોત્તર ધર્મમાં પ્રવ્રજન કહેવાય.

### (૧૪) જિનાજ્ઞા અ–વિરાધ્ય

सूत्र-एसा जिणाणमाणा महाकल्लाणत्ति न विराहिअव्वा वुहेणं महाणत्थभयाओ सिद्धिकंखिणा।

इति पव्वज्जागहणविहिसुत्तं समत्तं।

**અર્થ :**-જિનેશ્વરદેવોની આ આજ્ઞા મહાકલ્યાણ સ્વરૂપ છે. તેથી મોક્ષાકાંક્ષી સમજુ માણસે (વિરાધનામાં) મહાઅનર્થનો ભય હોઈ, જિનાજ્ઞાની વિરાધના ન કરવી. એમ 'પ્રવ્રજ્યા-ગ્રહણ વિધિ' સૂત્ર સમાપ્ત થયું.

**વિવેચન :**-શ્રી જિનેશ્વર ભગવાનની આ આજ્ઞા છે, કે આ રીતે પ્રવ્રજ્યા લેવી જોઈએ. આ આજ્ઞા મહાકલ્યાણકારી છે; તેથી મોક્ષનો અભિલાષી ડાહ્યો સમજદાર પુરુષ તેનું ઉલ્લંઘન કરવામાં મહાન નુકસાનનો ભય રાખી તેની વિરાધના ન કરે; અર્થાત્ આજ્ઞાથી જરા ય વિપરીત ન વર્તે. **જિનાજ્ઞાની વિરાધનાથી દીર્ઘદુર્ગતિ-ભ્રમણ જેવા મહાન અનર્થ નીપજે** છે. જગતમાં જિનાજ્ઞાની વિરાધના કરતાં વધુ મોટો કોઇ ગુનો નથી, પાપ નથી, અનર્થ નથી. જિનાજ્ઞાની વિરાધના જ મહાન પાપ, અપરાધ, અનર્થ છે. ત્યારે, જિનાજ્ઞાની આરાધના, એ જ હિતકારી છે. માટે મોક્ષરૂપ સર્વશ્રેષ્ઠ-કલ્યાણના અભિલાષીએ સમજી રાખવું જોઈએ કે 'જિનાજ્ઞાની આરાધના કરતાં બીજો કોઈ સાચો મોક્ષમાર્ગ નથી, એ જ વાસ્તવિક મોક્ષોપાય છે; માટે એ જ આરાધું, વિરાધનાથી બચું.'

આ 'પ્રવ્રજ્યા ગ્રહણવિધિ' સૂત્ર એટલે કે વસ્તુતઃ પ્રવ્રજ્યા-ગ્રહણ-વિધિની વસ્તુને સૂચવતું સૂત્ર પૂર્ણ થયું.

**૩ જું સૂત્ર 'પ્રવ્રજ્યાગ્રહણ-વિધિ' સમાપ્ત**

☆

# સૂત્ર—૪

## प्रव्रज्या—परिपालनम् ॥

### (૧) વિધિફળ સત્ક્રિયા : ભાવશુદ્ધિ—મહાસત્ત્વ—અભ્રાન્તિ, ઇષ્ટસિદ્ધિ

**સૂત્ર**—स एवमभिपव्वइए समाणे, सुविहिभावओ किरिआफलेण जुज्जइ। विसुद्धचरणे महासत्ते न विवज्जयमेइ।

**અર્થઃ**—તે આ રીતે પ્રવ્રજ્યા લીધા પછી સમ્યગ્ ગ્રહણ-વિધિના પ્રભાવથી ક્રિયારૂપી ફળનો સંબંધ પામે છે. વિશુદ્ધ ચારિત્રવાળો અને મહાસત્ત્વશીલ (આત્મા ચારિત્રમાં) વિપર્યય (ભ્રમ)ને વશ થતો નથી.

**વિવેચનઃ**—સાધુ—ધર્મની આત્મામાં પરિભાવના કર્યા પછી શું કરવું તે પૂર્વના ૩ જા સૂત્રમાં બતાવ્યું, અર્થાત્ વિધિપૂર્વક દીક્ષા ગ્રહણ કરવી તે કહ્યુ. હવે આ દીક્ષિત થયેલાએ ચારિત્ર—જીવનમાં કઈ કઈ સાધના કરવી અતિ આવશ્યક છે, તે ચોથા સૂત્રમાં બતાવે છે.

**વિધિફળ સત્ક્રિયા—:**

તે મુમુક્ષુ પૂર્વે કહેલી દીક્ષા—ગ્રહણની સમ્યગ્ વિધિથી ચારિત્રી બનેલો સુવિધિના અર્થાત્ દીક્ષાની પ્રશસ્ત ગ્રહણ—વિધિના પ્રભાવે સમ્યક્ક્રિયારૂપી ફળને પામે છે. ગ્રંથના પ્રારંભે કહ્યા મુજબ આ પદાર્થો આ જ ક્રમે પ્રાપ્ત થાય છે, એટલે કે

પ્રવ્રજ્યા-પાલનની જે સમ્યક્ ક્રિયા એ સુવિધિએ દીક્ષા ગ્રહણ કર્યા વિના ન બની શકે. તેમજ વિધિ-ગ્રહણ કર્યું, એટલે તેના ફળ રૂપે વિધિ-પાલન આવીને ઊભું રહેવાનું. મુમુક્ષુ અત્યાર સુધી ગૃહસ્થપણે આચારની વિશુદ્ધિવાળો હતો, હવે સાધુપણામાં ચારિત્રની વિશુદ્ધિવાળો બને છે. એટલે એ ચારિત્ર અને ગુરુ-નિશ્રા, શાસ્ત્ર-સ્વાધ્યાય, સામાચારી, સંયમ, તપ તથા આવશ્યક અનુષ્ઠાનાદિ ચારિત્રયોગસાધના તરફ અત્યંત બહુમાન અને અર્થી-પણું, તથા ચીવટ, અને ચોક્કસાઇ સાથે પાકો પુરુષાર્થ રાખી ચારિત્રને જરા ય મલિન ન થવા દે સમજે કે ચારિત્રની ઉજ્જવળતામાં આત્માની અને આત્માના ભવિષ્યકાળની ઉજ્જવળતા છે. વર્તમાન જીવન પણ જો નિષ્કલંક ચારિત્રવાળું રખાય તો તે ખૂબ જ સ્વસ્થ, શ્રદ્ધેય, અને નવીન નવીન સંવેગ તથા મનોરથો સહિત પ્રગતિશીલ રહે છે. ચારિત્રને દૂષણ લગાડનાર મનમા શંક્તિ રહે છે, દુભાયેલો રહે છે, આદ્ય પતનના સ્વભાવથી અધિકાધિક પતન પામતો જાય છે, અને નવીન પ્રગતિથી વંચિત બની નિરાશામાં ડૂબીજા ય છે. પછી દુર્ધ્યાનના વમળોમાં અથડાય છે. આવી સ્થિતિ અટકાવવા એ વિચારવું કે 'જ્યારે આખો સંસાર ત્યજ્યો છે તો હવે ચારિત્રના દૂષણ ટાળવાનું શું કઠિન છે?' એમ વિચારી જરા ય દૂષણ ન લાગે એ માટે ચારિત્ર-શુદ્ધિ સંપૂર્ણ સાચવે.

**યોગાવંચક-ક્રિયાવંચકઃ**-સૂત્રકારે અહીં સુવિધિભાવથી ક્રિયાફળ સાથે યોગ પામે એમ કહ્યું, તેનું રહસ્ય આ છે કે ત્રણ પ્રકારના અવંચક,-યોગાવંચક, ક્રિયાવંચક અને ફલાવંચક,-એમાંથી જે ખરેખર 'યોગાવંચક' પામ્યો અર્થાત્ ગુરુ કે

ગુણુનો બરાબર વિધિપૂર્વક યોગ પામ્યો, એ યોગ હવે અવંચક બને છે. 'અવંચક' એટલે નહિ ઠગનારો, નિષ્ફળ નહિ જનારો, અર્થાત્ અવશ્ય સફળ થનારો. સફળ યોગમાં ફળ છે ક્રિયા, એટલે કે એ ક્રિયાવંચક અવશ્ય પામે છે. દા. ત. ગુરુ કે અદ્વેષ–જિજ્ઞાસાદિ ગુણુ સાથે જો સાચો યોગ થયો, તો એના ફળરૂપે ગુરુના વિનય–વંદનાદિ ક્રિયા કે તત્ત્વશ્રવણુ–ક્રિયા સાથે જોડાય છે. જો બીજા વિષય કે વ્યવસાયમાં ઉત્કટ રસ–આસક્તિ હોય તો ગુરુ પાસે જવાનું જ નહિ થાય. પછી ગુરુયોગ ક્યાંથી થાય ? અરે ! ગુરુ સામા આવીને મળે તો ય પેલો ઈન્દ્રિયવિષય-રસ અહીં દિલથી ગુરુયોગ નહિ કરવા દે. જો યોગાવંચક નહિ, તો ક્રિયાવંચક શાનો ? એમ પ્રસ્તુતમાં ચારિત્રગુણુ જો વિધિપૂર્વક નહિ, પણુ અવિધિએ તફડંચી કર્યો, તો તે સમ્યગ્યોગ નહિ બને, તેથી પછી ક્રિયાવંચકના વાંધા ! સુવિધિથી ચારિત્રયોગ પામ્યો એ હવે એના ફળરૂપે ક્રિયાવંચક પામે છે, ચારિત્રની પવિત્ર ક્રિયા સાથે એનો આત્મા ભાવપૂર્વક તન્મયતાથી જોડાય છે. આના ઉપર જ આગળ પાચમા સૂત્રમાં કહેશે તે ફળાવંચક પ્રાપ્ત થશે. ચારિત્રનું ફળ અવશ્ય પામશે. માટે જ ક્રિયાવંચક ચારિત્રની સર્વ ક્રિયા દિલના ભાવપૂર્વક તન્મયતાથી આરાધવી જોઈએ. આ માટે સૂત્રકાર હવે એના ઉપાયો બતાવે છે.

### ૧. વધતી ભાવશુદ્ધિ, મહાસત્ત્વ, અભ્રાન્તતા

ચારિત્ર પામેલો આત્મા પોતાના ચારિત્ર અર્થાત્ સર્વત્યાગના અને સર્વાંશે જિનાજ્ઞાપાલનના ભાવ હવે અધિકાધિક તેજસ્વી કરતો ચાલે. આ માટે ચિત્તવિશુદ્ધિ વધુમાં વધુ વિકસ્વર રહેવી જોઈએ. આગળ કહેશે તે સાધનાઓભર્યા ચારિત્રજીવનમાં

ભ્રાન્તિ ન આવવા દેવી, અશ્રદ્ધા,-અનાદર, ન થવા દેવો, વગેરે અખંડપાલનાર્થ વધતી ભાવવિશુદ્ધિ ને ચિત્તવિશુધ્ધિ બહુ જરૂરી.

ભાવશુદ્ધિનાં બાધકતત્ત્વ :-

ભાવવિશુદ્ધિમાં ચારિત્રના ભાવ યાને પરિણામ જો બગડયા, ચિત્ત જો મલિન થયું, તો એ અખંડપાલન નહિ થાય. ચારિત્ર-પરિણતિ બગડવાનું એ રીતે થાય છે કે (૧) જે ઉલ્લાસ -ઉત્સાહ સાથે ચારિત્ર માર્ગ સ્વીકાર્યો, તે ઉલ્લાસ-ઉત્સાહમાં મંદતા આવે. ઉત્સાહભંગ થાય. (૨) સર્વત્યાગ કરીને નીકળ્યા પછી સાંસારિક સંબંધીના આકર્ષણ જાગે, સ્નેહ ઉભરાઈ આવે; (૩) ધન-માલનું મહત્ત્વ લાગે; (૪) સગવડ અનુકૂળતા માટે આરંભ-સમારંભાદિની ઇચ્છા જાગે; (૫) ક્રોધ-લોભ-ભય આદિવશ અસત્ય-ભાષણનો ભાવ થાય; (૬) વારેવારે ધણીના અવગ્રહને શો યાચવો?' એમ કરી અદત્તાદાનની વૃત્તિ જાગે; ધણીને પૂછયા વગર સ્થાનસેવન; પાટપાટલાદિ-ઉપભોગ, વગેરે કરવાનું મન થાય;(૭)સ્ત્રીઓના સુંદર રૂપ-ગાત્ર જોવાની કે મધુરા શબ્દ સાંભળી લેવાની વૃત્તિ થાય; (૮) કામક્રીડા યાદ કરી મન મિઠાશ અનુભવે; (૯)ચારિત્રના ઉપ-કરણનો સંગ્રહ વધારવાનું અને દર્શન, જ્ઞાન, ચારિત્રને નિરુપયોગી વસ્તુ રાખવાનું મન થાય...આમ સર્વત્યાગનો ભાવ ચૂકી અહિંસાદિ પંચમહાવ્રતનું અંશે પણ ઉલ્લંઘન કરવાની લેશ્યા જાગે; એમ (૧૦) જિનાજ્ઞાએ ચારિત્રજીવન અંગે ફરમાવેલ વિધિ-નિષેધ યાને પ્રવૃત્તિ-નિવૃત્તિના ઉલ્લંઘનનું મન થાય; સાધુ જીવનની દિનચર્યા પર્વચર્યા અને પ્રાસંગિક ચર્યા આરાધવામાં પાછી પાની કરાય, દા. ત. અહોરાત્રમાં પાંચ પહોર અખંડ સ્વાધ્યાય રાખવામાં અણી-શુદ્ધતા ન રખાય; એમ (૧૧) જિનાજ્ઞાએ જે જે વાતોનો નિષેધ કર્યો હોય તેની એક યા બીજી બાબતમાં પ્રવૃત્તિ કરવાનું મન થાય;

–આમ ચારિત્રના ભાવ મલિન થાય છે. એ અટકાવવા વિશુદ્ધ વિશુદ્ધતર ચારિત્રભાવ બનાવ્યે જવાના, ભાવવિશુદ્ધિ વધાર્યે જવાની, એ દરેકે દરેક દોષ ટાળવા સતત જાગરૂક અને ઉદ્યમી રહેવાનું

**ચિત્તમાલિન્યના પ્રકારઃ–**

બીજું, ચિત્ત–વિશુદ્ધિ વિકસ્વર રાખવા ચિત્તમાં મલિનતા ન આવવા દેવી. ઈર્ષ્યા, અસહિષ્ણુતા, ખોટી જિજ્ઞાસા, આતુરતા, ઊર્મિ, તરંગ, અહંકાર, ઇંદ્રિયવશતા, સહેજ પણ ક્રોધાદિ કષાય, આર્ત–રૌદ્રધ્યાન, ૩ ગારવ, ૩ શલ્ય, ૪ આહારાદિ સંજ્ઞા, ૪ રાજકથાદિ વિકથા, સ્વાર્થાંધતા, કૃતજ્ઞતાનું વિસ્મરણ અનૌચિત્ય, જડનુ મૂલ્યાંકન, રાગદ્વેષાદિના સંકલેશ, લોકસંકલેશની બેપરવાઈ, અવિનય, પવિત્ર ક્રિયાઓમાં ખેદ–ઉદ્વેગ, ઉત્સૂત્ર, ઉન્માર્ગ વગેરે વગેરેનો ભાવ એ ચિત્તના દોષ છે, મેલ છે. એને સર્વથા આઘા ને આઘા રાખી ચિત્તને અધિકાધિક વિશુદ્ધ કરતો ચાલે

**સત્ત્વના અભાવે અનિષ્ટોઃ–**

**મહાસત્ત્વ**—ભાવવિશુદ્ધિ અને ચિત્તવિશુદ્ધિ તો રાખી, તેથી સાધના માટે ઊંચી તમન્ના ઊભી છે; પરંતુ જો પ્રબળસત્ત્વ, મહાસત્ત્વ નહિ હોય તો (૧) જ્યા ક્યારે ય તેવું કષ્ટ, ઉપદ્રવ કે પ્રતિકૂળતા આવશે ત્યાં એને વધાવી લેવાને બદલે ટાળવા માટે ચિત્ત મથશે! (૨) એમ વિશિષ્ટ ત્યાગ–તપ–સેવા વગેરેની સાધનામાં અહીં મળેલી અતિ દુર્લભ પુણ્યાઈ અને શક્તિને ખરચી એ સાધના કરવાનું નહિ બને. (૩) વળી સત્ત્વ નહિ હોય તો ઉપસ્થિત બાધક પ્રસંગોમાં લહેવાઈ જઈ ચિત્ત પાછું પડશે. (૪) ચિત્તમાં ઊઠતા અસત્ વિકલ્પ ટાળવાની હામ નહિ હોય,

(૫) કોઇના અણગમતા બોલ સહન નહિ થાય, દીનતા આવશે. (૬) સત્ત્વ નહિ હોય તો લાલચ મળતાં કે સહેજ કઠિનાઇમાં દેવાધિદેવની સન્મુખ કરેલી ચારિત્રની પ્રતિજ્ઞાને ખોડખાંપણ લગાડતાં વાર નહિ લાગે....ઈત્યાદિ ખામીઓ કાઢવા સત્ત્વની જરૂર છે.

**તો ચિત્તવિશુદ્ધિ અને મહાસત્ત્વ કેળવવા શું કરવું ?**

(૧) મહાપુરુષોનાં જીવન-પ્રસંગોનું આલંબન કરવું, એ પ્રસંગો નજર સામે તરવરતા રાખી એમાંથી ચિત્ત-શુદ્ધિ અને સત્ત્વની પ્રેરણા મેળવવી. (૨) વળી એ વિચારવું કે 'જ્યારે સામાન્ય ગણાય એવી સંસારની જવાબદારી પણ સત્ત્વની અપેક્ષા રાખે છે, ત્યારે વિશેષ એવી મોક્ષ-સાધના તો મહાસત્ત્વ વિના કેમ જ શુદ્ધ પાર ઉતરે ?' એથી ગમે તેવી આપત્તિમાં પણ અચલ સત્ત્વ જાળવી રાખી, એવા ઉદાસીનભાવે રહેવું જોઈએ કે 'બનનાર હશે તે બનશે. બનવાનું મિથ્યા થનાર નથી. તો પછી શા સારુ અજંપો સંતાપ અને રાગદ્વેષની પીડા ભોગવવી ? પ્રતિકૂલતામાં તો ઉલ્ટું પરીસહ-સંવરમાર્ગની આરાધના છે, સહર્ષ કષ્ટ-સહનથી પાપ કર્મ ખપે છે, તો પછી ચારિત્રને દોષ લગાડી આપત્તિથી બચવાનો ભ્રમ કેમ કરાય ? આત્માની ભાવશત્રુભૂત ઇદ્રિયોના તર્પણ કેમ કરાય ? કેમ સેવાય ?'

**અભ્રાન્તતા**—આ ચારિત્રના ભાવની અને ચિત્તની વધતી વિશુદ્ધિના તથા મહાસત્ત્વના સહારે પહેલું આ એક અતિ આવશ્યક કાર્ય બને છે કે એ ચારિત્રવાન આત્મા મોક્ષની ઉપાયભૂત ચારિત્ર-સાધનાઓ સંબંધમા વિપર્યયને ન પામે, ભ્રાન્તિમાં ન પડે, ઉન્માર્ગે ન જાય. શ્રી આચારાંગ સૂત્રનો ઉપદેશ છે કે 'जाए सद्धाए निक्खतो तमेव अणुपालिज्जा' અર્થાત્ જે શ્રદ્ધા વૈરા-

ચ્યનિર્ધારથી ચારિત્ર લે તેને બરાબર અખંડ રાખે; એ શ્રદ્ધાદિમાં ભંગ ન થવા દે; વિપરીતભાવ અશ્રદ્ધા, રાગ, સંશય, ભ્રાન્તિ, અનુત્સાહ વગેરેને ન આવવા દે; ઉન્માર્ગે ન ચડે. 'આચારાંગ સૂત્ર' કહે છે કે **विज्जहित्ता विसोत्तियं**' વિસ્રોતસિકા અર્થાત્ માર્ગસ્ખલનાનો ત્યાગ કરે.

**અશ્રદ્ધાથી વિપર્યય થતો અટકાવવા માટે** અશ્રદ્ધામાં ન તણાઈ જવા વિચારે કે 'સર્વજ્ઞ અતીઇન્દ્રિયાર્થદર્શી પરમપુરુષે આ ચારિત્ર માર્ગ ઉપદેશ્યો છે, સ્વયં આચર્યો છે, મહાબુદ્ધિ-નિધાન ગણધર અને મોટા રાજા-મહારાજા-શેઠ-શાહુકારો પાસે આદરાવ્યો છે. તેથી એમાં મીનમેખ ફેરફાર હોય નહિ. આ કાંઈ ઇતરદર્શનોની જેમ અ-સર્વજ્ઞનું શાસન નથી. આ તો પ્રત્યક્ષદૃષ્ટ કલ્યાણ સાધના છે.' માટે 'હેં ? આટઆટલા ચારિત્ર-કષ્ટનું ફળ આવશે ?' વગેરે વમળમાં ન પડે. એમ ઉત્સર્ગ-અપવાદ બંનેની અશ્રદ્ધા ટાળે. 'મુખ્ય માર્ગ આટલો ઝીણો હશે ?' આ ઉત્સર્ગની અશ્રદ્ધા એમ અપવાદ અંગે અશ્રદ્ધા એ થાય કે 'આ અપવાદ વ્રતભંગ ન કરે ?' મેતાર્યના જીવ પૂર્વભવે મુનિને મનમાં થયું કે 'અહિંસાદિ જૈનચારિત્ર તો ઉત્તમ, પરંતુ અચિત્ત પાણીએ જરા સ્નાન કર્યાનો શો વાંધો તો એનો નિષેધ કર્યો ?' આ ઉત્સર્ગમાં ચિત્તભ્રાન્તિથી એમને નીચ-ગોત્ર બાંધી ભંગણીના પેટે અવતરવું પડ્યું ! એમ શિવભૂતિ મુનિએ અપવાદમાં આશંકા કરી કે નિર્ગ્રંથ મુનિને વસ્ત્ર-પાત્રનો પરિગ્રહ શા માટે?' તેથી એ દિગંબર મત કાઢવા સુધી ભ્રમમાં પડ્યો !

**અબહુમાનથી વિપર્યયમાં-ભ્રાન્તિમાં ન પડે** એટલે કે ચારિત્રના અંગો પ્રત્યે જરાય અભાવ ન થાય. કહે છે કે

(૫) કોઈના અણગમતા બોલ સહન નહિ થાય, દીનતા આવશે. (૬) સત્ત્વ નહિ હોય તો લાલચ મળતાં કે સહેજ કઠિનાઈમાં દેવાધિદેવની સન્મુખ કરેલી ચારિત્રની પ્રતિજ્ઞાને ખોડખાંપણ લગાડતાં વાર નહિ લાગે....ઈત્યાદિ ખામીઓ કાઢવા સત્ત્વની જરૂર છે.

**તો ચિત્તવિશુદ્ધિ અને મહાસત્ત્વ કેળવવા શું કરવું?**
(૧) મહાપુરુષોનાં જીવન-પ્રસંગોનું આલંબન કરવું, એ પ્રસંગો નજર સામે તરવરતા રાખી એમાંથી ચિત્ત-શુદ્ધિ અને સત્ત્વની પ્રેરણા મેળવવી. (૨) વળી એ વિચારવું કે 'જ્યારે સામાન્ય ગણાય એવી સંસારની જવાબદારી પણ સત્ત્વની અપેક્ષા રાખે છે, ત્યારે વિશેષ એવી મોક્ષ-સાધના તો મહાસત્ત્વ વિના કેમ જ શુદ્ધ પાર ઉતરે?' એથી ગમે તેવી આપત્તિમાં પણ અચલ સત્ત્વ જાળવી રાખી, એવા ઉદાસીનભાવે રહેવું જોઈએ કે 'બનનાર હશે તે બનશે. બનવાનું મિથ્યા થનાર નથી. તો પછી શા સારુ અજંપો સંતાપ અને રાગદ્વેષની પીડા ભોગવવી? પ્રતિકૂલતામાં તો ઉલ્ટું પરીસહ-સંવરમાર્ગની આરાધના છે, સહર્ષ કષ્ટ-સહનથી પાપ કર્મ ખપે છે, તો પછી ચારિત્રને દોષ લગાડી આપત્તિથી બચવાનો ભ્રમ કેમ કરાય? આત્માની ભાવ-શત્રુભૂત ઇંદ્રિયોના તર્પણ કેમ કરાય? કેમ સેવાય?'

**અભ્રાન્તતા**—આ ચારિત્રના ભાવની અને ચિત્તની વધતી વિશુદ્ધિના તથા મહાસત્ત્વના સહારે પહેલું આ એક અતિ આવશ્યક કાર્ય બને છે કે એ ચારિત્રવાન આત્મા મોક્ષની ઉપાય ભૂત ચારિત્ર-સાધનાઓ સંબંધમાં વિપર્યયને ન પામે, ભ્રાન્તિમાં ન પડે, ઉન્માર્ગે ન જાય. શ્રી આચારાંગ સૂત્રનો ઉપદેશ છે કે 'जाए सद्धाए निक्खंतो तमेव अणुपालिज्जा' અર્થાત્ જે શ્રદ્ધા-વૈરા-

ગ્યનિર્ધારથી ચારિત્ર લે તેને બરાબર અખંડ રાખે; એ શ્રદ્ધાદિમાં ભંગ ન થવા દે; વિપરીતભાવ અશ્રદ્ધા, રાગ, સંશય, ભ્રાન્તિ, અનુત્સાહ વગેરેને ન આવવા દે; ઉન્માર્ગે ન ચડે. 'આચારાંગ સૂત્ર' કહે છે કે **विजहित्ता विसोत्तिय'** વિસ્રોતસિકા અર્થાત્ માર્ગસ્ખલનાનો ત્યાગ કરે.

**અશ્રદ્ધાથી વિપર્યય થતો અટકાવવા માટે** અશ્રદ્ધામાં ન તણાઈ જવા વિચારે કે 'સર્વજ્ઞ અતીઇન્દ્રિયાર્થદર્શી પરમપુરુષે આ ચારિત્ર માર્ગ ઉપદેશ્યો છે, સ્વયં આચર્યો છે, મહાબુદ્ધિ-નિધાન ગણધર અને મોટા રાજા-મહારાજા-શેઠ-શાહુકારો પાસે આદરાવ્યો છે. તેથી એમાં મીનમેખ ફેરફાર હોય નહિ. આ કાંઈ ઈતરદર્શનોની જેમ અ-સર્વજ્ઞનું શાસન નથી. આ તો પ્રત્યક્ષદૃષ્ટ કલ્યાણ સાધના છે.' માટે 'હેં ? આટઆટલા ચારિત્ર-કષ્ટનુ ફળ આવશે ?' વગેરે વમળમાં ન પડે. એમ ઉત્સર્ગ-અપવાદ બંનેની અશ્રદ્ધા ટાળે 'મુખ્ય માર્ગ આટલો ઝીણો હશે ?' આ ઉત્સર્ગની અશ્રદ્ધા. એમ અપવાદ અંગે અશ્રદ્ધા એ થાય કે 'આ અપવાદ વ્રતભંગ ન કરે ?' મેતાર્યના જીવ પૂર્વભવે મુનિને મનમાં થયું કે 'અહિંસાદિ જૈનચારિત્ર તો ઉત્તમ, પરંતુ અચિત્ત પાણીએ જરા સ્નાન કર્યાનો શો વાંધો તો એનો નિષેધ કર્યો ?' આ ઉત્સર્ગમાં ચિત્તભ્રાન્તિથી એમને નીચ-ગોત્ર બાંધી ભંગણીના પેટે અવતરવું પડ્યું ! એમ શિવભૂતિ મુનિએ અપવાદમાં આશંકા કરી કે નિર્ગ્રંથ મુનિને વસ્ત્ર-પાત્રનો પરિગ્રહ શા માટે?' તેથી એ દિગંબર મત કાઢવા સુધી ભ્રમમાં પડયો !

**અબહુમાનથી વિપર્યયમાં-ભ્રાન્તિમાં ન પડે** એટલે કે ચારિત્રના અંગો પ્રત્યે જરાય અભાવ ન થાય. કહે છે કે

ગૌત્તમબુદ્ધે પહેલાં જૈન દીક્ષા લીધેલી પરંતુ પછી તપસ્યા-પરિસહ-વગેરે પર અભાવ થવાથી ચારિત્ર મૂકી દીધું અને સુખે ખાઈ પી ધ્યાન કરવાનો મધ્યમમાર્ગ 'માધ્યમિક બૌદ્ધ-ધર્મ' ચલાવ્યો. બિચારા એ જોવું ભૂલ્યા કે ત્યાગ-તપ-પરિસહના સહર્ષ અભ્યાસથી ઇંદ્રિયો અને મનને અંકુશમાં લીધા વિના અનાદિનું વિષયલંપટ મન શુભ ધ્યાન શું કરી કે ટકાવી શકે?

**રાગના ઉછાળામાં વિપર્યય** એવો થાય કે એ ચારિત્રભ્રષ્ટ કરે. અરણિક મુનિ રંગિલી સ્ત્રીના લોભાયા પડ્યા, ચારિત્રના કષ્ટની ધગશ ઊડી ગઈ, અને વિષયોના આકર્ષણમાં એની સાથે ઘર માંડી બેઠા! માટે મુનિ વીતરાગને સતત નજર સામે રાખી રાગને જરાય ઊઠવા ન દે.

**વળી વિપર્યય એટલે કે ભ્રાંન્તિ અનેક પ્રકારે થાય છે.** દા. ત. (૧) ઇન્દ્રિયવિષયો, કુમતિ અને માનસન્માનાદિને પરીસહ સમજી એનો ત્યાગ અને ઉપેક્ષા કરવી કહી છે, તો ત્યાં એને ઈષ્ટ કરવાનો ભ્રમ ન સેવે. તેમ (૨) સાધુચર્યાના કષ્ટને કર્મ-ક્ષયનો ઉપાય કહ્યો છે, તો ત્યાં 'આ અનિષ્ટ છે' એવો ભ્રમ ન સેવે. એવા મિથ્યાજ્ઞાનથી હવે એ ઘેરાતો નથી. ઇન્દ્રિયોની અનુકૂળતા અને માન-સન્માનાદિ મળતાં એનું હૃદય 'હાશ! સરસ મળી ગયું! એ તો આપણને જ મળે, બીજાને બિચારાને ક્યાંથી મળે?' એમ એ વધાવી લેતું નથી; કે જીવન એ મળ્યાથી સદ્ધર કે સફળ થવાનું માનતું નથી. એમ કષ્ટ પડતાં, 'હું અહીં ક્યાં આવ્યો? ક્યાં મેં આ ચારિત્ર લેવાની ઉતાવળ કરી? આ આપણાથી કાંઈ પળે નહિ. કેટલી પરાધીનતા! કેટલાં અપ-માન! કેટલી પ્રતિકૂલતા! આના કરતાં તો પહેલાં ઘણું સારું હતું.

ગ્રહસ્થ હતો ત્યારે આ આ સાધુઓ પ્રેમથી બોલાવતા. બસ, સાધુ થયા એટલે હવે જાણે આપણે કોડીના! સમાજ પણ જાણે સાધુને નિરાધાર લેખે! સાધુનો કોણ બેલી!' વગેરે મિથ્યા વિકલ્પો રૂપી વિપર્યાસ પોતે પામતો નથી. કેમકે '**ચૌદ રાજલોકમાં રખડતા જીવની ઇન્દ્રિયવશ અને કર્મવશ કેવી મહાન નિરાધાર સ્થિતિ છે!**' એનું એને ભાન છે. ત્યાં ભાવશત્રુ-ઇંદ્રિયોની અનુકૂળતા શી સરસ લાગે? કે કષ્ટમાં અહીં શી વિશેષ નિરાધારતા લાગે? હવે તો એ સમજે છે કે- '**ઇંદ્રિયોનાં તર્પણથી તો કારમા દુઃખો-ભરી દુર્ગતિઓના ભવોમાં ભટકવાનું સર્જાય છે.**' ને અહીં પણ આત્મા નિઃસત્ત્વ બની વિષયોનો ભુખાળવો અને તેથી જ ત્યાગ-તપ-શાસ્ત્રરમણતા વગેરે સાધનામાં ગળિયો થાય છે. તેમ માન-પાનનો રસિયો બનવામાં પણ એ સ્થિતિ સર્જાય છે. માટે ઇંદ્રિયોની અનુકૂળતા અને માન-સન્માનાદિમાં સુખ-સરસતા-શાબાશીનો ભ્રમ એ કરતો નથી. વળી કષ્ટમાં ય અરિહંતનાથ પામ્યાથી એ મગરુબ છે, મસ્ત છે તેથી કામચલાઉ કર્મવિટંબણાને લેખામાં ગણતો નથી **અનંતાં ભવબંધનોને ભેદી નાખનારૂં ચારિત્ર હાથમાં છે, તેથી કષ્ટમાં એના મનને કાંઇ ઓછું આવતું નથી.** નરકનિગોદિના કારમા દુઃખોનો એ જાણ છે. એ દુઃખ કાઢનારો એક જ રામબાણ ઇલાજ ચારિત્ર; એમાં શું દુઃખ? '**મુનિઓ તરફથી ઠપકા રૂપે પણ મળતા સારણા-વારણાદિ (આરાધનામાં પ્રેરણા, અને વિરાધના થકી નિવર્તનાદિ) એ તો શ્રેષ્ઠ કોટિના સાધુપ્રેમનું પ્રતીક છે**' એમ સમજે છે. '**મોહમાં કે માનમદમાં જોડનારા બીજા પ્રેમ તો**

આત્મઘાતક છે.' વગેરે સાવધાનીવાળો એ મિથ્યા વિકલ્પથી સ્પર્શાતો નથી.

**મેઘકુમાર મુનિને** રાતના બીજા વડિલ મુનિઓના પગની રજ સંથારામાં પડવાથી ઊંઘ ન આવી. 'ક્યાં મુલાયમ મખમલની શય્યા? અને ક્યાં આ ધૂળભર્યો કર્કશ સંથારો? આ કષ્ટ સહન ન થાય,' એમ ચિંતવી પાછા ઘરે જવાનો વિચાર કર્યો. આ વિપર્યય થયો. પરંતુ મહાવીરપ્રભુએ પૂર્વના હાથીના ભવની દયા યાદ કરાવી કહ્યું, 'ત્યાં પ્રાણુસાટે દયા પાળી, તો મહામુનિઓના પગથી રજ શી વિસાતમાં?' વગેરે. આ સાંભળીને મુનિનો વિપર્યાસ દૂર થયો, કર્કશ રજને સુખદ કર્મક્ષયકારી માની સ્થિર થયા.

**રાજકુમાર આર્દ્રકુમાર** મહાવૈરાગ્યથી અતિ ઉત્કંઠાએ ભાગીને ચારિત્ર લેનાર છતાં પૂર્વભવની પત્ની અહીં શ્રેષ્ઠિ-કન્યા બનેલી તેના રાગમાં તણાયા વિપર્યય પામ્યા, તો માર્ગ ચૂકયા. ઘરબારી થયા. પછી પશ્ચાત્તાપ સળગ્યો અને રાગનાં બંધન ફગાવી દઈ મહામુનિ અવધિજ્ઞાની બન્યા.

(૩) વળી ભ્રાન્તિ એવી થાય છે કે 'હું ઘરે હતો ત્યાં આવા આવા ઊંચા દ્રવ્ય વાપરતો, આવી સત્તા ધરતો; ત્યારે અહીં ચારિત્રમાં કૂચે મરવાનું થાય છે.' કુંડરીક એ ભ્રાન્તિમાં પડ્યા, ૧૦૦૦ વર્ષ ચારિત્ર પાળ્યા પછી ઘરે આવી ભેફામ બન્યા તો સાતમી નરકે ગયા!

(૪) અથવા ભ્રાન્તિ એવી થાય કે 'સન્મતિતર્ક આદિ શાસ્ત્રાધ્યયનના કારણે આધાકર્મિક આહારની શાસ્ત્ર છૂટ આપે છે. તો આપણે અધ્યયનાર્થે આજના છેવટ્ઠા સંઘયણનું શરીર અને મગજ પુષ્ટ રાખવા આધાકર્મિક આદિ આહાર લો, ઘી-દૂધ

રીતસર વાપરે.' આ ખોટી બુદ્ધિ છે. આર્ય મંગુ આચાર્ય વિગઈઓમાં પડવાથી હલકી જક્ષ યોનિમાં ગયા.

અથવા વિપર્યાસ પામવો એટલે કે (૧) જે આ ચારિત્રનો માર્ગ લીધો, તેને અંગે કે તેના વિવિધ અનુષ્ઠાને અને મર્યાદાઓ અંગે ભ્રમ થાય કે 'શું આ ચારિત્ર સાથે જ મોક્ષનું કારણ હશે? બીજાએ તો જ્ઞાન અને વૈરાગ્યથી મોક્ષ '**ज्ञान वैराग्याभ्यां मोक्षः**' કહે છે. તો પછી ચારિત્રના કષ્ટ શા માટે? અથવા (૨) 'ચારિત્રમાં આટલી બધી ક્રિયાએ? આટઆટલી ઝીણી મર્યાદાઓ? આટલો બધો પંચાચારનો વિસ્તાર! અપવાદના સ્થાનો પણ શાસ્ત્રે ક્યાં નથી કહ્યા? એને કેમ ન આચરવા?' અથવા, (૩) 'અપવાદો તો કાયમ માટે. મોક્ષ તો એકાંતે ઉત્સર્ગ માર્ગથી જ મળે.'—ઈત્યાદિ ભ્રમણામાં એ નથી પડતો. કેમકે, (૧) એને ખ્યાલ છે કે **सम्यग्दर्शन ज्ञान-चारित्राणि एव मोक्षमार्गः। ज्ञानक्रियाभ्यामेव मोक्षः।** એકલો વૈરાગ્ય શું કરી શકે જો સાથે અચારિત્ર—અસંયમની ક્રિયા અને આહાર—વિષયાદિસંજ્ઞાના બંધન તથા સાપેક્ષભાવ ચાલુ હોય? એ તો પ્રતિજ્ઞાબદ્ધ ચારિત્ર અને સંયમની ક્રિયાએ જ હોય તો જ વૈરાગ્ય વધતાં વધતાં વીતરાગભાવે પહોંચી શકાય. વળી સાચો વૈરાગ્ય હોય તો અચારિત્રભર્યો ઘરવાસ રહે જ નહિ. ચારિત્ર આવે જ. ત્યારે (૨) ચારિત્રની ક્રિયાઓથી ન કંટાળવા આ વિચાર રહે કે સંસારની ઘણી પણ ક્રિયાએ, રસ હોવાથી, કષ્ટવાળી કે બહુબહુ લાગતી નથી, તો અહીં કષ્ટરૂપ ન લાગવા માટે રસ જોઈએ. અવળી ક્રિયાઓના ગાઢ સંસ્કાર વિપુલ અને રસભરી સવળી ક્રિયાએ વિના કેમ ટળે? ત્યારે ચારિત્રની ઝીણી મર્યાદાઓ

તો મહાવ્રતના રક્ષણાર્થે છે. વળી પંચાચારના વિસ્તાર તો જ્ઞાનાદિને આત્મામાં વ્યાપી દે છે. વિસ્તાર વિના આત્મામાં સાનુબંધ એકમેકતા ન થાય, કે જે ભવાંતરે ચાલે. ત્યારે (૩) અપવાદના રસિયા ન બનવા, 'અપવાદ એ ઉત્સર્ગની રક્ષા અર્થે હોય, ઉત્સર્ગના ઉન્મૂલન અર્થે નહિ,' એ વિચારવું. તેથી અપવાદ જેમ તેમ ન આચરાય. તેમજ એકલા ઉત્સર્ગનો ય આગ્રહ ખોટો; કેમકે પ્રસંગવિશેષમાં તદ્દન ભ્રષ્ટ થવું પડે કે અસમાધિ થાય, તેના કરતાં ઉત્સર્ગ સુરક્ષિત રાખવા તેવા પ્રસંગે અપવાદની આવશ્યકતા ય રહે. ત્યાં અપવાદસેવનનો ઉદ્દેશ ઉત્સર્ગના ઉદ્દેશને સમાન હોવો જોઈએ. રત્નત્રયીની સમાધિ અર્થે જ એ સેવન હોય. આમ સહજ વિચારસરણી, કે કોઇપણ પ્રસંગ કે વસ્તુનું અવલોકન, મનોરથનું ઘડતર, વગેરેમાં (૧) શાસ્ત્રજ્ઞાન, (૨) સદ્‌ગુરુ, (૩) અને સન્માર્ગ–સેવનના જ આગ્રહવાળી સંન્મતિ, એ ત્રણની સહાયથી કોઈપણ બાબતમાં ભ્રાન્તિ, ઊંધી સમજ, ચિત્તનો વિપર્યાસ ન થવા દે. વિપર્યાસ ન થાય તો જ ઇષ્ટ સાધી શકાય. આ માત્ર સામાન્યથી. વિશેષથી તો વિપર્યાસ ન હોવા સાથે ઇષ્ટસાધક સામગ્રી પણ જોઈએ. એટલું ખરું કે વિપર્યાસ ન હોવાથી કાર્યના શુદ્ધ ઉપાયમાં પ્રવૃત્તિ થઈ શકે.

સૂત્ર:–**एअअभावे अभिप्पेअसिद्धि उपायपवित्तिओ। नाविवज्जत्थोऽणुवाए पयट्टइ। उवाओ य साहओ नियमेण। तस्स तत्तच्चाओ अण्णहा, अइप्पसंगाओ। निच्छयमयमेवं।**

**અર્થ**:–વિપર્યાસ ન હોવાથી (સમ્યગ્) ઉપાયમાં પ્રવૃત્તિ થવાના કારણે ઇષ્ટ સિદ્ધ થાય છે. અ–ભ્રાન્ત પુરુષ મિથ્યા ઉપાયમાં પ્રવૃત્ત થતો નથી. ઉપાય તો (તે કે જે કાર્યનો )અવશ્ય

સાધક હોય નહિતર એનામાં તત્ત્વ યાને ઉપાયપણું ઊડી જાય, કેમકે અતિપ્રસંગ થાય. આ નિશ્ચયનયનો મત છે.

**ભ્રાન્તિમાં ઉપાયપ્રવૃત્તિ નહિ :—**

**વિવેચન :**—ઉપર કહ્યુ તેમ, પ્રવ્રજ્યા–પરિપાલન વખતે કોઈ ભ્રાન્તિને વશ ન થવાય અને ચારિત્રના જે ઉપાયો આગળ કહેવામાં આવશે તેમાં પ્રવૃત્તિ કરવામાં આવે, તો વાસ્તવિક ચારિત્રપાલન અને તેનું ઇષ્ટ ફળ મોક્ષ સિદ્ધ થઈ શકે. જો કોઈ પ્રકારની ભ્રાન્તિ ઊભી થઈ તો દેખાવમાં ચારિત્રપાલન રહેવાનું, પરંતુ એના વાસ્તવિક ઉપાયમાં પ્રવૃત્તિ નહિ હોય દા. ત. શિક્ષાગ્રહણ એક ઉપાય છે, પરંતુ વિધિની વિપરીતતા યાને વિનયનો અભાવ, વગેરે શિક્ષાની વિધિના વિપર્યાસથી કે ચિત્તના બીજા કોઈ ખોટા હિસાબ–લાલસા સાથે શિક્ષા લેવાય તો તે શિક્ષા વાસ્તવિક ચારિત્રનો ઉપાય નહિ બની શકે. એટલે એ શિક્ષામાં ખરેખર ઉપાયપણું જ નથી એમ આચરનારો એ વિપર્યસ્ત ભ્રાન્ત પુરુષ કહેવાય.

અવિપર્યસ્ત યાને ભ્રાન્તિ વિનાનો માણસ એવા આભાસરૂપ ઉપાયમાં એટલે કે અનુપાયમાં પ્રવૃત્તિ નહિ કરે. એ તો સાચા સાધનમાં જ પ્રવૃત્ત રહેવાનો. આ પરથી નક્કી થાય છે કે ફળના સાચા ઉપાય સમજી એમાં જ પ્રવર્તે, તો જ એની અભ્રાન્તતા કહેવાય, અને ત્યારે જ ફળની નિષ્પત્તિ થાય.

**ઉપાયાભાસ ફળજનક નહિ :—**

સાચો ઉપાય જ કાર્યને નિયમા સાધી આપે એમ ઉપાય સાચો હોય તો કાર્ય ફળ અવશ્ય નીપજે. અન્યથા જો કાર્ય પેદા કરવાનું એનામાં સામર્થ્ય જ નથી, તો તે સંપાદન કરેલ ઉપાયમાં ઉપાયપણું જ નથી. કાર્યનું એ કારણ જ ન કહેવાય. અર્થાત્ પોતાના કાર્યને ન કરનારે પોતાનામાંથી ઉપાયપણાને

તિલાંજલિ આપી ગણાય. કેમકે આવું જો ન હોય તો તો અતિપ્રસંગ આવે; અર્થાત્ જો કાર્ય કરવાના સ્વભાવ-સામર્થ્ય વિનાના આ કારણાભાસ યાને ઉપાયાભાસને કારણ કહેવું છે. દા.ત. વિધિ-વિનાના શિક્ષા-ગ્રહણને ચારિત્રનો ઉપાય કહેવો છે, તો પછી જગતમાં એવા કાર્ય કરવાના સામર્થ્યથી રહિત ગમે તેને પણ કારણ તરીકે કેમ ન અપનાવવા ? દા.ત. નિંદા-કુથલી-વિકથા આદિ પણ ચારિત્રના સાધક બનવાની કેમ આપત્તિ ન આવે ? અવિનયાદિ સાથે ગ્રહણ કરેલ શિક્ષાની જેમ એ પણ ફળસાધક નથી, છતાં એ વિકથા એવી અવિધિભરી શિક્ષાની જેમ ઉપાય તરીકે ગણાવી જોઈએ ! માટે જેમ વિકથાદિ ત્રાહિત, તેમ આ માનેલા ઉપાયભૂત અવિધિયુક્ત શિક્ષાદિ પણ કાર્યસાધક ન હોવાથી સાચા ઉપાય ન ગણાય.

**નિશ્ચયનયથી વીતરાગતા-સાધક કોણ ? :—**

પ્ર૦-તો પછી **પ્રાથમિક દશામાં કેમ** એવા **અવિધિયુક્ત** શિક્ષાગ્રહણાદિ ચલાવી લેવાય છે ? શું એ ઉપાય નથી ?

ઉ૦-ઉપાય ખરા, પણ **વ્યવહાર દૃષ્ટિથી.** અહીં જે કહ્યું તે નિશ્ચયમતના હિસાબે. નિશ્ચયમત સૂક્ષ્મબુદ્ધિગમ્ય છે સૂક્ષ્મતા આ, કે જે ફળને ન ઉત્પન્ન કરે તેને ઉપાય કહેવાય જ નહિ; નહિતર તો ભળતા પદાર્થ પણ ઉપાય કેમ નહિ ? જેમ એ ફળને પેદા નથી કરતા માટે ઉપાય નહિ; એમ માનેલાં કારણ પણ ફળને પેદા નથી કરતા માટે ઉપાય નહિ. દા. ત. જો વીતરાગ બનવું છે તો રાગ-દશા એનું કારણ ન બની શકે. એ માટે તો અનાસક્ત દશા જ જોઇએ. પ્રીતિ-ભક્તિ-વચનાનુષ્ઠાન રાગદશા-વાળા છે, માટે એ ઉપાય નહિ. કિન્તુ અસંગાનુષ્ઠાન યાને અનાસક્ત-ભાવવાળું અનુષ્ઠાન જ વીતરાગતાનો ઉપાય છે. રાગ હોય ત્યાં

સુધી તો વીતરાગતાને એ અટકાવે, પ્રતિબંધ કરે. પ્રતિબંધકને કારણ કેમ કહેવાય ?

પ્ર૦–તો પછી જિનભક્તિ વગેરે **પ્રીતિ–ભક્તિ–અનુષ્ઠાનો** તથા શુદ્ધ જિનાજ્ઞાની મમતાથી થતાં વચનાનુષ્ઠાન કેમ આરાધવાનાં કહ્યાં છે ?

ઉ૦–એ આરાધવાનું **વ્યવહારનયથી** જરૂરી છે. એનું કારણ એ છે કે વીતરાગ બનવું છે તો સર્વથા રાગોચ્છેદ કરવો જોઈશે. પરંતુ જીવને ઇન્દ્રિયવિષયો–પૈસા–પરિવાર વગેરે પર એટલા બધા ગાઢ રાગના સંસ્કાર વળગેલા છે કે એથી એ રાગ એમ હટે એવો નથી. એના માટે તો પહેલાં શ્રી વીતરાગ પ્રભુ, નિર્ગ્રન્થ ગુરુ,દયા–દાનાદિ ધર્મ, જિનાગમ, તીર્થો વગેરે પર રાગ જમાવાય, તો પછી એમનાં આકર્ષણ અને ઉપાસનામાં પેલા અશુભ સ્થાનોના પરિચય ઘટે, પ્રવૃત્તિ ઘટે, આકર્ષણ ઘટે. એમ કરતા કરતાં એના રાગ ઓછા થતા આવે, અને એક ધન્ય ઘડીએ એનો સંપૂર્ણ નાશ થઈ પ્રશસ્ત સ્થાનો દેવાધિદેવાદિમાં તન્મયતા વધી જતા રાગને બદલે હૃદયની એકાકારતા થવાથી અનાસંગ યોગ અનાસક્ત દશા આવીને ઊભી રહે. પછી વીતરાગ બનતાં વાર નહિ આમ મૂળ પાયામાં શુભ રાગના પ્રીતિ–ભક્તિ–વચનાનુષ્ઠાન ખૂબ આરાધાય તો જ અસંગાનુષ્ઠાને પહોંચાય છે, માટે એ જરૂરી છે, નિરુપયોગી નથી.

પ્ર૦–તો પછી નિશ્ચયનય કેમ એને ઉપાય માનતો નથી ?

ઉ૦–**નિશ્ચયનય સૂક્ષ્મતાએ વસ્તુ જુએ છે**, તેથી કાર્ય અવશ્ય ઉત્પન્ન કરે એને જ કારણ કહે છે. નિશ્ચયની આ

દૃષ્ટિ બરાબર ખ્યાલમાં રાખી વ્યવહાર આદરે એ નિશ્ચયના ઉપાય સુધી પહોંચી શકે છે. માટે એવો વ્યવહાર જ શુદ્ધ વ્યવહાર છે. તેથી જ વિપર્યાસ ટાળી વિધિપુરસ્સર આરાધના કરવી જોઇએ.

**અવિધિક્રિયાનું ય મહત્ત્વ અને સાવધાની :—**

પ્ર૦—તો શું પ્રાથમિક અભ્યાસદશામાં ગ્રહણ–આસેવનશિક્ષા–પ્રતિલેખના–આવશ્યકાદિ ક્રિયામાં વિપર્યાસથી થોડી અવિધિ થઈ જતી હોય તો તે ક્રિયા નકામી ?

ઉ૦—ના, નકામી નથી. અલબત્ નિશ્ચયનયની દષ્ટિએ એ ઉપાયભૂત નહિ, તેમ શુદ્ધ વ્યવહારનયની દષ્ટિએ પણ નહિ, છતાં જીવમા પ્રથમ તબક્કે સર્વથા શાસ્ત્રોક્ત વિધિપાલન આવવું મુશ્કેલ છે એ તો વિધિ–અવિધિ–મિશ્ર ક્રિયાનો અભ્યાસ પડતાં પડતાં આવી શકે. અર્થાત્ સરળ નિર્દંભ દિલથી શુદ્ધ વ્યવહારનું લક્ષ રાખી વીર્ય કે બોધના અભાવે અશુદ્ધ વ્યવહાર આદરાય, તે પણ શુદ્ધ વ્યવહાર માટે ઉપયોગી છે. અનંતા જીવો એ રીતે ઊંચે આવ્યા છે. અલબત્ એ બધા વ્યવહારનયથી ઉપાય કહેવાશે, તેમજ ત્યાં પણ વિધિ–પાલનનો પક્ષપાત અને અવિધિ માટે હેયબુદ્ધિ તથા પશ્ચાત્તાપ જાગ્રત્ જોઇએ. તો જ ક્યારેક અવિધિના એ અણગમાથી અવિધિત્યાગ સંભવિત બનશે. આમ વિધિના અત્યંત રાગ સાથેના ચારિત્ર–અંગોનું પાલન એ નિશ્ચયના લક્ષ્યવાળો વ્યવહાર ગણાય. એ આગળ લઈ જાય છે; પરંતુ જો મતિ–વિપર્યાસ થાય અને અવિધિ વગેરે ત્યાજ્ય તત્ત્વને જ ઉપાય માની પ્રવૃત્તિ કર્યે જાય તો તો એ ભૂલો પડી ગયો ! સાચા ઉપાયને બદલે ઉપાયાભાસમાં તણાયો.

પ્ર૦–(૧) તો પછી જે છેલ્લું કારણ કાર્ય નીપજાવે છે,

તેને જ ઉપાય કહો; તેની પૂર્વનાને શા માટે ઉપાય કહો છો? અથવા (૨) જ્યારે અમુક ઉપાય એ સામગ્રીના અભાવે કાર્ય નથી કરતો તો તેને ઉપાય જ શા સારુ કહેવો? (૩) અથવા શુદ્ધિ સચવાય તો જ જ્યાં કાર્ય થાય છે, ત્યાં શુદ્ધિ જ કારણ કહેવી. ઉપાય શા માટે કારણ? **અંતિમ સિવાયના કેમ કારણ?**

ઉ૦–આ **ત્રણનું સમાધાન** એ છે, કે (૧) છેલ્લા કારણને જન્માવનારાં કારણો વ્યવહારથી આ કાર્યનાં પણ કારણ કહેવાય. દા. ત. વીતરાગ પર અવિહડ રાગ થાય તો જ દુનિયાની આસક્તિ ઓછી થતી આવે. એમ કરતાં એ છૂટી, પછી બાકીની આસક્તિ છૂટતાં વાર નહિ. માટે સર્વથા અનાસક્તિ માટે વીતરાગ પર રાગ ઉપાય થયો. એને વ્યવહારથી વીતરાગતામાં કારણ કહેવાય, **નાગકેતુ** જિનભક્તિમાં એવા લીન બનેલા તે આગળ વધતાં અનાસક્ત બની વીતરાગ થયા. (૨) બીજું વ્યવહારમાં તો કોઈ ઉપાય દા. ત બીજ–સંગ્રહ કરવાનું આદરવાથી, બીજી ખેતર વગેરે સામગ્રીના અભાવે પાકનું ફળ ન આવે તો પણ તે બીજને ઉપાય તો કહેવાય જ છે. કારણ? બીજા અનુકૂળ સંજોગો મળે તો તે કાર્ય કરી શકે છે માટે. વળી જો કોઈ ઉપાય બીજાને આકર્ષી લાવે છે, દા. ત. મંગળ વિઘ્નનાશને ઉભો કરે છે, તો અંતરાય જવાથી સિદ્ધ થતા કાર્યમાં મંગળ પણ ઉપાય મનાય છે. (૩) એમજ દા. ત. ગુરુનો યોગ ચારિત્રશુદ્ધિમાં કારણ એ રીતે કે એ બીજાં કારણો ગુરુવિનય, વાચનાગ્રહણ–આસેવનશિક્ષા અને ક્ષયોપશમને તાણી લાવે છે. જો ગુરુયોગ જ નહિ, તો ગુરુનો વિનય શી રીતે કરે? વાચના, શિક્ષા, ક્યાંથી બને? એ વિના ક્ષયોપશમ શી રીતે થાય?

બ્રાહ્મણ ઇંદ્રભૂતિ ગૌતમ મહાવીર પ્રભુ પાસે આવ્યા તો જ ચારિત્રના અંગો પામ્યા. માટે ગુરુયોગ કારણ કહેવાય. ઉપાયમાં શુદ્ધ થયા પછી એજ શુદ્ધ ઉપાય કાર્ય સાધી શકે છે. માટે જ એકલી શુદ્ધિને નહિ પણ એ શુદ્ધ ઉપાયને કારણ કહેવું. એકલી શુદ્ધિ કોના આધારે હોય? શુદ્ધ વિદ્યાથી પંડિત કહેવાય છે, કેવળ શુદ્ધિથી નહિ. અશુદ્ધિ હોય તો ય ઉપાય વ્યવહારથી તો કારણ તરીકે કહેવાશે જ, નિશ્ચયથી નહિ કહેવાય. વ્યવહારથી સાધન તરીકે કહેવાનું એટલા માટે કે શુદ્ધ હૃદયે અશુદ્ધ પણ ઉપાયને આદરતાં આદરતાં એમાં શુદ્ધિ આવી જાય છે. બાકી નિશ્ચયથી તો ઉપાયની પાછળ કાર્ય આવે જ. કાર્ય ન આવતું હોય તો એમાં ઉપાયપણું ક્યાં રહ્યું? એમ નિશ્ચય-દૃષ્ટિ કહે છે.

**અવિપર્યાસ-સત્ત્વ-વિશુદ્ધિભાવપૂર્વક ચારિત્રપાલન**

તાત્પર્ય, ચિત્તનો કોઈ પણ પ્રકારે વિપર્યાસ ઊભો ન થવા દેતાં મહાસત્ત્વને જીવંત રાખી અને વિશુદ્ધ ભાવ વધતા રાખી ચારિત્રમાર્ગની સાધનાઓ કર્યે જવી એ પ્રવ્રજ્યાફળને જરૂર સાધી આપશે. જંબૂકુમારનો જીવ પૂર્વ ભવે મુનિ બન્યા પછી ઘરે નવોઢા મૂકેલી નાગિલાના મોહમાં ચિત્તવિપર્યાસ પામ્યો, સત્ત્વ ગુમાવ્યું, તો એ મુનિ પરિણામ પડી ઘરે જવા આવ્યા. પણ નાગિલાએ કલ્યાણમિત્ર બની એમને ઉત્તેજિત કર્યા તો એ મહાસત્ત્વ કેળવી પાછા ચારિત્રમાં સ્થિર થઈ એવું પાળ્યું કે પછી સ્વર્ગે જઇ શિવકુમાર રાજપુત્ર બનીને પિતાના અંતરાયે ઘરમાં રહેવું પડ્યું છતાં ચારિત્ર જેવું પાળ્યું. છઠ્ઠને પારણે આબેલ કર્યા પછી દેવ થઈ જંબૂસ્વામી બન્યા.

**(૨) સમભાવ–ગ્રહત્યાગ–શિક્ષાગ્રહણ**

સૂત્રઃ–से [1]समलेट्ठुकंचणे, [2]समसत्तुमित्ते [3]निअत्तग्गहदुक्खे, [4]पसमसुहसमेए, [5]सम्म सिक्खमाइअइ।

**અર્થઃ**–તે (૧) માટીનું ઢેફું અને સુવર્ણ પર સમદૃષ્ટિવાળો, (૨) શત્રુ–મિત્રને સમાન ગણનારો (૩) આગ્રહ–અગ્રહ–ગ્રહના દુઃખથી રહિત (૪) પ્રશમના સુખ સંપન્ન (૫) સમ્યક્ રીતે શિક્ષાને પ્રાપ્ત કરે છે.

**વિવેચનઃ**-હવે સાધુ થયો એટલે માટીનું ઢેફું અને સોના તરફ સમભાવવાળો એ બન્યો. અર્થાત્ 'સોનું–ચાંદી કિમતી છે, માટે સંઘરવા જેવું', માટી ઢેફાં માલ વિનાના, માટે તડછોડવા જેવા' એમ નહિ માને સોના પ્રત્યે મોહ નહિ, માટી પ્રત્યે તિરસ્કાર નહિ, એવી રીતે શત્રુ કે મિત્ર પ્રત્યે સમભાવ હોય. તેને શત્રુ ઉપર દ્વેષ નહિ, કે મિત્ર ઉપર રાગ નહિ.

પ્ર૦–આવો સમદૃષ્ટિ ગુણ તો વીતરાગને, અરિહંતને જ હોય ને ? સામાન્ય દીક્ષિતને શી રીતે ?

ઉ૦–ગુણમાં કે દોષમાં કે કક્ષાભેદ હોય છે 'સમદૃષ્ટિભાવ'ના ગુણની પરાકાષ્ટા વીતરાગમાં આવે; અને વચલી અભ્યાસની અવસ્થા સાધુમાં હોય અભ્યાસનો ઉપયોગ ન રાખે, તો પરાકાષ્ઠાએ ન પહોંચે અભ્યાસ પણ કેવો જોઈએ ? સાધક અવસ્થામાં સમદૃષ્ટિ આદિ ગુણ ઉત્કૃષ્ટપણે સિદ્ધ કરવાની ધગશ રાખીને અભ્યાસ થવો જોઈએ. જો એમ સમજી લે કે 'આપણે તો આ કાળમા કયા વીતરાગ થવાના હતા? માટે કાળાનુસાર સાધો' તો સમભાવની સાધનામાં જોમ નહિ રહે. આદર્શ-ઉદ્દેશ ઊંચો હશે તો શકય એટલા બળવાન વીર્યોલ્લાસથી રાગ-

દ્વેષને દબાવી સમભાવ સધાશે. માટી–સોનાને સમાન સમજશે તે આ સમજથી કે 'સોનું તો આત્માને મોહ પમાડી કર્મથી ખરડનારું છે.' આ સમજ હોય તો માટીનાં ઢેફાં કરતાં સોનું શું સુંદર લાગે? અરે! માટીનું ઢેફું તો શું, કિન્તુ વિષ્ટાના ય પુદ્ગલ એક દિવસ સોનાના અણુ–પુદ્ગલ હતા! એમ વર્તમાન પુદ્ગલ એક વાર માટી વિષ્ટાના પુદ્ગલ હતા! જગતમાં અણુઓમાં પરિવર્તન થયા જ કરે છે, એટલે એના એ જ અણુ એકવાર કોલસારૂપ બને છે, તો બીજીવાર રત્નરૂપ બને છે! એમ વિષ્ટાના અણુ સોનારૂપ બની જાય છે. વિષ્ટા પર કોઈએ ગુલાલ છાંટયો તેથી શું એને સુંદર માની મોહ કરવાનો? એક વખતના વિષ્ટાના પુદ્ગલ ઉપર ફેરફાર થઈ ચકચકાટ રંગ, સ્પર્શ વગેરે આવ્યા, એટલે આજે સોનું દેખાય છે. કાળે કરીને એ ય પાછું પલટાઈ જશે. કરોડપતિના ઘરેથી આવેલી પત્ની નક્કી પલ્ટાઈ જવાની ખબર પડે પછી એના પર સમજુ પતિને આકર્ષણ કયાં રહે છે? એમ અવશ્ય પલ્ટાઈ જનારા સોના ઉપર રાગ શાનો થાય? ત્યારે માટી પણ પલ્ટાઈ રત્નરૂપે ય બની જશે, તો વર્તમાન માટી પર દ્વેષ શો?

વજ્રસ્વામી વિચરતા એક દેશમાં પધાર્યા; ત્યાં એક શેઠે કહ્યું, 'આ મારી પુત્રીની ઇચ્છા છે તો તમે એને પરણો. સાથે હું તમને એક ક્રોડનું ધન આપું' વજ્રસ્વામી તો સમલેષ્ટુકાંચન હતા. એ લોભાયા નહિ, પણ ઉલ્ટું એમણે છોકરીને આ માનવભવનાં સાચાં ધન દર્શન–જ્ઞાન–ચારિત્રની સમજ આપી, અને પરમાત્માને જ કાયમ સ્વામી બનાવવા ઉપદેશ આપ્યો; એટલે છોકરી વૈરાગ્ય પામી સાધ્વી થઈ.

વળી શત્રુમિત્ર પર પણ સમભાવ રાખવાનો, શત્રુ માટે એમ થાય કે 'આ મારૂં શું બગાડી શકે ? આ તો, આ બિચારાની પાસે કર્મગૂંડો બળાત્કારે આવું કામ કરાવી રહ્યો છે. એમાં આનો શો દોષ ? શા સારુ આના પર દ્વેષ કરૂં ? એ તો ઉલ્ટું મારા કર્મકચરાને દૂર કરવામાં સહાયક છે, તો એને તો ઉપકારી માનુ.'

(૨) **ખંધકમુનિને** રાજાએ રાણીનો યાર સમજી મારાને મુનિની ખાલ ઉતારી લાવવા મોકલ્યા. મુનિ વિચારે છે, 'એ રાજા તો ભાઈ થકી ભલેરા ! કેમકે મારાં તેવાં પૂર્વકૃત કર્મ છોડાવવા આ કરે છે. આ સહવામાં તો સર્વ કર્મ નષ્ટ થતાં ઈષ્ટ મોક્ષ મળશે.' એમ સમશત્રુમિત્ર બની ખાલ ઉતારવા દીધી, અને સમતાથી કેવલજ્ઞાન પામી મોક્ષે સિધાવ્યા ! રાજાએ પછી જાણ્યુ કે 'આ તો રાણીના ભાઈ હોવાથી રાણીને ઘણા વરસે એમનાં દર્શન થવા પર આંસુ આવેલા.' તેથી રાજાને ભારે પશ્ચાત્તાપ થયો. એ પણ એમ જ સમલેષ્ટુકાંચન અને સમશત્રુમિત્ર બની ચારિત્ર આરાધી મોક્ષ પામ્યો.

શત્રુની જેમ મિત્ર ઉપર પણ મન વિહ્વળ કરવાની જરૂર નહિ. કેમકે આજના મિત્ર–સ્નેહી–સગા પણ અવસરે શત્રુ બની જાય ! તેથી એના પર રાગ શો કરવો ?

(૩) 'निअत्तग्गह–दुक्ख'ના ૩ અર્થ:–કે દીક્ષિત આત્મા નિવૃત્તાऽऽગ્રહદુ:ખ :, નિવૃત્તાऽગ્રહદુ:ખ અને નિવૃત્તગ્રહદુ:ખ બને. આમાં નિવૃત્ત આગ્રહ, અગ્રહ અને ગ્રહ એમ ત્રણ શબ્દ લેવાય.

**તેથી** અર્થ એમ થાય કે (i) આગ્રહદુઃખ વિનાનો, (ii) અગ્રહદુઃખ વિનાનો, (iii) ગ્રહદુઃખ વિનાનો.

(i) **'અગ્ગહ'=આગ્રહ.** મુનિ અસદ્ આગ્રહી ન બને; આગ્રહના દુઃખ યાને કલેશ વિનાનો બને. આગ્રહ એટલે અહંકાર કે લોભ વગેરે કષાયની પકડથી અતત્ત્વનો અભિનિવેશ, હઠાગ્રહ. એ દુઃખ છે, કલેશ છે. એ આત્માને પીડે છે, દુઃખની પરંપરા સર્જે છે, મોક્ષસાધક સાધુ એનાથી રહિત હોય. એ સમજે છે કે 'એવા **કદાગ્રહથી** તો બહુ તો **પુણ્યકર્મના વિપાક** પોષાય છે, એટલે કે યશ વગેરે મળે છે, પણ એમાં તો **સત્તત્ત્વ સન્માર્ગથી વંચિત** રહી મદ પોષવાનું થાય છે, એમાં આત્માનું મોક્ષોપયોગી શું વળ્યું ?'

આગ્રહના પાપ ભયંકર છે. 'આ આમ જ થવું જોઈએ, અથવા આ આમ જ હોય,'–એ આગ્રહ અનેક કુવિકલ્પો અને દુર્ધ્યાનને સર્જે છે, આગ્રહવાળો દા. ત. પ્રતિક્રમણ કરવા ગયો. બારી પાસે જગ્યા ન મળી, તેથી પવન આવતો નથી. તે અનેક કુવિકલ્પો ઘડશે, 'આ માણસ બેઠો તેથી જ પવન રોકાઈ ગયો, જો તે આમ બેઠો હોત તો તેનું શું જાત ? બુદ્ધિ હોય તો ને ? બેસતાંય નથી આવડતુ ઘરના માણસો ય એવા છે. ખબર ન રાખે કે મારે પ્રતિક્રમણ કરવા જવાનું છે. કટાસણું ઠેકાણે રાખ્યું હોત તો વહેલો આવત, અને ચોક્કસ સારી જગ્યા મળતે.' અથવા 'આટલો મોટો ઉપાશ્રય છે, તો બારીઓ વધારે રાખવી જોઈએ. હું, પેલી બારી બંધ છે શું તે બંધ ન કરી હોત તો ન ચાલત ? પવન કેટલી છૂટથી આવત ?' વિચારો કે 'પવન આવવો જ જોઈએ'–આ આગ્રહથી એ કેટલો દુઃખી થઈ રહ્યો છે ? એને એમ નથી થતું કે 'બારી પાસે

જગ્યા ન મળી, તેથી શું થઇ ગયું ? ન ય મળે; ક્યાં બધા બારી પાસે બેઠા છે ? પવન ન મળતાં, આ કાયામાંથી શું ઓછું થઈ જવાનું છે ? ઘર–દુકાનમાં ક્યાં પવન મળે છે ? અથવા આખો દિવસ તો પવનમાં ફરું છું, તો ઘડી પવન ન મળ્યો, તેથી શું ? જડ–સગવડ કરતાં તો ક્રિયા વધુ મહત્ત્વની છે, લાભદાયી છે. પવનની ઈચ્છામાં તો વાયુકાય જીવોની વિરાધનાની અનુમોદના છે.' આગ્રહ ન હોય, તો એ પ્રમાણે વિચારે તેથી કુવિકલ્પો, દુર્ધ્યાન અને કષાયથી મુક્ત થાય. આ સામાન્ય દાખલા પરથી સમજવાનું, કે જો આગ્રહ આવી તુચ્છ–નજીવી વાતમાં આટઆટલા કુવિકલ્પોથી પીડે, તો મોટી વાતમાં કેટલા ભયંકર વિકલ્પોની હોળી સળગાવે ?

પુણ્ય દુબળુ મળ્યું હોય ત્યાં આગ્રહ શા સારુ રાખવા કે આ શાતા, આ ઋદ્ધિ, કે આ માનપાન મળવું જ જોઈએ ? **સુખ સગવડના માલ પુણ્યના નાણાં પ્રમાણે જ મળે.** નાણાં ન પહોંચતા હોય, ને માલનો આગ્રહ રાખવો એ ખોટું. વળી **અનંતા કર્મ જ્યાં જીવને ગુલામની જેમ વેઠમાં ઘસડી રહ્યા હોય, ત્યાં ગુલામને આગ્રહ શા કે 'મારું આ માન રહેવું જ જોઇએ ?** મારૂં બીજાએ માનવું જ જોઈએ ? એવા આગ્રહમાં પુણ્ય અનુકૂળ નહિ હોવાથી માન ન મળતાં ભારે ચિત્ત–ક્લેશ થાય છે. એમ **માયાના કે ક્રોધના આગ્રહ પણ ફોગટ છે.** જીવને સંયોગો શીખવે છે, કે 'તું ક્રોધ કર, અભિમાન કર, માયા કર,' પછી પોતે તેનો આગ્રહ રાખવા છતાં ન ફાવ્યો તો કહેશે, 'દુનિયા બધી એવી જ છે. અહંભાવી છે. ઉઠાવગીર છે.' આ કેવું ? જગતને દબાવવા ગયો, પણ પુણ્યાઈ

કાચી, તેથી જાતે જ દબાયો, છતાં હજી આગ્રહને વશ વાંક પુણ્યનો નહિ પણ મલિન હૃદયથી વાંક જગતનો જુએ છે. જેમ મૂર્ખ માણસ ગામનું બળતું જુએ; પણ પોતાના પગ નીચે બળતું નહિ જુએ; એમ આગ્રહી લોક જગતનો પ્રપંચ, જગતનું અભિમાન, વગેરે અવગુણ જોશે, માત્ર પોતાના એના એ જ છતા પણ અવગુણો નહિ જુએ. અને ધારો કે એ કષાયની પકડમાં પકડાયો છે, ને તેમાં પોતાનું ધાર્યું જો થઈ ગયું, તો કહેશે, 'આવી રીતે જ બધું કરવું જોઈએ. મ્હેં નો'તું કીધું કે આમ કરીએ તો જ નભે?' આમ **પકડ જ વધવાની**, આગ્રહ વધવાનો, તેથી જૂના દોષો તો જીવંત રહેવાના, પણ સાથે નવા દોષો પણ પગભર થવાના! આમ આગ્રહ એ જ મહાદુઃખ છે. એ ન હોય, તો કાં ક્રોધ–માનાદિ કષાયો કરતે નહિ, અને થઈ જાત તો 'કયાં કશુ આપણે સાથે લાવ્યા છીએ?' એમ વિચારી કષાયથી પાછો ફરત. **કષાયના આગ્રહમાં કષાય વધે છે.**

**એમ, મિથ્યા કલ્પનાના આગ્રહ રાખવા જતાં** માર્ગભ્રષ્ટ થવાય છે. **જમાલિને** આગ્રહ બંધાઈ ગયો કે 'શિષ્યે સંથારો પાથરવાનું કામ પુરું કર્યું નથી અને એ કેમ કહે છે કે સથારો થયો? માટે કાર્ય થતું હોય ત્યારે થયું કહેવાય નહિ.' આ આગ્રહમાં જમાલિ સમ્યક્ત્વથી ભ્રષ્ટ થયો, અને એનો સંસારકાળ વધી ગયો! મહાવીર પ્રભુની પુત્રી અને જમાલિની પત્ની પ્રિયદર્શના સાધ્વી થયેલી, તે પણ એની પાછળ આગ્રહમાં પડેલી; પરંતુ શકડાલ શ્રાવકે એનો સાડાનો સહેજ છેડો સળગાવતા એ બોલી, 'અરે! આ શું કરો? આ મારો સાડો સળગ્યો?' ત્યારે શકડાલ કહે છે, 'એમ કેમ કહેવાય?

તમારે તો પૂરો સળગી રહ્યા પછી જ સળગ્યો કહેવો જોઈએ.' એ તરત ભૂલ સમજી ઠેકાણે આવી ગઈ, આગ્રહ છોડી દીધો

(ii) એવી રીતે **'અગ્ગહ' એટલે અગ્રહ, અજ્ઞાન, અણ-** સમજ, અવિવેક. એનું પણ દુઃખ–ક્લેશ બહુ ભારે! એ બે **રીતે**–(૧) એક તો અબોધ–અજ્ઞાનતાથી ઉંધી ખતવણી, ચિત્તમા ખોટા વિકલ્પ, ખોટી વ્યાકુળતા, કર્મબંધ બહુ રહે. તેથી મુનિ શક્ય જ્ઞાન–સમજ–વિવેક પ્રાપ્ત કરે, બાકી જ્ઞાનીની નિશ્રાએ ચાલે; પછી કોઈ ચિત્તક્લેશ નહિ. (૨) બીજું એ, કે એમાં ય પોતાને જેટલું જ્ઞાન કર્મોદયે પ્રાપ્ત ન થાય, અર્થાત્ જેટલો અગ્રહ રહે, એનું દુઃખ ન ધરે, પણ અજ્ઞાન–પરીસહ સમભાવે સહન કરતો ચાલે; અર્થાત્ સમજે કે 'મારૂં કામ જ્ઞાનીની આજ્ઞાનુસાર સૂત્ર–અર્થ–પોરિસી દત્તચિત્તે સાચવવાનું. શ્રુત–આગમ-સ્વાધ્યાયમાં પૂર્ણ ચિત્તોપયોગ રાખી પરિશ્રમી બન્યા રહેવાનું. બાકી તો પૂર્વબદ્ધ જ્ઞાનાવરણકર્મનો ઉદય શાંતિથી વેઠી લેવાનો.'

**યવ રાજર્ષિને** ગુરુ કહેતા છતાં એ જ્ઞાનોદ્યમ કરતા નહોતા. પછી જ્યારે પુત્રને પ્રતિબોધ કરવા જતાં એમણે રસ્તામાં ખેડૂત, કુંભાર અને છોકરાની ૩ ગાથા સાભળી, એ મુકામે રાતે રટતા રહ્યા, તો એના પર પોતાને પ્રાણરક્ષા, પુત્રની દ્રોહી મંત્રીથી રક્ષા, અને મંત્રીએ છૂપાવેલ પોતાની પુત્રીનો મંત્રીના કબજામાથી છૂટકારો,–એમ ત્રણ મહાન લાભ થયા! ત્યારે એ જોઈને અગ્રહ અજ્ઞાનનું દુઃખ સમજી ગયા, અને પછી જ્ઞાન માટે પરિશ્રમી બન્યા, અને અગ્રહના દુઃખથી બચ્યા.

**ઉત્તરાધ્યયન સૂત્રના ચોથા અધ્યયનની** માત્ર ૧૩ ગાથા યાદ કરતાં એક મુનિને ૧૨ વર્ષ લાગ્યા, તો પણ એ અગ્રહ–

અજ્ઞાન–પરીસહ સહન કરી બારે વરસ ગોખવા સાથે આંબેલ કર્યે ગયા, તો જ્ઞાનાવરણાદિ કર્મોના ભારે વિધ્વંસ કરનારા બન્યા.

(iii) વળી 'ગ્ગહ' ગ્રહપરિગ્રહ પૂર્વગ્રહ કે વ્યુદ્ગ્રહ. તેનું પણ દુઃખ ભારે! સઘળા કલેશનું મૂળ પરિગ્રહ છે. એમ પૂર્વગ્રહ, વ્યૂદ્ગ્રહ પણ કલેશરૂપ છે. એ પાપ તો સાધુમાંથી દૂર જ હોવું જોઈએ.

પરિગ્રહનાં દુઃખ 'આયે દુઃખં વ્યયે દુઃખમ્' વગેરેથી પ્રસિદ્ધ છે. અર્થના ઉપાર્જન–વર્ધન–સંરક્ષણ–વ્યય ઇત્યાદિમાં દુઃખનો પાર નથી. ચિત્ત સંક્લેશમાં રહ્યા કરે છે. **રત્નાકર સૂરિએ** મોતીનો સંગ્રહ રાખેલો, તેની ખબર પડવાથી શ્રાવકે વ્યાખ્યાન સભામાં સૂરિને પ્રશ્ન કર્યો કે 'મુનિ પરિગ્રહ રાખી શકે?' સૂરિજીએ અનેક રીતે વિવેચન કરી પ્રશ્ન ઉડાવ્યો. એમ રોજ ચાલ્યું, છેવટે પોતે સમજી ગયા કે 'મારો મોતીનો પરિગ્રહ મને આ રીતે સંક્લેશમાં મૂકી રહ્યો છે,' તેથી મોતીનો ચૂરો કરી આકાશમાં ઉડાડી દીધો, અને પછી જે વ્યાખ્યાન આપ્યું તેનો શ્રાવક પર અદ્ભુત પ્રભાવ પડયો. શ્રાવકે પૂછતાં એમણે ખુલાસો કર્યો. સૂરજીએ એ પછી સુંદર 'રત્નાકર પચ્ચીશી' રચી.

પૂર્વગ્રહનું દુઃખ પણ ભારે. એમાં અમુક જાતના પૂર્વબદ્ધ અનુચિત ખ્યાલને લીધે ચારિત્રધર્મની સાધનાના અંગોમાં ખામી આવે છે. **આર્યરક્ષિતસૂરિના પિતા મુનિને** પૂર્વગ્રહ હતો, તેથી એ ચોળપટ્ટાને બદલે પીતાંબર પહેરતા, છત્ર પાવડી રાખતા, ગોચરી નહોતા જતા. પરંતુ આચાર્ય મહા-

રાજે કુનેહથી ધીરે ધીરે એ બધું મુકાવ્યું. તો એ ચિત્તમુનિ મહાન સાધુ બન્યા, ચિત્તક્લેશ રહિત થયા, સમજી ગયા કે પૂર્વગ્રહની ચર્ચામાં ક્લેશ હતો.

એમ ગ્રહ=વ્યુદ્‌ગ્રહનું દુઃખ પણ ભારે, કેમકે એથી કોઈના દ્વારા ખોટી રીતે વ્યુદ્‌ગ્રાહિત થતાં ગુર્વાદિ પર અરુચિ, અણગમો થાય છે. અગર સાધનાના અંગ પ્રત્યે અભાવ કે બેદરકારી થાય છે; અને કદાચ ચારિત્રમાર્ગથી ભ્રષ્ટ થવાનું પણ બને છે ! સિદ્ધર્ષિગણી ગુરુના ના કહેવા છતાં બૌદ્ધ મઠમાં એનું જાણવા માટે ગયા. પણ ત્યાં ય પેલાઓએ એમની તેજસ્વી બુદ્ધિ દેખી એવા ચડાવ્યા કે 'અહીં અમારા આચાર્ય બનો.' હવે એવા વ્યુદ્‌ગ્રાહિત થઇ પાછા પૂર્વની કબુલાત મુજબ ગુરુને ઓઘો (રજોહરણ) પાછો સોંપવા આવ્યા. ત્યાં ગુરુ સમજાવે છે, છતાં બૌદ્ધનું આકર્ષણ છૂટતું નથી. એટલે ગુરુએ એમને શ્રી હરિભદ્રસૂરિ–રચિત જિન અને જૈનશાસનની અવ્વલ વિશેષતાઓ સમજાવતો શ્રી 'લલિતવિસ્તરા' ગ્રન્થ વાંચવા આપ્યો એથી વ્યુદ્‌ગ્રહ છૂટી પક્કા સાધુ બન્યા અને એમણે વિશ્વમા અપ્રતીમ રૂપક ગ્રન્થ 'ઉપમિતિ ભવપ્રપંચા કથા' લખી !

(૪) '**પસમસુહસમેએ** :'–અગ્રહ અને ગ્રહની પકડ-માંથી જે બચ્યો, એણે તો મોહને લપડાક લગાવી કાઢ્યો ! મહાન કર્મબંધ સહેલાઈથી અટકાવ્યો ! દોષોને પોષણ ન આપ્યું, અને ગુણોને આવવા અદ્‌ભૂત અવસર આપ્યો. તેથી કષાયોની હોળી શાંત થઇ ગઈ. એટલે હવે મુનિ દિવ્ય પ્રશમ સુખથી ભરેલા હોય. ક્રોધ દુઃખ છે, ક્રોધ નથી એ મહાન સુખ છે. માન કે

લોભ નથી એ મહાન સુખ છે. ઈચ્છાઓ છે, માટે તો **રોઈએ છીએ, અરે ! જીવતા મરી રહ્યા છીએ.** તૃષ્ણા અને અહંત્વ એ ભયંકર અપૂર્વ ક્ષયરોગ છે. આત્માના પ્રશમ–સુખનાં ફેફસાને એ કોરી ખાય છે, અને જીવને ભાવ–મૃત્યુવશ કરે છે. કષાયોના આગ્રહ છોડયા એટલે પ્રશમસુખ સમીપ બન્યા. **પ્રશમ એટલે જેમાં ક્રોધની આગ નહિ, માનનો ઉધમાત નહિ, માયાના ગુંચળા નહિ, ને લોભની વ્યાકુળતા નહિ.** આ દશા સ્થિર થઈ જાય પછી તો જગતની એવી કોઈ ચીજ નથી કે જગતનો એવો કોઈ પ્રસંગ નથી, કે જે તેની સાગરગંભીર પ્રશાંત હૃદયની સપાટીને પણ હલાવી જાય; પછી અંદરનું તો હાલવાની વાત જ શી ?

**નમિરાજાને** દાહજ્વર વખતે રાણીઓએ ચંદન લસોટતાં, કંકણોનો અવાજ બાધક લાગવાથી એકેક કંકણ રાખી બાકીના ઉતારી નાખ્યા. રાજા પૂછે, 'હવે કેમ અવાજ નથી ?' તો કહ્યું, 'અનેક કંકણના ઘર્ષણથી અવાજ હતો, હવે એકેક હોઈ અવાજ નથી.' રાજા એના પર આધ્યાત્મિક વિચારમાં 'હું, કાયા, કર્મ, રાજ્ય, અંતઃપુરાદિ અનેકમાં ભળ્યો હોઇ ઘર્ષણમાં છું, એકલો હોઉં તો કોઇ ઘર્ષણ નહિ, કોઇ દુઃખ નહિ.' આ ભાવના બાદ જ્વર શમ્યો; તરત એ મુનિ થઇ નીકળી પડયા. ઇંદ્ર વિપ્ર રૂપે પારખું કરવા આવે છે. મિથિલા–બળતી દેખાડી કહે છે, 'મહારાજ ! આ ઓલવીને જાઓ.' ત્યાં સર્વત્યાગથી પ્રશમ સુખમાં ઝીલતા રાજર્ષિ કહે છે, 'મિહિલા એ ડજ્ઝમાણીએ, ન મે ડજ્ઝઇ કિંચણ' મિથિલા બળતી હોય તેમાં મારૂં કશું બળતું નથી' મિથિલાનો રાગ–મમત્વ, વગેરે કષાયો પીડે છે.

એનો ઉપશમ થવાથી કોઈ પીડા નહિ; મહાસુખ ! એથી સાગર–શા પ્રશાંત નમિ ઇંદ્રોના ઘણા પ્રશ્ન પર પણ ચળ્યા નહિ.

આવો ગુણસંપન્ન મુનિ કરે શું ? તો હવે કહે છે કે એ

## (૩) ગચ્છવાસ–ગુરુપ્રતિબદ્ધતા–વિનય–સદ્ભૂતદર્શન

સૂત્ર–गुरुकुलवासी, गुरुपडिबद्धो, विणीए, भूअत्थदरिसी, 'न इओ हिअं तत्तं' ति मन्नइ ।

**અર્થ**:–(૧)ગુરુકુલવાસી (૨) ગુરુને પ્રતિબદ્ધ (૩) વિનીત અને (૪) સદ્ભૂતાર્થદર્શી બની 'આ ( ગુરુકુલવાસ )ના કરતાં (બીજું) હિતકારી તત્ત્વ નથી' એમ માને.

**વિવેચનઃ**–આવો ગુણસંપન્ન મુનિ અધિકારી ( હકદાર ) હોવાથી ગ્રહણશિક્ષા અને આસેવન–શિક્ષાને સારી રીતે ગ્રહણ કરે. 'ગ્રહણ–શિક્ષા' એટલે શાસ્ત્રોમાંનું તત્ત્વજ્ઞાન, તથા 'આસેવન શિક્ષા' એટલે સમ્યક્ પંચાચાર કેવા અને કેમ સેવવા, તેનું શિક્ષણ અને અભ્યાસ. ગ્રહણ–આસેવન **શિક્ષા જ કર્મને શિક્ષા કરી સદંતર દૂર કરશે.**

એ માટે '**ગુરુકુળ–વાસી**' ગુરુકુળમાં ગચ્છમાં વસનારો બને. **વસનારો** એટલે ? તેમાંથી વચમાં બહાર નીકળી યથેચ્છ ફરનારો નહિ, પણ સતત સંસર્ગમાં રહેનારો બને, અને ગુરુકુલવાસની એટલે કે સુવિહિત ગચ્છમાં રહી ગચ્છની બધી મર્યાદા પાળનારો બને.

### ગુરુકુલવાસના લાભ :–

તત્ત્વદર્શી મુનિ "णाणस्स होइ भागी, थिरयरओ दंसणे चरित्ते य। धण्णा आवकहाए, गुरुकुलवासं ण मुञ्चंति" 'ગુરુકુલવાસને તો

ધન્ય આત્માઓ યાવજ્જીવ છોડતા નથી. કેમકે એથી સમ્યગ્જ્ઞાનના પ્રકાશ મળે છે, અને તેથી મિથ્યામતિ અને પાપવ્યાપારમાંથી જીવ ચંચળ થઈ, ઊઠીને સમ્યગ્દર્શન અને ચારિત્રમાં અત્યંત સ્થિર થાય છે' આવાં શાસ્ત્રવચનનો અનુગામી હોવાથી એમ માને છે કે ગુરુકુલવાસાદિથી અધિક ઊંચું કોઈ તત્ત્વ આરાધવા યોગ્ય નથી. એની અપેક્ષાએ બીજું કોઈ હિતકારી તત્ત્વ નથી, કે જે આદરણીય હોય. કેમકે ગુરુકુલવાસમાં સ્વચ્છન્દતા નથી ટકતી. તેથી મોહ દુર્બલ બની જાય છે. કદાચિત્ મોહની વૃત્તિઓ જાગવા જાય, તો ય સમુદાયમાં શરમ કે ભયને લીધે, અથવા સારા આત્માઓના આલંબનને લીધે, એ વૃત્તિઓ શમી જાય છે. વળી ગુરુકુલવાસમાં વિધિસર યોગ્ય જ્ઞાન અને શિક્ષણ મળે છે. તેથી પ્રગતિના સાચા પંથ પ્રગટ થાય છે, મોક્ષની નજીક થવાય છે. આવો ગુરુકુલવાસ મળ્યેથી આનંદ કેટલો હોય ? ગજબ ને ?

**ગુરુકુલહીનને ૮ નુકશાનો :–**

આચારાંગ સૂત્રમાં સુધર્મા ગણધર મહારાજ કહે છે "सुअं मे आवसंतेण भगवया एवमक्खायं" ભગવાન પાસે વસતા મેં એમનાથી કહેવાયેલું સાંભળ્યું" આમાં જ્ઞાનપ્રાપ્તિ ગુરુ-કુલવાસપૂર્વક કહી. ગુરુકુલવાસ ન હોય, એકલો ફરે, તો (૧) વિધિસર ગુરુ પાસેથી શિક્ષા ન મળે; (૨) ગુરુવિનયાદિ ધર્મ-સાધના ન મળે; (૩) સાધુસેવાદિ લાભ ન મળે; (૪) ત્યાગ, તપ, પરીસહસહનાદિ કરતા મુનિઓનું આલંબન ન મળે; (૫) અધમ માણસોના ઉપદ્રવ આવે; (૬) સ્ત્રીઓ તરફના આકર્ષણનો ભય અને અધમ સ્ત્રીઓની લલચામણમાં સપડાવાનું આવે;

(૭) મિથ્યાત્વીના આક્રમણનો ભય ને એથી લલચાવાનો સંભવ રહે; તેમ (૮) અપવાદમાર્ગની અવસરે ખબર નહિ તેથી અનુચિત ઉત્સર્ગ–ધર્મના આગ્રહે આત્મવિરાધના–સંયમવિરાધનાદિ પાપમાં જઈ પડે. માટે આ દોષેથી બચવા ગુરુકુલવાસમાં જ રહેવું.

**આષાઢાભૂતિ આચાર્ય** ગચ્છ મૂકીને નીકળ્યા, તો દેવતાઇ નાટક જોવા લોભાયા! ને ૭ માસ સુધી એ જોવા ઊભા! પછી આગળ પણ એકલા બાળકને જોઈ એના દાગીનામાં લોભાઈને એને મારી નાખી દાગીના લઇને ચાલ્યા! ગુરુકુલવાસ ગચ્છવાસ હોય તો વ્યવહારથી પણ સંકોચાઈ આવા પાપમાં ન પડત.

(૨) વળી **'ગુરુને પ્રતિબદ્ધ'** રહે. એનાં લક્ષણ 'પ્રતિબદ્ધ' એટલે સર્વેસર્વા બંધાયેલો તે પણ ગુરુ પર અત્યંત બહુમાન અને અનન્ય મમત્વ રાખી 'અહો! ભીષણ ભવોદ્ધારક મારા અતિમ ઉપકારી ગુરુ! શી વાત મારા ગુરુ!' એમ સમજી, ત્રણ લોકના સામ્રાજ્ય દેનારા કરતાં ય ગુરુના ઉપર ઘનિષ્ઠ આદર બહુમાન અને પક્ષપાત ધરનારો હોય. એમના પ્રત્યે અત્યંત હાર્દિક પ્રીતિ અને પૂજ્યભાવ ધરે જીવનની શ્વાસ લેવા, આંખના પલકારા થવા, વગેરે ક્રિયાને છોડી બાકીની સર્વ પ્રવૃત્તિમાં ગુરુને જ સુકાની કરે.

**ગુરુ–વિમુખને ૭ નુકશાન :–**

ગુરુ પર પ્રતિબંધ યાને અત્યંત મમત્વ ને બહુમાન નહિ હોય તો (૧) પંચાચારોદ્ધાર જેવા અતિ મહાન ઉપકારની પાછળ પણ કૃતજ્ઞતા ચૂકશે; (૨) ગુરુની સારણાવારણા સહન નહિ થાય; (૩) ગુરુની કદાચ આશાતના કે આજ્ઞા–ઉલ્લંઘન કરવાનું બની આવશે; (૪) ગુરુને બદલે જાતની પ્રશંસા ગાવાનું કે

જાતની હોશિયારી દેખાડવાનું પણ થશે; (૫) પ્રસંગે ગુરુની સલાહ લેવાનું મન નહિ થાય; (૬) ખોટાં સાહસનો સંભવ રહે છે. સિંહગુફાવાસી મુનિએ ગુરુ–બહુમાન ગુમાવ્યું તો એમની સલાહ ઓળંગી વેશ્યાને ત્યાં ચોમાસુ કરવા ગયા, અને પડ્યા! (૭) બહુમાન નહિ તેથી અભિમાન પોષાય; એથી જ્ઞાનાવરણાદિ કર્મ વધે! બીજી સાધનાઓ નિષ્ફળ જેવી નીવડે.

ગુરુ–બહુમાનથી મૃગાવતી, ચંડરુદ્રાચાર્યના શિષ્ય, પુષ્પચૂલા વગેરે કેવળજ્ઞાન પામ્યા

(૩) તેમજ મુનિ **'વિનીત'** એટલે બહારથી પણ અત્યંત વિનય–મર્યાદાવાળો હોય; શુશ્રૂષા, સેવા અને ભક્તિમાં તત્પર જ રહેતો હોય; ગુરુની આજ્ઞાને શંકા વગર હર્ષથી ઉઠાવતો રહે એટલું જ નહિ, બલ્કે ઘણું તો ઈશારાથી સમજી, તેમ દ્રવ્ય ક્ષેત્ર–કાળ–ભાવ પરથી સમજી, ગુરુની સેવા બજાવીને 'વિણય–મૂલો ધમ્મો' ધર્મના પાયામાં વિનય જોઇએ એ સમજી, એને અનુકૂળ વર્તી લે. એને કહેવું ન પડે

**ગુરુના અવિનયથી ૬ નુકશાન :–**

ગુરુવિનય ચાર જ્ઞાનના ધણી, ૫૦,૦૦૦ કેવળજ્ઞાનીના ગુરુ, અને સ્વયં દ્વાદશાંગીના રચયિતા તથા પ્રથમ ગણધર શ્રી **ગૌતમસ્વામી** જેવાએ સુંદર આરાધ્યો! તો આપણે તો એમના આલંબને અવશ્ય સાધવો જ જોઈએ, ગુરુવિનય નહિ હોય તો (૧) અવિનય, ઉદ્ધતાઈ આવે, (૨) મદ પોષાય. (૩) કાયાની સુખ-શીલતા અનાદિ કાળની જેમ અહીં પણ અકબંધ રહી ભારે કર્મબંધન કરાવે. (૪) વારંવાર વિનય સાચવીને સુખશીલતા–મદાદિના કુસંસ્કારભૂંસતા જવાની સુવર્ણ તક જાય! (૫) ઈતરો પણ

વિદ્યાગુરુનો ભારે વિનય કરે છે. તો એ જો મુનિનો અવિનય જુએ તો જૈનધર્મ તરફ અરુચિવાળા થાય, એથી શાસનહીલના થાય અને (૬) એ જાતને દુર્લભબોધિ બનાવે.

(૪) વળી તે 'ભૂતાર્થદર્શી' હોય. ભૂતાર્થ એટલે તત્ત્વભૂત પદાર્થ; એનો દર્શી એટલે એની ઉપાસનાના લક્ષવાળો. તત્ત્વ-ભૂત પદાર્થ આ કે 'આ ગુરુકુલવાસ કરતાં બીજી (ગુરુકુલ-નિરપેક્ષતાદિ) કોઈ હિતકર વસ્તુ નથી એવું આ ગુરુકુલવાસરૂપ તત્ત્વ છે,-' એમ માને. આ માનવાનું કારણ, કે ચારિત્ર લેનાર આત્મા (જિનવચન-શાસ્ત્રવચનને અનુસરનારો હોય છે અને શાસ્ત્રવચન પૂર્વે કહ્યું તે " णाणस्स होइ भागी...આ વચન કહી રહ્યું છે કે ગુરુકુલવાસમાં સમ્યગ્ જ્ઞાનની પ્રાપ્તિ અને સમ્યક્ દર્શન તથા ચારિત્રમા અધિકાધિક સ્થિરતા' થાય છે. માટે ધન્ય આત્માઓ જીવનભર ગુરુકુલવાસને છોડતા નથી. આ વચનથી એના હૃદયમાં નિશ્ચિત-ઠસેલું હોય છે કે એજ હિતરૂપ છે, પરમતત્ત્વ છે, ભૂત અર્થાત્ સદ્ભૂત યાને સાચો સેવ્ય પદાર્થ છે.

**તત્ત્વ-અતત્ત્વનાં દૃષ્ટાંત :-**

અહીં 'ભૂતાર્થદર્શી' શબ્દ બહુ સૂચક છે. એને વ્યાપક અર્થમાં આ પ્રમાણે વિચારી શકાય કે મુનિ સત્ય તાત્ત્વિક વસ્તુને જ જોનારો-માનનારો હોય. તાત્ત્વિક એટલે સત્ અને પરમાર્થવાળી વસ્તુને જ જોવાની ધગશ રહે અતાત્ત્વિકને મન-માં જ ન પેસવા દે; કાલ્પનિક જૂઠા પદાર્થો તરફ દૃષ્ટિ જ ન લઈ જાય. સત્ પદાર્થોમાં પણ તુચ્છ પ્રયોજનવાળા પદાર્થોની બહુ વિચારણા ન કરે. તત્ત્વમાં જ તે રમતો હોય. મિથ્યા-દર્શનીઓએ કલ્પેલા કહેવાતા તત્ત્વો, જેવાં કે,-એકાન્તવાદ,

સર્વથા નિત્યત્વ કે ક્ષણિકત્વ, આત્માનું દ્રવ્યથી જગદ્‌વ્યાપિત્વ, હિંસક યજ્ઞ વગેરે એ સ્વર્ગના સાધનો,—આ બધાં અતત્ત્વ છે, અસત્ય છે. તેમજ અતત્ત્વ એટલે તુચ્છ પદાર્થો, કુત્સિત વસ્તુ, આત્મઘાતક તત્ત્વો; જેમકે તત્ત્વભૂત દાન–શીલ–તપની અપેક્ષાએ પરિગ્રહ–વિષય–અને આહાર એ અતત્ત્વ છે. આત્મજ્ઞાનની સામે જડવિજ્ઞાન અતત્ત્વ છે, પરોપકાર આગળ સ્વાર્થ–સાધના અતત્ત્વ છે. અહિંસા–સંયમાદિ ધર્મસ્થાનકોની સામે પાપસ્થાનક અતત્ત્વ છે જ્ઞાન–ક્ષમાદિ ક્ષાયોપશમિક ધર્મો આગળ યશ-સૌભાગ્યાદિ, રસ–ઋદ્ધિ–શાતા વગેરે ઔદયિક ધર્મો અતત્ત્વ છે.

**આત્મપ્રગતિની જાંચ :–**

હવે એ અતત્ત્વને અવગણી તત્ત્વોનો ચિંતક, પૂજક, પક્ષપાતી અને ઉપાસક બને. જેમકે આત્માની અપેક્ષાએ દેહ અતત્ત્વ છે. તેથી તે દેહને ભૂલી આત્માને જ જોનારો હોય, 'આત્મામાં કેટલી શુદ્ધિ અને પ્રગતિ થઈ? એના વિશુદ્ધ જ્ઞાન–દર્શન–ચારિત્રના પર્યાય કેટલા વધ્યા? શુભધ્યાન કેટલું જામ્યું? તપસ્યા કેટલી કરી? આત્મા હળુકર્મી કેટલો બન્યો? દેહ તો અવત્ત્વ છે, સ્વય પાયમાલ થનારું અને બીજાને પાયમાલ કર–નારું છે. તેની બહુ ટાપટીપ શી? તે સુકાઈ જાય અગર જાડું થાય તો પણ શું? દેહને મરામતમાં નિજના જ આત્મવિકાસને રુંધી નાખવાની મૂર્ખાઇ ક્યાં સુધી? **અતત્ત્વો તો અલ્પકાલે નાશ પામી જશે; પણ એની ઘેલછામાં ઊભા કરેલા દુઃખ અને દુષ્ટ વાસનાઓ ચિરકાળ સુધી પણ નાશ ન પામતાં મારા જ આત્માને હેરાન કરશે. તો શું અસુંદર તત્ત્વો પાછળ મારા સુંદર આત્માને ગુમાવીશ?'**

આમ સહૃદય ઉંડા ચિંતન સાથે તત્ત્વ અતત્ત્વનો વિવેક કરી તત્ત્વને જ હવે અવલંબે. કોઇ અતત્ત્વે જશ આપીને સગવડ સાચવી,એ **અતત્ત્વની પાછળ આત્માના અમૂલ્ય પુણ્યને અને પુણ્યોપાર્જનના પુણ્ય અવસરને ખર્ચી નાખવા,** એ **તો કેવી મૂર્ખાઈ** છે !, કે જેમ, છ મહિનાની લાંબી મુસાફરીએ કમાઈ આવેલો પ્રવાસી, તાપથી તૃષા લાગતાં, પોતાને શરબતનો ગ્લાસ આપનારને પોતાની કમાઈ આપી દે, ઘડીના આનંદમાં જાતને લૂંટાવે, અને બાકીની લાંબી મુસાફરીની વિટંબણાઓ વધારે; તે પ્રમાણે સંસારની લાંબી સફરમાં અતત્ત્વ એવા શરીર-ઇંદ્રિયો પરિવારાદિને તત્ત્વભૂત માની તેને ખુશ કરવા માટે પૂર્વની પુણ્ય કમાઈ ખર્ચી નાખે, એટલે તો પોતાના આત્માને જ ભવાટવીમાં ગુમાવી બેસે ને ? આર્યપ્રજા તત્ત્વદર્શી બની જાય, તો પોતે એવી સુખી બને કે તેની આગળ દેવો પણ દુઃખી ગણાય.

રાવણે લંકા બથાવી પડેલા વૈશ્રવણને હરાવ્યો. **વૈશ્રવણને** યુદ્ધ-ભૂમિ પર લાગ્યુ કે' હવે જગતને મો શું બતાવું ? માટે આપઘાત જ કરું.' પણ પછી તરત **સદ્ભૂતાર્થ**-દર્શન કર્યું કે ' એમા કિંમતી જીવન અને મહાકિંમતી ચારિત્રસાધનાની તકનું નિકંદન નીકળશે.' તેથી હારીને પણ ત્યાં જ સંસાર ત્યજી ચારિત્ર સ્વીકારી લીધું !

વાલીના હાથે રાવણ હાર્યો. **વાલી** જીત્યો છતાં એણે **સદ્ભૂતાર્થ** જોયો કે ' આ રાવણ જેમ એના ચંદ્રહાસ ખડ્ગના વિશ્વાસે ઠગાયો, એમ હું પણ આ રાજ્ય, આ બળ, આદિના વિશ્વાસે બેસી રહેવામાં ઠગાઈશ.' તેથી એણે દીક્ષા લીધી.

આર્ય સમિતસૂરિએ શ્રાવકોને શીખવ્યા મુજબ શ્રાવકોએ

છે' એની ગવેષણા કરવી, ૬. अपोह=(વ્યતિરેક-અભાવ) ચોથા ગુણમાં 'ધારી રાખેલી વસ્તુથી વિપરીતપણે નથી બનતું ને?' એવી અનુભવ-દૃષ્ટાંતોમાં તપાસ કરવી. દા. ત. ધૂમાડો અગ્નિમાંથી જન્મે છે એમ સાંભળ્યું. એના પર 'ઊહા'થી વિચારાય કે 'બરાબર છે, રસોડું, પર્વત, યજ્ઞકુંડ વગેરેમાં એમજ દેખાય છે;' અને 'અપોહ'થી વિચારાય કે, 'સરોવર વગેરેમાં અગ્નિ વિના ધૂમાડો ઊઠતો નથી દેખાતો.' આ બે તર્કણા વિના પદાર્થનું સાંગોપાગ સચોટ જ્ઞાન નહિ થાય. ૭. अर्थविज्ञान=ઊહાપોહ કરીને તે ધારેલા પદાર્થનો સાંગોપાંગ અસંદિગ્ધ બોધ કરવો. તે સિવાય તેમાથી તત્ત્વનો નિષ્કર્ષ કાઢવો મુશ્કેલ. ૮. तत्त्वज्ञान= પદાર્થના વિશિષ્ટ બોધમાંથી તત્ત્વ-સિદ્ધાત નિશ્ચિત કરી, એનો આગ્રહ સાથે પક્ષપાત રાખવો. बुद्धेः फलं तत्त्व-विचारणं च ।

ટીકાકારે 'ધારણા' પછી 'વિજ્ઞાન' પહેલું લીધું, અને તે પછી 'ઈહા' ગુણ લીધો. ત્યાં એમ સમજવું કે ધારણા કરેલી છૂટક છૂટક વસ્તુઓના આંકોડા ગોઠવી, પદાર્થોનું ક્રમબદ્ધ સાગોપાંગ જ્ઞાન કરવું એ વિજ્ઞાન; જેથી પછી એના પર ઈહા એટલે કે અનુકૂળ વિચારણા થઈ શકે.

આ રીતે પદાર્થ અંગે સત્ય તત્ત્વનિર્ણય કરવાનું એને સૂત્ર ભણતાં મળશે. તેથી સૂત્ર ભણતી વખતે, એણે બુદ્ધિના આ આઠ ગુણનો ઉપયોગ કરવો જ જોઈએ. એ રીતે તત્ત્વનો નિર્ણય થાય એ માટે એ તત્ત્વનો ભારે પક્ષપાત રાખી હવે તે સૂત્રને વિધિ જાળવીને ભણે.

**(૨) તત્ત્વાભિનિવેશની આવશ્યકતાઃ**—બીજા સૂત્રમાં વિતથ અભિનિવેશનો ત્યાગ કરવાનું કહ્યું છે, અહીં તત્ત્વનો

અભિનિવેશ રાખવાનું કહે છે. એથી સૂચિત થાય છે કે અતત્ત્વ અંગેના, ને તુચ્છ વસ્તુ, અકિંચિત્કર વસ્તુ, ખાન–પાનાદિ અંગેના અભિનિવેશ યાને દુરાગ્રહ ખોટા છે. એની પકડ કદી નહિ રાખવી, નહિતર ઉત્સૂત્ર–ઉન્માર્ગના ભયંકર પાપમા ચડી જવાશે ! એવા અભિનિવેશથી બચવા તત્ત્વનો અભિનિવેશ, આગ્રહ, પકડ, મમત્વ એ સચોટ ઉપાય છે. કેમકે એ જો હશે તો મન કહેશે, 'જગતમાં સાચું તો આ જ; સારભૂત આ જ. બાકી બધું અસત્ય છે, અસાર છે **તત્ત્વ જ જીવનને સચેતન બનાવે છે, આત્માને પ્રજ્ઞતાને માર્ગે ચડાવે છે, મનને નિર્મળ કરે છે. અતત્ત્વથી તો જીવન જડ, આત્મા મૂઢ, અને મન મેલું** રહે છે તત્ત્વની બલિહારી છે. એમાં મતિ સારૂ અને પ્રવૃત્તિ સન્માર્ગી બને છે. એ માટે તત્ત્વનો અભિનિવેશ જોઈએ જ.

**તત્ત્વાભિનિવેશ વિના ૫ અનર્થ**:–તત્ત્વની ગાઢ પકડ મમત્વ નહિ હોય, તો (૧) 'ભાઈ ઠીક છે આ ય', એવી ઠીકાઠીક શ્રદ્ધાથી ચિત્ત અવસરે ચલિત થતાં વાર નહિ લાગે. (૨) અભિનિવેશ યાને દૃઢ મમત્વ નથી તેથી અવિધિ કરી નાખશે. (૩) વિષયરૂપી અતત્ત્વનાં આકર્ષણવશ, ભણાતા સૂત્રની વાતો હૃદયમાં જચશે નહિ, સ્થિર નહિ રહે, સામાન્યરૂપ લાગશે. (૪) એટલે પછી ગમે તેટલાં આગમ ભણે છતાં આત્મા કોરો ધાકોર ! એમ (૫) બીજા પ્રસંગોમા પણ તત્ત્વના આગ્રહ ન હોવાથી પ્રમાદ, સ્ખલના, મિથ્યા વસ્તુનાં આકર્ષણ વગેરે એમજ ઊભા રહેશે. **આનંદ કામદેવાદિ** શ્રાવકો તત્ત્વના અભિનિવેશ-વાળા હતા તેથી દેવોથી પણ ચલિત થયા નહિ ! માર્ગને જરા ય બાધ પહોંચાડયો નહિ. એમ સુવ્રતમુનિ, ધન્નો, શાલિભદ્ર,

પાદલેપથી નદી પર ચાલી આવતા બ્રહ્મદ્વીપના તાપસને ઘરે નોંતરી સત્કાર રૂપે એના પગ ધોઇ નાખ્યા! લેપ ધોવાઈ ગયો. પછી એને જમાડીને પાછો વળાવવા ચાલ્યા. પેલો લેપના ભરોસે નદી ઊતરતાં બૂડવા લાગ્યો. લોકમાં હાંસી થઈ. સૂરિજીએ ત્યાં આવી નદીને કહ્યું ‘અમને માર્ગ આપ.’ તરત નદીના બે ભાગ થઇ દ્વીપ સુધી રસ્તો નિર્જલ થઇ ગયો. ત્યાં જઈને ૫૦૦ તાપસોને પ્રતિબોધ કર્યા. એથી તાપસોએ **સદ્‌ભૂતાર્થ** જોયો કે ‘પાદલેપમાં ચમત્કાર નથી, ને મંત્રશક્તિમાંય ચમત્કાર નહિ. ચમત્કાર તો જીવોને અભયદાનમય તથા અઢાર પાપસ્થાનક રહિત પંચાચારના ચારિત્ર-જીવનમાં છે.’ પાંચસો ય સાધુ થયા.

ગુરુકુલવાસને ભૂતાર્થ સદ્‌ભૂત પારમાર્થિક હિતકર પદાર્થ તરીકે દેખનારો એ, દરિયામાં પડેલાને વહાણ મળી જતાં જેમ એને જ અત્યારે ખરો આધાર સમજી પકડી રાખે, વળી મહા-યોગી જેમ સચોટ રોગ-નિવારક મહાવૈદને સદ્‌ભૂતાર્થ સમજી પકડી રાખી એને જ સેવે, એમ મુનિ ગુરુકુલવાસને સદ્‌ભૂતાર્થ સમજી પકડી રાખે. ત્યાં ગુરુને પ્રતિબદ્ધ રહે, એમના વિનયમાં સજાગ રહે, માને કે આ બધાને છોડીને હિત શું છે?

## (૪) શુશ્રૂષાદિ-તત્ત્વઆગ્રહ-મંત્રવત્ સૂત્રાધ્યયનાદિ

સૂત્ર:-**सुस्सूसाइगुणजुत्ते तत्ताभिनिवेसा विहिपरे परममंतोत्ति अहिज्जइ सुत्तं बद्धलक्खे आसंसाविप्पमुक्के आययट्ठी।**

**અર્થ**:—તે (૧) શુશ્રૂષાદિ ગુણયુક્ત બની, (૨) તત્ત્વના સદ્‌આગ્રહથી (૩) વિધિતત્પર રહીને (૪) સૂત્રને પરમ મંત્ર સમજી ભણે, તે પણ (૫) લક્ષ્ય બાંધી (૬) આશંસા રહિત રહી મોક્ષનો અર્થી થઈને (ભણે).

**વિવેચનઃ**—પૂર્વે કહેલ ગુરુકુલવાસને સેવતો મુનિ શું કરે ? તે અહીં બતાવે છે. મુનિ ગુરુશુશ્રૂષાદિ ગુણોથી સંપન્ન બની અને તત્ત્વના આગ્રહથી વિધિતત્પર રહી સૂત્રનું અધ્યયન કરે, જિનાગમ ભણે. તેથી અધિકાધિક સર્વજ્ઞોક્ત તત્ત્વ અને માર્ગનું જ્ઞાન થતું જાય. તેમજ પવિત્ર શ્રુતોપયોગ સતત ચાલુ રહેવાથી, પાપ–વિચારો, મોહ–વિકલ્પો, દુર્ધ્યાન વગેરેથી જબરદસ્ત બચાવ મળે. આ સૂત્રાધ્યયન શુશ્રૂષાદિ ગુણ સાથે જ થાય.

(૧) **શુશ્રૂષાદિ ૮ એ બુદ્ધિના ગુણ છે :–**

**[૧]शुश्रूषा [૨]श्रवणं चैव [૩]ग्रहणं [૪]धारणं तथा ।**
**[૫]ऊहोऽ[૬]पोहोऽ[૭]र्थविज्ञानं [૮]तत्त्वज्ञानं च धीगुणाः ॥**

તત્ત્વજ્ઞાન માટે આ શુશ્રુષાદિ આઠ ગુણ ક્રમસર આરાધ્ય છે. તેમાં પહેલી શુશ્રૂષા એટલે સૂત્રે કહેલાં તત્ત્વ સાંભળવા માટેની તીવ્ર આતુરતા જોઈએ. આતુરતાવાળો જ વસ્તુનો સારો ગ્રાહક બને છે. ૨. શ્રવણ=આતુરતાથી ગુરુ પાસે જઈ સૂત્રોક્ત તત્ત્વને દત્તચિત્તે સાભળવુ સાંભળે જ નહિ, અથવા સાભળતા ચિત્ત બીજે હોય તે તત્ત્વ પામી શકે નહિ. ૩. ગ્રહણ=સાંભળેલા તત્ત્વને મનમાં પકડવું; અર્થાત્ ખાસ ચીવટ અને પ્રયત્નપૂર્વક, સાંભળેલી વસ્તુને સમજતા જવું સમજી લીધા વિના તો મનમાં ધારશે શું ? ને લઈ પણ શું જશે ? ૪ ધારણા=સમજેલા પર લક્ષ રાખી મનમાં એ યોજનાપૂર્વક ધારી રાખવુ; જેથી પછી એના પર વિચારણા કરી શકાય. ૫ ઊહ=(વ્યાપ્તિ) ગુરુ પાસેથી સાંભળી સમજીને યાદ રાખેલી વસ્તુ પર તર્ક કરી બીજા અનુભવોમાં કે દૃષ્ટાંતોમાં 'એ વસ્તુ એમજ લાગુ પડે છે, અર્થાત્ એ મુજબ જ બને

વગેરે મુનિઓ તત્ત્વના અભિનિવેશથી કઠોર તપસ્યા, સંયમપાલન અને સૂત્ર-સ્વાધ્યાય આદિમાં અત્યન્ત દૃઢપણે પ્રગતિ કરતા રહ્યા.

(૩) **વિધિપરતાઃ**–તત્ત્વનો અભિનિવેશ હોવાથી વિધિ તત્ત્વ પર પણ દૃઢ આગ્રહ હોય. તેથી એ વિધિ દૃઢપણે સાચવે. સૂત્રાધ્યયનની વિધિમાં તે તે સૂત્રને યોગ્ય કાળ, ગુર્વાદિના વિનય-બહુમાન, યોગોદ્વહન (નિયત તપસ્યા, વંદન, કાર્યોત્સર્ગ વગેરે વિધાન), ગુરુનો અનપલાપ, વગેરે જ્ઞાનાચારનાં પાલન સાથે, વાચના-માંડલીમાં યથાક્રમ સ્થાન, ગુરુનું આસનસ્થાપન, સ્થાપનાચાર્યસ્થાપન, વગેરે વિધિ સાચવી સૂત્ર, અર્થ અને સૂત્રાર્થનું અધ્યયન કરે.

(૪) **સૂત્રને પરમ મંત્ર સમજી ભણે.** અર્થાત્ કોઈ અપૂર્વ મહાન લાભદાયી શ્રેષ્ઠ મંત્રનો અભ્યાસ જેટલી એકાગ્રતાથી અને જે ભાવોલ્લાસભર્યા હૃદયથી થાય છે, તે રીતે સૂત્રને બીજા પાસેથી સાંભળવાનું અને પછી સ્વયં ભણવાનું કરે. મંત્રની ઉપમા એટલા માટે, કે જેમ મંત્ર સર્પાદિના એક ભવનાશક ઝેરને કાઢી નાખે છે, તેમ **અનંતજ્ઞાનીએ ઉપદેશેલ સૂત્રો સર્વશ્રેષ્ઠ મંત્ર હોઈ, અનેક ભવનાશક રાગદ્વેષરૂપી ઝેરને કાઢી નાખે છે.** માટે સૂત્રાધ્યયન તેવા અતિ ઉચ્ચ એકાગ્રભાવ અને ઊંચા શુભ ભાવોલ્લાસપૂર્વક કરવું જોઈએ. નાના બાળ વજ્રકુમારે ઘોડિયામાં પડ્યા પડ્યા સાધ્વીજીથી ગોખાતા સૂત્ર પર એવું એકાગ્ર ધ્યાન રાખ્યું કે એ બાળને ત્રણ વર્ષની ઉમરમાં આગમો કંઠસ્થ થઈ ગયા! બ્રાહ્મણ હરિભદ્ર સાધુ થઈ જિનાગમોને મંત્રવત્ ભણતાં પ્રખર શ્રદ્ધાળુ, ધુરંધર વિદ્વાન, અને ટંકશાળી શાસ્ત્રોના સમર્થ નિર્માતા આચાર્ય બન્યા!

(૫) **બદ્ધલક્ષ-બદ્ધલક્ષ્ય** :- વળી સૂત્ર ભણે તે એમાં આવતા કર્તવ્યોનુ લક્ષ રાખીને; અર્થાત્ જેમ જેમ સૂત્ર ભણતો જાય, તેમ તેમ એમાંથી 'આ આ મારે કર્તવ્ય છે.' એવો નિર્ણય કરતો જાય. કર્તવ્ય પ્રત્યે **જો લક્ષ ન બાંધ્યું**, તો ૫ **અનર્થ**:-(૧) ખાલી વિદ્વત્તા અર્થે અધ્યયન થશે; યા (૨) ગતાનુગતિકપણે કે લક્ષ વિના થશે; કે (૩) હરિફાઈ માટે થશે; યા (૪) માનપાનાદિ અર્થે થવાનું. એમાં (૫) ચિત્તની અશુદ્ધિ પોષાઈ અનુષ્ઠેય-કર્તવ્ય સત્કૃત્યો તરફ દુર્લક્ષ-બેપરવાઇ-નિષ્ક્રિયતા રહેવાની

**જ્ઞાન તો પ્રવર્તક હોય તો ઉપયોગી; નહિતર તો ગધેડા-માથે ચંદનભાર જેવું નીવડે; અને પ્રવર્તક તો જ બને કે એમાં સત્કર્તવ્ય તરફ લક્ષ જાગતું હોય, બદ્ધલક્ષતા હોય**

એમ બદ્ધ-લક્ષ્ય એટલે કે બદ્ધ લક્ષ્યવાળો યાને ધ્યેય-શુદ્ધિવાળો બનીને ભણે, પણ સૂત્રશ્રવણ અને સૂત્રપાઠની ક્રિયામા ઉદ્દેશહીન સંમૂર્છિમ ક્રિયાવાળો (શૂન્ય મનસ્ક) અગર મલિન ઉદ્દેશવાળો ન બને લક્ષ્ય આ કે, મારે '(૧) જિનાજ્ઞાપાલન કરી જીવન સફળ કરવું છે; (૨) મોહ-અજ્ઞાનના અંધકાર મિટાવી જિનવચનનો પ્રકાશ મેળવવા છે; (૩) કુવિકલ્પ-દુર્ધ્યાન-અસ-ત્પ્રવૃત્તિ આદિથી બચવા માલ જોઈએ છે; (૪) કર્મનિર્જરા, કર્મનો ક્ષય કરવો છેઃ (૫) અસત્ મન-વચન-કાયયોગથી બચવા શ્રુતોપયોગમાં રમતા રહેવું છે!...' આવા લક્ષ્ય સાથે શાસ્ત્રા ધ્યયન કરે. સાથે,

(૬) **આશંસાથી રહિત હોય** એટલે કે આ લોકના માનપાનાદિની અથવા પરલોકના બળ, ઋદ્ધિ, વૈભવાદિની આશંસા સ્પૃહા સેવ્યા વિના, એક માત્ર 'આયત' એટલે કે મોક્ષનો જ અર્થી બનીને સૂત્ર ભણે, અને સૂત્રકથિત-અનુસાર કર્તવ્યનિષ્ઠ બને.

**નિરાશંસ સૂત્રાધ્યયન કેમ ? જ્ઞાન એ તો આત્મસંશોધક ઉમદા ઔષધ છે, રસાયણ છે. ત્યારે આશંસા એ કુપથ્ય છે, રોગ વધારે; મેલ છે, કચરો વધારે.** જગતમાં જ્ઞાન વિના આત્માના કચરા કોણ સાફ કરે ? ત્યારે એ જ્ઞાન મળ્યા પછી પણ જો કચરા વધારાય તો એ કેવી મહાન મૂર્ખાઇ થાય ? માટે આશંસા ત્યજવી. વળી જગતની કોઇ પણ વાતની સ્પૃહાથી રહિત બનવામાં એ લાભ છે કે સૂત્ર ભણવામાં પછી જડ સ્વાર્થની દષ્ટિ નથી રહેતી. નહિતર તો, 'હું જલદી સારો વિદ્વાન તૈયાર થઈ જાઉ; પગભર (સ્વતંત્ર) થઈ જાઉં, બહાર નામ કાઢું,' વગેરે વગેરે લાલસા રહેવાથી આત્મહિત, સાચી ગુરુસેવા, અને ગુરુસમર્પણ ભૂલાય છે. ધાર્યું આવડે તો ગુમાન થાય છે, ને ઓછું આવડે તો દુર્ધ્યાન થાય છે. ગુરુની સુખ-સગવડતાને બદલે પોતાની જ અનુકૂળતા જોવાનું બને છે. નિરાશંસ ભાવમાં એ કાંઈ પંચાતી રહેતી નથી. કેમકે વર્તમાન કે ભવિષ્ય માટે કોઈ લૌકિક ધોરણો જ ઘડી રાખ્યા નથી. સાથે, મોક્ષની તીવ્ર અભિલાષા જાગ્રત રહેવાથી સૂત્રાધ્યયન ખૂબ ઉલ્લાસ અને ધીખતા ઉદ્યમથી થાય છે; પણ એમ નહિ કે 'થશે ધીમે ધીમે, શી ઉતાવળ છે ?' ભવવાસ પર ભારે ખેદ છે; મોક્ષના શાશ્વત સુખ, સ્વાતન્ત્ર્ય અને તદ્દન વિશુદ્ધ આત્મસ્વરૂપની જ એક ભૂખ છે; ઉતાવળ છે, તેમજ જિનાગમ એ જ એક એનો ઉપાય દેખે છે, માટે આગમસૂત્રના અધ્યયનમાં લયલીન બને.

## (૫) સૂત્રનો સમ્યક્ નિયોગ

**સૂત્રઃ-स तमवेइ सव्वहा, तओ सम्मं निउंजइ। एअं धीराणं सासणं। अण्णहा अणिओगो, अविहिगहिअ-मंतनायेणं ॥**

**અર્થ** :– સૂત્રને તે સર્વથા જાણે, ત્યારપછી એનો સમ્યક્ નિયોગ કરે. આ ધીર પુરુષોની આજ્ઞા છે. નહિતર (સમ્યક્ અધ્યયન દ્વારા પ્રાપ્ત જ્ઞાન વિના) અવિધિગૃહિત મંત્રના દૃષ્ટાંતથી નિયોગ થાય નહિ

**વિવેચન** :–આ રીતે ભણી સૂત્રનો સર્વથા એટલે કે યથા-સ્થિતપણે બોધ મેળવે, અને વિધિપૂર્વક ભણેલા સૂત્રના ખરા બોધથી સૂત્રનો સમ્યક્ પ્રકારે નિયોગ કરે. નિશ્ચિત યોગ, કે નિતરાં યોગ એ નિયોગ. તે ૪ પ્રકારે,–

**'નિયોગ' એટલે** (૧) ચોક્કસ પ્રાપ્તિ, (૨) સદુપયોગ, (૩) અધિકાર, કે (૪) વિનિયોગ. દા.ત. (૧) આત્મામાં સૂત્રનો નિયોગ કર્યો, એટલે સમ્યક્ પ્રાપ્તિ કરી. (૨) સદુપયોગથી એ સૂત્રના અર્થને પોતાના વર્તનમાં ઉતારી ભણેલાનો સારો ઉપ-યોગ કર્યો એ નિયોગ કર્યો કહેવાય. (૩) પોતે વિધિસર એ ભણ્યો–સમજ્યો, તેથી સારી રીતે એનો અધિકાર પ્રાપ્ત કર્યો;–એ પણ નિયોગ કર્યો કહેવાય. (૪) તેવી રીતે બીજાઓમાં પણ એ સૂત્રનો અર્થ ઉતરાવે એ પણ નિયોગ–વિનિયોગ કર્યો કહેવાય.

ધીર ગંભીર પુરુષોનું એ શાસન છે, એ શિક્ષાવચન છે, કે દીક્ષિત બનેલો મુનિ પૂર્વે કહેલી વિધિ મુજબ સૂત્રને ભણે, ને સમ્યક્ રીતે એ સૂત્રનો નિયોગ કરે. નહિતર અવિધિથી જો અધ્યયન કર્યું, તો ત્યા અવિધિએ લીધેલા મંત્રના દૃષ્ટાંત મુજબ નિયોગથી વિપરીત અનિયોગ થશે, અર્થાત્ અધ્યયનની મહેનત કરવા છતાં (૧) સૂત્ર સારી રીતે મેળવ્યું નહિ ગણાય, (૨) સદુપયોગ નહિ થાય, (૩) વાસ્તવ અધિકાર નહિ મળે, (૪) બીજામાં પણ યોગદાન નહિ નીપજે. જેમ કોઈ મંત્ર અવિધિથી

લીધો હોય તો મંત્રની ગ્રહણપ્રાપ્તિને બદલે વસ્તુગત્યા અગ્રહણ યાને અપ્રાપ્તિ જ થાય. અથવા, કોઈ ગ્રહ વગેરેની પીડા ઊભી થવાથી મંત્ર વિપરીતતામાં પરિણમે, એ ય વસ્તુગત્યા મંત્રની પ્રાપ્તિને બદલે અપ્રાપ્તિ જ થઈ ગણાય. તે પ્રમાણે સૂત્ર પણ વિધિ ઉલ્લંઘીને લેવા ભણવામાં આવે, તો તેથી સૂત્રના નિયોગને બદલે વિપરીતતાથી અનિયોગ થાય. મર્યાદા ઉત્થાપી લીધેલા માલની ન્યાયી પ્રાપ્તિ કે ન્યાયી અધિકાર ન ગણાય, એનો યોગ્ય ઉપયોગ ન બની શકે, એ સ્વાભાવિક છે. સૂત્રનાં વિધિપૂર્વક ગ્રહણ-નિયોગ નહિ, એ જિનાગમની આરાધના જ નથી, અનારાધના છે.

## (૬) અનારાધના-આરાધના-યુક્તને માર્ગદેશના.

**સૂત્ર:**-अणाराहणाए न किंचि, तदणारंभाओ धुवं । इत्थ मग्गदेसणाए दुक्खं, अवधीरणा, अप्पडिवत्ती । नेवमहीअमहीअं, अवगम विरहेण ।

**અર્થ**:-અનારાધનાથી કાંઇ નીપજે નહિ; કેમકે નિશ્ચિતરૂપે ત્યાં આરાધનાનો પ્રારંભ જ થયો નથી. અહીં માર્ગદેશનાથી (ઉત્કૃષ્ટ-મધ્યમ-જઘન્ય જીવો ક્રમશઃ) દુઃખ, અવગણના અને અસ્વીકાર કરે છે. એ રીતે શીખેલું એ બોધના અભાવે (વસ્તુતઃ) શીખેલું જ નથી.

**વિવેચનઃ-અનારાધક કોણ? શું પામે?**:-હવે જેને વિધિની પરવા નથી અને એમજ સૂત્ર ભણે છે, એ ખરેખર આરાધના કરનારો ન ગણાય; તો એવાને કંઈ લાભ થાય ખરો? એ અહીં બતાવે છે. સૂત્રની એકાંતે અનારાધના (અવિધિ-અધ્યયન) માં પ્રવૃત્ત થનારને કશું ઈષ્ટ કે અનિષ્ટ ફળ મળતું નથી. અહીં ઈષ્ટ

એટલે મોક્ષ અને અનિષ્ટ ફળ એટલે ઉન્માદાદિ. સદ્અનુષ્ઠાનનું ફળ મોક્ષ છે. પ્રતિજ્ઞાભંગાદિનું ફળ ઉન્માદાદિ છે. કહ્યું છે કે સાધુપણાનું સાચું ફળ મોક્ષ છે; મોક્ષ સિવાયનું ફળ એ ખેતીમાંથી પાકના બદલે ઘાસના ફળ જેવુ છે, એ વસ્તુગત્યા ફળ જ નહિ ગણાય. વિધિ સહિત શ્રમણપણાનું ફળ મોક્ષ છે, તેથી ઉલ્ટું, લીધેલી પ્રતિજ્ઞાના ભંગ આદિનું, અર્થાત્ આરાધનાને બદલે ઘોર વિરાધનાનું ફળ ઉન્માદ વગેરે ઘણું ઘણું આવે; નહિ કે એકલો સમ્યક્ત્વનો નાશમાત્ર ! કેમકે એમાં થએલા સંકિલષ્ટ ભાવ એના નિર્મળ ચિત્તનો નાશ કરે છે. પ્રતિજ્ઞાનો ભંગ કરનારને ઉન્માદ (ચિત્તભ્રમ, ગાંડપણ વગેરે) થઈ જાય, કોઈ દીર્ઘ કાળનો રોગ–વ્યાધિ મળે, અથવા કેવળી સર્વજ્ઞ ભગવાને ભાખેલા શુદ્ધ ધર્મથી ભ્રષ્ટ થવાનું મળે છે

**પ્ર૦–અનારાધના (અવિધિથી સાધના)નું કેમ કાંઈ ફળ નહિ ?**

ઉ૦–એટલા માટે, કે નિશ્ચિતપણે એટલે કે વસ્તુગત્યા તો, એણે આરાધનાનો પ્રારંભ (ઉદ્યમ) જ કયાં કર્યો છે ? હોય તત્ત્વથી અનારાધના અને આરાધનાનું ફળ આવે, એ કેવી રીતે બને ? સામગ્રી જો આરાધના કરતાં જૂદી, તો આરાધનાની સામગ્રીનું જે ફળ, તે અહીં ન જન્મે. નહિતર અતિપ્રસંગ આવે; દા.ત. સામગ્રી હોય વસ્ત્રની,–સુતર, વણકર, શાળ વગેરે,–અને કાર્ય જુદું નીપજે ઘડો, એવું કાં ન બને ? પણ એમ બનતું નથી. એમ અનારાધના થકી આરાધનાનું ફળ ન નીપજે.

પ્ર૦–સૂત્રાદિ માટે પરિશ્રમ કરવા છતાં, વિધિની ઉપેક્ષા કરીને એ અનારાધક બની રહ્યો છે, એ શી રીતે ઓળખાય ?

ઉ૦–અનારાધક એવો હોય છે કે જયારે એને ઉન્માર્ગથી જુદો પાડીને શુદ્ધ નિર્દોષ (મોક્ષ)માર્ગનો તાત્ત્વિક ઉપદેશ દેવામાં આવે, ને કહેવામાં આવે કે 'આ રીતે અમાર્ગ કહેવાય, આમ આમ ઉન્માર્ગ (માર્ગનું ઉલ્લંઘન) કહેવાય, માર્ગ તો આવો હોય,' ત્યારે એ સાંભળતાં એના મનને દુઃખ થશે; અથવા એની તરફ અવગણના કરશે; અથવા એને સ્વીકારશે નહિ.

સામાન્ય રીતે **અનારાધકના ત્રણ પ્રકાર** :–(૧) પહેલો ભારે કર્મી જીવ, તેને શુદ્ધ માર્ગના ઉપદેશ વખતે, સિંહનાદથી મૃગલાં ત્રાસે, એમ ત્રાસ–ફફડાટ થશે. 'આવું આવું બંધન કેમ રાખ્યું હશે? આવાં ઝીણાં ઝીણાં વિવિધ પ્રકારોનાં કેટલાં કષ્ટ?' એમ દુઃખ થશે. 'શ્રુતધર્મ સૂત્ર તો અમૃત છે, એ તો એકાંતે કલ્યાણકારી હોય. એમાં વળી અમુક વિધિ ન સાચવી એટલે શું કલ્યાણકારિતા મટી ગઈ?'....ઈત્યાદિ ઈત્યાદિ એને દુઃખકર વિકલ્પો થશે. (૨) એવા જીવથી જરા કર્મલઘુ મધ્યમ જીવને એવું દુઃખ તો નહિ, પણ એવા વિધિમાર્ગના ઉપદેશની અવધીરણા અવગણના થશે; મન કહેશે 'ઠીક છે, શાસ્ત્ર તો આ વિધિ ને તે વિધિ કહે, આપણે તો કરતા હોઈએ તે કરો. (૩) ત્રીજો એથી પણ વિશેષ લઘુકર્મી અને ત્રણેમાં સૌથી ઓછો અયોગ્ય જીવ માર્ગદેશનાની અવધીરણા ય નહિ કરે, પરંતુ એમ તો સ્વીકાર પણ નહિ કરે કે 'આ વિધિમાર્ગ બરાબર છે, જરૂરી છે.'

સૂત્રાધ્યયનવિધિ :–

આ ત્રણે પ્રકારના જીવની સૂત્રાધ્યયનાદિ પ્રવૃત્તિ આરાધનારૂપ નથી, અનારાધના છે; કેમકે વિધિમાર્ગનો સ્વીકાર જ નથી, પછી પાલનની શી વાત? એવો જીવ સૂત્ર ભણ્યો એ

વસ્તુગત્યા ભણ્યો જ નહિ ગણાય; કેમકે એને એથી સમ્યગ્ બોધ થતો નથી. એ તો પૂર્વે કહેલ સમલેષ્ટુ-કાંચન દૃષ્ટિ, ગુરુપ્રતિબદ્ધતા ભૂતાર્થદર્શિતા, શુશ્રૂષાદિ ૮ ગુણ, તત્ત્વાગ્રહ, નિરાશંસભાવ, મોક્ષૈકકાંક્ષા વગેરે સાચવીને મેળવેલું જ્ઞાન એ જ સાચા જ્ઞાનરૂપે પરિણમે; જ્ઞાન સાથે એ સમદૃષ્ટિ વગેરે ગુણોનો અજવાસ રહે. એ ગુણપ્રકાશ વિના તો એકલા જ્ઞાનથી આત્મામાં અજવાળું જ નહિ પછી એવું જ્ઞાન પ્રકાશરૂપ સમ્યગ્બોધરૂપ કેવી રીતે કહી શકાય ? એ બધું ઉવેખીને ગમે તેટલાં સૂત્ર ભણી કાઢ્યા, પંડિતાઈ મેળવી લીધી તેથી શું ? અધ્યાત્મ વિનાનું પાંડિત્ય તો સંસારની વૃદ્ધિ માટે થાય છે. એમજ વિધિ વિના અને માર્ગની ઉપેક્ષા કરી કરાતું સૂત્રનું ભણતર અનારાધનામાં જાય છે. **વજ્રસ્વામી** પારણામાં સુતાં સુતાં ૧૧ અંગ ભણેલા, છતાં ગુરુએ એમને અનારાધક ન બને એ માટે યોગોદ્વહનાદિ વિધિમાર્ગ સાથે ફરીથી ભણાવ્યા.

સૂત્ર :-**न एसा मग्गगामिणो, विराहणा अणत्थमुहा अत्थहेऊ, तस्सारंभाओ धुव । इत्थ मग्गदेसणाए अणभिनिवेसो पडिवत्तिमित्तं, किरियारंभो । एवं पि अहीअं 'अहीअं' अवगमलेसजोगओ ।**

**અર્થ** :—માર્ગગામીને આ અનારાધના નથી હોતી કે જેમાં સૂત્રવિરાધના અનર્થમુખી હોય. (કિન્તુ એ તો પરંપરાએ મોટા દોષથી બચવાની અપેક્ષાએ) અર્થ હેતુ છે, મોક્ષનુ અંગ છે; કેમકે એને નિશ્ચિતપણે આરાધનાનો પ્રારંભ છે. અહીં માર્ગદેશના અનાગ્રહ, સ્વીકારમાત્ર કે ક્રિયાનો આરંભ કરાવે છે એમ પણ ભણ્યું એ ભણ્યું છે, કેમકે અંશે બોધ થાય છે.

**વિવેચન** :—હવે જે આત્મા માર્ગગામી છે, શાસ્ત્રોક્ત

વિધિમાર્ગનું દુઃખ, ઉપેક્ષા કે અસ્વીકાર નથી કરતા, માર્ગની શ્રદ્ધા રાખી પ્રવૃત્તિ કરનાર છે; એનાથી કદાચિત્ તીવ્ર શ્રદ્ધાબળ, વીર્યોલ્લાસ, અને સચોટ ચિત્તોપયોગ આદિમાં ખામીથી વિધિમાં ક્યાંક ચૂકાઈ જવાય, તો પણ એને એકાન્તે અનારાધના નથી; કેમકે માર્ગશ્રદ્ધાથી એનામાં સમ્યક્ત્વ છે, અને સમ્યક્ત્વાદિ હોય ત્યાં સર્વદા સત્ક્રિયા-સદ્નુષ્ઠાન હોય, અસદ્નુષ્ઠાનરૂપ અનારાધના તે માર્ગાનુસારીમાં ન હોય, કેમકે આ ઉન્માદાદિ અનર્થ એ તો બહુ મોટા દોષને લઈને બને છે માર્ગાનુસારીમાં એવો દોષ નથી. તેથી જો કદાચ વિધિની કોક સ્ખલનારૂપ વિરાધના એનામાં હોય, તો ય તે પરંપરાએ અર્થનો હેતુ એટલે કે મોક્ષનું અંગ છે; કેમકે એણે માર્ગારાધનાથી વસ્તુગત્યા તો મોક્ષગમનનો આરંભ કરી દીધો છે. માર્ગાનુસારિતાના યોગે એનો વિરાધના છતાં પણ એ સાધવાનો પુરુષાર્થ એ મોક્ષની સન્મુખ જ ગમન છે; જેમ, (૧) કાંટાવાળા, કે (૨) તાવ સહિત યા (૩) મુંઝવણે, કે ભ્રાન્તિ સહિત પણ સન્માર્ગે પ્રયાણ કરનારો ઇષ્ટસ્થાનની તરફ જ જઈ રહ્યો છે. કહ્યું પણ છે કે માર્ગમાં કાંટા હોય, પોતાને તાવ હોય, યા મુંઝવણ કે ભ્રમણા હોય, તેથી જરા ધીમે ચલાતું હોય, પણ એ માર્ગ સીધો હોય તો એવું પણ ચાલવું એ ફલવાન બને છે. તેવી રીતે, મુનિની માર્ગને અનુસરતી પ્રવૃત્તિ સ્ખલનાવાળી હોય, તો ય તે ઇષ્ટ મોક્ષફળસાધક જ છે. માર્ગાનુસારીની જ પ્રવૃત્તિની સડકે મોક્ષ સ્ટેશન આવે છે.

**વિરાધક માર્ગાનુસારીના માર્ગદેશનાની અસરના ૩-૩ પ્રકાર :**—વિરાધના છતાં માર્ગગામી હોય એમા ત્રણ પ્રકાર છે. (૧) પહેલો જે સાધક વિધિની વિરાધના કરતો

હશે, એને માર્ગશ્રદ્ધા હોવાથી માર્ગની તાત્ત્વિક દેશના સાંભળતાં પેલા એકાન્તે અનારાધકની જેમ દુઃખ, અવધીરણા, કે અસ્વીકાર નહિ થાય. અલબત્ હેય–ઉપાદેયની સામાન્ય શ્રદ્ધા તો કરશે, છતાં પણ એના પર એને અભિનિવેશ નહિ થવાનો; માર્ગરૂપે વર્ણવાતા વિધિનિષેધ પર માન ખરૂં, પરંતુ 'એ વિધિનિષેધાજ્ઞા જ ખરેખર મુખ્ય છે, સૂત્ર–આરાધનાના કષ્ટ કરતાં ય એની વધુ કિંમત છે,' એવો વિધિમાર્ગનો આગ્રહ, પક્ષપાત એ નહિ સેવે. એનું કારણ હજી તેવા પ્રકારની એને અમૂઢ દશા નથી, મતિમૂઢતા છે. જેમ અંધ કે બધિર નર સમલેવલની જગા યા સ્પષ્ટ સમભાવના શબ્દ પર સ્ખલના પામે; અને મૂંગો ગુંગણો નર સરળ શબ્દ બોલતાં પણ ખચકાય; એમ આ મૂઢતાથી માર્ગ–આગ્રહના અભાવે સ્ખલના વિરાધના કરે છે (૨) બીજો એનાથી જો ઓછો વિરાધક હશે, તો એવો પક્ષપાત રાખશે ખરો, પણ માત્ર સ્વીકાર અને પક્ષપાત કરીને એ બેસી રહેશે, કિન્તુ ઉત્સાહ–વીર્યના અભાવે અમલમાં નહિ ઉતારે. (૩) ત્રીજો એથી પણ ઓછો, એટલે કે બહુ ઓછો વિરાધક, એ તો સ્વીકાર ઉપરાંત વર્તનમાં ય મૂકશે. છતાં પ્રમાદ–છદ્મસ્થતાદિ દોષે કરીને ક્યાંક ક્યાંક વિરાધના એનાથી થતી હશે; કિન્તુ એ મોટી નહિ હોય.

આમ વિરાધનાથી યુક્ત પણ માર્ગાનુસારીએ ભણેલું સૂત્ર એ પરમાર્થથી ભણેલુ જ છે. કેમકે, એથી એને થોડો પણ સમ્યગ્બોધ થાય છે વિરાધના ન હોત તો વિપુલ સમ્યગ્બોધ થાત.

**બોધની આ સમ્યક્તાનો આધાર આત્માને એ બોધ પરિણમવા ઉપર છે;** અર્થાત્ આત્મા બોધને અનુસારે મન, વચન, કાયાથી કેવો પ્રવર્તે છે એના પર છે, નહિ કે

માત્ર પંડિતાઈ પર. અલબત્ હવે એ પરિણમનમાં માર્ગવિરાધના સ્ખલના પહોંચાડે છે. પરંતુ જીવ માર્ગાનુસારી હોવાથી, એની વિરાધના છતાં, સૂત્રાધ્યયનથી એને ભલે અલ્પ પણ સમ્યગ્બોધ થાય છે. તેથી જ તે વાસ્તવિક સૂત્ર ભણ્યો કહેવાય, ને સમ્યગ્ નિયોગ કરે.

## (૭) સાપાય-નિરપાય સાધક બાળ-રક્ષક-પ્રવચનમાતા

सूत्र-अयं सबीओ नियमेण । मग्गगामिणो खु एसा अवाय-बहुलस्स । निरवाए जहोदिए सुत्तुत्तकारी हवइ पवयणमाइसंगए पंचसमिए-तिगुत्ते । अणत्थपरे एअच्चाए अविअत्तस्स सिसुजणणी-चायनाएण । विअत्ते इत्थ केवली एअफलभूए । सम्ममेअं विआणइ दुविहाए परिण्णाए ।

**અર્થ**:-આ (સાધક) નિયમા (સમ્યગ્દર્શનાદિ) બીજવાળો હોય છે. માર્ગગામીને 'અપાય' ક્લિષ્ટ કર્મ બહુ ઉદયમાં હોય તો આ વિરાધના થાય છે. તે માર્ગગામી અપાયરહિત હોય તો એ શાસ્ત્રોક્ત (વિધિ) કારી હોય છે એ પ્રવચનમાતાથી સંપન્ન (અર્થાત્) પાચ સમિતિ ત્રણ ગુપ્તિવાળો હોય છે. બાળને આનો ત્યાગ અનર્થકારી હોય છે. એમા દૃષ્ટાંત માતાનો ત્યાગ કરનાર બાળક છે. અહીં અ-બાળ કેવળજ્ઞાની છે, જે આ (સમિતિ-ગુપ્તિયુક્ત ચારિત્ર)નું ફળ છે. (સાધુ) બે પ્રકારની પરિજ્ઞાથી આ (પ્રવચનમાતા) ને જાણે, (સમજે અને આદરે).

**વિવેચનઃ સબીજમાર્ગીને પ્રયાણ અખંડઃ**-માર્ગનો આ આરાધક સ્ખલના-વિરાધના થઈ જવા છતા મોક્ષફળદાયી (સમ્યગ્દર્શનાદિ) બીજને અવશ્ય ધારણ કરે છે. શું એની વિરાધના માર્ગપ્રયાણને બાધ નથી કરતી? ના, કેમકે એ બીજવાળો હોઈ માર્ગને અનુસરનારો છે. પેલા અનારાધકને તો

માર્ગદેશના સાંભળતાં જ ત્રાસ આદિ થાય છે! તેથી એને માર્ગાનુસરણ જ નથી. સમ્યગ્દર્શનાદિ બીજ જ નથી. આને એ છે, તેથી આને મોક્ષમાર્ગપ્રયાણ બાધિત નહિ માર્ગગામીને જ આવી અ-બાધક વિરાધના હોય, કેમકે એણે બીજ પ્રાપ્ત કર્યું છે.

પ્ર૦-તો શું સામાન્યથી બધા માર્ગગામીને આવી વિરાધના થયા કરતી હશે?

ઉ૦-ના, **માર્ગગામી બે જાતના હોય છે,-૧ અપાયવાળા એ સાપાય, અને ૨. અપાયરહિત એ નિરપાય.** 'અપાય' એટલે બહુ ક્લિષ્ટ મોહનીય-અંતરાય આદિ કર્મના ઉદય કે જે **કર્મ નિરુપક્રમ** હોય, અર્થાત્ તોડવાનો પુરુષાર્થ છતાં તૂટે એવા ન હોય, પણ પોતાનો ભાવ ભજવે જ અને વિરાધના કરાવે, તેવાં કર્મના ભોગવટા એ 'અપાય.' એમાં વિરાધના-સ્ખલના થઈ જાય છે. બાકી જેને અ-નિરુપક્રમ અર્થાત્ **સોપક્રમ કર્મ** છે, તેને તો એ કર્મ પુરુષાર્થનો ધક્કો લાગતા તૂટી જાય એવાં છે, એનો ક્ષયોપશમ થઈ જાય છે, વિપાકોદય રહેતો નથી. એ આત્મા નિરપાય કહેવાય. એવો માર્ગગામી આત્મા વિરાધના ન કરતાં બરાબર શાસ્ત્રોક્ત માર્ગનું પાલન કરે છે. વિધિ-વિધાન બરાબર સાચવે છે, પણ એમા પ્રમાદિ કે શિથિલ નથી બનતો.

આ બંને ય સમ્યગ્યદર્શનાદિ બીજવાળા હોય છે, તેથી જો કે બંનેનો પુરુષાર્થ તો માર્ગપાલન માટેનો; એમાં દોષ ન લાગે ઉન્માર્ગસેવન ન થાય એ માટેનો; પરંતુ જેણે નિરુપક્રમ અતૂટ જોરદાર મોહનીય-અંતરાય આદિ કર્મ હોય એ બિચારો કરે શું? એવાં કર્મનો ઉદય ભ્રાન્તિ, રાગ, શૈથિલ્ય વગેરે કરાવી

વિરાધના આચરાવી દે છે. પણ સોપક્રમ કર્મવાળાનો પુરુષાર્થ એ કર્મના વિપાકોદયને અટકાવી ક્ષયોપશમ પમાડી દે છે; તેથી વિરાધના થતી નથી. આ સૂચવે છે કે સમ્યગ્યદર્શનાદિ બીજ પ્રાપ્ત હોય એનો દોષથી બચવા પુરુષાર્થ તો હોય જ, ઉપેક્ષા ન હોય. નહિતર ઉપેક્ષા-બેપરવાઈમાં તો બીજ જ પ્રાપ્ત શાનું ?

**પ્રવચનમાતા** :-આ પ્રમાણે દીક્ષા લઈ સમ્યક્‌ક્રિયામાં જોડાયેલો આત્મા વિકસતાં શુદ્ધભાવ અને મહાસત્ત્વના પ્રભાવે વિપર્યાસ ન પામતો, સમદષ્ટિ, ગુરુપ્રતિબદ્ધ, ગુરુકુળસેવી, તત્ત્વદર્શી, શિક્ષારક્ત, નિરાશંસ, મંત્રવત્ સૂત્ર-અધ્યેતા, ક્લિષ્ટ કર્મના અભાવે અવિરાધક અને શાસ્ત્રોક્ત આદેશ ખરા પાળનાર, એ કેવો હોય ? તો કે અષ્ટ પ્રવચનમાતાનો સમ્યક્‌પાલક હોય. 'પ્રવચન' એટલે શ્રી સર્વજ્ઞ ભગવાનનું ચારિત્રદેશક વચન (આજ્ઞા). એમજ પ્રવચન એટલે આજ્ઞાએ ફરમાવેલું ચારિત્ર. એ બાળ જેવું છે. એને સાચવનાર માતા જોઈએ, તે પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિ, એ આઠ પ્રવચનની માતા કહેવાય છે. એ પાંચ સમિતિએ સમિત. અને ત્રણ ગુપ્તિએ ગુપ્ત હોય. સમિતિ-ગુપ્તિનું ખૂબ ચોકસાઈથી-ચીવટથી પાલન કરે

**સમિતિ** એટલે સમ્યગ્-ઉપયોગ અને મર્યાદાવાળી પ્રવૃત્તિ. આત્માનો એમાં દોષ ન લાગવા દેવાની સાવધાની (જાગૃતિ) હોય, અને પ્રવૃત્તિ મર્યાદાવાળી હોય **ગુપ્તિ** એટલે ગોપન, નિવર્તન, શાસ્ત્ર સમિતિને પ્રવૃત્તિરૂપ અને ગુપ્તિને પ્રવૃત્તિ-નિવૃત્તિ ઉભય સ્વરૂપ કહી છે. ગુપ્તિમાં જેમ અશુભ થકી અને અનાવશ્યક થકી પાછા હટવાનું છે, તેમ શુભ અને આવશ્યકમાં પ્રવૃત્ત પણ થવાનું છે.

**૫ સમિતિઃ**-(૧) **ઈર્યાસમિતિ**,–સંયમયોગાર્થે જ્યાં ચાલવું પડે, ત્યાં માત્ર જીવરક્ષાનો ઉપયોગ (લક્ષ) રાખી ચાલે તે. (૨) **ભાષાસમિતિ**—બોલે તેમાં સાવદ્યતા, સ્વપરને અહિત–કારિતા, જૂઠ વગેરે ન આવે, એનું ધ્યાન રાખે તે. (૩) **એષણા સમિતિ**–ગોચરી ( ભ્રમરવત્ ભિક્ષાચર્યા) માં જીવ-હિંસાદિ દોષ ટાળવા ગવેષણા કરે તે. દોષમાં ઉદ્ગમના ૧૬, ઉત્પાદનના ૧૬, એષણાના ૧૦,–એમ ૪૨ દોષ ટાળી ભિક્ષા લે; અને સંયોજનાદિ ૫ દોષ ટાળી ભિક્ષા વાપરે તે. (૪) **આદાન—ભંડ–માત્ર–નિક્ષેપણાસમિતિ**–સંયમના ઉપકરણ (સાધન) લેતાં, મૂકતા જીવરક્ષાર્થે પડિલેહવાનો (દૃષ્ટિથી બરાબર જોવાનો ) અને રજોહરણાદિથી પ્રમાર્જવાનો ઉપયોગ રાખી વર્તે તે. (૫) **પારિષ્ઠાપનિકા સમિતિ**-નિર્જીવ નિર્દોષ ભૂમિ જોઈને જ મલમૂત્રાદિ તજે તે

**૩ ગુપ્તિઃ**-(૧) **મનોગુપ્તિ**–એ મન પર અંકુશ છે. અશુભ અને બિનજરૂરી એવી શુભ પણ વિચારણા રોકી, આવશ્યક શુભ વિચારણામાં જ મનને પરોવી રાખવું તે. એવું (૨–૩) વચન અને કાયાને અશુભમાં જતી રોકી શુભમાં રોકી રાખવી તે વચનગુપ્તિ ને કાયગુપ્તિ.

**સમિતિ–ગુપ્તિના આ દૃષ્ટાંતો** :- (૧) એક મુનિની ઈર્યાસમિતિની પરીક્ષાર્થે દેવે એમના માર્ગમાં બહુ દેડકીઓ દેખાડી. મુનિ બહુ જ આસ્તેથી ડગલું ડગલું ભરે છે ત્યા સામેથી હાથી દોડી આવતો દેખાડ્યો! તો પણ પ્રાણની પરવા કર્યા વિના દેડકી ન મરે એની કાળજીથી જ ડગલું ભરે છે. એમાં ય મુશ્કેલી

દેખી ત્યારે મુનિ કાઉસ્સગ્ગધ્યાને ઊભા રહી ગયા. દેવ પ્રસન્ન થઈ નમી પડ્યો. (૨) ભાષા–સમિતિ અંગે મહાનિશીથ સૂત્રમાં રુકમીની કથામાં આવે છે કે મુનિને એક વાર બોલવામાં સમિતિભંગ થયો, તેથી એની સજારૂપે એમણે જીવનભરનું મૌન રાખ્યું. એના ફળરૂપે ભવાંતરે એ રાજપુત્ર, સુલભબોધિ, બાળપણાથી પ્રભાવક બ્રહ્મચર્યવાળા, અને ગૃહસ્થપણે અવધિજ્ઞાની થયા ! (૩) કૃષ્ણપુત્ર ઢંઢણ અણગારને અભિગ્રહ હતો કે 'સ્વલબ્ધિની ભિક્ષા મળે તો જ ભિક્ષા લેવી.' હવે અંતરાયકર્મ ઉદયમાં આવવાથી જ્યાં ને ત્યાં બાપની કે ગુરુની ઓળખાણ આગળ આવી ! છ માસ સુધી ભિક્ષા ન મળી. અંતે કૃષ્ણે રસ્તામાં એમને વાંદ્યા પછી ભિક્ષામાં મળેલ મોદકને નેમનાથ પ્રભુએ કૃષ્ણની ઓળખના કહ્યા, તેથી જરા ય મન બગાડ્યા વિના દોષયુક્ત તરીકે પરઠવવા, વનમાં મૂકી દેવા ચાલ્યા, ત્યાં પરઠવતાં ભાવના વધી ગઈ, કેવળજ્ઞાની બની ગયા ! (૪) વલ્કલચીરી રાજતાપસપુત્ર, એ ભાઈ રાજા પ્રસન્નચંદ્રથી લઈ જવાયેલા, કાલાન્તરે પાછા આવ્યા; ઝુંપડીમાંના પૂર્વે મૂકેલા ભાંડને પ્રમાર્જી રહ્યા છે, ત્યાં મનોમંથનથી જાતિસ્મરણ જ્ઞાન થયું. પૂર્વભવનાં ચારિત્રની સમિતિ નિહાળી ભાવનામાં ચડતાં કેવલજ્ઞાન પામ્યા ! –(૫) ધર્મરુચિ અણગાર કડવી તુંબડીના શાકનું ટીપું પરઠવતાં એમાં ગંધથી કીડી ખેંચાઈ આવી મરતી દેખી; તેથી ન પરઠવતાં બધું પેટમાં પધરાવી દીધું ! ઝેર ચડતાં શુભ ભાવનામાં મરી અનુત્તર વિમાનમાં ગયા ! ૦ (૬) કુમારપાળ મહારાજા દર ચોમાસે બ્રહ્મચર્ય ધારી મનથી પણ ભંગ થાય તો ઉપવાસનો અભિગ્રહ રાખતા. આ મન પર અંકુશ એ મનોગુપ્તિ. ૦ (૭) મેતારજ મહામુનિ માસખ-

મણુના પારણે સોનીને ત્યાં વહોરી પાછા વળતાં જુએ છે કે ક્રૌંચ પક્ષી સોનાના જવલા ચણી ઝાડ પર બેઠું. અજાણ સોની બહાર આવી પૂછે છે, 'જવલા ક્યાં?' મુનિ બોલવામાં પક્ષીની હિંસા જોઈ મૌન રહ્યા, વચનગુપ્તિ પાળી. સોનીએ મુનિને તડકે માથે વાધર બાંધી ઊભા રાખ્યા. મુનિ ભાવનામાં કર્મ ખપાવી મોક્ષે ગયા! ૦(૮) ધ્યાનસ્થ ગજસુકુમાળ મુનિના માથે સોમિલ સસરાએ માટીની પાળ બાંધી માંહી અંગારા ભર્યા. મુનિ 'રખે હાલું તો અંગારો નીચે પડી જીવ મારે!' તેથી સ્થિર ઉભા રહ્યા, કાયગુપ્તિ સાથે મનોગુપ્તિ–વચનગુપ્તિ રાખી કર્મ ખપાવી મોક્ષ પામ્યા!

**સમિતિ–ગુપ્તિના અદ્‌ભુત લાભ :—**

આ સમિતિ–ગુપ્તિ અનાદિકાળના હિંસા અને પ્રમાદના અભ્યાસી આત્માને હવે સૂક્ષ્મ જીવનો પણ મહા દયાળુ બનાવે છે, અને પોતાનામાં અપ્રમાદના શુભ ઉપયોગને જાગ્રત્ રાખે છે. એ શુભ ઉપયોગમાં સહજ શુભ ભાવને પોષી પુણ્યથી, અને શુભ ધ્યાનને પોષી વિપુલ સકામ નિર્જરાથી, આત્માને પુષ્ટ અને સમૃદ્ધ કરે છે. જગતને નિયંત્રિત કરવા સમર્થ છતાં પોતાના આત્માને જ નિયંત્રિત કરવા દેવ પણ સમર્થ નથી. તેવો પુરુષ વિશ્વમાં કોઈ વિરલ જ જડે. સમિતિ–ગુપ્તિ આ આત્મનિયંત્રણ કરવાનું મહાન કલ્યાણ–સામર્થ્ય બક્ષે છે. એથી અજ્ઞાન એવા માષતુષ મુનિ જેવા પણ સર્વજ્ઞ બની મોક્ષે સધાવે છે. 'અહો! કેવી એ સમિતિગુપ્તિની કલ્પવેલડી! જીવ! બીજું ન આવડે તો કાંઈ નહિં, આ સમિતિગુપ્તિનો પ્રવચન માતાના પાલનમાં (ExPert) નિષ્ણાત બનજે,' એમ મનને પ્રોત્સાહિત રખાય.

**ભાવની પક્વાપક્વતા : બાળ-પુખ્ત ચારિત્ર :—** મુનિ સમજે છે કે 'જેમ માતાના ત્યાગે બચ્ચું વિનાશ પામે, એ દૃષ્ટાંતે આ પ્રવચનમાતાનો ત્યાગ એ ચારિત્રરૂપી બાળકના પ્રાણનું ક્ષરણ-ક્ષય-કારી થવાથી અનર્થમાં પરિણમશે' ભાવની વિચારણાએ છદ્મસ્થ યાને અ-વીતરાગના ચારિત્ર-ભાવ એ બાળ ચારિત્ર છે, અને સર્વજ્ઞનું ચારિત્ર એ જ પુખ્ત ઉંમરનું છે, ને એ પ્રવચનમાતાના નિરંતર સહયોગનું જ ફળ છે. કેમકે પ્રવચન માતાના પ્રાણવત્ પાલનથી જ સમ્યગ્ રીતે ઉછરી બાળ-ચારિત્રના ભાવ એ કેળવી-ચારિત્રના ભાવની પરાકાષ્ઠામાં પરિણત થાય છે. (બચ્ચું મોટું-પક્વવયનું થાય, એ દ્રવ્ય-પરિણતિ, આ ભાવ-) પરિણતિ એટલે, એ અબાળ ચારિત્ર ન આવે ત્યાં સુધીના અવ્યક્ત-અપક્વ વયના ચારિત્રબાળને પ્રવચનમાતા વિના ન જ ચાલે. ક્ષાયોપશમિક ચારિત્રને સત્તામાં રહેલા ચારિત્રમોહનીય કર્મથી આવરાવાનો ભય છે; ત્યારે પ્રવચનમાતાના પાલનમાં મનનો સતત ઉપયોગ એ ભયની સામે જબરદસ્ત સંરક્ષણ આપે છે. વીતરાગ સર્વજ્ઞને સકલ મોહના અત્યંત ક્ષયથી નીપજેલા ક્ષાયિક ચારિત્રને કદી આવરાવાનો ભય નથી પણ તે ન થાય ત્યાં સુધી બાળ-ચારિત્રને માતા 'સમિતિગુપ્તિ' જોઈએ જ. એના સતત ઉપયોગથી આત્મા કષાયો અને પ્રમાદથી મુક્ત થતો આવે છે.

**દ્વિવિધ પરિજ્ઞા:**—સાધુ આ બધું જે જાણે છે, તે દ્વિવિધ પરિજ્ઞાથી; તેમાં એક **જ્ઞપરિજ્ઞા**, બીજી **પ્રત્યાખ્યાન પરિજ્ઞા.** અષ્ટ પ્રવચનમાતાનુ સ્વરૂપ, ઉપયોગિતા, આવશ્યકતા, મોક્ષ-ફલકતા,-ઇત્યાદિનું સમ્યક્ શિક્ષાથકી **શ્રદ્ધાપૂર્વક જ્ઞાન** કર્યું તે **જ્ઞપરિજ્ઞા.** એ જ્ઞાનને અનુસરતી સમિતિગુપ્તિના આચરણની

ક્રિયા તે બીજી **પ્રત્યાખ્યાન-પરિજ્ઞા**. આનાથી તદ્દન ભિન્ન સંસારની વાતોનું સચોટ જ્ઞાન અને ક્રિયા જીવને ક્યાં સુલભ નથી? પૂર્વના અનંતાનંત ભવોમાં કયા એક પણ ભવમાં જીવ એને ભૂલ્યો છે? એથી તદ્ભવમાં પાપમય જીવન આધિ-વ્યાધિ-ઉપાધિ-તૃષ્ણા અને અતૃપ્તિની પીડાઓ, તથા પછી ભવની પરંપરા સિવાય બીજું શું મળ્યું છે? પણ હવે જો આ બે પરિજ્ઞાથી સમિતિગુપ્તિ આત્મસાત્ થઈ જાય, તો આ લોકમાં પરમ સ્વસ્થતા અને પછી ભવનો અંત થઈ જાય. કેવો સુંદર આ દુર્લભ યોગ માનવભવમાં જ પ્રાપ્ત! એ પામી કોણ સુજ્ઞ પ્રમાદ કરે?

## (૮) આશ્વાસદ્વીપ-પ્રકાશદીપ

સૂત્ર :–**तहा आसास-पयासदीवं संदीणाथिराइभेअं असंदीण-थिरत्थमुज्जमइ !**

**અર્થ** :–તથા આશ્વાસદ્વીપ-પ્રકાશદ્વીપ ચળ અને અસ્થિરાદિ પ્રકારના હોય. તેને કાયમી અને સ્થિર બનાવવા મથે.

**વિવેચન** :–હવે ચારિત્રી સમજે છે કે આ લોકમાં સમ્યક્ ચારિત્ર અને જ્ઞાન કેવી લોકોત્તર વસ્તુ છે! એ **આશ્વાસ પ્રકાશ દીવ** છે. 'દીવ'ના બે અર્થ. ૧. દ્વીપ અને ૨. દીપ. **ચારિત્ર એ આશ્વાસદીપ છે, અને જ્ઞાન એ પ્રકાશદીપ છે.** ભવસમુદ્રમા કષાય અને અવિરતિના કારમા વિકારોમા તણાઈ ડૂબી રહેલા જીવને ચારિત્ર એ દ્વીપની માફક આશ્વાસન આપે છે. સમુદ્રજળની જેમ અવિરતિ અને કષાયોના વિકારો આત્માને આકુલ-વ્યાકુલ કરી ગુંગળાવી બેભાન કરી નાખે છે; ત્યાં ચારિત્ર એ વિકારોની વિરતિ ( શાંતિ ) કરાવીને મહાન સુખ અને સ્વસ્થતા આપે છે. ત્યારે જ્ઞાન એ એકાંત દુ:ખથી વ્યાપ્ત

એવા મોહના અર્થાત્ મિથ્યાત્વ અને કુમતિના અંધકારને હટાવવા દીવાની જેમ પ્રકાશ આપે છે.

**જ્ઞાન અને ચારિત્રના અભાવે કેવા અનર્થ?** કે એ ચારિત્રદ્વીપ ન મળે તો એ વિકારોમાં પીડાઈ સડી મરવાનું થાય; અને એ દીવો ન મળે તો આત્મઘરમાં સર્વનિધાન હોવા છતાં અજ્ઞાનના અંધારામાં એ કાંઈ પણ દેખ્યા વિના કુટાઈ મરવાનું થાય.

કોઈ ઘરમાં રત્નની પેટી હોય, મેવા પકવાન્ન અને અમૃતપાને ભરેલા ભોજન હોય, પરંતુ જો ઘરમાં સાવ અંધકાર અંધકાર જ છે, પ્રકાશ નથી, તો એ ન દેખાવાથી લેવાનું તો મુશ્કેલ, પણ ઉલ્ટું ઘરમાં અંધારે વચમાં થાંભલા વગેરે સાથે અથડાયા કુટાયા કરવાનું થાય. ત્યારે જો પ્રકાશ હોય તો તરત જ એનો ગ્રહણ અને ઉપભોગ થઇ શકે. તે પ્રમાણે અંધકારમય સંસારમાં જ્ઞાન એ ભાવ પ્રકાશમય દીવો છે.

**ઉદાયન રાજા** પ્રભાવતી રાણી પર અત્યંત મુગ્ધ હતા; રાણી જૈનમંદિરમાં નૃત્ય કરતી પ્રભુની ભક્તિ અર્થે; ત્યારે રાજા ત્યાં વીણા વગાડતો રાણીની પ્રસન્નતા માટે! એવા વિષયાદિ વિકારોવાળા પણ રાજા, પ્રભાવતી ચારિત્ર પાળી દેવ થયેલ એનાથી જો પ્રતિબોધ-જ્ઞાનદીપ પામ્યો, ને એણે શ્રી મહાવીર પ્રભુ પાસે જો ચારિત્રરૂપી દ્વીપનું આલંબન કર્યું, તો વિકારોનો વિધ્વંસ કરી ક્ષાયિક ચારિત્રે ચડી એ મહર્ષિ કેવળજ્ઞાન અને મોક્ષ પામ્યા.

**વાદી સિદ્ધસેન** બ્રાહ્મણ ધુરંધર વિદ્વાન છતાં સર્વજ્ઞોક્ત તત્ત્વનું જ્ઞાન નહિ પામેલા, તે મિથ્યાજ્ઞાન-અભિમાનના-અંધકારમાં અથડાતા હતા. જૈનાચાર્ય વૃદ્ધવાદીજી સાથે વાદમાં હારવાથી શરત મુજબ એ એમના શિષ્ય થઈ જૈન સિદ્ધાન્તો ભણ્યા.

એટલો ઉત્કૃષ્ટ જ્ઞાનદીપકનો તત્ત્વ પ્રકાશ પામ્યા કે એથી રાજા વિક્રમાદિત્ય જેવાને ય પ્રતિબોધી જિનશાસનનાં પ્રખર પ્રભાવક બન્યા, ને એમની 'સિદ્ધસેન દિવાકર' તરીકે પ્રખ્યાતિ થઈ!

આવા ચારિત્રદ્વીપ અને જ્ઞાનપ્રદીપના દરેકના ૨-૨ પ્રકાર છે.

**દ્વીપના બે પ્રકાર**-૧. કેટલાક ડૂબતા, ને ૨. કેટલાક તરતા. ડૂબતા બેટ એટલે એટલે એના પર સમુદ્રના પાણી ચઢી જાય ત્યારે ધોવાઈ ડૂબી જાય એવા. બીજા તરતા,-સ્થિર ધોવાઈ ન જાય એવા દ્વીપ. અહિં ક્ષાયોપશમિક ચારિત્ર એ પહેલા પ્રકારના દ્વીપ જેવું છે. અને ક્ષાયિક ચારિત્ર એ બીજા પ્રકારના.

**દીવો પણ બે પ્રકારનો**: ૧. અસ્થિર-વિનાશી,ને ૨. સ્થિર-અવિનાશી. નિયતકાળ-નિયતક્ષેત્રવાળો તે અસ્થિર તેલનો દીવો; અર્થાત્ તે તેલ આદિ સામગ્રી વિનાના કે વંટોળ આદિ વિઘ્નવાળા બીજા ક્ષેત્ર-કાળે બુઝાઈ જાય. ત્યારે ક્ષેત્ર અને કાલનું જેને બંધન નથી એ મહા રત્નદીપક નિત્ય સ્થિર દીવો.

ક્ષાયોપશમિક મતિ શ્રુત વગેરે જ્ઞાન અસ્થિર **દીવો છે**; સ્થિર દીવો ક્ષાયિકજ્ઞાન, કેવલજ્ઞાન. દીપ-દ્વીપ બંનેમાં પ્રથમ જે ક્ષાયોપશમિક, એ વિલંબે ઈષ્ટ મોક્ષસિદ્ધિ માટે થાય; કેમકે વ્યાઘાતના ભયવાળું છે. બીજું ક્ષાયિક દીપ દ્વીપ એ વિલંબ વિના ઈષ્ટ મોક્ષસિદ્ધિ માટે થાય, કેમકે વ્યાઘાત-રહિત છે, સાધક આ બધું માત્ર જાણે એમ નહિ, પરંતુ અસ્થિર ક્ષાયોપશમિકમાંથી સ્થિર એવા ક્ષાયિક ચારિત્ર ને ક્ષાયિક જ્ઞાનમાં જવા ઉદ્યમ કરે.

એવો એ દ્વીપ શું ચીજ છે? દરિયામાં પડેલાને દ્વીપ મળ્યાથી જેમ સાગરમાં તણાઈ જવાનું રહેતું નથી, દ્વીપ એને

આશ્વાસન રૂપ છે, તેમ ભવરૂપી સાગરમાં પડેલાનો ચારિત્ર બેટ આશ્વાસન દ્વીપ છે. અહિં દ્વીપ વિના સમુદ્રમાં કેવી કેવી આપદાઓ છે તે વર્ણવી, તેની સાથે ચારિત્ર વિનાના સંસારસમુદ્રની આપદાઓ સાથે સરખાવવામાં આવશે અને ચારિત્રના લાભ બતાવાશે. જ્ઞાન-દીવા વિના સંસાર-અરણ્યમાંની વિકટ સ્થિતિનું પણ એ પ્રમાણે.

## (૧) દ્વીપ વિના કેવાં કષ્ટ !

૧. ચારિત્ર-દ્વીપની કિંમત સમજનારો અને ગરજવાળો વિચારે છે, કે ધારો કે કોઈ માણસ દરિયામાં ડૂબતો હતો, તરી જવા તરફડીઆં મારતો હતો, ત્યારે બીજી બાજુ દરિયામાં રહેલા વિકરાળ જળચર પ્રાણીઓ એને આખો ને આખો ગળી હોઇયાં કરી જવા મથતા હતા. ત્યાં જો દ્વીપ મળી ગયો તો એને લાગે કે 'અહો ! આ દ્વીપ એમાંથી કેવો બચાવી લેનારો !' (૨) 'વળી દરિયામાં ભૂખે ને તરસે મરી જાત. ખાવા માટે અને પીવા માટે ઠંડું તો નહિ, ઉના ય મીઠા પાણીનુ એકાદ ચાંગળું ય કયાં હતુ ? ઉલ્ટું એવું ખારૂં પાણી હતું જેથી શરીર ખવાઈ-કહોવાઈ જાય, પછી મહા વેદનાઓ ઊઠે ! એને સંભાળનાર પણ કોણ ? ત્યાં દ્વીપ મળતાં લાગે કે અહો ! ત્યારે આ દ્વીપે મને કેવો ઉદ્ધર્યો ! (૩) 'દરિયામાં ડૂબેલો હતો, ત્યારે ઘડીકમાં ઉપર અને ઘડીકમાં હેઠ સાગરને તળીએ ! કયાં ય સ્થિરતા કે સ્વસ્થતા ન મળે એમાં ય શક્તિહીન અને મૂર્ચ્છિત થઈ જતાં સમુદ્રના ઘેરા પાણીમાં નીચે કાયમને માટે દફનાઈ જવાનું ! દ્વીપ-પ્રાપ્તિ પર મનને થાય કે-ત્યારે આ દ્વીપમાં કેવી સરસ

ઉન્નત ને સ્વસ્થ અવસ્થા !' (૪) સ્ટીમર (જહાજ) તૂટીને ઝવેરી દરિયામાં ફસાઈ જાય, ત્યારે એનુ ઝવેરાત કયાં ય ખેરવાઈ જાય તેનું ભાન ન મળે ! અરે ! જ્યાં પોતાનું જ ભાન ન મળે ! મૃત પ્રાય : જેવો દીનહીન અને દુર્બલ પોતે બની જાય, ત્યાં ઝવેરાતનું શું ભાન ! ત્યાં ઝવેરાતની અને જાતની સલામતીવાળો દ્વીપ મળી જાય એ કેવું અહોભાગ્ય ! હવે તો એ દ્વીપમાંથી પોતાને ઘેર જઇ ઝવેરાત તથા બીજી માલમિલ્કત, કુટુંબકબીલા વૈભવ-વિલાસનો ભોક્તા બની શકવાનો ! એ જ પ્રમાણે,

**ચારિત્ર-દ્વીપ શું કરે ? :-**

(૧) સંસાર-સાગરમાં રાગદ્વેષ એ મહા વિકરાળ જલચર પ્રાણીઓ છે. એનાથી જીવ આખો ને આખો એવો ગળાઈ જાય છે, કે જેની કારમી પીડાનો પછી પાર નહિ ! ચારિત્રદ્વીપ જીવન અને સંયોગોને પલ્ટી નાખી, એ રાગદ્વેષથી બચાવી લે છે.

(૨) સામાન્ય અષ્ટ પ્રવચનમાતાના જ્ઞાનથી માંડી ઉચ્ચ દ્રવ્યાનુયોગ સુધીનું જ્ઞાન, ધર્મધ્યાન અને શુક્લધ્યાન, વાચનાદિ સ્વાધ્યાય, વિનય, વૈયાવચ્ચ અને કાઉસ્સગ્ગ; તેમાં વળી સાથે બાહ્યતપ, અને પ્રશસ્ત અનિત્યાદિ તથા મૈત્રી આદિ ભાવનાઓ, સંયમ, વગેરે, એ અદ્ભુત અમૃતનાં ખાનપાન ચારિત્રદ્વીપે મળે છે. એથી જે અપૂર્વ તૃપ્તિ અને પરમ આનંદ થાય, એમાંનું સંસાર સાગરમાં શું મળે ? એ ન મળે, ને જે કષાયો, દુર્ધ્યાન, કુસંજ્ઞાઓ વગેરે મળે, તેનાથી તો જીવને ભયંકર અતૃપ્તિ, તૃષા અને સંતાપ ! ઉપરાંત જાતે એવા ખવાવાનું, કહોવાનું, અને તીવ્ર સંક્લેશની વેદના ભોગવવાની, કે જે મિટાવનાર ગુરુ ય ન મળે ! એ ગુરુકુળવાસ તો ચારિત્રમાં જ સુલભ ! સંસારમાં

તો પીડાઓ એવી, કે આત્મા જાણે માંહીથી વધુ કહોવાય, અને ફરી ફરી એ વિષય-કષાયની અને આધિ-વ્યાધિ-ઉપાધિની વેદનાઓ ઊઠે ! ચારિત્રદ્વીપ એમાંથી કેવો સરસ બચાવે !

(૩) વળી ભવસાગરમાં જીવ અનંત કાળથી મોહમાયામાં ડૂબતો, અને તેથી ચારે ગતિના વિશાળ પટમાં ડૂબકાં ખાતો, ઘડીમાં ઉપર આવતો. તો ઘડીમાં નીચે, તે ઠેઠ તળીયે જાતો! ક્યારેક પોતે પુણ્યથી માયા પર હકુમતવાળો એટલે ઉપર થતો; અને બહુવાર તો માયાનું સામ્રાજ્ય પોતાના ઉપર, એટલે પોતે તદ્દન નીચે દબાતો ! વળી ઉપર એટલે ક્યારેક દેવગતિમાં, તો ક્યારેક નીચે, ઘોર સાતમી નરકે ! એથી પણ વધુ નીચે બેભાનપણે શક્તિહીન અને મુર્છિત થઈ નરકથી અનંતગુણ દુઃખ-વાળી નિગોદમાં કેંકાઈ અનંતા કાળચક્રો સુધી દટાઈ દફનાવી જવાનું બનતું ! ત્યારે હવે ચારિત્રદ્વીપ મળ્યાથી કેટલી રાહત! મોહમાયાના આવર્તો-ભમરીઓ હવે અહીં ન નડે સંસારમાં ઊંચે-નીચે હવે નહિ અથડાવાનું.

(૪) ભવ સમુદ્રમાં પડેલા જીવનું ક્ષાયોપશમિક અને ક્ષાયિક સમ્યક્ત્વ, ક્ષમા, તૃપ્તિ, સંયમ, જ્ઞાન, વીર્ય, અવ્યાબાધ સુખ, અક્ષય સ્થિતિ વગેરે ઝવેરાત વેરવિખેર થઈ ગયેલું. સંસાર-સાગરની ગુંગળામણમાં જીવને એનું તો ભાન નહિ હતું, પણ જાતનું ય ભાન ન મળે ! 'પોતે કોણ છે, કેવો છે, ક્યાં પડ્યો છે,' એની કાંઈ સમજ નહિ! ત્યાં અહો ! હવે તો જાત, ઝવેરાત બંનેને સલામત કરી આપનારો ચારિત્રદ્વીપ મળ્યો ! કેટલો આનંદ ! કેવું અનંત પુણ્ય !

### (૨) દીપ વિના કેવાં કષ્ટ :-

એમજ જ્ઞાનનો પ્રકાશ ઘોર સંસાર-અરણ્યમાં પ્રકાશ આપે છે, વનમાં પ્રકાશના એક પણ કિરણ વિના અંધારે અથડાતા, પગે કાંટા, કાંકરા, ભોંકાઈ જતા, જ્યાં ત્યાં અથડાઈ પડાતું ! ચોરડાકુનો ભારે ભય, કેટલાક તો રત્નો ચોરી પણ જાય. રસ્તો જડે નહિ. મન મુંઝાય, જંગલી પશુઓની ચીસોથી કાળજું ફફડે, હૃદય કંપે, કાયા થરથરે; કેટલાક વનચરો તો પોતાને ફાવે તેમ બચકાં ય ભરી જાય, અને એણે એક વખત લોહીનો સ્વાદ ચાખ્યો એટલે તો, વારે વારે બટકાં ભરે. કેવી દુઃખદ સ્થિતિ ! એમાં હાશ ! હવે અજવાળું પાથરનાર દીવો મળ્યો એટલે કેટલો નિર્ભય !

### જ્ઞાન-દીપનો પ્રભાવ :-

એમ આ સંસારની અંદર કુમતિ અને અજ્ઞાનના અંધારામાં રખડતાને જ્ઞાન-પ્રકાશ મળી જતાં, હવે (૧) **ક્રોધ, માન, માયા, લોભરૂપી ચોર** ડાકુઓ દેખાઇ જાય છે, તેથી એનાથી આત્માના **ક્ષમાદિ ગુણરત્નો** ચોરાઈ ન જવા માટે કાળજી રાખી શકાશે. એમ (૨) **અનાચારરૂપ જંગલી પશુથી** પણ સાવધ રહેવાશે. (૩) જ્ઞાનપ્રકાશથી **આસ્રવરૂપ કાંટા**-કાંકરાનો માર્ગ અને સંવર-નિર્જરારૂપ રાજમાર્ગ ઓળખાઇ જાય છે. કેવો અપૂર્વ જ્ઞાનમહિમા ! (૪) જ્ઞાનદીપક જીવાજીવાદિ જ્ઞેય-હેય-ઉપાદેય તત્ત્વોનો પ્રકાશ, (૫) આર્ત-રૌદ્રધ્યાન-કુવિકલ્પોની પિછાણ. (૬) સ્યાદ્‌વાદાદિ સિદ્ધાંતોની સમજ, વગેરે એવું આપે છે કે જે અઢળક પાપોથી બચાવી સમ્યક્ પ્રવૃત્તિ-નિવૃત્તિના રાહ દેખાડે ! આત્માનું અનંત જ્ઞાન-વીર્ય-સુખમય સ્વરૂપ, એને પ્રકટ કરનાર છે બાહ્ય આભ્યન્તર તપ, પાંચ મહાવ્રતો, સમિતિ-ગુપ્તિ વિનય, વૈરાગ્ય, ૧૨

ભાવના, મોહમાયાકષાયનો ત્યાગ, ધર્મશુક્લધ્યાન વગેરેને જ્ઞાન દીવો એવા બતાવી આપે છે, કે પછી તેડ માત્ર અલ્પકાળના પ્રબળ પુરૂષાર્થની જ જરૂર.

## અસ્થિરમાંથી સ્થિરમાં

### (૯) નવ્યજીવનાના ૯ ઉપાય :

આવા દીપ અને દીવાને પામી, તરતા દીપમાંથી સ્થિર દીપમાં જવાનું છે અસ્થિર દીવામાંથી સ્થિર દીવો મેળવવાનો છે. જવાનુ કેવી રીતે બને ? શુભ ભાવનાઓ અને શુક્લધ્યાનની ફલાંગ મારીને ક્ષાયિક ચારિત્ર અને સર્વજ્ઞતામાં પહોંચાય એટલે બને. અસ્થિર દીવામાંથી સ્થિર દીવો કેવી રીતે મેળવાય ! અસ્થિર દીવાની જેમ ક્ષાયોપશમિક સમ્યક્ત્વવાળી અનિત્ય જ્ઞાનદીવડાની વાટ, તેલ, વગેરેની સામગ્રીને જોરદાર અને અક્ષય કરી નાખે. સમ્યક્ત્વનો સડસઠ પ્રકારનો વ્યવહાર જોરદાર બનાવી દે, તત્ત્વ-ભાવનાના વેગને વધારી દર્શનસપ્તક ખડવાની ક્ષપકશ્રેણી લગાવે, તો ક્ષાયિક સમ્યક્ત્વ થાય **ક્ષાયોપશમિક ધર્મોનું પાલન બહુધા** શાસ્રાવચન, ગુરુદાક્ષિણ્ય, લોકલજ્જા, કર્મવિપાકના ડર વગેરેના આલંબને ચાલે છે જેમકે 'ભાઈ! શાસ્ત્ર આમ ફરમાવે છે, માટે આપણે એમ જ ચાલો,- નહિતર આજ્ઞાના ઉલ્લંઘનની સજા ભારે થશે ! ગુરુમહારાજ જુએ કે જાણે તો ઠપકો આપે માટે એમ ન વર્તવું, લોક જોશે તો ખરાબ કહેશે, એના બદલે સ્વભાવથી પાળે.

હવે જો ક્ષાયોપશમિકમાંથી ક્ષાયિક ભાવમાં જવું છે, નિત્ય નવીન સત્ જીવન પ્રાપ્ત કરવું છે તો આ નવ ઉપાય અમલમાં ઉતારે,-

(૧)પહેલું તો જિનાજ્ઞાએ નિષિદ્ધનો-હેયનો ત્યાગ અને, **વિહિતનું-ઉપાદેયનું સેવન સ્વભાવગત બનાવવા મથવાનું.**

અર્થાત્ શાસ્ત્ર કહે છે, પરલોક સુધરે, વગેરે હેતુ તો બરાબર; કિંતુ જ્ઞાન આત્મામાં એવું ખૂબ જ પરિણત કરી દે કે વિધિ-નિષેધની આજ્ઞાના પાલનનો સ્વભાવ બની જવો જોઈએ. તે માટે.

(૨) **દોષદુર્ગુણો પ્રત્યે યાવત્ પર પુદ્ગલની પ્રવૃત્તિ પ્રત્યે સુગ થવી જરૂરી.** દા. ત. ભવાન્તરે અશાતા મળે માટે હિંસા ન કરવી એમજ નહિ, પણ 'જીવની હિંસા થાય જ નહિ, હિંસાદિ ક્રિયા બહુ ખરાબ ! એ મારા આત્માની ચીજ નહિ,' એમ કરી, અહિંસાનો સ્વભાવ બનાવી દે 'ગુરુમહારાજ કહે છે માટે આ તપ વગેરે કરૂ,–' એમ નહિ, પણ ભોજનક્રિયા પ્રત્યે સુગ છે. માટે તપ કરું, જેમ અબ્રહ્મ (મૈથુન)ની ક્રિયાથી સંસારમાં રખડવું પડે તેથી અથવા શાસ્ત્ર એનો નિષેધ કર્યો છે માટે એ તજે–એમ નહિ, પણ એના પ્રત્યે સુગ જ થાય, અને તેથી તજે. એવું ભોજન રસમાં.

(૩) વળી અહિંસા, તપ, બ્રહ્મચર્ય વગેરેને સ્વભાવમાં લાવવા એની **સુંદર ભાવનાઓ** ભાવ્યા કરે, 'અહો !–આ ગુણો કેટલા ઉત્તમ, કેવા લાભદાયી, કેટલી આત્માને શોભા આપનારા ! ત્યારે, હિંસા–ભોજન–કામ વગેરેની ખણજો ક્યાં સુધી પોષું ? ' ઇત્યાદિની, તેમજ પ્રતિપક્ષી દુર્ગુણોની અધમતા વગેરેની ચિંતવના ખૂબ કરે.

(૪) વળી ગુણપાલન અને દોષત્યાગ માટે બાહ્ય સામગ્રીથી જે પ્રેરણા મેળવતો હતો, તેને બદલે હવે **અંતરમાંથી પ્રેરણા મેળવે.** આ શુભ સામગ્રી મળતાં મળેલી પ્રેરણાને, સામગ્રી ખસવા છતાં, ટકાવી રાખે. પ્રારંભે પ્રભુની મૂર્તિ જોતો હતો, ત્યારે જ જે શુભ ભાવ ઊઠતા હતા, અને પ્રભુના ગુણો જે યાદ આવતા હતા, તથા પ્રભુનું જે અનુપમ જીવન અને સ્વરૂપ

સામે તાદૃશ દેખાતું હતું તે હવે મૂર્તિ સામે ન હોય, છતાં પણ અંતરથી એ શુભ ભાવ, ગુણસ્મરણ અને જીવનનું તથા સ્વરૂપનું દર્શન કરવા માંડે. અને એના પરની ભાવનાથી અખૂટ પ્રેરણા મેળવે. મંદિરમાં દર્શન કરતાં આંખ મીંચીને આ થાય.

(૫) વળી બાધક વસ્તુઓ સામે ન આવતી, ત્યાં સુધી સ્વસ્થતા રહેતી, પણ સામે આવતી તો અસ્વસ્થતા, ચિત્ત ચંચળતા શુભભાવનો ભેદ વગેરે થતું. હવે તે **ભાવભેદાદિ ન થાય એવી મક્કમ મને શુભ ભાવની દૃઢતા કેળવે,** દા. ત. અમુક જડ ચીજ ન મળી તો એની લગની નહોતી લાગતી, અને ત્યાં સુધી ચારિત્રરૂપી દીવો ઝગમગતો હતો. પણ જ્યાં શબ્દ, રૂપ, રસ, ગંધ, સ્પર્શ ઇંદ્રિયો સમક્ષ આવીને ઊભા, ત્યાં દીવો ડગમગવા લાગે. તો એ વખતે તે એવું કરી દે કે ચારિત્રદીવો જરા ય ડગમગે નહિ. ઇન્દ્રિયોના વિષયોની રાગ-રતિ થવા જ ન દે એ માટે,

(૬) **પૂર્વના મહાપુરુષોના** જંબૂકુમાર શાલિભદ્ર, ધન્નો સનત્કુમાર, તીર્થંકરદેવો વગેરેના, **પરાક્રમ** યાદ કર્યા કે 'એમણે આ દુનિયાના કેટલા બધા ઊંચા કયા કયા વૈભવ, રમણીઓ, સંગીત, ખાનપાન, શય્યા, વાહનો, સેવકો વગેરે સામગ્રી અને એના ભોગવટા તરછોડચા અને વિસાર્યા! પછી કેટલી કઠોર સાધનાઓ કરી! તો મને તો શું ય મળ્યું હતું કે મળે છે?'

(૭) સાધનામાં એ મહાપુરુષોના ઉત્કૃષ્ટ આદર્શે પહોંચવાનું જ લક્ષ રાખે. તથા એ માટે **વૈરાગ્યના મૂલ્યાંકન એવા દૃઢ કરે** અને રાગની ભયંકરતા એવી વિચારી દૃઢ કરે કે સર્વોચ્ચ વૈરાગ્ય સામે તેના પ્રતિપક્ષીનું જરા ય ન ચાલે.

(૮) કદાચિત્ અશુભ વિચાર કષાયનો ભાવ એ અંતરમાં

જાગી જાય, તો ય એને અંદરને અંદર શમાવી દે, પણ એ **અશુભ ભાવને આત્માના વીર્યની સહાય ન કરે** દા. ત. અંતરમાં ગુસ્સો થયો, પણ પછી એની વિચારણા લાલ આંખ, કઠોર વચન, તમાચ, પ્રહાર વગેરેમાં આત્મવીર્ય ન ફોરવે, અર્થાત્ એ ન કરે.

**(૯) વળી ગુણવિકાસ અને દોષત્યાગના વારંવાર સુંદર મનોરથો સેવ્યા કરે;** કેમકે, આ જીવને અનંત કાળનો આ એક અભ્યાસ છે કે એ આત્માના દોષપોષક વિષય–કષાયના, અર્થકામના, ને આહારાદિ સંજ્ઞાના મનોરથો ખૂબ કરતો આવ્યો છે. આવું આવું મળે તો બહુ સારૂં. આમ આમ ભોગવી લઉં કોઈ મને પ્રતિકૂળ વર્તે તો મારો પિત્તો (ગુસ્સો) એને બતાવી દઉં. આપણે તો આટલું ને આવું ખાવાના. આટલું ભેગું કરવાના. બસ બરાબર છ કલાક ઊંઘ આવે તો સારૂં. આટલા પૈસા, આવી સ્ત્રી, અમુક ભોગવિલાસ વગેરે મળે તો કેવી મઝા!' ઇત્યાદિ પાપવિકલ્પો કરવામાં હોંશ ઘણી. એથી ક્ષાયોપશમિક ગુણ વધતા નથી. હવે એ વિષયકષાયાદિના પ્રતિસ્પર્ધિ વિરાગ અને ઉપશમના મનોરથ એવા ભાવ્યા કરે, કે પેલા અધમ મનોરથ સ્વપ્ને પણ ન આવે 'જાણે મને કોઈ ચક્રવર્તીનું સુખ આપવા આવ્યું છે, તો પણ મારે તે ન જોઈએ. રૂમઝુમ કરતી ઇન્દ્રાણી સામે આવે છે, તો પણ મારા અધ્યાત્મ–ચિંતનમાંથી તેને જોવાની ય ફુરસદ નથી. નિર્ધાર કે 'એ કચરા માટે આ મન કે આ જીવન નથી.' વળી ઉપસર્ગ, પરિસહ અને કષાયત્યાગના સંકલ્પ ઘડે. 'જાણે મને કોઈ મારવા આવ્યું, ત્યારે મેં વ્રતોચ્ચારણ, ક્ષમાપના, અરિહંતાદિ શરણ કરી, કાઉસ્સગ્ગમાં પંચપરમેષ્ઠીના ધ્યાને ઉપસર્ગ સહ્યો.' એમ ક્ષુધા વેદનાદિ પરિસહોના સંકલ્પ

ઘડે.' માથાવાઢ દુશ્મન પર પણ ક્ષમાના સંકલ્પ ઘડે. મનમાં કોઈએ કરેલ પોતાના મહાન અપમાનનો પ્રસંગ કલ્પી, ત્યાં નમ્રતા મૃદુતાનો મનોરથ કરે. એમ માયાત્યાગ, લોભત્યાગનો મનોરથ કરે. આવી રીતે ઈંદ્રાણી ય જોવાના જેને કોડ નથી, મનોરથ નથી, તે આ સંસારની ગમે તેવી સુંદર સ્ત્રીને શું જુવે? મળ, મૂત્ર, અને માંસની, ગંદકીનો ઘાડવો! માત્ર ઉપરથી તદ્દન પાતળી ચામડીએ મઢેલો. અનંતગુણ નિધાન પરમાત્માને મૂકી, એમાં શું જોવાનું ય હતું? ભયંકર પરિસહ ઉપસર્ગમાં ય ધીરતાના મનોરથ જેણે કર્યા એને સામાન્ય પ્રતિકૂળતા શું અધીર બનાવે?

આમ ઉપર કહેલા ઉપાયો સેવી શું કર્યું? ગુણ અને ધર્મને આત્માના સ્વભાવરૂપે ઊભો કર્યો. સામગ્રી વિના પણ અંતરમાં દીવો પ્રકાશતો કર્યો. આનો અર્થ એ નથી કે શુભ સામગ્રીથી ઉવેખે; પણ એ કહેવું છે કે શુભ સામગ્રીથી રહિત કાળમાં ય અને બાધક સામગ્રીના સંયોગકાળમાં ય શુભ પરિણામને તેજસ્વી રાખે. પછી તો દા. ત. રસનો થાળ નહોતો ત્યારે ય જેટલો વૈરાગ્ય નહોતો તે એ થાળ સામે આવે, લલચાવે, છતાં એના પ્રત્યેક વિશેષ દૃઢ વૈરાગ્યથી લક્ષ પણ ન આપે.

ક્ષાયિક ગુણોમાં જવા માટે તો, આત્મપતન કરાવનાર સંયોગ ઊભો થાય તો ય, તેની કાંઈ અસર આત્મા પર ન થાય તેવું અચલપણું પ્રાપ્ત કરવું છે. આજ સુધી એવું હતું કે કોઈ ગુસ્સો ન કરાવે ત્યાં સુધી ક્ષમા રહેતી અને પ્રતિકૂળતામાં ક્ષમા ભાગી જતી. એ અસ્થિર દીવ કહેવાય પણ હવે એને સ્થિર કરવાનો છે. ત્યાં એ વિચારાય કે જ્યાં ગુસ્સો થવાનો પ્રસંગ નથી, બધી સારાસારી છે, ત્યાં શી ક્ષમા કરવાની?

ક્ષમા તો કાંઈ પ્રતિકૂળ બને ત્યાં કરવાની ઊભી થાય. માટે આવો મનોરથ ચિંતવવો કે 'કોઈ મને મારવા તલવાર ખેંચીને આવે, તો પણ મારા જીવને હું પૂર્ણ ક્ષમાવાળો રાખું. હું ક્ષમામાં ઝીલતો રહું ! ક્ષમારૂપી હીંચકામાં હીંચ્ય કરું ! ક્ષમાના આનંદમાં મસ્ત બનું ! શત્રુ મારા કર્મ ખપાવવામાં સહાયક થાય છે તેથી એ શત્રુને મારો મિત્ર માનું. એ બિચારો પાપથી સંસારમાં રુલી જશે !—એવી એની દયા ખાઉં. જો હું કષાય કરું, તો ય (૧) મારે પૂર્વે ઉપાર્જેલાં મારાં કર્મોને તો અવશ્ય ભોગવવાં જ પડે છે; એથી આપત્તિમાં તો કાંઈ સુધરતું નથી. પણ વધારામાં (૨) આકુલતા-વ્યાકુળતાએ કરેલા કષાયોથી આત્માના કર્મબંધન વધે છે, ને (૩) કષાયાદિના કુસંસ્કાર જર્જરિત થવાને બદલે તાજા અને દૃઢ થાય છે ! (૪) માનવભવનો ક્ષમા કેળવવાનો સોનેરી ગુમાવાય છે ! અને (૫) સામાને પણ આ બધું નિપજાવાય છે ! કેટલા અનર્થ ?' ઈત્યાદિ વિચારણાથી શત્રુને મિત્રવત્ લેખે.

**આ નવ ઉપાયોનું સેવન કરવા ૬ સાધન :**– (૧) આત્મા અપ્રમત્તભાવને ખીલવવાનું જરા ય ન ચૂકે. એ માટે (૨) પુદ્ગલના પરિચય માત્રથી ગભરાય. (૩) અનુકૂળ-પ્રતિકૂળ સંયોગોમાં ઉદાસીન રહેવા ખૂબ સાવધાન હોય. (૪) એ માટે આત્માનું અવિકારી અને અક્ષય સ્વરૂપ, અસાંયોગિક આનંદ, જડથી તદ્દન અલિપ્તતા- વગેરે ખૂબ ચિંતવે, અનુભવે, અને ભાવે. (૫) એ માટે જીવનને સંયમ-સ્વાધ્યાયના યોગો તપથી જ વ્યાપ્ત કરે. (૬) આમ કરતાં કરતા અધ્યવસાયની ઊંચી વિશુદ્ધિ કરે. તેથી ક્ષપકશ્રેણી થઈ, ક્ષાયિક ચારિત્ર, અને ક્ષાયિક જ્ઞાન રૂપી સ્થિર દ્વીપ અને દીપ પ્રગટ થાય.

**(૧૦) [૧]અસંભ્રમ– [૨]અનુત્સુક્તા–[૩]અસંસક્તારાધન.**

સૂત્રઃ–जहासत्तिमसंभंते अणूसगे असंसत्तजोगाऽऽराहए भवइ।

**અર્થઃ**– યથાશક્તિ સંભ્રાન્ત અને ઉત્સુક બન્યા વિના સંયમયોગોને અસંસક્ત સાધક બને.

**વિવેચનઃ**– સ્થિર દીવા માટે કેવો ઉદ્યમ કરે છે, તે સૂત્રકાર અહી સંક્ષેપમાં બતાવે છે, કે આરાધક મુનિ **યથાશક્તિ અસંભ્રાન્ત અને અનુત્સુક** હોય

**અસંભ્રમ–અનુત્સુક્તાના ૩ અર્થ**:– (૧) [૧]પોતાની મન, વચન, કાયાની સર્વશક્તિને અનુસારે ફળ અંગેની ભ્રાતિ અને ઉત્સુક્તા (અધીરાઈ)ને ટાળે છે એને તો મનમાં નક્કી જ હોય કે 'ફળ જ્ઞાનીએ ભાખ્યું છે તે નક્કી આવવાનું છે,' એટલે એનું કામ જરાય ફળની ભ્રમણા રાખ્યા વિના સુપ્રવૃત્તિમાં રચ્યોપચ્યો રહેવાનું. તેમજ [૨]ફળની એવી ઉત્સુક્તા ન રાખે કે જે વર્તમાનપ્રવૃત્તિને ચુંથી નાખે. જેમ ચૂલે ચડતી રસોઈમાં 'એ થઇ કે નહિ, થઈ કે નહિ,' એવી આતુરતાથી વારે વારે હલાવે, તો રસોઇ જ બગડી જાય. એમ 'ફળ ક્યારે મળશે? કેવુંક મળશે?' એવી અધીરાઈથી મન ચંચળ અને વ્યગ્ર રહે, તો તેથી ચાલુ યોગોમાં મન તદર્પિત ન રહે; તેથી પ્રણિધાન ન જળવાય; અને પ્રણિધાન વિનાની પ્રવૃત્તિથી સિદ્ધિ નહિ થાય.

(૨) વળી અસંભ્રાન્ત અને અનુત્સુકના બીજા અર્થથી, નિવૃત્તિ માર્ગમાં ભ્રાન્તિ રહિત અને પ્રવૃત્તિ માર્ગમાં અનુત્સુક બને. અર્થાત્ કુટુંબ–વિષય–આરંભ–પરિગ્રહ–સગવડ આદિ જેના જેનાથી મુનિ નિવૃત્ત થયો, 'તે તે રાખ્યા હોત તો અનુકૂળતા રહેત' એવી ભ્રમણા કદી ન સેવે. 'છોડેલું' તો આત્માની દૃષ્ટિએ

મહા પ્રતિકૂલ હતું, માટે જ છોડ્યું છે,' એવો એ અભ્રમ (નિર્ણય) રાખે. તેમ, પ્રવૃત્તિ માર્ગમાં અધીરાઈ ઉત્સુકતાથી વ્યગ્ર ન બને. પોતાના વિકાસમાં નિશ્ચિત આગળ વધે, પણ 'હાય! હું રહી ગયો!' એવી અધીરાઈ, કે આ કેટલું ભણ્યા, આમણે કેટલો તપ કર્યો, ફલાણા કેટલા વધ્યા?' એવી ઉત્સુકતા (જાણવાની આતુરતા) એ નથી સેવતો. કેમકે, પરચિંતામાં સ્વચિંતા ચૂકાય છે, ખોટો ખેદ અને હતાશા થાય છે.

(૩) વળી અસંભ્રાન્ત અને અનુત્સુકને ત્રીજી રીતે વિચારતાં, આત્માના બે ભાવ,–આંતર ભાવ અને બાહ્ય ભાવ; એમાં આંતરભાવ શુદ્ધ સ્વાત્માનુલક્ષી વ્યાપાર; એમાં મુનિ ભ્રાન્તિ–રહિત નિશ્ચિત હૃદયે તલ્લીન રહે. આત્મહિતની જેટલી પ્રવૃત્તિ, જે કોઈ સંયમ–યોગો, શુભ ભાવનાઓ, શાસ્ત્ર–સ્વાધ્યાય, પરિસહાદિ–સહન, ક્ષમાદિ યતિધર્મ, શુભ વાણી–વ્યાપાર, બાહ્યાન્તર તપ વગેરે, એ બધાનું સેવન એનું જ મહત્ત્વ માની લેશ માત્ર ભ્રાન્તિ વિના વિશ્વસ્ત હૃદયે કરે. ત્યારે બાહ્ય ભાવમાં તાણી જવાના સંભવવાળા આહાર–વસ્ત્રપાત્ર–વસતિ વગેરે અંગે 'હા! ઠીક મળે તો સારૂં. ક્યારે મળશે?'....વગેરે અંગે અનુત્સુક રહે, ઉત્સુકતા ન રાખે. જ્યારે મળે ત્યારે ભલે, જેવું મળે તે બરાબર, લેખે. એનું મહત્ત્વ ન આંકે. ઉદાસીન ભાવે એમાં પ્રવર્તે. અનુકૂલની પ્રાપ્તિની કે રક્ષાની, અને પ્રતિકૂલના વિરહ કે અનાગમનની કોઈ ઉત્સુકતા ન રાખે.

**અસંસક્ત યોગસાધના** :– વળી અભ્રમ અને અનુત્સુકતાથી સાધુપણાના યોગોનું અસંસક્ત આરાધન કરે. બીજી ભળતી કે સારી વસ્તુથી જે મિશ્રિત હોય, તે વસ્તુ સંસક્ત–મિશ્રિત કહેવાય. લોટમાં જીવાત પડી તો તે સંસક્ત બન્યો.

પ્રસ્તુતમાં શ્રમણપણાના જે જે કાળે જે જે યોગને આચરવાના હોય, તે તે કાળે તે તે યોગને, બીજા કોઈ પણ અશુભ યોગનું મિશ્રણ તો નહિ, કિન્તુ શુભ યોગનું ય મિશ્રણ કર્યા વિના, અરે બીજા શુભયોગની વિચારણા સરખીયે કર્યા વિના સાધે; કેમકે, એને સૂત્રાનુસારી રહેવું છે. સૂત્ર કહે છે, કે–

**અસપત્ન સાધના:**–શ્રી જિનશાસનને વિષે મહાન કર્મ-દુઃખનો ક્ષય કરવાના હેતુએ આરાધનાના દરેકે દરેક જોગ '**અસપત્ન**' યાને એકબીજાથી બાધિત કે બાધક ન બને એવા બિન–હરીફ સાધવા જોઈએ. એક યોગ વખતે માંહી બીજો ભળે તો હરીફ આવ્યો કહેવાય. તે ન આવવો જોઇએ. દા.ત. રસ્તામાં ચાલતાં ઈર્યાસમિતિના યોગ વખતે સ્વાધ્યાયાદિ ન ચલાવાય, તો જ અસંસક્ત સાધના થાય. **સંસક્ત સાધનામાં** બીજા યોગોનો પ્રવેશ થવાથી ચાલુ યોગ પ્રત્યે અખેદ, અનુદ્વેગ, અ–ક્ષેપ, અનુત્થાન, અભ્રાન્તિ, અનન્યમુદ્, અરોગ અને અનાસંગ નથી સચવાતા. એના પ્રતિપક્ષી દોષો આવી જવા સંભવે છે. આ ખેદ–ઉદ્વેગ–વિક્ષેપ **વગેરે ૮ દોષ** આઠ યોગદૃષ્ટિને ક્રમશઃ બાધ કરનાર દોષ છે ક્રમસર એ એકેક દોષ ટળે તો જ ઉપર ઉપરની યોગદૃષ્ટિમાં ચડી શકાય. વર્તમાન યોગમાં ખેદ, અરુચિ વગેરેસાનું કાંઈ આવ્યું, તેથી અશુભ મનોયોગ પેઠો. જ્યાં બીજો શુભ પણ યોગ માંહી ન પેસવો જોઇએ, ત્યાં કોઈપણ અશુભ યોગ તો ભળવાની વાતે ય શી? આ બાબતનો ખ્યાલ હોય તો ઘણા જ અતિચારોથી મુક્ત થઈ નિરતિચાર અનાસંગ યોગ સુધી પહોંચી શકાય; જેથી પછી વીતરાગતા અને સર્વજ્ઞતા પ્રગટે. ગૃહસ્થે પણ ધાર્મિક યોગોમાં અન્ય શુભ

કે અશુભ યોગને મિશ્રિત ન કરવો જોઈએ. પ્રભુની પૂજા કરવા બહુ જ ભાવપૂર્વક જાય, પણ સાથે રસ્તામાં ધંધો કરી આવે, એ અશુભમિશ્રણ થયું. સાથિયો કરતી વેળા ચૈત્ય-વંદન ચલાવે એ શુભમિશ્રણ થયું. આ બધું પૂજાને સંસક્ત કર્યું કહેવાય, તે યોગ્ય નથી. વળી એક શુભ યોગ બીજાને રુંધી નાખે તેય અયોગ્ય. દા.ત. પૂજામાં ખૂબ મઝા આવી ગઈ, વખત ઘણો પસાર કર્યો, પણ તેથી વ્યાખ્યાન સાંભળવાનો સમય વીતી ગયો, એ યોગ રુંધાયો. એમાં પૂર્વનો યોગ બાધક બન્યો. એમ પૂર્વનો યોગ બાધ્ય પણ ન બનવો જોઈએ, પૂજા કરતી વખતે ચિંતા થયા કરે કે 'વ્યાખ્યાન શરૂ થઈ જશે તો?' આ ચિંતાથી પૂજામાં ખામી આવી. આત્મામાં જેમ સંસારની દરેક ક્રિયા જૂદીજૂદી પોતપોતાના કાળે મુખ્યપણે વણાઈ જાય છે, તેમ શુભયોગો આત્મા જોડે મુખ્યપણે વણાઈ જવા જોઈએ, જેથી એના માટે એની જ જરૂરી વિચારણા મનમાં, એની જ જરૂરી વાણી વચનમાં, અને એની જ જરૂરી હિલચાલ કાયામાં રમે.

## (૧૧) ઉત્તરોત્તર યોગસિદ્ધિ-વિશોધન

સૂત્રઃ-उत्तरोत्तरजोगसिद्धिए मुच्चइ पावकम्मुणत्ति ।

**અર્થઃ**-આગળ આગળના યોગ સિદ્ધ થતાં પાપકર્મથી મૂકાય છે.

**વિવેચનઃ**-આમ અભ્રાન્ત અને અનુત્સુક બની, સંયમ જીવનમાં અસંસક્ત યોગો આરાધતાં ઉત્તરોત્તર ઉચ્ચ ઉચ્ચ ધર્મપ્રવૃત્તિ સિદ્ધ થાય છે. દા. ત. તપના યોગની પછી પારણું થાય તે પણ અધિક ઉન્નતિ માટે, જેમકે શ્રી ગૌતમ સ્વામીના આલંબને પાંચસો તાપસોને અધિક સમતા અને સમાધિરસ

સાથે આવું પારણું થતાં, કેવળજ્ઞાન પ્રગટ્યું ! ટૂંકમાં (૧) દરેકે દરેક ધર્મવ્યાપાર આત્માના વિકાસનું રુંધન ન કરે. પણ ઉત્તરોત્તર વેગ વધારે એવી રીતે સધાવો જોઈએ. દા.ત. આજે એક વિગયનો ત્યાગ કર્યો, મઝા આવી. કાલે બે તજે. એમ, (૨) સામાન્ય પરિસહને આનંદથી સહતાં શીખે, પછી આગળ તેથી ઉગ્ર પરિસહ સહન કરતાં શીખે એમજ (૩) વધતાં વધતાં સાપેક્ષ યતિધર્મમાંથી નિરપેક્ષ યતિધર્મે ચઢી જાય. અર્થાત્ સાધુપણાની સાધના એવી કરે, કે અંતરઆત્મા સાક્ષી પૂરે, કે 'હું ઉત્તરોત્તર ઊંચા ઊંચા યોગ સિદ્ધ કરી રહ્યો છું.' ગૃહસ્થ પણ વૈરાગ્ય અને ઉપશમનો યોગ સિદ્ધ કરવા માગતો હોય, તો તે પાંચે ઇંદ્રિયના **વિષય પ્રત્યે હૃદયનાં આકર્ષણને, અને ચારે કષાયો પ્રત્યે આત્માની પરાધીનતાને ઘટાડતો જાય.** દા.ત. પહેલાં ઈમીટેશન હીરા તરફ પણ આંખ ખેંચાઇ જતી હતી તે આકર્ષણ ઘટાડી એવું કર્યું, કે હવે સાચો હીરો આવે તો જ જોવાઈ જાય છે; અને વખત જતાં 'એ પણ આત્માને ખરડનારો છે,' એમ માની તેના પ્રત્યેનું આકર્ષણ ઓછું કરી નાખે. એવું કષાયોમાં સંયમ એવો કેળવે, કે પહેલાં જે સહેજ વાતમાં ક્રોધ–માનાદિ ઉઠતા, તે હવે અમુક ગંભીર પ્રસંગે જ ઊઠે, પણ સામાન્ય પ્રસંગમાં તો નહિ જ. આવું ઈતરેતર અને વ્યતિરેકી સંજ્ઞાથી આ રીતે થાય, કે આટલાં વિષયાકર્ષણ અને આટલી કષાયાધીનતા હજી મારે ઊભી છે, અને આટલી તો બાદ થઈ ગઈ છે. હજુ ઊભામાંથી પણ ધીમે ધીમે બાદ કરૂં.' એમ કરી, ગયા માસ કરતાં આ માસે ગણત્રી સાથે ઓછી કરે. આ જેમ વૈરાગ્ય અને કષાયોપશમના યોગમાં, તેમ બીજા તપસ્યા, સ્વાધ્યાય, ધ્યાન,

એકાગ્રતા, મનન વગેરે યોગોમાં પણ સમજવાનું.

આનું ફલ અપૂર્વ અને અલૌકિક! જેમ જેમ ધર્મયોગમાં પ્રગતિ સાધે, તેમ તેમ તે તે આત્મગુણને અટકાવનાર પાપ-કર્મોથી મુકાઈ જાય છે. તેથી તે તે ગુણો પ્રગટ થાય છે, સિદ્ધ થાય છે. દા. ત. તપનો યોગ સિદ્ધ થતો જાય, તેમ તેમ આહાર-સંજ્ઞાના ઉત્તેજક પાપ-કર્મથી એવો મુકાતો જાય, કે હવે જો તપ કરતા ભૂખ લાગી, અને **મનમાં લડાઈ થાય, તો તે તપ સાથે નહિ, પણ આહાર-સંજ્ઞા સાથે, પુદ્ગલની પરાધીનતા સાથે લડાઇ થાય.**

અહીં અભ્રાન્ત અનુત્સુક બની અન્યોન્ય બાધા વિના, [૧]દાનાદિ ક્રિયા અને શુભ ભાવ, [૨]વિરાગ અને ઉપશમ, [૩]સંયમ અને સ્વાધ્યાય, [૪]અહિંસા અને સત્ય, [૫]પવિત્રતા અને નિસ્પૃહતા, [૬]વિવેક અને વિરતિ, [૭]વિનય અને વૈયાવચ્ચ, [૮]શ્રમણપણું અને અપ્રમાદ, [૯]ભાવના અને ધ્યાન, વગેરેના યોગો ઉત્તરોત્તર એવી રીતે સાધે, કે તે તે ઘાતી કર્મથી એ મુકાતો જાય. તેથી તે તે ગુણોને પ્રગટ કરતો અસ્થિરમાંથી સ્થિર દીવ તરફ જઈ રહ્યો હોય.

સૂત્ર:-विसुज्झमाणे आभवं भावकिरिअमाराहेइ ।

અર્થ:-(ઉત્તરોત્તર) વિશુદ્ધ થતો ભવના અંત સુધી ભાવ-ક્રિયાને આરાધે છે.

**વિવેચન:-** **વિશુદ્ધિવૃદ્ધિ:**-એમ ઘાતી પાપકર્મથી મુકાતો જે આત્મા ઉત્તરોત્તર અધિકાધિક વિશુદ્ધ થતો જાય છે, તે આ જન્મપર્યંત કે સંસાર પર્યંત કર્મ-રોગ ટાળી ભાવ-આરોગ્ય (મોક્ષ, નિર્વાણ) સાધી આપનારી ભાવક્રિયા(આત્મરોગની ચિકિત્સા)ને આરાધે છે, સાધે છે. કઈ ભાવ-ક્રિયા ? ઔચિત્ય,

આરંભ, અને નિર્વહણ–સ્વરૂપ ક્રિયા. મોક્ષ–સાધક તે તે સંયમ અને બાહ્ય–અભ્યંતર તપને ઔચિત્યના બરાબર પાલન સાથે આરંભે છે, અને એ આરંભેલ યોગોનો બરાબર નિર્વાહ પણ કરે છે. અર્થાત્ ઠેઠ ગુણની પરાકાષ્ઠાએ પહોંચાડે, એવું એનું અખંડ પ્રગતિશીલ પાલન કરે છે.

સૂત્રઃ-पसमसुहमणुहवइ अपीडिए संजमतवकिरिआए अव्वहिए परीसहोवसग्गेहिं वाहिअसुकिरिआनाएणं ।

**અર્થ**:- સંયમ અને તપની ચિકિત્સાથી પીડા ન પામતાં તેમજ પરીસહ અને ઉપસર્ગથી વ્યથા પામ્યા વિના, સારી ચિકિત્સા લેતા રોગીના દૃષ્ટાન્તે પ્રશમ સુખને અનુભવે....

**વિવેચનઃ**-આ રીતે કષ્ટ સાથે સંયમ–તપને સાધવા છતાંય પ્રશમ સુખ અનુભવે છે....પણ ખેદ, ગ્લાનિ, પીડા વગેરે પામતો નથી....દેહ અને મનને અનુકૂલ પડે, એવા પણ આસ્રવો દબાવવામાં, એટલે કે સંયમમાર્ગે સંસારથી પ્રતિસ્રોત યાને ઉલ્ટા પ્રવાહે ગમન કરવામાં તથા ઉપવાસ વગેરે બાહ્ય તપમાં અને પ્રાયશ્ચિતાદિરૂપ અભ્યંતર તપમાં જરાય દુઃખી થયા વિના હૃદયથી પ્રશમ સુખને અનુભવે છે....ચિત્ત ખૂબ જ પ્રશાન્ત, પ્રસન્ન, અને એવું તૃપ્તિ-મસ્ત રહે છે,.... કે તીવ્રક્ષુધા, તૃષા, શીત, ઉષ્ણ, વ્યાધિ, માર, અપમાન વગેરે પરિસહો, અને દેવ, મનુષ્ય કે તિર્યંચના ભયંકર પણ ઉપસર્ગોની ઝડી વરસે તો ય એ સારી ચિકિત્સા કરનાર રોગોની જેમ જરાય મનથી ક્ષોભાયમાન કે પીડિત નથી થતો. પ્રશમ સુખથી એ અનુભવે છે કે આનાથી આત્માને કોઈ હાનિ થવાની નથી. આત્માનો કે આત્માના જ્ઞાન–સુખનો એક પ્રદેશ પણ હણાતો નથી. ઉલ્ટું પાપકર્મ ખપવાથી આત્મ–વિકાસ થવાનો છે....

ભાવ—ચિકિત્સાનો પ્રયોગ સમજાવવા કોઈ શરીરનો રોગી યોગ્ય ચિકિત્સા કરાવતો સુખ-શાંતિ અનુભવે, તેનું દૃષ્ટાંત અહીં બતાવાય છે, તે આ પ્રમાણેઃ-

## (૧૨) શરીરરોગ-ચિકિત્સાનું દૃષ્ટાંત ને કર્મરોગ ચિકિત્સા

સૂત્રઃ-से जहानामए केइ महावाहिगहिए अणुहूअतव्वेअणे विण्णाया सरूवेण निव्विण्णे तत्तओ। सुविज्जवयणेण सम्मं तमवगच्छिअ जहाविहाणओ पवण्णे सुकिरिअं। निरुद्धजहिच्छाचारे, तुच्छपच्छभोइ, मुच्चमाणे वाहिणा, निअत्तमाण वेअणे, समुवलब्भाऽऽरोग्गं पवड्ढमाणतब्भावे, तल्लाभनिव्वुईए तप्पडिबंधाओ सिराखाराइजोगेवि वाहिसमारूग्गविण्णाणेण इट्ठनिप्फत्तीओ अणाकुलभावयाए किरिओव ओगेण अपीडिऐ अव्वहिऐ सुहलेस्साए वड्ढइ, विज्जं च बहुमण्णइ।

**અર્થઃ**-જેમ, ગમે તે નામનો કોઈ પુરુષ મહાવ્યાધિગ્રસ્ત હોય, એણે તેની વેદના ભોગવી હોય, (જાલિમ વેદનાના) સ્વરૂપને સમજનારો હોઈ, એ દિલથી કંટાળ્યો હોય; ને સુવૈદ્યના વચનથી સારી રીતે એને જાણીને વિધિ મુજબ સારી ચિકિત્સા એ સ્વીકારે, સ્વેચ્છાચાર બંધ કરી નિસ્સાર પથ્ય વાપરે, વ્યાધિથી મુક્ત થતો આવતો તેથી વેદનારહિત બનતો આરોગ્ય પ્રાપ્ત થતું જોઈ (વિશેષ આરોગ્ય પ્રત્યે એના) ભાવ વધતા આવે; આરોગ્યલાભના નિર્માણથી એના પર મમત્વને લીધે નસ્રવેધ-ક્ષારપ્રયોગાદિ યોજવાં છતાં, વ્યાધિની જેમ આરોગ્યને ખ્યાલ હોવાથી અને ઇષ્ટ આરોગ્ય નિષ્પન્ન થતું હોવાથી, જરા ય આકુળ-વ્યાકુળ થતો નથી; (કિન્તુ સ્વસ્થ ચિત્તે) ચિકિત્સાક્રિયાના પ્રયોગથી જરા ય પીડા-વ્યથા લગાડયા વિના શુભલેશ્યામાં આગળ વધે છે અને વૈદ્યને બહુ માને છે.

**વિવેચનઃ**–કોઈ માણસ કોઢ વગેરે મહાવ્યાધિમાં સપડાયો હોય અને એ રોગની ખૂબ પીડા અનુભવતો હોય, તેમજ વેદનાના સ્વરૂપનો બરાબર જાણ હોય; પરંતુ ખરજવું ખણનારની જેમ એને પીડારૂપ સમજે જ નહિ એવો ભ્રાન્ત નહિ. વળી એ વેદના સ્વયં અનુભવવાથી એ વેદનાથી ખરેખર કંટાળ્યો હોય; તેવામાં કોઈ સારો વૈદ્ય મળી જાય તો એ વૈદ્યના વચનથી અભ્રાન્તપણે સાચી રીતે તે વ્યાધિને ઓળખે. પછી એ દેવપૂજાદિ યોગ્ય વિધિ–વિધાન સાચવી રોગ પકવવારૂપ સમ્યક્ ચિકિત્સા ક્રિયા ( Treatmant )ને આદરે તેમાં પોતાને નુકશાન થવાના ભયથી પોતાના ગમે તે કુપથ્ય સેવવા વગેરે મનગમતા વર્તાવને અટકાવી, રોગમાં પથ્ય એવી નીરસ હલકી વસ્તુ ખાતો હોય, તો એ વ્યાધિથી મુકાતો જાય છે.

અહિં વર્ષોથી પીડાવામાં દિવસે દિવસે રોગ વધતો જ રહ્યો હોય, પાછી પીડા એટલી વધી કે હવે સહન જ કરી શકાતી ન હોય, 'અરેરે!' ને 'હાય–વોય' થતું હોય, પૂર્વે પોતાને રોગ નહોતો ત્યારે તો બીજા કોઈને દુઃખ થતું ત્યાં એ દુઃખને સમજ્યા વિના ડાહી રીતે કહેતો કે 'હશે ભાઈ! દુઃખ તો આવે, એટલામાં શું રુઓ છો? એટલું સહન નથી થતું? વગેરે. પણ હવે જ્યારે પોતાને દુઃખ આવી પડ્યું છે, અને તે એટલું બધું આંતરિક ભાવોને પણ ક્લેશમય કરે છે, ત્યારે તો એને વેદના શું છે, એ અનુભવમાં આવ્યું, એટલે તો હવે એ તત્ત્વથી એટલે સાચોસાચ, એથી કંટાળી જાય છે. એમાં કોઇ સારો વૈદ્ય મળ્યો, અને તે કહે છે કે–'તમને આ અમુક બહુ જ ભયંકર રોગ થયો છે. તેનું આ સ્વરૂપ અને

આ પરિણામ છે. તે જો ધીમે ધીમે વધી જશે, તો શરીરની સાતે ધાતુઓમાં પ્રસરી કારમી પીડા અને કદાચ મૃત્યુ પણ કરશે. પરંતુ જો મારા બતાવ્યા પ્રમાણે ઔષધનું સેવન કરશો, તો જરૂર ફાયદો થશે. તેમા પથ્ય તો પાળવુ જ પડશે. બીજો બધો જ ખોરાક છોડી દઇ, માત્ર થોડું મગનું પાણી લેવું પડશે. તે પણ દિવસના બે જ વાર, તે સિવાય કશું જ નહિ. ભૂલેચૂકે પણ બીજા ખોરાકને અડાશે ય નહિ; ગમે તેટલી ભૂખ લાગશે, પણ કાંઈ જ ખવાશે નહિ પાણી પણ બહુ જ ઓછું પીવાનું; તરસ લાગે તો પણ સહન કરવી પડશે. ઔષધ જૂદું જૂદું અને બહુ કડવું હશે, તે ય દિવસમા દસ વખત લેવું પડશે; તે પણ વખતસર, તેમાં ભૂલ નહિ ચાલે. તેથી કદાચ પેટમાં પીડા થશે કે તાવ આવશે, શરીરમાં કળતર થશે, નિદ્રા ય નહિ આવે, એ બધું સહન કરવું પડશે. પવન વિનાના સ્થાને પથારીમાં જ રહેવું પડશે ઉઠાશે ય નહિ અને બહાર જવાશે પણ નહિ. એમ કરવાથી રોગ મટી જશે'

આટઆટલા નિયમો છતાં, મહારોગથી દુ:ખી દરદી, રોગનો નાશ કરવા તે ધ્યાનપૂર્વક સાંભળે છે, અને ચિકિત્સા શરૂ કરે છે. હવે તે આજસુધી ખાનપાન હરવું ફરવું, બેસવું, ઉઠવું વગેરે યથેચ્છ-મનફાવતી રીતે કરતો હતો. તે હવે તેને અટકાવી દે છે હવે વૈદ્ય જેમ કહે છે, તે પ્રમાણે જ બધું કરે છે.

આ પ્રકારે સેવન કર્યાથી તે કોઢના ચાઠા વગેરેની સાથે જેમ જેમ વ્યાધિથી મૂકાતો જાય છે, તેમ તેમ પીડા દૂર થતી જાય છે. હવે મસ્તકાદિમાં તેવી ઉગ્ર વેદનાઓ કે શરીરે ચળ નથી ઊઠતા. શરીરે કંઇક સ્વસ્થતા અનુભવાય છે એથી આરોગ્ય

અને નવાં નવાં ઉપદ્રવો, કે જેનો કોઈ અંત નહિ! કર્મરોગથી કેવી કેવી વેદનાઓ! આમાં ક્યાં સુખ છે! આશ્ચર્ય તો એ છે કે **જીવનભર આત્માનું કાર્ય ભારે ભારે પુણ્ય ખર્ચી પુદ્ગલના લોચા લેવા પોષવાનું! જ્યારે એ લોચાનું કાર્ય આત્માને ભારે પાપાર્જનથી વિરાટ વિશ્વમાં ક્યાંય નિરાધાર ફેંકી દેવાનું!** છતાં કર્મરોગની આ વેદનાને દુઃખરૂપ નહિ સમજનાર મોહમૂઢ પામર પ્રાણી નવનવાં શરીરાદિના ખોખાં રચવાં. પોષ-સાચવવાના જ ધંધામાં રચ્યોપચ્યો! આખા ય દિવસની કારમી મહેનતથી કરોળિયાએ બનાવેલ ઇજનેરી જાળ (ઘર) સાવરણીના એક લસરકે છિન્નભિન્ન થતાં, તેની સાથે સાથે બાંધેલી બધી આશાઓ, મનોરથોનો પણ ભાંગીને ભૂક્કો થઇ જાય! તે છતાં જેમ તે બધું ભૂલી જઈ કરોળિઓ વળી પાછો જાળ બાંધવા મથે છે! તેની માફક જીવ પણ નવા નવા ભવમાં નવી નવી મજુરી કરે જ જાય છે! જીવની કરુણ દશા કરનાર કેવી આ જન્માદિની વેઠ અને વેદનાઓ!' એમ વિચારી આ વેદનાઓને દુઃખરૂપ દુઃખફલક, દુઃખાનુબંધી સમજી એના પ્રત્યે ભારે કંટાળો, ભારે ખેદ, ભારે ઉદ્વેગ એને ઉપજે.

હવે સુગુરુ વૈદ્ય મળ્યા. એમનાં કલ્યાણ–વચનથી એ જાણ્યું કે આવા આવા અનુષ્ઠાનાદિ હોય તે સદ્ગુરુ કહેવાય; અને આવી આવી ક્રિયાઓ લક્ષણો અને જન્માદિ વેદનાઓ આપે તે કર્મ-રોગ કહેવાય. એ રોગ એવો અતિ ભયંકર છે કે એને જો નહિ ટાળ્યો તો પછી પીડાનો પ્રમાણથી અને કાળથી પાર નહિ. તાવ વગેરેનો રોગ ટાળવા મહેનત નહિ કરી, અરે! ક્ષયનો વ્યાધિ ટાળવા મહેનત નહિ કરી, તો ય ચાલશે; પણ જો આ કર્મવ્યાધિ

**ટાળવા મહેનત નહિ કરી, તો જીવને દુર્ગતિનાં જન્મની અને એના યોગે જ નિસ્સીમ ત્રાસની ફોજ મહાદુઃખી કરશે !**

**કર્મરોગથી શું શું ?:—**

આ જગતમાં જીવને જે કોઇ સામાન્ય શિરોવેદનાથી માંડી મોટી ભયંકર સોળ રોગની કારમી પીડા થતી હોય, કાંઇ પણ અનિષ્ટ કે પ્રતિકૂળ થતું હોય, ગમે તે દુઃખ ત્રાસ કે યાતના હોય, એ બધું કર્મરોગને આભારી છે. કર્મની દુઃખદ વિચિત્ર લીલા કેવી, કે જીવ ઝંખશે મહાન ઋદ્ધિ, પણ કર્મ દેખાડશે દરિદ્રતા! જીવને જોઇએ પૂર્ણ સ્વાધીનતા, પણ કર્મ આપે ભારે પરાધીનતા ! જીવને ઇચ્છાનુસાર ઘણું ઘણું બનવા જોઇએ, પણ કર્મ ઘણું ઘણું ન બનવા દે ! જીવની કાંક્ષા છે કે પોતાની ધારણા અસ્ખલિત પાર ઉતરવી જોઇએ, છતાં કર્મ એ ધારણાને વચમાં જ કાપે છે ! નરકના જીવ બિચારાને શરીર ઉપર કારમા તાડન—પીટન, ઘર્ષણ-પીષણ, છેદન-ભેદન, દહન-પચન થાય છે, એ સઘળું કર્મ-રોગને લીધે ! અરે એને પ્યારા મૃત્યુની પણ અપ્રાપ્તિ આયુષ્ય કર્મરોગે ! એ ન મરી શકવાથી અસંખ્ય વર્ષ સુધી એક ક્ષણના વિરામ વિના ઘોર અસહ્ય માર વેઠે તે કર્મયોગે ! તિર્યંચ ગતિમાં ભૂખ, તરસ, અતિ તાપ, ઠંડી, બંધન, ખુલ્લા શરીર પર રાત્રિભર ડાંસ-મચ્છરના ડંસ, ભારવહન, પ્રહાર, વધ વગેરે દુઃશ્રવ પીડાઓ કર્મયોગે ! મનુષ્ય લોકમાં ય દરિદ્રતા, દાસપણું, દૌર્ભાગ્ય, અજ્ઞાન, અપયશ, અપમાન; માર, પરાધીનતા, વીર્ય-લાભ-ભોગમાં અંતરાય, ઇષ્ટવિયોગ, અનિષ્ટ સંસર્ગ, રોગ, શોક વગેરે બધું કર્મરોગે ! દેવ ગતિમાં ઇર્ષ્યા, દ્વેષ, ગુલામી, સુખના વિશ્વાસમાં રહ્યા રહ્યા એકાએક ચ્યવન,—આવું આવું પણ કર્મરોગે ! જો એ કર્મરોગ

પાછું આવતું જોઈ આરોગ્યની ચાહના વધે છે. અંશે આરોગ્યની પ્રાપ્તિ થઈ, તેથી આરોગ્ય ઉપર મમત્વ જાગે છે. તેથી ત્યાં વૈદ્યના કહેવાથી અંદરનો રોગ કાઢવાને હજી પણ વધુ કડક ચિકિત્સા આદરે છે. જરૂરી નસ વિંધાવે છે, ઉપર ક્ષાર નખાવે છે. આવી અનેક કષ્ટમય ક્રિયા કરાવવા છતાં, રોગની શાંતિથી કેવું સરસ આરોગ્ય મળે એનો ખ્યાલ હોવાથી અને ઇષ્ટ આરોગ્ય પ્રાપ્ત થતું હોવાથી, જરાય આકુળ વ્યાકુળ થતો નથી. અધીરાઈ, કંટાળો કે અસહિષ્ણુતા લાવ્યા વિના પોતાની ઇતિકર્તવ્યતામાં મનનો ઉપયોગ હોવાથી, પવન વિનાના ધામવાળા સ્થાને જ બેઠક, કટુ ઔષધનું સેવન, વગેરેથી જરા ય પીડિત કે ચલિત થતો નથી પણ ઉલટું, સારા ઉત્સાહિત ભાવથી એમાં આગળ વધે છે, અને વૈદ્યના ઉપર બહુમાન ધરે છે. જેમકે 'આ વૈદ્ય તો મારી મહાન પીડાને હટાવવામાં કારણભૂત છે. આણે તો માત્ર આરોગ્ય નથી આપ્યું, પણ વેપાર, ભોગ, વિલાસ, મઝા બધું જ આપ્યું છે;' એવું એને સારી રીતે જણાઈ ગયું છે.' આ દૃષ્ટાન્ત થયુ. હવે એની સાથેનો ઉપનય (ઘટના) આ:—

## (૧૨–અ) કર્મરોગચિકિત્સા : ચારિત્ર–આરોગ્યવૃદ્ધિ

સૂત્રઃ–एवं कम्मवाहिए अणुभूअजम्माइवेअणे विण्णाया दुक्खरूवेणं निव्विण्णे तत्तओ। तओ सुगुरुवयणेण अणुट्ठाणाइणा तमवगच्छिअ पुव्वुत्तविहाणओ पवन्ने सुकिरिअं पव्वज्जं, निरुद्धपमायायारे, असारसुद्धभोई, मुच्चमाणे कम्मवाहिणा, निअत्तमाणिट्ठविओगाइवेअणे, समुवलभ चरणाऽऽरोग्गं पवड्ढमाणसुहभावे तल्लाभनिव्वुइए, तप्पडिबंधविसेसओ परीसहोवसग्गभावे वि तत्तसंवेअणाओ कुसलासयवुड्ढीए थिराऽऽसयत्तेण धम्मोवओगाओ सयाथिमिए तेउल्लेसाए पवड्ढई।

**અર્થ:**– એ પ્રમાણે કર્મ (રોગ)થી પીડિત, જન્મ આદિની વેદનાને અનુભવનારો, (દીક્ષિત આત્મા કર્મરોગને) દુઃખ રૂપે જાણી પરમાર્થથી એનાથી ઉદ્વિગ્ન હોય છે. તેથી સુગુરુનાં વચનથી અનુષ્ઠાનાદિ દ્વારા એને પિછાણી પૂર્વોક્ત વિધિએ ચિકિત્સા તરીકે પ્રવ્રજ્યાને સ્વીકારી, પ્રમાદાચરણને અટકાવી દઈને અસાર નિર્દોષ ભોજનવાળો (બની) કર્મરોગથી મૂકાતો જાય છે; ઇષ્ટવિયોગાદિવેદના મટતી આવે છે ચારિત્ર આરોગ્ય (પ્રાપ્ત થતું) જોઈ, એ લાભના નિર્માણથી શુભ ભાવ વધતો આવે છે. એની વિશેષ મમતાથી, પરીસહ-ઉપસર્ગ આવે છતાં, તત્ત્વ સંવેદનને લીધે કુશળ આશયની વૃદ્ધિ થવાથી શુભાશયની સ્થિરતાના બળ ઉપર સંયમ ધર્મનો જ ઉપયોગ રાખી સદા પ્રશાંત (મહાસાગર જેવો) રહિ તેજોલેશ્યાથી વધતો જાય છે.

**વિવેચન**:–તે પ્રમાણે કર્મવ્યાધિમાં સપડાયેલો પ્રાણી, જન્મ-જરા-મરણ, રોગ-શોક-ચિંતા આદિ વેદનાને અનંતવાર અનુભવતો હવે એ વેદનાને દુઃખસ્વરૂપ જાણનારો બને, પણ નહિ કે હજી પણ એમાં આસક્ત રહેવાથી એ દુઃખને જ સુખ માનવાનો વિપર્યાસ ભ્રમ સેવતો હોય. દુઃખ રૂપ જાણી તેના પ્રત્યે હાર્દિક કંટાળો ય ઉપજે. 'અરે! કેવો આ એક જ કર્મરોગ, કે જેથી આમ અજર અમર, અરૂપી, નિત્યાનંદી, અક્ષય, એવા પણ આત્માને વારેવારે જન્મવું, વારેવારે મરવું! નવાં નવાં રૂપ ધારણ કરવા! મહારોગ, શોક, ભય આવે! અનિષ્ટકાયા, અનિષ્ટ સંયોગ, નિર્ધનતા આવે, અપશય આવે! જરા આવે, ગાત્રો અને ઇન્દ્રિયો શિથિલ થઈ જાય! પોતે પરવશ થઈ જાય, મરવાને વાંકે જીવે! મરે તો પાછા એટલા બધાં નવાં નવાં જન્મ

ન ટળે, તો એ વેદનાઓ જાય જ નહિ.

આવા પણ અનાદિના રોગને ટાળવાના ઉપાય શુભ આશ્રવ, સંવર અને નિર્જરા છે. શુભ આશ્રવ એ પુણ્યાનુબંધી પુણ્ય આપી સંવર નિર્જરા માટે અનુકુળ સામગ્રી આપે છે, સંવર નવા કર્મરોગને પેસવા નથી દેતા, અને નિર્જરા જૂનાં કર્મને કાપે છે. આ ઉપાય સાધવા માટે બાહ્યભાવમાંથી આંતરભાવમાં જવું જોઈએ પ્રભુભક્તિ, ગુરુની વેયાવચ્ચ, ધર્મશ્રવણ વગેરેની ભરચક પ્રવૃત્તિઓથી જીવન મઘમઘાયમાન જોઈએ. માર્ગાનુસારીના ગુણો, ધર્મયોગ્યતાના ગુણો, મોક્ષરુચિ, તત્ત્વશ્રદ્ધા, સમ્યકત્વ વગેરે જીવનમા જરા ય અળગા ન મુકાય. એને યોગ્ય શુભ કરણીઓ સાદર અને સતત સેવાવી જોઈએ. ઇન્દ્રિયોનો શુભ વ્યાપાર, પ્રશસ્ત કષાયો, ધાર્મિક સમારંભો, મનવચનકાયાની શુભ પ્રવૃત્તિ, ઇત્યાદિ શુભ આશ્રવો, સમિતિ-ગુપ્તિ-પરિસહ-યતિધર્મ-ભાવના સંયમરૂપી સંવર, અને બાહ્યઅભ્યંતર તપરૂપ નિર્જરા તત્ત્વ, આનું સેવન કર્મરોગનો ધરમૂળમાંથી નાશ કરે છે. સદ્ગુરુના વચનથી ક્રિયાઓ આદિ દ્વારા કર્મરોગને બરાબર સમજે, પછી એ ઔષધનું ઉત્તમ રીતે સેવન, એટલે કે પૂર્વે ત્રીજા સૂત્રમાં કહેલી વિધિથી પ્રવ્રજ્યારૂપી સમ્યક્ ચિકિત્સા સ્વીકારીને, સ્વેચ્છાચાર અને પ્રમાદાચરણનો ત્યાગ કરી, અપ્રમત્તપણે સંયમયોગો પાળવા જોઈએ દેહને પણ એ સંયમયોગો અર્થે ટકાવવા પુરતું જ પથ્ય એટલે અસાર-અન્તપ્રાન્ત એવો શુદ્ધ ( નિર્દોષ અને પ્રાસુક ) આહાર સેવી શકાશે જગતની સર્વ હોસ્પીટલો કરતા ઊંચી કર્મરોગ કાઢનારી હોસ્પીટલ સંયમ જીવન; એમાં ઊંચા જ નિયમન હોય.

આ પ્રમાણે સદ્‌ગુરુ પાસે સમજી એને ગુરુ ઉપર અખંડ આસ્થા અને બહુમાન વગેરે થાય. માનવજીવનનો સાર એક માત્ર ચારિત્ર એને વિધિસર ગ્રહણ કરી અપ્રમાદ અને સંયમ-શુદ્ધિમાં એ પૂર્ણ પ્રયત્ન આદરે. એમ કરતાં કર્મરોગ જેમ જેમ નાબુદ થતો જાય છે, તેમ તેમ તેવા પ્રકારનો મોહ હટતો જાય છે. તેથી હવે ઇષ્ટના વિયોગે તેને દુઃખ કે દુર્ધ્યાન થતાં નથી, અને અનિષ્ટ સંયોગથી કે શૂળ વગેરે વેદનાથી હાયવોય નથી. કામ, કષાયો, કે રતિ, અરતિ, હાસ્ય, શોક, ભય, જુગુપ્સાની પીડાઓ શાંત થઇ જાય છે. એ શાંત થઈ ગયા, તેથી ચારિત્ર એટલે કે ક્ષમાદિ દશવિધ યતિગુણોરૂપી આરોગ્ય પ્રાપ્ત થાય છે. સમ્યક્ અવલોકનથી એ પ્રાપ્ત થતું જોઈને, આત્માનો શુભ-ભાવ વધતો ચાલે છે. તેથી અધિક ઊંચા ઊંચા ચારિત્રરૂપી આરોગ્યની કામના વધે છે. જેમ જેમ અતિ ઘણા કર્મવિકાર શમે છે, તેમ તેમ તેટલો અધિક અધિક આરોગ્ય–લાભ મળવાથી તે ચારિત્ર ઉપર એનું મમત્વ ઓર વધે છે.

હવે આ સિવાય સ્પૃહણીય, જગતમાં કોઈ વસ્તુ એને નથી લાગતી ક્યાંથી લાગે ? દેવો જેવા પણ બિચારા અનેક કષાયોની પીડામા અને વિષયના વિકારોમાં પીડાતા હોવાનું જાણ્યા પછી શી રીતે ચારિત્ર સિવાય ક્યાં ય સહેજ પણ રુચિ થાય? એમ ચારિત્ર–આરોગ્ય પર અતિ આદર જાગ્યાથી, પૂર્વે કહેલ દરદી જેમ નસવિંધન વગેરે સહે, એમ આ ચારિત્રમાં ગમે તેવા ઉગ્ર ક્ષુધાદિ પરિસહો અને દેવતાઈ ઘોર ઉપસર્ગો વેઠવા તૈયાર રહે છે.એથી જરા ય ડર્યા કે ડગ્યા વિના, 'એ કષ્ટથી કર્મરોગ શમીને આરોગ્ય

**વધે છે ને ? ’એ રીતે આત્મામાં તત્ત્વનું સંવેદન (સમ્યક્ જ્ઞાન) અને આત્મતેજ—આત્મસત્ત્વ—આત્મશાંતિ વધારતો જાય છે**

—(એક વખત કોઈ સંયમી પિતાપુત્ર વગડામાં વિહાર કરતા ચાલ્યા જાય છે ભર ઉનાળાનો દિવસ છે માઈલો ચાલી નાખ્યા છે ધોમધખ તાપથી રસ્તો જાણે સળગી ઉઠ્યો છે ત્યા દીકરાને થાક ઉપરાંત તૃષા લાગી છે. ઉમરે બાલ છે શરીર પરસેવાથી રેબઝેબ છે, મુખ કરમાયુ છે તરસ વધતી ચાલી ભયંકર પીડા થવા લાગી. બાપે આ સ્થિતિ જાણી તેવામાં એક તળાવ નજરે પડ્યું બાપ મનમા વિચારે છે કે ‘છોકરો જો આ પણી પીએ તો સારૂ ’ સ્નેહને વશ થઈને તેને કહ્યા કરે છે કે ‘જો આ પાણીનુ’ તળાવ છે’ પણ બાળ એ પાણીની ઈચ્છા વિના ધીમે ધીમે બાપની પાછળ ચાલ્યો આવે છે બાપે માન્યુ કે આ મારાથી શરમાય છે, એટલે પાણી નથી પીતો, તેથી તે ઝડપથી છોકરાને પાછળ મૂકી આગળ ચાલ્યો છોકરો બધી પરિસ્થિતિ પામી ગયો બાપની તેવી ઈચ્છા જાણી તળાવ પાસે જઈ ખોબામાં પાણી ઉચક્યુ, મોતને બોલાવી રહેલી તૃષાને બાપની ઈચ્છાનુસાર સંતોષવા ખોબો મોઢા સુધી લાવ્યો ય ખરો, પણ તત્ત્વસંવેદનથી ત્યાં તેણે શુ વિચાર્યું ? ‘અહાહા ! ખોબા પાણીમા કલ્લોલ કરતા અસંખ્ય જીવો કેમ જાણે પોતાનુ મોત નજીક આવ્યું જાણી તરફડતા પ્રાણની દયા માગે છે તમારા એક જીવન ખાતર શા સારુ અમને અસંખ્યને મારો ? વળી સંયમની આ પરીક્ષા વખતે નાપાસ કેમ થવાય ?’ એમ વિચારતા તેને અનુકંપા આવી ગઈ તેની વિચારસરણી ફરી, ‘અહો ! આ હુ શુ કરી રહ્યો છું ? જે તૃષા—પરિસહથી કર્મરોગ મટે છે, ભાવ—આરોગ્ય વધે છે, તેને એવી રીતે ટાળવા મથુ છુ કે જેથી ચારિત્ર—આરોગ્ય ઘવાય અને કર્મરોગ વધે ? શા માટે એવું કરૂ ? પછી કર્મરોગ કાઢવાનુ ક્યાં મળશે ? મે ઉત્તમ ચારિત્ર લીધુ તેથી કેટલાય દુઃખ નાશ પામ્યા ! એવા એ ચારિત્રને હુ નહિ વિરાધુ ’ એમ તત્ત્વસંવેદનોથી એણે ઘોર પિપાસાપરિસહ, મોત સામે આવીને ઊભુ છે છતા, સહ્યો સાચવીને નીચો ખોબો કરી પાણી પાછું મૂક્યું પણ કાઠે મૂર્છિત થઈને પડ્યો ક્ષણવારમાં આ સ્થૂલ કાયાને છોડી

ગયો. મરીને દેવ થયો ત્યા પૂર્વનું બધું જાણી અહી આવી યુક્તિ કરી બાપને ઠપકો આપ્યો )–

આમ પરીસહ આવે છતાં તત્ત્વસંવેદનથી તે સહીને દૃઢ ચિત્તથી ક્ષાયોપશમિક ભાવને ( શુભ સંયમના અધ્યવસાયને ) વધારે છે. આત્મતત્ત્વમાં મનનો શુદ્ધ ઉપયોગ રાખી પોતાની ઈતિકર્તવ્યતા(મોક્ષ પર્યંતની નિયત સાધના)માં સદા જાગ્રત્ રહી, હવે એ રતિ–અરતિ, કામ–કષાય, રાગદ્વેષ, હર્ષ–શોક, વગેરે ભાવ દ્વન્દ્વો (યુગલો) નહિ હોવાથી નિસ્તરંગ, પ્રશાંત મહાસાગર જેવો તે નિર્વિકલ્પ મસ્ત રહે છે. પ્રશાન્ત એવો તે આત્માના પ્રશસ્ત તેજ (શુદ્ધ ઓજસ)રૂપી બારમાસના ચારિત્ર–પર્યાયમાં તો અનુત્તરવાસી દેવની ચિત્તના પ્રશમસુખરૂપી તેજો–લેશ્યાને લંઘી જાય છે, અર્થાત્ અદ્‌ભુત પ્રશમસુખ અનુભવે છે.

**પ્રશમસુખ કેવું ?** જગત જ્યારે હસીને અલ્પ કાળ મામુલી ખુશ થાય છે, ત્યારે આ ગંભીર રહી તેથી ય કાંઇ ગુણો નિત્ય પ્રસન્ન રહે છે, જગતને ક્રોધમાં, ગુમાનમાં, માયા–લોભમાં ક્ષણિક અલ્પ રાજીપો; ત્યારે આને ક્ષમાદિમાં વિપુલ ને કાયમી તોષ ! લોક રસ–ઋદ્ધિ–શાતાને મેળવીને, ભોગવીને, સાચવીને તુચ્છ ક્ષણજીવી સુખ અનુભવનાર; ત્યારે આ અલિપ્ત રહીને, ત્યાગી તપસ્વી બનીને અક્ષય અખૂટ સુખ અનુભવે ! આ પ્રશમ સુખ વિશાલતા અને દીર્ઘ કાળસ્થિતિનું કારણ એ કે એને કોઇ બાહ્યસંયોગ કે પરિસ્થિતિની અપેક્ષા નહિ, તેમજ કોઈ આતુરતા નહિ. એ સુખ તો આત્માના શુદ્ધ બનેલા સ્વરૂપમાંથી પ્રગટે છે આત્મસમુદ્રમાં વિકલ્પોની ભરતી ઓટ જ દુઃખ ઉપજાવે છે. અહીં શુદ્ધ ચારિત્રજીવનમાં વિકલ્પો ઊઠતા જ નથી, તેથી એમાં શાંતપણે નીતરતું સુખ અનુભવાય છે.

**(૧૩) ગુરુબહુમાનથી જ પરમગુરુસંયોગ : અબહુમાનથી સંસાર.**

गुरू च बहु मन्नइ जहोचिअं असंगपडिवत्तीए, निसग्गपवित्तिभावेण।

एसा गुरुइ विआहिआ भावसारा विसेसओ भगवंतबहुमाणेण। 'जो मं पडिमन्नइ से गुरू' त्ति तदाणा। अन्नहा किरिआ अकिरिआ कुलडानारी किरिआसमा, गरहिआ तत्तवेईणं अफलजोगओ।
विसन्नतत्ती(?त्ति) कलमित्थ नायं। आवट्टे खु तप्फलं असुहाणुबंधे।

आयओ गुरुबहुमाणो अवंझकारत्तेण। अओ परमगुरुसंजोगो। तओ सिद्धी असंसयं।

एसेह सुहोदए पगिट्ठतजणुबंधे भववाहितेगिच्छी न इओ सुंदरं परं। उवमा इत्थ न विज्जइ।

**અર્થ:**-યથોચિત અસંગ (સ્નેહરાગ રહિત) ભક્તિથી સહજ પ્રવૃત્તિભાવે ગુરુને બહુ માને. આ (અસંગ ભક્તિ)ને મહાન કહી છે, કેમકે એ (ઔદયિક ભાવથી રહિત હોઈ) વિશેષે ભાવભરી છે, અને ભગવાન ઉપરના બહુમાનથી પ્રવર્તમાન છે. ભગવાનની આ આજ્ઞા છે કે 'જે મને સ્વીકારે છે તે ગુરુને (સ્વીકારે) છે.' ગુરુબહુમાન વિનાની ક્રિયા તો કુલટા નારીની (ઉપવાસાદિ) ક્રિયાની જેમ સત્ ક્રિયા ન બને. એ અન્ય ફળ (સંસાર)ને દેનારી હોઈ તત્ત્વવેત્તાઓથી નિંદ્ય છે. આમાં વિષમિશ્રિત ભોજનથી તૃપ્તિફળનું દૃષ્ટાંત છે, (ને) એનું ફળ અશુભ અનુબંધવાળો સંસાર છે. (ત્યારે) ગુરુ-બહુમાન તો (મોક્ષનું) નિશ્ચિત કારણ હોવાથી મોક્ષરૂપ છે. ગુરુ-બહુમાન દ્વારા પરમ ગુરુ (પરમાત્મા) નો સંયોગ થાય છે. પછી મોક્ષ થવામાં કોઈ

શંકા નથી. (એટલા જ માટે) આ ગુરુ-બહુમાન [૧] અહીં (શુભનું કારણ હોવાથી ) શુભના ઉદયરૂપ છે, [૨](તેવી આરાધનાની વૃદ્ધિથી) પ્રધાન શુભોદયના અનુબન્ધરૂપ છે, [૩]ભવરોગની ચિકિત્સા કરનારૂં છે. ગુરુ-બહુમાનથી વધીને બીજું કાંઈ સુંદર નથી. (ભગવદ્-બહુમાનરૂપ હોવાથી) આમાં ઉપમા નથી.

**વિવેચન : ગુરુબહુમાન : અસંગપ્રતિપત્તિઃ-**

આ બધું આરોગ્ય પમાડનાર અને આટલી ઉચ્ચ સ્થિતિ પર મૂકનાર ભાવ વૈદ્ય સદ્‌ગુરુનો કેટલો અને કેવો અનુપમ ઉપકાર! તેવા ગુરુ પ્રત્યે એને અનહદ માન વધી જાય એમાં શી નવાઈ? તેથી હવે તે ગુરુને બહુ માને છે અને બરાબર ઉચિત રીતે અસંગ પ્રતિપત્તિથી સેવે છે.

'**અસંગપ્રતિપત્તિ**' એટલે (૧) ભક્તિ-બહુમાન કરતાં કોઈ પણ બદલાની આશંસા રખાય નહિ, તેમ (૨) ગુરુના સ્નેહરાગમાં પણ પ્રેરાવાનું નહિ, એ રીતે સહજભાવે-સ્વભાવે કરીને એમની સ્વીકૃતિ ભક્તિ-સન્માન-સરભરા કરે. એમના ગુરુપણાના ('આમને હૃદયનાથ ગુરુ માનવા જ જોઇએ.'-એ)ભાવને સ્વીકારી પ્રવર્તે. અસંગ પ્રતિપત્તિ કહેવાનું કારણ એ છે, કે સહજ સ્વભાવે પ્રવર્તતી હોઇને ભગવંતે એને મોટી (ઊંચી) પ્રતિપત્તિ કહી છે. એમાં કોઇ પૌદ્‌ગલિક ચીજવસ્તુ કે કીર્તિ-વાહવાહની અપેક્ષા યા ગુરુ પર વ્યક્તિરાગ વગેરે મોહનીય કર્મનો ઉદય નથી; તેથી ગુરુ-બહુમાન કરવામાં ઔદયિક ભાવ એટલે કે આવરણ-ભૂત રાગમોહનીય આદિ કર્મનો ઉદય કારણ નહિ હોવાથી, હૃદયના ભાવ સારા શુદ્ધ કોટિના રહે છે. કર્મના ઉદયના જોરમાં તો મલિન રાગાદિભાવ સાથે ગુરુ-બહુમાન કરે છે; તેથી એ

સસંગ પ્રતિપત્તિ થઇ જાય ! અને એમાં તો જ્યાં ઈચ્છિત સર્યું કે રાગ દબાયાથી ગુરુ-પ્રતિપત્તિ બંધ પડી જશે. એને બદલે આત્માના સ્વભાવમાં પ્રતિપત્તિ આવી, એટલે તો એ રત્નપ્રકાશની જેમ વિશુદ્ધ અને સ્થિર (કાયમી) બનવાની. આરાધ્ય ગુરુ તરીકે પ્રતિપત્તિ કરી, એટલે હવે ગુરુની ઇચ્છા એ પોતાની પ્રવૃત્તિનું એન્જીન બનશે, અથવા પ્રવૃત્તિરૂપ એન્જીન ચલાવનારી બનશે. ગુરુના આદર્શો અને ઉત્તમ ભાવના તે જ પોતાના બનશે. આ થાય તો જ સાચું અને ઊંચું બહુમાન થયું ગણાય.

આ ગુરુની જે અસંગ સેવા છે તે બહુ જ ઊંચા પ્રકારની અને સૂક્ષ્મ કોટિની કહી છે; કેમકે એમાં ગુરુ પરના અત્યંત બહુમાનથી જાણે સ્વાત્માનું ગુરુમાં વિલોપન થવાથી માને છે કે ગુરુનો આત્મા એજ પોતાનો આત્મા; ગુરુની અનુકૂળતા એજ પોતાની અનુકૂળતા; ગુરુની ઈચ્છા-આદર્શ-મત, એ જ પોતાની ઈચ્છા-આદર્શ-મત જેવી અતિ મમતાભરી લાગણીથી પોતાના આત્મા સાથે વર્તે, તેથી અધિક રીતે સહજભાવે ગુરુ સાથે વર્તે. આ અસંગ પ્રતિપત્તિ તો, મિથ્યાત્વ અને કષાયમોહનીયકર્મના ઉમદા ક્ષયોપશમના ઘરની હોવાથી, ભાવપ્રધાન ઉચ્ચ ભાવવાળી છે એ એટલા માટે, કે ગુરુની પ્રતિપત્તિમાં વિશેષે કરીને અચિંત્ય ચિંતામણીસમ શ્રી અરિહંત ભગવંતની પ્રતિપત્તિ છે, ખરેખરૂં એમના પર બહુમાન છે; કેમકે, ભગવંતની આજ્ઞા છે કે 'જે મને સ્વીકારે છે, તે (અવશ્ય) ગુરુને સ્વીકારે છે.' આ રીતે અસંગભાવે બહુમાનથી ગુરુપ્રતિપત્તિ કરવાનું તત્ત્વ નિર્ણીત થયું.

### ગુરુ-બહુમાન કુલટાઉપવાસવત્ ભયંકરઃ—

આમ જિનાજ્ઞા હોવા છતા, ગુરુબહુમાન કરવા જે તૈયાર

ન હોય, તે જે કાંઈ પડિલેહણાદિ શાસ્ત્ર-વિહિત ક્રિયા કરે, તે સત્ક્રિયા નથી. તે તો કુલટાનારીના ઉપવાસાદિ ક્રિયા જેવી છે. પતિનુ ઓઠું સાચવવા પતિની ચાકરી કરનારી, પણ પતિવ્રતને ઉલંઘી પતિના પરનો અનન્ય રાગ છોડી, પરપુરુષ સાથે ગાઢ રાગ બાંધી સ્વવિષય-ગૃદ્ધિથી દુરાચારમાં રક્ત બનનારી સ્રીનો ઉપવાસ ઈષ્ટ લાભ પમાડતો નથી. તે પ્રમાણે ગુરુનું ઓઠું સાચવવા ગુરુની ચાકરી પણ કરે, છતાં ગુરુ પ્રત્યે બહુમાન ન ધરે અને તુચ્છ સ્વાર્થલાલસામાં રમે તો તેની ચારિત્રની કષ્ટ-વાળી પણ ક્રિયા ઇષ્ટ ફળ મોક્ષ તો નથી આપતી, કિન્તુ ઉલ્ટું ભવભ્રમણરૂપી ફળ આપે છે.

પ્ર૦-ચારિત્ર ક્રિયાનું ફળ તો મોક્ષ છે, તો અહીં કદાચ એ ફળ ન મળે, પણ ઉલ્ટું સંસાર ફળ કેમ ?

ઉ૦-એમાં વિષાન્નની તૃપ્તિના ફળનું દૃષ્ટાંત છે. પૌષ્ટિક અન્ન આમ તો શરીરને સારી પુષ્ટિ કરે, પરંતુ એમાં જો ઝેર પડ્યું હોય તો તદ્દન ઉલ્ટું જ ફળ આવે છે. ઝેર ભેળવેલું અન્ન ખાવાથી ક્ષણવાર તૃપ્તિ થાય ખરી, પણ એ વિષાન્ન શરીરમાં તુર્ત પરિણમતા ભયંકર નીવડે ! તેથી પુષ્ટિ નથી થતી, પણ ઉલ્ટું નસો ખેંચાઈ કરુણ મૃત્યુ નીપજે છે. તેમ અહીં ગુરુનું બહુમાન કરવાની જે જિનાજ્ઞા, તે વિરાધવાથી સંસાર-ફળ સંપજે છે. ચારિત્ર-ક્રિયા આત્માને પોષક તત્ત્વ છે, પણ જિનાજ્ઞાની વિરાધના એ ઝેર છે. એનાથી ધર્મપ્રાણ નાશ પામે છે, અને મોહ વધે છે. તેથી કહેવાય કે પ્રાણીઓ જેમાં પુનઃપુનઃ આવર્તે છે. વિરામ વિના ફરે-આથડે છે, એવો સંસાર એ જ વિરાધના વિષનું ફળ છે. એ સંસાર પાછો મોહના લીધે અશુભના અનુબંધવાળો

છે, એટલે આગળ આગળ ભવોમાં વિરાધનાની વૃદ્ધિવાળો બને છે. ગુરુ-બહુમાનનો લોપ આવો મહાભયંકર છે!

**ગુરુબહુમાન કલ્યાણધામ:—**

ત્યારે હવે જુઓ કે ગુરુનું બહુલાન કેવું કલ્યાણધામ છે. ગુરુ ઉપર બહુમાન એટલે ગુરુ પર આપણા હૃદયના વિશુદ્ધ શુભ સદ્ભાવનો સંબંધ અથવા ભાવથી પ્રાતબંધ યાને-'અહો! મારા ગુરુદેવ!' એ મમત્વ (૧) એ અત્યંત દીર્ઘ-ચિરકાળજીવી છે. કેમકે ભવાંતરે પણ ગુરુ પ્રત્યે બહુમાન પ્રાપ્ત થવામાં વર્તમાન ગુરુ-એ-બહુમાન એ અવન્ધ્ય-અમોઘ કારણ છે. એથી એ ઉત્તરોત્તર ભાવમાં વધારે ને વધારે બહુમાન લઈ આવે છે; અને (૨) છેવટે તેમાંથી જ પરમગુરુ પરમાત્માનો સંયોગ થાય છે. એટલે પરમાત્માને સંબદ્ધ એવો મોક્ષ નક્કી થાય છે. એમ ગુરુબહુમાન એ મોક્ષનું અવન્ધ્ય કારણ હોવાથી એટલે કે મોક્ષ પેદા કરવામાં પ્રતિબંધ (નડતર) વિનાનું સચોટ સામર્થ્ય ધરાવતું હોવાથી, કારણમાં કાર્યના ઉપચારે ગુરુબહુમાન ખુદ 'આયત' એટલે મોક્ષ છે. (૩) વળી ગુરુનું બહુમાન શુભનો ઉદય છે. કેમકે શુભના ઉદય એમાંથી જન્મે છે. ગુરુબહુમાન એ શુભોદયનું એવું અપ્રતીમ કારણ છે કે શુભનો ઉદય એકજવાર આવી જાય એમ નહિ, પણ એથી ઉત્તરોત્તર ઊંચી ઊંચી આરાધના વધવાથી ઊંચા ઊંચા શુભોદયની પરંપરાને આપે છે. આમ અસાધારણ અનુપમ કારણમાં કાર્ય તરીકે વ્યવહાર થતો હોવાથી, કારણભૂત ગુરુ-બહુમાનને કાર્ય શુભોદય કહ્યું. દા. ત. વૈદ્યના કહેવાથી કોઇ ઘી પર જીવતો હોય, તો કહેવાય છે કે એને તો 'આયુર્ઘૃતમ્' ઘી એજ આયુષ્ય (જીવન) છે. કેમકે ઘી એ આયુષ્યનું ખાસ

કારણ બન્યું છે (૪) વળી શુભોદય વધારીને ગુરુબહુમાન એ સંસાર–વ્યાધિનો ચિકિત્સક બને છે. ગુરુબહુમાનના સેવનથી સંસાર–રોગનો અંત આવે છે.

**શાલિભદ્રને** પૂર્વે સંગમગોપાળના ભવમાં ગુરુબહુમાન થવાથી શુભનો ઉદય એવો થયો, કે આ ભવમાં શુભોદય અને ગુરુબહુમાન બેય વધ્યા. પૂર્વના ગુરુબહુમાનથી અહીં અપૂર્વ દેવતાઈ ઋદ્ધિ–વૈભવમાંય ગુરુ શ્રી મહાવીર પ્રભુ ઉપરના જાગેલા બહુમાને એને શ્રેણિકરાજાનું સ્વામિત્વ ખુંચ્યું, પ્રભુ પર બહુમાન વધ્યું ! એવું વધ્યું કે ઉચ્ચ ભોગવૈભવ–નીતરતા સંસાર–સુખો પરથી માન ઊઠી ગયું, ને એ સુખોને તજી પ્રભુને ચરણે ચારિત્ર લીધું. શુભોદય એવો સતેજ થયો કે ત્યાંથી કાળ કરી અનુત્તર વિમાનમાં પહોંચ્યા, જ્યાં ગુરુ–બહુમાનની વૃદ્ધિ એવી, કે ગુરુની જેમ સતત નિર્વિકાર અને વીતરાગ પ્રાયઃ દશામાં રમવાનું ! ત્યાંથી વિદેહમાં જઈ મોક્ષે જશે. આમ ગુરુબહુમાનને અલ્પભવે સંસાર–રોગનો અંત ! ગુરુબહુમાન કેવું અનંત કલ્યાણપ્રદ !

**ગુરુ બહુમાન સર્વસુંદર :–**

આવા મુક્તિફલની કલ્પવેલડી સમા ગુરુબહુમાનથી અધિક સુંદર બીજું કાંઈ નથી. સુંદર તો શું, પણ સમાનતા માટેય આ જગતમાં એવી કોઈ ઉપમા પણ નથી, કે જેથી એને સમાનતાયે સરખાવી શકાય.

પ્ર૦–ગુરુબહુમાન કરતાં અર્હદ્‌બહુમાન અધિક સુંદર નહિ ?

ઉ૦–**શી રીતે ?** જુઓ, 'जो मं पडिमन्नइ से गुरुं' એ જિનાજ્ઞાથી ગુરુ માન્ય થાય છે તેથી ગુરુબહુમાનના મૂળમાં જિનેન્દ્ર-બહુમાન રહ્યું, હા, ગુરુબહુમાન એની અંતર્ગત જ બન્યું; તો એ અર્હદ્‌ બહુમાનથી ઊતરતું શી રીતે ?

પ્ર૦-તો પણ સમાન ઉપમા તો લાગે ને?

ઉ૦-ના, આનું કારણ એ છે કે ગુરુનું બહુમાન એ એવો પ્રભુથી આદિષ્ટ સુંદર આત્મગુણ છે કે એ કરવામાં શ્રી અરિહંત પરમાત્મા પ્રત્યે બહુમાન કર્યું ગણાય છે. એટલે કે પરમાત્મા અને એમના વચન પ્રત્યેના બહુમાનથી એને જૂદું નહિ પાડી શકવાથી, ગુરુબહુમાન એ ભગવદ્-બહુમાન જ થયું; અર્થાત બન્ને એક જ બન્યા. તો બન્ને વચ્ચે ઉપમા ક્યાથી ઘટાવાય? ભગવદ્-બહુમાન એ તો જગતમાં સર્વસુંદર અને અનુપમ છે. તેથી જ, તદ્રૂપ ગુરુબહુમાન પણ સર્વસુંદર અને અનુપમ બન્યું.

## પ્રજ્ઞા-ભાવ પરિણામ-તેજોલેશ્યા

સૂત્રઃ-स [1]एवंपण्णे, [2]एव भावे, [3]एवंपरिणामे, अप्पडिवडिए, वड्ढमाणे तेउल्लेसाए दुवालसमासिएणं परिआएणं अइक्कमइ सव्वदेव-तेउल्लेसं एवमाह महामुणी। तओ सुक्के सुक्काभिजाइ भवइ।

અર્થઃ-એ (દીક્ષિતાત્મા નિર્મળ વિવેકના લીધે) એવી પ્રજ્ઞાવાળો, (વિવેકના અભાવથી ગુરુયોગે સહેજે) એવા ભાવ-વાળો, અને (ગુરુના અભાવે પણ ક્ષયોપશમથી) એવા પરિ-ણામવાળો, પરિણામ પતન પામ્યા વિના, તેજોલેશ્યાથી વધતો જાય છે. મહામુનિ (શ્રી મહાવીર પ્રભુ) એ પ્રમાણે કહે છે કે, બાર માસના ચારિત્ર-પર્યાયથી સર્વદેવતાની તેજોલેશ્યાને (પ્રશમ-સુખ) લંઘી જાય છે. ત્યારબાદ તે શુક્લ (અખંડ ચારિત્રી, અમત્સરી, કૃતજ્ઞ, સદ્આરંભી, હિતાનુબંધવાળો) અને શુક્લપ્રધાન (પ્રાયઃ કર્માનુબંધ રહિત) બને છે.

વિવેચનઃ- **મુનિનુ પ્રશમસુખ ૩ કારણે વધે.**

તે દીક્ષિત આત્મા (૧) નિર્મલ વિવેકથી પૂર્વોક્ત ગુરું-બહુમાનાદિનું અતુલ કલ્યાણ-વસ્તુ-સ્વરૂપ અને અવશ્ય કર્ત-

વ્રતાદિ અંગે એજ પ્રકારની વિશિષ્ટ પ્રતીતિવાળો બનેલો હોય, અથવા ૭(૨) તથાવિધ જ્ઞાનાવરણીય કર્મના ઉદયે તેવો વિવેક ન કરી શકે, તો ય ગુરુના સાનિધ્યથી સ્વભાવે એવા પ્રકારના શુભભાવવાળો બનેલો હોય.; અથવા ૭(૩) ગુરુના અભાવે પણ તથાવિધ ક્ષયોપશમથી માષતુષની જેમ એવા પ્રકારના આત્મ-પરિણામવાળો બનેલો હોય. એથી એમાથી પતન પામ્યા વિના તેજોલેશ્યાથી યાને ચિત્તના પ્રશમ સુખથી વધે છે અહીં કહ્યું છે કે સાધુને શાસ્ત્રના પ્રભાવે વિશિષ્ટ વિવેક આવે, ગુરુકૃપાએ શુભ ભાવ આવે, અને કદાચ એ અપ્રાપ્ત હોય, તો ય કર્મના ક્ષયોપશમે આત્મામાં ચારિત્રના પરિણામ હોય જ. એ ય ન હોય તો કર્મનો ક્ષયોપશમ જ નથી થયો; તો દીક્ષા શી ? આત્માના આ પરિણામ, ભાવ, અને વિવેક એ ઉત્તરોત્તર ઊંચા ઊંચા ગુણ છે.

૭(૧) **આત્મપરિણામમાં**, તે તે ગુણની પરિણતિવાળું અર્થાત્ ગુણને અનુકૂલ આત્મદ્રવ્ય બની ગયું. અવસર-સામગ્રી મળતાં ગુણ પ્રગટ દેખાય. ૭(૨) **શુભભાવમાં**, એ પરિણામ ઉપરાંત, સામગ્રી તથા અવસર મળવાથી, પ્રગટ ગુણના વિશિષ્ટ ઉલ્લાસાદિના શુભભાવ સક્રિય બને છે. સાદી ૭(૩) વિવેકમાં વળી શાસ્ત્રથી પ્રગટેલી વિશિષ્ટ જ્ઞાનશક્તિ દ્વારા તે તે ગુણ અંગે વિશિષ્ટ પ્રતીતિ થાય છે. આ પ્રતીતિમાં કોઈપણ વસ્તુ એના હેતુ, એનું વિશિષ્ટ સ્વરૂપ, અને એના ફલથી નિર્ણીત થાય છે એથી, સાધના અમૃતાનુષ્ઠાનના ઘરની બની આત્માના સહજ સ્વભાવમા ઉતરે છે.

અહીં આત્મામાં ત્રણ કક્ષાનો વિકાસ બતાવ્યો ૧. પરિણામ, ૨. ભાવ, અને ૩.પ્રજ્ઞા (૧) કોઈ તીર્થયાત્રા, દેવદર્શન, તપસ્વિદર્શન પામી પોતાને સહેજે થતા ક્ષયોપશમથી શુભ મનોભાવ

જાગે તે 'પરિણામ' કહેવાય. (૨) એમાં ગુરુ-સંયોગ પ્રાપ્ત થાય ત્યારે વિશેષ ઉલ્લાસ વધે, 'એ 'ભાવ.' અને (૩) જિનવચન મળે એટલે વિવેક ઉભો થાય એ 'પ્રજ્ઞા' કહેવાય. પ્રસ્તુત ગુરુ-બહુમાન જોતા, **માષતુષ મુનિને** ગુરુ નહોતા મળ્યા ત્યારે પણ આત્માની તેવી લઘુકર્મિતા અને તથાભવ્યત્વના હિસાબે સહેજે ક્ષયોપશમ થવાથી ગુરુબહુમાન એ અતિ આવશ્યક સાધના તરીકે માનવાની ચિત્તપરિણતિ યાને 'પરિણામ' ઊભો થયેલો, પછી ગુરુ મળ્યા એટલે ગુરુબહુમાનનો વિશેષ ' ભાવ ' પ્રગટ્યો. ત્યારે જંબુસ્વામી વગેરે જેવાને જિનવચનનો તત્ત્વબોધ મળ્યાથી વિશિષ્ટ વિવેકભર્યો ઉલ્લસિત ગુરુબહુમાનનો ભાવ જાગ્યો એ 'પ્રજ્ઞા' કહેવાય આ પરિણામ ભાવ-પ્રજ્ઞા જાગેલ ટકી રહે, ખંડિત ન થાય. તો આત્મામાં તેજોલેશ્યા વધતી ચાલે છે.

**દેવોને તેજોલેશ્યા વૃદ્ધિક્રમઃ**-ઈન્દ્રિયોના વિકારો ખણજો ઓછી થતી આવે તેમ તેમ એ અશાતા ઓછી ઓછી થવાથી ચિત્તના ઉકળાટમાં શાંતતા આવે છે, ને ચિત્તમાં તેજોલેશ્યા યાને પ્રશમ સુખ વધતું આવે છે, એમ કહી તેજોલેશ્યાએ વધતો એ કેવો બને એ સંબંધમાં પરમમુનિ શ્રી મહાવીરપ્રભુ ભગવતી સૂત્રમાં કહે છે કે, 'બાર માસના ચારિત્ર પર્યાય (અવસ્થાકાળ) થકી તો તે સર્વ દેવતાની તેજોલેશ્યા (ચિત્તપ્રશમસુખાનુભવ)ને લંઘી જાય છે. તે આ રીતેઃ-ચારિત્ર લઈને આરાધના એકેક માસ વધ્યેથી બાર માસમાં તો ક્રમસર [1]વ્યંતર_[2]ભવનવાસિદેવ-[3]અસુરઈન્દ્ર_[4]ગ્રહાદિદેવ_[5]ચંદ્રસૂર્યદેવ_[6]સાધર્મઈશાન_[7]સનતકુમા-રમાહેંદ્ર_[8]બ્રહ્મલાતંક-[9]શુક્રસહસ્રાર_[10]આનતપ્રાણત_ આરણઅ-ચ્યુત_[11]નવગ્રવેયક અને[12]અનુત્તરવાસી દેવની ઊંચી ઊંચી

તેજોલેશ્યાને લંઘી, એથી ય ઊંચા નિર્વિકાર ચિત્તના પ્રશમસુખનાં પ્રશાન્તસાગરમાં ઝીલે છે. તેથી તે શુક્લ, અને આગળ વધીને શુક્લાભિજાત્ય બને છે.

અહીં ઉપર ઉપરના દેવલોકના દેવતાને તેજોલેશ્યા યાને પ્રશમસુખ અધિકાધિક તેજસ્વી હોય છે, કેમકે એને વિકારો ઓછા ઓછા હોય છે. એમાં ૯-૧૦-૧૧-૧૨ મા દેવલોકમાં માત્ર મનનો વિકાર હોય છે, અને તે દેવીનું ચિંતનમાત્ર કરવાથી શાન્ત થઈ જાય છે. પછી ઉપરના નવ ગ્રૈવેયક અને પાંચ અનુત્તર વિમાનના દેવો તો નિર્વિકાર જ હોય છે. એ **એટલી બધી ઊંચી શાતામાં વિહરે છે કે એમને ઇન્દ્રિયો અને મનની કોઈ ખણુજ-આતુરતા જ ઊઠતી નથી. તેથી વિષય-વિકારજન્ય સુખ કરતાં કંઈગુણા ઊંચા પ્રશમ સુખને અનુભવે છે.** મુનિ ચારિત્રની આરાધનામાં ઇન્દ્રિયોનો પ્રત્યાહાર (ચોથા ભાવ-પ્રાણાયામ પછીના પાચમા યોગાંગ વિષય-નિવૃત્તિ) કરતાં કરતા બાર મહિને એટલા બધા રાગાદિવિકાર-રહિત બનવા સાથે શ્રુતોપયોગ લીન બને છે, કે ત્યાં એમના ચિત્તનું પ્રશમસુખ અનુત્તરવાસી દેવના પ્રશમસુખને ટપી જાય છે. ચારિત્ર લીધેલુ પ્રમાણ કેમ થાય, ચારિત્રમાં આત્મપરિણુતિ કેવી ઘડતા આવવાની છે, એ આમાંથી જાણુવા મળે છે વિદ્વત્તા કેટલી આવી એના પર સફળ ચારિત્રપર્યાયનું માપ નથી, પરંતુ રાગાદિ વિકાર શમાવી દઈ શ્રુતોપયોગમાં લીન થવા સાથે પ્રશમ-ભાવની રમણુતા કેવી આવી એના પર માપ નીકળે છે. પ્રશમ વિશેષ વિકસ્યા પછી આત્મા શુક્લ-શુક્લાભિજાત્ય બને છે.

શુક્લ એટલે ઉજ્જવળ ચારિત્રવાળો, અમત્સરી અર્થાત્

પોતાથી હીન, અધિક, કે હરિફ પ્રત્યે તિરસ્કાર ઇર્ષ્યા કે ખાર રાખ્યા વિના, ક્રમસર કરુણા, પ્રમોદ અને પ્રેમવાળો, વળી કૃતજ્ઞ યાને કોઈના લીધેલા ઉપકારની કદર કરનારો; સત્ કાર્યોમાં ઉદ્યોગી, (અસતમાં નહિ), અને કલ્યાણની પરંપરાવાળો છે. આમાં આત્મા 'શુક્લ' એટલે કે ઉજ્જવળ સંયમભાવવાળો બને એમ કહ્યું, ને એ ઉજ્જવળતાનાં પાંચ લક્ષણ બતાવ્યા, એ સૂચવે છે કે,–

**આત્માએ અનાદિસિદ્ધ 'કૃષ્ણ' મટી 'શુક્લ' બનવા,**

❀(૧) ચારિત્ર–મહાવ્રત–પ્રતિજ્ઞાઓનું પાલન અખંડ રાખવું જોઈએ. અહિંસાદિ વ્રતને ક્યાંય ખોડખાંપણ લગાડવાનું થાય એમાં આત્મપરિણામ કૃષ્ણ બને છે, તામસભાવ કામ કરી જાય છે. કૃષ્ણભાવ બે રીતે,–એક તો હિંસા–અસત્યાદિના ભાવ થાય તે, ને બીજું પ્રતિજ્ઞા–પાલનની બેપરવા થાય તે. એથી બચવા વૃત્ત–ચારિત્ર–વ્રત–આચાર અખંડ વિશુદ્ધ રાખવા જોઈએ.

❀(૨) અમત્સરી બન્યા રહેવું. કદી ય માત્સર્ય, અસૂયા, પરગુણ–પર-વૈભવ–પરકીર્તિની અસહિષ્ણુતા, ઈર્ષ્યા, ખાર, ઝેર, વગેરે મનમાં ઊઠવા જ ન દેવા સ્વયં અખંડ ચારિત્ર પાલન હોવા છતાં જગતની વચ્ચે રહેતાં બીજાઓના સંયોગ સામે ઊભા હોય છે. દા. ત. પોતાના કરતાં બીજો વધુ વિદ્વાન હોય, તપસ્વી હોય, વ્યાખ્યાતા હોય, શિષ્યપરિવારાદિસંપન્ન હોય, ત્યાં ઇર્ષ્યા, અસહિષ્ણુભાવ આવવો સંભવ છે એ ચારિત્રનો વાસ્તવિક ભાવ જે કષાયનો ક્ષયોપશમ છે, તેનો નાશ કરે છે. પણ પૂર્વોક્ત સમ-શત્રુમિત્રભાવાદિ, સૂત્રાધ્યયન, ગુરુબહુમાનાદિની આરાધનાથી પ્રશમ વધારતાં એ માત્સર્ય રોકી શકાય છે.

⑦(૩) વળી ગુર્વાદિ પ્રત્યે કૃતજ્ઞભાવ જાગતો રહેવો જોઈએ. એમનો ઉપકાર આત્મોત્થાનને કરનાર હોઈ મહાન છે. માટે એ કદી ય ન વીસરાય. વીસરવામાં કઠોરતા, જાતનું અભિમાન અને સ્વાર્થપટુતા કામ કરતા હોય છે, જે ધર્મના મૂળ પાયાભૂત [1]દિલની કોમળતા, [2]સારી વસ્તુની કદર, ને [3]ગુણ માટેનો હૃદયમાં ઢાળ અટકાવે છે. શુક્લ બનવા માટે આ કઠોરતાદિ દોષોને આત્મઘાતક સમજી એ દૂર કરી કૃતજ્ઞભાવ સતત ઝળકતો અને સક્રિય રાખવો જોઈએ.

(૪) શુક્લ બનવા ઉપરોક્ત ત્રણે ગુણ અખંડ રાખીને પણ નિષ્ક્રિય નથી બેસી રહેવાનું, યા અસત્પ્રવૃત્તિમાં પડવાનું નથી. પરંતુ સદા સદ્આરંભી બન્યા રહેવાનું છે. મુનિને સદ્આરંભ સૂત્રપાઠ, શ્રુત સ્વાધ્યાય, આવશ્યક પ્રતિક્રમણ–પ્રતિલેખના–વિહારાદિ ક્રિયાઓ, ગુર્વાદિકની સેવા–વિનય–વૈયાવચ્ચ વગેરે પ્રવૃત્તિ સ્વરૂપ હોય છે. જો આ સત્ પ્રવૃત્તિ ન હોય તો જીવ કાં તો કુથલી–વિકથા-ભ્રમણા–વિકલ્પોમાં ચડે, અથવા નિદ્રા–આળસમાં પડે (૫) સદ્–આરંભ પણ એવા હોય કે જે હિતાનુબન્ધી હોય, અર્થાત્ કલ્યાણની પરંપરા ચલાવે એવા હોય. આ માટે [1]નિરાશંસ ભાવે ને [2]નિરતિચારપણે સાધના કરવી જરૂરી છે વળી નિરંતર[3]વૈરાગ્ય અને [4]મૈત્રી આદિ ભાવ વહેતા રાખવા આવશ્યક છે. તેમજ [5]જિનાજ્ઞા પ્રત્યે અનન્ય મમત્વ અને[6]એનું પ્રસંગ–પ્રસંગ તથા પ્રવૃત્તિમાત્રમાં પુરસ્કરણ યાને જિનવચનને આગળ કરવું–આ માટે એને હિતાનુબંધ કહી શકાય બસ આ અખંડ ચારિત્ર વગેરે ધારણ કરનાર આત્મા 'શુક્લ' કહેવાય. જ્યારે,

**શુક્લાભિજાત્ય** એટલે એ તે ગુણોને અતિ તેજસ્વી કરી શુક્લ જીવોમાં મુખ્ય, આગળ પડતો બને છે; એના અખંડ ચારિત્ર, અમાત્સર્ય વગેરે ગુણ શ્રેષ્ઠ કોટીના થઈ જાય છે.

## (૧૫) લોકસંજ્ઞાત્યાગ–પ્રતિશ્રોતગમન

સૂત્ર:-प्राय छिण्णकमाणुबंधे खवइ लोगसण्णं, पडिसोअगामी, अणुसोअनिवित्ते, सया सुहजोगे एस जोगी वियाहिए।

**અર્થ**:–પ્રાયઃ કર્મના અનુબંધ ઉચ્છિન્ન કરનારો લોકસંજ્ઞાનો ક્ષય કરે છે, (ઇંદ્રિય–મનની અનુકૂળતાનાં પોષણ ન કરતાં) સામા પૂરે જનારો, અનુકૂળ (પોષણરૂપી) પ્રવાહથી પાછો ફરનારો, સદા શુભયોગસંપન્ન એ યોગી કહેવાય છે.

**વિવેચન**:– શુક્લ-શુક્લાભિજાત્ય બનેલા મુનિમાં આ વિશેષતા છે કે પ્રાયઃ કરીને એના કર્મોના અનુબંધ છેદાઈ ગયા હોય છે. આત્માની સિલિકે-રહેલ કર્મમાં એ ઉદયમાં આવીને નવાં કર્મ ઊભા કરવાની જે બીજ શક્તિ, તે નાશ પામી ગઈ હોય છે. દા. ત. મહાવીર પ્રભુ કાનમાં ખીલા ઠોકાવાનું કર્મ લઈ આવેલા; પરંતુ એમાંથી અનુબંધ–બીજશક્તિ તોડી નાખેલી. એટલે તે કર્મ ભોગવતા આગળ નવા કર્મ ઊભાં ન થયાં. અર્થાત્ શુક્લાભિજાત્ય હવે તે તે કર્મ વિપાકને વેદતા તેવા પ્રકારના નવાં કર્મને પ્રાય : નથી બાંધતો. 'પ્રાયઃ' એટલા માટે કહ્યું કે કર્મોની શક્તિ અચિન્ત્ય છે તેથી કોઈકવાર કોઈક સમર્થ સાનુબંધ કર્મ રહી ગયું હોય. તો તે વેદતાં ફરી તેવુ કર્મ બાંધે પણ છે. અનુબંધનો આ ઉચ્છેદ પૂર્વે કહેલી તેજોલેશ્યા અને આ ગુણોને આભારી છે 'શુક્લ' બનાવનાર ગુણોને સ્થાને અવગુણો હોય તો તે આત્માને કૃષ્ણ રાખે છે, જેથી

**અશુભ કર્મના અનુબંધ પુષ્ટ રહે છે.** અનુબંધોનો ઉચ્છેદ કરીને એ સાધુ ભગવદ્‌વચનને બાધ કરે એવી લોકસંજ્ઞાને ખપાવે છે; અર્થાત્ દીર્ઘ સંસારી ભવાભિનંદી જીવોની ક્રિયા પર પ્રીતિ કરવી એ લોકહેરી છે, લોકસંજ્ઞા છે. એમાં 'એવા અજ્ઞાન લોકમાં કેમ સારો દેખાઉં! એ લોક શું કરવા યોગ્ય માને છે? એને અનુસરૂં' એવી મનોવૃત્તિ રહે છે. મુનિ લોકસંજ્ઞાને જીતી એનો ત્યાગ કરે છે. હવે તો એને જિનવચનની એટલી માયા લાગી છે, કે એની વિરુદ્ધ જતી એક પણ લોકપ્રવૃત્તિ એને ગમતી નથી, પછી ભલે તે વ્યવહારથી લાભદાયી હોય.

## અનુસ્રોત–પ્રતિસ્રોત :–

લોકસંજ્ઞાને જીતી, એટલે તો હવે એ પ્રતિસ્રોતગામી થયો, અને અનુસ્રોતથી નિવૃત્ત બન્યો. લોકાચારના પ્રવાહની નદીમાં અનુસ્રોત (ચાલુ પ્રવાહ)થી પાછો ફરી, પ્રતિસ્રોતે ( સામે પુરે, પ્રવાહની સામે) ચાલે છે. એટલે કે સંસારરસિક જીવોની સંસારવર્ધક એવી ઈન્દ્રિયો અને મનને અનુકૂલ પ્રવૃત્તિમાં પોતે ભળતો તો નથી, કિંતુ એનાથી ઉલટી પ્રવૃત્તિમાં એ તત્પર રહે છે. લોકસ્વભાવ ઇન્દ્રિય–મનને અનુકૂળ, આત્મઘાતક, ભૌતિક ઉન્નતિમાં આસક્ત બનવાનો હોય છે; તેમજ સતત અઢાર પાપસ્થાનકના મનોરથો, યોજનાઓ, સેવવાની હોંશ, હોશિયારી અને ઉદ્યમ, સેવ્યાનો આનંદ, ન સેવ્યાનો શોક, ઈત્યાદિમાં લોક લીન હોય છે. સાધકને મનોરથો–હોશ–હોશિયારી,– ઉદ્યમ વગેરે બધું પાપસ્થાનકો તજવા અને ધર્મસ્થાનકો સેવવા અંગે જ ઈષ્ટ હોય છે, તેથી લોકની પ્રવૃત્તિ અને ઈન્દ્રિય–મન પરથી રાગ ઉઠાવવો જ

પડે. માટે જ એ ક્ષુધા-તૃષાદિ પરિસહોને વધાવી સામે પ્રતિકૂળ પ્રવાહે ચાલે છે. એ ભારે અભ્યાસથી એટલે સતત પ્રયત્નથી બની શકે. આ ન્યાયયુક્ત છે. કહ્યું છે કે જ્યારે ઘણો જન-સમૂહ લોકપ્રવાહે ચાલે છે, ત્યારે લોકથી વિપરીત લોકોત્તર માર્ગમાં જેણે લક્ષ્ય બાંધ્યું છે એવા મોક્ષરાગીએ પોતાને સામા પ્રવાહે જ પ્રવર્તાવવો જોઇએ. બહુજન તો અનુસ્રોત ગમનમાં જ ખુશી રહેવાનો. પરંતુ ચારિત્ર-આચારવાળાનું તો એ પ્રવાહની સામે જ આગમન જોઈએ; કેમકે લોકપ્રવાહે તણાવું એ સંસાર-વર્ધક હોવાથી સંસાર છે. ત્યારે, પ્રતિશ્રોત આવવું એ સંસારની બહાર નીકળવાનું છે. મેઘકુમાર, શાલિભદ્ર વગેરે મહાત્માઓ એ રીતે જીવન જીવ્યા. ચક્રી સનત્કુમાર મહામુનિ પૂંઠે લાગેલ પરિવાર અને રાજાઓના લલચાવનારા કાલાવાલાને અવગણી લોકોત્તર ચારિત્રમાર્ગે જ ચાલ્યા.

ઉપર કહ્યા પ્રમાણે નિરંતર લૌકિકથી જુદા જ લોકોત્તર સાધુધર્મના શુભ યોગોમાં રચ્યો-પચ્યો રહેનારો બન્યો, તેથી તેને ભગવંતોએ યોગી કહ્યો છે. કેમકે કહ્યું છે કે '(લોકધર્મથી નિરાળો) સમ્યક્ત્વ, જ્ઞાન અને ચારિત્રનો યોગ એજ સાચો યોગ છે. એટલે એ યોગ-સાધનાના સંબંધથી આત્મા યોગી બને છે. યોગી પરમબ્રહ્મ(મોક્ષ)નો સાધનારો બની શકે છે. સાધનાસંબંધ અન્યોન્ય મેલાપથી થાય, અર્થાત્ **ચારિત્ર આત્મ-સ્વરૂપમાં પરોવાય, અને આત્મા ચારિત્રમાં એકમેકપણે ઉપયુક્ત થાય.** સમકિત(તત્ત્વરુચિ)ના ભાવમાં આત્મા જાય, અને આત્માના ભાવમાં સમકિત આવે. જ્ઞાન આત્મસાત્ થાય અને આત્મા જ્ઞાનમય, પ્રકાશમય બને. મોક્ષસાધક જે પરસ્પર

સંબંધ તે યોગ યોગવાળો તે યોગી કહેવાય.

## (૧૬) ચારિત્રફળ : ચરમભવસંધાન

સૂત્રઃ–एस आराहगे सामण्णस्स, जहागहिअपइण्णे, सव्वोवहासुद्धे, संधइसुद्धगं भवं सम्मं अभवसाहगं भोगकिरिआसुरूवाइकप्पं। तओ ता संपुण्णा पाउणइ अविगलहेउभावओ असंकिलिट्ठसुहरूवाओ अपरोवतावणो सुंदरा अणुबंधेण। न य अन्ना संपुण्णा, तत्तत्तखंडणेण।

**અર્થ** :– લીધેલી પ્રતિજ્ઞા પ્રમાણે સર્વ વિશેષણોથી સંપન્ન, સર્વ માયાથી રહિત, આ શ્રમણપણાનો આરાધક, ભોગક્રિયાર્થ સુરૂપાદિની જેમ, મોક્ષસાધક શુદ્ધ ભવનું સંધાન કરે છે. પછી એ સંપૂર્ણ કારણો પ્રાપ્ત થવાથી અસંક્લિષ્ટ સુખ રૂપ, પરને અસંતાપકારી અને અનુબંધે સુંદર એવી (ભોગ–ક્રિયાઓ) સંપૂર્ણ પ્રાપ્ત કરે છે. બીજી ( લક્ષણ વિનાની ક્રિયા ) સંપૂર્ણ નથી; કેમકે એનામાં એવું સ્વરૂપ રહી શકતું નથી.

**વિવેચન :–સાધનાનું ફળ :**–અહીં સુધી મુનિએ કરવાના સાધનાના પ્રકારો બતાવ્યા. હવે એનું ફળ બતાવે છે.

આ રીતે બનેલો સાધક એ સાચા શ્રમણભાવની (સાધુ–પણાની) જેવી પ્રતિજ્ઞા લીધી, તેવો આત્મામાં શ્રમણપણાના મહાન ગુણને રૂઢ કરનારો હોય છે. કેમકે પ્રારંભથી પ્રતિજ્ઞા લીધી ત્યારથી, એક સરખી રીતે સમ્યક્પણે એને અનુરૂપ પ્રવર્તનારો બન્યો છે. એમજ આરાધનામાં સ્ખલના રહિત નિરતિચાર રહ્યો હોવાથી સર્વ પ્રકારની માયા–આશંસાથી રહિત એવો એ ભાવીફળ તરીકે મોક્ષસાધક શુદ્ધ ચરમ ભવનું આત્મામાં સંધાન કરે છે, અર્થાત્ કેટલાક ભવો પછીનો એવો શુદ્ધ ભવ આવીને ઊભો રહે એની યોજના કરે છે.

**ચરમભવનું સંધાન કેવી રીતે ? :-**

આત્મા પર અસંખ્ય જન્મનાં કર્મ અને અનંતા ભવોની વાસનાઓ જામી હોવાથી એ સર્વનો સંપૂર્ણ નાશ થઈ સીધો મોક્ષ થવાનું, તે આ ભવના અંતે જ સીધો મોક્ષ થવાનું.–મુશ્કેલ છે. તેથી વચમાં હજી બીજા ભવ તો થવાના. (દા. ત. પૃથ્વીચંદ્ર, સમરાદિત્ય, વગેરેને પ્રથમ ભવની ઉચ્ચ સાધના છતાં પછી પણ ભવો તો કરવા પડ્યા.) પરન્તુ એ ભવો પ્રથમ ભવના સુંદર અનુબંધથી એવા સંક્લેશ રહિત ભોગવાળા નીપજે, કે જેમાં વૈભવભોગ છતાં ઉત્તરોત્તર આત્મશુદ્ધિ વધતી આવે. એથી અંતે છેલ્લો ભવ એવો વિશુદ્ધ બનવાનો, કે જે સમ્યક્ સર્વથા શુદ્ધક્રિયા કરવા વડે કરીને અભવ (મોક્ષ) સાધક બનશે. અર્થાત્ એ ભવ પછી કોઈ ભવ જ નહિ, પણ અમર મોક્ષ થવાનો.

**અસંક્લિષ્ટ ભોગ :**—કર્મરહિત થવાના શુદ્ધ ભવ વિના અભય યાને મોક્ષ સિદ્ધ થઇ શકે નહિ. શુદ્ધ ભવથી જ અભવ સિદ્ધ થાય દૃષ્ટાંત તરીકે, સુરૂપ વગેરે ભોગ–સાધન વિના સંપૂર્ણ ભોગક્રિયા બને નહિ, પણ સુરૂપાદિથી જ સંપૂર્ણ ભોગક્રિયા બને. સુરૂપાદિ એટલે સારૂં રૂપ, વય, વિચક્ષણતા (ચતુરાઈ) સૌભાગ્ય (જેનાથી બીજાને ગમીએ તે), મધુરતા (કોમળ મીઠો સ્વભાવ), ઐશ્વર્ય (સંપત્તિ–માનમર્તબો પ્રતિષ્ઠા વગેરે), એને ભોગનાં સાધન કહ્યાં છે. એવા સારાં રૂપ વગેરે આપવાને સમર્થ એવા પુણ્યવંતા ભવ થકી જ સંપૂર્ણ ભોગક્રિયાઓ પ્રત્યે આ સામગ્રી અખંડ કારણતા (નિમિત્તભાવ) ધરાવે છે. તે એવી પરિપૂર્ણ (ભોગક્રિયા) હોય છે કે જે બિલકુલ સંક્લેશ રહિત સુખરૂપ હોય છે. વિવેચનકાર લખે છે કે અહિં શૂન્યતા હોવાથી

સંક્લેશ હોતો નથી. ('શૂન્યતા' શું? એ ચોક્કસ સમજાતું નથી. અત્યંત પૂર્ણ સામગ્રીને લીધે 'ઝંખના, અધીરાઈ, ગૃદ્ધિ વગેરે દુર્ગુણોથી શૂન્યપણું-રહિતપણું' અથવા શૂન્યતા એટલે 'ઉદાસીનતાભાવ' એવો અર્થ લાગે છે). એથી રાગદ્વેષાદિરૂપ કોઈ ચિત્તસંક્લેશ નહિ હોવાથી ભોગક્રિયા અસંક્લિષ્ટ સ્વસ્થ સુખરૂપ હોય છે. એવી રીતે પૂર્ણ ભોગક્રિયાઓ બીજાને પણ સંતાપ કરનારી હોતી નથી. તે અહીં વિચક્ષણતા વગેરે ગુણોને લઈને શકય છે. કેમકે, વિચક્ષણતા, મધુરતા વગેરે ગુણો કોઈને સંતાપ નહિ થવા દે. વળી એ જ કારણે એ પૂર્ણ ભોગક્રિયાઓ અનુબંધથી એટલે પરંપરાએ પણ ઠેઠ ચરમ ભવ સુધી સુંદર હોય છે; કેમકે, સંક્લેશથી કે પરપરિતાપથી એને આચરી નથી. આવા સ્વરૂપવાળી ભોગક્રિયા સિવાયની બીજી સંક્લેશ-વાળી પરસંતાપક અને પરિણામે અસુંદર એવી કોઈપણ ભોગક્રિયાઓ સંપૂર્ણ નથી; કેમકે, એમાં સંક્લેશાદિને લઈને આ લોક પરલોક બન્નેની અપેક્ષાએ ભોગક્રિયાનું સ્વરૂપ જ ખંડિત કરી નાખ્યું છે. **ભોગક્રિયાનું સ્વરૂપ** તો એવું જોઈએ કે જે આ લોકમાં **સ્વાત્મસંક્લેશ** અને **પરાત્મપરિતાપથી અકલંકિત** સુખ આપે, અને પરલોકમાં યાવત્ ચરમ ભવ સુધી સાનુબંધ સુંદર સુખ આપે, ન પોતાને સંક્લેશ કે ન પરને સંતાપકારિતા.

પ્ર૦-અહીં શ્રમણપણાની આરાધનાના ફળરૂપે ભોગક્રિયા કેમ બતાવી?

ઉ૦-મુખ્ય ફળ તો પ્રારંભે મોક્ષસાધક ચરમભવનું સંધાન જ બતાવ્યું છે પરંતુ એ સંધાન પછી વચ્ચે ભવો તો થવાના ને? એમાં પણ આરાધનાજન્ય પુણ્યથી ઊંચા રૂપ-રસાદિ

વિષયો મળવાના ને એનો અમુક કાળ સુધી ઉપભોગ પણ રહેવાનો. કિન્તુ એ ભોગ કેવા? તો કહે છે,-નિરતિચાર નિરાશંસ ઉચ્ચ આરાધનાનો એ પ્રભાવ છે કે એ ભોગ [1]સંક્લેશ-[2]પરસંતાપ -[3]અશુભાનુબંધ વિનાના રહેવાના. આત્મા એમાં જાણે અંતરથી કમળવત અલિપ્ત! તેથી જ મોકો આવ્યે એ છૂટતાં અને ચારિત્ર-માર્ગ હાથ લાગતાં લેશ પણ સંકોચ, વિલંબ કે કઠિનાઈ નહિ. એટલે જ ચારિત્રારાધના વળી ઓર ઊંચી કોટિની થવાની. એથી ઊંચો દેવલોક, અને પછી માનવભવે વળી વિશેષ ઊંચી આરાધના. એમ કરતાં કરતાં ચરમ ભવ આવીને ઊભો રહે. એનું સંધાન યાને ઘટના અહીંના પ્રથમ ભવના ચારિત્રની આરાધનાથી થાય છે. આમાં વચ્ચેના ભાવોમાં જે સંક્લેશ આદિ વિનાની ભોગ-ક્રિયા મળે છે એની વિશેષતા છે કે ચિત્તની સંક્લેશાદિરહિત સ્થિતિ આત્માને નિર્લેપ જેવો રાખે છે, અને ઉચ્ચતર આરા-ધનામાં જોડે છે. સમરાદિત્યકેવળીના નવ ભવોમાં આ દેખાય છે. આ આશયથી અહીં ભોગક્રિયાનો નિર્દેશ છે

## (૧૭) સમ્યગ્જ્ઞાનક્રિયા : પ્રવર્તક ભાવ

**સૂત્ર :-एअं नाणं ति वुच्चइ। एअम्मि सुहजोगसिध्धी उचिअ-पडिवत्तिपहाणा। इत्थ भावो पवत्तगो। पायं विग्घं न विज्जइ निर-णुबंधा सुहकम्मभावेण। अक्खित्ताओ ईमे जोगा भावाराहणाओ। तहा तओ सम्मं पवत्तइ, निप्फायई अणाउले।**

**અર્થ**:-આ જ્ઞાન છે એમ કહેવાય છે. એમાં શુભયોગની સિદ્ધિ થાય છે એ ઉચિત સ્વીકાર-પ્રધાન હોય છે. એમાં પ્રવર્તક ભાવ છે. (અહીં ઉદયમાં આવતાં) અશુભ કર્મ નિર-નુબંધ હોવાથી પ્રાયઃ વિઘ્ન નથી આવતું. આ યોગો ભાવ-

આરાધનાથી ખેંચાઈ આવે છે; તથા તે પછી સમ્યક્ પ્રવર્તે છે અને આકુળતા વિના એ ફળે છે

## વિવેચન : સમ્યગ્ જ્ઞાન-ક્રિયાનું સ્વરૂપ :-

'ज्ञानक्रियाभ्यां मोक्षः જ્ઞાનક્રિયાથી મોક્ષ' એ સૂત્રમાં 'જ્ઞાન'-શું ? અને 'ક્રિયા' કેવી ? એ બતાવતાં અહીં કહે છે કે (૧) પૂર્વોક્ત આરાધનાઓનો અતીવ શ્રદ્ધાસંપન્ન સમ્યગ્ બોધ એ 'જ્ઞાન' છે; કેમકે ઈષ્ટ વસ્તુતત્ત્વને જણાવનારૂં જે જ્ઞાન એ જ જ્ઞાન કહેવાય છે, અને (૨) ક્રિયા તે છે કે જે આવી જ્ઞાન-દશામાં શુભયોગ સિદ્ધ થાય છે, અર્થાત્ આ લોક પરલોકમાં ઈષ્ટહિતને પેદા કરનાર શુભ પ્રવર્તન નીપજે છે. એ શુભ યોગમાં સમ્યક્-જ્ઞાનદશાના અવલોકનથી ભિન્નભિન્ન અનુબંધો કેવા, એ અંગે નિપુણ નિરીક્ષણ છે. જ્ઞાનદશાથી જોયા કરે છે કે આ શુભક્રિયા વખતે હૃદયમાં અનુબંધભાવ કયા પડી રહ્યા છે ? જો ભાવ વિશુદ્ધ હશે તો શુભાનુબંધવાળું પુણ્ય ઊભું થશે. પણ જો કોઈ વિષય, કષાય કે ક્રિયાના ખેદ વગેરે ભાવ આવ્યા તો તે અશુભાનુબંધ નાખશે. માટે **વિશુદ્ધ ભાવનું લક્ષ સચોટ** રહે. એ રહેતું હોવાથી ત્યાં સર્વે ઉચિત જ વાતવસ્તુનો સ્વીકાર મુખ્ય હોય છે; એથી કોઈ અનુચિતનો સ્વીકાર નથી કરવામાં આવતો. તો જ એ શુભયોગ જ્ઞાનદશાનો ગણાય. નહિતર જો અનુચિત આચરાતું હોય, ઉચિતતાની બેપરવા હોય, તો જ્ઞાનદશા શી ? અજ્ઞાન મૂઢ પણ એવું તો આચરે છે. ત્યાં દિલમાં અશુભાનુબંધ છે.

પ્ર૦-જ્ઞાનની આટલી બધી કડક ઉચ્ચ ભૂમિકા કેમ બાંધો છો કે ત્યાં અનુચિત જરા ય ન ચાલે ?

ઉ૦-જગતમાં જ્ઞાનવાળો ડાહ્યો ભણેલો તે ગણાય છે, કે જે સ્વવિનાશકારી કોઈ પણ પ્રયાસ ન કરે. વિનાશ રોકવો હોય તો અનુચિતનો ત્યાગ અને ઉચિતનો સ્વીકાર જોઈએ. એ વિના વિનાશ ટળે નહિ. જીવ અનુચિત આચરીને જ મરે છે ને? રાવણે સીતાને ઉપાડી સંઘરી રાખવાનું અનુચિત કર્યું તો સર્વવિનાશ પામ્યો. રોહગુપ્તાએ જીવ-અજીવ-નોજીવની ત્રિરાશીની કરેલી અનુચિત સ્થાપના પકડી રાખી તો સંઘ બહાર મૂકાયો, નિહ્નવ ગણાયો. આ બધામાં જ્ઞાનદશા શી ગણાય? જ્ઞાની એવું ન આચરે જે પોતાનો વિનાશ કરે.

**પ્રવર્તક છે ભાવ** :-આવી પ્રસ્તુત જ્ઞાનયુક્ત પ્રવૃત્તિમાં કોણ પ્રવર્તાવે? તો કે પ્રવર્તક ભાવ છે. ભાવ એટલે પવિત્ર અભ્રાન્ત હૃદય, પણ મલિન મૂઢ હૃદય નહિ.

અંતઃકરણ મોહના દ્વેષ-ઈર્ષ્યા-આસક્તિ-મદ-માયા-દીનતા વગેરે અશુભ ભાવોથી ભરેલું હોય, યા એની અસરોવાળું હોય, તો કદાચ ધર્મવ્યાપાર થાય તો ય તે સમ્યગ્જ્ઞાનયુક્ત ક્યાંથી બની શકે? એવા ધર્મવ્યાપારને પ્રવર્તાવનાર કોઇ ને કોઇ મોહની લાગણી હોય છે. તેથી એ ખરેખર ધર્મયોગ જ નથી. સદ્જ્ઞાન-મૂલક ધર્મયોગ એ સાચો ધર્મયોગ છે, અને એને પ્રવર્તાવનાર છે પવિત્ર અભ્રાન્ત હૃદય. માટે એ પહેલી આવશ્યક ચીજ છે. આ વસ્તુ જો લક્ષમાં રહે તો સાધના હાથમાં લેતા પહેલાં હૃદયને એવું શુદ્ધ સ્વચ્છ પવિત્ર કરી દેવાય, કે એમાં કોઇ મેલી લાલસા, માનાકાંક્ષા, મદ, માયાદિ નહિ હોવાથી હવે જે ધર્મસાધનાની પ્રવૃત્તિ કરાય એ સમ્યગ્જ્ઞાનયુક્ત ક્રિયા બને. અસાર સાંસારિક વાતવસ્તુથી ખેદ-ગ્લાનિ પામી એ

નિમિત્તના મલિન ભાવોથી વિરમેલું સ્વચ્છ મન ધર્મસાધનાને જીવન-સર્વસ્વ માની એમાં પરોવાય છે, એકાકાર થાય છે. એ સાધના શુદ્ધ ધર્મસમજની પરિણતિવાળી હોઈ સમ્યગ્જ્ઞાનયુક્ત કહેવાય. પાંડિત્ય એ સમ્યગ્જ્ઞાન નથી, કિન્તુ થોડી પણ શુદ્ધ વસ્તુ-સમજ અંતરમાં પરિણામ પામે એ સમ્યગ્જ્ઞાન છે. ભાવ યાને સ્વચ્છ શુદ્ધ અંતઃકરણ એવી પરિણતિવાળી જ ધર્મસાધનામાં પ્રવર્તાવે છે.

**સમ્યક્ સાધનામાં વિઘ્ન કેમ નહિ? :—**

આ શુદ્ધ મનથી પ્રેરિત સમ્યગ્બોધસંપન્ન સાધનાનો એવો પ્રભાવ છે કે એમાં પ્રાયઃ વિઘ્ન હોતું નથી; કેમકે આ પ્રસ્તુત સાધના-પ્રવૃત્તિમાં સમ્યગ્ ઉપાયનો ઉપયોગ થયો હોય છે. સમ્યગ્ ઉપાયો કયા? એ જ પૂર્વે કહેલા ચતુઃશરણગમન —દુષ્કૃતગર્હા-સુકૃતાસેવનથી માંડી ગુણબીજાધાનાદિના પાયા પર ઊભી થયેલ પ્રવ્રજ્યામાંના નિરાશંસ વિશુદ્ધ ચરણ; મહાસત્ત્વ, સમશત્રુમિત્રતા, આગ્રહરહિતતા, પ્રશમ, સમ્યક્ દ્વિવિધ શિક્ષા, ગુરુ-બહુમાન-પ્રતિબદ્ધતા, મંત્રવત્ શ્રુતોપાસના વગેરે. આ ઉપાયો પગભર હોય ત્યાં વિઘ્ન શાનું આવે?

પ્ર૦-વિઘ્ન તો કોઈ પૂર્વના તેવા અશુભ કર્મને આધીન હોઈ, સંભવ છે કે સાધનાની આડે કાં ન આવે?

ઉ૦-અલબત્ બહારથી વિઘ્નરૂપ દેખાતા સંયોગો ઊભા થાય એ સંભવિત છે, કિન્તુ સતત સમ્યગ્ ઉપાયોમાં પ્રવર્તમાન સાધકને એની આંતરિક સાધનામાં કશો બાધ કરી શકતા નથી. સાધના અખંડ ચાલે છે. અરે! વિશેષ સ્ફુર્તિબંધ સાધના ચાલે છે. એટલે વિઘ્ન તરીકે એણે કશું કામ કર્યું નહિ. સંગમદેવે

પ્રભુને છ માસ સુધી ગોચરી-પ્રાપ્તિની આડે કાંઇ ને કાંઇ વિઘ્ન ઊભા કર્યા, પરંતુ પ્રભુ ક્ષુધાપરીસહ જીતીને અંતરથી અસંગ અવ્યાકુળ રહી ચારિત્રસાધનામાં આગળ વધતા જ રહ્યા. ત્યાં સંગમે ઊભા કરેલ સંયોગ સાધનામાં કયાં વિઘ્નરૂપ બની શક્યા? સમ્યગ્ ઉપાયોનો એ પ્રભાવ છે કે પ્રાયઃ વિઘ્ન ન ઊભું થાય.

આ સદ્ ઉપાયોને લીધે વિઘ્ન વિઘ્નરૂપ ન થવાના મૂળમાં નિરનુબન્ધ અશુભ કર્મ કામ કરે છે. અર્થાત્ આત્મામાં શુભ અશુભ બંને જાતના કર્મનો સંચય છે. એટલે અશુભના ઉદય તો થાય. પરંતુ આ કર્મોમાં અનુબંધ યાને નૂતન અશુભોપાર્જનની બીજશક્તિ નથી. તેથી એ નિરનુબંધ અશુભકર્મ છે. સાનુબંધ અશુભ કર્મની એ સ્થિતિ હોય છે કે એ ઉદયમાં આવે ત્યારે અનિષ્ટ ઊભું તો કરે, પણ એમાં સાથે નૂતન અશુભની બીજ-શક્તિ હોઈ બુદ્ધિ ય બગાડે, મલિન ભાવ પેદા કરે, કષાય યાને લેશ્યા-વૃત્તિ અશુભ ઊભી કરે. દુઃખ કષ્ટ ભોગવે તો ભોગવે પણ સાથે હૈયું ય મેલું સંક્લિષ્ટ કરે. તેથી નવાં અશુભ થોકબંધ ઊભાં થાય. ખરી રીતે આવા સાનુબંધ કર્મવાળો તો એવો ભારે કર્મી હોય કે એને તો મૂળમાં સમ્યક્ પ્રવ્રજ્યાયોગ જ ન હોય; પછી એવા સમ્યગ્ ઉપાયોમાં પ્રવર્તવાની વાતે ય શી? न हि अनीदृशः इत्थं प्रवर्तते નિરનુબન્ધ અશુભ કર્મવાળો ન હોય એ આ રીતે સમ્યગ્ ઉપાયોમાં પ્રવર્તતો હોતો નથી, સમ્યગ્ જ્ઞાન-સંપન્ન સુપ્રવ્રજ્યા યોગોમાં એવા બિચારાથી પ્રવૃત્તિ થાય નહિ.

'અક્ખિત્તાઓ ઈમે જોગ....' આ સજ્ઞાન શુભ ચારિત્રયોગો શી રીતે આવે છે? તો કે ભાવ-આરાધનાથી સારી રીતે એ

આકર્ષાઈ સ્વીકૃત બની જાય છે; અને ભાવ-આરાધના પૂર્વ જન્મમાં એનું બહુમાન-પ્રશંસા આદિ કર્યું હોય છે એના પ્રભાવે ઊભી થાય છે આનો અર્થ એ, કે સમ્યક્ ચારિત્રયોગો અનેક જન્મોની સાધનાથી ઊભા થાય છે. પાપપ્રતિઘાત-ગુણ-બીજાધાન આદિ ક્રમથી સાધનાઓ કરતાં રહેવું પડે. પ્રવ્રજ્યાના જ્ઞાનદશાવાળા શુભ વ્યાપારો વિઘ્ન રહિત ત્યારે જ આત્મામાં સ્વીકૃત અને સ્થાપિત થાય કે જ્યારે પૂર્વજન્મમાં એના પર બહુમાન, એની પ્રશંસા, એની જિજ્ઞાસા, શ્રવણ વગેરે કર્યું હોય, અને તેથી અહીં હૃદયમાં ભાવથી આરાધકદશા સાથે ભાવ-આરાધના અર્થાત્ આરાધનાનો શુભપરિણામ ઊભો થયો હોય. એવા હૃદયને તો સહેજે સજ્ઞાન ચારિત્રવ્યાપારનો આદર-સ્વીકાર થઈ જ જાય; કેમકે એ નિયમા, સજ્ઞાન શુભ ચારિત્ર-વ્યાપારનો નિષ્પાદક છે. એટલે અવશ્ય એમાં પ્રવર્તાવે છે, અને આકુળ-વ્યાકુળતા વિના ઇષ્ટફળ તરફ ચડાવે છે.

## (૧૮) સત્ક્રિયાનું ફળ : પરાર્થસાધકની વિશેષતાઓ

**સૂત્ર :-एवं किरिया सुकिरिआ, एगंतनिक्कलंका, निक्कलंकऽत्थ-साहिआ, तहा सुहाणुबंधा उत्तरुत्तरजोगसिद्धीए। तओ से साहइ परं परत्थं सम्मं, तक्कुसले सया, तेहि तेहिं पयारेहिं साणुबन्धं महोदए, बीज-बीजादिट्ठावणेण कत्तिविरियाइजुत्ते, अवंझसुहचिट्ठे, समंतभद्दे, सुप्पणिहाणाइहेऊ, मोहतिमिरदीवे, रागामयवेज्जे, दोसाणलजलणिही, संवेगसिद्धिकरे हवइ अचिंतचिंतामणिकप्पे।**

અર્થ :- એ રીતે ક્રિયા (૧) સુક્રિયા બને છે એ (૨) એકાન્ત નિરતિચાર હોય છે, અને (૩) નિષ્કલંક અર્થ (મોક્ષ)ની સાધક બને છે; તથા (૪) વિચ્છેદ વિના ઉત્તરોત્તર યોગ સિદ્ધ

થતા જવાથી, શુભ અનુબંધવાળી થાય છે. તેથી (૫) એ પ્રધાન પર અર્થને સમ્યગ્રીતે સાધે છે એવા સત્ત્વાર્થમાં કુશળ (નર)હંમેશા તે તે (બીજન્યાસાદિ) પ્રકારે અનુબંધવાળા મહાન ઉદયને સાધે છે. (તે આ રીતે, કે એ) સમ્યક્ત્વબીજના બીજભૂત (ધર્મ-પ્રશંસાદિ)ને સ્થાપિત કરવાપૂર્વક એ (પરમ સત્ત્વાર્થ પ્રત્યે) કર્તૃવીર્ય આદિથી યુક્ત બની અવશ્ય ફળદાયી શુભ પ્રવૃત્તિવાળો બને છે; તથા (એ જ પરમ સત્ત્વાર્થ પ્રત્યે)સર્વતોમુખી કલ્યાણ-વાળો અને સત્ પ્રણિધાનાદિનો જનક હોય છે. મોહરૂપી અંધકારને હટાવનાર દીવો, રાગરૂપી રોગને કાઢનાર વૈદ્ય, અને દ્વેષરૂપી અગ્નિને ઠારનાર સમુદ્ર બની અચિંત્ય ચિંતામણી-સમાન એ સંવેગને સિદ્ધ કરનારો થાય છે.

**વિવેચન :-પ્રગતિ :-**હવે આગળ સાધુ કેવી પ્રગતિ કરે છે તે બતાવે છે. ⁶(૧) ઉપર કહ્યા પ્રમાણે ભાવ આરાધના સાથે જ્ઞાનપૂર્વક સમ્યક્ ચારિત્રયોગો જે સાધવામાં આવે છે એ ક્રિયા સુક્રિયા બને છે. એનું કારણ એ છે કે એ સમ્યગ્ જ્ઞાનના પાયા પર આરંભાયેલી હોય છે, અને એમાં ઔચિત્યપૂર્વક પ્રવૃત્તિ થઈ હોય છે. જ્ઞાન સમ્યક્ છે એટલે શ્રદ્ધાપૂર્વકનું હોઈ એમાં આધ્યાત્મિક ઉત્થાન જ મહત્ત્વનું લાગે છે. તેથી તેમજ પૂર્વ ભૂમિકામાં બધું ઔચિત્ય જાળવીને ચારિત્રજીવનનો પ્રારંભ કર્યો છે એટલે હૃદય શુદ્ધ અને મહાવિવેકસંપન્ન હોવાથી હવે સધાતા ચારિત્રયોગ સહેજે સુશોભન ક્રિયારૂપ હોય

⁸(૨-૩-૪)⁶ (૨) આ ચારિત્રયોગસાધના એકાંતે નિષ્કલંક અર્થાત્ કોઈ પણ જાતના દોષઅતિચાર વિનાની હોઇ ડાઘ-અશુદ્ધિથી તદ્દન રહીત હોય છે. સુક્રિયા સાધવી છે એટલે દોષ

શું કામ લગાડે? સહેજ પણ રાગાદિ પ્રમાદવશ ન થાય એટલે દોષ લાગવાનો સંભવ નથી. વળી ⁶(૩)આવી નિષ્કલંક સાધના હોઈ, એ નિષ્કલંક અર્થની યાને સર્વ કર્મકલંક વિનાના મોક્ષની સાધક બને છે. આ સૂચવે છે કે [૧]કુક્રિયા, યા [૨]દોષવાળી સુક્રિયા, કે [૩]મલિન આશયથી કરાતી નિર્દોષ પણ સુક્રિયા મોક્ષ સાધી શકે નહિ. ⁷(૪) બાકી સુક્રિયાનો એ પ્રભાવ છે કે એ, એવા કોઈ વ્યાઘાત–વિચ્છેદ વિના ઉત્તરોત્તર શુભ યોગ સિદ્ધ થતા આવવાથી, શુભ અનુબંધવાળી બને છે. સાધનાની ગાડી ઊપડી તે ઊપડી. હવે એ અટકવાની નહિ. એટલે કે સાધના મટીને પ્રમાદાચરણ આવવાનું નહિ. એ તો એક ચારિત્રયોગ, પછી બીજો, પછી ત્રીજો,....એમ ઉત્તરોત્તર તે તે કાળને ઉચિત યોગો સધાતા આવવાના. એથી આત્મામાં એવી સળંગ અવિચ્છિન્ન ચાલતી યોગસાધનાઓમાં ચિત્ત રોકાયું રહેવાથી એ ચિત્તમાં એક એવો સંગીન શુભ પરિણામ વહેતો થાય છે, કે જે એ ક્રિયાને શુભ અનુબંધશાળી કરે છે. અર્થાત્ આગળ આગળ એવી વિશુદ્ધ યોગસાધનાઓની પરંપરા સર્જે એવી બનાવે છે. એ ક્રિયા સાથે રહેતા ચિત્તપરિણામની મોટી કિંમત છે. જો એ પરિણામ એવો, ઉદાર, વિશુદ્ધ અને ઓજસ્વી છે, તો એ ક્રિયામાં એક એવું સામર્થ્ય ઊભું કરે છે કે જે આગળ પણ વિશિષ્ટ-સાધના ખેંચી લાવે એવા સાનુબંધ શુભ કર્મને ઉત્પન્ન કરે છે. આ 'અનુબંધ' એટલે શુભસર્જક બીજશક્તિ.

**પ્રધાન પરાર્થ કયો ?:–**

આ રીતે પોતાની શુદ્ધ કલ્યાણસાધના તો પ્રવાહિત થઈ ગઈ. પરંતુ એટલું કરીને એ બેસી રહેતો નથી. કિન્તુ શુભાનુબંધવાળી ઉત્તરોત્તર અખંડ ચાલતી ચારિત્રયોગ–સાધનાના

પ્રભાવે પરાર્થ પણ સાધે છે. 'પરાર્થ' એટલે બીજાનું ભલું. એ બે જાતનું હોય, (૧) 'ગૌણ પરાર્થ' અન્નદાનાદિ, યા મિથ્યાદૃષ્ટિ કલ્પિત આત્મા-મોક્ષ-મોક્ષહેતુ અંગેના તત્ત્વના બોધ આદિનું દાન; (૨)'પ્રધાનપરાર્થ' બોધિબીજ વગેરેનું સ્થાપન. આ સાધક 'પર' યાને પ્રધાન પરાર્થ સાધે છે; તે પણ સમ્યગ્રીતે, અવિપરીતપણે; અર્થાત્ પરહિત સાધે ને 'ક્રમથી' સાધે. કિન્તુ ગમે તેમ નહિ. દા.ત. આ પંચસૂત્રની આદિમાં બતાવ્યું તેમ પહેલાં પાપપ્રતિઘાત-ગુણબીજાધાન કરાવે. પછી સાધુધર્મ-પરિભાવના કરાવે....વગેરે ક્રમથી સધાવ્યું કહેવાય; પણ એમ નહિ કે પહેલાં એનાં ઠેકાણાં ન હોય, ને સીધી પ્રવ્રજ્યા જ સધાવવા માડે. એમ 'અવિપરીતપણે' એટલે આ ચોથા સૂત્રના પ્રારંભે બતાવ્યું તેમ વિપર્યાસવાળો પરાર્થ સધાવવાનો નહિ.

**' પરાર્થ '=સત્યાર્થ કે સત્ત્વાર્થ ?:—**

અહીં ટીકામાં છાપેલી પ્રતમાં પરાર્થનો અર્થ ' સત્યાર્થ ' છપાયો છે. એ પાઠ જો બરાબર હોય, તો ભાવ એનો એ છે કે ' સત્ય ' એટલે ' સત્‌ને હિતરૂપ ' સત્ એટલે આત્મા, એને હિતરૂપ કહેવાય દ્રવ્યહિત. ભાવહિત, દ્રવ્યદુઃખનાશ, ભવદુઃખનાશ. આ બેમાંથી ' પર ' અર્થાત્ પ્રધાન છે ભાવહિત, અને એ છે આત્મવિશુદ્ધિ, આત્મશક્તિવિકાસ, ક્ષાયોપશમિક અને ક્ષાયિક ગુણોનો પ્રાદુર્ભાવ, આને એ સાધે બાકી છે. વિશેષ ઇષ્ટ પાઠ " સત્ત્વાર્થ " સંભવે છે. ' સત્ત્વ ' એટલે જીવો, એનો 'અર્થ' એટલે ઇષ્ટ, પ્રયોજન. એટલે કે જીવોનું પ્રયોજન, જીવોનું ઇષ્ટ, એ જ અહીં પરાર્થ તરીકે લેવાનું છે. ટીકાકારને 'પરાર્થ'નો આ અર્થ મૂકવાનું કારણ એ છે કે એનો બીજો અર્થ એ

પણ થાય છે કે 'પર' એટલે કે શ્રેષ્ઠ એવો 'અર્થ' યાને પ્રયોજન, તે છે મોક્ષ. પરંતુ પ્રસ્તુતમાં એ અર્થ સંગત નથી. કેમકે પાછું 'પર' એવું વિશેષણ પડ્યું છે તે નિરર્થક ઠરે; તેમજ આગળ 'બીજબીજાદિક-સ્થાપન દ્વારા' એમ કહે છે તે બીજા જીવોની અપેક્ષાએ જ સંગત થાય, માટે અહીં 'પર' એટલે બીજા જીવો જ લેવા છે. તે સ્પષ્ટ કરવા ટીકાકાર મહર્ષિએ 'પરાર્થ'નો અર્થ 'સત્ત્વાર્થ' કર્યો, એ સંગત થાય. અસ્તુ.

સાધક પ્રધાન પરાર્થ સાધે તે 'સયા તક્કુસલ' અર્થાત્ આવડત વિના નહિ, પણ સદા પરાર્થ-સાધનામાં કુશળ રહીને. જ્યારે જ્યારે સામે જેવો જેવો જીવ આવે, એનું કેમ હિત થાય એ ત્યારે ત્યારે તે તે જીવની યોગ્યતા કક્ષા સમજીને તદનુસાર હિતને સધાવવામાં કુશળતાવાળો રહીને પરહિત સાધે.

**બીજબીજાદિ-સ્થાપન કેવી રીતે?:—**

એ પરાર્થ સાધે તે પણ '**તેહિં તેહિં પયારેહિં.... બીજબીજાદિઠાવણેણ**' અર્થાત્ શાસન-પ્રભાવક તે તે પ્રકારો વડે બીજબીજાદિના સ્થાપન દ્વારા. અહીં 'બીજ'=મોક્ષબીજ સમ્યકત્વ તેનું 'બીજ'=તેને આકર્ષનાર શાસન પ્રશંસા આદિ- 'આદિ' પદથી જિનોક્ત ધર્મની અભિલાષારૂપી અંકુર,-એ ધર્મનું સમ્યક્ શ્રવણ વગેરે વિશિષ્ટ ઉપદેશદાનથી, યા સ્વયં વિશિષ્ટ તપ સાધવાથી, અથવા જિનોક્ત તત્ત્વના સ્થાપક વાદથી, કે શાસનપ્રભાવક પ્રતિષ્ઠાદિ સંઘયાત્રા, સામુહિક તપ-અનુષ્ઠાન વગેરેથી બીજા જીવોને જિનશાસન પ્રત્યે આકર્ષણ થાય, 'અહો કેવો સુંદર ધર્મ!' વગેરે પ્રશંસા થાય, એ એમનામાં બીજ-બીજ=સમ્યક્ત્વરૂપી બીજનું બીજ પડ્યું, બીજન્યાસ થયો કહેવાય.

વળી આગળ એ ઉપદેશાદિ પ્રભાવક કાર્યોમાંના કોઈ પ્રકારનું નિમિત્ત અપાય, એટલે એ જીવોમાં જૈનધર્મની અભિલાષા જાગે આ અંકુર ઊગ્યો કહેવાય. આ રીતે પદાર્થને સાધે.

એ પરાર્થ પાછો 'સાનુબંધ' સાધે; અર્થાત્ (૧) ઈતર જીવોને બીજી કોઈ પૌદ્ગલિક આશંસામાં તાણ્યા વિના શુદ્ધ કલ્યાણમાર્ગ એમનામાં આવે એ રીતે પ્રયત્ન કરે; જેથી એ જીવોમાં એ શાસનપ્રશંસાદિ જે જાગે, એ વિશુદ્ધ આશયવાળા જાગવાથી આગળ એની પરંપરા ચાલે. એવા અનુબંધવાળા એ બની આવે. (૨) એમ આ પરાર્થસાધક પણ પરાર્થસાધના કરે તે અનુબંધવાળી હોય એવા નિરાશંસભાવ અને વિશુદ્ધાશયથી કરે; જેથી પોતાને આગળ પણ પરાર્થકરણની પરંપરા ચાલે. આમ, સ્વ પર ઉભયમાં શુભાનુબંધ જગાવવાથી ઉભયને કલ્યાણપરંપરા ચાલુ રહે.

**પરાર્થસાધકની વિશેષતાઓ:**–'**મહોદએ**' અર્થાત્ સ્વયં સિદ્ધ ધર્મને ક્રમશઃ બીજા જીવોમાં સાધતો હોવાથી એ પોતે મહા ઉદય–ઉન્નતિવાળો હોય છે; કેમકે દિલ બહુ વિશાળ થઈ ગયું અને સાથે પરાર્થ–કુશળતા પરાર્થ–યોગ્યતા વિકસી ઊઠી. વળી તે '**કર્તૃવીર્યાદિયુક્ત**' હોય; યાને પ્રધાન પરાર્થ સાધવા માટે " કર્તૃ" કારણભૂત વીર્યોલ્લાસાદિથી યુક્ત હોય; એવું પોતાનું વીર્ય ઉત્સાહ, પ્રતિભા, વગેરે પ્રગટ રહે તો જ વાસ્તવ પરાર્થ સધાય; નહિતર અધવચ્ચે થાકે, યા માયકાંગલો પ્રયત્ન થાય, અથવા ગૂંચ પડતાં પરાર્થકાર્યમાં વચ્ચે અટકી પડે. વળી '**અવન્ધ્ય શુભચેષ્ટ**'. અર્થાત્ પરાર્થ સાધવાની શુભ પ્રવૃત્તિ એવી આદરે-ચલાવે કે એ નિષ્ફળ ન જાય; પણ અવશ્ય અમોઘ, સફળ નીવડે, એનું ફળ પરહિત જરૂર નીપજે.

પ્ર૦–પરાર્થ પ્રવૃત્તિ દા. ત. ઉપદેશ ક્યારેક નિષ્ફળ જાય છે ને ?

ઉ૦–પરોપદેશે પાંડિત્ય હોય ત્યાં પોતાના આત્મામાં ઠેકાણું નથી એટલે નિષ્ફળ જાય; કેમકે આચાર સાથેના ઉપદેશની અસર પડે છે. બાકી ઉત્તરોત્તર યોગ સિદ્ધિવાળા મહાત્માઓની દેશનામાં આપણે જેને નિષ્ફળના સમજીએ છીએ એ ઉપલકિયા નિરીક્ષણ છે. ખરી રીતે શ્રોતાઓના દિલમાં કાંઈ ને કાંઈ અસર દા. ત. પાપ પ્રત્યે કમકમાટી વગેરે થયું હોય છે. ત્યારે વ્યક્તિ-ગત ઉપદેશમાં તો એ પરાર્થકુશળ મહાત્મા અયોગ્ય પર પ્રયત્ન કરવા જતા જ નથી, પછી નિષ્ફળતા શાની મળે ?

'સમંતભદ્ર' અર્થાત્ તે પરાર્થસાધક મહાત્મા ચારે બાજુથી કલ્યાણરૂપ હોય છે; કેમકે એ સર્વ આકારે સંપન્ન છે. એમની મુદ્રા સૌમ્ય, નયન આકર્ષક, વાણી એકાંત કલ્યાણની, પ્રવૃત્તિમાત્ર કલ્યાણરૂપ, સ્વભાવ બહુ જ મુલાયમ અને મધુર, ચાલ કરુણાભરી, બીજા સાથે વ્યવહાર અતિશય સૌજન્ય ભરપૂર અને ઉદાર....વગેરે હોય છે. એવા એ

૭'સુપ્રણિધાનાદિહેતુ' અર્થાત્ (૧) પોતાની અંગત સાધના શું, કે પરાર્થસાધના શું, સર્વ સાધનામાં સમ્યક્ પ્રણિ-ધાન, પ્રવૃત્તિ, વિઘ્નજય અને સિદ્ધિવાળા હોય છે કારણ, ક્યાંય પણ એ ન્યૂનતા–ખામી–ગફલતવાળા હોતા નથી. એથી (૨) સામામાં પણ પ્રણિધાનાદિ જગાડનારા બને છે. દેખાય છે કે સર્વ વાતે ચોક્કસ શિક્ષક યોગ્ય વિદ્યાર્થીને પણ ચોકસાઈવાળો તયાર કરે છે. એમ આવા સુયોગ્ય સમંતભદ્ર મહાત્માથી પામેલા ભવ્યાત્માઓ પણ પ્રણિધાનાદિવાળા બને છે.

⊛ '**મોહતિમિરદીવે,**'— આવો એ પરાર્થ-પરહિતસાધક મોહાંધકારને દૂર કરવામાં દીપ સમાન બને છે. એ પોતાની મુદ્રા અને વાણીથી જીવોને પ્રતિબદ્ધ કરી એમના મોહ અર્થાત્ અજ્ઞાનકુમતિ-કદાગ્રહરૂપી અંધકાર નષ્ટ કરી દેવાના સ્વભાવવાળા હોવાથી એક દીપક છે.

⊛ '**રાગમયવેજ્જે**' અર્થાત્ જીવોના રાગરૂપી રોગની ચિકિત્સા કરવા માટે વૈદ્ય છે, કેમકે વૈરાગ્યની મૂર્તિસમા એમની પાસે એવો સમર્થ તપ-ચારિત્ર-જ્ઞાન યોગ છે કે જે જીવોના રાગને હચમચાવી નાખે એવા વૈરાગ્યથી રંગી નાખે છે, એ જીવોના રાગરોગને ક્રમશ: મટાડતા આવે છે. વળી

⊛ '**દોસાનલ-જલણિહી**' અર્થાત્ એ મહાત્મા જીવોના દ્વેષાગ્નિને શાંત કરવા એક સમુદ્ર છે. કેમકે એમની પ્રશાંત ઉપશમરસ-ઝરતી મુદ્રા અને વાણીમાં સામાના દ્વેષદાવાનળનું શમન કરવાની અજબ શક્તિ છે. એમ, આ પરાર્થસાધક મહાત્મા

⊛ '**સંવેગસિદ્ધિકર**' છે; સંવેગને જન્માવનારા કારણો તરીકે-સ્વયં ધર્મમયજીવન, જડની અનુકૂળતાઓની બેપરવાઈ, આંખમાં નિર્વિકારતા અને અધ્યાત્મતેજ મોહાંધોને કમકમી કરાવે એવી ત્યાગ-તપોમય કષ્ટસાધનાઓ, વાણીમાં નીતરતો ધર્મપ્રવાહ,-ઈત્યાદિ તત્ત્વો એવા જાગ્રત્ છે કે એ બીજા જીવોને સંવેગભીના કરી દે છે સંસાર પ્રત્યે થાકવાળા કરી સંવેગમાં યાને મોક્ષની તીવ્ર અભિલાષા સાથે શુદ્ધ ધર્મના રંગમાં તરબોળ બનાવી દે છે એવા એ

⊛ '**અચિંત્ય ચિંતામણિકલ્પ**' છે, જીવોને મોહનાશ, રાગદ્વેષ મન સંવેગસિદ્ધિ કરાવનારા હોવાથી એકાંતે સુખનું

કારણ બને છે. કેમકે સાચું સુખ રાગ-દ્વેષ-મોહ-પાપરંગના જોરમાં ન જ અનુભવાય. ત્યારે એ દોષો શમવાથી કલ્પના બહારની સુખશાંતિનો અનુભવ થાય છે, તેથી એ અચિંત્ય સિદ્ધિ કરાવી આપનાર મહાત્મા અચિંત્ય ચિંતામણિસમા છે.

આ સૂચવે છે કે ઉચિત પ્રતિપત્તિપ્રધાન ભાવપ્રેરિત ઉત્તરોત્તર ચારિત્રયોગસાધના સિદ્ધ થયેથી જીવમાં એ એવી નિર્મળ સહજ પરાર્થકુશળતા ઊભી કરે છે કે એનો શુભ વીર્યોલ્લાસ, શુભપ્રવૃત્તિ અને સમંતભદ્રતા જોનારના મોહને ફગાવી દે, રાગને ભગાડી દે, અને દ્વેષને ઠારી દે છે! એટલું જ નહિ પણ એના આત્મપ્રદેશમાં સુમતિ-સમ્યક્ત્વના પ્રકાશ પાથરે છે, વિરાગનું આરોગ્ય વિકસાવે છે, ઉપશમની શીતલતા સર્જે છે, અને સંવેગની મઘમઘના કરે છે. પોતાની અંતર્મુખતા, વસ્તુમાત્રનું નિર્લેપ ઉદાસીન દર્શન, ઉગ્ર પરિસહ-ઉપસર્ગમા ય આત્માની નિર્વિકાર સ્થિતિ, અને યોગચર્યા, ભાવદયા, ગંભીરતા, તત્ત્વ-પરિણતિ, પ્રૌઢભાવ, કોમળ મધુર વાણીએ સંવેગઝરતી ધર્મની દેશના, નિઃસ્વાર્થભાવની પરાકાષ્ઠા,- આ બધું જીવોમાં સંવેગને જન્માવી સંવેગને વધારે છે.

## (૧૭) વધતો સંવેગ : ચરમભવ

**સૂત્ર :-स एवं परंपरत्थसाहए तहाकरुणाइभावओ, अणेगेहिं भवेहिं विमुच्चमाणे पावकम्मुणा, पवड्ढमाणे अ सुहभावेहिं, अणेगभविआए आराहणाए पाउणइ सव्वुत्तमं भवं चरमं, अचरमभवहेउं, अविगलपरंपरपत्थनिमित्तं। तत्थ काउण निरवसेसं किच्चं विहूअरयमले सिज्झइ, बुज्झई, मुच्चइ, परिनिव्वाइ, सव्वदुक्खाणमंतं करेइ।**

(-इअ पवज्जापरिपालणासुत्तं समत्तं)

**અર્થ**-તેવા પ્રકારના કરુણાદિ ભાવથી એ એમ પ્રધાન પરાર્થનો સાધક અનેક ભવોએ પાપકર્મથી મુકાતો આવે છે, અને શુભ ભાવોએ વધતો એ અનેક ભવો સંબંધી આરાધનાથી સર્વોત્તમ. અંતિમ ભવને પ્રાપ્ત કરે છે, જે હવે છેલ્લા-પહેલા કોઈ ભવનું કારણ નથી, અને સંપૂર્ણ પ્રધાન પદાર્થનું કારણ છે. ત્યાં કાર્ય સંપૂર્ણ કરીને કર્મરજોમળનો નાશ કરી એ સિદ્ધ બુદ્ધ મુક્ત થાય છે, નિર્વાણ પામે છે, સમસ્ત દુઃખનો અંત કરે છે.

**વિવેચનઃ-ચરમ ભવની સાધનાઃ-**

પ્રવ્રજિત ઉત્તમ પુરુષ પ્રધાન યોગ્યતાવાળો હોઈ તેવા પ્રકારના કરુણાદિભાવને લીધે જુએ 'અહો! આ જગતમાં જીવો બિચારા મોહવશ પાપમાં ડૂબ્યા રહે છે! અને કર્મના પનારે પડી ભારે દુઃખી થાય છે! હું પ્રભુનું શાસન પામ્યો છું, તો લાવ, એમને પાપ અને દુઃખમાંથી છૂટવા સહાયક થાઉં! અનંત કરુણાસાગરનું શાસન એમને પમાડું! શાસનના આદેશો એ પાળે એવું કરૂં!' એવા ધર્મનું દાન કરીને ઉત્તરોત્તર વિશિષ્ટ પ્રધાન પરાર્થનો પણ સાધક બને છે. એવી અનેક જન્મોની સાધનાએ કરીને જ્ઞાનાવરણીય વગેરે કર્મોથી રહિત બનતો જાય છે; અને સંવેગાદિ શુભભાવોથી વધતો જાય છે. એમ અનેક ભવોની પારમાર્થિક આરાધના વડે સર્વશ્રેષ્ઠ એવા તીર્થંકર ગણધર વગેરેના ભવને પામે છે.

પ્ર૦-વધતો સંવેગ એટલે શું?

ઉ૦-જેમ એના એજ સૂર્યને આપણે હજારોવાર જોવા છતાં, નવી સવારે સૂર્યને જોતાં ચમકારો જુદો જ અનુભવાય છે,

એ પ્રમાણે આત્મામાં એની એ આરાધના છતાં સંવેગ યાને ધર્મરંગ પ્રતિદિન નવો ને નવો વધતો અનુભવાય.

પ્ર૦- તો શું નવા સૂર્યનાં દર્શનની વચમાં રાત્રિના અંધકારની જેમ, અહિં વચમાં અસંવેગ લાવવો ?

ઉ૦-ના, એમ નહિ, પણ સંવેગીએ નવું નવું ક્રિયારહસ્યનું દર્શન, અધિકાધિક પરવિમુખતા, અને નવું નવું સમ્યગ્જ્ઞાનાદિ કેળવતાં જોતા રહેવું જોઈએ કે '[૧]આ ક્રિયા, આ સૂત્ર, આ સાધનામાં વળી શું રહસ્ય છે ? એમ [૨]બાહ્યનાં આકર્ષણ ઘટતાં આવે છે ને ? [૩]પરના રાગ દ્વેષ કપાઈ, પર પ્રત્યે દૃષ્ટિ ઓછી થતી જાય છે ને? [૪]નવો નવો શાસ્ત્ર-બોધ હૃદયમાં નક્કર માલરૂપે વધતો આવે છે ને ? [૫]સમ્યગ્દર્શનના ૮ દર્શનાચાર અધિકાધિક સેવાઈ રહ્યા છે ને ? [૬]વ્રત નિયમ સહજ સ્વભાવરૂપ બને એવું એનું મમત્વ વધે છે ?' [૭]પાછું આ બધાનો યત્ન ચાલુ. એમાં પ્રમાદ ટાળવા વિચારવું કે 'અરે ! [૧]હજી મારા હૃદયમાં મોહનું ઘેરું અંધારૂં છે ? [૨]મને કેવી ઉત્તમ મોક્ષમાર્ગની સગવડ મળી છે ! [૩]એ મળ્યા પછી મેં એની કેટલી કદર વધારી ? [૪]કેટલો મોહ ટાળ્યો ? [૫]કેટલો ધર્મ વધાર્યો ? અને [૬]હુ મોક્ષ ક્યારે પામીશ ?' એમ રોજ ને રોજ વિચારતાં નવી ધગશ, નવું જોમ સંવેગનું વધે વળી શાસનશ્રેષ્ઠતાને જુદા જુદા દૃષ્ટિબિંદુથી વિચારી શાસનની આત્મીયતા વધારતાં પણ નવનવો સંવેગ જાગે.

આ સર્વશ્રેષ્ઠ ભવ એ હવે સંસારનો છેલ્લો જન્મ છે. કેમકે એ સમાપ્ત થઈને છેલ્લા કે પહેલા કોઈ જાતના ભવ વિનાના મોક્ષને આપનારો છે. આ ઉત્તમ જન્મ અતિ ઉત્તમ યશ-આદેય-સૌભાગ્ય-સુસ્વર વગેરે પુણ્યના થોકવાળો હોવાથી

એના પ્રભાવે પરના પણ એકાંત સર્વ હિતનું નિમિત્ત બને છે. સાધક અહીં મહાત્માઓને ઉચિત સઘળું કર્તવ્ય પૂર્ણ કરે છે; અને પછી વર્તમાનમાં બંધાતી કર્મરજને, અને પૂર્વે સંગ્રહેલ કર્મમળને દૂર કરી આત્મા વ્યવહારથી ક્રમશઃ સિદ્ધ, બુદ્ધ, મુક્ત, પરિનિર્વૃત થાય છે; તેમજ સર્વ દુઃખોનો અંત કરે છે. નિશ્ચયનયથી તો આત્મા સદા નિરંજન નિરાકાર છે, પણ વ્યવહારથી કર્મવાળો અને દુઃખી છે, તેથી વ્યવહારથી એને છોડાવવો રહ્યો. 'સિદ્ધ' થાય છે એટલે, સામાન્યથી અણિમા લઘિમાદિ લબ્ધિઓનું ઐશ્વર્ય મેળવે છે. 'બુદ્ધ' એટલે કેવળજ્ઞાનવાળા અર્થાત્ સર્વજ્ઞ. 'મુક્ત' એટલે ભવમાં પકડી રાખનાર અઘાતી કર્મોથી રહિત; અને 'પરિનિર્વૃત' એટલે સર્વથા કર્મથી બની હવે ભવિષ્યના સર્વકાળમાં હંમેશને માટે દુઃખનો અંત કરે છે. સિદ્ધ વગેરે પદોનો બીજો અર્થ એ છે, કે એ 'સિદ્ધ' થાય છે એટલે સર્વ કાર્યને સમાપ્ત કરે છે; 'બુદ્ધ' થાય છે એટલે અપ્રતિહત અનંત જ્ઞાનથી જ્ઞાની બને છે; 'મુક્ત' થાય છે એટલે સકલ કર્મથી મૂકાય છે; અને 'પરિનિર્વાણ' પામે છે એટલે સર્વસુખની પ્રાપ્તિ કરે છે. એ રીતે, સર્વદુઃખોનો અંત કરે છે. સર્વનું આ નિશ્ચિત પરિણામ કહ્યું. બીજા નિશ્ચય નયના અભિપ્રાયનું નિરાકરણ કરવા આ આમ કહ્યું; કેમકે નિશ્ચય નયથી તો આત્મા સદા સચ્ચિદાનંદપૂર્ણ છે જ, તો તેને સિદ્ધ બુદ્ધ વગેરે થવાનું હોતું નથી. પરંતુ વ્યવહારથી જીવ અસિદ્ધ-અબુદ્ધ વગેરેમાંથી સિદ્ધ બુદ્ધ વગેરે બને છે.

## -: સૂત્ર ચોથું સમાપ્ત :-

☆

# સૂત્ર–૫

## ॥ प्रव्रज्या–फलसूत्रम् ॥

સૂત્રઃ–स एव मभिसिध्धे परमबंभे मंगलालए जम्मजरामरणरहिए पहीणासुहे अणुबंधसत्तिवज्जिए सपत्तनियसरूवे। अकिरिए सहावसंठिए अणंतनाणे अणंतदंसणे। से न सद्दे, न रूवे, न गंधे, न रसे, न फासे।

**અર્થ**:–તે એમ સિદ્ધ, પરમબ્રહ્મ (શુદ્ધ આત્મા), મંગળઘર, જન્મ-જરા-મરણરહિત, દુઃખમુક્ત, અનુબંધશક્તિરહિત, અને નિજ સ્વરૂપને પ્રાપ્ત, અક્રિય, સ્વભાવસ્થ, અનંતજ્ઞાની, અને અનંતદર્શની હોય છે. એમને નથી શબ્દ, નથી રૂપ, નથી ગંધ, નથી રસ, નથી સ્પર્શ.

### સૂત્ર –૫ પ્રવ્રજયાનું ફલ. (૧) મોક્ષ-સ્વરૂપ

### વિવેચન :–સિદ્ધની વિશેષતાઓ :–

ચોથા સૂત્રમાં પ્રવ્રજિતની (દીક્ષિતની) ચર્યા કહી ને મોક્ષ ફળ કહ્યું. અહીં એનું સ્વરૂપ બતાવવા એમ કહે છે, કે પ્રવ્રજ્યાના પ્રસ્તુત પાલક, પૂર્વે કહ્યા મુજબની ઉત્તરોત્તર સુખની પરંપરા પ્રાપ્ત કરવાના ક્રમે કરીને, સિદ્ધ બન્યા થકા, પરમ બ્રહ્મસ્વરૂપ યાને એકાન્ત શુદ્ધ આત્મા યાને પરમાત્મસ્વરૂપ બને છે; કેમકે હવે એ સદાશિવ છે, અર્થાત્ કાયમ માટે કોઈપણ

જાતના કર્મ આદિના ઉપદ્રવ વિનાના છે. કર્મ, કુસંસ્કાર, અને વિકૃતિના ઉપદ્રવથી પીડાતાને પરમાત્મા શી રીતે કહેવાય ? પરમાત્મા પોતાને માટે સદાશિવ બનવા ઉપરાંત એમનામાં અનંત ગુણો વિકસ્વર થઈ જવાથી એ બીજા માટે પણ અશિવ ઉપદ્રવ દૂર કરે એવા મંગળનું ઘર બની જાય છે. એમનું નામસ્મરણ, સ્તુતિ, ધ્યાન, પ્રશંસા વગેરે કરતાં એ સર્વવિકાર-સર્વઅશુદ્ધિથી રહિત હોવાને લીધે એમનું આલંબન મળ્યાથી શુભ અધ્યવસાયે અંતરાયો નષ્ટ થાય છે; ને એથી ઉપદ્રવ રહિત સ્થિતિ બને છે. માટે આલંબનભૂત સિદ્ધ પરમાત્મા એ મહામંગળ છે. વળી હવે કોઇ કર્મ કે કાયારૂપ નિમિત્ત ન રહેવાથી, એ જન્મ-જરા-મરણ વિનાના બની ગયા છે. કહ્યું છે કે જેમ અત્યંત બળીને શેકાઈ ગયેલા બીજમાંથી કદી ય અંકુરો ફૂટતો નથી, તેમ કર્મબીજ બળી ગયેથી સાંસારિક જન્મરૂપ અંકુરો ફૂટતો નથી. એમણે અશુભનો એકાન્તે (અત્યંત) ક્ષય કર્યો હોવાથી, અશુભના અનુબંધને યોગ્ય ભાવી બંધની પણ શક્તિ હવે રહી નથી. કહો કે બધા અશુભને એના ગાંસડા-પોટલા સાથે વિદાય કર્યા છે. એથી જ આત્માએ અનંત જ્યોતિમય અને અનંત આનંદમય પોતાનું સ્વરૂપ પ્રાપ્ત કર્યું છે. જીવ કર્મરહિત એકાકી બન્યો, તેથી હવે એને ગમનાગમન વગેરે કોઈ જાતની ક્રિયા કરવાની રહેતી નથી.

પ્ર૦-સમયે સમયે પલટાતા વિશ્વને જોવા-જાણવાની ક્રિયા તો છે, તો અક્રિય શી રીતે ?

ઉ૦-અક્રિય એ રીતે, કે કાયા-વાણી-મન કશું જ એમને નથી, તેથી કાયા-વાણીથી તો શું પણ મનથી ય વિચાર

કરવા સરખી ય કોઈ પરિશ્રમની ક્રિયા નથી. કેવળજ્ઞાન તો આત્માનો નિર્મલ દર્પણ જેવો સ્વભાવ છે, જેમાં વિશ્વના પદાર્થો સહજભાવે પ્રતિબિંબિત અર્થાત્ ભાસિત થાય છે. દર્પણમાં પ્રતિબિંબ પડે, તેમાં દર્પણમાં શી ક્રિયા ? એટલે, આત્મા હવે પોતાના સ્વભાવમાં આવી ગયો, સ્વાભાવિક ધર્મવાળો બન્યો; કર્મોદયથી નીપજતા સર્વે વિભાવ–ધર્મો નાશ પામી ગયા. માટે જ જ્ઞેય અને દૃશ્ય અર્થાત્ વિશેષરૂપે અને સામાન્યરૂપે પ્રત્યક્ષ દૃશ્ય અનંત પદાર્થોના જ્ઞાતા અને સાક્ષાત્ દ્રષ્ટા એ બન્યા. હવે જીવ શરદપુનમના નિર્મળ ચંદ્રની જેમ ક્ષાયિક ભાવથી વિશુદ્ધ સ્વભાવે રહ્યો છે કહ્યું છે કે જ્ઞાન એ ચદ્રના પ્રકાશ (જ્યોત્સના) જેવું છે, અને એને રોકનાર કર્મનાં આવરણ એ વાદળ જેવા કહેવાય છે. સિદ્ધ આત્માની કેવી સુંદર અને કેવી અનુપમ કલ્યાણ અવસ્થા કે વાદળ રહિત શુદ્ધ ચંદ્રની જેમ અનંત સ્વચ્છ જ્ઞાનાદિમયતા ! ત્યારે **સંસારમાં જીવને કશું નિત્ય–સિદ્ધ નહિ; એટલે.** ◉(૧) અનંત મજુરી કરવા છતાં ય એને ફરી ફરી સાધવા–કરવાનું બાકી ! ◉(૨) પરમાત્મદશાને બદલે દરિદ્ર ચીંથરેહાલ જેવી અજ્ઞાન, દુઃખી, દુર્બલ અને નિરાધાર અવસ્થા ! ◉ (૩) અપમંગલ અને ઉપદ્રવ ડગલે ને પગલે ! ◉ (૪) જન્મ–મરણનો પાર નહિ ! ◉ (૫) અઢળક અશુભના ધાડાં ! પાછો ભાવી માટે અશુભનો અખૂટ વારસો ! ◉(૬) સ્વસ્વરૂપ-રમણને બદલે જડ પુદ્ગલના રૂપ અને રમતની ગુલામી ! ◉ (૭) ભ્રમણપરાવર્તન એવાં કે એક ભવથી બીજા ભવમાં, એક રાગાદિ ભાવથી બીજા દ્વેષાદિ ભાવમાં, એક જડથી બીજા જડ તરફ, એક ચિંતાથી બીજી ચિંતામાં,–ઈત્યાદિમાં ફૂટબોલની જેમ

જીવની ફેંકાફેંક કરાવાની સ્થિતિ! ૭ (૮) કર્મોદયને પરાધીન દશા અને તેથી જ વિભાવદશા! ૭ (૯) મોહમૂઢતા એવી કે જાતનું જ જ્ઞાન ન મળે, અને તેથી સુખ-બુદ્ધિએ દુઃખના જ ઉપાયમાં પ્રવૃત્તિ!.... અહાહા! કેવી દારૂણ દુઃખદ દશા!

પણ હવે આ દુર્દશામય સ્થિતિનો મૃત્યુઘંટ વગાડનાર '**પ્રકાશનો પંથ**' મળ્યા પછી શા સારુ એ હૃદયંગમ મોક્ષનો માર્ગ સાધવા સિવાય બીજું કાંઈ કરવું જ? મહેનત તો આમે ય ક્યાં ઓછી છે? મહેનત તો તે કરવી કે જેના પરિણામે આત્મા એ જંજાળથી મુક્ત થઈ એથી ઉલટું પ્રગટપણે, [1]સદાસિદ્ધ, [2]સદાશિવ, [3]મંગળમય, [4]અક્ષય, [5]અશુભાતીત, [6]શુદ્ધસ્વરૂપી, [7]સ્થિર-અક્રિય, [8]સ્વાધીન, અને [9]અનંત જ્ઞાનાદિમય બને.

સૂત્ર :-**अरूवी, सत्ता अणित्थंत्थसंठाणा, अणंतवीरिआ, कयकिच्चा, सव्वबाहाविवज्जिआ, सव्वहा निरविक्खा थिमिआ पसंता।**

**અર્થ:**—(એ સિદ્ધનું) અસ્તિત્વ અરૂપી છે, તેવા તેવા સંસ્થાન વિનાનું છે, અનંતવીર્યસંપન્ન છે, સમાપ્ત પ્રયોજનવાળું છે, સમસ્ત બાધારહિત, સર્વથા નિરપેક્ષ અવ્યાકુળ અને પ્રશાંત છે.

**વિવેચન:**—આવી સિદ્ધ અવસ્થા પ્રગટ્યા પછી આત્મા કોઈ શબ્દ,રૂપ, રસ, ગંધ, સ્પર્શસ્વરૂપ નથી; કેમકે શબ્દાદિ તો જડપુદ્ગલના ધર્મ છે. પહેલા આત્મા પર મૂળ સ્વરૂપે નહિ કિન્તુ જડ કર્મ અને શરીરના સંબંધને લીધે ઉપચારથી શબ્દ, રૂપ વગેરે હતા, પણ આત્મા હવે તો જડસંયોગથી (જડના અનુવેધથી) અત્યન્ત મુકાએલો છે, તેથી શબ્દાદિ સ્વરૂપ નથી.

ત્યારે શું આત્મા શૂન્ય છે? ના, આત્માની અરૂપી સ્થિતિ

છે. જેમ જ્ઞાનની અરૂપી સ્થિતિ છે ને ? તેથી એવું નથી કે એ આવા આવા પ્રકારે રહેલા સંસ્થાનવાળો છે. એને જડની માફક કોઈ આકૃતિ નથી. હવે એમની અવસ્થા અનંત વીર્યયુક્ત છે. તે બાહ્ય નિમિત્તની અપેક્ષા વિના સ્વભાવે કરીને જ કૃતકૃત્ય છે. એમના સઘળા કૃત્યો સર્યાં હોવાથી કાર્યશક્તિ બંધ પડી જાય છે. હવે કશું કાર્ય કરવાનું રહેતું નથી. કોઈ જ પ્રયોજન બાકી નથી.

વળી દ્રવ્યથી અને ભાવથી-બાહ્ય અને આભ્યંતર સર્વ પ્રકારના નડતરથી, પીડાથી રહિત બન્યા છે. એમની સ્થિતિ હવે સર્વથા અપેક્ષા રહિત છે, કેમકે એવી અપેક્ષા-આધાર રાખવાની શક્તિ હવે રહી નથી. વળી નિરપેક્ષ હોવાથી સુખની ઉત્કૃષ્ટતાને લીધે સ્તિમિત છે, અવ્યાકુળ છે વળી ઊછળતાં મોજા વિનાના પ્રશાંત સ્થિર મહાસાગરની જેમ, સિદ્ધ અવસ્થા સ્થિર પ્રશાંત છે. અહીં એકાંતે અવ્યાકુલ કહ્યું, કેમકે સુખની ઓછાશ હોય તો કોઈ વિકલ્પોથી હૈયું ખળભળે ને ?

## (૨) અસાંયોગિક સ્થિતિનુ મહત્ત્વ. રહસ્ય

સૂત્ર:-असंजोगिए एसाऽऽणंदे, अओ चेव परे मए। अविक्खा अणाणंदे। संजोगो विओगकारणं। अफलं फलमेआओ विणिवायपरं खु तं, बहुमयं मोहाओ अबुहाणं। जमित्तो विवज्जओ, तओ अणत्था अपज्जवसिया। एस भावरिऊ परे।

**અર્થ**:-આ આનંદ અસંયોગિક છે. તેથી જ શ્રેષ્ઠ મનાયો છે (સંયોગની) અપેક્ષા એ આનંદ નથી સંયોગ એ વિયોગને પેદા કરે છે. એવા સંયોગથી થતું ફળ એ ઇષ્ટ ફળ નથી. એ ફળ તો વિનશ્વર છે, ને અજ્ઞાનીઓને મોહને લીધે એ બહુ

માન્ય બને છે. જે કારણથી એમાંથી વિપર્યય થાય છે, એટલા માટે પાર વિનાના અનર્થ પેદા થાય છે એ મોહ ઉત્કૃષ્ટ ભાવ-શત્રુ છે.

**વિવેચનઃ**-સિદ્ધ ભગવાનનો પૂર્ણ આનંદ કોઇ પણ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ કે ભાવના સંયોગની અપેક્ષા વિનાનો છે. એમને કોઇ જ શબ્દ-રૂપ-રસાદિ સંયોગ નથી, તેમ એની અપેક્ષા પણ નથી એથી અનંત આનંદ છે એટલા જ માટે એ જ ખરા વાસ્તવિક આનંદ તરીકે ઇષ્ટ છે. પણ એ અહિં અનુભવમાં આવવો મુશ્કેલ છે. કોઇ રોગી, જ્યાં સુધી સોજાની લાલી અનુભવતો હોય, ત્યાં સુધી આરોગ્યની લાલી ક્યાંથી અનુભવે? તે પ્રમાણે જ્યાં સુધી સંયોગના આનંદમાં અનુભવમાં લીન છે ત્યાં સુધી અસંયોગનો આનંદ ક્યાથી અનુભવે ? ક્યાંથી સમજે ? ખરૂં જોતાં જડસંયોગની અપેક્ષાવાળું સુખ એ સુખ જ નથી. કેમકે અપેક્ષા એ વિહ્વળતા છે, એ આનંદનો અભાવ જ છે. 'અપેક્ષેલી ચીજ ક્યારે મળે ? પૂરી કેમ મળે? ચિરકાળ કેમ રહે ?' વગેરે ઉત્સુકતા આત્માને સતાવવાની; એમાં સુખ શું ? આનંદ શાનો ? એ તો દુઃખ છે. ઇષ્ટ મળ્યા પછી પણ પાછો એનો વિયોગ થવાનો ! એ છે દુઃખ. સંયોગનો સ્વભાવ કે એ વિયોગમા પરિણમે જ. સંયોગથી થતું ફળ એ ફળ નથી; કેમકે એ સાંયોગિક ફળ નાશ પામનારૂં છે; પરિણામે રહેવાનું જ નથી; પછી એને ઇષ્ટ ફળ શું કહેવું ? આમ છતાં અજ્ઞાની લોકને મોહથી આવા સાંયોગિક ફળ (લાભ) બહુ ગમે. કેમકે એ મોહથી સંયોગની સનાતન વિશ્વવ્યાપી વિનશ્વર વસ્તુ સ્થિતિ ઉપર આંખમિંચામણા કરી, મતિ-વિપર્યાસથી અફલને વિષે જ

ફળની બુદ્ધિ રાખે છે. પછી એ મોહથી બુદ્ધિભ્રમ યાને વિપર્યાસ થાય છે. તેથી બુદ્ધિ-ભ્રમથી અંત વિનાના અનર્થો જન્મે છે. સાંયોગિક સુખાભાસ ખાતર અસત્ પ્રવૃત્તિઓ કરી એવા અનુબંધવાળા અનર્થો એ સર્જે છે, કે જે અનર્થો વેઠવા પાછળ પણ એનો અંત ન આવતાં અનર્થોની અખંડ ધારા ચાલુ રહે! મોહથી આ થતું હોઈ મોહ એ ઉત્કૃષ્ટ ભાવશત્રુ છે.

દા. ત. માન્યું કે પૈસાના સંયોગથી જ સુખ, તો પૈસા લઈ આવે હિંસા, અસત્ય, અનીતિ વગેરેથી; અને પાછો તેમાં ફુલાય. લોકો આગળ પોતાની બહાદુરીની વાત કરે, 'પૈસા કમાવવા એટલે શી મોટી વાત? આપણે તો આમ ચપટી વગાડતા ઢગલો પૈસા લઈ આવ્યા,' વગેરે. તેમ, પૈસા લાવ્યો તો લાવ્યો, પરંતુ પાછો કૃપણ ક્રૂર કે ઘમંડી થાય; અથવા હવે વિષય-સંયોગથી સુખ માની ઘોર આરંભ અને વિલાસમાં છકેલ-પણે પૈસા ઊડાવશે, આડા રસ્તા ચલાવશે! તેવી જ રીતે અનેક પ્રપંચો કરી પોતાના માન-સન્માન ઊભાં કરશે! અને એ માટે સજ્જનને અને ગુણવાનને ય વગોવશે કે દંડશે! આવી રીતે બીજી ય અસત્ પ્રવૃત્તિ કરશે. એ અસત્ પ્રવૃત્તિથી આ લોકમાં રાજદંડ, અપકીર્તિ, કલંક, જીવનભય વગેરે અનર્થ, કે પરલોકના ભયંકર અનર્થ આવે, ત્યાં ય અનર્થસર્જક વળી નવી અસત્ પ્રવૃત્તિઓ આચરશે! આ બધું શાથી? સંયોગાધીન સુખના મૃગજળમાં સુખ મનાવનાર મોહને લીધે સ્તો.

તેટલા જ માટે શ્રી તીર્થંકર ભગવંતે આ મોહને આત્માનો ઉત્કૃષ્ટ દુશ્મન કહ્યો છે. મોહ એટલે અજ્ઞાન, મિથ્યામતિ. તેનાથી ચઢિયાતો જીવોનો બીજો કોઈ શત્રુ નથી. કેમકે એ જ દુર્લભ

માનવભવ સુધી ઊંચે આવેલા જીવોને પણ શત્રુભૂત્ અસત્ કાર્યોમાં જોડે છે, ને ચારે કોરથી અનર્થમાં ગબડાવનાર એજ છે. આ બધાથી સિદ્ધ ભગવાન અલગ છે. તેમને મોહ નથી, વિપર્યાસ નથી, કોઈ અસત્ પ્રવૃત્તિ નથી. કોઇ અનર્થ નથી કે સુખાભાસ નથી, એમને અસાંયોગિક અનંત આનંદ છે. સંયોગ છે ત્યાં તો દુઃખ છે.

સૂત્ર:-नागासेण जोगो एअस्स। से सरूवसंठिए। नागासमण्णत्थ। नसत्ता सदन्तरमुवेइ। अचिंतमेअं। केवलिगम्मं तत्तं। निच्छिमयमेअं। विजोगवं च जोगोत्ति न एस जोगो। मिण्णं लक्खणमेअस्स। न इत्थावेक्खा। सहावो खु एसो, अण तसुहसहावकप्पो।

અર્થ :-આ સિદ્ધનો આકાશ સાથે (કર્મ જેવો) સચોગ નથી. એ તો પોતાના સ્વરૂપમાં રહે છે; (જેમકે) આકાશ બીજે નથી રહેતું, (એક) વસ્તુસત્તા અન્ય સત્સ્વરૂપ નથી બનતી આ તત્ત્વ અચિંત્ય છે, કેવળજ્ઞાનીથી સમજાય એવું છે. આ નિશ્ચયમત છે. સચોગ તો વિયોગવાળો હોય; તેથી આ (સિદ્ધ-આકાશનો સંયોગ એ) સંયોગ નથી. એનું લક્ષણ જુદું છે. આમાં (સિદ્ધને) અપેક્ષા નથી. એ (સંબંધ એનો) અનંતસુખના સ્વભાવ જેવો એક સ્વભાવ જ છે.

વિવેચન :-સિદ્ધને આકાશસંયોગ નહિ :-

પ્ર૦-તો પછી જો સંયોગમાત્ર દુષ્ટ છે, તો સિદ્ધ ભગવંતને આકાશ સાથેનો સંયોગ કેમ દુઃખદાયી નહિ ?

ઉ૦-તેમને આકાશ સાથે સચોગ જ નથી; તે તો પોતાના આત્મ-સ્વરૂપમાં જ રહેલા છે.

પ્ર૦–આધાર વિના કેવી રીતે સ્થિતિ હોય ? કેવી રીતે વસ્તુસત્તા હોય ?

ઉ૦–જેમ બીજા કોઇ આધારમાં આકાશ નથી રહેતું; છતાં એની સત્તા છે, તેમ સિદ્ધ ભગવાન અંગે સમજવું. આમાં યુક્તિ પણ છે.

એક સત્ પદાર્થની સત્તા (સ્થિતિ) કદાપી બીજા સત્ પદાર્થ સ્વરૂપ નથી બનતી કદી ય જડ એ ચેતન નથી બનતું, અને ચેતન દ્રવ્ય એ જડ નથી બનતું. અર્થાત્ એ સત્તા તદ્દન પલટાઈ બીજા જ રૂપે નથી બનતી; એટલે કે ભાવ એ તદ્દન અભાવ નથી બનતો; એમ એ બીજી જ તદ્દન વિલક્ષણ વસ્તુ નથી બની જતી. દા. ત. દ્રવ્ય દ્રવ્ય મટીને ગુણ નથી બનતું. તેવી રીતે કોઇ વસ્તુ બીજીમાં નથી રહેતી; પોતાના સ્વરૂપમાં જ રહે છે. જો એક વસ્તુ બીજીમાં રહી શકતી હોય, તો પ્રશ્ન થાય કે એમાં સર્વાંશે રહે કે દેશથી (અંશે) રહે ? સર્વાંશે રહે તો તદ્રુપ બની જાય; તેના ગુણ–પર્યાય એ પોતાના બની જાય, કેમકે તમે સર્વાંશે એટલે બધી જ રીતે રહેવાનું માન્યું છે. દેશથી રહે તો પાછો પ્રશ્ન થાય કે એ દેશ સર્વાંશે રહે કે દેશથી ? એમ અનવસ્થા ચાલવાથી તત્ત્વ–નિર્ણય જ ન થાય તેથી માનવું પડે કે વસ્તુમાત્ર બીજામાં ન રહેતા, પોતાના સ્વરૂપમા જ રહે છે.

આ પ્રસ્તુત વિષય અચિન્ત્ય છે એના રહસ્યને કેવળજ્ઞાની સર્વજ્ઞ જોઈ જાણી શકે છે. એ નિશ્ચય–નયનો અભિપ્રાય છે. વ્યવહારનયનો મત તો બીજી રીતે છે અર્થાત્ એ મતે એક વસ્તુ બીજી આધાર વસ્તુમાં સંયોગ પામીને રહે છે. એ સ્પષ્ટ અનુભવાય છે આમ હોવા છતા સિદ્ધોને આકાશ સાથે સંયોગ

નથી એ નિશ્ચય-મત પણ સારી રીતે યુક્તિયુક્ત છે જ, કેમકે સિદ્ધ થયેલામાંથી સયોગની શક્તિ નાશ પામી છે, સંયોગ જ નથી. સંયોગ તો વિયોગવાન હોય. અર્થાત્ સંયોગ તે છે કે જેની પાછળ વિયોગ હોય. એટલા માટે સિદ્ધનો આકાશ સાથે સંયોગ નથી. છતાં લોકાન્તભાગના આકાશમાં જે યોગ છે, તેનું લક્ષણ જુદું છે. સંયોગ લક્ષણ ત્યાં ઘટે નહિ. જે સંબંધ છે, તેમાં સિદ્ધને કોઈની અપેક્ષા નથી.

પ્ર૦-તો પછી લોકના છેડે આકાશમાં સિદ્ધનું ગમન અને સ્થિર નિશ્ચલ રહેવાનો યોગ કેવી રીતે ?

ઉ૦-એ જીવદ્રવ્યનો કર્મક્ષયથી પ્રગટ થતો અનંત સુખના સ્વભાવની જેમ એક સ્વભાવ છે. એ માટે કોઈના ઉપર અપેક્ષા રાખવાની હોતી નથી. તેથી અપેક્ષા પર નભતા સંયોગ જુદા, અને સ્વભાવ પર નભતો સિદ્ધનો લોકાન્તે યોગ જુદો.

સ્વભાવના ઘરની વસ્તુ આગળ કોઈની અપેક્ષાથી જીવતી વસ્તુ એ કંગાળ અને અસાર છે. ઇન્દ્રિયો કે શાસ્ત્રથી થતું જ્ઞાન કેવું, અને કેવળજ્ઞાનથી સ્વભાવે થતું જ્ઞાન કેવું ? શુદ્ધ બનેલા જીવમાં અનંતજ્ઞાન, અનંત સુખ, ઊર્ધ્વ ગમન, લોકાન્તે શાશ્વત સ્થિતિ, અજર-અમરતા વગેરે બધું સ્વભાવે બને છે. સ્વભાવવાળાની બલિહારી ન્યારી !

અપેક્ષાવાળા પદાર્થોને કેટલી ગુલામી !! સાપેક્ષ જ્ઞાનને ક્ષયોપશમ અને ઉપયોગની પરાધીનતા ! વિષયસુખને વિષય અને તેના સાધનોની કારમી ગુલામી ! ગમનને કર્મની અને કાયયોગની અપેક્ષા ! અવસ્થાનને નિરાબાધ જગા અને અન્યના બિનનડતરની પરાધીનતા ! ઘડપણને રોકવા અનેક વ્યાયામ

અને વસાણા-રસાયણની, મૃત્યુને અટકાવવા આયુષ્યના ટકવાની, એમ અનેકની દુઃખદ ગુલામી! એ કરવા છતાં ય, અપેક્ષાવાળી વસ્તુનો પાછો અવશ્ય વિરહ! એથી કારમો ઉદ્વેગ અને શોક! આટલું છતાં **આ વસ્તુના અણુઝને તો અપેક્ષામાં જીવવાનું અને અપેક્ષામાં મરવાનું જરા ય નથી ખટકતું!** અપેક્ષેલી ચીજ મળી એટલે જોઈ લ્યો ભાઈનો રૂવાબ! એનું ચાલે તો ધરતી પર પોતાનો પગ ન અડવા દે! અદ્ધર ને અદ્ધર જ ચાલે! બીજાને રોફમા અદ્ધર રાખે! કેમ જાણે વૈભવ એના એકલા પાસે જ હશે! અને તે ય વૈભવ કદી ય એને છોડવાનો જ નહિ હોય! તથા છોડવા વખતે રુદન અને એ પછી દુર્ગતિના દુઃખ દેખવાના જ નહિ હોય! 'अपेक्षायां महद् दुःखं, निरपेक्षो महासुखी।'

**સૂત્ર:-उवमा इत्थ न विज्जइ । तब्भावेऽणुभवो परं तस्सेव।**

**અર્થ:-** આમાં ઉપમા નથી. સિદ્ધસુખ હોવામાં અનુભવ તો સિદ્ધનો જ છે.

**વિવેચન :-અનુપમ સિદ્ધસુખ :-**

સિદ્ધને સકલ કર્મક્ષયથી અનંત સુખનો સ્વભાવ પ્રગટ થઇ ગયો, તે સુખને કોઇ સાથે સરખાવી શકાય એમ નથી. જેમ મહાસાગર કેવો? તો કે મહાસાગર જેવો. તેને બીજી ઉપમા નથી. એવું આમ. કુમારિકા સ્રીને પ્રથમ સંયોગે થતા આનંદની જેમ અનંત સુખમય સિદ્ધસ્વરૂપ પરમ બ્રહ્મનો આનંદ એ તો પોતાના જ અનુભવથી અનુભવી શકાય. તે સુખનો બિન-અનુભવી કોઇ પૂછે કે એ સુખ કેવું હોતું હશે? તો કહેવાય

કે એ ઉપમાતીત છે. એ તો તું જાતે અનુભવ કરીને જાણશે. મહાયોગી સિદ્ધ ભગવંતનું ભોગ વિનાનું સુખ અયોગી એવા ભોગીઓ ન સમજી શકે. ભોગીઓનો અનુભવ તો અપેક્ષાવાળા સુખનો છે; એ સિદ્ધના સ્વભાવસુખને શું સમજી શકે? જન્મનો આંધળો એ ઘડાનો શો પ્રત્યક્ષ અનુભવ કરી શકે? સિદ્ધના સુખનો અનુભવ તો સિદ્ધને જ થાય, સંસારીને નહિ.

### (૩) સિદ્ધસુખનું દૃષ્ટાંત-વિભાષા-અચિંત્યતા

સૂત્રઃ- आणा एसा जिणाणं सव्वण्णूणं । अवितहा एग तओ । ण वितहत्ते निमित्तं । न चानिमित्तं कज्जंति ।

निदंसणमित्तं तु नवरं—सव्वसत्तुक्खए, सव्ववाहिविगमे, सव्वत्थस जोगेण, सव्विच्छासंपत्तीए जारिसमेअं, इत्तोणंतगुणं ।

**અર્થ** :-આ સર્વજ્ઞ જિનેશ્વરોનું વચન છે. એ એકાંતે સત્ય છે. અસત્ય હોવામાં કોઈ નિમિત્ત નથી.

નિમિત્ત વિના કાર્ય થાય નહિ. કિન્તુ દૃષ્ટાન્તમાત્ર આપી શકાય. સર્વ શત્રુના ક્ષયમાં, સર્વ રોગ મટાડવામાં, સર્વ ઈષ્ટના સંયોગથી, સર્વ ઈચ્છાની પૂર્તિથી જેવું સુખ થાય એના કરતાં (સિદ્ધસુખ) અનંતગુણું છે.

**વિવેચનઃ-**

પ્ર૦-એવું અનંત સિદ્ધસુખ છે એ શી રીતે જણાય

ઉ૦-શ્રી સર્વજ્ઞ વીતરાગપ્રભુનું એ વચન છે, એથી જણાય છે એ સર્વજ્ઞનું વચન હોવાથી એકાન્તે તદ્દન નિર્ભેળ સત્ય છે, લેશ પણ અસત્ય નથી. કેમકે અસત્યના કારણભૂત જે રાગદ્વેષ કે અજ્ઞાન તેમાંનું એમનામાં કાંઈ નથી રાગથી, દ્વેષથ કે મોહથી જૂઠું વાક્ય બોલાય છે જેને એ દોષ નથી તેમના

જૂઠનાં કારણો જ નથી તો જૂઠ રૂપી કાર્ય પણ ક્યાંથી સંભવે? કારણ વિના કાર્ય જન્મી જ ન શકે. આવું શ્રી જિનનું કથન છે.

**સિદ્ધસુખની કલ્પનાર્થે દૃષ્ટાન્ત :-**

સિદ્ધનું સુખ સ્વસંવેદ્ય જ છે, એ પોતે જ એનો અનુભવ કરે, એવો આપ્ત (આદેય) પુરુષોનો ઉપદેશ છે. છતાં એનું દૃષ્ટાંત, એ સિદ્ધિના સુખનો આછો ખ્યાલ આ પ્રમાણેઃ-સર્વ શત્રુઓ જે ભયંકર જુલમ ગુજારતા હોય, તે બધા નાશ પામી ગયા હોય, સર્વ રોગ જે વર્ષો થયા સખ્ત પીડા કરતા હતા તે સઘળા ય તદ્દન નાબુદ થઇ જાય. આમ બાહ્ય દુઃખ શત્રુઓનું અને આંતર દુઃખ રોગોનું સઘળું જ દુ.ખ દૂર થવા ઉપરાંત, સર્વ પ્રકારના અર્થ યાને ઇષ્ટ વિષયો અને એની સાધનસામગ્રીની પ્રાપ્તિ થઇ જાય, અને તેથી જન્મથી માંડી આજ સુધી થતી લાખો ઇચ્છાઓ બધી ય સારી રીતે પૂર્ણ થઈ જાય, તો ય જેવું સુખ અનુભવાય, એના કરતાં અનંતગુણ સુખ સિદ્ધોનું છે. સુખ તો આત્માનો સ્વભાવ છે, કર્મથી આવરાયેલ છે; આવરણ હટી જતાં એ અનંત રૂપમાં પ્રગટ થાય એમાં નવાઈ નથી

**(૪) ભાવશત્રુ-ભાવરોગ-પરમઅર્થ-અનિચ્છેચ્છા**

સૂત્રઃ-तं तु भावसत्तुक्खयादितो । रागादओ भावसत्तू । कम्मोदया वाहिणो । परमलद्धीओ उ अट्ठा । अणिच्छेच्छा इच्छा । एवं सुहुममेअं न तत्तओ इयरेण गम्मई जइसुहं व अजइणा, आरुग्गसुहं व रोगिण त्ति विभासा । अचिंतमेअं सरूवेणं ।

અર્થઃ-તે તો ભાવશત્રુક્ષયાદિને લીધે છે. રાગાદિ એ ભાવશત્રુ છે. કર્મના ઉદય વ્યાધિઓ છે. શ્રેષ્ઠ (કૈવલ્યાદિ) લબ્ધિઓ એ અર્થ છે. અનિચ્છા (નિસ્પૃહપણા) ની ઇચ્છા એ

ઈચ્છા છે. આમ આ સુખ સૂક્ષ્મ (બુદ્ધિ–અગોચર ) છે, વસ્તુતઃ અસિદ્ધથી કળા ય એવું નથી, જેમકે યતિનું સુખ અયતિથી, આરોગ્યનું સુખ રોગીથી. આમાં વિભાષા કરવી. (બાકી) સ્વ-રૂપે એ અચિંત્ય છે.

**વિવેચનઃ–એ સિદ્ધસુખ અનંત શાથી ? અનંતગુણ એટલા માટે** કે તે ભાવશત્રુ અને ભાવરોગના નાશથી તથા ભાવઅર્થ અને ભાવઈચ્છાની સંપૂર્તિથી થયેલું છે દ્રવ્યશત્રુ અ દ્રવ્યરોગો એટલે કે આ જિંદગીમાંના બાહ્ય શત્રુઓ અ શરીરના રોગો, એ તો નાશ પામ્યા; પરંતુ રાગદ્વેષ વગેરે આંત શત્રુઓ–ભાવશત્રુઓ અને વિવિધ કર્મના ઉદયરૂપી ભાવવ્ય ધિઓ ઊભી છે ત્યાં સુધી અનંતગુણું સુખ નથી. કેમકે મા લ્યો કે પુણ્યના જોરે બહાર કોઈ શત્રુ નથી રહ્યો એટલે નિભ થઈ ફરે છે. પરંતુ ભાવી પાપોદય ઊભા છે; તેમજ આત્મા મહાન અપકાર કરનારા અંદરના રાગદ્વેષ જો શત્રુની જેમ ચિં કરાવે છે; દોડધામ કરાવી પીડે છે પણ ખરા, હેરાન પણ ક છે, શાત રીતે જપવા ય નથી દેતા, અને પરિણામે પણ મહા અપકાર કરે છે, તો અનંત સુખ કયાં ?

કર્મરોગઃ–એટલે ખરી વાત એ છે કે જીવને જયાં સુ કર્મના ઉદયો વ્યાધિની જેમ પીડે છે, ત્યાં સુધી અનંત સુ નથી. તાવની અશક્તિ તો હજી ય રસાયણો, ભસ્મ ઔષધો અ પથ્યસેવનથી મિટાવાય; પણ વીર્યાન્તરાય કર્મના ઉદયથી આવેલ અશક્તિ શે મિટાવાય ? અથવા શારીરિક રોગો તો ઉપશમ્યા પા કર્મના ઉદયો ઊભા છે, એ અહીં કરતાં ય ભારે વેઠ, પર ધીનતા, હાયવોય, કે ઉન્માદ વગેરે કરાવતા હોય, અને એટ

ઉપાર્જેલા નવા કર્મના ઉદય ભવાંતરે ભયાનક રીતે પીડતા હોય, ત્યાં સુધી અનંત સુખ શા? ખરૂં દુઃખ જ રાગ–દ્વેષ–મોહનું અને કર્મના ઉદયનુ છે. એ ભાવપીડા શમે નહિ, ત્યાં સુધી અનંત સુખ નહિ. રાગાદિ વિકારો અને કર્મના ઉદયની ગુલામી ટળ્યાથી જે સુખ થાય, તેનો અંશ પણ રાગાદિ વિકારોથી ખદબદતા અને કર્મની ગુલામીભર્યા જગતમાં જોવા ક્યાથી મળે?

**અનિચ્છાની ઇચ્છા કેમ મહત્ત્વની? :—**

વળી, વિષય અને એના સાધનરૂપ અર્થ એ તો અનર્થ છે, એમાં સુખ નહિ. સુખ તો શ્રેષ્ઠ કેવળજ્ઞાનાદિ લબ્ધિઓ સ્વરૂપ અર્થમાં છે કેમકે એથી જ પરાર્થ સંપજે. **પરાર્થના બે અર્થ**–(૧) પરાર્થ એટલે બીજાના ઈષ્ટ પદાર્થ, એટલે કે પરોપકાર; અને (૨) પરાર્થ એટલે શ્રેષ્ઠ અર્થ 'મોક્ષ' એવી રીતે ખરી ઇચ્છા તો અનિચ્છાની (અસ્પૃહાની) ઇચ્છા છે; જે પૂર્ણ થયા પછી શાશ્વત અનિચ્છા મળી. ક્યારે ય કોઈ ઇચ્છા જ નહિ, તેથી હવે ઇચ્છામૂલક દુઃખનું નામ નહિ, અને સુખનો પાર નહિ. ત્યારે, જગતના પદાર્થોની સર્વ ઇચ્છા આજે ભલે પૂર્ણ થાઓ. તેથી આજે ભલે જગતના પદાર્થો મળી ગયા, છતાં પણ ભવિષ્યમાં ઇચ્છાઓ અચૂક જાગવાની. આ જીવ એવો ભોળો નથી કે તેણે ભૂતકાળમાં ઘણું મેળવ્યું ભોગવ્યું છે, તેથી હવે અહીં ઇચ્છા નહિ કરે. એ એમ નહિ માને કે ઠીક છે, દેવાદિ ભવમાં ઘણું જોયું છે માટે અમુક વસ્તુ નહિ મળે તો ચાલશે.' વર્તમાનની સર્વ ઇચ્છાઓ કદાચ પૂર્ણ થાય તો ય ભવિષ્યમા તો બાકી જ રહે છે. લગ્ને લગ્ને કુંવારાની માફક જીવને ઇચ્છાઓ ચાલુ જ રહ્યા કરે છે. કેમકે

પદાર્થોની ઇચ્છાઓ તો એકવાર નિવૃત્ત થઈ, અને પદાર્થો મળ્યા, પણ સ્પૃહાની જડ નિવૃત્ત નથી થઈ, તેથી અસ્પૃહા નથી મળી. ત્યારે સ્પૃહા છે ત્યાં દુઃખ જ છે, કેમકે, હજી તો પૂર્વ ઇચ્છા પૂર્ણ નથી થઈ, ત્યા તો એ નવી ઇચ્છા ઉત્પન્ન થઈ સંતાપની અખંડધારા ચાલુ રાખે છે! જેમ સઈનો દીકરો જીવે ત્યાં સુધી શીવે; અથવા સોની–લુહારને રોજ એજ એરણુ ને એજ હથોડી કપાળે લખાયેલી! એનો અંત જ ન આવે! તેમ સંસારી જીવને જન્મે જન્મ ઇચ્છાઓ કર્યે જવાની અને એને પૂરવા એણે ઝઝૂમ્યે જવાનું! જુઓ વિટંબણા! તેને બદલે અનિચ્છાની નિસ્પૃહપણાની જે સ્પૃહા, એ પૂરાય તો નિસ્પૃહપણું સિદ્ધ થાય પછી તો કાંઈ જ સંતાપ નહિ; બસ પરમ શાંતિ અને અપાર સુખ! કેમકે કશું જોઈતું નથી. પછી વિહ્વલતા–સંતાપ–ઉચ્ચાટ શા? એટલે સત્તરસો કામના રહે એના કરતાં હવે એક નિષ્કામપણાની ભાવના થાઓ, 'કે મારે એક પણ કામના ન જોઈએ' જ્યારે આ નિષ્કામની ઈચ્છા પૂર્ણ થાય એટલે તો તે નિષ્કામ બની ગયો હવે તેને કોઇ વિષયની કે કોઈ કષાયની જરૂર નથી, તેથી તે અનંત સુખ મેળવે છે.

આત્મામા અનિચ્છાની ઈચ્છા ક્યારે સિદ્ધ થાય? તે વીતરાગ બને ત્યારે વીતરાગતા વિરાગ વિના ન આવે, અને વિરાગમાં અંશે પણ ઇચ્છાઓ ઓછી થવી જોઈએ. તેનું પહેલું પગથિયું સામાન્યતઃ પહેલે ગુણઠાણેથી શરૂ થાય છે, અને એ ઉત્કૃષ્ટતઃ વિકસ્વર સાતમે ગુણઠાણે બને છે

ભાવશત્રુક્ષયાદિથી જ શ્રેષ્ઠ સુખઃ–

જગતમાં સર્વ શત્રુના ક્ષયમાં, સર્વ વ્યાધિના નાશમાં,

સર્વ અર્થોની પ્રાપ્તિમાં, અને સર્વ ઇચ્છાઓ પૂર્ણ થવામાં જે સુખ નથી, તેથી અનંતગણું સુખ ભાવશત્રુભૂત રાગાદિના ક્ષયમાં, ભાવરોગભૂત કર્મના નાશમાં, ભાવોપકારભૂત શ્રેષ્ઠ કેવળજ્ઞાનાદિ લબ્ધિની પ્રાપ્તિમા અને અનિચ્છાની ઇચ્છા પૂર્ણ થવામા છે. આ ઉપરથી સમજાય એવું છે કે આનો અનુભવ કોણ કરી શકે? સમજવા માટે ય આ એટલી સૂક્ષ્મ વસ્તુ છે, એટલું બધું સૂક્ષ્મ તત્ત્વ છે, કે જેવા તેવાથી એ યથાર્થપણે નહિ સમજાય. એનો વાસ્તવિક ખ્યાલ બીજા અસિદ્ધને એટલે કે મુક્ત નહિ એવા સંસારી જીવને ન આવે. જેમકે યતિ યતિપણાના પાલનથી જે આનંદ અનુભવે છે, તે ગ્રહસ્થ નહિ અનુભવી શકે; અને ભોગ-લંપટ તો સમજી ય ન શકે, પછી અનુભવી તો શું ય શકે? સંયમનો આનંદ અસંયમીને ક્યાથી હોય? કેમકે એ આનંદના અનુભવ માટે અસંયમનો ત્યાગ અને વિશિષ્ટ એવો ચારિત્ર-મોહનીય કર્મનો ક્ષયોપશમ જોઈએ. એ માત્ર વેષધારીને ચાલનાર યતિને ય નહિ થાય. એમ આરોગ્યનો આનંદ રોગીને થઈ શકતો નથી. સન્નિપાતનો દર્દી સંનિપાત વિનાની નિરોગી સ્વસ્થતાથી થતો આનંદ ક્યાંથી અનુભવે? કે સમજી શકે? એમ ભાવશત્રુ–રાગાદિમાં આનંદિત રહેનારો એના ક્ષયથી થતું સુખ શું સમજે? તે તો જિન વીતરાગ જ જાણે એટલે આ તો યતિ–અયતિ, નીરોગી–રોગી વગેરે જગતના દૃષ્ટાંતથી સિદ્ધસુખની વિભાષા થઈ, તુલ્ય પરિભાષા, આછી વિવેચના માત્ર થઈ. બાકી એની ઉપમા નહિ મળે કેમકે સિદ્ધ ભગવતનું સુખ સ્વરૂપે સર્વથા અચિંત્ય છે. તે એટલા માટે કે આપણી પાસે જે મતિ-જ્ઞાન છે, તેનો એ વિષય નથી. ગમે તેવા સૂક્ષ્મ ચિંતનથી પણ

એ સુખ બરાબર કળાય એવું નથી

## (૫) વિચિત્ર તથાભવ્યત્વે સહકારી-ભેદ

**સૂત્રઃ**-साइ-अपज्जवसिअं एगसिद्धावेक्खाए, पवाहओ अणाइ। तेवि भगवंतो एवं। तहाभव्वत्ताइभावओ। विचित्तमेअं तहाफलभेएण। नाविचित्ते सहकारिभेओ। तदवेक्खो तओ त्ति।

**અર્થઃ**-એક સિદ્ધની અપેક્ષાએ (એ અનંત સુખ) સાદિ-અનંત છે, પ્રવાહની અપેક્ષાએ અનાદિ છે. તે સિદ્ધ ભગવાન પણ એમજ છે; તથાભવ્યત્વાદિ ભાવોને લીધે. તે તે રીતે ફળભેદને લઈને એ તથાભવ્યત્વ જુદી જુદી જાતનું છે. જુદી જુદી જાતનું ન હોય તો સહકારી-ભેદ ન પડે સહકારી-ભેદ તથા-ભવ્યત્વની અપેક્ષા રાખનારો છે.

**વિવેચનઃ**-તે સુખ એક સિદ્ધ વ્યક્તિની અપેક્ષાએ પ્રારંભ-વાળું છે; છતાં સિદ્ધોની પરંપરાની દૃષ્ટિએ કાળથી અંત વિનાનું છે. પ્રવાહથી તો અનાદિ કાળથી ચાલી આવતા સકલ સિદ્ધ ભગવંતોના સમુદાયની અપેક્ષાએ તે સુખ અનાદિનું છે. આ રીતે તે સિદ્ધ પરમાત્મા પણ સિદ્ધ સ્વરૂપે પ્રત્યેકની દૃષ્ટિએ સાદિ અને અક્ષય છે. અને સમૂહપરંપરાની દૃષ્ટિએ અનાદિ અનંત છે.

પ્ર૦-સિદ્ધ થનાર તો ભવ્ય જીવો જ હોય છે, અને ભવ્યમાં ભવ્યત્વ એક સરખું છે; તો પછી સિદ્ધ થવામાં જુદો જુદો કાળ, જુદી જુદી સામગ્રી વગેરે સાથી ?

ઉ૦-સામાન્યથી ભવ્યત્વ સમાન છતાં ભવ્યોમાં તથાભવ્યત્વ અર્થાત્ વૈયક્તિક ભવ્યત્વ જુદું જુદું હોય છે. તથાભવ્યત્વ એ જુદી જુદી રીતે મોક્ષની સામગ્રી અને મોક્ષરૂપી ફળમાં પરિપાક પામનારૂં હોય છે, માટે તે જીવદીઠ જુદું જુદું હોય છે; એટલે

કાળ વગેરેની ભિન્નતાને અનુસરીને જ મોક્ષ થાય છે.

પ્ર૦–તથાભવ્યત્વ જુદું ન હોય છતાં જુદા જુદા સહાયક નિમિત્ત કારણોને લઈને મોક્ષફળ જુદી જુદી રીતે પામે એવું કેમ ન બને?

ઉ૦–પણ પહેલું તો સહાયક કારણોમાં ભિન્નતા જ શાથી આવે છે? બીજા સમાધાનના અભાવે કહેવું પડશે કે તથાભવ્યત્વાદિની ભિન્નતાને લઈને. કેમકે સહાયકોનો એ સ્વભાવ છે કે તથાભવ્યત્વાદિના આધારે ચાલવું નહીંતર તો તે સહાયકો ચોક્કસરૂપે આવી મળે નહિ. આનું કારણ એ છે કે કોઈની અપેક્ષા વિના નિમિત્તો મળી જતા હોય તો પ્રશ્ન એ થાય કે સર્વ ભવ્ય જીવોને તે એકી સાથે કેમ ન મળે? અથવા કોઈને કદીયે ન મળે એવું કેમ ન બને? વસ્તુસ્થિતિએ બનેમાંથી એકે વાત બનતી નથી. બને તો એ છે કે અમુક અમુક ચોક્કસ રીતે અમુક અમુક ચોક્કસ સમયે તે નિમિત્તો આવી મળે છે. તે સમાન નહિ પણ વિચિત્ર પ્રકારના તથાભવ્યત્વાદિનો જ આધાર રાખતા હોવાથી બને છે. આમ ભવ્યત્વથી ભવ્યો સમાન છતાં તથાભવ્યત્વથી અસમાન છે, એમ અનેકાન્ત છે. એવી રીતે સિદ્ધ સાદિ પણ છે અને અનાદિ ય છે, અનેકાન્ત છે

### (૬) અનેકાંતવાદથી જ તત્ત્વવ્યવસ્થા :

### (૭) બદ્ધની જ મુક્તિ : અરૂપીને બંધ કેમ?

સૂત્ર :–अणेगंतवाओ तत्तवाओ। स खलु एव, इहरहेगंतो। मिच्छत्तमेसो। न इतो ववत्था। अणारिहमेअं। संसारिणो उ सिद्धत्तं। नावद्धस्स मुत्ती सद्दत्थराहिआ।

અર્થ:–અનેકાંતવાદ એ તત્ત્વવાદ છે (તથાભવ્યત્વાદિ

હોવાના હિસાબે) અનેકાંતવાદ એ રીતે છે, નહિતર તો (ભવ્યત્વનો) એકાંત થઈ જાય છે. એ મિથ્યાત્વ છે. એનાથી વ્યવસ્થા ન થાય. એકાંતનું આશ્રયણ એ આર્હંત સિદ્ધાન્ત નથી. સંસારીને જ સિદ્ધપણું આવે. ન બંધાયેલાની મુક્તિ (માનવી એ) શબ્દાર્થરહિત છે

**વિવેચનઃ-અનેકાંતવાદથી જ વ્યવસ્થાઃ-**અનેકાંતવાદ એ તત્ત્વવાદ છે, તાત્ત્વિક સિદ્ધાન્ત છે. એકાંતવાદ એ મિથ્યા સિદ્ધાંત છે અનેકાંતથી થતું પદાર્થનું નિરૂપણ એજ તાત્ત્વિક નિરૂપણ છે, કેમકે એ વસ્તુમા ઘટતા અનેક ધર્મો અને અનેક કાર્ય-સામર્થ્યોને ન્યાય આપે છે, પણ એકાતવાદની જેમ અમુકનો સ્વીકાર અને અમુકનો અપલાપ કરતો નથી.

પ્રસ્તુતમાં ભવ્યત્વમાં અનેકાન્ત આ રીતે, કે ભવ્યત્વ મોક્ષપ્રાપ્તિની યોગ્યતારૂપ હોઈ, એ મોક્ષની જેમ મોક્ષનાં સાધનો અને સાધનાઓ પ્રત્યે પણ કારણભૂત છે. મૂળ યોગ્યતા હોય તો જ આ બધું પ્રાપ્ત થાય. હવે દરેક જીવને જુદા જુદા જ કાળ વગેરે સાધનો અને જુદી જુદી જ સાધના-મોક્ષયોગો મળે છે; તો એમાં કારણભૂત ભવ્યત્વોમા જુદી જુદી જ કારણતા માનવી પડે આમ, બધાના મોક્ષ પ્રત્યેની એકસરખી કારણતા; પરંતુ સાધન-સાધનાની યોગ્યતા તરીકે જુદી જુદી કારણતા આ અનેકાંતવાદ જ થયો, પણ સમાન જ કારણતાનો એકાંત નહિ. એકાંતવાદ એ તો એક પાક્ષિક જ સ્થિતિ માનશે, ને એથી ભિન્ન ભિન્ન જાતના અનેક કાર્યોને ન્યાય નહિ આપી શકે ભવ્યત્વાદિ બધા ભવ્યોને સર્વથા-સરખું જ માનવું એ એકાંતથી તો બધાની સમકાળે ને સમાનયોગથી જ મોક્ષ થવાની આપત્તિ આવે ! હકીકતમાં

તેમ છે નહિ.

**માટે એકાંતવાદ મિથ્યાવાદ છે.** કેમકે એકાંતવાદથી વસ્તુની વ્યવસ્થા નથી થઈ શકતી ભવ્યત્વમાં જો ભિન્નતા ન હોય અર્થાત્ ભવ્યત્વ એકાંતે સમાન જ હોય, તો કાળ વગેરે સહકારી જુદા જુદા મળે છે તે શાથી ? તેથી કહો કે અનેકાંતવાદ એટલા માટે સ્વીકાર્ય રહે છે કે ભવ્યોમા જ જુદી જુદી જાતના તથાભવ્યત્વો પણ માનવામાં આવ્યા છે, તેથી એના બળે સાધન-સહકારી અને મોક્ષયોગો અનેક પ્રકારના ઘટી શકે છે. એમ હોવાથી મોક્ષ થવામાં કાળભેદ ઘટે, અને એના યોગે સર્વ ભવ્યોનો મોક્ષ એક સાથે થવાનો પ્રસંગ ન આવે ભવ્યત્વ એટલે મોક્ષભવનની યોગ્યતા. મોક્ષભવન એટલે મોક્ષપ્રાપ્તિ, એને યોગ્ય ભવ્યજીવ એ પ્રાપ્તિનું કર્મ છે ( ભવ્ય અર્થાત્ પ્રાપણ-કર્તા મોક્ષ આવીને જીવને પ્રાપ્ત થાય ત્યાં જીવ મોક્ષ માટે પ્રાપ્ય. એ અર્થમાં ભવ્ય શબ્દ એ વિધ્યર્થ કૃદંત છે. ' य ' પ્રત્યય કર્મતા સૂચવે છે.) વ્યાકરણની દૃષ્ટિએ કર્મ એ છ કારકમાંનું એક કારક છે, અને કારક એ ક્રિયામાં કારણ (હેતુ) હોય છે વસ્તુમા મૂળમા સ્વભાવ જ જુદો ન હોય, તો સહકારીભેદ કાંઈ ન કરી શકે દા. ત. ઘઉ-ચોખાના બીજના સ્વભાવ જ જુદા છે તો જ જુદી જુદી વાવેતર પદ્ધાત પણ પાક ભિન્ન ભિન્ન કરે છે.

એમ અહીં જીવોના સ્વભાવ જુદા જુદા હોય તો જ જુદી જુદી સામગ્રીથી ભિન્નભિન્નકાલીન મોક્ષ પ્રાપ્તિ થાય. અહીં ધ્યાનમા રહે કે,

**'ભવ્ય' મોક્ષ નહિ પણ જીવ છે,** કર્મણિ વિધ્યર્થ કૃદંત છે. એ આ રીતે સંગત થાય કે પ્રાપ્તિની ક્રિયા કરનાર

કર્તા, યાને આવી મળનારો 'મોક્ષ' છે, ને ક્રિયાનું કર્મ 'જીવ' છે. મોક્ષ આવીને જીવને ભેટે છે; તેથી પ્રાપક મોક્ષ બન્યો. પ્રાપ્ય એટલે ભવ્ય. એ પ્રાપ્તિ–ક્રિયામાં કર્મ 'જીવ' પણ કારણભૂત હોઈ ક્રિયાના વૈચિત્ર્યે જીવસ્વભાવભૂત ભવ્યત્વમાં પણ વિચિત્રતા સિદ્ધ થાય છે.

**ભવ્યત્વ જુદા જુદા કેમ ?**

હવે અહીં જુઓ કે દા. ત. શ્રીમંતાઈ એકસરખી પણ અનેક માણસોને ભિન્ન ભિન્ન કાળે આવી મળતી હોય, તો ત્યાં એ ભિન્ન ભિન્ન કાળના જ પુણ્યોદયના સ્વભાવવાળા માનવા પડે. એવા ભિન્ન ભિન્ન સ્વભાવ ઉપર જ વેપાર, સમય, આદિના ભેદ પડે છે. એવી રીતે અહીં મોક્ષ એક સરખો છતાં અનેક ભવ્યોને ભિન્ન ભિન્ન કાળે આવી મળે છે, ત્યાં કારણભૂત ભવ્યત્વવિપાક-સ્વભાવ ભિન્ન ભિન્ન જ માનવા પડે. એ વિચિત્ર વિપાક પણ વિચિત્ર વિચિત્ર ભવ્યત્વોને આભારી છે. વિચિત્ર ભવ્યત્વોને લઈને જ ભિન્ન ભિન્ન કાળાદિ સામગ્રીથી જુદે જુદે કાળે એના પરિપાક અને મોક્ષ થાય આ હિસાબે વ્યકિતદીઠ ભવ્યત્વ યાને તથા-ભવ્યત્વ સમાન નહિ પણ અ–સમાન છે.

**સાંખ્યમાન્ય અનાદિ–અબદ્ધ જીવ મુકત ન થઇ શકે :–**

સિદ્ધ થવાનું અનાદિ કાળથી ચાલુ છે. એમાં જેમ ભવ્ય જીવોની વિચિત્ર વિચિત્ર તથાભવ્યતા સિદ્ધ થાય છે, તેમ જીવો અનાદિ કાળથી સર્વથા શુદ્ધ–બુદ્ધ–મુક્ત નથી, પણ કર્મમલથી લેપાયેલ હોવાથી સંસારી છે, અશુદ્ધ છે, અબુદ્ધ છે, અમુકત છે, તો જ એમને સિદ્ધ–બુદ્ધ–મુકત વગેરે થવાનું હોય એ પણ સિદ્ધ થાય છે. છે. કેમકે જે સંસારી હોય, એટલે કે અસિદ્ધ

હોય, એને જ સિદ્ધ થવાનું હોય, બીજાને નહિ. મૂળથી જ સિદ્ધ હોય, એને શું સિદ્ધ થવાનું હતું ? જે બદ્ધ (બંધાયેલ) હોય, એને બંધનથી છૂટી મુક્ત થવાનું હોય; એની મુક્તિ વાસ્તવિક ગણાય, બાકી કદી ય જે બદ્ધ નથી, એની મુક્તિ વાસ્તવિક ન ગણાય. બંધ જ નહિ હોવાથી એનામાં 'મુક્તિ' શબ્દનો અર્થ ન ઘટે કદાચ એનામા મુક્તનો વ્યવહાર ઉપચારથી કરવો હોય, તો અસલી મુક્તિ તો 'પ્રકૃતિ' વગેરે કોઈ બીજાની માનીને, એનો ઉપચાર આત્મામા કરવામાં આવતો હોય એવું બને,- આ સાંખ્યાદિનો મત છે,પરંતુ તે ખોટો છે. કેમકે જો આત્મા બદ્ધ નહિ પણ પ્રકૃતિ બદ્ધ છે, તો પ્રકૃતિ ભલે દુઃખી હોય, કિંતુ શુદ્ધ સ્વરૂપી આત્માને શું ? પછી મુક્તિ માટેનો પુરુષાર્થ પણ આત્માએ શા સારુ કરવો? 'પ્રકૃતિના કાર્યનો પોતાનામાંથી ભ્રમ ટાળવા માટે કરવો,-એમ જો કહેવામાં આવે, તો એનો અર્થ એ કે 'આત્મા પોતે, બદ્ધ નહિ છતા, પ્રકૃતિની બદ્ધતા પોતાનામાં આરોપિત કરવાના ભ્રમવાળો તો છે જ 'એવું સ્વીકારવામાં આપત્તિ એ આવશે કે એ ભ્રમવાળી દશા પૂરતો પણ આત્મા અશુદ્ધ અને બદ્ધ ગણાશે ! તો જ 'પછી ભ્રમ ટળ્યે આત્મા શુદ્ધ અને મુક્ત બન્યો,' એ કથન સાર્થક થશે આમ આત્મા જો બદ્ધ છે તો જ મુક્ત થવાનું ઘટી શકે. અબદ્ધની મુક્તિ થતી હોય, તો અબદ્ધ જડ આકાશાદિની પણ મુક્તિ કેમ ન થાય ?

**અરૂપીને બંધ કેવી રીતે ? :**

પ્ર૦-ઠીક છે આત્મા બદ્ધ છે એમ માનીએ પણ અરૂપી અમૂર્ત આત્મા પર મૂર્ત કર્મપુદ્ગલનો બંધ કેવી રીતે ઘટે ?

ઉ૦-આકાશની જેમ કેવળ શુદ્ધ અરૂપી આત્મા પર રૂપી-

કર્મનો બંધ ન પડી શકે એ વાત સાચી છે. પરંતુ અહીં તો પૂર્વ કાળથી આત્મા કર્મના લેપે લેપાયેલો હોવાથી રૂપી મૂર્ત જેવો છે. તેથી એના પર નવો કર્મબંધ લાગી શકે છે વળી પૂર્વે એ લેપ પણ એની પૂર્વે આત્મા બીજા કર્મથી લેપાયેલો જે હતો, એના પર લાગ્યો હતો; અને એથી દૂર પૂર્વની લેપાયેલી સ્થિતિ પણ એની પૂર્વભવમાં આત્મા એથી પૂર્વેથી લેપાઇને આવેલો તેના પર બનેલી, એટલે એવો કોઇ જ ભૂતકાળ નથી કે જેમાં જીવ કર્મથી લેપાયેલો ન હોય, ને કર્મ બાંધવાની ક્રિયા ન કરી હોય અર્થાત્ આત્મા પર કર્મબંધપ્રવાહ અનાદિથી ચાલ્યો આવે છે ક્યારેક લેપની તદ્દન શરુઆત માનવા જતાં, એ અહેતુક બની જાય !

અહો ! જીવની આ કેવી મૂર્ખતા કે એણે કર્મ બાંધવાનો એટલે કે પોતાને મલિન કરવાનો જાણે સ્વભાવ જ બનાવી દીધો ! દૂધની સફેદાઈ, ખાંડની મીઠાશ, કે કાજળની કાળાશના સ્વભાવ મૂળથી. એની જેમ જીવનો કર્મ બાધવાનો સ્વભાવ મૂળથી. કોઈ ભૂતકાળમાં બંધની ક્રિયાના સ્વભાવ વિના જીવ રહ્યો નહિ ! ખૂબી તો એ, કે કર્મમળ સ્વયં ચાલીને જીવ પર ચોટવા નથી આવતો; તેમ છતાં **આત્મા કર્મને નિમિત્ત આપીને પોતાની પર ચોંટાડયા વિના અને તેથી અનંત દુઃખી બન્યા વિના રહ્યો નથી ! આમ અનંતાનંત કાળની આ બાળચેષ્ટાની ભયંકરતાનું પણ હજી એને ભાન નથી થતું, એ એક આનવપણામાં કમનસીબી છે.** હવે તો એ ભાન લાવીને બંધની ક્રિયાનો અંત લાવવો જોઇએ. એ અંત લાવવાનું સામર્થ્ય માનવભવમાં જ છે, માટે માનવભવ એ માટે જ મળ્યો ગણાય, અને એ અંત લાવવાથી જ સફળ થાય.

સૂત્રઃ–अणाइमं वंधो पवाहेणं, अइयकालतुल्लो। अवद्धवंधणे वाऽमुत्ती, पुणो वंधपसगओ, अविसेसो अवद्धमुत्ताणं।

**અર્થ**:–કર્મબંધ (વ્યક્તિગત સાદિ છતાં) પ્રવાહથી અનાદિ છે. દા. ત. ભૂતકાળ પૂર્વે અ–બદ્ધ પછી બંધાતો હોય. તો કાયમી મુક્તિ જ ન થાય; કેમકે (કામચલાઉ મુક્ત થવા છતાં હવે અબદ્ધ હોઇ ફરી) બંધ થવાની આપત્તિ ઊભી છે. કારણ અનાદિથી અબદ્ધ દશા અને પછીની મુક્તદશા બેમાં (આત્મ-સ્વરૂપમા) ફરક નથી.

**વિવેચન :– અનાદિ બંધપ્રવાહ :–**

આમ દરેક બધક્રિયા પોતે વ્યક્તિગત નવી ઉત્પન્ન થયેલી છતાં, પૂર્વ પૂર્વ વિચારતા જણાશે કે પ્રવાહે–પરંપરાએ આત્મા પર અનાદિ કાળથી કર્મબધન ચાલુ છે. તે ભૂતકાળની જેમ યુક્તિયુક્ત પણ છે કોઈ પૂછે કે ભૂતકાળ ક્યારથી શરૂ થયો ? તો કહેવાય કે અલબત્ દરેક ભૂતકાળ પ્રારંભવાળો નવો નવો નિર્મિત્ત થયેલો; છતાં, પૂર્વપૂર્વ પ્રવાહની દૃષ્ટિએ ભૂતકાળ અનાદિથી ચાલે છે, તેમજ વર્તમાનકાળ અનુભવવાનું પણ અનાદિથી છે. કેમકે, ભૂતકાળ તેનું નામ, કે જે કાળ વર્તમાનતા પામી ચૂક્યો છે; અને ભવિષ્યકાળ તેનું નામ કે જે વર્તમાનતાને પામશે. જ્યારે પ્રવાહથી ભૂતકાળ અનાદિનો છે તો પછી એના બીજ-ભૂત વર્તમાન પણ અનાદિવાળો છે. આકાશ વ્યક્તિગત અનાદિ છે, એટલે પોતે જ અનાદિથી છે આ કર્મબંધ, ભૂતકાળ, વગેરે પ્રવાહથી અનાદિ છે, એટલે પોતે નહિ પણ પોતાની જાતનો કોઇને કોઈ અનાદિથી હોય જ.

પ્ર૦–કોઈ પણ વસ્તુ, એમ કર્મબધ પણ, ક્યારે ને ક્યારે શરૂ તો થઇ જ હોય ને ?

ઉ૦—ના, પ્રવાહથી આમ બંધ જો અનાદિ ન માનીએ, અર્થાત્ બહુ પૂર્વે આત્મા તદ્દન અબદ્ધ માનીએ, અને પછીથી અબદ્ધ આત્મા પર બંધ શરૂ થયો એમ માનીએ, તો આત્માની કદી 'મુક્તિ' એટલે કે કાયમી શાશ્વત સિદ્ધપણું થઈ શકે નહિ. કેમકે આત્મા ભલે અહીં એકવાર કદાચ કામચલાઉ સર્વકર્મબંધન તોડી નાખે, તો પણ હવે અબદ્ધ બન્યો હોવાથી, અને તમારા મતે અબદ્ધને બંધન લાગતું હોવાથી, પૂર્વ જેમ ભવિષ્યમાં નવો બંધ કાં શરૂ ન થાય? અને જો એ થઇ શકે છે, તો કાયમી મુક્તિ અસંભવિત બની. અલબત્ 'અબદ્ધ' અને 'મુક્ત' બે શબ્દ જુદા છે, પરંતુ એ બંનેમાં આત્માની શુદ્ધ અવસ્થા સમાન છે, કોઈ તાત્ત્વિક ફરક નથી. તેથી જ જો અબદ્ધ પણ બંધાય, તો મુક્ત પણ બંધાશે! એટલે ખરી રીતે શાશ્વત મુક્તપણું જ નહિ!

## (૮) અનાદિ કર્મયોગ નાશ્ય કેમ?: દિદક્ષા અસત્

સૂત્ર:-अणाइजोगेवि विओगो कंचणोवलनाएणं । न दिदिक्खा अकरणस्स । न यादिट्ठंमि एसा । न सहजाए निवित्ती । न निवित्तीए आयट्ठाणं । न यऽण्णहा तस्सेसा । भव्वत्ततुल्ला नाएणं । न केवलजीवरूवमेअं । न भाविजोगावेक्खाए तुल्लत्तं तया केवलत्तेण संयाऽविसेसओ । तहासहावकप्पणमप्पमाणमेय अेसेव दोसो परिकप्पिआए ।

અર્થ:-(કર્મનો) અનાદિ સંબંધ હોવા છતા સુવર્ણ-માટીના દૃષ્ટાન્તથી વિયોગ થાય છે. ઇંદ્રિય-રહિત (શુદ્ધાત્મા)ને દિદક્ષા (પ્રકૃતિ-દર્શનેચ્છા) ન થઇ શકે. ન જોયેલા વિષયની દર્શનેચ્છા થતી નથી. સ્વભાવભૂત (હોય તો એ)ની નિવૃત્તિ ન થાય; નિવૃત્તિ થતી હોય તો પછી આત્માનું અસ્તિત્વ નહિ રહે

નહિતર (જો આત્મા ઊભો રહેતો હોય તો) એ દિદૃક્ષા એની નહિ કહેવાય. દૃષ્ટાન્તથી (દિદૃક્ષા) ભવ્યત્વ જેવી નથી. ભવ્યત્વ શુદ્ધ જીવસ્વરૂપ નથી (દિદૃક્ષાને) ભાવી યોગની અપેક્ષાએ તુલ્યતા નથી, કેમકે પૂર્વે એકરૂપી જ હોઈને સદા સમાન છે. (મહત્ તત્ત્વાદિવિકાર–દર્શને સદા નિવૃત્ત થવાનો) સ્વભાવ કલ્પવો અપ્રામાણિક છે એ જ દોષ કલ્પિત દિદૃક્ષામાં છે.

## વિવેચનઃ–અનાદિ કર્મબંધનો અંત કેવી રીતે ?

પ્ર૦–તો પછી, એમ તો આત્મા સાથે કર્મનો સંબંધ જો અનાદિનો છે, તો તે સ્વાભાવિક ઠર્યો! તેથી તેનો કદી ય અંત ન આવે. તેથી મોક્ષ થઈ જ ન શકે! જેમકે, આકાશ અને મેરુનો સંબંધ અનાદિનો છે, તો કદી તેનો અંત આવનાર નથી.

ઉ૦–દૃષ્ટાન્તમાં સંબંધ પ્રવાહથી અનાદિ નહિ, કિંતુ વ્યક્તિસ્વરૂપે અનાદિ છે, તેથી તે ભલે શાશ્વત હો; પરંતુ કર્મનો સંબંધ તો તે તે વ્યક્તિરૂપે પ્રારંભવાળો છે, તેથી તેનો અંત આવી શકે છે. આમાં સુવર્ણ–માટીનું દૃષ્ટાન્ત છે, ખાણમાં જ્યારથી સુવર્ણ ઉત્પન્ન થયુ, ત્યારથી માટીના સંબંધવાળું જ ઉત્પન્ન થયું હોય છે. છતાં અગ્નિ તેજાબ વગેરેથી એ સંબંધનો અંત આવી શકે છે, અને સુવર્ણ મળથી તદ્દન મુક્ત બની શુદ્ધ થઈ શકે જ છે. એવી રીતે કર્મબંધનના હેતુથી ઉલટા હેતુઓ મળે, તેથી સુવર્ણની જેમ આત્મા તપે, તો જૂનો કર્મમળ દૂર થઈ જાય, સાથે નવા બંધના હેતુ ન સેવીને બંધને અટકાવી દેવાય, તો આત્મા સર્વથા મુક્ત થઈ શકે.

## આત્મા (૧) અબદ્ધ–(૨) બદ્ધમુક્તમાં ભેદ ? :–

**સાંખ્યમતની શાખાનું કહેવું છે કે,**–" અનાદિ–બદ્ધ માનવાને બદલે અનાદિથી અબદ્ધ એવા જીવને પાછળથી બંધ થયો માનીએ તો શો વાંધો? પ્રશ્ન થાય કે બદ્ધમાંથી મુક્ત થયેલાને ફરી બંધ કેમ નહિ? તો તે આ રીતે કે પૂર્વે કદી બંધ નહોતો થયો તે વખતનો આત્મા તે '**અબદ્ધ' આત્મા;** અને દિદૃક્ષાથી બંધાયા પછી મુક્ત થયેલ આત્મા તે '**બદ્ધમુક્ત' આત્મા.** હવે ફરી દિદૃક્ષા નહિ, તેથી બંધાવાનું નહિ મૂળમાં આત્મા યાને ચેતન પુરુષ સદાનો અકર્તા અભોક્તા છે, કર્તા તો જડ પ્રકૃતિ છે. એનાં સર્જન મહત્તત્ત્વ–અહંકાર–શબ્દરૂપાદિતન્માત્રા–ઈંદ્રિયો અને પંચભૂત છે આત્મા એમાં અભેદભ્રમ સેવી માને છે કે 'હું કર્તા છું. આ બધું મારું છે." સાંખ્યની એક શાખા જે અનાદિ સંસાર નથી માનતી, તે કહે છે કે "ચેતન પુરુષને જ્યારે દિદૃક્ષા થાય, પ્રકૃતિના કાર્યની દર્શનેચ્છા થાય, ત્યાર પછી સંસાર શરૂ થાય છે. અર્થાત્ અનાદિ '**અબદ્ધઆત્મા**'ને દિદૃક્ષા થાય છે; બદ્ધમુક્તને નહિ તેથી ફરી સંસાર નહિ

**દિદૃક્ષા એટલે** સત્વ–રજસ્–તમસ્ ત્રિગુણાત્મક પ્રકૃતિનો વિકાર જોવાની ઇચ્છા પ્રકૃતિ એ જડ જગતનું મૂળ કારણ છે તે જોવાની ઈચ્છામાથી આત્મા બંધાઈને સંસાર જન્મે છે અસલ તો પ્રકૃતિ જ બંધાય છે. પરંતુ પ્રકૃતિમાંથી નીપજતું મહત્તત્ત્વ સ્ફટિકદર્પણ જેવું નિર્મળ હોવાથી તેમાં પુરુષ જુએ છે, અને તેમાં પડતા પોતાના પ્રતિબિંબ સાથે ભાસમાન જે પ્રકૃતિના બદ્ધત્વ–કર્તૃત્વ–જ્ઞાતૃત્વાદિ ધર્મો, એને આત્મા પોતાના માની લે છે, તેથી અનેક ભવોરૂપી સંસારના સર્જન થાય છે. એમાં વિવેકખ્યાતિ ભેદજ્ઞાન થાય કે 'હું પ્રકૃતિ નહિ. પ્રકૃતિથી જુદો, સદા અબદ્ધ અકર્તા ચેતન પુરુષ,' ત્યાર પછી ક્રમશઃ આત્મા

મુક્ત થાય છે. હવે એવા 'બુદ્ધમુક્ત' આત્માને દિદૃક્ષા થતી નથી. કેમકે તેણે પ્રકૃતિ જોઈ લીધી છે, તેથી તે તૃપ્ત છે. દિદૃક્ષા નથી તેથી બંધાવાનુ નથી, એટલે બદ્ધમુક્તને હવે બંધ કદી નહિ થાય. તો આત્મા પર અનાદિનો બંધ શા સારુ માનવો?"

**સાંખ્યની 'દિદૃક્ષા'મતનું ખંડનઃ-**

જો બંધ આદિવાળો માનીયે તો બંધ થવાની પૂર્વે ત્યારે આત્મ બદ્ધ નથી ત્યારે તેને ઇંદ્રિય નથી, શરીર નથી, મન વગેરે કાંઈ નથી, તો દિદૃક્ષા થાય જ કેવી રીતે? બંધ વિના કરણ એટલે કે ઇંદ્રિય મળે નહિ; તે વિના દિદૃક્ષા નહિ; દિદૃક્ષા વિના બંધ નહિ; એટલે સંસાર નહિ. બીજી પણ એક વાત એ છે કે,-

**સર્વથા અજ્ઞાતની દિદૃક્ષા નહિઃ-**

**न अदिट्ठंमि पत्ता**—(૧) અહિં 'અદિટ્ઠ' શબ્દમાંનો પ્રત્યય કર્તા અર્થમા લઈએ અને સાતમી વિભક્તિ સતિ સપ્તમી ગણીએ, તો એ અર્થ થાય કે જો કોઈ દ્રષ્ટા જ ન હોય, તો દિદૃક્ષા જ ન થઈ શકે જોવાની ઈચ્છા તે દિદૃક્ષા. જોનાર વિના જોવાનું કોને? અનાદિ અબદ્ધ પુરુષને તો નથી અંતઃકરણ, કે નથી ઇંદ્રિય-શરીરાદિ; તો પછી એ જોનાર દ્દષ્ટા કેમ કહેવાય? એને અંતઃકરણ પણ નથી તો પછી એને દિદૃક્ષા શી? વિના કારણે એને દિદૃક્ષાવાળો અને દર્શન કરનારો માનો તો તો એ એનો એવો સ્વભાવ જ થયો; તેથી એ નિત્ય દિદૃક્ષાવાળો ને નિત્યદ્રષ્ટા બને. (૨) अदिट्ठंमिમાં પ્રત્યય કર્મણિ ભૂતકૃદન્તનો લઈએ અને સપ્તમી વિભક્તિ 'વિષય' અર્થમાં લઈએ, તો એ અર્થ થાય કે 'જે ચીજ 'અદિટ્ઠ' યાને બિલકુલ અદ્દષ્ટ છે, એટલે કે જે

વસ્તુ કદી ય પ્રત્યક્ષ નથી જોઈ, કે નથી સાભળી, એ વિષયની દર્શનેચ્છા=દિદક્ષા નથી થતી. એથી અબદ્ધ અવસ્થામાં તદ્દન ન જોયેલી કે ન સાંભળેલી જે પ્રકૃતિ તેને જોવા જાણવાની ઈચ્છા જ ન થઈ શકે.

**અહેતુક દિદક્ષા શાશ્વત ! :–**

'જોવાની ઇચ્છા તે દિદક્ષા. [૧]એ જાગવાનું કારણ શું ? [૨]પ્રયોજન શું ? [૩]થવાના સાધન કયાં ? [૪]અમુક જ કાળે કેમ જાગે ? [૫]પૂર્વે કે પછી કેમ નહિ ?' [૭]આ કશું વિચાર્યા વિના દિદક્ષા થાય એમ કહો, તો તો તે આત્માનો સ્વાભાવિક ગુણ માનવો પડે તે એનો સ્વભાવ હોવાથી અનાદિ કાળથી જ હોય. તેથી બંધ વગેરે પણ અનાદિના માનવા પડે આમ દિદક્ષા સહજ માનવા જતા (૧) એ શાશ્વત માનવી પડશે ! (૨) તેમ બંધ. પણ શાશ્વત ! વળી શાશ્વત દિદક્ષાથી (૩) મોક્ષનો અભાવ થઈ જશે ! કેમકે ચૈતન્યની જેમ સ્વાભાવિક દિદક્ષા કદી ય નાશ ન થઈ શકે. છતાં જો દિદક્ષાનો નાશ માનો તો તત્સ્વભાવભૂત આત્માનું પણ નિઃસ્વભાવત્વ (નાશ) માનવું પડે. દિદક્ષાને તમે શુદ્ધ આત્મ-વસ્તુનો સ્વભાવ કહો છો, તો સ્વભાવ ગયા પછી વસ્તુનું અવસ્થાન શું ? વસ્તુ કયાંથી ઊભી રહે ? अण्णहा–છતાં ય જો આત્મા ઊભો રહે છે, તો એમ કહો કે દિદક્ષા સદા ઊભી રહે છે. યા કહો કે એ એનો સ્વભાવ નથી. એમ કહેતાં તો દિદક્ષા આત્માની રહેશે જ નહિ. કેમકે અભેદ સંબંધ વિના બીજો સંબંધ (યોગ) આત્મા સાથે દિદક્ષાનો ઘટી શકતો નથી. તેથી દિદક્ષા આત્માને થઈ, એમ નહિ કહેવાય. સંબંધ વિના આ વસ્તુ આની છે એમ કેમ કહેવાય ?

**દિદક્ષાની ભવ્યત્વ સાથે તુલના:–**

પ્ર૦–ભલે અભેદ સંબંધ માનીશું. પરંતુ આત્માથી અભિન્ન

રહીને જેમ ભવ્યત્વ અનાદિ હોવા છતાં મોક્ષ વખતે નાશ પામે છે; ત્યાં આત્મા નાશ ન પામતા ઊભો રહી શકે છે, તેમ દિદક્ષા પ્રકૃતિદર્શનથી ભલે નિવૃત્ત થાય છતા આત્મા ટકી શકશે.

ઉ૦—ન્યાયને અનુસારે દિદૃક્ષા ભવ્યત્વ જેવી નથી; કેમકે ભવ્યત્વ તો જીવસ્વરૂપ છે, શુદ્ધ અબદ્ધ જીવસ્વરૂપ નથી, જ્યારે દિદૃક્ષાને તો તમે શુદ્ધ અબદ્ધ આત્મસ્વરૂપ કહો છો.

પ્ર૦—એ રીતે તુલ્યતા ભલે ન હોય, પરંતુ બીજી રીતે ભવ્યત્વ હિસાબે ભવિષ્યમાં જે કૈવલ્ય-મુક્તિના ઉત્થાન થશે, એમ દિદૃક્ષા હિસાબે આત્માથી પ્રકૃતિના મહત્તત્ત્વાદિ વિકારોના જે ભવિષ્યમાં દર્શન અને કૈવલ્ય કરાશે, તે ભાવી યોગની અપેક્ષાએ સમાનતા તો છે જ. ભવ્યત્વને પણ સ્વનાશક એવો ભાવી મુક્તિનો યોગ છે, તેમ દિદૃક્ષાને પણ ભાવીદર્શનનો યોગ થઈ. સ્વનાશક કૈવલ્ય-અવસ્થાનો યોગ છે. તો ભવ્યત્વની જેમ દિદક્ષા જીવમાં સ્વાભાવિક કેમ ન માનવી ?

ઉ૦—એમ માનો તો પણ દિદક્ષાની આ વિશેષતા તો ઊભી જ છે કે એ પૂર્વે અબદ્ધ શુદ્ધાત્મસ્વરૂપ હતી. તો પછી હવે કૈવલ્ય અવસ્થા થયા પછી ય એનો ભાવી યોગ થવાનું રહેતું નથી, એટલે પાછી સમાન એટલે કે પૂર્વના જેવી અબદ્ધ શુદ્ધ અવસ્થા આત્માની બની, એથી સહજ એવી દિદક્ષા, કોઈ એક કૈવલ્ય-અવસ્થા થઈ ગયા પછી પણ, પાછી કેમ ન ખડી થાય ? એવું થતા તો શાશ્વત મુક્તિ જ નહિ બને ભવ્યત્વમાં એવુ નથી, કેમકે એ તો અનાદિથી બદ્ધ અશુદ્ધ આત્માની અવસ્થા હતી. તો હવે એ મટી આત્મા અબદ્ધ શુદ્ધ બની ગયા પછી એમાં શી રીતે એ આવી શકે ? દિદક્ષાને તો પહેલાં ય શુદ્ધ અબદ્ધ આત્મા-

સંગત તત્ત્વ શું છે ? તત્ત્વ આ, કે એ બે જુદી જુદી આત્માની અવસ્થાઓ છે. આત્મા નિત્ય ખરો પણ પરિણામી નિત્ય; એટલે કે એ આત્મા તરીકે કાયમ રહીને એમાં જુદા જુદા પરિણામ-પરિવર્તન થાય. આત્મા જ મનુષ્ય મટી દેવ થાય, દેવ મટી પશુ થાય, આત્મા જ બંધનબદ્ધ બને, ને એ જ બંધનમુક્ત થાય. આમ આત્માના એવા એવા પરિણામ–વિશેષથી બંધ અને મોક્ષની ભિન્ન ભિન્ન અવસ્થા એ પ્રમાણસિદ્ધ છે. આત્મામાં જો કોઈપણ પ્રકારની અવસ્થા પલટાતી ન હોય તો જીવ 'જીવતો છે,' 'મરી ગયો,' 'આત્મા તિર્યંચ મટી મનુષ્ય થયો,' 'મનુષ્ય મટી દેવ થયો,' વગેરે મુખ્યપણે વાસ્તવિક વ્યવહાર થાય નહિ. 'આત્મા પૂર્વે બંધાયેલો હતો, હવે મુક્ત થયો,' વગેરે વ્યવહાર પણ અવસ્થા પલટાયા વિના ન બને. ત્યારે આ વ્યવહાર કાંઈ કાલ્પનિક નથી. અને આત્મા સાથે બાહ્ય કોઈ બીજી વસ્તુના વાસ્તવિક સંયોગ–વિયોગ વિના શુદ્ધ એકલા આત્મામાં અવસ્થાનાં પરિવર્તન, સંસારમાંથી મુક્તિ. અનાદિ સંસાર,–એ બધુ ન્યાયદૃષ્ટિએ ન ઘટી શકે, સર્વનયથી વિશુદ્ધ એવા મતે સંગત ન થાય કેમકે બંધ મોક્ષ ઉભય એ ઔપચારિક નથી, પરંતુ મુખ્ય વાસ્તવિક છે. માટે જ તો એ [1]પુરુષાર્થ માગે છે, [2]એના માટે તો શાસ્ત્રો છે, [3]સંત–શેતાનના ભેદ છે, [4]સાચા–ખોટા માર્ગભેદ છે....વગેરે.

આ દ્રવ્યાસ્તિક મતના હિસાબે પ્રરૂપણા થઈ. અર્થાત્ અનાદિબદ્ધ આત્મદ્રવ્ય અને મુક્ત આત્મદ્રવ્ય એ પ્રમાણસિદ્ધ છે, એ કહ્યું.

**પર્યાયનયથી વિચારણાઃ**– હવે પર્યાયાસ્તિક મતની

અપેક્ષાએ બંધ-મોક્ષ પર્યાયને વાસ્તવિક જણાવે છે તે એમ કહે છે કે બંધાતા કર્મ એ તો આત્મપર્યાય ઊભા કરે છે પરંતુ એ કર્મ કોઈ ખુદ આત્મા નથી, અર્થાત્ બોધસ્વરૂપ નથી' તેમ એ કર્મ કે એ વાસનાદિ કલ્પિત અસત્ પણ નથી. કેમકે, એ જો કલ્પિત હોય, અસત્ જ હોય, તો આત્માને ભિન્ન ભિન્ન જાતના ભાવ શી રીતે થાય ? કર્મ અને વાસનાને માત્ર આત્મસ્વરૂપ કે કલ્પિત માનવા જતાં તો શુદ્ધ જ્ઞાનસ્વરૂપ આત્માથી એ કાંઈ જુદા ન ઠર્યા ! હવે એ પર્યાય ક્ષણિક અર્થાત્ ક્ષણ ક્ષણ ભિન્ન હોઈ ચાહ્ય ભવપર્યાય કે ચાહ્ય મોક્ષપર્યાય, બધી ય ક્ષણો શુદ્ધ જ્ઞાનાત્મક કર્મક્ષણો કે વાસનાક્ષણો બની. તેથી ભવ-મોક્ષ વચ્ચે ભેદ ન રહ્યો ! માત્ર આત્મસ્વરૂપ કે કલ્પિત હોવામાં, નામ ભવ બોલો કે મોક્ષ, ભેદ શો પડે ? કર્મ અને વાસના એ કોઈ અલગ ચીજ નહિ, પણ ક્ષણિક જ્ઞાનમાત્રરૂપ ! તેથી એ ક્ષણો ભલે ભિન્ન ભિન્ન હોય, છતાં મુક્તિની અનેક ક્ષણોમાં જેમ વિચિત્ર અનેક ભવ નથી, તેમ અહીં સંસારની ક્ષણોમાં પણ અનેક વિચિત્ર ભવ નહિ બને. તેથી તો સંસાર અને મોક્ષ વચ્ચે કાંઈ તફાવત નહિ રહે ! માટે કર્મ-વાસના વગેરેને પણ પ્રમાણુસિદ્ધ સત્ માની બંધ મોક્ષને અલગ જીવદ્રવ્યના વાસ્તવિક પર્યાય જ માનવા જોઈશે.

પ્ર૦-એમ શા માટે ? દ્રવ્ય કાંઈ નહિ, પણ અશુદ્ધ કર્મ-વાસનાક્ષણોની પરંપરા એ જ સંસાર છે; અને એ કારણપૂર્વક હોય એ માટે ભલે સંસાર અનાદિનો હો પરંતુ એ ક્ષણસંતતિ બુઝાઇ ગયેલા દીવાની જેમ અત્યંત ઉચ્છિન્ન થઇ જાય એ જ મોક્ષ, એવું કેમ નહિ ? પછી પાછળ કશું ય બાકી શા માટે રહેવું જોઈએ ? દીવો બુઝાઇ ગયે કશું રહેતું નથી; એમ ભવ-

ક્ષણોનો અંત થયે કશું રહેતુ નથી. ને એનું જ નામ મોક્ષ થયો.

**બૌદ્ધમતના 'અત્યંત ક્ષણોચ્છેદ મોક્ષ'નું ખંડન.–**

ઉ૦–જો કાંઇ બાકી ન રહે તો એનો અર્થ એ થયો કે 'એક વખતની સત્ વસ્તુ હવે કોઈ પણ સ્ રૂપે સત્ ન રહી, પણ સત્નો અત્યંત વિચ્છેદ થવાથી અસત્ થઈ ગઈ!' તમારે બૌદ્ધોને સ્થિર દ્રવ્ય તો માનવુ નથી, એટલે ક્ષણિક જ્ઞાન-પરંપરાનો તદ્દન અંત એ મોક્ષ કહો છો. જો એમ અસત્ થાય તો તો મુક્તિની પછી પણ ફરી સંસાર નહિ જ ઉત્પન્ન થાય એવું શા માટે ? ફરી પણ ઉત્પન્ન થશે જ. કેમકે જ્યારે સત્નો તદ્દન ઉચ્છેદ થઈ અસત્ થઈ શકે, તો મુક્તિ પછી ય તદ્દન અસત્ એ પાછું સત્ કેમ ન બને ? ને એવા સંતાનની (ભવોની) ઉત્પત્તિ ય કેમ ન થાય ? જો સત્ અસત્ થાય, તો એક વખતનું તદ્દન અસત્ એ ફરી સત્ પણ થઈ શકવું જોઇએ. નિયમ તો એ છે કે **'નાસતો વિદ્યતે ભાવો, નાભાવો વિદ્યતે સતઃ!'** અર્થાત્ અસત્ની ઉત્પત્તિ નથી, અને સત્નો અત્યંત નાશ નથી થતો, સત્નું રૂપાંતર થાય, પણ કશું ઊભુ તો રહે જ. તેમ સત્માંથી જ કાંઈ નવું ઉત્પન્ન થઇ શકે, કિન્તુ આકાશ–કુસુમની જેવા તદ્દન અસત્માંથી કશું ઉત્પન્ન ન થઇ શકે. હવે કહો, તમારે જ્યારે આ નિયમ નથી માનવો અને સત્ ભવક્ષણોનો તદ્દન નાશ માનવો છે. તો પછી એવા મોક્ષ બાદ તદ્દન અસત્માંથી પાછી સત્ ભવક્ષણપરંપરા ય કાં ન ઉત્પન્ન થાય ?

**અસત્માંથી ઉત્પત્તિ માનવામાં દોષઃ–**

પ્ર૦–થાઓ, એમ મોક્ષ પછી પણ સંતાનની પુનઃ ઉત્પત્તિ કદાચ માની લઈએ તો વાંધો શો ?

ઉ૦-એ ન્યાયયુક્ત નહિ ઠરે, કેમકે એથી તો પૂર્વે પણ સંસાર (સંતાન) અનાદિસિદ્ધ નહિ થાય કારણ કે સર્વથા અસત્ એ ઉત્પન્ન નથી થતું. માટે તો સંસાર અનાદિસિદ્ધ થાય છે. પણ જ્યારે 'સર્વથા અસત્ પણ ભલે ઉત્પન્ન થઈ શકે' એમ કહો છો, તો પૂર્વે સંતાન ગમે ત્યારે વચમા જ અસ્તિત્વમા આવ્યુ એવું માની શકાશે, પછી શા સારુ અનાદિ અસ્તિત્વ માનવું ?

પ્ર૦-તો તો વધુ સરસ ? કેમકે અનાદિ માનવાની ખટપટ મટી !

ઉ૦-શું રાખ સરસ ? એમ તો જગત્પ્રસિદ્ધ કાર્યકારણ ભાવનો લોપ થઇ જશે. કેમકે અકસ્માત્ થતા સંતાનની પહેલી ક્ષણ કોઈ પણ કારણ મળ્યા વિના જન્મી, એટલે કે 'કારણ રહિત કાર્ય થયું.' એમ માનવું પડશે ત્યારે 'સતાનની છેલ્લી ક્ષણનું કોઈ કાર્ય જ ન રહ્યું, અને એ ક્ષણ નાશ પામી,' એમ માનવું પડશે ખરી રીતે કાર્યકારણની વ્યવસ્થા સનાતન છે. કારણ વિના કાર્ય ન જ જન્મે નહિતર 'દહીં' માટે દૂધ વિના ચાલે ! ભોજન વિના જ તૃપ્તિ થઇ જાય ! પ્રકાશ વિના જ અંધકાર ટળી જાય !' એવું કાં ન બને ?

**વાસ્તવમાં ભવ-મોક્ષ શું ? :-**

સક્ષેપમા, કાલ્પનિક નહિ પણ વાસ્તવિક એવા કર્મનો અનાદિ કાળથી આત્મા પર સંયોગ ચાલ્યો આવવાથી સંસાર, અને કર્મનો તદ્દન વિયોગ થવાથી મોક્ષ થાય છે. આ સંયોગ-વિયોગ એ આત્મામાં તેવા તેવા પરિણામ યાને અવસ્થા ઘડે છે. આત્મા, કર્મ, બંધ, મોક્ષ, ઇત્યાદિમાંનું કશું કાલ્પનિક નથી, સઘળું વાસ્તવિક છે. જેઓ આત્માને દીપક-જ્યોતિની જેમ જ્ઞાન-ધારા

સ્વરૂપ માને છે, અને એ તદ્દન બુઝાઈ અટકી જાય, અસત્ થઇ જાય એને મોક્ષ કહે છે; એ યુક્તિવિરુદ્ધ છે. જ્યોતિ બુઝાયા પછી પણ એની કાજળના પુદ્ગલો આકાશમાં વ્યાપી જાય છે, તે કાયમ છે. એમ અહીં પણ વિચિત્ર ભવોના અવસ્થા–પરિણામની ધારા ભલે અટકી, પરંતુ એને અનુભવનાર આત્મા હવે મોક્ષમા શુદ્ધ સ્વરૂપે કાયમ છે. નહિતર તો જો સત્ અસત્ થાય, તો અસત્ સત્ કેમ ન થઈ શકે. અસત્ કદી ય સત્ નથી થતું, માટે તો સંસાર અનાદિકાળથી ચાલે છે. તેમ સત્ પણ કદી અત્યંત અસત્ ન થઈ શકે, માટે સર્વનાશ એ મોક્ષ નહિ, કિંતુ કર્મનાશ અને શુદ્ધ આત્મા એ મોક્ષ.

**બૌદ્ધમોક્ષમાં સર્વ અસત્‌ની આપત્તિ:–**

સર્વનાશ એ મોક્ષ, એમ માનવામાં બધું અસત્ થઈ જાય, તે આ રીતે:–ચરમ ક્ષણ અકારણ બનવાથી કોઇ કાર્ય કરનારી ન રહી, એટલે કે **'અર્થક્રિયાકારી'** ન રહી અને નિયમ એ છે કે 'જે અર્થક્રિયાકારી હોય તે સત્' અર્થાત્ કશું કાર્ય ઉત્પન્ન કરે તે સત્, હવે ચરમક્ષણ કશું ઉત્પન્ન નથી કરતી, માટે તે ચરણ ક્ષણ અસત્ બની ! તેથી તો એની પૂર્વની એની પૂર્વની એમ બધી ક્ષણો પણ અસત્‌ની કારણ હોવાથી સઘળું અસત્ ઠરશે ! માટે જ મોક્ષ એટલે ક્ષણસંતાન–પરંપરાનો અત્યંત ઉચ્છેદ,' એવું નહિ માની શકાય.

સૂત્ર:–तस्स तहासहावकप्पणमजुत्तं, निराहारऽन्नयओ निओगेण । तस्सेव तहाभावे जुत्तमेअं । सुहुममट्ठपयमेअं विचिन्तिअव्वं महापण्णाए त्ति ।

અર્થ:–'ચરમક્ષણનો તદ્દન નિવૃત્ત થવાનો સ્વભાવ જ છે,'

એમ કલ્પવું (પણ) અયુક્ત છે; (કેમકે એમાં તો તમે) સ્વતંત્ર અનુશાસનથી (ક્ષણપર્યાયની) નિરાધારતા યા અનન્વય ઠોકી બેસાડ્યો. તે (આત્મા)નો જ સર્વકર્મનાશ પછી) સદા અબદ્ધ-ભાવ–અભવભાવ મ.નો તો તે યુક્ત છે આ સૂક્ષ્મ પદાર્થસ્થાન મહા પ્રજ્ઞાથી વિચારણીય છે

## વિવેચન–દ્રવ્ય વિના માત્ર પર્યાય ન હોય:–

પ્ર૦–સંસારની છેલ્લી ક્ષણનો એવો સ્વભાવ જ માનીએ કે 'એ તદ્દન નિવૃત્ત થઈ જાય છે, પછી નવી ક્ષણ ઉત્પન્ન જ નથી થતી, અને એ જ મોક્ષ,' તો શો વાંધો ? સ્વભાવમાં પ્રશ્ન ન રહે કે 'આ આમ કેમ. ને આમ કેમ નહિ ? અગ્નિનો સ્વભાવ બાળવાનો છે, ત્યા કોણ પૂછે છે,–'કેમ બાળવાનો ?'

ઉ૦–આવો સ્વભાવ માનવો યુક્તિવિરુદ્ધ છે, માત્ર એક જાતના રાજાના કાયદા જેવું અનુશાસન, બળાત્કાર, તર્કરહિત હઠાગ્રહ છે કેમકે એમા તો નિરાધારતા અથવા અનન્વયને બળાત્કારે 'સ્વભાવ'ના નામ હેઠળ ઠોકી બેસાડવાનુ થાય છે. તે આ રીતે,–

## નિરાધારતા–અનન્વય એટલે ? :–

ચરમક્ષણનો અત્યંત નિવૃત્ત થવાનો સ્વભાવ કહો છો, ત્યા 'સ્વભાવ' એટલે ? [1] 'સ્વનો ભાવ' નહિ, કેમકે 'સ્વ' જેવી કોઈ જુદી વસ્તુ તમારા મતે નથી કે જે ઊભી રહીને એનો ભાવ યાને એમા બીજી ક્ષણે કશું થાય, કિન્તુ [2] સ્વભાવ એટલે સ્વ એવો જે ભાવ યાને આત્મીય સત્તા. 'ચરમક્ષણનો સ્વભાવ નિવૃત્તિનો, અર્થાત્ ચરમક્ષણ પછીથી નિવૃત્તિસ્વભાવ છે,' એમ કહેવા જતાં, ઉ(૧) પછીથી 'સ્વભાવ' યાને આત્મીય સત્તા ઊભી રહી, તેથી

**નિવૃત્તિ નિરાધાર બની !** નિવૃત્તિ તો અત્યંત નાશરૂપ છે, જ્યારે ત્યાં તમે માનેલો ચરમક્ષણનો સ્વભાવ=સ્વસત્તા ઊભી છે, તો એ નાશ કયા રહેવાનો ? સત્તા=અસ્તિત્વ અને નાશ, એ એકરૂપ તો કહેવાય નહિ, તેમ નાશ પેલામા રહે નહિ એટલે નાશ યાને નિવૃત્તિ એકલી અટુલી આધારરહિત બની. અથવા, (૨) જો કહો કે 'ના, ત્યાં પછીથી ચરમક્ષણની સ્વસત્તા છે જ નહિ, એકલી નિવૃત્તિ જ ખરેખર ઊભી છે,' તો **નિવૃત્તિ અનન્વયવાળી બની !** અર્થાત્ નિવૃત્તિને કોઈની સાથે અન્વય યાને સંબંધ ન રહ્યો. 'ચરમક્ષણની નિવૃત્તિ' એવું નહિ કહી શકાય. દ્રવ્ય વિના એકલો પર્યાય માનવામાં જ આ આપત્તિ છે, દ્રવ્યસહિત માને તો નહિ; કેમકે એમા તો દા. ત. અગ્નિ–દીવાની નિવૃત્તિ થઈ એટલે કે પછી બચેલા ભસ્મ–તામસપુદ્ગલમા પૂર્વે જે ઉષ્ણ સ્પર્શ, પ્રકાશમય રૂપ આદિ પર્યાય હતા તે હવે મટી શીતસ્પર્શ, શ્વેત–શ્યામ રૂપ આદિ પર્યાય થયા, એનું જ નામ અગ્નિની નિવૃત્તિ. એ તે ઊભેલા પુદ્ગલદ્રવ્યના ધર્મ હોઈ તેની સાથે સંબંધવાળા છે, અન્વયવાળા છે. એ લા પર્યાયમાં તો આ ઘટે નહિ માટે અનન્વયની આપત્તિ.

**તમે આ 'નિયોગ'–હઠાગ્રહથી** સ્વભાવ માન્યો તમે કહ્યું 'સ્વભાવમાં પ્રશ્ન ન હોય કે 'આ આમ કેવી રીતે ?' નહિતર 'સ્વભાવ' શબ્દનો અર્થ ન ઘટે. સ્વભાવ એટલે સ્વભાવ, એ એનો જ છે. આમ કહેવામાં પછી ભલે ચરમક્ષણનિવૃત્તિ નિરાધાર બનો કે અનન્વયવાળી બનો, એવો એનો સ્વભાવ જ છે કે એ એમ જ હોય." કિંતુ આવું તમે કહેવા જતાં તો તર્ક–યુક્તિ વિનાનુ તમારૂં એક આ અનુશાસન થયું ! બળાત્કાર થયો !

પ ંતુ આ વિદ્વાનોની સભામાં ન ચાલે કે 'બસ હું કહુ છું કે આ આમ જ છે એમ માની લો.' એ તો નિર્યુક્તિક દુરાગ્રહ કહેવાય.

બૌધ્ધમત એકાંતપર્યાયવાદી છે, એટલે એને આવા નિરાધારતા અને અનન્વયના સ્વભાવ ઠોકી બેસાડવા પડે છે.

બાકી જગતમાં સ્પષ્ટ દેખાય છે કે દ્રવ્ય ઊભુ ં રહી એમાં ક્ષણે ક્ષણે પર્યાય-અવસ્થાઓ ફરે છે. પૂર્વ ક્ષણના પર્યાયનુ ં દ્રવ્ય ઊભુ ં રહી એમાં બીજી ક્ષણના પર્યાયો જન્મે છે. દૂધના મૂળ પુદ્ગલો બિલાડી રાતના ચાટી નથી ગઈ, તો જ એ પછી ઉભા રહીને સવારે દહી-અવસ્થા તરીકે દેખા દે છે જો પૂર્વનુ ં કશુ ં પણ બીજી ક્ષણની વસ્તુમાં ઉતરતુ જ ન હોય, તો તો પૂર્વ ક્ષણે દેખાતા કોઈપણ ગુણોનો દા. ત. સફેદાઇ-સુ ંવાળાશ વગેરેનો બીજી ક્ષણની વસ્તુમા અન્વય=સબ ંધ અર્થાત્ ઉતાર ન બની શકે ગુણોનો અન્વય તો કોઈ આધારભૂત દ્રવ્યને લઈને જ બની શકે, પરંતુ નિરાધાર નહિ એમ નિવૃત્તિ પણ નિરાધાર ન થઈ શકે. દૂધની નિવૃત્તિ એના ઉપાદાનભૂત મૂળ પુદ્ગલના આધાર પર છે. ને દહીની ઉત્પત્તિ ય ત્યાં છે તમારે ત્યા પર્યાય સિવાય તે ક્ષણિકપર્યાયનો કોઈ સ્થિર આધાર જ નથી, તેથી આધાર વિના ગુણો બીજી ક્ષણના દ્રવ્યમા નહિ ઉતરી શકે; તો બીજી ક્ષણનુ ં દ્રવ્ય ગુણે કરીને પ્રથમ ક્ષણના દ્રવ્યની સમાન શી રીતે બને? ક્ષણેક્ષણે એજ ઘડો દેખાય છે એ કેન બને? એમ છતા માત્ર ગુણોનો, પોતાના અન્વયિ દ્રવ્ય વિના, અન્વય યાને સ ંબ ધ માનવો, એ અપ્રમાણિક છે એથી ખરી રીતે અન્વયનો અભાવ આવી પડશે, અન્વય નહિ જ બની શકે કેમકે 'तन्निवृत्तेस्तत्त्वात्'- વસ્તુની નિવૃત્તિ એજ, તમ રે ત્યાં, સ્વભાવ છે જ્યાં ક્ષણમાં

સર્વ-નિવૃત્તિ થઈ સર્વનષ્ટ થયું, ત્યાં અન્વય કોનો ?

દા ત સોનાના કડામાંથી કુંડલ બનાવ્યાં. ત્યાં ખરી રીતે તો કડામાંનું સુવર્ણ દ્રવ્ય કાયમ રહી કુંડલમાં ઉતરે છે, અર્થાત્ એજ અનષ્ટ સુવર્ણના કુંડલ બને છે. તેથી કડામાં દેખાતા કેટલાક ધર્મો–પીળું રૂપ, અમુક ટચ, કઠીન સ્પર્શ, વગેરે સુવર્ણરૂપી આધારને લઈને કુંડલમાં ઊતરે છે. પરંતુ જો કડાની ઉપર કોઈ રસાયણી પ્રયોગ થવાથી તે ભસ્મ બની ગયું હોત, તો હવે સુવર્ણ જ નહિ હોવાથી પીળું રૂપ વગેરેના અન્વયનો પ્રસંગ જ નહિ ઊભો થાત. બૌદ્ધમતે તો, જો આમેય કડું બીજી ક્ષણે સર્વથા નિવૃત્ત થવા છતા એનું પીળું રૂપ વગેરે પછીના કુંડલ દ્રવ્યમાં અન્વિત થઈ શકે છે, તો ભસ્મમાં કેમ અન્વિત ન થાય ?

પ્ર૦–એમ તો તમારા સાધાર અન્વયવાદની અપેક્ષાએ, ભસ્મમાં દેખાતા વિલક્ષણ ધર્મોનો ક્યાંથી અન્વય થયો ?

ઉ૦–કડાની અવસ્થામાં સુવર્ણ દ્રવ્યની જેમ, એજ સુવર્ણની અવસ્થામા સૂક્ષ્મ અણુ દ્રવ્ય છે, તે કાયમ રહી ભસ્મમાં ઉતરે છે. તેથી તેના ધર્મોનો અન્વય થાય છે.

આથી, તમે તો નિરાધાર અને અનન્વય–સ્વભાવ નિયોગથી હઠાગ્રહથી જ જે લીધો, એ સૂચવે છે કે એ તર્કસિદ્ધ નથી. કેમકે વસ્તુસ્વરૂપે પૂર્વોત્તર ક્ષણમાં એક આધારભૂત દ્રવ્ય છે જ. નહિતર, 'આ કારણનું આ કાર્ય' એ શબ્દોનો કોઈ જ અર્થ જ ન રહે જેવું ચરમક્ષણે થતુ સર્વથા નષ્ટ થવાનું વિચાર્યું, તેવું પ્રથમ ક્ષણે સર્વથા અસત્‌ની ઉત્પત્તિ અંગે વિચારવું બન્ને વિચારણામાં એકાંત પર્યાયવાદીને ઉપર કહેલા અનેક દુષણો લાગુ થાય છે. તેથી નિષ્કર્ષ આ નીકળે છે,—

'तस्सेव तहाभावे'–પ્રથમ ક્ષણનું દ્રવ્ય જ બીજી ક્ષણે કાયમ રહી નવી અવસ્થાવાળું બને છે,' એમ જો માનો, તો જ વસ્તુનો બીજી ક્ષણે નિવૃત્ત થવાનો સ્વભાવ માનવો યુક્તિયુક્ત ઠરશે, કેમકે વસ્તુ દ્રવ્યરૂપે સ્થિર રહીને જ પૂર્વ પર્યાયરૂપે નિવૃત્ત થાય છે. એમ આત્માના સંસારપર્યાય–બાહ્યાવસ્થા ચાલતી હતી, હવે સર્વકર્મક્ષય થવાથી તે નિવૃત્ત થઈ અભવપર્યાય અબદ્ધાવસ્થા ચાલશે, એટલે કે આત્મા જે સંસારી–બદ્ધ તરીકે હતો તે નિવૃત્ત થયો, અને એ જ મુક્ત-અબદ્ધ તરીકે ઉત્પન્ન થયો. એ રીતે ધ્રુવ રહેલ આત્મદ્રવ્યની જ 'બદ્ધ' પર્યાયરૂપે નિવૃત્તિ સ્વીકારાય તો નિવૃત્તિ સ્વભાવ, અનાદિસંસાર, કાર્યકારણભાવ વગેરે યુકિતયુકત બની શકે

આ બધું સૂક્ષ્મ પદાર્થસ્થાન છે. માટે એ મહા પ્રજ્ઞા એટલે કે વિશાળ અને ગંભીર તત્ત્વબુદ્ધિથી વિચારણીય છે. તે વિના એ સમજવા–પકડવાનું મુશ્કેલ છે.

### (૧૦) સિદ્ધનું સુખ આદિ: દર્શનોની મોક્ષકલ્પના

સૂત્ર:–अपज्जवसिअमेव सिद्धसुखं । इत्तो चेवुत्तमं इमं, सव्वहा अणुस्सुगत्तेऽणंतभावाओ । लोगंतसिद्धिवासिणो एए । जत्थ य एगो, तत्थ नियमा अणंता । अकम्मुणो गई, पुव्वपओगेण अलाउप्पभिइभावओ नियमो अओ चेव अफुसमाणगईए गमणं । उक्करिसविसेसओ इअं ।

**અર્થ**:–આ સિદ્ધસુખ અવિનાશી જ છે, માટે જ એ શ્રેષ્ઠ છે, કેમકે સર્વથા અનુત્સુકતા સાથે અનંતતા છે. એ (સિદ્ધ) લોકાન્તે રહેલા છે. જ્યાં એક (સિદ્ધ) છે, ત્યાં નિયમા અનંતા છે. (ત્યાં એમનું) જવું કર્મથી નથી, કેમકે તુંબડા વગેરેનાં દૃષ્ટાંતે પૂર્વ પ્રયોગથી છે, એટલા જ માટે આ નિયમ છે કે

એ અસ્પૃશદ્ ગતિથી જાય છે. (ગતિની) ઉત્કૃષ્ટતાવિશેષથી આ ગમન છે.

**વિવેચનઃ—સિદ્ધોનું સુખ, સ્થાન, ગતિ.**

હવે મૂળ વિષય સિદ્ધ–અવસ્થા ઉપર આવો.

(અહીં સર્વજ્ઞદર્શનની તુલનામાં ઈતર દર્શનો મોક્ષના અર્થાત્ સિદ્ધ અવસ્થાના કેવા સ્વરૂપને માને છે, તેની જરા ઝાંખી જોઈએ,—

**મોક્ષ સ્વરૂપ અંગે દાર્શનિક માન્યતાઓ :-**

**ન્યાય–વૈશેષિક** દર્શનવાળા આત્માનું પરિમાણ 'વિભુ' સર્વદિગ્-વ્યાપી અને સ્વભાવ જ્ઞાનશૂન્ય માને છે. એટલે મોક્ષ થતાં (૧) એને કોઈ સ્થાનમાં જવાનું એ માનતા નથી, તેમજ (૨) મોક્ષનું સ્વરૂપ આત્યન્તિક દુઃખધ્વંસ, વિશેષગુણોચ્છેદ, ઇત્યાદિ કહે છે. પરંતુ તે યુક્તિસંગત નથી. કેમકે (૧) આત્મ-ગુણો જ્ઞાનસુખાદિ શરીરમાત્રમાં જ ઉપલબ્ધ થાય છે, તેથી આત્મા વિભુ–સર્વવ્યાપી નહિ, પણ માત્ર દેહવ્યાપી છે. વળી (૨) મોક્ષમાં જો જ્ઞાનાદિ સર્વ વિશેષ ગુણોનો ઉચ્છેદ થયો હોવાથી તદ્દન અભાવ છે, તો એવી મુક્તિ જડમુક્તિ થઇ ! એ શી રીતે પ્રાર્થ્ય બને ? કેમ જ ઇષ્ટ બને ? સુખનો સર્વનાશ કોણ ઈચ્છે ? વળી ત્યાં જો જ્ઞાનનો સર્વથા અભાવ હોય તો પછી આત્માનું ચૈતન્ય પણ શુ રહ્યુ ? ચૈતન્ય તો એવો જ્ઞાનસ્વભાવ છે, કે જે આત્માને જડથી જુદો પાડે છે સ્વભાવનો નાશ કેમ થાય ? અને જો જ્ઞાન એ આત્મસ્વભાવ ન હોય, પરંતુ કારણોથી ઉત્પન્ન થનારો આગંતુક ગુણ હોય, તો જડમાં, દા. ત. જડ ઇન્દ્રિયમાં એ કેમ ન જન્મે ? ઇદ્રિયવિષયસંબંધ વગેરે તો ઇંદ્રિયમાં પણ

છે જ સારાંશ, જ્ઞાનસુખાદિ આત્મસ્વભાવ ન માનવાથી મોક્ષ-સ્વરૂપ જડ પત્થર જેવું બની આવે !

**સાંખ્ય-યોગદર્શન** તો વળી કહે છે કે "જ્ઞાન-સુખાદિ તો જડ પ્રકૃતિના જ ધર્મ છે, ચેતન 'પુરુષ' યાને આત્માના નહિ'. તો પછી ત્યાં આત્માનું ચૈતન્ય શુ ? મોક્ષની પૂર્વ ભૂમિકારૂપે ઋતંભર પ્રજ્ઞા, સંપ્રજ્ઞાત-અસંપ્રજ્ઞાત સમાધિ, તત્ત્વનિદિધ્યાસન, વગેરે શું ? વળી આત્મા જો સદાનો કમળપત્રવત્ નિર્લેપ છે, તો એને બાંધવાનુ ય શું ? એ નહિ, તો મોક્ષ પણ કલ્પના માત્ર.

**વેદાન્તી** આત્માની શુદ્ધ પરમબ્રહ્મ-અવસ્થાને મોક્ષ કહે છે, જે નિર્ગુણ, નિર્ધમક; અને સજાતીય-વિજાતીયભેદશૂન્ય છે. આ મત પણ નિર્યુક્તિક છે, કેમકે તો પછી એનું કાંઈ સ્વરૂપ જ ન રહે ! તેથી પરમબ્રહ્મ-આત્મા આકાશપુષ્પની જેમ અસત્ બની જાય ! કદાચ સત્ ચિદ્રૂપ કહો તો એને કોઇ જ્ઞાન હોય. પણ વિષય વિના એનાઆં ચિદ્રૂપતા યાને જ્ઞાનસ્વરૂપ શું ? જો જાણવાની કોઇ વસ્તુ જ નથી, તો જાણકારી શી ? વળી એ મોક્ષ એટલે સર્વ જીવાત્માને એક જ શુદ્ધ બ્રહ્મરૂપ બનવાનું કહે છે, પરંતુ એમાં તો એવા એક જ પરમબ્રહ્મના અંશરૂપ સર્વ જીવાત્માઓનો લય થઈ ગયા વિના કોઈની પણ સંપૂર્ણ મુક્તિ શી રીતે ?

**બૌદ્ધો** કહે છે, 'મોક્ષ એટલે, ક્ષણિક આત્માની સંસાર-કાળમાં ચાલતી જે વિજ્ઞાનક્ષણ-પરંપરા વિષયાકારથી કલુષિત છે, એ હવે તદ્દન સ્વચ્છ થઇ નિરાકાર ચિત્સંતતિ=વિજ્ઞાનધારા નિરુપપ્લવ=નિર્વિષયકરૂપે ચાલે એ મોક્ષ; અથવા સમૂળ ક્ષણો-ચ્છેદ યાને વિજ્ઞાન-ધારાનો આત્યન્તિક નાશ એ મોક્ષ.' આ મત પણ ઠીક નથી, કેમકે વિજ્ઞાનધારા જો નિરાકાર-નિર્વિષયક છે,

તો એનામાં વિજ્ઞાનપણું શું ? તેમજ સર્વથા નાશ એટલે તો મોક્ષમાં કશું રહ્યું નહિ ! પરંતુ સત્‌નો સર્વથા નાશ થઈ જ કેમ શકે ? તેમજ એવા પોતાના જ સર્વનાશરૂપ મોક્ષને ઈચ્છે પણ કોણ ?

**પાશ્ચાત્યદર્શનો** સ્વતંત્ર જીવસ્વરૂપ, અનાદિ કાર્યકારણ-ભાવથી એની અનાદિ બદ્ધ અવસ્થા, વગેરે કશું માનતા નથી. પછી મોક્ષ એટલે Salvation કહે ખરા, પરંતુ એનું વાસ્તવિક કાયમી શાશ્વત સ્વરૂપ શું, એ કહી શકતા નથી; તેમ એના વાસ્તવ ઉપાય સ્વીકારી શકતા નથી, એ તો કહે છે, 'પહેલાં આદમઈવ હતા એમાંથી જીવાત્મા બન્યો. હવે ઇશ્વરના દરબારમાં જ્યારે સર્વ જીવો ભેગા થશે ત્યારે ન્યાય ચુકવાશે. પછી નવે-સરથી સ્વર્ગ દોજખ મૃત્યુ લોક શરૂ થશે.' આવો મત તર્ક-વિરુદ્ધ છે, અને વસ્તુના ચોક્કસ સ્વરૂપને બતાવી શકતો નથી, કે શાશ્વત મોક્ષ શુ એ દર્શાવી શકતો નથી.

**અવતારવાદવાળા** તો મોક્ષમાંથી પણ પાછા ધર્મગ્લાનિ હટાવવા સંસારમાં જન્મ લેવાનું માને છે. કિંતુ એ કથન 'માતા મે વંધ્યા' જેવું છે; કેમકે જો મુક્ત છે, અર્થાત્ ભવજન્મનાં પ્રયોજક કર્મ આદિથી સર્વથા રહિત છે, તો પછી જન્મ શો ? અને જો જન્મ છે, તો એ સર્વથામુક્ત શાના ? અસ્તુ.)

**અનંતસુખઃ**–સિદ્ધ અવસ્થાનું સુખ નિયમા અપર્યવસિત છે, અંત ન જ પામનારૂં છે. માટે એ જ સર્વશ્રેષ્ઠ છે, વિનશ્વર સુખ શ્રેષ્ઠ નથી. આ સુખ તો અવિનાશી છે. ત્યાં સર્વથા ઉત્સુકતા નથી. તેમજ એ સુખ અનંત છે. એક સુખ મળ્યું, છતાં બીજાની જો ઉત્સુકતા છે, કે જાગી, તો સુખ ખંડિત થવાનું.

સર્વથા ઉત્સુકતા ટળે તો જ સુખ સદા અખંડિત ટકે.

**સિદ્ધશિલાનું સ્થાન :—**

એ સિદ્ધ ભગવંતો ચૌદ રાજલોકના અંતે સિદ્ધિ નામના સુંદર સ્થાનમા એટલે કે સિદ્ધશિલાની ઉપર લોકના ઠેઠ મથાળે રહ્યા છે. (આ સિદ્ધશિલા ૪૫ લાખ યોજન લાંબી–પહોળી ગોળાકાર સ્ફટિક રત્નની છે, કેમકે ૪૫ લાખ યોજનોના અઢી દ્વીપના કોઈપણ ભાગમાંથી આત્મા કર્મમુક્ત બની ત્યાં જાય છે; અને તે તદ્દન સરળ ગતિએ જાય છે. એટલે એ પ્રમાણે રહેવા ત્યાં સ્થાન જોઈએ ને? એ વચમાં ૮ યોજન જાડી અને બીજના ચંદ્રની જેમ છેડે જતાં તદ્દન પાતળી હોય છે. એની ઉપરના એક યોજનના લોકાકાશમાં છેલ્લા $\frac{1}{6}$ યોજનમાં સિદ્ધો રહે છે.) જ્યાં એક સિદ્ધ છે, ત્યાં તે જ આકાશપ્રદેશના ક્ષેત્રમાં નિયમા બીજા અનંતા સિદ્ધ ભગવાન છે; કેમકે જગા પરિમિત છે, અને સિદ્ધ અનંતા થયેલા છે. એ સાંસારિક ભવોનો અત્યંત ક્ષય કરી નિત્ય મુક્ત થયેલા છે, અને સર્વશુભને પામી એકાંતે સુખી બનીને અરૂપી હોઇ એકબીજાને જરા ય નડતર કર્યા વિના ત્યાં રહેલા છે.

**સિદ્ધગમન કેવું? : તુંબડાનું દૃષ્ટાંત :—**

પ્ર૦–અહીં સકલ કર્મનો જ્યારે ક્ષય થઈ ગયો, ત્યારે અહીથી એમને લોકાંતે કોણે પહોંચાડ્યા?

ઉ૦–આઠ જાતની માટીના લેપથી લેપાઈ, પછી પાણીમાં નખાઈ; તળીએ રહેલું તુંબડું જેમ માટીના સર્વ લેપ નીકળી જતાં સહજ ઉપર આવવાના સ્વભાવવાળું છે, તેમ તુંબડા વગેરે દૃષ્ટાંતે આઠે ય કર્મથી રહિત બનેલા જીવનું પૂર્વ પ્રયોગને

લઈને સહજભાવે લોકના અંતે ગમન થાય છે, પૂર્વ પ્રયોગથી એટલે કે સૌથી હલકો હોઈ, જીવ ઠેઠ ઉપર રહેવાના સ્વભાવ-વાળો હોવાથી, તેમાં અટકાવનાર પૂર્વે લાગેલ કર્મનો પ્રતિબંધ દૂર થતાંજ સહજભાવે ઉપર જાય છે. એથી જ એ નિયમ છે કે એ અસ્પૃશદ્ગતિએ ઉપર જાય છે.

પ્ર૦–ત્યાંથી પાછું નીચે આવવું, પાછુ ઉપર જવું, એમ વારંવાર ગમનાગમન કેમ નથી થતુ ?

ઉ૦–એજ તુંબડાના દૃષ્ટાંતથી ફરી નીચે આવવાનું નથી થતું, પરંતુ 'એક જ સમયમાં એકજવાર ઠેઠ ઉપર જવાનું,' વગેરે નિયમો સૂચવાય છે.

પ્ર૦–અહીંથી સાત રાજલોક જેટલે ઊંચે એક જ સમયમાં જવાનું શું કમળની સો પાંખડી એક સાથે વીંધી જનાર ભાલાના દૃષ્ટાંતે બનતું હશે ?

ઉ૦–ના, ભાલો તો પ્રત્યેક પાંખડીને અડીને જાય છે, તેથી એને અસંખ્ય સમય લાગે છે. પરંતુ મુક્ત જીવ એક જ સમયમાં લોકાન્તે જે પહોંચે છે, તે વચલા આકાશ પ્રદેશોને અડક્યા વિના પહોંચે છે. આને અસ્પૃશદ્-ગતિએ ગમન કહે છે.

પ્ર૦–વચમા થઈને જાય છે, છતાં અડકે નહિ ! એ કેમ બને ?

ઉ૦–ગમનમાં ખાસ ઉત્કર્ષથી આમ બની શકે છે જેમ સામાન્ય વેગ કરતાં વિશિષ્ટ ઝડપથી થતા ગમનમાં વિશેષતા હોય છે, તેમ અતિ ઊંચા વેગવાળા ઉત્કૃષ્ટ ગમનમા અસ્પૃશત્ અવસ્થાની વિશેષતા ઘટી શકે છે.

## (૧૧) ભવ્યોનો કદી ઉચ્છેદ નહિ

સૂત્ર:–अनुच्छेओ भव्वाण अणंतभावेण, एअमणंताणंतयं।समया इत्थ नायं। भव्वतं जोगयामित्तमेव केसि चि पडिमाजुग्गदारुनिदंसणेणं। ववहारमयमेयं।

અર્થ:–ભવ્યોની અનંતતા હોવાથી (સંસારમાંથી એમનો કદી) ઉચ્છેદ નથી. આ (અનંતુ) 'અનંતાનંત' નામનું છે. આમાં સમયો દૃષ્ટાંત છે. ભવ્યત્વ પ્રતિમા યોગ્ય કાષ્ઠના દૃષ્ટાંતથી કેટલાકને યોગ્યતામાત્ર સ્વરૂપ જ હોય છે. આ (જીવનો ભવ્યત્વ સ્વભાવ) વ્યવહાર–મત છે.

**વિવેચન અનંતાનંત ભવ્ય કદી ખૂટે નહિ:–**

પ્ર૦–સિદ્ધ થયેલા પાછા તો આવતા નથી, અને સિદ્ધ થવાનું અનાદિકાળથી ચાલુ છે, તથા છ છ માસે ઓછામાં ઓછો એક સિદ્ધ તો થયા કરે છે, તો પછી ભાવીકાળે ભવ્યજીવો સંસારમાંથી ખૂટી કેમ ન જાય?

ઉ૦–ભવ્યોની સંખ્યા અનંત છે, તેથી ખૂટે એમ નથી.

પ્ર૦–વનસ્પતિમા કાયસ્થિતિ અનંતકાળની છતાં એનો યં ક્ષય તો થાય છે, તો સિદ્ધ થતાં થતાં, અનંતી ભવ્યરાશિનો પણ અંત કેમ ન આવે?

ઉ૦–ભવ્યોની અનંતની સંખ્યા 'અનંતાનંત' સ્વરૂપ છે, પણ 'યુક્તઅનંત' આદિસ્વરૂપ નથી. સંખ્યાશાસ્ત્રમાં નવ અસંખ્યાતની સંખ્યા વટાવી આગળ વધતાં, નવ અનંતા આવે. એમાં પહેલા ત્રણ તે 'પરિત્ત' અનંતા, પછી આગળ વધતાં બીજા ત્રણ તે 'યુક્ત,' અને તેથી આગળ ત્રણ 'અનંત' અનંતા આવે. ભવ્યોની સંખ્યા આમાં મધ્યમ 'અનંત' એટલે કે ૮મું

અનંતું છે. અનન્તાનન્ત સંખ્યામાં ત્રણે કાળના સમયોનું દૃષ્ટાંત છે. તેથી જેમ સમયો પ્રત્યેક ક્ષણે વહી જાય છે, છતાં એ કદી ખૂટે એમ નથી; તેમ કદી ભવ્યો ખૂટે એમ નથી. અહીં પાછું એવું નથી કે વહી ગયેલ સમય પાછા આવતા હોય તેથી કાળ અખૂટ રહેતો હોય ! એ તો નવા નવા જ સમય આવે છે.

**કાળ પાછો ન આવે:—**

પ્ર૦–વહી ગયેલ કાળ પાછો ન આવે તો પછી એમ કેમ કહેવાય છે કે 'ગયેલી ઋતુ પાછી આવે છે, ક્ષય પામેલો ચંદ્ર પુનઃ આવે છે, અર્થાત્ એક વાર શુકલ પક્ષ વીત્યા પછી પણ કૃષ્ણ પક્ષ પૂરો થયે ફરી શુકલ પક્ષ આવે છે; પરંતુ વહી ગયેલું નદીનું પાણી કે માણસનું આયુષ્ય પાછું ફરતું નથી.'

ઉ૦–અહીં ઋતુ વગેરે સમયનું પાછુ આવવાનુ કહ્યું, તે વ્યવહારમાત્રથી સમજવું. અર્થાત્ નિશ્ચયથી યાને વસ્તુસ્થિતિએ તો બીજો નવો જ ઋતુકાળ આવે છે, પણ જૂનો નહિ. કેમકે નિશ્ચયથી પણ જો એનો એ જ કાળ પાછો ફરતો હોય, તો તો બાલ્યકાળ વગેરે નિવૃત્ત જ ન થાય અર્થાત્ બાલ્યાદિ અવસ્થા ચાલ્યા જ કરવી જોઈએ; કારણ કે, પક્ષ વગેરે કાળનો સ્વભાવ જ બાલ્યાદિ અવસ્થા કરવાનો છે. હવે જો કાળ એનો એજ રહે પણ ફરે નહિ, તો એ અવસ્થા પણ ન ફરી શકે, કિંતુ એની એજ રહે !

**'ભવ્યો ન ખૂટે' એમાં દલીલ અને આગમ :—**

ટૂંકમાં, કાળ ફરે છે, ચાલુ કાળ વહી જાય છે, અને નવો આવે છે; છતાં કાળ ખૂટતો નથી. તેમ ભવ્યો પણ મોક્ષે જવા છતાં ખૂટતા નથી. કાળ અનાદિ; એમ સિદ્ધ થવાનું અનાદિ

કાળથી, એટલે કે અમર્યાદિત કાળથી. ભવ્યો ખૂટી જવાનું જે આ અમર્યાદિતકાળમાં ન થયુ એ હવેના ભાવી મર્યાદિતકાળમાં શે થાય ? અનંતજ્ઞાનીનું વચન છે કે સંસારનો કદી અંત નથી. જ્યારે પૂછો ત્યારે કહેવાશે કે એક નિગોદના અનંતમા ભાગ જેટલા જ સિદ્ધ થયા છે. આ સર્વજ્ઞકથિત આગમગમ્ય પદાર્થ છે. એ શ્રદ્ધાથી સ્વીકાર્ય છે.

**ભવ્ય-જાતિભવ્ય-અભવ્યઃ—**

બીજી એ પણ વાત છે કે સર્વ ભવ્યોને ય સિદ્ધિ મળવાનો પ્રશ્ન નથી ઊભો થતો. તે એટલા માટે, કે કેટલાએક ભવ્યજીવોમાં તો માત્ર યોગ્યતા (સિદ્ધ થઈ શકવાની લાયકાત) રૂપ ભવ્યત્વ છે, કિંતુ ભવ્ય છતાં પણ તે કયારેય સિદ્ધ નથી થવાના, કેમકે સદા નિગોદમાં રહેવાથી એમને મોક્ષ પામવાની સામગ્રી જ કદી મળવાની નથી આવા ભવ્યોને 'જાતિભવ્ય' કહેવાય છે. એમનામા ભવ્યત્વને સર્વજ્ઞો જોઈ શકે, જુએ છે.

પ્ર૦-તો પછી જાતિભવ્ય અભવ્યમા શાથી ફેર ?

ઉ૦-પ્રતિમા ઘડવાયોગ્ય કાષ્ઠના દૃષ્ટાંતે ફેર છે પ્રતિમા ઘડવાનું ભલે સમાન હોય, છતાં કાષ્ઠ કાષ્ઠમાં ફરક હોય છે. ગાંઠ વગેરેથી રહિત કોઈ કાષ્ઠ તો પ્રતિમાને યોગ્ય ગણાય છે. ત્યારે તેવુ ગાંઠ આદિવાળું કાષ્ઠ પ્રતિમા-યોગ્ય જ ગણાતું નથી. ત્યારે પ્રતિમાયોગ્ય કેટલા ય કાષ્ઠને સંયોગ-સામગ્રીના અભાવે પ્રતિમારૂપે ઘડ વાનું બનતું નથી. સ્વયંભૂરમણદ્વીપની માટીના ઘડા કોણ ઘડવાનું હતું ? છતાં શું એ માટી ઘડાયોગ્ય નથી ? છે જ. વંધ્યત્વ વિનાની સુશીલ વિધવાને કદી પુત્રોત્પત્તિ નહિ થાય છતાં એનામં યેગ્યતા ખરી. એવુ જાતિભવ્યોને છે. ત્યારે

નદિની રેતી ઘડા માટે, ને વંધ્યા સ્ત્રી પુત્રને માટે અયોગ્ય જ છે. આ વસ્તુ મોટા પંડિત કે અજ્ઞાન સ્ત્રીઓ પણ સમજે છે. બાકી બીજાઓમાં મોક્ષે જવાની યોગ્યતારૂપ ભવ્યત્વ તેના કાર્ય ઉપરથી કલ્પી શકાય છે. યોગ્યતા જ ન હોય તો સામગ્રી ગમે તેટલી મળે, છતાં ય મોક્ષ શું કે સમ્યક્ત્વાદિના પરિણામ શું, એ ન જ થાય. વળી આ યોગ્યતા પણ જીવમાં અનાદિકાળથી હોય છે.

(અહિં એ વિચારણીય બને છે કે આવું ભવ્યત્વ કે જે લાખો કરોડો ગમે ઉપાય યોજવા છતાં ઘડ્યું ઘડાતું નથી, કે મેળવ્યું મેળવાતું નથી, પણ અનાદિસિદ્ધ હોય છે. તે જો આપણને મળી ગયું છે, તો આપણાં સદ્ભાગ્યની કોઈ અવધિ છે? બિચારો અભવ્ય અનંતવાર નરકની કારમી પીડા ભોગવી આવે કે અનંતવાર પ્રભુના સમવસરણ જોઈ આવે તો પણ જે ભવ્યત્વ ન જ પામી શકે, અને તેથી જ કદી ય ઠેઠ નરક–નિગોદાદિ સુધીના કારમા ત્રાસમય સંસારમાંથી છૂટી જ ન શકે, એવું મહામૂલું ભવ્યત્વ આપણને સહજ મળ્યુ છે, કાંઈ જ કિંમત ખરચ્યા વિના મળ્યું છે, કોઇ પરિશ્રમ કર્યા વિના મળ્યું છે, તો પછી એનું મહત્ત્વ આપણે કેટલું સમજીએ છીએ? એ ભવ્યત્વ સફલ કરવા એટલે કાર્યસાધક બનાવવા કેટલી ગરજ, કેટલી કાળજી, અને કેટલી મહેનત લઈએ છીએ? જે ચિંતામણિને ફલોન્મુખ (ફળસાધક) કરવાથી મહાવૈભવસુખ મળતા હોય, તેને ચીંથરે બાંધી રાખી, કાચના ટૂકડા પાછળ કારમી મજુરી કરીને રોટલો–મરચું ઉપાર્જનારો કેવો મૂર્ખ અને ભાગ્યહીન ગણાય? ચિંતામણિ ચાલી ગયા પછી એ શું કરી શકવાનો? એવી રીતે જે ભવ્યત્વને પકવવાના આ સુંદર કાળમાં એ કર્યા વિના જ જીવન

ગુમાવે, પછી ભવ્યત્વ પકવવાની સંયોગ-સામગ્રી વિનાના ભવમાં એ બેકાર શું સાધી શકવાનો ? ભવ્યત્વ એ ચિંતામણિ છે, એને આરાધો. ભવ્યત્વ એ બીજ છે, એને પકવો. બીજાઓ મોક્ષે ગયેલા સાંભળીને, 'ત્યારે, મારો મોક્ષ થશે કે નહિ !' આ પ્રમાણે થતી શંકા પણ પોતાનામાં ભવ્યત્વને સાબિત કરે છે. 'એમ મારા આત્મામાં નિશ્ચિત થયેલા ભવ્યત્વને, અહો ! હું કેમ જલ્દી પકવું !' એ તમન્ના જોઈએ. )

**ભવ્યત્વ એ અનાદિ સાન્ત સ્વભાવ શાથી ?:—**

પ્ર૦-ભવ્યત્વ નિવૃત્ત થવાના સ્વભાવવાળું છે કે નિત્ય છે ? નિત્ય હોય તો મોક્ષમાં પણ ભવ્યત્વ રહે. અર્થાત્ મોક્ષગમન-યોગ્યતા રહે ! તેથી તો વસ્તુતઃ મોક્ષ થયો જ ન ગણાય. ત્યારે જો ભવ્યત્વ નિવૃત્ત-સ્વભાવ હોય તો ક્યારનું ય નિવૃત્ત થઈ જવું જોઈએ. જો એમ કહો કે કારણ સામગ્રી પામીને નિવૃત્ત થાય છે, તો પણ નિવૃત્ત થનારા એવા ભવ્યત્વને જીવનો સ્વભાવ કેમ કહેવાય ? સ્વભાવ તો તે કહેવાય કે જે વસ્તુ સાથે કાયમ રહેતો હોય. તેથી આ રીતે તો ભવ્યત્વ અસિદ્ધ નહિ બને ?

ઉ૦-ના, ભવ્યત્વ અંગે ઉપર મુજબ વિકલ્પ ઉઠાવવા નકામા છે, કેમકે યદ્યપિ ભવ્યત્વ શાશ્વત નિત્ય નથી, પણ નિમિત્ત પામીને મોક્ષ થતા એ નિવૃત્ત થવાના સ્વભાવવાળું છે; છતાં એ ભવ્યત્વ જીવનો જે સ્વભાવ ગણાય છે, તે વ્યવહારથી. નિશ્ચયથી તો જીવમાં સદા સ્થાયી એવા જ્ઞાનાદિ ધર્મને જ સ્વભાવ કહેવાય તેથી ભવ્યત્વ એ જીવનો સ્વભાવ ખરો, પણ નિશ્ચય-નયથી નહિ, કિંતુ વ્યવહારથી વ્યવહાર એજ રીતે વ્યવસ્થિત છે, કે ભવ્યત્વ કર્મપ્રેરિત યા કર્માધીન નહિ, કિન્તુ જીવ જ્યારથી

છે ત્યારથી એની સાથે જડાઈ ગયેલ છે, અને યોગ્યતારૂપ છે. તેથી સ્વભાવભૂત છે, જે અભવ્યોમાં નથી હોતું; તેમજ ઉપાયો દ્વારા એ ભવ્યત્વને પકવી એને મોક્ષની યોગ્યતામાંથી મોક્ષરૂપી ફલમાં પરિણમાવી શકાય છે... વગેરે પૂર્વે વિચારાઈ ગયું છે

(૧૨) વ્યવહાર એ તત્ત્વનું અંગ

સૂત્રઃ-एसो वि तत्तंगं पवित्तिविसोहणेण, अणेगंतसिद्धिओ, निच्छयंगभावेण ।

અર્થ-આ વ્યવહાર પણ તત્ત્વનું અંગ છે, કેમકે [૧] એ પ્રવૃત્તિ (પુરુષાર્થ)નું સંશોધન કરે છે, [૨] અનેકાંતવાદની સિદ્ધિ એથી થાય છે, [૩] એ નિશ્ચયનું અંગ છે.

વિવેચનઃ-વ્યવહાર સત્‌નો આલંબીઃ-

જગતની ભિન્ન ભિન્ન જાતિની સ્થિતિનો ને યોગ્યતાનો આવો વ્યવહાર પણ વાસ્તવિક તેવા તેવા વિચિત્ર સત્ પદાર્થોને અવલંબીને પ્રવર્તે છે; નહિ કે વિના પદાર્થે એ માત્ર જ્ઞાનસ્વરૂપ અર્થાત્ કાલ્પનિક છે. એથી હવે કોઇ એમ દુરાગ્રહ રાખે કે 'નિશ્ચયથી તો આત્મા અનંત જ્ઞાનસુખાદિ સ્વભાવવાળો છે, જ્યારે ભવ્યત્વાદિ વ્યવહાર તો કલ્પિત છે; માટે ભવ્યત્વને પકવવા કરવાની વાત ફજુલ છે,' તો એનો આ દુરાગ્રહ ખોટો ઠરે છે. ભવ્યત્વાદિનો આ વ્યવહાર સત્પદાર્થને અવલંબનો હોવાથી, એ વ્યવહાર પણ નિશ્ચયની જેમ અહીં મોક્ષ સાધનાના પ્રકરણમાં તત્ત્વનું અર્થાત્ પારમાર્થિક મોક્ષનું અંગ છે.

યોગ્યતા સદ્‌વસ્તુ છેઃ-વસ્તુસ્થિતિ તો એ છે, કે યોગ્યતાના પરિપાકની પ્રક્રિયા તો શું, પણ યોગ્યતાનું ભાને ય અર્થાત્ 'વસ્તુ યોગ્ય છે' એવી બુદ્ધિ ય, વસ્તુ ખરેખર એવી હોય તો જ થાય એટલે એ બુદ્ધિ અસદ્‌હેતુક નહિ, પણ સદ્

હેતુક હોય છે, અર્થાત્ એ ભાન સત્ એવી યોગ્યતાવસ્તુને આશ્રીનેજ જન્મી શકે છે, પણ અસત્‌ને લઈને નહિ. વસ્તુમાં યોગ્યતા-અયોગ્યતા જેવા સ્વભાવમાં જો કાંઈ તફાવત ન હોય, તો કેમ યોગ્ય જ વસ્તુ શોધતા જવાય છે? કેમ યોગ્ય ઉપર જ કાર્યની મહેનત થાય છે? એ કાંઈ, 'વસ્તુ બધી ય સરખી, માત્ર પોતાની કલ્પના અમુક પર યોગ્યતાની લગાવીને કાર્ય થાય છે,' એવું નથી. નહિતર તો ક્યારેક ખરેખર યોગ્ય નહિ એવી વસ્તુ પર યોગ્યતાની કલ્પના કરી કરેલી મહેનત નિષ્ફળ કેમ જાય? કાલ્પનિક યોગ્યતાની બુદ્ધિ તો ત્યાં છે જ, પછી કાર્ય કેમ ન થાય? તલમાંથી જ તેલ નીકળે છે, રેતીમાંથી નહિ; એ સૂચવે છે કે તલમાં યોગ્યતા છે, રેતીમાં નહિ મગમા રંધાવાની યોગ્યતા છે, કોરડુમાં નહિ. આ વસ્તુસ્થિતિ સત્ ન હોય તો કોરડુમાં આ મગ પચનયોગ્ય છે એવી કાલ્પનિક બુદ્ધિ પ્રમાણભૂત ઠરે! એમ ગાંઠાદિ રહિત યોગ્ય કાષ્ઠની જેમ અયોગ્ય કાષ્ઠમાં પણ 'આ ગાઠાળું કાષ્ઠ મૂર્તિ ઘડવા માટે અયોગ્ય છે,' એવું જ્ઞાન અપ્રમાણ ઠરે! આ બધું તો બીજે વિચાર્યું છે.

**વ્યવહાર તત્ત્વનું અંગ છે:—**

હવે અનુષ્ઠાનને આશ્રીને કહે છે કે આ વ્યવહારનય પણ તત્ત્વાંગ છે, એટલે કે પ્રવૃત્તિમાં મોક્ષનું એક અંગ છે. મોક્ષ-સાધક પુરુષાર્થમા જેમ નિશ્ચયનય એ સાધ્યદષ્ટિ રખાવે છે માટે ઉપયોગી છે, તેમ વ્યવહારનય એ પુરુષાર્થને આગળ ને આગળ વિશુદ્ધ બનાવવા દ્વારા ઉપયોગી છે. માટે કહ્યું છે કે 'જો વીતરાગ સર્વજ્ઞના જ સિદ્ધાંતને અનુસરતા હો, તો વ્યવહાર-નિશ્ચય બંનેને છોડતા મા. વ્યવહારનયના પણ નિર્ણયમા (અર્થાત્ વ્ય

વહારનય પણ મોક્ષસાધનાનું અંગ છે, એવા નિશ્શંક નિશ્ચયમાં મુંઝાશો નહિ કેમકે વ્યવહારનયનો નિષેધ કરવાથી અવશ્ય મોક્ષમાર્ગ રૂપી તીર્થનો જ ઉચ્છેદ થશે.' જો વ્યવહાર નહિ તો સાધના શી? શાસનની સ્થાપના શા સારુ?

પ્ર૦–નિશ્ચયનયથી આત્માના શુદ્ધસ્વરૂપ તરફની દૃષ્ટિને લઈ, એને જ સાધના કેમ નહિ કહેવાય?

ઉ૦–આ નિશ્ચયનય તમારા મતે ય જૂઠો છે. કેમકે આત્મા નિશ્ચયથી તો સર્વથા શુદ્ધ ક્ષાયિક સમક્તિ અને પૂર્ણ જ્ઞાનના સ્વભાવવાળો છે, અપૂર્ણ અશુદ્ધ જ્ઞાનાદિસ્વભાવવાળો નહિ. તો શું એ તમારી અશુદ્ધ અપૂર્ણ અવસ્થાની દૃષ્ટિ આત્મસ્વભાવમાં આવશે? નહિ જ. ત્યારે તમારે માનવું પડશે કે એ દૃષ્ટિ પણ વ્યવહાર છે. છતાં ય તે જો જરૂરી છે, તો એવી દૃષ્ટિને પોષનારી મહાવ્રતની પ્રતિજ્ઞા વગેરે ધર્મક્રિયાઓ પણ વ્યવહાર છતાં જરૂરી છે જ. તેથી જ મોક્ષસાધનાનુ એ અંગ છે. કેમકે,

**વ્યવહાર એ તત્ત્વાંગ હોવાનાં ૩ કારણઃ—**

(૧) **पवित्तिविसोहणेण**–વ્યવહારમતે બહારથી ચારિત્ર વગેરે પાળવાથી આગામી પરલોકની પ્રવૃત્તિનું સંશોધન થાય છે. આ અનુભવસિદ્ધ છે કે અહીં જેટલા પ્રમાણમાં વ્રતનિયમ–ત્યાગતપ પળાતા આવે છે એટલા પ્રમાણમાં પછી પૂર્વના જેવી પાપપ્રવૃત્તિ–રસ–ચડસ–અમર્યાદિતતા નથી રહેતી; એમાં હ્રાસ થઈ જાય છે એના સંસ્કારથી પરલોકમાં પણ એ હ્રાસ અનુસરે છે આની અસર આત્માના આંતરિક પરિણામ ઉપર પડે છે. માટે કહેવાય **કે ભાવી ભવોમાં ઝળકનારા એવા વિશુદ્ધ વિશુદ્ધતર ભાવોનું, આ વ્યવહાર ચારિત્રથી ઘડતર થવા માંડે છે.**

(૨) 'અણેગંતસિદ્ધિઓ'–નિશ્ચયની સાથે વ્યવહારને પ્રધાનપણે માનવાથી જ અનેકાંતવાદ પ્રમાણુસિદ્ધ ઠરે છે.

(૩) 'નિચ્છયગભાવેણ'–વ્યવહારથી ચારિત્ર વગેરેનું પાલન કરતાં કરતાં, આન્તર પુરુષાર્થ શુદ્ધ બનીને [૧]અપૂર્વકરણાદિ નિશ્ચયસાધના પ્રાપ્ત થાય છે.

આમ આ ત્રણ પ્રબલ હેતુએ વ્યવહાર પણ મોક્ષાંગ છે. કિંતુ એટલું ખાસ ધ્યાનમાં રાખવા જેવું છે કે દંભ યા મલિન આશંસા આદિથી રહિત શુદ્ધ વ્યવહાર એજ આજ્ઞાનુસારી પુષ્ટ આલંબન છે અર્થાત્ નિશ્ચયધર્મની પ્રાપ્તિ માટે શુદ્ધ એવા વ્યવહારનું આલંબન પુષ્ટ આલંબન ગણાય, અથવા શુદ્ધ જ વ્યવહાર નિશ્ચયરૂપી પુષ્ટ આલંબનવાળો ગણાય, અશુદ્ધ વ્યવહાર તો આ જીવે અનંત કર્યા; છતાં એ સર્વથી જે કાર્ય ન સિધ્યુ, તે કાર્ય નિશ્ચયના ધ્યેય સાથેના શાસ્ત્રોકત શુદ્ધ ચારિત્રાદિ-વ્યવહારથી સિદ્ધ થાય છે.

**વ્યવહાર જરૂરીના દાખલા :–**

નિશ્ચય–ચારિત્ર ત્રીજી કષાયની ચોકડીના ક્ષયોપશમથી પ્રગટતા આત્માના શુદ્ધ પરિણામને કહે છે. એનું સંપાદક, સંવર્ધક અને સંરક્ષક વ્યવહાર–ચારિત્ર છે. અર્થાત્ સંસારના સબંધો વોસિરાવી, રજોહરણાદિ સાથે, પ્રભુ સમક્ષ, ગુરુ પાસે ચારિત્રની પ્રતિજ્ઞા કરી જ્ઞાનાદિ પંચાચારનું પાલન, શાસ્ત્રાધ્યયન,

---

૧ આત્મા અપ્રમત સર્વવિરતિના ભાવથી આગળ વધી ક્ષપકશ્રેણી પર ચઢવા જે અભૂતપૂર્વ આત્મવીર્ય ફોરવે છે, તે અપૂર્વકરણ કહેવાય એથી આગળ વધી અનિવૃત્તિકરણ મોક્ષપણા, ઘાતિકર્મનો નાશ વગેરે નિશ્ચય–સાધના કરે છે, પછી કેવળજ્ઞાન પામી શૈલેશીકરણ કરી મુક્ત થાય છે.

પરીસહ-ઉપસર્ગનું સહન, વગેરે કરવું, એ જે વ્યવહાર-ચારિત્ર છે, તે જ વાસ્તવિક કષાયક્ષયોપશમ અને વિરતિભાવરૂપી નિશ્ચય-ચારિત્રમાં આત્માને ખરેખર રમતો રાખે છે. ભાણામાં પીરસેલી રસોઈને જોયા કરવાથી આંતરિક તૃપ્તિ ન થાય. આંતરિક તૃપ્તિ તો એને હાથમાં લઈ મોંમા મૂકી ચાવી પેટમાં ઉતારવા વગેરેના બાહ્ય વ્યવહારથી જ થાય ઉપદેશક કે કવિના હૃદયમાં ગમે તેવા ઉપદેશ કે કાવ્ય રમતા છતાં, એ ઉચ્ચારણ કે લેખનરૂપ વ્યવહારમાં ન ઉતરે ત્યા સુધી બીજા એનો સ્વાદ ક્યાથી અનુભવે ? વસ્તુ કે વ્યક્તિ પર પ્રેમ હોવા છતાં જો એના પર શોભા કે એની સરભરા જોતાં પ્રેમ વધી જાય છે, તો એ વ્યવહારનો જ મહિમા સૂચવે છે. ઉન્માર્ગે ચઢી ગયેલાને સત્સમાગમ, પરમાત્મદર્શન, વૈરાગ્યશ્રવણ, ધાર્મિક અનુષ્ઠાન, કર્તવ્ય-પાલન વગેરે વ્યવહાર મળે છે, તો તે નિશ્ચય-સન્માર્ગ પામે છે; જ્યારે એ વ્યવહારમાં ન આવનારા અને તેથી જ ઇંદ્રિય-ગુલામી, ભોગપલંપટતા, ધનલોભ, કષાયી ચેષ્ટા, વગેરેમા લીન રહેનારા, એ આત્મામાં શુભ ભાવ નથી જગાડી શકતા, એ પ્રત્યક્ષ દેખાય છે. એ નિશ્ચયને શું પામે ? નિશ્ચયનયનો એકાંત માની બાહ્ય બીજા વ્યવહારને ઉડાવનારાને પણ સામામાં નિશ્ચયની શ્રદ્ધા-સમજ કરાવવા માટે ઉપદેશ, લેખ વગેરે બાહ્ય વ્યવહારનું જ શરણું લેવું પડે છે. એ સૂચવે છે વ્યવહાર એ નિશ્ચયની સિદ્ધિ માટે પ્રવૃત્તિનું અનિવાર્ય આવશ્યક અંગ છે નિશ્ચયની પ્રાપ્તિ વ્યવહારથી, નિશ્ચયની વૃદ્ધિ વ્યવહારથી, નિશ્ચયનું શોધન વ્યવહારથી, નિશ્ચયની પૂર્ણતા વ્યવહારથી. તેરમા ગુણ-સ્થાનકને અંતે યોગોનો નિરોધરૂપી વ્યવહાર આદરવાથી જ સ્થિર આત્મપ્રદેશરૂપ નિશ્ચયના પૂર્ણતા થાય છે.

## (૧૩) જિનાજ્ઞા સમંતભદ્રા : પાત્ર કોણ?

**સૂત્રઃ-एसा आणा इह भगवओ समंतभद्दा तिकोडिपरिसुद्धीए, अपुणबंधगाइगम्मा।**

**અર્થ**-અહીં ભગવાનની આ (ઉભય નયની) આજ્ઞા સમંતભદ્રા છે, ત્રિકોટિ-પરિશુદ્ધ છે, અપુનર્બંધકાદિ જીવોથી સમજાય એવી છે

### વિવેચનઃ-સમંતભદ્ર : ૩ પરીક્ષાશુદ્ધઃ-

અહીં શ્રી અરિહંત ભગવંતની ઉભયનયગર્ભિત અર્થાત્ નિશ્ચય-વ્યવહાર બંને નયને પ્રરૂપનારી આ આજ્ઞા, અથવા આ પંચસૂત્રમાં અનુવાદ કરેલી સર્વ આજ્ઞા સમંતભદ્ર છે-સર્વ રીતે નિર્દોષ છે. કેમકે એ કષ, છેદ અને તાપની ત્રિકોટિ-પરીક્ષામાં શુદ્ધ સાબિત થયેલી છે. જેમ સુવર્ણને કસોટીએ કસી, વચ્ચેથી કાપી, જરૂર પડચે અગ્નિ પર તપાવી પારખવામાં આવે છે, તેવી રીતે શાસ્ત્રવચનની પરીક્ષા કરાય છે. તેમાં અવિરુદ્ધ કલ્યાણ કર્તવ્યનાં વિધાન, અને વિરુદ્ધ કાર્યોનાં નિષેધ, જે શાસ્ત્રે ફરમાવ્યા હોય, તે શાસ્ત્ર [1]'કષ' પરીક્ષામાં નિર્દોષ ઠર્યું. વળી એ વિધિનિષેધની પ્રાપ્તિ કે પાલન કરાવે એવી ક્રિયાઓ-આચારો બતાવનારું શાસ્ત્ર [2]'છેદ' પરીક્ષામાં પસાર ગણાય. તથા એ વિધિનિષેધ અને આચાર સંગત થઈ શકે અર્થાત્ વિહિતનો સ્વીકાર અને નિષિદ્ધનો ત્યાગ તથા આચાર-ક્રિયા ઘટી શકે, એવાં તત્ત્વ અને સિદ્ધાન્તની વ્યવસ્થાવાળું શાસ્ત્ર એ [3]'તાપ'

---

१ विधिप्रतिषेधौ कषः। २ तत्संभवपालनाचेष्टोक्तिश्छेदः। ३ तन्निबन्धन-भाववादस्तापः।

પરીક્ષામાં શુદ્ધ નીવડ્યું કહેવાય. શ્રી તીર્થંકરદેવનાં વચનો આ ત્રિવિધ પરીક્ષામાં પસાર છે; કેમકે, (૧) એમાં તપ સ્વાધ્યાય-ધ્યાનાદિનાં વિધાન છે, અને સૂક્ષ્મ જીવની પણ હિંસા વગેરેના નિષેધ ફરમાવેલા છે; (૨) એ વિધિનિષેધને એટલે કે તપ-ધ્યાનાદિપાલન અને હિંસાદિ-ત્યાગને પમાડે અને સંરક્ષે એવી સમિતિ ગુપ્તિ તથા નિર્દોષ ભિક્ષાચર્યાદિ ક્રિયાઓ ઉપદેશી છે; અને (૩) એ વિધિનિષેધ-આચારક્રિયા ઘટી શકે એવાં તત્ત્વ યાને નિત્યાનિત્ય આત્માદિ પદાર્થો તથા સ્યાદ્વાદાદિ સિદ્ધાન્ત કહેલાં છે. નિષિદ્ધ હિંસાદિને ત્યજીને વિહિત તપચારિત્રાદિ સાધવાનું એકાંતે નિત્ય અપરાવર્ત્ય આત્મામાં ક્યાંથી ઘટી શકે? તેમજ એકાંતે ક્ષણિક અનિત્યમાં પણ ન ઘટે; કેમકે હિંસાદિ ત્યજનાર અને તપ-ચારિત્ર સાધનાર તો ક્ષણમાં સર્વથા નાશ પામ્યો, ત્યારે એનું ફળ પામનાર કોઈ બીજો નવો જ જન્મ્યો! એટલે સાધના અને ફળ પામનારો એક જ આત્મા ન બન્યો! ત્યારે, નિત્યાનિત્ય સ્વરૂપવાળો જ આત્મા એ બંનેમાં પરિણમી શકે, એમાં જ એ ઘટી શકે. જૈનશાસનમાં જ આ સ્યાદ્વાદ છે.

**આવાં ત્રિકોટિ પરિશુદ્ધ સત્ય જિનવચન કોણ પાળી** શકે? તો કે એ સઘળા ય જો ગમ્ય હોય, અર્થાત્ લક્ષ્ય અને યથાર્થ જણાવા યોગ્ય હોય તો તે અપુનર્બન્ધકાદિ આત્માને જ ગમ્ય છે.

'અપુનર્બન્ધક' એટલે સિત્તેર કોડાકોડી વગેરે ઉત્કૃષ્ટી કર્મની સ્થિતિને હવે ફરી કદી ય નહિ બાંધવા (ઉપાર્જવા) રૂપે ખપાવનાર, આત્મા, એજ જિનવચનના બોધને યોગ્ય છે. આદિ શબ્દથી,-

**'માર્ગાભિમુખ, માર્ગપતિત'** વગેરે આત્માઓ લેવા. અહિં 'માર્ગ' શબ્દથી સમ્યક્ત્વ (જિનવચનની શ્રદ્ધા)ને પમાડનાર માર્ગ લેવો, એટલે કે વિશિષ્ટ ગુણસ્થાન(સમ્યક્ત્વ)ની પ્રાપ્તિ કરાવવામાં તત્પર એવો ઘાતી કર્મનો અમુક ક્ષયોપશમ લેવો. તેથી ચિત્તનું તત્ત્વશ્રદ્ધા સન્મુખ જે સરળ ગમન નીપજે છે, એ માર્ગ કહેવાય. એ માર્ગમાં પ્રવેશેલો તે માર્ગપતિત, અને અને માર્ગપ્રવેશને યોગ્ય બનેલો તે માર્ગાભિમુખ.

પ્ર૦-તે કેમ ઓળખાય ?

ઉ૦-એમના આચારવિચાર પરથી એ ઓળખાય; જેમકે એ લીધેલી પ્રતિજ્ઞાને દૃઢપણે પાળનારા હોય છે. કદાચ એમાં સ્ખલના થાય તો ગુરુસમક્ષ એના આલોચક-પ્રકાશક હોય, એમ વસ્તુતત્ત્વના ચિંતક-પરીક્ષક હોય છે, ઘોર સંસાર પર બહુમાન વિનાના હોય છે, ઇત્યાદિ.

આવા જીવો જ જિનાજ્ઞા પામવાને યોગ્ય હોય છે, પણ ભવાભિનંદી જીવો નહિ; કેમકે એ તો અપુનર્બન્ધક કરતાં ઘણી પાછલી દશામાં છે. ભવાભિનંદી જીવોને તો કોઈ જિનવચન સંભળાવે, તો પણ તેથી, એમને એ માત્ર જડપુદ્ગલાનંદી, સંસાર રસિક અને મોક્ષની અરુચિવાળા તથા અસત્પાપપ્રવૃત્તિમાં લીન હોઇને વિષયપ્રતિભાસ જ્ઞાન થાય છે. કિન્તુ પરિણતિજ્ઞાન નહિ. એટલે કે દા. ત. 'ઇન્દ્રિયોના ઇષ્ટ વિષયો આત્મઘાતક છે.' એવું જિનવચનથી માત્ર પ્રતિભાસ રૂપે જાણી શકે છે ખરા, પરંતુ એ જાણકારી એમના દિલને અસરકારક નથી બનતી, એ વિષયોને દ્વેષ્ય તિરસ્કાર્ય તરીકે લગાડી શકતી નથી. એવું લગાડે તે પરિણતિ જ્ઞાન કહેવાય.

પરિણતિ જ્ઞાન એટલે મનને ચમકારો કરે તેવું જ્ઞાન 'પાડોશીનો છોકરો પડી ગયો' એવું સાંભળીને હૃદયને કાંઇ આંચકો ન કરાવે તે પતનનું પ્રતિભાસ જ્ઞાન. પરંતુ 'ના, ના, પાડોશીનો નહિ, એ તો તમારો છોકરો પડ્યો', એમ સાંભળતાં હૃદયમાં ધ્રાસકા સાથે 'હેં ? હેં ? શું કીધું ? હાય ! ક્યાં પડ્યો ? કેમ પડ્યો ?' વગેરે ચમકારો કરાવે તે પતનનું પરિણતિ જ્ઞાન. રસ્તે જતા દારૂ પીધેલાને કોઈ કહે, 'અલ્યા ! આ બાજુ ચાલ, નહિતર તે બાજુ કૂવો છે. તેમાં પડીશ !' ત્યારે તેને કૂવો હોવાનું જણાય તો ખરું, પણ દિલને કોઇ ડર નહિ, તે કૂવાનું પ્રતિભાસ જ્ઞાન. ત્યારે ઘેન વિનાના સાવચેત માણસને કૂવો હોવાનું સાંભળતાં જ 'હે ! કૂવો ? બાપરે ! હમણાં મરત !' એ ચમકારાવાળું જ્ઞાન થાય તે કૂવાનું પરિણતિજ્ઞાન. ભવાભિનંદી જીવ એટલે મોહમદિરાથી છાકટો બનેલો દારૂડિયો. એને વિષયો ભયંકર એવું સાંભળવા છતાં વિષયો પ્રત્યે કોઈ દ્વેષ ન થાય. ને તેથી જ વિષયત્યાગનાં જિનવચનને એ યથાર્થ પામ્યો ન ગણાય. અશ્રદ્ધાળુ આત્મા જિનવચનને સંગ્રહનારા શાસ્રને યથાર્થ રીતે પામી શકતા નથી, પછી ભલેને એવા જીવે સ્વર્ગીય સમૃદ્ધિ આદિના ઉદ્દેશથી ચારિત્ર પણ લીધું કે શાસ્રપઠન કર્યું હોય.

પ્ર૦–તો પછી તે બીજાને શી રીતે કેટલીક વાર તારનારા બને છે ? જાતમાં અસર નથી તો અન્યને અસર કેમ કરે ?

ઉ૦–જેમ દર્પણમાંનાં મેલા પણ મુખના પ્રતિબિંબ થકી એ દર્પણ મુખને ઉજળું નથી કરતું; કિન્તુ પ્રતિબિંબને જોઇને માણસ પોતાના યોગ્ય સાધન દ્વારા મુખ ઉજ્જવળ કરે છે; એમ આ ભવાભિનંદી જીવના બાહ્ય વર્તાવ–વાણીરૂપી દર્પણમાં યોગ્ય

જીવ પોતાની મલિનતા દેખી પોતાની લાયકાત અને શ્રમથી ઊજળો બને છે.

સૂત્રઃ-पअपिअत्तं खलु इत्थ लिगं ओचित्तिपवित्ति-विन्नेअं, संवेगसाहगं णिअमा।

**અર્થઃ**-અહીં અપુનર્બન્ધકતાદિનું જ્ઞાપક લિંગ આજ્ઞાપ્રિયતા છે, જે ઔચિત્ય પૂર્વકની પ્રવૃત્તિથી જણાય. એ અવશ્ય સંવેગ-સાધક છે.

**વિવેચનઃ-આજ્ઞાપ્રિયતા-ઔચિત્યઃ-**

સૂત્રકાર મહર્ષિ આજ્ઞાપ્રિયતાને અપુનર્બન્ધકાદિ આત્માનું લિંગ (ચિહ્ન, લક્ષણ) કહે છે. આજ્ઞાની પ્રિયતાની સાથે આજ્ઞાનું શ્રવણ અને અભ્યાસ પણ લિંગ તરીકે સમજી લેવા. ભવાભિનંદી અવસ્થા વટાવીને અપુનર્બંધક અવસ્થા પામનાર તે છે કે જે જિનની આજ્ઞાને પ્રિય કરે છે. ત્યાં એને એમ થાય છે કે 'અહો! ભગવંતની આજ્ઞા રુચવાનો, જાણવાનો, અને આદરવાનો આ અહીં અવસર મળ્યો છે! જો અહીં એ ચૂકીશ, તો ફરી એ ક્યાં મળનાર છે?' **જિનાજ્ઞાપાલનનું જ જ્ઞાન અનંતું કેવળજ્ઞાન પમાડે છે, જિનાજ્ઞાપાલનમાં જ ખર્ચેલ શક્તિ અનંતું વીર્ય પ્રગટાવે છે, જિનાજ્ઞાપાલનમાં જ મ્હાણેલું સુખ અનંત સુખ દેખાડે છે.** જીવનમાં આજ્ઞાનો વિશુદ્ધ પ્રેમ આવ્યાનું, ઔચિત્યથી થતાં પ્રવર્તનદ્વારા, જણાય છે કેમકે ઔચિત્યને (યોગ્ય વર્તાવને) જાળવવામાં જ આજ્ઞા પર બહુમાન રહે છે. **ઔચિત્યનો ભંગ કરીને પ્રવર્તવામાં તો આજ્ઞા-પ્રિયતા નથી કિંતુ મોહનો નાચ છે.** આજ્ઞા જે સમગ્ર જડ સંસારને અસાર, તુચ્છ, કથિરનો કહે છે. એવા સંયોગને એ

બરાબર એવો જ સમજે, તો અવસરે એના પ્રલોભનને જતું કરે. પણ ઔચિત્યને જતું નહિ કરે. આમ ઔચિત્યને અખંડ જાળવે, તો મનાય કે એ આજ્ઞા પર બહુમાન કરનારો છે. જુઓ કે ઔચિત્યનો ભંગ કોણ કરાવે છે? તુચ્છ સંસારના વિષય-કષાયના બહુમાન ને? એ બહુમાન જેને છે એને આજ્ઞાના આદર ક્યાંથી હોય? કેમકે સઘળી ય આજ્ઞા યાને સમસ્ત જિનવચન વિષયકષાયની ભયંકરતા અને મોક્ષ-મોક્ષસાધક ધર્મની જ કલ્યાણ-મંગળરૂપતા દર્શાવી વિષયકષાયને અત્યંત ત્યાજ્ય અને મોક્ષ તથા સદ્ધર્મને જ ઉપાદેય-આદરણીય કહેનારા છે. ધરાર અનુચિત વર્તનારો આવાં જિનવચનની અવગણના કરી વિષયકષાય અને અર્થકામને આદર સાથે સેવી રહ્યો છે.

આથી સમજાશે કે આજ્ઞાનો પ્રેમી, જેમ સર્વત્ર મન-વચન-કાયાએ ઉચિત વર્તાવનો ખપી હોય, તેમ નિયમા સંવેગનો સાધક હોય. **'સંવેગ' એટલે મોક્ષનો અને મોક્ષસાધક જિનોક્ત ધર્મનો તીવ્ર અભિલાષ, દઢ રંગ.** મોક્ષ અને ધર્મની આજ્ઞા ગમી એટલે સહેજે એ મોક્ષ અને ધર્મનો રંગ જમાવે ને વધારે. આજ્ઞા પામવા છતાં જો આત્મામાં સંવેગ નથી, તો વસ્તુતઃ તે હૃદયમાં આજ્ઞા પામ્યો જ નથી. સંવેગીને તો આજ્ઞાના પ્રતાપે સન્માન, સમૃદ્ધિ કે સ્વર્ગાદિ મળે, તો ય ત્યાં એ ઔચિત્ય સાથે સંવેગ-વિરાગમાં ઝીલનો હોય. તેથી એને ભવવૃદ્ધિ કે દુર્ગતિ ન થાય પરંતુ સંવેગ વિનાના ભવાભિનંદીને તો સન્માન સમૃદ્ધિ મળતાં, સંવેગાદિના અભાવે એ એવા કષાય-હિંસાદિના ઘોર પાપમાં પડે છે, કે તેથી એને દીર્ઘ દુર્ગતિના ભવો સર્જાય.

## (૧૪) અપાત્રને જિનાજ્ઞા ન દેવામાં કરુણા

સૂત્ર:-न एसा अन्नेसिं देआ। लिंगविवज्जयाओ तप्परिण्णा। तयणुग्गहट्ठयाए आमकुंभोदगनासनाएणं एसा करुणत्ति वुच्चइ एगंत-परिसुद्धा, अविराहणाफला, तिलोगनाहबहुमाणेणं निस्सेअससाहिगत्ति पवज्जाफलसुत्तं। (इति श्रीपञ्चसूत्रम्।

અર્થ:-આ જિનાજ્ઞા (અપુનર્બંધકાદિ સિવાયના) બીજા જીવોને નહિ આપવી. એવાની ઓળખાણ (અપુનર્બંધકાદિનાં લક્ષણથી) વિપરીત લક્ષણોએ થાય. (જિનાજ્ઞા ન આપવી એમાં) કાચા ઘડામાં પાણી ભરવાના દૃષ્ટાંતે તેના ઉપકારનું પ્રયોજન હોવાથી એ કરુણા છે એમ કહેવાય છે, ને તે એકાંતે વિશુદ્ધ છે. (એમાં જિનાજ્ઞાની) વિરાધના નથી થતી ત્રિલોકનાથ પરનું બહુમાન હોવાથી એ મોક્ષની સાધક છે. એ પ્રમાણે 'પ્રવ્રજ્યાફળ' સૂત્ર પૂરું થયું. (શ્રી પંચસૂત્રક પૂર્ણ થયું.)

**વિવેચન:-જિનાજ્ઞા કોને ન આપવી ?:-**

હવે સૂત્રકાર આ પંચસૂત્રે કહેલ માર્ગમાં અંકિત થયેલ જિનવચન-જિનાજ્ઞા કોને ન આપવી તે બતાવતાં કહે છે કે જેને એવી જિનાજ્ઞા પ્રિય નથી, જેને એવાં જિનવચન ગમતાં નથી, એને એનું દાન ન કરવું. કેમકે આ જિનાજ્ઞા-જિનોક્ત-માર્ગમાં જે ઉચ્ચ આધ્યાત્મિક હિતકર કડક વિધાનો છે, એ એવા ભૌતિક વિલાસના રસિયાને હાસ્યાસ્પદ અને અવગણના પાત્ર લાગે છે. એવાને આ જિનાજ્ઞા સાંભળતાં એ હાંસી-અવગણનાનો ઉન્માદ જાગે છે. તેથી તો એ બિચારાને દુઃખદ દુર્ગતિના ભવો સર્જાય. માટે જ અપુનર્બન્ધકાદિ સિવાયના બીજા જે અસંવેગી અને અનુચિતકારી એવા ભવાભિનંદી જીવો,

તેને શ્રી જિનભગવંતની સદ્ આજ્ઞા આપવી નહિ, અર્થાત્ શાસ્ત્ર-રહસ્યો કહેવા નહિ, તેમજ આજ્ઞાએ આદેશેલ માર્ગ આપવો નહિ.

**પ્ર૦-એવા અયોગ્ય જીવો શી રીતે ઓળખાય ?**

ઉ૦-અપુનર્બન્ધકાદિ જીવો કરતાં ઉલ્ટાં લક્ષણથી, દા. ત. તીવ્ર વિષય-પરિગ્રહાદિની અનાદિ સંજ્ઞા, મુક્તિ પ્રત્યે દ્વેષ, અનુચિતકારિકા, વગેરે ચિહ્નોથી એ ઓળખાય. ક્ષુદ્રતા, લોભરતિ વગેરે એનાં લક્ષણ તો પૂર્વે કહેવાઈ ગયા છે.

**તારક જિનાજ્ઞા અયોગ્યને કેમ સારી નહિ ?:-**

કોઇને એમ દયા આવે કે 'એવો જીવ સંસારમાં અથડાતો કુટાતો માંડ માંડ મનુષ્ય ભવ પામ્યો છે, તો એ બિચારાને તારક જિનાજ્ઞા આપો ને;' પણ ના, ન જ અપાય, એને જિનાજ્ઞા ન આપવામાં એની દયા કરી કહેવાય, કેમકે એનું ચિત્ત પ્રશાન્ત નથી તેથી, જેમ નવા આવેલા તાવમાં એ તાવને તરત શાન્ત કરવાનું ઔષધ અપાય તો એ સનેપાત વગેરે વધુ ખરાબી કરે છે, તેમ અશાન્ત (વિષયકષાયથી વિહ્વલ) મતિવાળાને શાસ્ત્રના સમ્યગ્ ભાવોનું કરેલું પ્રતિપાદન એને નુકસાન કરનારૂં બને છે. બીજું પણ દૃષ્ટાન્ત કાચા ઘડાનું છે. જેમ કાચા ઘડામાં નાખેલું પાણી ઘડાનો નાશ કરે છે, તેમ જિનોક્ત સિદ્ધાન્તનું રહસ્ય નાના (અયોગ્ય)પાત્રમાં નખાય, તો તેથી અપાત્ર જીવનો ઉન્માદ વધવાથી વધુ વિનાશ થાય છે. તેથી અયોગ્યને આવી ઊંચી જિનાજ્ઞા ન આપવી, એ એની દયા છે. એવી દયા જ એકાન્તે શુદ્ધ છે. કેમકે એથી પૂર્વે કહેલા અપાત્રદાનના નુકસાન નિવારાય છે. એવી શુદ્ધ દયા જ સમ્યગ્ વિચારપૂર્વકની હોવાથી પોતાને અને

સામાને વિરાધનામાંથી બચાવી લેનારી બને છે, નહિ કે દયાભાસ.

**અયોગ્યને જિનાજ્ઞા આપવાની દયા સ્વ-પરઘાતક** છે. બિમારને અયોગ્ય કુપથ્ય આપવાની કરાતી ઉપલક દેખાવની દયાની જેમ એ દયાભાસ છે, ખોટી દયા છે. કેમકે અપાત્ર જીવને ભવનો આનંદ છે, ઇંદ્રિયવિષયો અને કષાયોમાં નિર્ભીક રમણતા છે એને એ પાપ તો છે જ; હવે એને વિષય-કષાય ભયંકર અને ત્યાજ્ય કહેનારાં જિનવચન આપો એટલે એ વચનની હાંસી કરે છે, વચન પર સૂગ અને દ્વેષ કરે છે, આ વધુ પાપ છે. એ એને દુર્ગતિઓમાં રીબાવે છે. આમા એની દયા ક્યાં થઈ? માટે એવાને જિનવચન આપનારો ખોટી દયામાં તણાય છે. એ દયા એને જિનવચનની વિરાધનાથી બચાવતી નથી. ત્યારે અપાત્રને જિનાજ્ઞા ન આપવારૂપી શુદ્ધ દયા કરનારને એ દયા જિનાજ્ઞાની વિરાધનાથી બચાવતી હોવાથી, અને એમ કરવામાં જ ત્રિલોકનાથ શ્રી તીર્થંકરદેવ ઉપરનું બહુમાન અખંડ રહેતું હોવાથી, એ મોક્ષસાધક બને છે. અર્થાત્ ભવાભિનંદીને જિનવચન ન દેનારો એને ય વધુ અનર્થથી બચાવે છે, અને સ્વયં વિરાધનાથી બચી મોક્ષ સાધી શકે છે. આવી સાચી દયાનું સ્વરૂપ કહેનારા શ્રી પરમાત્મા ઉપર ખરેખર બહુમાન ધરનારો એ જ ગણાય છે.

તાત્પર્ય એ છે કે જેને જિનોક્ત આગમ નથી પરિણમ્યા, આગમોનો પરિણતિરૂપ બોધ નથી થયો, એ એવી સાચી દયા નથી સાચવી શકતા; કિંતુ જેમને આગમ પરિણમ્યા છે, એ જ એવી દયા જાળવી શકે છે. 'પરિણમવું' એટલે કે પચવુ તેને કહેવાય કે જેનાથી રસકસ વધે, પણ અજીર્ણના વિકારો ન થાય. આગમને પચાવી પરિણમાવી શકનારો તે, કે જેને

એનાથી. બીજા ત્રીજા વિકારોની જેમ, અપાત્રદાનનું સાહસ, ટૂંકી દૃષ્ટિ, આગમવચનની ઉપરવટતા, વગેરે વિકારો પણ ન થાય. આવાને જગદ્ગુરુ ઉપર આંતર ભક્તિ ખૂબ હોય જ. એમાં નવાઈ નથી; અને એથી જ એ આગમ-પરિણતિવાળો આવી જે સાચી દયા કરે, તે દયા પણ અનુબંધવાળી સુપ્રવૃત્તિ દ્વારા, અર્થાત્ સમ્યક્ પરમાર્થમય પ્રવૃત્તિઓની પરંપરા દ્વારા, મોક્ષને અવશ્ય સાધી આપે છે.

આ રીતે પ્રવ્રજ્યાફલ-સૂત્ર સમાપ્ત થયુ. એથી પંચસૂત્રની વ્યાખ્યા પણ સમાપ્ત થઈ. વ્યાખ્યાની સાથે પચસૂત્ર પૂર્ણ થયું. હવે ટીકાકાર મહર્ષિ નીચે મુજબ વદન વાંછા કરે છે.

શ્રુતની અધિષ્ઠાત્રી શ્રી સરસ્વતી દેવીને નમસ્કાર હો. નમસ્કાર કરવા યોગ્ય સઘળાયને નમસ્કાર હો. સર્વે વંદનીયને હું વદન કરું છું. સર્વે ઉપકારીઓનાં વૈયાવચ્ચ (સેવા)ને હું ઇચ્છું છુ. એ સર્વના પ્રભાવે ઔચિત્યનાં પાલનપૂર્વક ધર્મમાં મારો પુરુષાર્થ હો. સર્વે જીવો સુખી થાઓ. સર્વે જીવો સુખી થાઓ, સર્વે જીવો સુખી થાઓ.

इति श्रीचिरन्तनाचार्यकृत-पञ्चसूत्रकसत्कमाचार्यपुरन्दर-समर्थ-शास्त्रकार-श्रीहरिभद्रसूरिकृतटीकानुसारेण सिद्धान्तमहोदध्याचार्यश्री विजयप्रेमसुरीश्वरशिष्याणुपंन्यासभानुविजयकृतम् 'उच्च प्रकाशना पंथे' नामकं बालभाषाविवेचनं समाप्तिमगात् । विवेचनेऽस्मिन् यदि सूत्रकारटीकाकाराशयविरुद्धं श्रीजिनवचनविरुद्धं वा किञ्चित्प्रलपितं स्यात् तदा तन्मे मिथ्या दुष्कृतं भूयादिति ।

☆

# શ્રી પંચસૂત્ર મૂળ

ણમો વીઅરાગાણં સવ્વણ્ણૂણં દેવિંદપૂઇઆણં જહટ્ઠિઅ-વત્થુવાઇણં તેલુક્કગુરૂણં અરુહંતાણં ભગવંતાણં ।

જે એવમાઇક્ખંતિ-ઇહ ખલુ અણાઈ જીવે અણાઇ જીવસ્સ ભવે અણાઇ કમ્મસંજોગનિવત્તિએ દુક્ખરૂ વે દુક્ખફલે, દુક્ખાણુબંધે એઅસ્સ ણં વુચ્છિત્તી સુદ્ધધમ્માઓ. સુદ્ધધમ્મસંપત્તી પાવકમ્મવિગમાઓ. પાવકમ્મવિગમો તહાભવત્તાઇભાવઓ.

તસ્સ પુણ વિવાગસાહણાણિ. ૧. ચઉસરણગમણં, ૨. દુક્કડ-ગરિહા, ૩. સુકડાણસેવણં, અઓ કાયવ્વમિણં હોઉકામેણં સયા સુપ્પણિહાણં ભુજ્જો ભુજ્જો સંકિલેસે, તિકાલમસંકિલેસે.

જાવજ્જીવં મે ભગવંતો પરમતિલોગનાહા અણુત્તરપુણ્ણ-સંભારા ખીણરાગદોસમોહા, અચિંતચિંતામણી, ભવજલહિપોઆ, એગંતસરણા અરહંતા સરણં.

તહા પહીણજરામરણા અવેયકમ્મકલંકા, પણટ્ઠવાબાહા, કેવલ નાણદંસણા, સિદ્ધિપુરનિવાસી, નિરુવમસુહસંગયા, સવ્વહા કયકિચ્ચા, સિદ્ધા સરણં.

તહા પસંતગંભીરાસયા સાવજ્જજોગવિરયા પંચવિહાયાર-જાણગા પરોવયારનિરયા પઉમાઇનિદંસણા ઝાણજ્ઝયણસંગયા, વિસુજ્ઝમાણભાવા સાહૂ સરણં.

તહા સુરાસુરમણુઅપૂઇઓ મોહતિમિરંસુમાલી રાગદ્દેસવિસપરમમંતો હેઊ સયલકલ્લાણાણં કમ્મવણવિહાવસૂ સાહગો સિદ્ધભાવસ્સ કેવલિપણ્ણત્તો ધમ્મો જાવજ્જીવં મે ભગવં સરણં. સરણમુવગઓ અ એએસિ ગરિહામિ દુક્કડં.

જં ણં અરહંતેસુ વા, સિદ્ધેસુ વા, આયરિએસુ વા, ઉવજ્ઝાએસુ વા, સાહૂસુ વા, સાહુણીસુ વા, અન્નેસુ વા, ધમ્મટ્ઠાણેસુ માણણિજ્જેસુ પૂઅણિજ્જેસુ તહા માઇસુ વા, પિઇસુ વા, બંધૂસુ વા, મિત્તેસુ વા, ઉવયારીસુ વા, ઓહેણ વા, જીવેસુ, મગ્ગટ્ઠિએસુ વા, અમગ્ગટ્ઠિએસુ વા, મગ્ગસાહણેસુ વા, અમગ્ગસાહણેસુ વા, જં કિંચિ વિતહમાયરિઅં અણાયરિઅવ્વં અણિચ્છિઅવ્વં પાવં પાવાણુબંધિ, સુહુમં વા, બાયરં વા, મણેણ વા, વાયાએ વા, કાયેણ વા, કયં વા, કારાવિઅં વા, અણુમોઇઅં વા, રાગેણ વા, દોસેણ વા, મોહેણ વા, ઇત્થ વા જમ્મે જમ્મંતરેસુ વા, ગરહિઅમેઅં દુક્કડમેઅં ઉજ્ઝિઅવ્વમેઅં, વિઆણિઅં મએ કલ્લાણમિત્તગુરુભગવંતવયણાઓ, એવમેઅં તિ રોઇઅં સદ્ધાએ, અરહંતસિદ્ધસમક્ખં, ગરિહામિ અહમિણં દુક્કડમેઅં ઉજ્ઝિયવ્વમેઅં. ઇત્થ મિચ્છામિ દુક્કડં, મિચ્છામિદુક્કડં મિચ્છામિ દુક્કડં.

હોઉ મે એસા સમ્મં ગરિહા, હોઉ મે અકરણનિઅમો, બહુમયં મમેઅંતિ ઇચ્છામો અણુસટ્ઠિં અરહંતાણં ભગવંતાણં ગુરૂણં કલ્લાણમિત્તાણંતિ.

હોઉ મે એએહિં સંજોગો, હોઉ મે એસા સુપત્થણા, હોઉ મે ઇત્થ બહુમાણો, હોઉ મે ઇઓ મુક્ખબીઅં તિ. પત્તેસુ એએસુ અહં સેવારિહે સિઆ, આણારિહે સિઆ, પડિવત્તિજુએ સિઆ નિરઇઆરપારગે સિઆ.

સંવિગ્ગો જહાસત્તિએ સેવેમિ સુકડં અણુમોએમિ સવ્વેસિં અરહંતાણં અણુટ્ઠાણં, સવ્વેસિં સિદ્ધાણં સિદ્ધભાવં, સવ્વેસિં

આયરિયાણં આયારં, સવ્વેસિ ઉવજ્ઝાયાણં સુત્તપ્પયાણં, સવ્વેસિ સાહૂણ સાહુકિરિઅં, સવ્વેસિ સાવગાણં મુક્ખસાહણજોગે, સવ્વેસિ દેવાણં સવ્વેસિ જીવાણં હોઉકામાણં કલ્લાણાસયાણં મગ્ગસાહણજોગે.

હોઉ મે એસા અણુમોઅણા સમ્મં વિહિપુવ્વિઆ, સમ્મં સુદ્ધાસયા, સમ્મ પડિવત્તિરૂવા, સમ્મં નિરઇયારા, પરમગુણજુત્ત-અરહંતાઇસામત્થઓ, અચિન્તસત્તિજુત્તા હિ તે ભગવંતો વીઅ-રાગા સવ્વણ્ણૂ પરમકલ્લાણા, પરમકલ્લાણહેઊ સત્તાણં.

મૂઢે અમ્હિ પાવે અણાઇમોહવાસિએ અણભિન્ને ભાવઓ, હિઆહિઆણં અભિન્ને સિઆ અહિઅનિવિત્તે સિઆ, હિઅ પવિત્તે સિઆ, આરાહગે સિઆ, ઉચિઅપડિવત્તીએ સવ્વ સત્તાણં સહિઅંતિ ઇચ્છામિ સુક્કડં ઇચ્છામિ સુક્કડં ઇચ્છામિ સુક્કડં.

એવમેઅં સમ્મં પઢમાણસ્સ સુણમાણસ્સ અણુપ્પેહમાણસ્સ સિઢિલીભવંતિ પરિહાયંતિ ખિજ્જંતિ અસુહકમ્માણુબંધા, નિરણુબંધે વાઽસુહકમ્મે ભગ્ગસામત્થે સુહપરિણામેણં કડગબદ્ધે વિઅ વિસે, અપ્પફલે સિઆ, સુહાવણિજ્જે સિઆ, અપુણભાવે સિઆ.

તહા આસગલિજ્જંતિ પરિપોસિજ્જંતિ નિમ્મવિજ્જંતિ સુહકમ્માણુબંધા સાણુબંધં ચ સુહકમ્મં પગિટ્ઠં પગિટ્ઠભાવજ્જિઅં નિયમફલયં સુપઉત્તે વિઅ મહાગએ સુહફલે સિઆ, સુહપવત્તગે સિઆ, પરમસુહસાહગે સિઆ, અઓ અપડિબંધમેઅં અસુહ-ભાવનિરોહેણં સુહભાવબીઅંતિ, સુપ્પણિહાણં સમ્મં પઢિઅવ્વં, સમ્મં સોઅવ્વં, સમ્મં અણુપ્પેહિઅવ્વં તિ.

નમો નમિઅનમિઆણં પરમગુરુવીઅરાગાણં, નમો સેસન-મુક્કારારિહાણં. જયઉ સવ્વણ્ણુસાસણં, પરમસંબોહીએ, સુહિણો ભવંતુ જીવા, સુહિણો ભવંતુ જીવા, સુહિણો ભવંતુ જીવા.

( ઇતિ પાપપ્રતિઘાત–ગુણબીજાધાન સૂત્ર )

# દ્વિતીય સૂત્ર

## સાધુધર્મ–પરિભાવના

જાયાએ ધમ્મગુણપડિવત્તિસદ્ધાએ ભાવિજ્જા એએસિ સરૂવં પયઇસુન્દરત્તં, અણુગામિત્તં, પરોવયારિત્તં, પરમત્થહેઉત્તં–

તહા દુરણુચરત્તં, ભંગે દારુણત્તં, મહામોહજણગત્તં, એવં ભૂઓ દુલ્લહત્તંતિ.

એવં જહાસત્તીએ ઉચિઅવિહાણેણં અચ્ચંતભાવસારં પડિવજ્જિજ્જા (ધમ્મગુણે) તં જહા ૧–થુલગપાણાઇવાય-વિરમણં, ૨–થુલગ–મુસાવાય-વિરમણં, ૩-થુલગ અદત્તાદાણ-વિરમણં, ૪-થુલગ મેહુણ-વિરમણં, ૫–થુલગ પરિગ્ગહ-વિરમણમિચ્ચાઇ.

પડિવજ્જિઊણ પાલણે જઇજ્જા, સયાઽઽણાગાહગે સિઆ, સયાઽઽણાભાવગે સઆ, સયાઽઽણાપરતંતે સિઆ, આણા હિ મોહવિસપરમમંતો, જલં રોસાઇજલણસ્સ, કમ્મવાહિતિગિચ્છાસત્થં, કપ્પપાયવો સિવફલસ્સ.

વજ્જિજ્જા અધમ્મમિત્તજોગં, ચિંતિજ્જાઽભિણવપાવિએ ગુણે, અણાઇભવસંગએ ય અગુણે, ઉદગ્ગસહકારિત્તં અધમ્મમિત્તાણં, ઉભયલોગગરહિઅત્તં, અસુહજોગપરંપરં ચ.

પરિહરિજ્જા સમ્મં લોકવિરુદ્ધે, કરુણાપરે જણાણં, ન ખિંસાવિજ્જ ધમ્મં, સંકિલેસો ખુ એસા, પરં અબોહિબીઅં, અબોહિફલં ચઽપ્પણોત્તિ.

એવમાલાએજ્જા–ન ખલુ ઇત્તો પરો અણત્થો, અંધત્તમેઅં સંસારાડવીએ, જણગમણિટ્ઠાવાયાણ, અઇદારુણં સરૂવેણં, અસુહાણુબંધમચ્ચત્થં.

સેવિજ્જ ધમ્મમિત્તે વિહાણેણં, અંધો વિવાણુકડ્ઢાએ, વાહિએ વિવ વિજ્જે, દરિદ્દો વિવ ઈસરે, ભીઓ વિવ મહાનાયગે, ન ઇઓ

સુંદરતરમન્નંતિ બહુમાણજુત્તેસિઆ, આણાકંખી, આણાપડિચ્છિગે, આણાઅવિરાહગે, આણાનિપ્ફાયગેત્તિ.

પડિવન્નધમ્મગુણારિહં ચ વટ્ટિજ્જા ગિહિસમુચિએસુ ગિહિ-સમાચારેસુ, પરિસુદ્ધાણુટ્ઠાણે, પરિસુદ્ધમણકિરિએ, પરિસુદ્ધવઇકિરિએ, પરિસુદ્ધકાયકિરિએ.

વજ્જિજ્જા અણેગોવઘાયકારણં, ગરહણિજ્જં, બહુકિલેસં, આયઇવિરાહગં સમારંભં. ન ચિંતિજ્જા પરપીડં. ન ભાવિજ્જા દીણયં. ન ગચ્છિજ્જા હરિસં. ન સેવિજ્જા વિતહાભિનિવેસં. ઉચિયમણ-પવત્તગે સિઆ.

ન ભાસિજ્જા અલિઅં, ન ફરુસં, ન પેસુન્નં, નાણિબદ્ધં, હિઅમિઅભાસગે સિઆ.

એવં ન હિંસિજ્જા ભૂઆણિ. ન ગિણ્હિજ્જ અદત્તં. ન નિરિક્ખિજ્જ પરદારં. ન કુજ્જા અણત્થદંડં. સુહકાયજોગે સિઆ.

તહા લાહોચિઅદાણે, લાહોચિઅભોગે, લાહોચિઅપરિવારે, લાહોચિઅનિહિકરે સિઆ.

અસંતાવગે પરિવારસ્સ, ગુણકરે જહાસત્તિં, અણુકંપાપરે, નિમ્મમે ભાવેણ.

એવં ખુ તપ્પાલણે વિ ધમ્મો, જહ અન્નપાલણે ત્તિ. સવ્વે જીવા પુઢો પુઢો, મમત્તં બંધકારણં.

તહા તેસુ તેસુ સમાયારેસુ સઇસમણ્ણાગએ સિઆ. અમુગેઽહં, અમુગકુલે, અમુગસિસ્સે, અમુગધમ્મટ્ઠાણટ્ઠિએ, ન મે તવ્વિરાહણા, ન મે તદારંભો, વુડ્ઢી મમેઅસ્સ, એઅમિત્થસારં, એઅમાયભૂયં, એઅં હિઅં, અસારમણ્ણં સવ્વં, વિસેસઓ અવિહિગહણેણં.

એવમાહ તિલોગબંધૂ. પરમકારુણિગે, સમ્મ સંબુદ્ધે, ભગવં અરહંતેત્તિ. એવં સમાલોચિઅ તદવિરુદ્ધેસુ સમાયારેસુ સમ્મં વટ્ટિજ્જા, ભાવમંગલમેઅં તન્નિપ્ફત્તીએ.

તહા જાગરિજ્જ ધમ્મજાગરિઆએ-કો મમ કાલો? કિમે અસ્સ ઉચિઅં? અસારા વિસયા, નિયમગામિણો વિરસાવસાણા. ભીસણો મચ્ચૂ સવ્વાભાવકારી, અવિન્નાયાગમણો, અણિવારણિજ્જો, પુણો પુણોઽણુબંધી.

ધમ્મો એઅસ્સ ઓસહં, એગંતવિસુદ્ધો, મહાપુરિસસેવિઓ, સવ્વહિઅકારી, નિરઇઆરો, પરમાણંદહેઊ.

નમો ઇમસ્સ ધમ્મસ્સ. નમો એઅધમ્મપગાસગાણં. નમો એઅધમ્મપાલગાણં. નમો એઅધમ્મપરૂવગાણં. નમો એઅધમ્મપવજ્જગાણં.

ઇચ્છામિ અહમિણં ધમ્મં પડિવજ્જિત્તએ સમ્મં મણવયણકાયજોગેહિં. હોઉ મમેઅં કલ્લાણં પરમકલ્લાણાણં જિણાણમણુભાવઓ.

સુપ્પણિહાણમેવં ચિંતિજ્જા પુણો પુણો. એઅધમ્મજુત્તાણમવવાયકારી સિઆ. પહાણં મોહચ્છેઅણમેઅં. એવં વિસુજ્ઝમાણે ભાવણાએ, કમ્માપગમેણં ઉવેઇ એઅસ્સ જુગ્ગયં. તહાસંસારવિરત્તે સંવિગ્ગો ભવઇ, અમમે અપરોવતાવી, વિસુદ્ધે વિસુજ્ઝમાણભાવે.

(ઈતિ સાધુધર્મ-પરિભાવના સૂત્ર)

---

# તૃતીય સૂત્ર

## પ્રવ્રજ્યા ગ્રહણ વિધિ

પરિભાવિએ સાહુધમ્મે જહોદિયગુણે જઇજ્જા સમ્મમેઅં પડિવજ્જિત્તએ અપરોવતાવો. પરોવતાવો હિ તપ્પડિવત્તિવિગ્ઘં. અણુપાઓ ખુ એસો. ન ખલુ અકુસલારંભઓ હિઅં.

અપ્પડિબુદ્ધે કહિંચિ પડિબોહિજ્જા અમ્માપિયરે 'ઉભયલોગ-સફલં જીવિઅં, સમુદાયકડા કમ્મા સમુદાયફલત્તિ એવં સુદીહો અવિઓગો. અણ્ણહા એગરુક્ખનિવાસિસઉણતુલ્લમેઅં'. ઉદ્દામો મચ્ચૂ, પચ્ચાસણ્ણો ય. દુલ્લહં મણુઅત્તં સમુદ્દપડિઅરયણલાભ-તુલ્લં. અઇપ્પભૂઆ અણ્ણે ભવા દુક્ખબહુલા મોહંધયારા અકુ-સલાણુબંધિણો અજુગ્ગા સુદ્ધધમ્મસ્સ. જુગ્ગં ચ એઅં પોઅભૂઅં ભવસમુદ્દે, જુત્તં સકજ્જે નિઉંજિઉં સંવરઠઇઅચ્છિદ્દં નાણકણ્ણધારં તવપવણજવણં.

ખણે દુલ્લહે, સવ્વકજ્જોવમાઇએ સિદ્ધિસાહગધમ્મસાહગત્તેણ. ઉવાદેઆ ય એસા જીવાણં. જં ન ઇમીએ જમ્મો, ન જરા, ન મરણં, ન ઇટ્ઠવિઓગો, નાણિટ્ઠસંપઓગો, ન ખુહા, ન પિવાસા. ન અણ્ણો કોઇ દોસો, સવ્વહા અપરતંત જીવાવત્થાણં અસુભરાગા-ઇરહિઅં સતં સિવં અવ્વાબાહં તિ.

વિવરીઓ ય સંસારો ઇમીએ, અણવટ્ઠિઅસહાવો. ઇત્થ ખલુ સુહી વિ અસુહી સંતમસંતં, સુવિણુવ્વ સવ્વમાલમાલં તિતા અલમિત્થ પડિબંધેણં. કરેહ મે અણુગ્ગહં. ઉજ્જમહ એઅં વુચ્છિંદિત્તએ. અહં પિ તુમ્હાણુમઇએ સાહેમિ એઅં નિવ્વિણ્ણો જમ્મમરણેહિં સમિજ્ઝઇ ય મે સમીહિઅં ગુરુપ્પભાવેણં.

એવં સેસે વિ બોહિજ્જા, તઓ સમમેએહિં સેવિજ્જ ધમ્મં. કરિજ્જોચિઅ-કરણિજ્જં નિરાસંસો ઉ સવ્વહા. એઅં પરમમુણિ-સાસણં.

અબુજ્ઝમાણેસુ અ કમ્મપરિણઇએ વિહિજ્જા જહાસત્તિ તદુવગરણં આઓવાયસુદ્ધં સમઇએ. કયણ્ણુઆ ખુએસા. કરુણા ય ધમ્મપહાણજણણી જણમ્મિ. તઓ અણુણ્ણાએ પડિવજ્જિજ્જ ધમ્મં.

અણ્ણહા અણુવહે ચેવ ઉવહિજુત્તે સિઆ. ધમ્મારાહણં ખુ-હિઅં સવ્વસત્તાણં, તહા તહેઅં સંપાડિજ્જા. સવ્વહા અપડિવ-

જામાણે ચઇજ્જા તે અટ્ઠાણગિલાણોસહત્થચાગનાએણં.

સે જહાનામએ કેઇ પુરિસે કહંચિ કંતારગએ અમ્માપિઇસમેએ તપ્પડિબદ્ધે વચ્ચિજ્જા. તેસિં તત્થ નિયમઘાઇ પુરિસમિત્તાસજ્ઝે સંભવઓસહે મહાયંકે સિઆ. તત્થ સે પુરિસે તપ્પડિબંધાઓ એવમાલોચિય 'ન ભવંતિ એએ નિયમઓ ઓસહમંતરેણ, ઓસહભાવે અ સંસઓ, કાલસહાણિ અ એઆણિ' તહા સંઠવિઅ સંઠવિઅ તદોસહનિમિત્તં સવિત્તિનિમિત્તં ચ ચયમાણે સાહુ. એસ ચાએ અચાએ. અચાએ ચેવ ચાએ. ફલમિત્થ પહાણં બુહાણં. ધીરા એઅદંસિણો. સ તે ઓસહસંપાયણેણ જીવાવિજ્જા. સ ભવાઓ પુરિસોચિઅમેઅં.

એવં સુક્કપક્ખિએ મહાપુરિસે સંસારકંતારપડિએ અમ્માપિઇસંગએ ધમ્મપડિબદ્ધે વિહરિજ્જા તેસિં તત્થ નિઅમવિણાસગે, અપત્તબીજાઇપુરિસમેત્તાસજ્ઝે.સંભવંતસમ્મત્તાઈ–ઓસહે.મરણાઈવિવાગે, કમ્માયંકે સિઆ. તત્થ સે સુક્કપક્ખિએ પુરિસે ધમ્મપડિબધાએ, એવં સમલોચિઅ–'વિણસ્સંતિ એએ અવસ્સં સમ્મત્તાઈ ઓસહવિરહેણ, તસ્સ સંપાડણે વિભાસા, કાલસહાણિ અ એઆણિવવહારઓ.'તહા સંઠવિઅ સ ઠવિઅ ઇહલોગચિંતાએ, તેસિં સમ્મત્તાઈ–ઓસહનિમિત્તં વિસિટ્ઠગુરુમાઇભાવેણ, સાવત્તિનિમિત્તં ચ, કિચ્ચકરણેણં ચયમાણે સંજમપડિવત્તીએ, સાહૂ સિદ્ધીએ. એસ ચાએ અચાએ તત્તભાવણાઓ, અચાએ ચેવ ચાએ, મિચ્છાભાવણાઓ. તત્તફલમિત્થપહાણં. પરમત્થઓ ધીરા એઅદંસિણો આસન્નભવ્વા.

સ તે સમ્મત્તાઈઓસહસંપાડણેણ જીવાવિજ્જા અચ્ચંતિઅં. અમરણાવઝબીઅજોગેણં. સંભવાઓ સુપુરિસોચિઅમેઅં દુપ્પડિઆરાણિ અ અમ્માપિઈણિ. એસ ધમ્મો સયાણં. ભગવં ઇત્થ નાયં પરિહરમાણે અકુસલાણુબંધિ અમ્માપિઈસોગં તિ.

એવં અપરોવતાવં સવ્વહા, સુગુરુસમીવે પૂઇત્તા ભગવંતે

વીઅરાગે સાહૂ અ, તોસિઊણ વિહવોચિઅં કિવણાઈ, સુપ્પઉત્તાવસ્સએ સુવિસુદ્ધનિમિત્તે સમહિવાસિએ, વિસુજ્ઝમાણો મહયા પમોએ સમ્મં પવ્વઇજ્જા લો અધમ્મેહિંતો લોગુત્તર ધમ્મગમણેણ.

એસા જિણાણમાણા 'મહાકલ્લાણ' ત્તિ ન વિરાહિઅવ્વા બુહેણં મહાણત્થભયાઓ સિદ્ધિકંખિણા.

પવજ્જાગ્ગહણવિહિસુત્તં સમત્તં.

☆

# ચતુર્થ સૂત્ર

## પ્રવ્રજ્યા-પરિપાલના

સ એવમભિપવ્વઇએ સમાણે સુવિહિભાવઓ કિરિયાફલેણ જુજ્જઈ વિશુદ્ધચરણે મહાસત્તે ન વિવજ્જયમેઈ. એઅઅભાવે અભિપ્પેઅસિદ્ધી ઉવાયપવિત્તિઓ. નાવિવજ્જત્થોऽણુવાએ પયટ્ટઈ. ઉવાઓ અ ઉવેઅસાહગો નિઅમેણં. તસ્સ તત્તચ્ચાઓ અણણહા, અઈપ્પસંગાઓ, નિચ્છિયમયમેઅં.

સે સમલેટ્ઠુકંચણે સમસત્તુમિત્તે નિઅત્તગ્ગહદુક્ખે પસમસુહસમેએ સમ્મ સિક્ખમાઈઅઈ. ગુરુકુલવાસી ગુરુપડિબદ્ધે વિણીએ ભૂઅત્થદરિસી 'ન ઇઓ હિઅં તત્તં' તિ મન્નઇ સુસ્સૂસાઇ ગુણજુત્તે તત્તાભિનિવેસા વિહિપરે પરમમંતો ત્તિ અહિજ્જઇ સુત્તં બદ્ધલક્ખે આસંસાવિપ્પમુક્કે આયયટ્ઠી. સ તમ વેઇ સવ્વહા. તઓ સમ્મં નિઉંજઇ. એઅં ધીરાણ સાસણં.

અણ્ણહા અણિઓગો અવિહિગહિયમંતનાએણ. અણારાહણાએ ન કિંચિ. તદ્દણારંભાઓ ધુવં. ઇત્થ મગ્ગદેસણાએ દુક્ખં અવધીરણા અપ્પડિવત્તી. નેવમહીઅં અહીઅં અવગમવિરહેણં. ન એસા મગ્ગગામિણો વિરાહણા અણત્થમુહા, અત્થહેઉ તસ્સારંભા-

આરંભો. એવં પિ અહીઅં અહીઅં અવગમલેસજોગઓ. અયં સણીઓ નિઅમેણ. મગ્ગામિણો ખુ એસા અવાયબહુલસ્સ નિરવાએ જહોદિએ સુત્તત્તકારી હવઇ પવયણમાઇસંગએ પંચસમિએ તિગુત્તે
અણત્થપરે એઅચ્ચાએ અવિઅત્તસ્સ સિસુજણણીચાયનાએણ. વિઅત્તે ઈત્થ કેવલી એઅફલભૂએ. સમ્મમેઅં વિઆણઈ દુવિહાએ પરિણ્ણાએ.

તહા આયાસપયાસદીવં સંદીણાડથિરાઇભેઅં, અસંદીણથિરત્થમુજ્જમઈ જહાસત્તિ. અસંભંતે અણૂસગે અસંસત્તજોગારાહએ ભવઇ ઉત્તરોત્તરજોગસિદ્ધીએ મુચ્ચઇ પાવકમ્મુણત્તિ વિસુજ્ઝમાણે આભવં ભાવકિરિઅમારાહેઇ, પસમસુહમણુહવઇ, અપીડિએ સંજમતવ-કિરિઆએ, અવ્વહિએ પરિસહોવસગ્ગેહિં વાહિઅસુકિરિઆનાએણં.

સે જહાનામએ કેઇ મહાવાહિગહિએ અણુહૂઅતવ્વેઅણે વિણ્ણાયા સરૂવેણ નિવ્વિણ્ણો તત્તઓ. સુવિજ્જવયણેણ સમ્મં વિણ્ણાયા સરૂવેણ... તમવગચ્છિઅ જહાવિહાણઓ પવણ્ણે સુકિરિઅં. નિરુદ્ધજહિચ્છાચારે તુચ્છપત્થભોઇ મુચ્ચમાણે વાહિણા નિઅત્તમાણવેઅણે સમુવલબ્ભારોગ્ગં પવઢ્ઢમાણતબ્ભાવે તલ્લાભનિવ્વુઇએ તપ્પડિબંધાઓ સિરાખારાઈજોગે વિ વાહિસમારુગ્ગવિણ્ણાણેણ ઇટ્ઠનિપ્ફત્તીઓ અણાકુલભાવયાએ કિરિઓવઓગેણ અપીડિએ અવ્વહિએ સુહલેસ્સાએ વઢ્ઢઈ. વિજ્જં ચ બહુ મણ્ણઈ.

એવં કમ્મવાહિગહિએ, અણુભૂઅ જમ્માઇવેઅણે, વિણ્ણાયા દુક્ખરૂવેણં, નિવ્વિણ્ણે તત્તઓ, તઓ સુગુરુવયણેણ અણુટ્ઠાણાઇણા તમવગચ્છિઅ, પુવ્વુત્તવિહાણઓ પવન્ને સુકિરિયં પવ્વજ્જં, નિરુદ્ધપમાયારે અસારસુદ્ધભોઈ, મુચ્ચમાણે કમ્મવાહિણા, નિઅત્તમાણિટ્ઠવિઓગાઇવેઅણે, સમુવલબ્ભ ચરણારુગ્ગં, પવઢ્ઢમાણસુહભાવે, તલ્લાભનિવ્વુઇએ. તપ્પડિબંધવિસેસઓ, પરિસહોવસગ્ગભાવે વિ તત્તસંવેઅણાઓ કુસલાસયવુઢ્ઢીથિરાસયત્તેણ, ધમ્મો-

વએગાઓ સયા થિમિએ, તેઉલ્લેસાએ પવટ્ઠઈ, ગુરું ચ બહુમન્નઈ જહોચિઅં અસંગપડિવત્તીએ નિસગ્ગપવિત્તિભાવેણ.

એસા ગુરૂઇ વિઆહિઆ, ભાવસારા વિસેસઓ ભગવંત-બહુમાણેણં. 'જો મં પડિમન્નઈ સે ગુરું' તિ તદાણા. અન્નહા, કિરિઆ અકિરિઆ, કુલડાનારી કિરિઆસમા, ગરહિઆ તત્તવેઇણં અફલજોગઓ. વિસણ્ણતત્તીફલમિત્થ નાયં. આવટ્ટે ખુ તપ્ફલં, અસુહાણુબંધે.

આયઓ ગુરુબહુમાણો અવંઝકારણત્તેણ. અઓ પરમગુરુ-સંજોગો. તઓ સિદ્ધી અસંસયં. એસેહ સુહોદએ પગિટ્ઠતયણુબંધે ભવવાહિતેગિચ્છી. ન ઇઓ સુન્દરં પરં. ઉવમા ઇત્થ ન વિજ્જઈ.

સ એવંપણ્ણે, એવંભાવે, એવંપરિણામે, અપ્પડિવડિએ, વટ્ટમાણે તેઉલ્લેસ્સાએ દુવાલસમાસિએણ પરિઆએણં અઇક્કમઇ સવ્વદેવતેઉલ્લેસં, એવમાહ મહામુણી.

તઓ સુક્કે સુક્કાભિજાઈ ભવઈ. પાયં છિણ્ણકમ્માણુબંધે ખવઈ લોગસણ્ણં. પડિસોઅગામી અણુસોઅનિવિત્તે, સયા સુહજોગે એસ જોગી વિઆહિએ. એસ આરાહગે સામણ્ણસ્સ, જહાગહિ-અપઇણ્ણે, સવ્વોવહાસુદ્ધે, સંધઇ સુદ્ધગં ભવં સમ્મં અભવસાહગં ભોગ-કિરિઆ સુરૂવાઇકપ્પં. તઓ તા સંપુણ્ણા પાઉણઈ અવિગલહેઉભાવઓ અ સંકિલિટ્ઠસુહરૂવાઓ અપરોવતાવિણો સુંદરા અણુબંધેણ. ન ય અણ્ણા સંપુણ્ણા.

તત્તત્તખંડણેણ એઅં નાણં તિ વુચ્ચઈ. એઅમ્મિ સુહજોગ-સિદ્ધી ઉચિઅપડિવત્તિપહાણા. ઇત્થ ભાવો પવત્તગો. પાયં વિગ્ઘો ન વિજ્જઈ નિરણુબંધાસુહકમ્મભાવેણ. અક્ખિત્તાઓ ઇમે જોગા ભાવરાહણાઓ તહા. તઓ સમ્મં પવત્તઈ. નિપ્ફાયઇ અણાઉલે. એવંકિરિયા સુકિરિયા એગંતનિક્કલંકા નિક્કલંકત્થસાહિઆ તહા સુહાણુબંધા ઉત્તરોત્તરજોગસિદ્ધીએ.

તઓ સે સાહઈ પરં પરત્થં સમ્મં તક્કુસલે સયા, તેહિં તેહિં

પગારેહિં સાણુબંધં મહોદએ બીજબીજાદિટ્ઠાવણેણં. કત્તિવિરિઆ-ઈજુત્તે અવંઝસુહચિટ્ઠે સમંતભદ્દે સુપ્પણિહાણાઇહેઊ મોહતિમિર-દીવે રાગામયવેજ્જે દોસાનલજલનિહી સંવેગસિદ્ધિકરે હવઇ અચિંતચિંતામણિકપ્પે.

સ એવં પરંપરત્થસાહએ તહાકરુણાઇભાવઓ, અણેગેહિં ભવેહિં વિમુચ્ચમાણે પાવકમ્મુણા, પવડ્ઢમાણે અ સુહભાવેહિં, અણેગભવિઆએ આરાહણાએ પાઉણઇ સવ્વુત્તમં ભવં ચરમં અચરમભવહેઉં અવિગલપરંપરત્થનિમિત્તં. તત્થ કાઊણ નિરવસેસં કિચ્ચં વિહુયરયમલે સિજ્ઝઇ, બુજ્ઝઇ, મુચ્ચઇ, પરિનિવ્વાઇ, સવ્વ-દુક્ખાણમંતં કરેઈ.

★

# પંચમ સૂત્ર

## પ્રવ્રજ્યા–ફલ

स एवमभिसिद्धे परमबंभे मंगलालए जम्मजरामरणरहिए पहीणासुहे अणुबंधसत्तिवज्जिए संपत्तनिअसरूवे अकिरिए सहाव-संठिए अणंतनाणे अणंतदंसणे.

से न सद्दे, न रूवे, न गंधे, न रसे, न फासे, अरूवी सत्ता, अणित्थंत्थसंठाणा, अणंतविरिया, कयकिच्चा, सव्वबाहाविवज्जिआ, सव्वहा निरविक्खा, थिमिआ पसंता.

असंजोगिए एसाऽणंदे अओ चेव परे मए. अविक्खा अणाणंदे, संजोगो विओगकारणं, अफलं फलमेआओ, विणिवायपरं खु तं बहुमयं मोहाओ अबुहाणं. जमित्तो विवज्जओ, तओ अणत्था अपज्जवसिआ, एस भावरिऊ परे अओ वुत्ते उ भगवया।

नागासेण जोगो एअस्स. से सरूवसंठिए. नागासमण्णत्थ, न सत्ता सदंतरमुवेइ.

अचिंतमेअं केवलिगम्मं तत्तं, निच्छयमयमेअं. विजोगवं च जोगोत्ति न अेस जोगो. भिण्णं लक्खणमेअस्स. न इत्थाविक्खा. सहावो खु अेसो, अणंतसुहसहावकप्पो.

उवमा इत्थ न विज्जइ तब्भावेऽणुभावो परं तस्सेव.

आणा अेसा जिणाणं सव्वण्णूणं अवितहा अेगंतओ. न वितहत्ते निमित्तं. न चानिमित्तं कज्जंति.

निदंसणमित्तं तु नवर-सव्वसत्तुक्खअे, सव्वाहिविगमे, सव्व-त्थसंजोगेणं, सविच्छासंपत्तीअे जारिसमेअं, इत्तोणंतगुणं.

तं तु भावसत्तुक्खयादितो रागादओ भावसत्तू. कम्मोदया वाहिणो.

परमलद्धीओ उ अट्ठा. अणिच्छेच्छा इच्छा.

अेवं सुहुममेअं न तत्तओ इयरेण गम्मइ, जइसुहं व अजइणा, आरुग्गसुहं व रोगिणत्ति विभासा.

अचिंतमेअं सरूवेणं, साइ-अपज्जवसिअं अेगसिद्धावेक्खाअे, पवाहओ अणाई। तेवि भगवतो अेवं तहाभव्वत्ताइभावओ विचित्तमेअं तहाफलभेअेण. नाविचित्ते सहकारिभेओ. तदवेक्खो तओ त्ति, अणेगंतवाओ. तत्तवाओ. स खलु पवं, इहरहेगंतो। मिच्छत्तमेसो। न इत्तो ववत्था। अणारिहअमेअं।

संसारिणो उ सिद्धत्तं। नावद्धस्स मुत्ती सद्दत्थरहिआ। अणाइम बंधो पवाहेण अईअकालतुल्लो। अवद्धबंधणे वाऽमुत्ती पुणो बंधपसंगओ। अविसेसो अ बद्धमुक्काणं। अणाइजोगे वि विओगो कंचणोवलनापणं। न दिदिक्खा अकरणस्स। न याद्दिट्ठंमि पसा। न सहज पनिवित्तो। निवित्तीप आयट्ठाण। न य अन्नहा तस्सेसा न भव्वत्ततुल्ला नापणं। न केवल जीवरूवमेअ। न

भाविजोग विक्खाए तुल्लत्तं, तया केवलत्तेण सयाऽविसेसओ, तहासहावकप्पण मप्पमाणमेव ।

अेसेव दोसो परिकप्पिआओ.

परिणामभेआ बंधाइभेओ त्ति साहू, सव्वनयविसुद्धिअे निरुवचरिओभयभावेणं. न अप्पभूअं कम्मं । न परिकप्पिअमेअं । न अेवं भवादिभेओ. न भवाभावो उ सिद्धो । न तदुच्छेदेऽणुप्पाओ, न अेवं समंजसत्तं, नाऽणाइमंतो भवो न हेउफलभावो. तस्स तहा सहाव-कप्पणमजुत्तं. निराहारऽन्नयकओ निओगेणं । तस्सेव तहाभावे जुत्तमेअं. सुहुममट्ठपयमेअं. विचिंतअव्वं महापण्णाअेत्ति । अपज्जवसिअमेव सिद्धसुक्खं. इत्तो चेवुत्तमं इमं, सव्वहा अणुस्सुगत्तेऽणंतभावाओ, लोगंतसिद्धिवासिणो अेअे. जत्थ य अेगो, तत्थ नियमा अणंता अकम्मुणो गई पुव्वपओगेण अलाउप्पभिइनायओ । नियमो अओ चेव अफुसमाणगईअे गमणं उक्करिसविसेसओ. इअं अव्वुच्छेओ भव्वाण अणंतभावेण अेअमणंताणंतय, समया इत्थ नायं भव्वत्त जोगया मित्तमेव केसिंचि पडिमाजुग्गदानिरुद्दंसणेण. अेसो वि तत्तंगं, पवित्तिविसोहणेण, अणेगंतसिद्धीओ, निच्छदंगभावेण. परिसुद्धो. उ केवलं । अेसा आणा इह भगवओ समंतभद्दा तिकोडिपरिसुद्धीअे, अपुणबंधगाइगम्मा अेअप्पिअत्त खलु इत्थ लिंग ओचित्तिपवित्ति विन्नेअ संवेगसाहग निअमा. न अेसा अन्नेसिं देआ लिंगविवज्जयाओ तप्परिण्णा. तयणुग्गहट्ठयाअे आमकुंभोदगनासनाअेणं अेसा करुणत्ति वुच्चइ अेगंतपरिसुद्धा, अविराहणाफला, तिलोगनाहबहुमाणेण निस्सेअससाहिगत्ति पव्वज्जाफलसुत्तं ।

(ઇતિ શ્રી પંચસૂત્ર)

卐 卐 卐